સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત

ધર્મસંગ્રહણિ

શબ્દશઃ વિવેચન

ભાગ-૨

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મસંગ્રહણિ

શબ્દશઃ વિવેચન

ભાગ–૨

✤ મૂળ ગ્રંથકાર ✤

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

✤ ટીકાકાર ✤

ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત

✤ દિવ્યકૃપા ✤

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

✤ આશીર્વાદદાતા ✤

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી તથા
તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✤ સંકલનકારિકા ✤

રાખીબેન રમણલાલ શાહ

✤ પ્રકાશક ✤

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મસંગ્રહણિ ભાગ–૨ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૫ ✦ વિ. સં. ૨૦૭૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : ૩. ૪૯૦–૦૦

✧ આર્થિક સહયોગ ✧

પરમતારક આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના
સ્વપ્નને ગીતાર્થગંગાના પ્રયત્નમાં સાકાર થતાં જોઈ
શ્રી તપગચ્છ અમર જૈન શાળા
ખંભાતના જ્ઞાનદ્રવ્યનિધિમાંથી અર્પણ કરેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૬

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com

✻ મુદ્રક ✻
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં,

શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્ત પરિવાર

પ્રસ્તાવના

ધર્મસંગ્રહણિ ભાગ-૧માં ધર્મના દ્રવ્યધર્મ અને ભાવધર્મ એમ બે પ્રકાર બતાવીને ભાવધર્મનું પારમાર્થિક સ્વરૂપ બતાવ્યું. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ભાવધર્મરૂપે બતાવ્યા. ત્યારપછી પ્રથમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ, તેના લિંગો, તેના પ્રકારો અને તેની પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા. ત્યારબાદ પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ અને તેના પ્રભેદ બતાવ્યા.

હવે પ્રસ્તુત ધર્મસંગ્રહણિ ભાગ-૨માં સમ્યગ્ચારિત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શુભ આત્મધર્મરૂપ ચારિત્રના લિંગ મૂળગુણો અને ઉત્તરગુણો છે. તેનું સૂક્ષ્મ સ્વરૂપ પ્રસ્તુત ભાગમાં બતાવવામાં આવ્યું છે.

સૂક્ષ્મ અથવા બાદર, ત્રસ અથવા સ્થાવર એ સર્વ જીવોના કરણ, કરાવણ, અનુમોદનાદિ સર્વ પ્રકારે સુપ્રણિધાનપૂર્વક શુભ અધ્યવસાયપૂર્વક જે પ્રાણાતિપાતની નિવૃત્તિ છે, તે પ્રાણાતિપાતવિરમણવ્રત રૂપ પ્રથમ મૂળગુણ છે.

સર્વ જ વસ્તુના વિષયમાં સર્વથા સુપ્રણિધાનપૂર્વક ક્રોધાદિ કષાયોથી ઉત્થિત સર્વ પ્રકારે મૃષાવાદનો ત્યાગ એ મૃષાવાદવિરમણવ્રતરૂપ બીજો મૂળગુણ છે.

ગામ આદિ સંબંધી અદત્ત-નહીં આપેલા, બહુ કે અલ્પનું વિવર્જન=અગ્રહણ, અદત્તાદાનવિરમણવ્રતરૂપ ત્રીજો મૂળગુણ છે.

દિવ્યાદિ મૈથુનનો સ્વયં કરણ આદિ સર્વ પ્રકારે ત્યાગ મૈથુનવિરમણવ્રતરૂપ ચોથો મૂળગુણ છે.

ગામ આદિમાં બહુ કે અલ્પના પરિગ્રહનું સર્વથા સુપ્રણિધાપૂર્વક વિવર્જન અપરિગ્રહરૂપ પાંચમો મૂળગુણ છે.

પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણો અનેક પ્રકારે છે અને ગ્રંથના ગૌરવના ભયથી અહીં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું નથી.

આ પાંચે મહાવ્રતો વિષયક અન્ય અન્ય વિચારકોના ભિન્ન ભિન્ન મંતવ્યો સ્થૂળથી રોચક જણાય તેવા હોવા છતાં કઈ રીતે અસંગત છે તેનું યુક્તિથી પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ નિરાકરણ કરેલ છે. તેથી પાંચ મહાવ્રતોના પારમાર્થિક સ્વરૂપના અર્થી જીવે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક 'આ મહાવ્રતો કેવા સ્વરૂપવાળા છે અને અન્ય વિચારકોની સ્થૂળથી દેખાતી રમ્ય યુક્તિઓ પણ કઈ રીતે મહાવ્રતોના વ્યાઘાતને કરનારી છે' તેનું આલોચન કરીને વારંવાર મહાવ્રતોના સ્વરૂપનું ભાવન કરવામાં આવે તો મહાવ્રતોની પ્રાપ્તિમાં બાધક વિપુલ કર્મોનો ક્ષય થાય છે. તેનાથી મહાવ્રતોના પાલનને અનુકૂળ

ધ્રુતિબળ વર્તમાનના ભવમાં પ્રગટ થાય છે, જન્મજન્માંતરમાં પ્રગટ થાય છે અને પરાકાષ્ટાથી સેવાયેલા આ મહાવ્રતો સદ્‌ગતિની પરંપરા દ્વારા નિર્વાણપદમાં વિશ્રાંત થનાર છે. માટે સુખના અર્થી જીવે નિપુણ પ્રજ્ઞાથી મહાવ્રતોના સ્વરૂપનું ભાવન કરવું જોઈએ.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

— પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈશાખ સુદ-૩, વિ. સં. ૨૦૭૪
તા. ૧૮-૪-૨૦૧૮, બુધવાર
બી-૫, જય જિનેન્દ્ર ટાવર,
બેન્ક ઓફ બરોડાની સામે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૯૪૨૮૧૬૯૫૬૩

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૮૫૬	ચારિત્રધર્મના લિંગ.	૧-૨
૮૫૭	મૂળગુણોનું કથન.	૨-૩
૮૫૮ થી ૮૬૧	મૂળગુણોનું સ્વરૂપ.	૩-૭
૮૬૨ થી ૮૯૫	પ્રથમ મૂળગુણ સંબંધી આક્ષેપ અને પરિહાર - વેદવિહિત હિંસા કઈ રીતે કર્મબંધનું કારણ છે અને ભગવાનની ભક્તિ અર્થે કરાતી પૂજામાં અશક્યપરિહારરૂપે થતી હિંસા કઈ રીતે કર્મબંધનું કારણ નથી પરંતુ ગુણવૃદ્ધિનું કારણ છે તેનું યુક્તિથી સ્થાપન.	૮-૬૦
૮૯૬ થી ૯૨૫	બીજા મૂળગુણ સંબંધી આક્ષેપ અને પરિહાર - 'મૃષાવાદ પણ ગુણવૃદ્ધિનું કારણ છે' તેનું સ્વમતિકલ્પિત યુક્તિથી કેટલાક દર્શનકારો સ્થાપન કરે છે તે કઈ રીતે ઉચિત નથી ? તેનું સ્પષ્ટીકરણ.	૬૦-૧૦૦
૯૨૬ થી ૯૫૫	ત્રીજા મૂળગુણ સંબંધી આક્ષેપ અને પરિહાર - 'દયાળુ ચિત્તપૂર્વક ચોરી પણ વણિકના અર્થઉપાર્જન તુલ્ય નિર્દોષ ક્રિયા છે' એ પ્રકારે કેટલાક સ્થાપન કરે છે તે કથન કઈ રીતે અસંબદ્ધ છે ? તેનું સ્પષ્ટીકરણ.	૧૦૦-૧૪૦
૯૫૬ થી ૯૮૫	ચોથા મૂળગુણ સંબંધી આક્ષેપ અને પરિહાર - 'કામના સેવનથી કામની ઇચ્છાનું શમન થાય છે અને અન્યને પણ સુખનું કારણ બને છે' તેને સ્થૂળ દૃષ્ટિથી જોઈને કામના સેવનને કર્તવ્યસ્થાપક કુયુક્તિઓનું નિરાકરણ.	૧૪૦-૧૭૯
૯૮૬ થી ૧૧૩૪	પાંચમા મૂળગુણ સંબંધી આક્ષેપ અને પરિહાર - 'બૌદ્ધ સાધુઓના રત્નત્રયીની વૃદ્ધિ અર્થે ગ્રામાદિ પરિગ્રહનું ગ્રહણ અને ગૃહસ્થો દ્વારા તેની ચિંતા સાધુને માટે ઉચિત છે એમ બૌદ્ધદર્શનવાદી સ્થાપન કરે છે. તે કઈ રીતે યુક્તિરહિત છે ? તેનું સ્પષ્ટીકરણ. વળી દિગંબરો વસ્ત્ર-પાત્રાદિને પરિગ્રહરૂપે સ્વીકારીને શ્વેતાંબર દ્વારા ગ્રહણ કરાતી પરિમિત ઉપધિને પણ પરિગ્રહરૂપે સ્થાપન કરે છે, તેનું પણ નિરાકરણ.	૧૭૯-૩૮૧

ગાથા નં.	વિષય	પાના નં.
૧૧૩૫	રાત્રિભોજનની વિરતિનું દૃષ્ટ અને અદૃષ્ટ ફળ.	૩૮૨-૩૮૩
૧૧૩૬	ઉત્તરગુણોનું સંક્ષેપથી કથન.	૩૮૩-૩૮૪

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત

ધર્મસંગ્રહણિ

શબ્દશઃ વિવેચન

ભાગ-૨

અવતરણિકા :-

તદેવં સપ્રપञ્ચં જ્ઞાનમભિધાય સાંપ્રતં ચારિત્રમભિધિત્સુરાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે સવિસ્તાર જ્ઞાનને કહીને હવે ચારિત્રને કહેવાની ઈચ્છાવાળા કહે છે –

ગાથા :-

चारित्तं परिणामो जीवस्स सुहो उ होइ विन्नेओ ।
लिंगं इमस्स भणियं मूलगुणा उत्तरगुणा य ।।८५६।।

છાયા :-

चारित्रं परिणामो जीवस्य शुभस्तु भवति विज्ञेयः ।
लिङ्गमस्य भणितं मूलगुणा उत्तरगुणाश्च ।।८५६।।

ગાથાર્થ :-

જીવનો શુભ જ પરિણામ ચારિત્ર વિજ્ઞેય છે. મૂલગુણો અને ઉત્તરગુણો આનું=ચારિત્રનું, લિંગ કહેવાયું છે. ।।૮૫૬।।

ટીકા :-

चारित्रमिति जीवस्य शुभ एव तुरेवकारार्थः परिणामो भवति ज्ञातव्यः । अस्य तु-शुभात्मपरिणाम-रूपस्य चारित्रस्य लिङ्गं-चिह्नं भणितं तीर्थकरगणधरैर्मूलगुणा उत्तरगुणाश्च ।।८५६।।

ટીકાર્થ :-

चारित्र ..... गुणाश्च ।। ચારિત્ર એ જીવનો શુભ જ પરિણામ જ્ઞાતવ્ય થાય છે. ગાથામાં "तु" શબ્દ એવકાર અર્થવાળો છે. વળી, તીર્થંકર અને ગણધરો વડે મૂલગુણો અને ઉત્તરગુણો આનું=શુભાત્મ-પરિણામરૂપ ચારિત્રનું, લિંગ=ચિહ્ન, કહેવાયું છે. ।।૮૫૬।।

ભાવાર્થ :-

જેઓને સંસાર અત્યંત નિર્ગુણ જણાય છે અને મોહની આકુળતારહિત આત્માની નિરાકુળ અવસ્થા જ જીવ માટે સુખરૂપ છે અને સુખની પરંપરાનું કારણ છે તેવા શુભ ભાવો વર્તે છે, તેના કારણે આત્માની નિરાકુળ અવસ્થામાં સ્થિર થવા શક્તિના પ્રકર્ષથી જેઓ યત્ન કરે છે તેવા મહાત્માઓમાં ચારિત્રનો શુભપરિણામ વર્તે છે અને તે શુભપરિણામ જીવમાં વર્તતો હોવાથી તેના કાર્ય રૂપે જીવ કેવી આચરણા કરે તે આચરણા ચારિત્રનાં લિંગો છે. તે લિંગ મૂલગુણો અને ઉત્તરગુણો રૂપ છે. **॥૮૫૬॥**

અવતરણિકા :-

मूलगुणानुपदर्शयन्नाह —

અવતરણિકાર્થ :-

મૂલગુણોને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

पाणाइवातविरमणमादी णिसिभत्तविरतिपज्जंता ।
समणाणं मूलगुणा पन्नत्ता वीयरागेहिं ।।८५७।।

છાયા :-

प्राणातिपातविरमणादयो निशिभक्तविरतिपर्यन्ताः ।
श्रमणानां मूलगुणाः प्रज्ञप्ता वीतरागैः ।।८५७।।

ગાથાર્થ :-

પ્રાણાતિપાત વિરમણ છે આદિમાં જેને, રાત્રિભોજનની વિરતિ છે પર્યંતમાં જેને એવા સાધુઓના મૂલગુણ વીતરાગ વડે કહેવાયા છે. ।।૮૫૭।।

ટીકા :-

प्राणातिपातविरमणादयो निशिभक्तविरतिपर्यन्ताः श्रमणानां मूलगुणाः प्रज्ञप्ता वीतरागैः ।।८५७।।

ટીકાર્થ :-

પ્રાણાતિ ..... વીતરાગૈઃ ।। પ્રાણાતિપાત વિરમણ છે આદિમાં જેને, રાત્રિભોજનની વિરતિ છે પર્યંતમાં જેને એવા સાધુઓના મૂલગુણો વીતરાગ વડે કહેવાયા છે. ।।૮૫૭।।

ભાવાર્થ :-

'હું કોઈ જીવને પીડા ન કરું, કોઈના પ્રાણનાશ ન કરું, કોઈનો કષાયઉદ્વેગ ન કરું' એવા શુભ અધ્યવસાયથી હિંસામાં વિરમણ આદિ પાંચ મહાવ્રતો અને રાત્રિભોજનની વિરતિ જે મહાત્માઓ કરે છે તેનાથી સાધુના મૂલગુણોનું પાલન થાય છે. એ પ્રકારે વીતરાગ વડે કહેવાયું છે. **॥૮૫૭॥**

અવતરણિકા :-

अमीषामेव प्रत्येकं स्वरूपमभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

આમનું જ=છ મૂલગુણોનું જ, પ્રત્યેકને આશ્રયીને સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सुहुमादीजीवाणं सव्वेसिं सव्वहा सुपणिहाणं ।
पाणाइवाइ(य)विरमणमिह पढमो होइ मूलगुणो ।।८५८।।

છાયા :-

सूक्ष्मादिजीवानां सर्वेषां सर्वथा सुप्रणिधानम् ।
प्राणातिपातविरमणमिह प्रथमो भवति मूलगुणः ।।८५८।।

ગાથાર્થ :-

અહીં=પાંચ મહાવ્રતોમાં, સર્વથા સુપ્રણિધાનપૂર્વક સર્વ સૂક્ષ્માદિ જીવોના પ્રાણના અતિપાતનું વિરમણ પ્રથમ મૂલગુણ છે. ।।૮૫૮।।

ટીકા :-

सूक्ष्मादीनां जीवानामादिशब्दाद् बादरादिपरिग्रहस्तदुक्तम्–'से सुहुमं वा बायरं वा तसं वा थावरं वेत्यादि' सर्वेषां न तु केषांचिदेव सर्वथा-सर्वैः प्रकारैः कृतकारितादिभिः, सुप्रणिधानमिति क्रियाविशेषणं

शुभसमाधानेनेत्यर्थः प्राणातिपातविरमणं-प्राणातिपातविनिवृत्तिरिह-मनुष्यलोके प्रवचने वा प्रथमो भवति मूलगुणः । प्राथम्यं चास्य शेषव्रताधारत्वात् सूत्रक्रमप्रामाण्यानुसरणाद्वेति ।।८५८।।

ટીકાર્થ :-

સૂક્ષ્માદીના ..... સરણાદ્વેતિ ।। સૂક્ષ્માદિ સર્વ જીવોનું સર્વથા=કૃતકારિતાદિથી સર્વ પ્રકારે, સુપ્રણિધાન પ્રાણાતિપાતનું વિરમણ=પ્રાણાતિપાતની વિનિવૃત્તિ, અહીં=મનુષ્યલોકમાં અથવા પ્રવચનમાં, પ્રથમ મૂલગુણ છે.

'સૂક્ષ્માદિ'માં રહેલા 'આદિ' શબ્દથી બાદર આદિનું ગ્રહણ છે. તે કહેવાયું છે – "તે સૂક્ષ્મ અથવા બાદર, ત્રસ અથવા સ્થાવર ઇત્યાદિ" તે=સૂક્ષ્મ અથવા બાદર, ત્રસ અથવા સ્થાવર ઇત્યાદિની વિરતિવાળું પ્રાણાતિપાત વિરમણ છે.

વળી, સર્વની જ વિરતિ પ્રથમ મૂલગુણ છે, કેટલાકની નહીં આનું પ્રથમપણું છે; કેમ કે શેષવ્રતનું આધારપણું છે અથવા સૂત્રક્રમના પ્રામાણ્યનું અનુસરણ છે. ।।૮૫૮।।

ભાવાર્થ :-

કરણ, કરાવણ અને અનુમોદનને આશ્રયીને સર્વ જીવોને પોતાનાથી પીડા ન થાય, પ્રાણનાશ ન થાય અને કષાયોનો ઉદ્રેક ન થાય તેવા શુભ પરિણામને ધારણ કરનારા સાધુ હોય છે તેથી દૃઢપ્રણિધાનપૂર્વક સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની રક્ષા અર્થે સર્વ પ્રકારની મન-વચન-કાયાની ચેષ્ટા કરે છે; કેમ કે શુભપરિણામવાળા સાધુઓનું ચિત્ત હંમેશાં પોતાના આત્મતુલ્ય સર્વ જીવોને જોનારું છે તેથી પોતાના સમભાવની વૃદ્ધિ થાય તેવી જ સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે અને દયાળુ ચિત્તની વૃદ્ધિ થાય તે પ્રકારે સુપ્રણિધાનપૂર્વક સર્વ પ્રવૃત્તિઓ કરે છે. તે પ્રથમ મહાવ્રત છે; કેમ કે શેષ વ્રતોનો આધાર છે અર્થાત્ પ્રથમ મહાવ્રત રક્ષિત રહે તો જ અન્ય મહાવ્રતો જીવી શકે છે તેથી પ્રથમ મહાવ્રત સર્વ મહાવ્રતોનો આધાર છે. અથવા મહાવ્રતોના વર્ણનમાં સૂત્રોનો જે ક્રમ છે તેના પ્રામાણ્યના અનુસારથી પ્રાણાતિપાત વિરમણ વ્રત પ્રથમ મહાવ્રત છે. **॥૮૫૮॥**

ગાથા :-

कोहादिपगारेहिं एवं चिय मोसविरमणं बितिओ ।
एवं चिय गामादिसु(अदत्त)अप्पबहु विवज्जणं तइओ ।।८५९।।

છાયા :-

क्रोधादिप्रकारैरेवमेव मृषाविरमणं द्वितीयम् ।
एवमेव ग्रामादिषु(अदत्त)अल्पबहुत्व विवर्जनं तृतीयम् ।।८५९।।

ગાથાર્થ :-

એ રીતે જ=પહેલા મહાવ્રતમાં કહ્યું એ રીતે, સર્વવસ્તુમાં સર્વથા સુપ્રણિધાનપૂર્વક ક્રોધાદિ

પ્રકારથી જ મૃષાવાદનું વિરમણ બીજું મૂલગુણ છે. એ રીતે જ=બીજાવ્રતની જેમ સર્વ વસ્તુમાં સર્વથા સુપ્રણિધાનપૂર્વક જ, ગ્રામાદિમાં અદત્તનું અલ્પ અથવા બહુ વિરમણવ્રત ત્રીજું મૂલગુણ છે. ।।૮૫૯।।

ટીકા :-

ક્રોધાદિભિઃ પ્રકારૈરાદિશબ્દાલ્લોભાદિપરિગ્રહસ્તદુક્તમ્—'से कोहा वा लोहा वा भया वा हासा वेति' एवमेव सर्वस्य वस्तुनो विषये सर्वथा सुप्रणिधानपूर्वकं मृषावादविरमणं द्वितीयो मूलगुणः, द्वितीयत्वं चास्य सूत्रक्रमप्रामाण्यानुसरणात्, एवं तृतीयत्वाद्यपि द्रष्टव्यम् । 'एवं चियेत्यादि' एवमेव-प्राग्वदेव ग्रामादिषु आदिशब्दान्नगरादिपरिग्रहस्तथा चोक्तम्—'से गामे वा नगरे वा रन्ने वेति' अदत्ताल्पबहुविवर्जनं तृतीयो मूलगुणः ।।८५९।।

ટીકાર્થ :-

ક્રોધાદિભિઃ ..... મૂલગુણઃ ।। ક્રોધાદિમાં આદિ શબ્દથી લોભાદિનું ગ્રહણ છે. તે કહેવાયું છે — "તે= મૃષાવાદ; ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી થાય" એ રીતે જ=પહેલા મહાવ્રતમાં છે એ રીતે જ, સર્વ વસ્તુના વિષયમાં સર્વથા સુપ્રણિધાનપૂર્વક ક્રોધાદિ પ્રકારથી મૃષાવાદનું વિરમણ બીજો મૂલગુણ છે અને આનું દ્વિતીયપણું સૂત્રક્રમના પ્રામાણ્યના અનુસરણથી છે. એ રીતે=જે રીતે મૃષાવાદનું બીજાપણું છે એ રીતે, તૃતીયપણું આદિ પણ જાણવું=સૂત્રક્રમપ્રામાણ્યાનુસારથી તૃતીયપણું આદિ જાણવું. એ રીતે જ=પૂર્વની જેમ જ=બીજાવ્રતની જેમ જ સર્વથા સુપ્રણિધાનપૂર્વક જ, ગ્રામાદિમાં અદત્તનું અલ્પબહુવિવર્જન ત્રીજો મૂલગુણ છે. ગ્રામાદિમાં રહેલા આદિશબ્દથી નગરાદિનું ગ્રહણ છે અને તે પ્રમાણે કહેવાયું છે. "તે=અદત્તાદાન, ગામમાં, નગરમાં, અરણ્યમાં છે." ।।૮૫૯।।

ભાવાર્થ :-

સાધુ પ્રથમ મહાવ્રતના વાડરૂપે અર્થાત્ રક્ષણરૂપે અન્ય મહાવ્રતોનું પાલન કરે છે અને પહેલું મહાવ્રત ષડ્કાયના પાલન અર્થે છે અને ષડ્કાયનું પાલન પણ કષાયોથી સ્વ ભાવપ્રાણોના રક્ષણ અર્થે છે. તેથી સતત કષાયોનું તિરોધાન કરીને અકષાયભાવની વૃદ્ધિ થાય તે પ્રકારના ઉપયોગથી સાધુ સર્વ ક્રિયા કરે તો પહેલા મહાવ્રતનું રક્ષણ થાય અને પ્રથમ મહાવ્રતના રક્ષણ અર્થે સુસાધુ સર્વ વસ્તુના વિષયમાં ક્રોધાદિ કષાયો ઉદયમાં ન આવે તે પ્રકારે સુપ્રણિધાનપૂર્વક મૃષાવાદનું વિરમણ કરે છે. તેથી જેમ બાહ્યથી અસત્ય ન બોલે તેમ સત્ય કથન કરતી વખતે પણ ક્રોધાદિ કોઈ કષાયો ઉદયમાં ન આવે તે બતાવવા માટે ક્રોધથી અને લોભથી મૃષાવાદ થાય તેમ કહેલ છે અને સત્ય કે અસત્ય કથન કરતી વખતે પણ નોકષાયનો ઉદય ન થાય તે બતાવવા માટે ભયથી અને હાસ્યથી મૃષાવાદ થાય છે તેમ કહેલ છે. એ રીતે કષાયોના પરિહાર અર્થે સાધુ ષટ્કાયનું પાલન કરે છે જેનાથી પરપીડાના વર્જનને કારણે સ્વ ભાવપ્રાણનું રક્ષણ થાય છે અને જો સાધુ પરપીડાના વર્જન માટે સૂક્ષ્મ યતના ન કરે તો બીજા જીવોની પીડાના પરિહાર માટે યત્ન નહીં

હોવાથી સમભાવરૂપ સ્વ ભાવપ્રાણનું રક્ષણ થતું નથી. એ રીતે ગ્રામ-નગરાદિમાં મૂર્ચ્છાના પરિહાર અર્થે સાધુ સુપ્રણિધાનપૂર્વક અદત્તાદાનના પરિહાર માટે યત્ન કરે છે જેથી બીજાની નહીં અપાયેલી અલ્પ વસ્તુ પણ તેના સ્વામીને પૂછ્યા વગર ગ્રહણ કરવાથી પીડા થવાનો સંભવ રહે તેનો પરિહાર થાય છે અને તે રીતે કરવાથી ત્રીજા મહાવ્રતનું રક્ષણ થાય છે. તેનાથી પ્રથમ મહાવ્રત જ સુરક્ષિત બને છે. **॥૮૫૯॥**

ગાથા :-

दिव्वादिमेहुणस्स य विवज्जणं सव्वहा चउत्थो उ ।
पंचमगो गामादिसु अप्पबहुविवज्जणेमेव ।।८६०।।

છાયા :-

दिव्यादिमैथुनस्य च विवर्जनं सर्वथा चतुर्थस्तु ।
पंचमो ग्रामादिषु अल्पबहुविवर्जनमेवमेव ।।८६०।।

ગાથાર્થ :-

દિવ્યાદિ મૈથુનનું સર્વથા વિવર્જન ચોથો મૂલગુણ છે. એ રીતે જ=સર્વથા સુપ્રણિધાનપૂર્વક જ, ગ્રામાદિમાં અલ્પ અથવા બહુ વિવર્જન પાંચમું મૂલગુણ છે. ॥૮૬૦॥

ટીકા :-

दिव्यादिमैथुनस्य च आदिशब्दान्मनुष्यादिपरिग्रहः, यथोक्तम्—'से दिव्वं वा माणुस्सं वा तिरिक्खजोणियं वेति' विवर्जनं सर्वथा स्वयंकरणादिभिः प्रकारैश्चतुर्थो मूलगुणः । पञ्चममूलगुणो ग्रामादिषु आदिशब्दान्नगरादिपरिग्रहः, तदुक्तम्—'से गामे वा नगरे वा रन्ने वेति' अल्पबहुविवर्जनमेवमेव-सर्वथा सुप्रणिधानमिति ।।८६०।।

ટીકાર્થ :-

दिव्यादि ..... मिति ।। દિવ્યાદિ મૈથુનમાં રહેલા આદિ શબ્દથી મનુષ્યાદિનું ગ્રહણ છે. જે પ્રમાણે કહેવાયું છે — "તે=મૈથુન, દિવ્યસંબંધી, અથવા માનુષ્યસંબંધી અથવા તિર્યંચયોનિસંબંધી જાણવું." દિવ્યાદિ મૈથુનનું સર્વથા સ્વયંકરણાદિ પ્રકારો વડે વિવર્જન, ચતુર્થ મૂલગુણ છે. ગ્રામાદિમાં રહેલા આદિ શબ્દથી નગરાદિનું ગ્રહણ છે. તે કહેવાયું છે — "તે=પરિગ્રહ, ગ્રામના વિષયમાં, નગરના વિષયમાં, અરણ્યના વિષયમાં છે." આ રીતે જ=ગ્રામાદિમાં અલ્પ અથવા બહુનું વિવર્જન સર્વથા સુપ્રણિધાનપૂર્વક જ, પાંચમો મૂલગુણ છે. ॥૮૬૦॥

ભાવાર્થ :-

સાધુ સ્વ ભાવપ્રાણના રક્ષણરૂપ પ્રથમ મહાવ્રતના વાડરૂપે ચોથા મહાવ્રતનું પાલન કરે છે; કેમ કે અનાદિથી સ્થિર થયેલ વેદનો ઉદય વિકાર ઉત્પન્ન કરીને સાધુના સ્વ ભાવપ્રાણના રક્ષણરૂપ પ્રથમ

મહાવ્રતનો નાશ કરે છે અને તેના રક્ષણ અર્થે સાધુ નિમિત્તને પામીને કામનો વિકાર થાય નહીં તે રીતે દિવ્યાદિ મૈથુનનો પરિહાર કરે છે. વળી, બાહ્ય પદાર્થો પ્રત્યે લેશ પણ મૂર્ચ્છાનો પરિણામ થાય તો પોતાના ભાવપ્રાણનો નાશ થાય છે; કેમ કે નિષ્કષાયરૂપ પોતાના ભાવપ્રાણને સુરક્ષિત રાખવા અર્થે વીતરાગભાવ સિવાય અન્યત્ર ક્યાંય રાગ ન થાય તેવો યત્ન કરવાથી પોતાના ભાવપ્રાણનું રક્ષણ થાય છે. તેથી આત્માના નિરાકુળ સ્વભાવથી અન્યત્ર રાગના પરિહાર અર્થે અત્યંત સુપ્રણિધાનપૂર્વક ગ્રામ, નગર કે કોઈ સ્થાનમાં અલ્પ પણ મમત્વ ન થાય તે પ્રકારે સાધુ યત્ન કરે છે. ઉપલક્ષણથી અન્ય પદાર્થોનું પણ ગ્રહણ છે. સામાન્યથી અનુકૂળ ક્ષેત્રમાં મમત્વ થાય છે. તેથી ગ્રામ, નગર, અરણ્યાદિનું ગ્રહણ છે. **॥૮૬૦॥**

ગાથા :-

असणादिभेदभिन्नस्साहारस्सा चउव्विहस्सावि ।
निसि सव्वहा विरमणं चरमो समणाण मूलगुणो ।।८६१।।

છાયા :-

अशनादिभेदभिन्नस्याहारस्य चतुर्विधस्यापि ।
निशि सर्वथा विरमणं चरमः श्रमणानां मूलगुणः ।।८६१।।

ગાથાર્થ :-

અશનાદિ ભેદથી ભિન્ન ચારેય પણ પ્રકારના આહારનું રાત્રિમાં સર્વથા વિરમણ સાધુઓનો ચરમ મૂલગુણ છે. ॥૮૬૧॥

ટીકા :-

अशनादिभेदभिन्नस्य-अशनपानखादिमस्वादिमभेदभिन्नस्य आहारस्य चतुर्विधस्यापि सर्वथा निशि विरमणं चरमः-पश्चिमः षष्ठ इतियावत् श्रमणानां मूलगुण इति ।।८६१।।

ટીકાર્થ :-

अशना ..... इति ।। અશનાદિ ભેદથી ભિન્ન=અશન, પાન ખાદિમ, સ્વાદિમ ભેદવાળા, ચાર પ્રકારના પણ આહારનું રાત્રિમાં સર્વથા વિરમણ ચરમ=પશ્ચિમ=છટ્ઠો, શ્રમણોનો મૂલગુણ છે. ॥૮૬૧॥

ભાવાર્થ :-

સાધુ પોતાના અકષાયભાવ રૂપ પોતાના ભાવપ્રાણના રક્ષણ અર્થે ષડ્કાયનું પાલન કરે છે અને રાત્રિભોજનમાં ષડ્કાયની વિરાધના થવાનો સંભવ છે. તેથી મનથી, વચનથી, કાયાથી, કરણથી, કરાવણથી અને અનુમોદનથી એ રૂપ સર્વ પ્રકારથી રાત્રિભોજનથી વિરામ પામે છે તેથી પ્રથમ મહાવ્રતના અંગભૂત હોવાથી રાત્રિભોજનવિરમણ પણ સાધુઓનો મૂલગુણ છે. **॥૮૬૧॥**

અવતરણિકા :-

इदानीमेषां मूलगुणानां निष्प्रतिपक्षसाधुत्वनिश्चयोत्पादनार्थं प्रतिमूलगुणमाक्षेपपरिहारावभिधित्सुः 'यथोद्देशं निर्देश' इति न्यायात् पूर्वं तावत् प्रथमं मूलगुणमाश्रित्याक्षेपमुपक्षिपन्नाह —

અવતરણિકાર્થ :-

હવે આ મૂલગુણોના નિષ્પ્રતિપક્ષ સાધુત્વના નિશ્ચયના ઉત્પાદન માટે પ્રતિમૂલગુણને આશ્રયીને આક્ષેપ અને પરિહારને કહેવાની ઇચ્છાવાળા 'યથાઉદ્દેશ નિર્દેશ કરવો જોઈએ' એ ન્યાયથી પૂર્વમાં પ્રથમ મૂલગુણને આશ્રયીને આક્ષેપનું નિરૂપણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ભાવાર્થ :-

ભાવસાધુ પારમાર્થિક કેવા હોય છે ? તેનો નિશ્ચય 'તેના જેવા અન્ય સાધુઓ નથી' તેવો બોધ કરવાથી થાય છે. તેથી જેના પ્રતિપક્ષ કોઈ નથી તેના સાધુત્વના નિશ્ચય અર્થે દરેક મૂલગુણને આશ્રયીને આક્ષેપ-પરિહાર કરવામાં આવે તો ભાવસાધુના મૂલગુણનો પારમાર્થિક બોધ થાય. તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી આક્ષેપને અને પરિહારને કહેવાની પ્રતિજ્ઞા કર્યા પછી આક્ષેપનો પ્રથમ ઉદ્દેશ કરેલ છે તેથી 'પ્રથમ આક્ષેપનો નિર્દેશ કરવો જોઈએ, ત્યારપછી પરિહારનો નિર્દેશ કરવો જોઈએ' એ ન્યાયથી પ્રથમ મૂલગુણને આશ્રયીને આક્ષેપને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે.

ગાથા :-

केई न वेदविहिता हिंसा दोसाय साहुसक्कारा ।
दिट्ठं च तव्विसेसा अयपिंडादीण तरणादी ।।८६२।।

છાયા :-

केचिद् न वेदविहिता हिंसा दोषाय साधुसंस्कारात् ।
दृष्टं च तद्विशेषादयस्पिण्डादीनां तरणादि ।।८६२।।

ગાથાર્થ :-

કેટલાક કહે છે — વેદવિહિત હિંસા દોષ માટે નથી; કેમ કે સુંદર સંસ્કાર છે=વેદવિહિત હિંસાથી સુંદર સંસ્કારો થાય છે અને તેના વિશેષથી=સંસ્કારવિશેષથી, લોખંડના પિંડાદિનું તરણાદિ જોવાયું છે. ।।૮૬૨।।

ટીકા :-

केचिद्वेदवादिनो ब्रुवते यथा—वेदविहिता हिंसा न दोषाय, साधुसंस्कारात्-यथोक्तविधिना सम्यक् संस्कारात् । अथ यद्यपि साधुसंस्कारस्तथापि कथं तस्या दोषनिबन्धनत्वाभाव इत्यत आह—'दिट्ठं

चेत्यादि' दृष्टं च तद्विशेषात्-संस्कारविशेषात् अयस्पिण्डादीनामादिशब्दाद्विषादिपरिग्रहः, तरणादि, आदिशब्दाद्गुणकारित्वादि, ततस्तद्वत् हिंसायाः स्वरूपेण दोषकारित्वेऽपि यथोक्तविधिकृतात् संस्कार-विशेषात् न दोषकारिता भविष्यतीति ।।८६२।।

ટીકાર્થ :-

केचिद्वेदवा ..... भविष्यतीति ।। કેટલાક વેદવાદીઓ કહે છે. શું કહે છે તે 'यथा'થી બતાવે છે – વેદવિહિત હિંસા દોષ માટે નથી; કેમ કે સુંદર સંસ્કાર છે=યથોક્ત વિધિથી સમ્યક્ સંસ્કાર છે=વેદમાં કહેલ વિધિ પ્રમાણે કરાતી હિંસામાં વેદના વચનના પાલનરૂપ સમ્યગ્ સંસ્કાર છે. 'अथ'થી શંકા કરે છે – જો કે સુંદર સંસ્કાર છે તોપણ કેવી રીતે તેના દોષના કારણપણાનો અભાવ છે=વેદવિહિત હિંસામાં દોષના કારણપણાનો અભાવ છે, એથી કહે છે – અને તેના વિશેષથી=સંસ્કારવિશેષથી, લોખંડના પિંડાદિનું તરણાદિ જોવાયું છે. પિંડાદિમાં આદિ શબ્દથી વિષાદિનું ગ્રહણ છે. તરણાદિમાં આદિ શબ્દથી ગુણકારિત્વનું ગ્રહણ છે. તેથી તેની જેમ=अयस् પિંડાદિના તરણાદિની જેમ, હિંસાનું સ્વરૂપથી દોષકારિપણું હોવા છતાં પણ યથોક્ત વિધિથી કરાયેલ સંસ્કારવિશેષથી દોષકારિતા થશે નહીં. ।।૮૬૨।।

ભાવાર્થ :-

વેદવિહિત હિંસાને નિર્દોષ માનનાર કેટલાક કહે છે કે વેદશાસ્ત્રોમાં કહેલા વચનાનુસાર કોઈ હિંસા કરે તેમાં દોષ નથી; કેમ કે વેદના વચનોના પાલનથી ઉત્તમ સંસ્કારો પડે છે અને પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે યુક્તિ બતાવે છે – જેમ સંસ્કારવિશેષથી લોખંડનો પિંડ પણ પાણીમાં તરે છે અને સંસ્કારવિશેષથી વિષ પણ ગુણને કરનાર બને છે તેમ બીજા જીવોને પીડાને કરનારી હિંસા સ્વરૂપથી દોષરૂપ હોવા છતાં પણ વેદના વચનાનુસાર હોવાથી દોષકારી બનશે નહીં. **।।૮૬૨।।**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૮૬૨ના ઉત્તરાર્દ્ધમાં લોખંડના પિંડઆદિનું તરણ આદિ બતાવ્યું એને જ, ભાવન કરે છે –

ગાથા :-

बुड्डइ जलि मुक्को अयपिंडो सक्कारिओ य तरइत्ति ।
मारणसत्तीवि विसं साधु पउत्तं गुणं कुणति ।।८६३।।

છાયા :-

निमज्जति जले मुक्तोऽयस्पिण्डः संस्कारितश्च तरतीति ।
मारणशक्ति अपि विषं साधुप्रयुक्तं गुणं करोति ।।८६३।।

ગાથાર્થ :-

લોખંડનો પિંડ જલમાં મુકાયેલો બૂડે છે અને સંસ્કાર કરાયેલો તરે છે. મારણશક્તિવાળું પણ વિષ સાધુપ્રયુક્ત=મંત્રાદિથી કે ઔષધાદિથી વિશેષ કરાયેલું ઉપયોગમાં લેવાયેલું, ગુણને કરે છે. ।।૮૬૩।।

ટીકા :-

जले मुक्तस्सन्नयस्पिण्डो 'बुड्डइत्ति' निमज्जति, स एव संस्कारितः-संस्कारविशेषमापादितो वृत्ततनु-पत्ररूपतया कृत इतियावत् तरति जलस्योपरि प्लवते, तथा मारणशक्तिकमपि विषं साधु-मन्त्रागदादि-कृतविशेषं प्रयुक्तं सद् गुणं कुष्ठापगमादिकं करोति ।।८६३।।

ટીકાર્થ :-

जल ..... करोति ।। પાણીમાં મુકાયેલો છતો લોખંડનો પિંડ બૂડે છે. સંસ્કારિત એવો તે જ= સંસ્કારવિશેષને આપાદન કરાયેલો તે જ=વૃત્તતનુપત્રરૂપપણાથી કરાયેલો એવો લોખંડનો પિંડ જ, તરે છે=જલની ઉપર તરે છે, અને મારણશક્તિવાળું પણ વિષ સુંદર=મંત્રઔષધાદિથી કરાયેલા વિશેષવાળું, પ્રયુક્ત છતુ=ઉપભોગ કરાયેલું છતુ, ગુણને=કુષ્ઠના અપગમાદિ ગુણને, કરે છે. ।।૮૬૩।।

ભાવાર્થ :-

સામાન્યથી લોખંડનો પિંડ પાણીમાં મૂકવામાં આવે તો ડૂબી જાય છે છતાં તે લોખંડના પિંડને જ પોલું ગોળાકાર કે પત્રના આકારવાળું કરવામાં આવે અને જલમાં નાખવામાં આવે તો તે લોખંડનો પિંડ પાણીમાં તરે છે. વળી, વિષમાં મારવાની શક્તિ છે તોપણ મંત્રથી મંત્રિત કરવામાં આવેલું કે ઔષધિઆદિથી સંસ્કારિત કરવામાં આવેલું વિષ ઉપભોગ કરવાથી કુષ્ઠાદિ રોગો દૂર થાય છે. તેથી સંસ્કારવિશેષથી લોખંડ તરી શકે છે તેમ શાસ્ત્રોક્ત વિધિથી કરાયેલી હિંસાથી દોષની પ્રાપ્તિ નથી. વળી, મારનાર વિષથી પણ સંસ્કારને કારણે ગુણ થાય છે તેમ શાસ્ત્રોક્ત વિધિથી કરાયેલી હિંસાથી ગુણ થાય છે. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૮૬૩॥**

ગાથા :-

तह दाहगोऽवि अग्गी सच्चादिपभावतो न दहइत्ति ।
इय विहिसक्कारातो हिंसावि तई न दोसाय ।।८६४।।

છાયા :-

तथा दाहकोऽपि अग्निः सत्यादिप्रभावान्न दहतीति ।
इति विधिसंस्काराद् हिंसाऽपि सका न दोषाय ।।८६४।।

ગાથાર્થ :-

અને દાહ બાળનારો પણ અગ્નિ સત્યાદિના પ્રભાવથી બાળતો નથી, એ રીતે વિધિના સંસ્કારથી તે પણ હિંસા=દોષકારી પણ એવી હિંસા, દોષ માટે નથી. ।।૮૬૪।।

ટીકા :-

तथा स्वरूपेण दाहकोऽप्यग्निः सत्यादिप्रभावतः-सत्यवचस्तपःप्रभृतिप्रभावतो न दहति, इतिः-एवं प्रदर्शितेन प्रकारेण विधिसंस्कारात्-यथाभिहितविधिविशेषकृतसंस्कारविशेषात् सकाऽपि-हिंसा न दोषाय भविष्यतीति ।।८६४।।

ટીકાર્થ :-

तथा ..... भविष्यतीति ।। અને સ્વરૂપથી દાહક પણ અગ્નિ સત્યાદિના પ્રભાવથી=સત્ય વચન, તપ વિગેરેના પ્રભાવથી, બાળતો નથી. એ રીતે=પ્રદર્શિત પ્રકારથી=સત્યાદિના પ્રભાવથી અગ્નિ બાળતો નથી એ રૂપ પ્રદર્શિત પ્રકારથી, વિધિના સંસ્કારને કારણે=જે પ્રમાણે શાસ્ત્રમાં કહેલ છે એ પ્રકારના વિધિવિશેષથી કરાયેલ સંસ્કારવિશેષને કારણે, તે પણ=હિંસા પણ, દોષ માટે થશે નહીં. ।।૮૬૪।।

ભાવાર્થ :-

સામાન્યથી અગ્નિનો સ્વભાવ બાળવાનો છે તોપણ જે મહાત્માઓને સત્ય વચન અત્યંત સિદ્ધ થયેલું છે તેના પ્રભાવથી કે તપસેવનના પ્રભાવથી તેઓને અગ્નિ પણ બાળતો નથી. તેથી જેમ સત્યવચન કે તપના પ્રભાવથી અગ્નિની દાહશક્તિ કુંઠિત થાય છે તેમ હિંસાની પાપજનક શક્તિ શાસ્ત્રોક્ત વિધિના સંસ્કારથી કુંઠિત થાય છે. તેથી વેદની વિધિ અનુસાર કોઈ હિંસા કરે તો દોષ માટે નથી એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **।।૮૬૪।।**

અવતરણિકા :-

अपि च –

અવતરણિકાર્થ :-

અને વળી=પૂર્વમાં દૃષ્ટાંતથી વેદવિહિત હિંસા દોષ માટે નથી તેનું સ્થાપન કર્યું હવે તેના સમુચ્ચય માટે "अपि च"થી અન્ય યુક્તિ આપે છે –

ગાથા :-

सत्थत्थंमि य एवं न होइ पुरिसस्स एत्थ किं माणं? ।
न य कुच्छिता तई जं जयमाणा लोगपुज्जत्ति ।।८६५।।

છાયા :-

शास्त्रार्थे च एवं न भवति पुरुषस्यात्र किं मानम् ? ।
न च कुत्सिता सका यत्, यजमाना लोकपूज्या इति ।।८६५।।

ગાથાર્થ :-

અને શાસ્ત્રાર્થ હોતે છતે આ પ્રમાણે ન થાય=વિધિસંસ્કારથી કરાયેલી હિંસા દોષ માટે નથી એ પ્રકારનો શાસ્ત્રાર્થ હોતે છતે બધી હિંસા દોષ માટે નથી એ પ્રકારે ન થાય. અહીં=સંસારની હિંસા દોષ માટે છે તેમ વેદવિહિત હિંસા પણ દોષ માટે છે એ પ્રકારના કથનમાં, પુરુષનું શું પ્રમાણ છે ? અર્થાત્ તેનું વચન પ્રમાણ નથી અને તે=વેદવિહિત હિંસા, કુત્સિત નથી, જે કારણથી યજ્ઞ કરનારા લોકમાં પૂજ્ય છે. ।।૮૬૫।।

ટીકા :-

'विधिसंस्काराद्धिंसा न दोषायेति' शास्त्रार्थः, शास्त्रार्थे चास्मिन् सति एवं न भवति—हिंसा न दोषायेति न भवतीत्यत्र पुरुषमात्रस्य किं प्रमाणं?, नैव किंचित्, न चाप्रमाणकं वचः प्रेक्षावतामुपादेयं भवतीति यत्किंचिदेतत् । न च वाच्यं-यदि हिंसा न दोषवती तर्हि कथमेषा लोके जुगुप्स्यते यथा—'पापीयानयं यदेवं हिंस्त्र' इति, यत आह—'न येत्यादि' न च कुत्सिता-निन्दिता 'तइत्ति' सका वेदविहिता हिंसा, यत्-यस्मात् यजमाना-अश्वमेधादियागं कुर्वाणा लोके पूज्या इति ।।८६५।।

ટીકાર્થ :-

'विधिसंस्काराद्धिंसा ..... पूज्या इति ।। 'વિધિસંસ્કારથી હિંસા દોષ માટે નથી' એ પ્રકારનો શાસ્ત્રનો અર્થ છે અને આ શાસ્ત્રાર્થ હોતે છતે આ પ્રમાણે ન થાય=હિંસા દોષ માટે નથી અર્થાત્ સર્વ હિંસા દોષ માટે નથી એ પ્રમાણે ન થાય, એથી અહીં=બધી હિંસા દોષ માટે છે એ પ્રકારના કથનમાં અર્થાત્ શાસ્ત્રવિહિત હિંસા કે અન્ય હિંસા દોષ માટે છે એ પ્રકારના કથનમાં, પુરુષમાત્રનું શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી જ, અને અપ્રમાણવાળું વચન વિચારકને ઉપાદેય થતું નથી એથી આ=સંસારની સર્વ હિંસા, દોષ માટે છે એનું અવલંબન લઈને શાસ્ત્રસંમત સંસ્કારથી કરાયેલી હિંસાને પણ દોષ રૂપે કહેનાર પુરુષનું આ વચન યત્કિંચિત્ છે. અને ન કહેવું. શું ન કહેવું તે સ્પષ્ટ કરે છે — જો હિંસા દોષવાળી નથી=વેદવિહિત હિંસા દોષવાળી નથી, તો કેવી રીતે લોકમાં આ=હિંસા, જુગુપ્સા કરાય છે. કઈ રીતે જુગુપ્સા કરાય છે ? તે "यथा"થી બતાવે છે. "આ પાપી

છે જે આ પ્રમાણે હિંસા કરે છે" એમ ન કહેવું એમ અન્વય છે. જે કારણથી કહે છે="न च वाच्यं"થી કરાયેલી શંકામાં નિવારણ માટે કહે છે — અને તે વેદવિહિત હિંસા કુત્સિત નથી=નિન્દિત નથી. જે કારણથી યજમાન=અશ્વમેધાદિ યાગને કરનારા, લોકમાં પૂજ્ય છે. ॥૮૬૫॥

ભાવાર્થ :-

વેદવિહિત હિંસા દોષરૂપ નથી એ પ્રકારે માનનારા પૂર્વપક્ષી કહે છે કે વિધિપૂર્વક અને સંસ્કારથી યજ્ઞમાં જે હિંસા કરાય છે તે દોષ માટે નથી. આ પ્રકારનો વેદશાસ્ત્રનો અર્થ છે. આ વેદશાસ્ત્રના વચનથી આ પ્રમાણે સિદ્ધ થતું નથી કે સંસારી જીવો જે હિંસા કરે છે તે દોષ માટે નથી; કેમ કે શાસ્ત્રસંમત હિંસા દોષરૂપ ન હોય તેના બળથી સર્વ હિંસા દોષરૂપ નથી તેમ કહી શકાય નહીં તેથી જે દર્શનવાદીઓ કહે છે કે સંસારી જીવોની હિંસા દોષવાળી છે તેમ વેદવિહિત હિંસા પણ દોષવાળી છે એ પ્રકારનું કથન કરનારા પુરુષમાત્રના વચનનું કોઈ પ્રમાણ નથી. માટે તેવું અપ્રમાણિક વચન કોઈ વિચારક સ્વીકારે નહીં તેથી તેમ જ માનવું જોઈએ કે અન્ય હિંસા દોષ માટે છે અને વેદવિહિત હિંસા દોષ માટે નથી. વળી, પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે કે સંસારી જીવોની હિંસા લોકમાં જુગુપ્સનીય છે એથી હિંસા કરનારને લોકો આ પાપી છે તેમ કહે છે પરંતુ વેદવિહિત હિંસા કરનાર યાજ્ઞિકોને લોકો પાપી કહેતા નથી પણ પૂજ્ય માને છે. તેથી નક્કી થાય છે કે વેદવિહિત હિંસા દોષરૂપ નથી. **॥૮૬૫॥**

અવતરણિકા :-

अत्रोत्तरमाह —

અવતરણિકાર્થ :-

આમાં=ગાથા-૮૬૨થી અત્યાર સુધી પૂર્વપક્ષીએ યુક્તિથી સ્થાપન કર્યું કે વેદવિહિત હિંસા દોષરૂપ નથી એમાં, ઉત્તર આપે છે —

ગાથા :-

दिट्ठंतबला एवं वदंति मुद्धजणविम्हयकरं ते ।
तेण समं वेधम्मं असाहगमिणं न पेच्छंति ।।८६६।।

છાયા :-

दृष्टान्तबलादेवं वदन्ति मुग्धजनविस्मयकरं ते ।
तेन समं वैधर्म्यमसाधकमिदं न प्रेक्षन्ते ।।८६६।।

ગાથાર્થ :-

તેઓ=વેદવાદીઓ, દૃષ્ટાંતના બળથી મુગ્ધલોકોના વિસ્મયને કરનારું આ પ્રમાણે=પૂર્વમાં કહ્યું એ પ્રકારે, કહે છે. તેની સાથે=દૃષ્ટાંતની સાથે, અસાધક એવું વૈધર્મ્ય જોતા નથી. ॥૮૬૬॥

ટીકા :-

તે તુ-વેદવાદિનોઽયસ્પિણ્ડાદિદૃષ્ટાન્તમાત્રબલાદેવમ્-ઉપદર્શિતપ્રકારેણ મુગ્ધજનવિસ્મયકરં વદન્તિ, ન તુ વિદ્વજ્જનમનઃપ્રહ્લત્તિકરં, યતસ્તેન દૃષ્ટાન્તેન સમં વૈધર્મ્યમિદં-વક્ષ્યમાણલક્ષણમસાધકં યત્તન્ન પ્રેક્ષન્તે ।।૮૬૬।।

ટીકાર્થ :-

તે તુ ..... પ્રેક્ષન્તે ।। તેઓ વળી=વેદવાદીઓ વળી, લોખંડના પિંડાદિના દૃષ્ટાંતમાત્રના બળથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, મુગ્ધજનને વિસ્મયને કરનાર બોલે છે પરંતુ વિદ્વાન જનના મનને સ્વીકૃત થાય તેવું કહેતા નથી. જે કારણથી તે દૃષ્ટાંતની સાથે આ=વક્ષ્યમાણ લક્ષણ, અસાધક જે વૈધર્મ્ય છે તેને જોતા નથી. ॥૮૬૬॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ વેદવિહિત હિંસા દોષરૂપ નથી તે લોખંડના પિંડના દૃષ્ટાંતમાત્રથી સ્થાપન કર્યું અને મુગ્ધલોકોને તેવું દૃષ્ટાંત વિસ્મય કરનાર થાય છે અર્થાત્ વિશ્વાસ ઉત્પન્ન કરે છે પરંતુ બુદ્ધિમાન પુરુષો તો વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઈને દૃષ્ટાંતની સંગતિ કરે છે. તેથી તેઓને તે દૃષ્ટાંત રુચિકર થતું નથી. કેમ રુચિકર થતું નથી ? તેથી કહે છે. લોખંડના પિંડના દૃષ્ટાંતની સાથે જે વૈધર્મ્ય છે તે વૈધર્મ્ય વેદવિહિત હિંસાને નિર્દોષ સિદ્ધ કરતો નથી. તેને જોયા વગર વેદવાદીઓ પોતાના કથનની સિદ્ધિ કરે છે. તેથી વિદ્વાન લોકો દૃષ્ટાંતના વાસ્તવિક સ્વરૂપનું વિશ્લેષણ કરીને વેદવાદીઓના તે વચનનો અસ્વીકાર કરે છે. ॥૮૬૬॥

અવતરણિકા :-

તદેવ વૈધર્મ્યમુપદર્શયતિ –

અવતરણિકાર્થ :-

તે જ વૈધર્મ્યને=ગાથા-૮૬૬માં કહ્યું કે લોખંડના પિંડનું દૃષ્ટાંત વૈધર્મ્યવાળું છે તે જ વૈધર્મ્યને, બતાવે છે –

ગાથા :-

अयपिंडे भावंतरभावो पच्चक्खसंपसिद्धो उ ।
तणुरूवो न य दीसइ पसुम्मि सो वेदविहिणावि ।।૮૬૭।।

છાયા :-

अयस्पिण्डे भावान्तरभावः प्रत्यक्षसंप्रसिद्धस्तु ।
तनुरूपो न च दृश्यते पशौ स वेदविधिनाऽपि ।।૮૬૭।।

ગાથાર્થ :-

અયપિંડમાં=લોખંડના પિંડમાં, તનુરૂપ ભાવાન્તર ભાવ=પિંડરૂપે લોખંડ હતું તે પતરા રૂપે થાય છે તે રૂપ ભાવાન્તર ભાવ, પ્રત્યક્ષ સંપ્રસિદ્ધ જ છે=પ્રત્યક્ષથી દૃષ્ટ જ છે, તે=ભાવાન્તર ભાવ, પશુમાં વેદવિધિથી પણ દેખાતો નથી. ।।૮૬૭।।

ટીકા :-

अयस्पिण्डे हि संस्कारविशेषात्तनुरूपो भावान्तरभावः प्रत्यक्षसंप्रसिद्ध एव । तुरेवकारार्थः । ततस्तत्र शक्त्यन्तरोपेतभावान्तरभावनिबन्धनो जलान्तर्मज्जनलक्षणदोषाभावो युक्तः, न च पशौ-छागादिलक्षणे वेदविधिनाऽपि-वेदविहितेनापि विधिना हिंस्यमाने तदन्यस्मात् हिंस्यमानात् चण्डालगृहादौ स यथोक्तविधिनिबन्धनशक्त्यन्तरोपेतो भावान्तरभावो दृश्यते, न चापश्यन्त आत्मानं विप्रलभेमहि, तत्कथं तदन्यस्यामिव हिंसायां न दोष इति ।।८६७।।

ટીકાર્થ :-

अयस्पिण्डे .... दोष इति ।। અયસ્પિંડમાં સંસ્કારવિશેષથી તનુરૂપ=પતલુ થવા રૂપ, ભાવાન્તર ભાવ પ્રત્યક્ષ સંપ્રસિદ્ધ છે જ. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. તેથી=લોખંડના પિંડમાં ભાવાન્તરનો ભાવ છે તેથી, ત્યાં=લોખંડના ભાવાન્તર ભાવમાં, શક્તિ અન્તરથી યુક્ત ભાવાન્તર ભાવનિબન્ધન જલમાં અન્તર્મજ્જન લક્ષણ દોષનો અભાવ યુક્ત છે અને ચંડાલગૃહાદિમાં તેનાથી અન્ય હિંસ્યમાન બોકડાદિથી=વેદવિહિત વિધિપૂર્વક હિંસાથી અન્ય હિંસા કરાતા બોકડાદિથી, વેદવિધિથી પણ=વેદવિહિત પણ વિધિથી, હિંસા કરાતા બોકડારૂપ પશુમાં યથોક્ત વિધિ નિબન્ધન શક્તિ અંતરથી યુક્ત તે ભાવાન્તર ભાવ દેખાતો નથી=વેદવિહિત વિધિના કારણે તે બોકડામાં કોઈક શક્ત્યન્તરયુક્ત તે ભાવાન્તર ભાવ દેખાતો નથી પરંતુ ચંડાલના ગૃહમાં કે યજ્ઞમાં હોમાતા પશુઓ વિનાશ પામતાં માત્ર જ દેખાય છે, અને નહીં જોતા=વેદવિહિત હિંસામાં અને ચંડાલગૃહાદિમાં થતી હિંસામાં ભાવાન્તરભાવરૂપ ભેદને નહીં જોતા, એવા અમે આત્માને ઠગતા નથી, તે કારણથી તેનાથી અન્ય હિંસાની જેમ=ચંડાલના ગૃહમાં થતી હિંસાની જેમ, હિંસામાં=વેદવિહિત હિંસામાં, કેમ દોષ નથી અર્થાત્ દોષ છે. ।।૮૬૭।।

ભાવાર્થ :-

વેદવિહિત હિંસાને નિર્દોષ માનનારા સ્વપક્ષના રાગથી પદાર્થને સાધવામાં તત્પર થયેલા વેદવાદીઓ વાસ્તવિક સ્વરૂપને જોતા નથી. તેથી તેઓને દૃષ્ટાંતની સાથે વૈધર્મ્ય દેખાતું નથી પરંતુ નિપુણપ્રજ્ઞાથી જોનારને તે વૈધર્મ્ય દેખાય છે. તેને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે – લોખંડના પિંડને ઘડીને પતલુ કરવામાં આવે ત્યારે તેનો ભાવાન્તર ભાવ દેખાય છે, તેથી તે પાણીમાં તરી શકે છે પરંતુ ચંડાલના ગૃહાદિમાં બકરાની હિંસા થાય છે તેના કરતાં યજ્ઞમાં હિંસા થાય છે તેમાં વેદવિધિથી તેવો કોઈ ભાવાન્તર ભાવ પ્રાપ્ત થતો નથી પણ બંને હિંસામાં સમાન રીતે પશુઓનો વિનાશ જ દેખાય છે. તેથી વેદવિહિત હિંસામાં દોષ નથી તે સ્થાપન કરવા માટે લોખંડના પિંડનું દૃષ્ટાંત આપ્યું તે અત્યંત અસંગત છે. **॥૮૬૭॥**

ગાથા :-

देवत्तं से भावंतरंति किं तस्स गाहगं माणं? ।
सिय आगमो न सो च्चिय विवादविसयो जतो एत्थ ।।८६८।।

છાયા :-

देवत्वं तस्य भावान्तरमिति किं तस्य ग्राहकं मानम् ।
स्यादागमो न स एव विवादविषयो यतोऽत्र ।।८६८।।

ગાથાર્થ :-

તેને દેવત્વરૂપ ભાવાન્તર છે એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તેનો ગ્રાહક પ્રમાણ શું છે ? અર્થાત્ કોઈ નથી. આગમ થાય=વેદવચન તેનું ગ્રાહક પ્રમાણ થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે – નથી=વેદલક્ષણ આગમ, પ્રમાણ નથી. જે કારણથી અહીં=પ્રમાણના વિચારમાં, તે જ વિવાદનો વિષય છે=વેદરૂપ આગમ જ વિવાદનો વિષય છે. ।।૮૬૮।।

ટીકા :-

अथोच्येत-तदन्यस्मात् हिंस्यमानात् 'से' तस्य पशोर्वेदविहितविधिना हिंस्यमानस्य देवत्वलक्षणं भावान्तरमस्ति तत्कथमस्यां हिंसायां न दोषाभाव इति । अत्राह—'किमि'त्यादि किं तस्य-देवत्वलक्षणस्य भावान्तरस्य ग्राहकं प्रमाणं?, नैव किंचिदितिभावः । अतीन्द्रियत्वेन तत्र प्रत्यक्षस्यानुपपत्तेस्तदनुपपत्तौ च तत्पूर्वकत्वादनुमानस्याप्यभावात् । परस्य प्रमाणमाशङ्कते—'सिय आगमो'त्ति स्यादेतत्-कथमुच्यते न किंचित्तस्य ग्राहकं प्रमाणमस्ति यावताऽस्त्येवागमो-वेदलक्षणस्तद्ग्राहकं प्रमाणमिति । अत्राह—'ने'त्यादि यदेतदुक्तं तत्र, यतो-यस्मादत्र-विचारप्रक्रमे स एव-वेदलक्षण आगमो दृष्टेष्टविरुद्धार्थ-भाषकतया प्रामाण्यं प्रति विवादविषयः, तत्कथमसौ स्वयमसिद्धः सन्नन्यस्य साधनायालं भवेत् । एतेन विषदहनादीनामपि मरणदाहाभावकुष्ठापगमाद्यन्यथानुपपत्तितो भावान्तरस्यानुमीयमानत्वात्तैरपि सह वैधर्म्यं प्रतिपादितं द्रष्टव्यम् ।।८६८।।

ટીકાર્થ :-

अथोच्येत .... द्रष्टव्यम् ।। હવે કહેવાય છે=પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે. તેનાથી અન્યથી= હિંસ્યમાનથી=ચંડાલગૃહાદિમાં હિંસ્યમાન બોકડાથી અન્ય એવા યજ્ઞમાં હિંસ્યમાન બોકડાથી, વેદવિહિત વિધિથી હિંસ્યમાન એવા તે પશુને દેવત્વ લક્ષણ ભાવાન્તર છે. તે કારણથી કેવી રીતે આ હિંસામાં= વેદવિહિત હિંસામાં, દોષનો અભાવ નથી ? અર્થાત્ દોષનો અભાવ છે. આમાં='અથ'થી પૂર્વપક્ષીએ કહ્યું એ કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – તેનું=દેવત્વ લક્ષણ ભાવાન્તરનું, ગ્રાહક પ્રમાણ શું છે ? અર્થાત્ કાંઈ નથી જ એ પ્રકારનો ભાવ છે=યજ્ઞમાં હોમાતા પશુને દેવત્વ પ્રાપ્ત થાય છે તે પ્રકારે

સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી જ. કેમ પ્રમાણ નથી તેમાં હેતુ કહે છે – અતીન્દ્રિયપણું હોવાને કારણે=યજ્ઞમાં હોમાયેલા બોકડાના દેવત્વનું અતીન્દ્રિયપણું હોવાને કારણે, ત્યાં=બોકડાને દેવત્વની પ્રાપ્તિમાં, પ્રત્યક્ષની અનુપપત્તિ છે અને તેની અનુપપત્તિ હોતે છતે=યજ્ઞમાં હોમાયેલો બોકડો દેવત્વમાં જાય છે તે પ્રત્યક્ષની અનુપપત્તિ હોતે છતે, તત્પૂર્વકપણું હોવાને કારણે=અનુમાનનું પ્રત્યક્ષપૂર્વકપણું હોવાને કારણે, અનુમાનનો પણ અભાવ છે. પરના પ્રમાણની આશંકા કરે છે=પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી પરના પ્રમાણની આશંકા કરે છે. આ પ્રમાણે થાય=પૂર્વપક્ષીના મતે થાય. કેવી રીતે કહેવાય છે કે તેનો ગ્રાહક કોઈ પ્રમાણ નથી=યજ્ઞમાં હોમાયેલો બોકડો સ્વર્ગમાં જાય છે તેનો ગ્રાહક કોઈ પ્રમાણ નથી એ કેવી રીતે કહેવાય છે. જ્યાં સુધી આગમ છે જ=વેદલક્ષણ તેનું ગ્રાહક પ્રમાણ છે જ, ત્યાં સુધી તેનું કોઈ પ્રમાણ નથી તેમ કહી શકાય નહિ એમ પૂર્વપક્ષીનો આશય છે. આમાં= પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – જે આ કહેવાયું=પૂર્વપક્ષીએ યજ્ઞમાં હોમાયેલા બોકડાને દેવ થાય છે એમાં આગમ પ્રમાણ છે એ પ્રમાણે જે આ કહેવાયું, તે નથી. જે કારણથી અહીં=વિચારના પ્રકમમાં, તે જ વેદલક્ષણ આગમ દૃષ્ટઈષ્ટ વિરુદ્ધાર્થ ભાષકપણાને કારણે પ્રામાણ્ય પ્રત્યે વિવાદનો વિષય છે=વેદરૂપ આગમ દૃષ્ટની સાથે વિરુદ્ધભાષક છે અને ઈષ્ટ એવા વેદના અન્ય વચન સાથે વિરુદ્ધભાષક છે તેથી તે પ્રમાણનો વિષય છે કે નહીં એ પ્રકારે વિવાદનો વિષય છે. તે કારણથી=વેદ પ્રમાણરૂપે સિદ્ધ થતું નથી તે કારણથી, આ=વેદ, સ્વયં અસિદ્ધ છતુ=પ્રમાણરૂપે અસિદ્ધ છતુ, અન્યને સાધવા માટે કેવી રીતે સમર્થ થાય ? અર્થાત્ વેદમાં કહેલાં વચનો હિંસ્યમાન બોકડાને દેવત્વ થાય છે તે સાધવા સમર્થ નથી. આના દ્વારા=અયસ્પિંડનું દૃષ્ટાંત વિષમ છે એ બતાવ્યું એના દ્વારા, વિષદહનાદિનું પણ મરણ, દાહનો અભાવ, કુષ્ઠ અપગમાદિની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે ભાવાન્તરનું અનુમીયમાનપણું હોવાથી તેઓની પણ સાથે=વિષ, દહનાદિ દૃષ્ટાંતોની પણ સાથે, વૈધર્મ્ય=યજ્ઞની હિંસાનું વૈધર્મ્ય, પ્રતિપાદિત જાણવું. ॥૮૬૮॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે લોખંડના પિંડનું દૃષ્ટાંત વૈધર્મ્યવાળું છે. તેથી તે દૃષ્ટાંતથી વેદવિહિત હિંસા દોષ માટે નથી તેમ કહી શકાય નહીં. ત્યાં પૂર્વપક્ષી કહે કે જેમ લોખંડનો પિંડ સંસ્કારથી પતરારૂપે થાય છે તેથી પાણીમાં ડૂબતું નથી તેમ વેદવિહિત હિંસા કરવાથી હિંસ્યમાન એવા પશુને દેવત્વ લક્ષણ ભાવાન્તર પ્રાપ્ત થાય છે માટે વેદવિહિત હિંસામાં દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – યજ્ઞમાં હોમાતા પશુને દેવત્વ થાય છે તેનું ગ્રાહક પ્રમાણ શું છે ? અર્થાત્ કોઈ નથી; કેમ કે પ્રત્યક્ષથી દેખાતું નથી કે યજ્ઞમાં હોમાયેલો બોકડો સ્વર્ગમાં ગયો છે અને અનુમાનથી પણ તેવો નિર્ણય થઈ શકે નહીં; કેમ કે પ્રત્યક્ષ થયેલી વસ્તુનું જ અનુમાન થાય છે. જેમ અન્યત્ર ધૂમની સાથે અવિનાભાવવાળા અગ્નિને જોઈને પર્વતમાં ધૂમ જોવાથી અગ્નિ છે એમ અનુમાન થાય છે તેમ યજ્ઞમાં હોમાયેલાં પશુઓ સ્વર્ગમાં ગયાં છે તેવું ક્યાંય પ્રત્યક્ષથી દેખાતું નથી જેના બળથી તેનું અનુમાન થઈ શકે. અહીં પૂર્વપક્ષી કહે છે કે વેદરૂપ આગમ જ પ્રમાણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વેદરૂપ આગમ પણ પ્રમાણ નથી; કેમ કે જે આગમ દૃષ્ટ પદાર્થ

સાથે વિરુદ્ધ હોય તે આગમ પ્રમાણ નથી અને જે આગમ આત્માને ઇષ્ટ એવા સુખનું સાધક હોય તે આગમને ઇષ્ટ કહેવાય તેવા ઇષ્ટ આગમની સાથે જ જે આગમના વચનનો વિરોધ હોય તે આગમ પ્રમાણ બને નહીં અને વેદમાં ઘણાં કથનો દૃષ્ટ સાથે વિરુદ્ધ પ્રાપ્ત થાય છે અને વેદના અન્ય વચનો સાથે પણ પરસ્પર વિરુદ્ધ પ્રાપ્ત થાય છે તેથી તેવું વેદવચન સ્વયં પ્રમાણ નથી. તેથી વેદવચનના પ્રામાણ્યના બળથી યજ્ઞમાં હોમાતા બોકડાદિને દેવપણાની પ્રાપ્તિ થાય છે તેમ વેદના વચનથી સ્થાપન થઈ શકે નહીં. માટે અયસ્પિંડાદિ બધાં દૃષ્ટાંતો સાથે યજ્ઞની હિંસામાં વૈધર્મ્યની પ્રાપ્તિ છે. તેથી તે દૃષ્ટાંતોના બળથી યજ્ઞની હિંસામાં દોષ નથી તેમ કહી શકાય નહીં. **॥૮૬૮॥**

અવતરણિકા :-

परस्य मतमाशङ्कमान आह –

અવતરણિકાર્થ :-

પરના મતની=વેદને પ્રમાણ સ્વીકારનાર મતની, આશંકા કરનાર કોઈ પૂર્વપક્ષી કહે છે –

ગાથા :-

परिणामविसेसातो पुढवादिवहोऽवि अह जिणातयणे(यतणे) ।
भणिओ गुणाय एवं वेदवहो हंत किन्न भवे? ।।८६९।।

છાયા :-

परिणामविशेषात् पृथिव्यादिवधोऽपि अथ जिनायतने ।
भणितो गुणाय एवं वेदवधो हन्त ! किन्न भवेत् ।।८६९।।

ગાથાર્થ :-

હવે, જિનાયતનમાં પરિણામવિશેષથી પૃથ્વી આદિ વધ પણ ગુણ માટે કહેવાયો છે એ રીતે વેદનો વધ ખરેખર કેમ ન થાય ?=ગુણ માટે કેમ ન થાય ? ॥૮૬૯॥

ટીકા :-

अथोच्येत जिनायतने क्रियमाणे पृथिव्यादिषड्जीवनिकायवधोऽपि कारयितुः परिणामविशेषात् गुणाय भणितः एवं-जिनायतनपृथिव्यादिवधवत् वेदवधोऽपि-वेदाभिहितविधिपशुवधोऽपि तत्कर्तुः परिणाम-विशेषात् हन्त किं न गुणाय भवति?, भवत्येवेति भावः, न्यायस्योभयत्रापि समानत्वात् ।।८६९।।

ટીકાર્થ :-

अथोच्येत ..... समानत्वात् ।। "अथ"થી પૂર્વપક્ષી કહે છે – જિનાયતનમાં પૃથ્વી આદિ ષડ્જીવનિકાયનો વધ પણ કરાયે છતે, કરાવનારને=જિનાયતન કરાવનારને, પરિણામવિશેષથી ગુણ માટે કહેવાયું છે.

એ રીતે=જિનાયતનના પૃથ્વી આદિ વધની જેમ, વેદનો વધ પણ=વેદમાં કહેવાયેલ વિધિથી પશુનો વધ પણ, તેના કર્તાને=હિંસાના કર્તાને, પરિણામવિશેષથી કેમ ગુણ માટે ન થાય ? અર્થાત્ થાય જ છે એ પ્રકારનો ભાવ છે; કેમ કે ન્યાયનું=યુક્તિનું, ઉભયત્ર પણ=જિનાયતનની હિંસા અને વેદવિહિત હિંસા બંનેમાં પણ, સમાનપણું છે. ॥૮૬૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે વેદના વચનાનુસાર કરાતી હિંસા અને ચંડાલગૃહાદિમાં કરાતી હિંસાનો કોઈ ભેદ નથી, તેથી વેદવિહિત હિંસા દોષરૂપ જ છે. ત્યાં પૂર્વપક્ષી 'અથ'થી કહે છે. જૈનો ભગવાનના ચૈત્યાલયના નિર્માણમાં પરિણામવિશેષ હોવાને કારણે પૃથ્વી આદિ વધ પણ ગુણ માટે છે તેમ સ્વીકારે છે તેમ વેદમાં કહેલી યજ્ઞમાં થતી હિંસા પણ ગુણ માટે કેમ ન થઈ શકે ? અર્થાત્ શાસ્ત્રવિહિત ચૈત્યાલયના નિર્માણમાં થતી હિંસા જો ગુણ માટે થઈ શકે તો વેદશાસ્ત્ર અનુસાર થતી હિંસા પણ ગુણ માટે છે એમ સ્વીકારવું જોઈએ. **॥૮૬૯॥**

અવતરણિકા :-

अत्राह —

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે —

ગાથા :-

परिणामविसेसोवि हु सुहबज्झगतो मतो सुहफलोत्ति ।
ण उ इतरो मेच्छस्स उ जह विप्पं घाययंतस्स ।।८७०।।

છાયા :-

परिणामविशेषोऽपि हु शुभबाह्यगतो मतः शुभफल इति ।
न तु इतरो म्लेच्छस्य तु यथा विप्रं घातयतः ।।८७०।।

ગાથાર્થ :-

શુભ બાહ્યગત=જિનાલય નિર્માણરૂપ શુભ બાહ્યગત, પરિણામવિશેષ પણ='ભગવાનની ભક્તિ કરીને હું વીતરાગ તુલ્ય થાઉં' એ પ્રકારનો પરિણામવિશેષ પણ, શુભ ફલવાળો વીતરાગતા પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થવાથી પુણ્યબંધના ફલવાળો મનાયો છે. વળી, ઇતર નહીં=અશુભ બાહ્ય અર્થના આલંબનવાળો નહીં. જે પ્રમાણે ચંડિકા આગળ બ્રાહ્મણનો ઘાત કરતા મ્લેચ્છનો શુભફલવાળો નથી. ।।૮૭૦।।

ટીકા :-

પરિણામવિશેષોઽપિ 'હુ' નિશ્ચિતં શુભબાહ્યગતઃ-શુભબાહ્યાર્થાલમ્બનઃ સન્ શુભફલો મતઃ નત્વિતરઃ-અશુભબાહ્યાર્થાલમ્બનો યથા મ્લેચ્છસ્ય વિપ્રં ઘાતયતઃ ।।૮૭૦।।

ટીકાર્થ :-

પરિણામવિશેષોઽપિ ..... ઘાતયતઃ ।। પરિણામવિશેષ પણ નિશ્ચિત શુભ બાહ્યગત=શુભ બાહ્ય અર્થના આલંબનવાળો છતો, શુભફલવાળો મનાયો છે પરંતુ ઈતર=અશુભ બાહ્યઅર્થના આલંબનવાળો શુભ, મનાયો નથી. જે પ્રમાણે બ્રાહ્મણને ઘાત કરતા મ્લેચ્છનો અશુભ આલંબનવાળો પરિણામવિશેષ પણ શુભ મનાયો નથી. ॥૮૭૦॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૮૬૯માં શંકા કરી કે જિનાયતનનિર્માણમાં હિંસા હોવા છતાં પરિણામવિશેષથી તે હિંસા ગુણ માટે છે એ રીતે વેદવચનાનુસાર કરાતા યજ્ઞમાં હિંસા પણ ગુણ માટે થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જિનાયતનનિર્માણની બાહ્ય ક્રિયાથી થયેલો પરિણામવિશેષ પણ શુભફલવાળો કહેવાયો છે; કેમ કે વીતરાગના ગુણોનું સ્મરણ કરીને વીતરાગ પ્રત્યે બહુમાન થાય તે પ્રકારે ભગવાનની ભક્તિના અધ્યવસાયથી તે પરિણામવિશેષ પ્રવર્તે છે અને 'અન્ય યોગ્ય જીવોને પણ જિનાયતનનિર્માણને કારણે ક્લેશ પ્રાપ્ત ન થાઓ' તેવા યત્નથી યુક્ત અને 'યોગ્ય જીવોને ભગવાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાઓ' તેવા વિવેકથી યુક્ત તે પરિણામવિશેષ છે. તેથી ચૈત્યનિર્માણમાં હિંસા હોવા છતાં પરિણામવિશેષને કારણે ગુણ થાય છે. વળી, વેદમાં કહેલ યજ્ઞમાં થતી હિંસાનો પરિણામવિશેષ શુભફલવાળો મનાયો નથી. જેમ મ્લેચ્છને ચંડિકા આગળ બ્રાહ્મણના ઘાતનો પરિણામ દેવીની ભક્તિ અર્થે હોવા છતાં અવિવેકવાળો હોવાથી બ્રાહ્મણો પણ તેને શુભફલવાળો સ્વીકારતા નથી તેમ યજ્ઞમાં કરાયેલ હિંસામાં વર્તતો પરિણામ શુભફળવાળો નથી; કેમ કે તે યજ્ઞની પ્રવૃત્તિ અવિવેકપૂર્વકની છે. **॥૮૭૦॥**

અવતરણિકા :-

યદ્યેવં ततः किमित्याह –

અવતરણિકાર્થ :-

જો આ પ્રમાણે છે=શુભ બાહ્યગત પરિણામવિશેષ પણ શુભફલવાળો મનાયો છે ઈતર નહીં એ પ્રમાણે છે, તેનાથી શું સિદ્ધ થાય ? એથી કહે છે –

ગાથા :-

ण य सो सुहबज्झगतो वेदवहे हवति जो उ परिणामो ।
मोत्तूण आवइगुणं पंचिंदियघायहेतूओ ।।૮૭૧।।

છાયા :-

न च स शुभबाह्यगतो वेदवधे भवति यश्च परिणामः ।
मुक्त्वा आपत्तिगुणं पञ्चेन्द्रियघातहेतुतः ।।८७१।।

ગાથાર્થ :-

વેદવધમાં=વેદવિહિત પશુવધમાં, જે પરિણામ થાય છે તે શુભ બાહ્યગત નથી=શુભ બાહ્ય અર્થના આલંબનવાળો નથી; કેમ કે આપદ્‌ગુણને છોડીને=ભાવઆપત્તિના નિસ્તરણગુણને છોડીને, પંચેન્દ્રિયઘાતનો હેતુ છે. ।।૮૭૧।।

ટીકા :-

न च यो वेदवधे-वेदाभिहितविधिविहितपशुवधे परिणामो भवति स शुभबाह्यगतः-शुभबाह्यार्थालम्बनः । कुत इत्याह—पञ्चेन्द्रियघातहेतुत्वात् । किं सर्वथा नैवासौ शुभबाह्यालम्बन? इत्यत आह—'मोत्तूण आवइगुणं' मुक्त्वा आपद्‌गुणं भावापन्निस्तरणगुणं 'न खल्विमां वेदविहितहिंसामन्तरेणान्यो भावापदो निरस्तरणोपायोऽस्ति तत्किं कुर्म्म' इत्येवंलक्षणमपेक्ष्य सा क्रियेत यदि तदा स्यात्तस्यामपि परिणामः शुभबाह्यालम्बनः, न चासावापन्निस्तरणगुणो वेदवधेऽस्ति, तमन्तरेणैव भावापदो निस्तरणस्य भावात्, न च जिनायतनविधौ साधुनिवासादिवद्वेदविहितवधेऽपि भावापन्निस्तरणसमर्थं गुणान्तरं दृष्टं, तत्कथमिह वेदवधे परिणामः शुभबाह्यगतो भवेत्? ।।८७१।।

ટીકાર્થ :-

न च ..... भवेत्? ।। અને વેદવધમાં=વેદમાં કહેવાયેલી વિધિથી વિહિત પશુવધમાં, જે પરિણામ થાય છે, તે શુભ બાહ્યગત=શુભ બાહ્ય અર્થના આલંબનવાળો, નથી. કયા કારણથી શુભ બાહ્યઅર્થના આલંબનવાળો નથી ? એથી કહે છે — પંચેન્દ્રિયઘાતનું હેતુપણું હોવાથી શુભ બાહ્યઅર્થના આલંબનવાળો નથી. શું સર્વથા જ આ=પંચેન્દ્રિયઘાતનો હેતુ એવો પરિણામ, શુભ બાહ્યઅર્થના આલંબનવાળો નથી એથી કહે છે — આપદ્‌ગુણને છોડીને=ભાવઆપત્તિના નિસ્તરણના ગુણને છોડીને=આત્મકલ્યાણમાં વિઘ્નભૂત એવી જે ભાવઆપત્તિ એના નિસ્તરણગુણને છોડીને, શુભ બાહ્યઅર્થના આલંબનવાળો નથી. અહીં ગ્રંથકારશ્રી કહે છે કે "આ વેદવિહિત હિંસા વગર અન્યભાવાપદ નિસ્તરણનો ઉપાય નથી. તે કારણથી અમે શું કરીએ" એવા લક્ષણવાળા ભાવપદનિસ્તર ગુણની અપેક્ષા રાખીને જો તે=વેદવિહિત હિંસા, કરાય તો તેમાં પણ=વેદવિહિત હિંસામાં પણ, શુભ બાહ્યઆલંબનવાળો પરિણામ થાય અને આ આપદ્‌નિસ્તરણનો ગુણ વેદવધમાં નથી=વેદવિહિત હિંસામાં નથી; કેમ કે તેના વગર જ=વેદવિહિત હિંસા વગર જ, ભાવાપદના નિસ્તરણનો ભાવ છે અને જિનાયતનની વિધિમાં=જિનાલયનિર્માણની પ્રવૃત્તિમાં, સાધુનિવાસાદિની જેમ વેદવિહિત વધમાં પણ ભાવઆપદ્‌ના નિસ્તરણમાં સમર્થ ગુણાન્તર જોવાયો નથી=જેમ જિનાયતનની વિધિમાં સાધુનિવાસાદિ રૂપ ભાવઆપદ્‌ના

નિસ્તરણમાં સમર્થગુણાન્તર જોવાયું છે તેમ વેદવિહિત વધમાં ભાવઆપત્તિના નિસ્તરણમાં સમર્થ ગુણાન્તર જોવાયો નથી, તે કારણથી કેવી રીતે અહીં=વેદવધમાં, શુભ બાહ્યગત પરિણામ થાય ?= શુભ બાહ્યઅર્થના આલંબનવાળો પરિણામ થાય નહીં. ॥૮૭૧॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે પરિણામવિશેષ પણ શુભ બાહ્ય આલંબનફળવાળો છતો શુભફલવાળો છે, ઇતર નહીં. તેનાથી વેદવધમાં શું સિદ્ધ થાય ? તે બતાવતાં કહે છે – વેદવધમાં જે પરિણામ છે, તે શુભ બાહ્ય અર્થના આલંબનવાળો નથી. અહીં પ્રશ્ન થાય કે વેદવચનાનુસાર પ્રવૃત્તિ છે છતાં યજ્ઞની હિંસામાં શુભ બાહ્ય અર્થનું આલંબન કેમ નથી ? તેથી કહે છે – ભાવઆપત્તિના નિસ્તરણના ગુણવાળી યજ્ઞની હિંસા નથી પરંતુ માત્ર પંચેન્દ્રિય જીવના ઘાતના હેતુવાળી છે તેથી શુભ બાહ્ય અર્થનું આલંબન વેદવિહિત હિંસામાં નથી. જ્યારે જિનાયતનનિર્માણમાં થતી હિંસામાં ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળી હિંસા છે. તેથી તે હિંસા અનુબંધથી મહાઅહિંસાનું કારણ છે. જ્યારે વેદવિહિત હિંસા તેવા ગુણવાળી નથી. **॥૮૭૧॥**

અવતરણિકા :-

જિનાયતનવિષયે ચ ભાવાપન્નિસ્તરણસમર્થં ગુણાન્તરં સાધુનિવાસાદિકં દર્શયતિ –

અવતરણિકાર્થ :-

અને જિનાયતનના વિષયમાં ભાવઆપત્તિના નિસ્તરણમાં સમર્થ સાધુનિવાસાદિક ગુણાન્તરને બતાવે છે –

ગાથા :-

सइ सव्वत्थाभावे जिणाण भावावयाएँ जीवाणं ।
तेसिं नित्थरणगुणं पुढवादिवहेवि आयतणं ।।८७२।।

છાયા :-

सदा सर्वत्राभावे जिनानां भावापदि जीवानाम् ।
तेषां निस्तरणगुणं पृथिव्यादिवधेऽपि आयतनम् ।।८७२।।

ગાથાર્થ :-

સદા, સર્વત્ર જિનોના અભાવમાં જીવોને ભાવઆપત્તિ હોતે છતે પૃથ્વી આદિ વધમાં પણ તેઓને નિસ્તરણના ગુણવાળું આયતન છે. ॥૮૭૨॥

ટીકા :-

सदा-सर्वकालं सर्वत्र-क्षेत्रे जिनानामभावे भावापदि जीवानां सत्यां तेषां जीवानां निस्तरणगुणं-

भावापदो निस्तरणोपायभूतं पृथिव्यादिजीववधेऽपि जिनानामायतनं, ततस्तत्र पृथिव्यादिवधेऽपि परिणामः शुभबाह्यालम्बनो भवति ।।८७२।।

ટીકાર્થ :-

सदा ..... भवति ।। सदा=सर्वकाल, सर्वत्र=सर्व क्षेत्रमां, જિનોના અભાવમાં જીવોને ભાવआपत्ति होते छते=ભગવાનના વિરહરૂપ ભાવआपत्ति होते छते, ते जीवोना निस्तरणगुण=ભાવआपत्तिना निस्तरणना उपायभूत, पृथ्वी आदि जीवना वधमां पण जिनोनुं आयतन छे, तेथी त्यां=पृथ्वी आदि वधमां पण, शुभ बाह्यआलंबनवाळो परिणाम थाय छे. ।।८७२।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જિનાલયના નિર્માણમાં હિંસા હોવા છતાં પણ ભાવआपत्तिना निस्तरणगुणवाळी हिंसा छे. કઈ રીતે જિનાલયનિર્માણથી ભાવआपत्तिनुं निस्तरण थाय छे ? ते स्पष्ट करे छे – सर्वकालमां अने सर्व क्षेत्रमां साक्षात् જિનો વિદ્યમાન નથી અને જિનનાં દર્શન, પૂજન, સત્કાર અને સન્માનથી યોગ્ય જીવો સંસારસાગરથી નિસ્તાર પામી શકે છે; કેમ કે જિનનાં દર્શન, પૂજન આદિ ક્રિયાઓથી યોગ્ય જીવનો માનસવ્યાપાર વીતરાગના ગુણને અવલંબીને વીતરાગતાને અભિમુખ પ્રવર્તે છે જેનાથી અવીતરાગતાને અભિમુખ પ્રવર્તનરૂપ જે ભાવआपत्ति જીવને પ્રાપ્ત થયેલી તેના નિસ્તરણને કરનાર જિનનું આલંબન છે અને જે ક્ષેત્રમાં, જે કાળમાં સાક્ષાત્ જિનનો અભાવ છે તે વખતે તે ભાવआपत्तिनुं निवारण संसारी જીવો જિનપ્રતિમાના આલંબનથી જ કરી શકે છે. તેથી જિનાયતનના નિર્માણની ક્રિયાકાળમાં પૃથ્વી આદિ જીવોનો વધ હોવા છતાં 'હું લોકોત્તમ પુરુષની ભક્તિ કરીને સંસારસાગરથી તરું', તેવો શુભ ભાવ જિનાલયનિર્માણમાં વિવેકી શ્રાવકને વર્તે છે. તેથી જિનાલયનું નિર્માણ રાગાદિનું ઉન્મૂલન કરીને સંસારના ઉચ્છેદનું કારણ બને છે. માટે જિનાલયના નિર્માણમાં સ્વરૂપથી પૃથ્વી આદિ જીવોના વધરૂપ હિંસા હોવા છતાં યતનાપરાયણ શ્રાવકને ભગવાનની ભક્તિના શુભ ભાવથી હિંસાજન્ય અશુભ ભાવની પ્રાપ્તિ થતી નથી. જ્યારે યજ્ઞમાં તો સ્વર્ગાદિ કામનાની તુચ્છ ઇચ્છાથી અન્ય જીવોનો વધ કરાય છે. જેથી ભાવआपद्ना निस्तरणगुणवाळी वेदविहित हिंसा नथी. **॥८७२॥**

અવતરણિકા :-

अथ मन्येथाः कथमिदं जिनायतनं भावापन्निस्तरणगुणमित्यत आह –

અવતરણિકાર્થ :-

હવે, માને=પૂર્વપક્ષી માને, કેવી રીતે આ જિનાયતન ભાવआपत्तिना निस्तरणगुणवाळुं छे. એથી કહે છે –

ગાથા :-

साहुणिवासो तित्थगरठावणा आगमस्स परिवुड्ढी ।
एक्केक्कं भावावइनित्थरणगुणं तु भव्वाणं ।।८७३।।

છાયા :-

साधुनिवासस्तीर्थकरस्थापना आगमस्य परिवृद्धिः ।
एकैकं भावापद्निस्तरणगुणं तु भव्यानाम् ।।८७३।।

ગાથાર્થ :-

સાધુનો નિવાસ, તીર્થંકરની સ્થાપના, આગમની પરિવૃદ્ધિ ભવ્ય જીવોને એક એક પણ ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળું છે. ।।૮૭૩।।

ટીકા :-

यतो जिनायतने कृते सत्यवश्यं यथाविहारक्रमं तत्र ग्रामादौ साधुनिवासो भवति, तथा तस्मिन् जिनायतने तीर्थकरस्थापना, साधुसंपर्क्कतश्च तद्वासिनामसुमतां सर्वेषां प्रायः सदागमपरिवृद्धिः । एतच्चैकैकमपि भव्यानां प्रतनुकर्म्मणां भावापन्निस्तरणगुणमेव । तुरेवकारार्थः । ततो जिनायतनं पृथिव्यादिवधेऽपि भावापन्निस्तरणगुणमिति ।।८७३।।

ટીકાર્થ :-

यतो ..... गुणमिति ।। જે કારણથી જિનાયતન કરાયે છતે અવશ્ય યથાવિહારના ક્રમથી ત્યાં ગ્રામાદિમાં સાધુનો નિવાસ થાય છે અર્થાત્ જિનાલય નિર્માણ કર્યા પછી શ્રાવક જિનપ્રતિમાના સ્થાપન અર્થે સુવિહિત સાધુઓને વિનંતી કરે છે તેથી યથાવિહારના ક્રમથી સાધુઓનું આગમન થાય છે, અને તે જિનાયતનમાં તીર્થંકરની સ્થાપના થાય છે અને સાધુના સંપર્કથી તદ્વાસી જીવોને= જિનાયતનની નજીકમાં વસનારા બધા જીવોને, પ્રાયઃ સદાગમની પરિવૃદ્ધિ થાય છે=તે સાધુઓના સંપર્કથી ભગવાનના શાસનનાં સૂક્ષ્મ રહસ્યોની પ્રાપ્તિ થાય છે. અને આ એક એક પણ=જિનાયતનનું નિર્માણ, તીર્થંકરની સ્થાપના, સદાગમની વૃદ્ધિ આ એક એક પણ; પ્રતનુકર્મવાળા ભવ્ય જીવોના ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળું જ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. તેથી=જિનાલય કરાયે છતે સાધુઆગમન આદિ થાય છે તેથી, પૃથ્વી આદિ વધમાં પણ જિનાયતન ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળું છે. ।।૮૭૩।।

ભાવાર્થ :-

વિવેકી શ્રાવક ભગવાનની ભક્તિ કરીને 'હું સંસારસાગરથી નિસ્તારને પામું' તેવા નિર્મળ આશયપૂર્વક જિનાલયનું નિર્માણ કરે છે. ત્યાર પછી તેમાં જિનપ્રતિમાના સ્થાપન અર્થે સુવિહિત સાધુને વિનંતી કરે છે.

તેથી સુવિહિત સાધુઓ પણ નવકલ્પી વિહારની મર્યાદાથી યથાક્રમ વિહાર કરીને તે ગ્રામ આદિમાં નિવાસ કરે છે, તેમાં તીર્થંકરની સ્થાપના કરે છે અને સાધુના સંપર્કથી ત્યાં વસતા યોગ્ય જીવોને પ્રાયઃ ભગવાનના શાસનના સૂક્ષ્મ તત્ત્વોનો બોધ થાય છે. તેથી સુસાધુઓના દર્શનથી પણ ભવ્ય જીવોને ભાવઆપત્તિનું નિસ્તરણ પ્રાપ્ત થાય છે; કેમ કે સમિતિ-ગુપ્તિમાં દૃઢયત્નવાળા સુસાધુઓના ગુણોને જોઈને યોગ્ય જીવોને તે સમિતિ-ગુપ્તિ પ્રત્યે રાગ પ્રવર્ધમાન થાય છે. તેથી ભાવઆપત્તિનું નિસ્તરણ થાય છે. વળી, તીર્થંકરની સ્થાપનાકાળમાં તે મહાત્મા તીર્થંકરના ગુણોનું તે પ્રકારે સ્વરૂપ કહે છે જે સાંભળીને ઘણા જીવોને તીર્થંકરના પારમાર્થિક સ્વરૂપના બોધના કારણે ભાવઆપત્તિનું નિસ્તરણ થાય છે. વળી, સાધુના સંપર્કથી ઘણા યોગ્ય જીવોને ભગવાનના શાસનનાં સૂક્ષ્મ તત્ત્વોનો બોધ થાય છે જેનાથી તેઓની ભાવઆપત્તિનું નિસ્તરણ થાય છે; કેમ કે સદ્આલંબન વગર જીવોને મોહના ભાવરૂપ ભાવઆપત્તિ સદા વર્તે છે. તેના નિસ્તરણનો અન્ય કોઈ ઉપાય નથી અને જિનાલયના નિર્માણથી આ સર્વ ગુણોની પ્રાપ્તિ હોવાને કારણે પૃથ્વી આદિ જીવોના વધ હોવા છતાં પણ ભાવઆપત્તિના નિસ્તરણના ગુણજન્ય નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે, પાપબંધની પ્રાપ્તિ થતી નથી માટે જિનાલયના નિર્માણમાં દોષ નથી. **॥૮૭૩॥**

અવતરણિકા :-

અથ કથં સાધુનિવાસાદ્યેકૈકમપિ ભાવાપન્નિસ્તરણગુણમિત્યત આહ –

અવતરણિકાર્થ :-

હવે, સાધુનિવાસાદિ એક એક પણ ભાવઆપત્તિના નિસ્તરણના ગુણવાળું કેવી રીતે છે ? એથી કહે છે –

ગાથા :-

साहुणिवासा सद्धम्मदेसणा धम्मकायपरियरण ।
तित्थगरठावणातो परमगुरुगुणागमो भणितो ।।८७०।।

છાયા :-

साधु निवासात् सद्धर्मदेशना धर्मकायपरिचरणम् ।
तीर्थकरस्थापनातः परमगुरुगुणागमो भणितः ।।८७४।।

ગાથાર્થ :-

સાધુના નિવાસથી સદ્ધર્મની દેશનાનું શ્રવણ થાય છે. ધર્મકાયનું પ્રતિજાગરણ થાય છે. તીર્થંકરની સ્થાપનાથી પરમ ગુરુના ગુણનો બોધ કહેવાયો છે. ॥૮૭૪॥

ટીકા :-

साधुनिवासात् साधुसकाशमधिगतस्य सतः कस्यचिद् भव्यसत्त्वस्य सद्धर्म्मदेशना श्रोतव्या भवति, तथा

धर्म्मकायस्य-साधुशरीरस्य प्रासुककल्पनीयभेषजादिना प्रतिजागरणं कर्त्तव्यं भवति । एतच्चोभयमपि दुस्तरापारसंसारसागरनिस्तरणकारणम् । तथा तीर्थकरस्थापनातस्तद्दर्शनानन्तरं परमगुरोस्तीर्थकरस्य ये गुणाः-वीतरागत्वादयस्तेषामागमः-अवबोधो भणितस्तीर्थकरस्थापनाफलत्वेन समयवेदिभिः, एषोऽपि च परमगुरुगुणागमः केषांचिल्लघुकर्म्मणां तथाविधशुभाध्यवसायहेतुतया भावापत्रिस्तरणगुणः ।।८७४।।

ટીકાર્થ :-

साधुनिवासात् ..... निस्तरणगुणः ।। સાધુના નિવાસથી=જિનાયતનનું નિર્માણ કરવાથી તે સ્થાનમાં સાધુનો નિવાસ થવાથી, સાધુ પાસે અધિગત છતા=આવેલા છતા, કોઈ ભવ્ય જીવને સદ્ધર્મદેશના સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને ધર્મકાયવાળા સાધુના શરીરનું પ્રાસુકકલ્પનીય ઔષધાદિથી પ્રતિજાગરણ કર્તવ્ય થાય છે=સાધુના શરીરની સેવા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અને આ ઉભય પણ=સદ્ધર્મની દેશનાનું શ્રવણ અને સાધુની ઉચિત વૈયાવચ્ચ એ ઉભય પણ, દુસ્તરઅપારસંસારસાગરના નિસ્તરણનું કારણ છે. અને તીર્થંકરની સ્થાપનાથી=જિનાયતનમાં જિનપ્રતિમાની સ્થાપનાથી. તેમના દર્શન અનન્તર=જિનપ્રતિમાના દર્શનથી, પરમગુરુ તીર્થંકરના જે વીતરાગત્વાદિ ગુણો છે, તેઓનો આગમ=અવબોધ, તીર્થંકરસ્થાપનાના ફલપણાથી સમયના જાણકારો વડે કહેવાયો છે અને આ પણ પરમગુરુના ગુણનો બોધ કેટલાક લઘુકર્મોવાળા જીવોના તેવા પ્રકારના શુભ અધ્યવસાયનું હેતુપણું હોવાથી=પરમગુરુની પ્રતિમાના દર્શનથી વારંવાર પરમગુરુના ગુણોથી ભાવિત થાય તેવા પ્રકારના શુભ અધ્યવસાયનું હેતુપણું હોવાથી, ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળો છે. ।।૮૭૪।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ ભગવાન પ્રત્યેની ભક્તિથી જિનાલયનું નિર્માણ કરે છે અને તેમાં જિનપ્રતિમાની સ્થાપના કરે છે તેના કારણે સુસાધુઓ તે જિનાલયની આસન્નમાં રહેલા બહારના ભાગમાં નિવાસ કરે છે. તેથી ભગવાનના શાસનના રહસ્યને જાણનારા સાધુ પાસે આવેલા કોઈ ભવ્ય જીવોને સદ્ધર્મની દેશના સાંભળવા મળે છે જેનાથી તે મહાત્માને અત્યંત સંવેગ ઉત્પન્ન થાય છે. તેથી જિનાલયના નિર્માણને કારણે દેશનાના શ્રવણકાળમાં દુસ્તરસંસારસાગરથી નિસ્તરણનું કારણ બને એવો સંવેગ તેમને પ્રાપ્ત થાય છે.

વળી, સુસાધુ નિઃસ્પૃહી થઈને સતત સંયમયોગમાં યત્ન કરનારા છે. તે જોઈને વિવેકી શ્રાવકને તેઓ પ્રત્યે ભક્તિ થાય છે. તેથી પ્રાસુક અને કલ્પનીય આહાર, પાણી, ઔષધ આપીને વિવેકી શ્રાવકો તેમના સંયમની વૃદ્ધિની ચિંતા કરે છે જેનાથી સંસારના નિસ્તરણના કારણીભૂત શુભ અધ્યવસાય ઉલ્લસિત થાય છે. વળી, તીર્થંકરની પ્રતિમાને જોઈને વિવેકી શ્રાવકને પરમગુરુના ગુણોનું સ્મરણ થાય છે. તેથી પરમગુરુના ગુણોનું નિત્ય સ્મરણ થવાને કારણે તે મહાત્માને ભાવઆપત્તિના નિસ્તરણગુણવાળો શુભ અધ્યવસાય સદા ઉલ્લસિત થાય છે. તેથી જિનાલયના નિર્માણમાં પૃથ્વી આદિ જીવોનો વધ હોવા છતાં જિનાલયનું નિર્માણ કરનાર જીવને અને અન્ય યોગ્ય જીવને અનેક પ્રકારના શુભ અધ્યવસાયો થવાથી સંસારમાં જે

અશુભ ભાવની આપત્તિ છે, તેના નિસ્તરણનું કારણ એવા શુભ અધ્યવસાયરૂપ ગુણની પ્રાપ્તિ જિનાલયના નિર્માણથી થાય છે. માટે જિનાયતનના નિર્માણમાં દોષ નથી અને વેદવિહિત હિંસામાં તેવો કોઈ ગુણ નથી. માત્ર પોતાના તુચ્છ સ્વર્ગકામનાની ઇચ્છાથી પંચેન્દ્રિયનો વધ કરવાનો ક્લિષ્ટ અધ્યવસાય થાય છે. ॥૮૭૪॥

ગાથા :-

सज्झयाझाणकरणे आगमपरिवड्ढणं ततो नियमा ।
रागादीण पहाणं ततो य मोक्खो सदासोक्खो ।।८७५।।

છાયા :-

स्वाध्यायध्यायनकरणे आगमपरिवर्द्धनं ततो नियमात् ।
रागादीनां प्रहाणं ततश्च मोक्षः सदासौख्यः ।।८७५।।

ગાથાર્થ :-

સ્વાધ્યાય અને ધ્યાનના કરણમાં આગમનું પરિવર્દ્ધન થાય=આગમના સૂક્ષ્મ પદાર્થો આત્મામાં સ્થિર થાય. તેનાથી=આગમના પરિવર્દ્ધનથી, નક્કી રાગાદિની મંદતા થાય છે અને તેનાથી=અતિ તીવ્ર રાગાદિના નાશથી, સદા સુખરૂપ મોક્ષ થાય છે=સંસારઅવસ્થામાં જ નિર્લેપ થયેલા ચિત્તમાં કષાયોના ક્ષયથી સુખના અનુભવરૂપ મોક્ષ થાય છે. ॥૮૭૫॥

ટીકા :-

साधुसंपर्क्कतः प्रतिदिवसं स्वाध्यायध्यानकरणे सत्यवश्यमागमपरिवर्द्धनं भवति, तस्माच्चागम-परिवर्द्धनान्नियमाद्-अवश्यंतया रागादीनां दोषाणां प्रहाणम्-अपगमः, तदुक्तम्—'मलिनस्य यथाऽत्यन्तं, जलं वस्त्रस्य शोधनम् । अन्तःकरणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ।।१।।' इति । 'ततो य'त्ति तस्माच्च-अतिरागादिप्रहाणान्मोक्षः सदासौख्य इति ।।८७५।।

ટીકાર્થ :-

साधुसंपर्क्कतः ..... इति ।। સાધુના સંપર્કથી પ્રતિદિવસ સ્વાધ્યાય અને ધ્યાનનું કરણ થયે છતે અવશ્ય આગમનું પરિવર્દ્ધન થાય છે=ભગવાનના શાસનનાં સૂક્ષ્મ તત્ત્વોનો બોધ અવશ્ય વૃદ્ધિ પામે છે, અને તેનાથી=આગમના પરિવર્દ્ધનથી, નક્કી=અવશ્યપણાથી, રાગાદિ દોષોનો પ્રહાણ=અપગમ, થાય છે. તે કહેવાયું છે — "જે પ્રમાણે જલ મલિન વસ્ત્રનું અત્યંત શોધન છે=અત્યંત શોધન કરે છે, તે પ્રમાણે શાસ્ત્ર અન્તઃકરણરૂપ રત્નનું અત્યંત શોધન કરે છે એમ બુધ પુરુષો જાણે છે" અને તે કારણથી=અતિ રાગાદિનો નાશ થવાથી, સદા સુખરૂપ મોક્ષ થાય છે=રાગાદિના ક્લેશના નાશને કારણે સદા સુખરૂપ મોક્ષ સંસાર અવસ્થામાં પ્રાપ્ત થાય છે. ॥૮૭૫॥

ભાવાર્થ :-

જે નગરમાં જિનાલય હોય તે સ્થાનમાં સુસાધુઓનું આગમન થવાથી યોગ્ય જીવોને સુસાધુનો પ્રતિદિવસ સંપર્ક થાય છે અને સુસાધુ શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર શાસ્ત્રના પદાર્થોનો યોગ્ય જીવને બોધ કરાવે છે તેથી સ્વાધ્યાય થાય છે અને ત્યાર પછી તે જીવ તે શાસ્ત્રીય પદાર્થોનું સ્વબુદ્ધિથી સૂક્ષ્મ આલોચન કરે છે તે રૂપ ધ્યાન થાય છે જેનાથી પરમગુરુનાં વચનોનો સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થાય છે અને તે બોધના પરિવર્દ્ધનથી અવશ્ય રાગાદિ દોષોનો અપગમ થાય છે; કેમ કે જેમ મલિન વસ્ત્રનું શોધન જલથી થાય છે, તેમ ચિત્તરત્નનું શોધન શાસ્ત્રવચનથી થાય છે અને જેઓનું ચિત્ત શાસ્ત્રના પરિવર્દ્ધનથી ઘણા રાગાદિની હીનતાવાળું બને છે, તેઓના ચિત્તમાં કષાયોથી મુક્ત થયેલા અધ્યવસાયને કારણે સદા પ્રશમભાવનું સુખ વર્તે છે જે કષાયોથી મુક્ત અવસ્થા સ્વરૂપ સુખ છે માટે જિનાલયનું નિર્માણ આ રીતે અનેક પ્રકારની ભાવઆપત્તિના નિવારણના ગુણવાળું બને છે. **॥૮૭૫॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ –

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કહે છે=ભગવાનના જિનાલયનું નિર્માણ ભાવઆપત્તિના નિવારણના ગુણવાળું છે તે કથનના ઉપસંહારને કહે છે –

ગાથા :-

ता इय सुहबज्झगतो संविग्गस्स जयणापवत्तस्स ।
जिणभवणकायघाते परिणामो होइ जीवस्स ।।८७६।।

છાયા :-

तस्मादेवं शुभबाह्यगतः संविग्नस्य यतनाप्रवृत्तस्य ।
जिनभवनकायघाते परिणामो भवति जीवस्य ।।८७६।।

ગાથાર્થ :-

તે કારણથી આ રીતે સંવિગ્ન યતનાથી પ્રવૃત્ત જીવને જિનભવનમાં કાયવધ હોતે છતે શુભ બાહ્યગત પરિણામ થાય છે. ॥૮૭૬॥

ટીકા :-

'ता' तस्मादितिः-एवं प्रदर्शितेन प्रकारेण जीवस्य शारीरमानसानेकदुःखोपनिपातसहनेन संविग्नस्य-संसारविमुखया प्रज्ञया मोक्षमभिलाषुकस्य यतनया-जलदलविशुद्धभूमिग्रहणादिरूपया प्रवृत्तस्य

जिनभवनकायघाते-जिनभवनकरणविषयपृथिव्यादिषड्जीवनिकायवधे परिणामो भवति शुभबाह्यगतः-शुभबाह्यालम्बन इति ।।८७६।।

ટીકાર્થ :-

'ता' तस्मादितिः ..... इति ।। તે કારણથી આ રીતે=પ્રદર્શિત પ્રકારથી, જીવને શારીરિક, માનસિક અનેક દુઃખોના ઉપનિપાતના સહન પ્રકારથી, સંવિગ્નને=સંસારથી વિમુખ એવી પ્રજ્ઞા વડે મોક્ષના અભિલાષુક જીવને, યતનાથી=જલ-દલ-વિશુદ્ધ ભૂમિના ગ્રહણાદિ રૂપ યતનાથી, પ્રવૃત્તને જિનભવનમાં કાયનો ઘાત હોતે છતે=જિનભવનકરણ વિષયક પૃથ્વી આદિ ષડ્જીવનિકાયનો વધ હોતે છતે, શુભ બાહ્યગત=શુભ બાહ્ય આલંબનવાળો, પરિણામ થાય છે='પરમગુરુની ભક્તિ કરીને, સુસાધુ આદિના આગમન દ્વારા શાસ્ત્રશ્રવણાદિ કરીને હું મારા રાગાદિને અલ્પ કરીશ' એ પ્રકારનો શુભ બાહ્ય આલંબનવાળો પરિણામ થાય છે. ।।૮૭૬।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારના જિનાલયના નિર્માણથી કેવા ગુણવાળા શ્રાવકને શુભ બાહ્ય આલંબનવાળો ભાવ થાય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે – જે શ્રાવકમાં સંસારથી વિમુખ પરિણામ વર્તે છે, મોક્ષનો અત્યંત અભિલાષ વર્તે છે તેથી 'મોક્ષના એક ઉપાય સ્વરૂપ ભગવાનની ભક્તિ કરીને હું સંસારસાગરથી તરું' એવો નિર્મળ અધ્યવસાય વર્તે છે તે શ્રાવક સંવેગવાળા છે. વળી, યતનાપૂર્વક જિનાલયના નિર્માણમાં પ્રવર્તે છે. આથી ભગવાનની ભક્તિમાં ઉપયોગી ન હોય તેવી હિંસાના પરિહારપૂર્વક યતનાથી જલનું ગ્રહણ, પત્થરાદિનું ગ્રહણ, વિશુદ્ધ ભૂમિનું ગ્રહણ કરે છે અને પ્રચુર ધનના વ્યયથી પણ શક્ય એટલા જીવોની હિંસાના પરિહાર માટે યત્ન કરે છે તે શ્રાવક જિનાયતનના નિર્માણમાં પ્રવૃત્ત છે અને એવા જીવથી જિનાલયનિર્માણ વખતે અશક્ય પરિહારરૂપે કેટલાક જીવોનો વધ થાય છે, તોપણ શુભ બાહ્યઆલંબનવાળો તેઓને પરિણામ વર્તે છે અર્થાત્ 'આ પરમગુરુની ભક્તિ કરીને અને અહીં સુસાધુ આદિ આવશે ત્યારે તેમની પાસેથી શાસ્ત્રના પદાર્થોનો સૂક્ષ્મ બોધ કરીને હું મારા રાગાદિને અલ્પ કરીશ' એ પ્રકારનો શુભ બાહ્ય આલંબનવાળો પરિણામ વર્તે છે અને યતનાપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી જીવરક્ષાદિની પરિણતિ પણ વર્તે છે અને સંવેગનો પરિણામ હોવાથી વીતરાગ થવાને અનુકૂળ તીવ્ર પક્ષપાત પણ વર્તે છે તેથી જિનાલયના નિર્માણમાં લેશ પણ પાપબંધ નથી. કેવલ શ્રાવકના અધ્યવસાય અનુસાર પુણ્યાનુબંધી પુણ્ય અને સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૮૭૬॥**

અવતરણિકા :-

सांप्रतं स्वपक्षसाधनाय जिनभवनमित्थमापन्निस्तरणगुणं दृष्टान्तीकुर्वन्तं परं शिक्षयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે, સ્વપક્ષને સાધવા માટે=વેદવિહિત હિંસા નિર્દોષ છે એ રૂપ સ્વપક્ષને સાધવા માટે, આ રીતે

આપત્તિના નિસ્તરણના ગુણવાળા જિનભવનને દૃષ્ટાંતરૂપે કરતાં પરને શિક્ષા આપતા=બોધ કરાવતા, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

न य सोऊण पयत्थं जं किंचि जहाकहंचिसाधम्मा ।
चासप्पंचाससमा अवरम्मि पगप्पणा जुत्ता ।।८७७।।

છાયા :-

न च श्रुत्वा पदार्थं यं कञ्चिद् यथाकथञ्चित्साधर्म्यात् ।
चासपंचाससमाऽपरस्मिन् प्रकल्पना युक्ता ।।८७७।।

ગાથાર્થ :-

અને યથાકથંચિત્ સાધર્મ્યથી જે કોઈ પદાર્થને સાંભળીને ચાસ પંચાસ સમાન અપરમાં=વેદવિહિત હિંસામાં, પ્રકલ્પના યુક્ત નથી. ।।૮૭૭।।

ટીકા :-

न च श्रुत्वा यं कञ्चित्पदार्थं जिनभवनकरणविषयपृथिव्यादिकायघातादिलक्षणं यथाकथंचित्-साधर्म्यात्-हिंसामात्रत्वादिसाधर्म्यादपरस्मिन्-वेदवधादौ कल्पना-निर्दोषत्वादिकल्पना युक्ता । किंवन्न युक्तेत्यत आह—'चासप्पंचाससमा' यथा 'पंचास' इति शब्दं श्रुत्वा चासशब्दे चासशब्दसाधर्म्यात् पंचासशब्दार्थकल्पनाऽयुक्ता तद्वदियमपि, शुभाशुभबाह्यालम्बनतयाऽत्यन्तं वैलक्ष्येण अनन्तरोक्तकल्पनया सह अस्याः समानत्वाभावात् ।।८७७।।

ટીકાર્થ :-

न च ..... समानत्वाभावात् ।। અને જે કોઈ જિનભવનકરણ વિષયક પૃથ્વી આદિ કાયઘાતાદિ લક્ષણ પદાર્થને સાંભળીને યથાકથંચિત્ સાધર્મ્યથી=હિંસામાત્રત્વાદિ સાધર્મ્યથી, અપર એવા વેદવધાદિમાં કલ્પના=નિર્દોષત્વાદિની કલ્પના, યુક્ત નથી, કોની જેમ યુક્ત નથી ? એથી કહે છે – જે પ્રમાણે "પંચાસ" એ પ્રમાણે શબ્દ સાંભળીને "चास" શબ્દમાં 'ચાસ' શબ્દના સાધર્મ્યને કારણે 'પંચાસ' શબ્દાર્થની કલ્પના અયુક્ત છે='પંચાસ' શબ્દ પચાસનો વાચક છે એમ 'ચાસ' શબ્દ પક્ષીવાચક છે. તેથી 'પંચાસ' અને 'ચાસ'નું સાધર્મ્ય 'ચાસ'માત્રથી હોવાને કારણે તે બંને સમાન અર્થક છે એ કલ્પના અયુક્ત છે. તેની જેમ આ પણ=જિનની ભક્તિમાં કરાયેલી હિંસામાં અને વેદવિહિત હિંસામાં શાસ્ત્રવચનમાત્રના સાધર્મ્યથી સમાનતાની કલ્પના પણ, અયુક્ત છે; કેમ કે શુભ-અશુભ બાહ્યઆલંબનપણાને કારણે=ભગવાનની ભક્તિમાં શુભ બાહ્યઆલંબનપણું હોવાને કારણે અને વેદવિહિત હિંસામાં અશુભ બાહ્યઆલંબનપણું હોવાને કારણે, અત્યંત વૈલક્ષણ્ય હોવાથી અનન્તર

ઉક્ત કલ્પનાની સાથે=પૂર્વમાં કહેલ નિર્દોષત્વાદિની કલ્પનાની સાથે, આનો=વેદવિહિત હિંસાના સમાનપણાનો, અભાવ છે. ॥૮૭૭॥

ભાવાર્થ :-

'પંચાસ' શબ્દ પચાસ સંખ્યાનો વાચક છે અને 'ચાસ' શબ્દ પક્ષીનો વાચક છે, તોપણ 'પંચાસ' શબ્દમાં અને 'ચાસ' શબ્દમાં 'ચાસ' શબ્દ સમાન છે પરંતુ તે બંનેનો અર્થ સમાન નથી, ભિન્ન છે. તેથી સંખ્યાવાચક 'પચાસ' અને પક્ષીવાચક 'ચાસ'ને સમાન અર્થવાળા કહી શકાય નહીં તેમ વેદવિહિત હિંસા અને સર્વજ્ઞકથિત આગમથી વિહિત એવા જિનાલયના નિર્માણમાં થતી હિંસા સર્વથા સમાન છે એમ કહી શકાય નહીં; કેમ કે બંનેમાં આગમવિહિતમાત્રનું સાધર્મ્ય છે, તોપણ ભગવાનની પૂજાકાળમાં મહાત્માનું ચિત્ત વીતરાગના ગુણોનું અવલંબન લઈને વીતરાગ થવા યત્ન કરે છે અને જિનાલયનિર્માણાદિકાળમાં શક્ય એટલી યતના કરીને ભગવાનની ભક્તિના પ્રયોજન સિવાય કોઈ જીવોની હિંસા ન થાય તેવા દયાળુ ચિત્તથી ભગવાનની ભક્તિ કરે છે જેનાથી સંસારના અશુભ ભાવની પ્રાપ્તિના નિવારણથી ગુણપ્રાપ્તિ થાય છે. તેથી શુભ બાહ્યઆલંબનવાળી જિનભવનનિર્માણની ક્રિયા છે અને 'મને સ્વર્ગની પ્રાપ્તિ થાઓ' તેવા તુચ્છ આશયપૂર્વક પશુવધને અનુકૂળ વેદવિહિત હિંસા છે તેથી અશુભ બાહ્યઆલંબનવાળી છે. માટે તે બંનેમાં શાસ્ત્રોક્તત્વમાત્રનું સાધર્મ્ય છે પરંતુ અધ્યવસાયકૃત અત્યંત વૈલક્ષણ્ય છે માટે તે બે હિંસાને સમાન કહી શકાય નહીં. **॥૮૭૭॥**

અવતરણિકા :-

અત્રૈવ વિપક્ષે બાધામાહ –

અવતરણિકાર્થ :-

અહીં જ વિપક્ષમાં બાધાને કહે છે=વેદવિહિત હિંસા અને જિનભવનના નિર્માણમાં થતી હિંસાને અસમાન ન સ્વીકારવામાં આવે પરંતુ સમાનરૂપે સ્વીકારવામાં આવે એ રૂપ વિપક્ષમાં બાધાને કહે છે –

ગાથા :-

जायइ अतिप्पसंगो एवं भावाण ण य ववत्थत्ति ।
तदभावे सत्थंपि हु विहलंति विडंबणा सव्वं ।।८७८।।

છાયા :-

जायतेऽतिप्रसङ्ग एवं भावनां न च व्यवस्थेति ।
तदभावे शास्त्रमपि हु विफलमिति विडंबना सर्वम् ।।८७८।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, અતિપ્રસંગ થાય છે અને ભાવોની વ્યવસ્થા નથી, તેના અભાવમાં શાસ્ત્ર પણ વિફલ જ છે એથી સર્વ વિડંબના છે=શાસ્ત્રાદિ સર્વ વિડંબના છે. ।।૮૭૮।।

ટીકા :-

एवं यत्किंचित् श्रुत्वा यथाकथंचित्साधर्म्यात्तदन्यस्मिन् तथाभावकल्पनायां जायतेऽतिप्रसङ्गो, न च-न पुनर्भावानां व्यवस्था, तदभावे-व्यवस्थाया अभावे शास्त्रमपि विफलमेव । हुरवधारणे । तद्धि भावव्यवस्थानिबन्धनमिति कथं तदभावे तत्सफलं भवेत् इति भावः । इति-तस्मात् शास्त्रस्यापि नैष्फल्यप्रसङ्गात् सर्वमिदं भवतः शास्त्रादिकं विडम्बनेति ।।८७८।।

ટીકાર્થ :-

एवं ..... विडम्बनेति ।। આ રીતે यत्किंचित् સાંભળીને=પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે જિનભવનકરણ વિષયક પૃથ્વી આદિ કાયઘાત લક્ષણ પદાર્થને સાંભળીને, યથાકથંચિત્ સાધર્મ્યથી=બંને હિંસા શાસ્ત્રોક્ત છે એ રૂપ યથાકથંચિત્ સાધર્મ્યથી, તેના અન્યમાં=ભગવાનની પૂજાથી અન્ય વેદિવિહિત હિંસામાં, તથાભાવ કલ્પના કરાયે છતે=જે પ્રકારે ભગવાનની પૂજામાં નિર્દોષતા છે તે પ્રકારે જ વેદવિહિત હિંસામાં નિર્દોષતા છે તે રૂપ તથાભાવ કલ્પના કરાયે છતે, અતિપ્રસંગ થાય છે= યથાકથંચિત્ સાધર્મ્યને લઈને સર્વ પદાર્થોને સદૃશ સ્વીકારવાનો અતિપ્રસંગ થાય છે. વળી, ભાવોની વ્યવસ્થા નથી=યથાકથંચિત્ સાધર્મ્યને કારણે તથાભાવ કલ્પના કરાયે છતે અતિપ્રસંગ હોવાને કારણે ભાવોની વ્યવસ્થા નથી, તેના અભાવમાં=ભાવોની વ્યવસ્થાના અભાવમાં, શાસ્ત્ર પણ વિફલ જ છે. 'હુ' શબ્દ અવધારણમાં છે. તેથી શાસ્ત્ર પણ વિફલ જ છે તેમ 'એવકાર' કરેલ છે. हि=જે કારણથી, તે=શાસ્ત્ર, ભાવવ્યવસ્થાનું કારણ છે=કયા ભાવો હિતકારી છે અને કયા ભાવો અહિતકારી છે તેની વ્યવસ્થાનું કારણ છે. તેથી તેના અભાવમાં=ભાવવ્યવસ્થાના અભાવમાં, કેવી રીતે તે સફલ થાય=શાસ્ત્ર સફલ થાય એ પ્રકારનો ભાવ છે. તે કારણથી=શાસ્ત્રના પણ નૈષ્ફલ્યના પ્રસંગથી, સર્વ આ તમારું શાસ્ત્ર આદિક વિડંબના છે. ।।૮૭૮।।

ભાવાર્થ :-

વેદવિહિત હિંસા અને ભગવાનની પૂજામાં હિંસા બંને શાસ્ત્રવિહિત છે, એ પ્રકારનું સાધર્મ્ય ગ્રહણ કરીને ભગવાનની પૂજામાં દોષ નથી તેમ વેદવિહિત હિંસામાં દોષ નથી એમ કહેવામાં આવે તો યથાકથંચિત્ સાધર્મ્ય ગ્રહણ કરીને સર્વ ભાવોને સમાન સ્વીકારવાની આપત્તિ આવે. જેમ કોઈ દુર્જન દુષ્ટ ભાષા બોલે અને મહાત્મા પોતાને અનુરૂપ ઉચિત ભાષા બોલે તે બંને ભાષામાં શબ્દનું સાધર્મ્ય છે, તેને ગ્રહણ કરીને કહી શકાય કે મહાત્મા ભાષા બોલીને નિર્જરા કરે છે તેમ આ દુષ્ટ માણસ પણ બોલીને

નિર્જરા કરે છે અને આમ સ્વીકારીએ તો ભાવોની વ્યવસ્થા રહેતી નથી અર્થાત્ આ ભાવ સુંદર છે અને આ ભાવ અસુંદર છે, એ પ્રકારની વ્યવસ્થા રહેતી નથી અને તે પ્રકારની વ્યવસ્થાના અભાવમાં શાસ્ત્ર પણ વિફલ છે; કેમ કે શાસ્ત્ર ભાવોની વ્યવસ્થાને જ બતાવીને ઇષ્ટફલનું સાધક બને છે. જેમ શાસ્ત્ર કહે છે કે મન, વચન, કાયાના ઉચિત યોગો મોક્ષસાધક છે અને મન, વચન, કાયાના અનુચિત યોગો સંસારના કારણ છે અને જો યથાકથંચિત્ સાધર્મ્યના બળથી ઉચિત યોગરૂપ ભગવાનની ભક્તિમાં થતી હિંસા અને યજ્ઞમાં થતી હિંસા બંનેમાં શાસ્ત્રવિહિતમાત્રનું સાધર્મ્ય ગ્રહણ કરીને અનુચિત ક્રિયાને અને ઉચિત ક્રિયાને સમાન કહેવામાં આવે તો શાસ્ત્ર પણ વિફલ થાય. તમારા શાસ્ત્ર અને ઉપદેશાદિ સર્વ વિડંબનામાત્ર છે; કેમ કે તમારા શાસ્ત્ર યથાકથંચિત્ સાધર્મ્યને ગ્રહણ કરીને અનુચિત પ્રવૃત્તિને પણ ઉચિત પ્રવૃત્તિ કહે છે. તેથી તે શાસ્ત્રથી નિસ્તારની પ્રાપ્તિ થાય નહિ. **॥૮૭૮॥**

અવતરણિકા :-

अपि च, प्रेक्षावतां प्रवृत्तिः फलवत्तया व्याप्ता, अन्यथा प्रेक्षावत्ताक्षितिप्रसङ्गात्, न च वेदविहित-पशुवधक्रियायां फलमीक्षामहे, तथा चाह –

અવતરણિકાર્થ :-

વળી, વિચારકોની પ્રવૃત્તિ ફલવાનપણાથી વ્યાપ્ત છે=પોતાને ઇષ્ટફલની પ્રાપ્તિ થાય એ સ્વરૂપે જ વિચારકો કારણનો નિર્ણય કરીને પ્રવૃત્તિ કરે છે. અન્યથા પ્રેક્ષાવત્તાની ક્ષતિનો પ્રસંગ છે=ફલનો વિચાર કર્યા વગર માત્ર વેદવિહિત છે એમ વિચારીને વિચારક પ્રવૃત્તિ કરે તો તેમાં વિચારકપણાની ક્ષતિનો પ્રસંગ છે, અને 'વેદવિહિત પશુવધની ક્રિયામાં ફલ અમે જોતા નથી' અને તે પ્રમાણે કહે છે= વેદવિહિત પશુવધમાં ફલ નથી તે પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ण य इह वेदवहम्मी दीसइ गुण मो पदाणमह इट्ठं ।
वहमन्तरेण तं किं संपति लोए ण संभवति? ।।८७९।।

છાયા :-

न च इह वेदवधे दृश्यते गुणः प्रदानमथ इष्टम् ।
वधमन्तरेण तत् किं संप्रति लोके न संभवति ? ।।८७९।।

ગાથાર્થ :-

અને આ વેદવધમાં, ગુણ દેખાતો નથી અને પ્રદાન ઇષ્ટ છે=પ્રકૃષ્ટ દાન ઇષ્ટ છે. વધ વગર તે=પ્રકૃષ્ટ દાન, વર્તમાનમાં શું લોકમાં સંભવતું નથી ? અર્થાત્ સંભવે છે. ॥૮૭૯॥

ટીકા :-

न च इह-अस्मिन् वेदवधे गुणः-फलं दृश्यते । 'मो' इति पूरणे । तस्मान्नात्र प्रेक्षावतां प्रवृत्तिरुपपन्नेति भावः । पराभिप्रायमाह—'पयाणमित्यादि' अथोच्येत यत् प्रदानं-प्रकृष्टं दानं लभ्यते तत् पशुवधक्रियायाः फलमस्माकमिष्टमिति । अत्राह—'वहेत्यादि' वधमन्तरेण तत्प्रदानं किं संप्रति लोके न संभवति?, येनैवं नरकादिकुगतिहेतुभूतः स पशुवधः समारभ्यते इति ।।८७९।।

ટીકાર્થ :-

न च ..... इति ।। અને આ વેદવધમાં ગુણ=ફલ, દેખાતો નથી. એ કારણથી અહીં=યજ્ઞમાં, પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ ઉપપન્ન નથી=સંગત નથી, એ પ્રકારનો ભાવ છે. ગાથામાં રહેલો 'મો' શબ્દના પાદપૂરણ અર્થે પ્રયોજાયેલ છે. પરના અભિપ્રાયને=વેદવિહિત હિંસાને ફલવાળી સ્વીકારનાર પરના અભિપ્રાયને, કહે છે=ગ્રંથકારશ્રી 'पयाणमित्यादि'થી કહે છે. હવે પૂર્વપક્ષી કહે — જે પ્રદાન=પ્રકૃષ્ટ દાન, પ્રાપ્ત થાય છે તે પશુવધક્રિયાનું ફલ અમોને ઈષ્ટ છે=યજ્ઞ કર્યા પછી બ્રાહ્મણોને જે પ્રકૃષ્ટ દાન અપાય છે તે પશુવધક્રિયાનું ફલ છે એ અમને ઈષ્ટ છે. આમાં=આ પૂર્વપક્ષીના સમાધાનમાં, કહે છે. વધ વગર=પશુના વધ વગર, તે પ્રદાન વર્તમાનમાં શું લોકમાં સંભવતું નથી ? જે કારણથી આ પ્રકારે નરકાદિ કુગતિના હેતુભૂત તે પશુવધ આરંભ કરાય છે=યજ્ઞ કરીને જે પશુવધ કરાય છે તેનાથી થયેલા ક્લિષ્ટ માનસને કારણે યજ્ઞ કરનારને નરકાદિ કુગતિની પ્રાપ્તિ છે તેવો પશુવધ કરાય છે. ।।૮૭૯।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જિનાલયના નિર્માણમાં વીતરાગ પ્રત્યે બહુમાન થાય છે, સુસાધુનું આગમન થાય છે ઇત્યાદિ ગુણો થાય છે એવું વેદવધમાં કોઈ ફલ દેખાતું નથી ફક્ત પોતાના તુચ્છ સ્વાર્થ ખાતર જીવોની હિંસાકૃત ક્લિષ્ટ અધ્યવસાય દેખાય છે. તે કારણથી આમાં=વેદવિહિત હિંસામાં, વિચારકોની પ્રવૃત્તિ સંગત નથી. અહીં પરના અભિપ્રાયને બતાવે છે. વેદવિહિત હિંસાને નિર્દોષ માનનાર કહે છે કે યજ્ઞ કર્યા પછી પ્રકૃષ્ટ દાન કરાય છે તે પશુવધની ક્રિયાનું ફલ છે અને દાનમાં બ્રાહ્મણોને કરાયેલા દાનથી જે ફલ થશે તે યજ્ઞનું ફલ છે માટે વેદવધમાં ગુણ છે તેમ સ્વીકારી શકાશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે — નરકાદિ કુગતિના હેતુભૂત પશુવધ વગર તે પ્રકારનો દાન લોકમાં થઈ શકે છે. તેથી યજ્ઞની હિંસા ક્લિષ્ટભાવની જનક છે અને દાનથી શુભફલ મળતું હોય તો પશુવધ વગર દાન કરીને જ તે પ્રકારે યત્ન કરવો જોઈએ એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૮૭૯॥**

અવતરણિકા :-

स्यादेतत्, न प्रदानमात्रं पशुवधक्रियायाः फलं किंतु तेषामेव वध्यानां पशूनामुपकार इत्यत्राह —

અવતરણિકાર્થ :-

આ થાય=પૂર્વપક્ષીના મતે આગળમાં કહે છે એ થાય, પ્રદાનમાત્ર=પ્રકૃષ્ટ દાનમાત્ર, પશુવધની

ક્રિયાનું ફલ નથી પરંતુ તે જ વધ્ય પશુઓનો ઉપકાર છે. એ પ્રકારના અહીં=પૂર્વપક્ષીના કથનમાં, કહે છે –

ગાથા :-

વજ્ઝાણવિ ઉવગારો ઇહં અદિટ્ઠો ઉ પેચ્ચ અપમાણો ।
ફલમવિ વભિચારાતો ણ પમાણં એત્થ વિદુસાણં ।।૮૮૦।।

છાયા :-

वध्यानामपि उपकार इहादृष्टस्तु प्रेत्याप्रमाणः ।
फलमपि व्यभिचारान्त प्रमाणमत्र विदुषाम् ।।८८०।।

ગાથાર્થ :-

વધ્ય પણ પશુઓનો ઉપકાર અહીં અદૃષ્ટ છે. વળી, પરલોકમાં અપ્રમાણ છે. ફલ પણ=વૈભવ આદિ ફલ પણ, વ્યભિચાર હોવાથી અહીં=વેદના વચનમાં, વિદ્વાનોને પ્રમાણ નથી. ।।૮૮૦।।

ટીકા :-

वध्यानामपि पशूनामुपकार इह-पशुभवे न तावद् दृष्टः तुः पुनरर्थे भिन्नक्रमश्च, प्रेत्य पुनः-भवान्तरे पुनर्वध्यानामुपकारोऽप्रमाणः-प्रमाणरहितो, न हि तत्र प्रत्यक्षं प्रवर्त्ततेऽतीन्द्रियत्वात्, नाप्यनुमानं तस्यापि प्रायः प्रत्यक्षपूर्वकत्वात्, नाप्यागमो-वेदलक्षणः, तस्यापि दृष्टेष्टविरुद्धार्थभाषितया प्रामाण्यायोगात् । अथ न प्रदानमात्रं नापि वध्यानामुपकारः पशुवधक्रियायाः फलं किंतु भूत्यादिकम् । यदुक्तम्–'श्वेतं वायव्यमजमालभेत भूतिकाम' इत्यादि, तत्राह–'फलमवी'त्यादि फलमपि च-भूत्यादिकमत्र-वेदे पशूनां हन्तुरुच्यमानं न प्रमाणं-न प्रमाणभूतम् । कुत इत्याह–व्यभिचारात्-विवाहादौ मन्त्रादिफलस्य वेदोक्तस्य तथाऽदर्शनात् ।।८८०।।

ટીકાર્થ :-

वध्यानामपि ..... तथाऽदर्शनात् ।। વધ્ય પણ પશુઓનો ઉપકાર અહીં=પશુભવમાં, જોવાયો નથી. 'તુ' શબ્દ પુનઃ અર્થમાં છે અને ભિન્ન ક્રમવાળો છે. વળી, પ્રેત્ય=ભવાન્તરમાં, વધ્યનો ઉપકાર અપ્રમાણ છે=પ્રમાણરહિત છે. હિ=જે કારણથી, ત્યાં=વધ્ય પશુઓને ભવાન્તરમાં ઉપકાર થાય છે એ કથનમાં, પ્રત્યક્ષ પ્રમાણ પ્રવર્તતું નથી; કેમ કે અતીન્દ્રિયપણું છે=વધ્ય પશુઓને ભવાન્તરમાં ઉપકાર થાય છે તે ઈન્દ્રિયોનો વિષય નથી. વળી, અનુમાન નથી=વધ્ય પશુઓને પરલોકમાં ઉપકાર થાય છે એમાં અનુમાન પ્રમાણ નથી; કેમ કે તેનું પણ=અનુમાન પ્રમાણનું પણ, પ્રાયઃ પ્રત્યક્ષપૂર્વકપણું છે. વળી, આગમ પણ નથી=વેદ સ્વરૂપ આગમ પણ પ્રમાણ નથી; કેમ કે તેનું પણ=વેદરૂપ આગમનું પણ, દૃષ્ટ, ઈષ્ટ, વિરુદ્ધાર્થભાષિપણાને કારણે પ્રામાણ્યનો અયોગ છે=આગમવચનો દૃષ્ટ

સાથે વિરોધવાળાં છે અને ઈષ્ટના સાધક એવા અન્ય આગમની સાથે વિરોધવાળાં છે તેથી તેમાં પ્રામાણ્યનો અયોગ છે. 'અથ'થી પૂર્વપક્ષી કહે કે પશુવધની ક્રિયાનું પ્રદાનમાત્ર ફલ નથી=દાન માત્ર પ્રકૃષ્ટ ફળ નથી. વળી, વધ્ય એવા પશુઓનો ઉપકાર ફલ નથી પરંતુ ભૂત્યાદિક ફલ છે=યજ્ઞ કરનારને વૈભવાદિની પ્રાપ્તિરૂપ ફલ છે. જે કારણથી કહેવાયું છે – "ભૂતિની કામનાવાળો શ્વેત વાયવ્ય એવા બકરાદિનું હોમ કરે" ઈત્યાદિ. ત્યાં=અથથી કહેલા પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – આમાં=વેદમાં, પશુઓના હણનારાઓને કહેવાતું ફલ પણ=ભૂતિ આદિ ફલ પણ, પ્રમાણ નથી=પ્રમાણભૂત નથી. કયા કારણથી પ્રમાણભૂત નથી, એથી કહે છે. વ્યભિચાર હોવાથી=વિવાહ આદિ વેદમાં કહેલા મંત્રાદિ ફલનું તે પ્રમાણે દર્શન હોવાથી=વ્યભિચારનું દર્શનપણું હોવાથી, પ્રમાણભૂત નથી એમ અન્વય છે. ॥૮૮૦॥

ભાવાર્થ :-

પશુવધ કર્યા પછી યજ્ઞમાં દાન અપાય છે તે દાન યજ્ઞનું ફલ છે તે ઉચિત નથી તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેથી પૂર્વપક્ષી કહે કે વધ્ય એવા પશુઓને ઉપકાર થાય છે. તે પણ ફળ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વધ્ય પશુઓને આલોકમાં કોઈ ઉપકાર થતો દેખાતો નથી પરંતુ પીડા થતી દેખાય છે. વળી, પરલોકમાં વધ્ય પશુઓને ઉપકાર થાય છે તે સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી; કેમ કે પ્રત્યક્ષથી વધ્ય પશુઓને સ્વર્ગાદિ મળે છે તેમ દેખાતું નથી. વળી, પ્રત્યક્ષ નહીં હોવાથી અનુમાન પણ થઈ શકે તેમ નથી. અહીં પૂર્વપક્ષી કહે કે વેદરૂપ આગમ પ્રમાણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વેદવચનો દૃષ્ટ ઇષ્ટ અર્થના વિરુદ્ધભાસી હોવાને કારણે પ્રમાણભૂત નથી. તેથી જે વેદવચનો દૃષ્ટ પદાર્થ સાથે જ વિરોધ થાય તેવું કહેતાં હોય તે વેદવચનોના બળથી યજ્ઞમાં હોમાતાં પશુઓને સ્વર્ગ થાય છે એમ સ્વીકારી શકાય નહીં. તેથી પૂર્વપક્ષી કહે કે યજ્ઞનું ફળ વૈભવની પ્રાપ્તિ છે તેમ અમે સ્વીકારીશું. તેને ગ્રંથકારશ્રી કહે છે. યજ્ઞ કરવાથી યજ્ઞ કરનારને વૈભવ મળશે, એમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી; કેમ કે વિવાહાદિમાં જે મંત્રોચ્ચાર બોલાય છે તે મંત્રોચ્ચાર દ્વારા લગ્ન કરનાર દંપતીઓનું સર્વ પ્રકારનું સુખ થાય તે પ્રકારનાં વચનો સ્વરૂપ છે છતાં લગ્ન કર્યા પછી તે સર્વ ફળ કરતાં વિપરીત ફળો પણ લોકમાં પ્રત્યક્ષથી દેખાય છે તેથી જેમ વિવાહાદિમાં બોલાયેલા વેદમંત્રો નિષ્ફળ છે તેમ પશુવધથી પરલોકમાં સ્વર્ગાદિરૂપ વૈભવની પ્રાપ્તિ થશે એ વચન પણ નિષ્ફળ છે. જોકે ભગવાનના શાસનમાં પણ તે તે ક્રિયાનાં તે તે ફલો કહેવાયેલાં છે. તે ફલો તે પ્રમાણે કરનારને પ્રત્યક્ષથી દેખાતાં નથી તેથી સ્થૂલથી જોનારને ભગવાનના વચનમાં પણ અપ્રમાણની બુદ્ધિ થાય. વસ્તુતઃ સર્વજ્ઞનું વચન કોઈક અપેક્ષાથી કહેવાયેલું છે તેથી જે વચનો જે અપેક્ષાથી જે ફલ કહેતાં હોય તે અપેક્ષાથી જેઓ તે ક્રિયા કરીને તેવો અધ્યવસાય કરે છે તેઓને તે ક્રિયાનું અવશ્ય તેવું ફલ મળે છે પરંતુ ક્યારેય વ્યભિચારની પ્રાપ્તિ થતી નથી. આથી જ ધમ્મિલે આલોકના ફલની અપેક્ષાથી ગીતાર્થ ગુરુના વચનાનુસાર છ મહિના સુધી દીક્ષાનું પાલન કર્યું જેના ફળ સ્વરૂપે તેને આલોકની મહાસમૃદ્ધિની પ્રાપ્તિ થઈ. તેથી સમ્યગ્ રીતે સેવાયેલા ભગવાનના વચનથી અવશ્ય ફળ મળે છે જ. **॥૮૮૦॥**

અવતરણિકા :-

उपसंहरति –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=વેદની હિંસા ધર્મરૂપ નથી તે કથનનો ગ્રંથકારશ્રી ઉપસંહાર કરે છે –

ગાથા :-

एवं विहिसक्कारो एत्थ असिद्धो तु होति नायव्वो ।
तदभावम्मि य साहणविगला सव्वेवि दिट्ठंता ।।८८१।।

છાયા :-

एवं विधिसंस्कारोऽत्रासिद्धस्तु भवति ज्ञातव्यः ।
तदभावे च साधनविकलाः सर्वेऽपि दृष्टान्ताः ।।८८१।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અહીં=વેદવિહિત હિંસામાં, વિધિસંસ્કાર અસિદ્ધ જ જ્ઞાતવ્ય થાય છે. તેના અભાવમાં=સંસ્કારના અભાવમાં, સર્વ પણ દૃષ્ટાંતો સાધનવિકલ છે. ।।૮૮૧।।

ટીકા :-

एवं-प्रदर्शितेन प्रकारेण यो विधिसंस्कारो हिंसाया अहिंसाभावापादक उक्तः सोऽसिद्ध एव, तुरवधारणे, भवति ज्ञातव्यः । तदभावे च-संस्काराभावे च ये अयस्पिण्डादयो दृष्टान्ता उक्तास्ते सर्वेऽपि विवक्षितार्थसाधनविकला ज्ञातव्याः । हेतोरसिद्धौ तेषां निरास्पदत्वात् ।।८८१।।

ટીકાર્થ :-

एवं ..... निरास्पदत्वात् ।। આ રીતે=પ્રદર્શિત પ્રકારથી, હિંસાનો જે વિધિસંસ્કાર અહિંસાભાવનો આપાદક કહેવાયો તે અસિદ્ધ જ જ્ઞાતવ્ય છે. 'तु' શબ્દ અવધારણ અર્થમાં છે અને તેના અભાવમાં= સંસ્કારના અભાવમાં, જે લોખંડનાં પિંડાદિ દૃષ્ટાંતો કહેવાયાં, તે સર્વ પણ વિવક્ષિત અર્થના સાધનવિકલ જાણવાં=વેદની હિંસા અહિંસાફળવાળી છે એ રૂપી વિવક્ષિત અર્થને સાધવામાં અસમર્થ જાણવાં; કેમ કે હેતુની અસિદ્ધિ થયે છતે=વેદમાં કહેલા વિધિસંસ્કારરૂપ હેતુ અહિંસા આપાદકરૂપે અસિદ્ધ થયે છતે, તેઓનું નિરાસ્પદપણું છે=તે સંસ્કારો અહિંસાફળને સાધનારા થતા નથી. ।।૮૮૧।।

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ લોખંડના પિંડના દૃષ્ટાંતથી બતાવેલ કે જેમ વિધિપૂર્વક સંસ્કાર કરાયેલ લોખંડનો પિંડ પાણીમાં તરે છે તેમ વિધિપૂર્વક સંસ્કાર કરાયેલ યજ્ઞની હિંસા હિંસાના ફલને આપતી નથી એમ જે

પૂર્વપક્ષી કહે છે તે દૃષ્ટાંત અસંગત છે; કેમ કે યજ્ઞની વિધિથી કોઈ એવા સંસ્કાર પડતા નથી કે જેથી તે હિંસા અહિંસાફળવાળી થાય છે તેમ કહી શકાય માટે લોખંડના પિંડના દૃષ્ટાંતના બળથી વેદવિહિત હિંસામાં અહિંસાનું ફળ છે તેમ સિદ્ધ થઈ શકતું નથી. **॥૮૮૧॥**

અવતરણિકા :-

પુનરપિ પરસ્ય મતમાશઙ્કતે –

અવતરણિકાર્થ :-

ફરી પણ પરના મતની આશંકા કરે છે=વેદવિહિત હિંસા નિર્દોષ છે એમ સ્થાપન કરનાર પરના મતની આશંકા કરે છે –

ગાથા :-

अह मंतपुव्वगं चिय आलभणं सव्वहा पयत्तेणं ।
विहिसक्कारो भन्नति तेसिंपि इहेव वभिचारो ।।८८२।।

છાયા :-

अथ मन्त्रपूर्वकमेवालभनं सर्वथा प्रयत्नेन ।
विधिसंस्कारो भण्यते तेषामपि इहैव व्यभिचारः ।।८८२।।

ગાથાર્થ :-

હવે, સર્વથા પ્રયત્નથી મંત્રપૂર્વક આલભન જ=વિનાશન જ, વિધિસંસ્કાર કહેવાય છે, તેઓનું પણ=મંત્રોનું પણ, અહીં જ=આલોકમાં જ, વ્યભિચાર છે. ॥૮૮૨॥

ટીકા :-

अथ मन्येथाः-नायस्पिण्डादिसंस्कारवत् भावान्तररूपतापत्तिलक्षणः संस्कारोऽभ्युपगम्यते-ऽस्माभिर्येनासौ असिद्धः स्यात्, किंतु सर्वथा यथोक्तेन प्रकारेण प्रयत्नेन आदरपरतया यत् मन्त्रपूर्वक-मालभनमेव-विनाशनमेव चियशब्द एवकारार्थो भिन्नक्रमश्च, तत् विधिसंस्कारो भण्यते, ततो नासिद्धतादोष इति । तदप्ययुक्तम्—यतस्तेषामपि मन्त्राणामिहैव-इहलोक एव व्यभिचारो दृश्यते तत्कथममुष्मिन् ते मन्त्राः फलाव्यभिचारिणः प्रत्येतुं शक्यन्ते इति? ।।८८२।।

ટીકાર્થ :-

अथ ..... इति? ।। હવે પૂર્વપક્ષી માને, અયસ્પિંડાદિ સંસ્કારની જેમ ભાવાન્તરરૂપતાની પ્રાપ્તિરૂપ સંસ્કાર અમારા વડે સ્વીકારાતો નથી જેથી આ=દૃષ્ટાંત, અસિદ્ધ થાય પરંતુ સર્વથા યથોક્ત પ્રકારથી પ્રયત્નને કારણે=જે પ્રકારે વેદમાં કહ્યું છે તે પ્રકારે આદરમાં તત્પરપણાને કારણે, જે મંત્રપૂર્વક

આલભન જ=બોકડાનો વિનાશ કરવો તે જ, વિધિસંસ્કાર કહેવાય છે. તેથી અસિદ્ધતા દોષ નથી. 'चिय' શબ્દ એવકાર અર્થવાળો અને ભિન્ન ક્રમવાળો છે. તે પણ=પૂર્વપક્ષીએ વિધિસંસ્કારનો અર્થ અન્ય પ્રકારે કર્યો તે પણ, અયુક્ત છે. જે કારણથી તે પણ મંત્રાદિનું અહીં જ=આલોકમાં જ, વ્યભિચાર દેખાય છે. તે કારણથી કેવી રીતે પરલોકમાં તે મંત્રો ફલના અવ્યભિચારી સ્વીકારવા માટે શક્ય થાય ? ॥૮૮૨॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે લોખંડના પિંડાદિમાં ભાવાન્તરરૂપતાની પ્રાપ્તિરૂપ સંસ્કાર થાય છે તેથી જલાદિમાં લોખંડનો પિંડ તરે છે. જ્યારે યજ્ઞની ક્રિયાથી તેવા પ્રકારની ભાવાન્તરની પ્રાપ્તિ નથી માટે વિધિસંસ્કારની પ્રાપ્તિ નથી. તેથી વેદવિહિત હિંસા નિર્દોષ છે, તેમ કહી શકાય નહીં. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે અમે લોખંડના પિંડાદિની જેમ ભાવાન્તરની પ્રાપ્તિરૂપ સંસ્કાર સ્વીકારતા નથી પરંતુ વેદમાં બતાવેલ પ્રયત્નથી મંત્રપૂર્વક આલભન કરીએ છીએ=બોકડાનો હોમ કરીએ છીએ, તે જ વિધિસંસ્કાર છે. માટે અમારા યજ્ઞમાં બકરાની સુગતિની પ્રાપ્તિ આદિ થતી નથી એ રૂપ અસિદ્ધતા દોષ નથી અથવા યજ્ઞ કરનારને તે યજ્ઞથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે તે અસિદ્ધ છે એ રૂપ દોષની પ્રાપ્તિ નથી. તેમાં ગ્રંથકારશ્રી કહે છે – વેદમાં કહેલા મંત્રો આલોકમાં જ વ્યભિચારી દેખાય છે; કેમ કે વિવાહાદિ પ્રસંગોમાં બોલાયેલા મંત્રોથી તે મંત્રોને અનુરૂપ આલોકમાં ફલ પ્રાપ્ત થતું નથી. તેથી વેદમાં કહેલા મંત્રોથી પરલોકમાં ફલ મળશે તેમ કહી શકાય નહીં. માટે વેદવિહિત હિંસાને નિર્દોષ સ્વીકારી શકાય નહીં. **॥૮૮૨॥**

અવતરણિકા :-

यदुक्तमिहैव व्यभिचार इति तत्समर्थयमान आह –

અવતરણિકાર્થ :-

જે કહેવાયું=ગાથા-૮૮૨માં જે કહેવાયું, અહીં જ=આલોકમાં જ, વ્યભિચાર છે=મંત્રાદિથી અપેક્ષિત ફલમાં વ્યભિચાર છે, તેનું સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

वीवाहे तह गब्भाहाणे जणणे य मंतसामत्थं ।
दिट्ठं विसंवयंतं विणावि तं संवयंतं च ।।૮૮૩।।

છાયા :-

विवाहे तथा गर्भाधाने जनने च मन्त्रसामर्थ्यम् ।
दृष्टं विसंवदत् विनापि तान् संवदच्च ।।૮૮૩।।

ગાથાર્થ :-

અને વિવાહમાં, ગર્ભાધાનમાં અને જનનમાં મંત્રસામર્થ્ય વિસંવાદ પામતું જોવાયું છે અને તેના વગર પણ=મંત્ર વગર પણ, સંવાદ પામતું જોવાયું છે. ॥૮૮૩॥

ટીકા :-

विवाहे तथा गर्भाधाने जनने च मन्त्रसामर्थ्यं दृष्टं विसंवदत्, तथाहि—विवाहादौ स्त्रीपुंसप्रीत्यादिफलं मन्त्रसामर्थ्यमुपर्वण्यमानमध्यक्षत एव विसंवदत् उपलभ्यते इति । तथा विनाऽपि तान् मन्त्रान् विवाहादौ स्त्रीपुंसप्रीत्यादिकं संवदत् यथास्वरूपं भवत् दृष्टमिति मन्त्राणां फलेन व्यभिचार इति ।।૮૮૩।।

ટીકાર્થ :-

विवाहे ..... इति ।। અને વિવાહમાં, ગર્ભાધાનમાં અને જનનમાં મંત્રસામર્થ્ય વિસંવાદ પામતું જોવાયું છે. તે આ પ્રમાણે — વિવાહાદિમાં સ્ત્રી-પુરુષની પ્રીતિ આદિ ફલવાળું મંત્રસામર્થ્ય વર્ણન કરાતું પ્રત્યક્ષથી જ વિસંવાદ પામતું પ્રાપ્ત થાય છે અને તે મંત્ર વગર પણ સ્ત્રી-પુરુષની પ્રીતિ આદિ યથાસ્વરૂપ સંપાદન કરતું જોવાયું છે, એથી મંત્રોનો ફલની સાથે વ્યભિચાર છે. ॥૮૮૩॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહેલ કે મંત્રાદિ આલોકમાં જ વ્યભિચારવાળા છે તે સ્પષ્ટ કરતાં કહે છે – વેદવિહિત મંત્રપૂર્વક ઘણા લગ્નો કરે છે, છતાં તેઓને તે મંત્રો અનુસાર પ્રીતિ આદિ ફલ વિસંવાદ પામતું પ્રત્યક્ષથી દેખાય છે. વળી પુત્રની પ્રાપ્તિ અર્થે બ્રાહ્મણો મંત્રપૂર્વક તેની પ્રક્રિયા કરે તોપણ પુત્રની પ્રાપ્તિ થતી નથી, તે પણ પ્રત્યક્ષથી દેખાય છે અને કેટલાક વેદના મંત્ર વગર જ લગ્ન કરે છે, છતાં પ્રીતિ આદિવાળું જીવન પ્રત્યક્ષથી દેખાય છે. તેથી મંત્રના ઉચ્ચારણમાત્રથી ફલ થાય છે તેનો પ્રત્યક્ષ વિરોધ છે. માટે મંત્રપૂર્વક જે હિંસા કરાય છે તે વેદવિહિત હિંસાથી પરલોકમાં ફલ મળશે તેમ કહી શકાય નહીં. તે રીતે જ ભગવાનના વચનાનુસાર નમસ્કારાદિ મંત્રો કોઈ બોલે તો તે પ્રકારના ફલમાં વ્યભિચાર દેખાય છે. તે સ્થાનમાં પણ ભગવાનનું શાસન તે પ્રકારના નમસ્કારાદિ મંત્રો બોલવાથી તે પ્રકારનું ફલ થાય છે તેમ સ્વીકારતું નથી પરંતુ નમસ્કાર કરનારને નમસ્કાર કરવાની ક્રિયાથી જે શુભ અધ્યવસાય થાય છે તે શુભ અધ્યવસાય તે પ્રકારના પુણ્યબંધને જાગૃત કરીને કે પાપપ્રકૃતિની નિર્જરા કરીને ફલ આપાદન કરે છે તેમ કહેલ છે. તેથી જે જે પ્રકારના ફલની અપેક્ષા હોય તે ફલને અનુરૂપ પ્રતિનિયત અધ્યવસાય તે મંત્ર દ્વારા જેઓને થાય છે તેઓને અવશ્ય તેનું ફલ મળે છે પરંતુ મંત્રોચ્ચાર કરવામાત્રથી તે તે પ્રકારનું ફલ થાય છે તેમ સ્યાદ્વાદી સ્વીકારતા નથી. માટે મંત્રપૂર્વક વેદમાં કહેલ વિધિ અનુસાર લગ્નમાં જેવો વ્યભિચાર દેખાય છે તેવો વ્યભિચાર સ્યાદ્વાદીના મતે પ્રાપ્ત થતો નથી; કેમ કે સુપ્રણિધાનપૂર્વક બોલાયેલ નમસ્કારથી થતા અધ્યવસાયનું તે તે પ્રકારના કર્મનું જનકપણું યુક્તિ સિદ્ધ છે. **॥૮૮૩॥**

અવતરણિકા :-

પરાભિપ્રાયમાહ –

અવતરણિકાર્થ :-

પરના અભિપ્રાયને કહે છે=વેદવિહિત હિંસાને નિર્દોષ કહેનાર એવા પરના અભિપ્રાયને કહે છે –

ગાથા :-

अह तत्थ विसंवादो किरियावेगुन्नतो ण माणमिह ।
किं किरियावइगुण्णा किं वा तदसाहगत्तेणं? ।।८८४।।

છાયા :-

अथ तत्र विसंवादः क्रियावैगुण्यतो न मानमिह ।
किं क्रियावैगुण्यात् किं वा तदसाधकत्वेन ।।८८४।।

ગાથાર્થ :-

હવે, ત્યાં=વિવાહાદિમાં, ક્રિયાના વૈગુણ્યથી વિસંવાદ છે એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે. અહીં=આલોકમાં, વેદના મંત્રોનો વિસંવાદ શું ક્રિયાના વૈગુણ્યથી છે અથવા શું તેના અસાધકપણાથી છે તેમાં પ્રમાણ નથી. ।।૮૮૪।।

ટીકા :-

अथोच्येत तत्र-विवाहादौ मन्त्राणां फले विसंवदनं क्रियावैगुण्यतो, यथाभिहितक्रियोपेतानां च फले सामर्थ्यमुपवर्ण्यते ततो न व्यभिचार इति । अत्राह–'ने'त्यादि न इह-अस्मिन्नर्थे प्रमाणम् । तथाहि–विवाहादौ विसंवादः किं क्रियावैगुण्यात् किं वा तेषामेव मन्त्राणामसाधकत्वेनेत्यत्र न किंचित् प्रमाणमस्तीति ।।८८४।।

ટીકાર્થ :-

अथोच्येत ..... प्रमाणमस्तीति ।। 'अथ'થી પૂર્વપક્ષી વડે કહેવાય છે. ત્યાં=વિવાહાદિમાં, ક્રિયાના વૈગુણ્યથી=મંત્રોચ્ચારની ક્રિયા સમ્યગ્ રીતે નહીં થયેલી હોવાથી, મંત્રોના ફલમાં વિસંવાદ છે અને જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે ક્રિયાથી યુક્ત જીવોના ફલમાં સામર્થ્ય કહેવાય છે=ફળનિષ્પાદક સામર્થ્ય કહેવાય છે. તેથી વ્યભિચાર નથી. અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – આ અર્થમાં=ક્રિયાના વૈગુણ્યથી ફલનો વ્યભિચાર છે એ અર્થમાં, પ્રમાણ નથી. તે આ પ્રમાણે – વિવાહાદિમાં વિસંવાદ= મંત્રોચ્ચાર કરવા છતાં ફલ મળતું નથી એ રૂપ વિસંવાદ, શું ક્રિયાના વૈગુણ્યથી છે અથવા શું તે જ મંત્રોના અસાધકપણાથી વિસંવાદ છે, એ પ્રકારની શંકામાં કોઈ પ્રમાણ નથી=એ પ્રકારની શંકાનું નિવર્તક કોઈ પ્રમાણ નથી. ।।૮૮૪।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે કે લગ્નમાં બ્રાહ્મણો મંત્રોચ્ચારપૂર્વક લગ્ન કરાવે છે, છતાં તે પ્રમાણે સ્ત્રી-પુરુષની પ્રીતિ આદિનો વિસંવાદ પ્રાપ્ત થાય છે. તે સ્થાનમાં લગ્ન કરાવનાર બ્રાહ્મણે ક્રિયા સમ્યગ્ રીતે કરેલ નહીં તેના કારણે તે મંત્રોનું ફલ પ્રાપ્ત થતું નથી. જો સમ્યગ્વિધિપૂર્વક તે લગ્નની ક્રિયા કરી હોત તો અવશ્ય પતિ-પત્નીની પ્રીતિઆદિ પ્રાપ્ત થાત, માટે યજ્ઞમાં પણ વિધિપૂર્વક બોકડાદિનો હોમ કરવામાં આવે તો તે યજ્ઞનું ફલ પરલોકમાં પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વિવાહાદિમાં વિસંવાદ છે તે બ્રાહ્મણની વિધિના વૈગુણ્યથી છે કે મંત્રાદિના તે પ્રકારના ફલના અસાધકપણાથી છે તેમાં કોઈ પ્રમાણ નથી. **॥૮૮૪॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ=લગ્નાદિમાં બોલાયેલા મંત્રો ફલના સાધક છે તે સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી એને જ, કહે છે –

ગાથા :-

तेसिं फलेण सिद्धे अविणाभावम्मि जुज्जइ एयं ।
न य सो सिद्धो जम्हा विणावि तं तस्स भावोत्ति ।।८८५।।

છાયા :-

तेषां फलेन सिद्धेऽविनाभावे युज्यते एतत् ।
न च स सिद्धो यस्माद् विनापि तं तस्य भाव इति ।।८८५।।

ગાથાર્થ :-

તેઓનો=વેદમંત્રોનો, ફલની સાથે અવિનાભાવ સિદ્ધ થયે છતે, આ=પૂર્વપક્ષીએ કહેલું, ઘટે છે અને તે=ફલની સાથે અવિનાભાવ, સિદ્ધ નથી. જે કારણથી તેના વગર પણ=મંત્રસંસ્કાર વગર પણ, તેનો=ફલનો, ભાવ છે. ॥૮૮૫॥

ટીકા :-

तेषां-मन्त्राणां फलेन सहाविनाभावे सिद्धे सति एतत्-पूर्वोक्तं युज्यते, यथा—क्रियावैगुण्यात् फले विसंवादो नान्यथेति, न च सः-फलेन सहाविनाभावः सिद्धो यस्माद्विनापि तं-मन्त्रसंस्कारं तस्य-फलस्य भावोऽस्ति इति, तस्मान्न सोऽविनाभावः सिद्धः ।।८८५।।

ટીકાર્થ :-

તેષાં ..... સિદ્ધઃ ।। તેઓનું=મંત્રોનું, ફલની સાથે અવિનાભાવ સિદ્ધ થયે છતે આ=પૂર્વોક્ત, ઘટે છે. શું પૂર્વોક્ત ઘટે છે તે 'યથા'થી બતાવે છે – ક્રિયાના વૈગુણ્યથી ફલમાં વિસંવાદ છે, અન્યથા નથી એ પૂર્વોક્ત ઘટે છે. અને તે=ફલની સાથે અવિનાભાવ, સિદ્ધ નથી, જે કારણથી તેના વિના પણ=મંત્રસંસ્કાર વગર પણ, તેનો=ફલનો, ભાવ છે. તે કારણથી તે અવિનાભાવ=મંત્રની સાથે ફલનો અવિનાભાવ, સિદ્ધ નથી. ॥૮૮૫॥

ભાવાર્થ :-

વેદવચનાનુસાર વિવાહાદિમાં જે મંત્રો બોલાય છે તે મંત્રોનો ફલની સાથે અવિનાભાવ છે. તે પ્રકારે યુક્તિ અને અનુભવ અનુસાર સિદ્ધ થાય તો કહી શકાય કે બ્રાહ્મણના મંત્રપઠનકાળમાં ક્રિયાના વૈગુણ્યને કારણે પતિ-પત્નીને તે પ્રકારનું ફલ પ્રાપ્ત થતું નથી પરંતુ જો તે બ્રાહ્મણે પૂર્ણ વિધિપૂર્વક મંત્રપાઠ કર્યો હોત તો અવશ્ય ફલ મળત પણ વેદવચનાનુસાર બોલાયેલા તે મંત્રો ફલની સાથે અવિનાભાવવાળા છે તેમ સિદ્ધ થતું નથી; કેમ કે તે પ્રકારના મંત્રોચ્ચાર વિના પણ ફલની પ્રાપ્તિ થાય છે. તેથી પતિ-પત્નીના પ્રીતિપૂર્વકના જીવન પ્રત્યે મંત્રોચ્ચાર અવિનાભાવી કારણ છે તેમ કહી શકાય નહીં.

વળી જેમ મંત્રોચ્ચાર વગર પણ પતિ-પત્નીની પ્રીતિ અન્ય રીતે સિદ્ધ થાય છે તેથી મંત્રોચ્ચાર ફળની સાથે અવિનાભાવવાળા નથી એમ કહેવામાં આવે તો ભગવાનના વચનાનુસાર મહાત્માએ ધમ્મિલને જે આલોકના ફળ અર્થે દીક્ષા આપી તેનાથી ધમ્મિલને આલોકમાં જે ફળ પ્રાપ્ત થયું તે ફળ પણ તે પ્રકારની પ્રવ્રજ્યા વગર પણ અન્ય રીતે પ્રાપ્ત થઈ શકે છે તેથી ભગવાનના વચનાનુસાર તે ગીતાર્થ મહાત્મા વડે અપાયેલ તે પ્રવ્રજ્યા પણ તે ફળ પ્રત્યે અવિનાભાવવાળી નથી એમ સ્થૂળથી પ્રાપ્ત થાય. વસ્તુતઃ તે મહાત્માએ ધમ્મિલને માત્ર ભૌતિક સુખ અર્થે પ્રવ્રજ્યા આપેલ નથી પરંતુ ભૌતિક સુખ પ્રાપ્ત કરીને તે જીવની તેવી યોગ્યતા હોવાને કારણે તે જીવ ધર્મને અભિમુખ અતિશય પરિણામવાળો થશે તેમ જાણીને પ્રવ્રજ્યા આપેલ અને તેવું કાર્ય અન્ય પ્રયત્નથી થઈ શકે નહીં પરંતુ માત્ર બાહ્ય સંપત્તિ અન્ય પ્રકારના વ્યાપાર આદિથી તેને પ્રાપ્ત થઈ શકે; કેમ કે પ્રવ્રજ્યાથી બાહ્ય સંપત્તિની પ્રાપ્તિ થયા પછી લઘુકર્મી એવા તે જીવને થાય છે કે જે ધર્મ સાક્ષાત્ આ પ્રકારે ફળ આપી શકે છે. તે ધર્મનું પારમાર્થિક કેવું સુંદર હશે. તેથી દૃઢધર્મની પ્રાપ્તિ તે મહાત્માને થઈ. તેમાં પ્રાપ્ત થયેલી સંપત્તિ માત્ર કારણ ન હતી પરંતુ પ્રવ્રજ્યાના ફળને જોઈને તે પ્રકારે દૃઢતા પ્રાપ્ત થઈ. તેથી બીજાધાનનું પ્રબળ કારણ બને તેવી સંપત્તિની પ્રાપ્તિની સાથે મહાત્માએ આપેલ પ્રવ્રજ્યાની ક્રિયા અવિનાભાવી છે માટે વેદવિહિત હિંસા સદૃશ તે મહાત્મા દ્વારા અપાયેલ પ્રવ્રજ્યા નથી. **॥૮૮૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને અન્ય શું સિદ્ધ થાય છે તે "तथा"થી સમુચ્ચય કરે છે –

ગાથા :-

सत्थत्थम्मिवि एवं न होइ पुरिसस्स एत्थ माणमिणं ।
जं खलु दिट्ठविरोहो गम्मति तेणं अदिट्ठेवि ।।८८६।।

છાયા :-

शास्त्रार्थेऽपि एवं न भवति पुरुषस्यात्र मानमिदम् ।
यत्खलु दृष्टविरोधो गम्यते तेनादृष्टेऽपि ।।८८६।।

ગાથાર્થ :-

શાસ્ત્રનો અર્થ હોતે છતે પણ આ પ્રમાણે ન થાય=વેદવિહિત હિંસા દોષ માટે નથી એ પ્રમાણે ન થાય. અહીં=એ પ્રકારના કથનમાં, પુરુષનું આ પ્રમાણ છે. જે કારણથી દૃષ્ટમાં વિરોધ છે, તે કારણથી અદૃષ્ટમાં પણ વિરોધ જણાય છે. ।।૮૮૬।।

ટીકા :-

यथोक्तविधिविहिता हिंसा न दोषायेति शास्त्रार्थेऽपि सति एवं न भवति-यथोक्तहिंसा न दोषायेति न भवतीत्यत्र पुरुषमात्रस्य मानं-प्रमाणमिदम्-यत्-यस्मात् खलु दृष्टविरोधो-दृष्टे विवाहादौ व्यावर्णितमन्त्रफलस्य विसंवादो विरोधो दृष्टविरोधोऽस्ति तेन कारणेनादृष्टेऽपि हिंसादोषाभावलक्षणे विसंवादरूपो विरोधो गम्यते इति । उक्तं च–'दृष्टबाधैव यत्रास्ति, ततोऽदृष्टे प्रवर्त्तनम् । असच्छ्रद्धाभिभूतानां, भूतानां ध्यान्ध्यसूचकम् ।।१।।' **इति ।।८८६।।**

ટીકાર્થ :-

यथोक्तविधिविहिता ..... इति ।। યથોક્ત વિધિથી વિહિત હિંસા દોષ માટે નથી, એ પ્રમાણે શાસ્ત્રનો અર્થ હોતે છતે પણ એ પ્રમાણે થતું નથી=યથોક્ત હિંસા દોષ માટે નથી એ પ્રમાણે થતું નથી. અહીં=એ પ્રકારના કથનમાં, પુરુષમાત્રનું=છદ્મસ્થ પુરુષનું, માન=પ્રમાણ, આ છે. જે કારણથી દૃષ્ટ વિરોધ છે=દૃષ્ટ એવા વિવાહાદિમાં વ્યાવર્ણિત મંત્રફલનો વિસંવાદ=વિરોધ છે, અર્થાત્ દૃષ્ટ વિરોધ છે. તે કારણથી અદૃષ્ટમાં પણ=હિંસાના દોષના અભાવરૂપ અદૃષ્ટમાં પણ, વિસંવાદરૂપ વિરોધ જણાય છે અને કહેવાયું છે – "જ્યાં દૃષ્ટબાધા જ છે=જેના વચનમાં દૃષ્ટની બાધા જ છે, તેનાથી અદૃષ્ટમાં પ્રવર્તન=પરલોક અર્થે પ્રવર્તન, અસત્ શ્રદ્ધાથી અભિભૂત જીવોના બુદ્ધિના આન્ધ્યનું સૂચક છે." **।।૮૮૬।।**

ભાવાર્થ :-

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે વેદવિહિત હિંસાથી અહિંસાની પ્રાપ્તિ નથી. હવે તે કથનને દૃઢ કરવા અર્થે કહે છે કે શાસ્ત્રમાં કહેલી વિધિથી કોઈ યજ્ઞમાં હિંસા કરે ત્યારે તે પ્રવૃત્તિમાં શાસ્ત્રાર્થ વિદ્યમાન છે તેથી શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરીને હિંસાજન્ય દોષની પ્રાપ્તિ થાય નહીં એમ પણ કહી શકાય નહીં; કેમ કે હિંસાજન્ય દોષની પ્રાપ્તિ ન થાય તે કથનમાં પુરુષ જ પ્રમાણ છે. જેમ ભગવાને જિનાલયનિર્માણ અર્થે શ્રાવકને કર્તવ્યનો ઉપદેશ આપ્યો છે તે વિધિથી કોઈ જિનાલયનું નિર્માણ કરે તો તેને હિંસાદોષની પ્રાપ્તિ થાય નહીં. તેમાં ભગવાનરૂપ પુરુષ પ્રમાણ છે; કેમ કે ભગવાનનાં સર્વ વચનો દૃષ્ટ સાથે અને ઇષ્ટ સાથે અવિરોધવાળાં છે. જ્યારે વેદવચનો દૃષ્ટમાં જ વિરોધવાળાં છે. જેમ વેદવચનાનુસાર કોઈ વિવાહાદિ કરે છતાં તે વચનાનુસાર લગ્ન કરનાર દંપતીને પ્રીતિરૂપ ફળ થાય તેવો એકાંત નિયમ નથી તેથી જેનાં વચનો દૃષ્ટમાં વિરોધી હોય તેનાં વચનોથી સ્વર્ગરૂપ અદૃષ્ટ અર્થે હિંસામાં પ્રવૃત્તિ કરવી એ ઉચિત નથી; કેમ કે દૃષ્ટની જેમ જ અદૃષ્ટ અર્થમાં પણ તે વચનાનુસાર ફળ ન મળે તેવી સંભાવના છે અને હિંસાજન્ય પાપબંધ નહીં થાય તે પણ તે વેદવચનોથી નિર્ણય થઈ શકે નહીં આથી જ વિવેકીઓ કહે છે કે જેના વચનમાં દૃષ્ટનો બાધ હોય તેવા પુરુષના વચનથી અદૃષ્ટમાં પ્રવર્તવું એ બુદ્ધિના અંધાપાસ્વરૂપ છે. **॥૮૮૬॥**

અવતરણિકા :-

અત્ર પરસ્યાવકાશમાહ —

અવતરણિકાર્થ :-

હવે પરના અવકાશને કહે છે=વેદવિહિતવધમાં દોષ નથી એ પ્રકારે પરના કથનનો જે અવકાશ છે તેને કહે છે —

ગાથા :-

અહ અત્થવાદવક્કં એતં એક્કોવિ જહ નમોક્કારો ।
સત્થત્થો હોઇ વિહી જહ મોક્ખો નાણકિરિયાહિં ।।૮૮૭।।

છાયા :-

અથાર્થવાદવાક્યમેતદેકોઽપિ યથા નમસ્કારઃ ।
શાસ્ત્રાર્થો ભવતિ વિધિર્યથા મોક્ષો જ્ઞાનક્રિયાભ્યામ્ ।।૮૮૭।।

ગાથાર્થ :-

હવે આ=વેદવાક્ય, અર્થવાદ વાક્ય છે. જે પ્રમાણે — એક પણ નમસ્કાર (એ અર્થવાદ વાક્ય છે.) શાસ્ત્રાર્થ વિધિ છે. જે પ્રમાણે — જ્ઞાનક્રિયાથી મોક્ષ થાય છે. (એ શાસ્ત્રાર્થ વિધિ છે.) ॥૮૮૭॥

ટીકા :-

અથૈતત્ વિવાહાદિવિષયમન્ત્રસામર્થ્યપ્રતિપાદનપરં વાક્યમર્થવાદવાક્યમ્, યથા—'एक्कोवि णमोक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ तारेइ नरं व नारिं वे ।।१।। त्येतत्' ।। अन्यथा तत एव मुक्तिपदसिद्धेः सम्यगणुव्रतमहाव्रतादिरूपचारित्रपरिपालनावैयर्थ्यप्रसङ्गात् । शास्त्रार्थः पुनर्विधिर्भवति यथा—'मोक्षो ज्ञानक्रियाभ्यामिति', ततो न यथोक्तदोषावकाशः ।।८८७।।

ટીકાર્થ :-

અથૈતત્ ..... દોષાવકાશઃ ।। 'અથ'થી પૂર્વપક્ષી કહે છે — વિવાહાદિ વિષયવાળા મંત્રના સામર્થ્ય પ્રતિપાદનમાં તત્પર એવું આ વાક્ય અર્થવાદ વાક્ય છે=સ્તુતિ વાક્ય છે. અર્થવાદ વાક્ય શું છે તે 'यथा'થી બતાવે છે — "જિનેશ્વર વર્દ્ધમાનને કરાયેલો એક પણ નમસ્કાર નર અને નારીને સંસારસાગરથી તારે છે" એ પ્રકારનું વાક્ય અર્થવાદ વાક્ય છે. તેમ વેદવાક્ય પણ અર્થવાદ વાક્ય છે એમ અન્વય છે; કેમ કે અન્યથા='ઇક્કો વિ નમુક્કારો' એ વચન અર્થવાદ છે તેમ ન માનો તો, તેનાથી જ મુક્તિપદની સિદ્ધિ હોવાથી=વીરભગવાનને કરાયેલા એક નમસ્કારથી જ મુક્તિપદની સિદ્ધિ હોવાથી, સમ્યક્ત્વ, અણુવ્રત અને મહાવ્રતરૂપ ચારિત્રના પાલનના વૈયર્થ્યનો પ્રસંગ છે. વળી શાસ્ત્રાર્થ વિધિ છે. વિધિ શું છે તે 'यथा'થી બતાવે છે — "જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય છે." તેથી='ઇક્કો વિ નમુક્કારો' તે વચન અર્થવાદ છે તેમ વિવાહાદિ વિષયક મંત્રના સામર્થ્યને બતાવનાર વાક્ય પણ અર્થવાદ છે પરંતુ શાસ્ત્રાર્થ નથી તેથી, પૂર્વમાં કહેલા દોષનો અવકાશ નથી=વિવાહાદિમાં પ્રત્યક્ષ વિરોધ છે એ રૂપ દોષનો અવકાશ નથી. ।।૮૮૭।।

અવતરણિકા :-

तदेतदयुक्तम्, यतः —

અવતરણિકાર્થ :-

તે આ=પૂર્વપક્ષીએ "एक्कोवि णमोक्कारो"ના વચનનું અવલંબન લઈને કહ્યું કે વિવાહાદિવિષયક મંત્રના સામર્થ્યને કહેનાર વાક્ય અર્થવાદ વાક્ય છે શાસ્ત્રાર્થ નથી તે આ, અયુક્ત છે; જે કારણથી અયુક્ત છે તે ગાથામાં બતાવે છે —

ગાથા :-

एक्कोवि नमोक्कारो सम्मकतो सम्मभावतो चेव ।
तारेयवट्ठपोग्गलमज्झे नियमेण कह णु थुती? ।।८८८।।

છાયા :-

एकोऽपि नमस्कारः सम्यक्कृतः सम्यग्भावत एव ।
तारयत्यपार्धपुद्गलमध्ये नियमेन कथं नु स्तुतिः ।।८८८।।

ગાથાર્થ :-

એક પણ નમસ્કાર સમ્યગ્ભાવથી જ સમ્યગ્ કરાયેલો નિયમથી અર્ધપુદ્ગલ મધ્યે તારે છે. તેથી કેવી રીતે સ્તુતિ થાય ?=અર્થવાદ વાક્ય ન થાય. ॥૮૮૮॥

ટીકા :-

एकोऽपि नमस्कारः सम्यग्भावत एव-प्रशस्तभावत एव-सम्यक्कृतो यथोक्तविधिकृतः सन् तारयत्यपार्द्धपुद्गलपरावर्त्तमध्ये नियमेन, तस्मात्कथं न्वियं स्तुतिः-स्तुतिमात्रमिदं स्यात्?, अर्थवाद-वाक्यमिदं भवेत्, नैव भवेदितिभावः, किंतु विधिरेवैषः । न चैवं सत्यणुव्रतादिपरिपालनवैयर्थ्यप्रसङ्गः, तस्य सम्यगणुव्रतादिभावनिबन्धनतयैव परंपरया संसारसागरोत्तारसमर्थस्वभावत्वादिति ॥८८८॥

ટીકાર્થ :-

एकोऽपि ..... स्वभावत्वादिति ॥ એક પણ નમસ્કાર સમ્યગ્ભાવથી જ=પ્રશસ્તભાવથી જ, સમ્યક્ કરાયેલો=યથોક્ત વિધિથી કરાયેલો છતો=શાસ્ત્રમાં કહેવાયેલી વિધિથી કરાયેલો છતો, અપાર્દ્ધપુદ્ગલ-પરાવર્તન મધ્યમાં નિયમથી તારે છે. તે કારણથી કેવી રીતે ખરેખર આ સ્તુતિ=આ સ્તુતિ માત્ર થાય ?=આ અર્થવાદવાક્ય થાય ? અર્થાત્ ન જ થાય એ પ્રકારનો ભાવ છે, પરંતુ વિધિ જ આ છે= એક નમસ્કાર સંસારસાગરને તારે છે એ વિધિ જ છે. અને આ રીતે હોતે છતે=એક નમસ્કાર સંસાર-સાગરથી તારે છે એ વચન વિધિરૂપ છે એમ હોતે છતે, અણુવ્રતાદિના પરિપાલનના વૈયર્થ્યનો પ્રસંગ નથી; કેમ કે તેનું=ભગવાનને કરાયેલા એક નમસ્કારનું, સમ્યક્ત્વ, અણુવ્રતાદિ ભાવના નિબંધનપણાથી જ=સમ્યક્ત્વ-અણુવ્રતાદિના પરિણતિના કારણપણાથી જ, પરંપરા દ્વારા સંસારસાગરના ઉત્તારમાં સમર્થ સ્વભાવપણું છે. ॥૮૮૮॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે વિવાહાદિમાં વેદના વચનાનુસાર બોલાતા મંત્રો પ્રત્યક્ષથી તે પ્રકારના ફલને આપતા નથી તેથી તેવાં વિસંવાદી વચનોને કહેનાર વેદના વચનથી પરલોક અર્થે પશુવધાદિમાં પ્રવર્તવું એ બુદ્ધિના અંધાપાનું સૂચન છે; કેમ કે જેનાં વચનો પ્રત્યક્ષથી વિરુદ્ધ હોય તેના વચનથી કરાયેલી પરલોકની પ્રવૃત્તિ તે ફળ આપશે, તેમ કોઈ બુદ્ધિમાન પુરુષ સ્વીકારે નહીં. ત્યાં વેદવાક્યને પ્રમાણ સ્વીકારનાર કહે છે કે વિવાહાદિવિષયક મંત્રાદિના સામર્થ્યનું પ્રતિપાદન કરનાર જે વેદવાક્ય છે તે અર્થવાદવાક્ય છે=સ્તુતિમાત્રરૂપ છે, પરંતુ તે મંત્રાનુસાર અવશ્ય ફળ થાય એમ કહેનાર તે વચનો નથી. જેમ તમારાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે વીરભગવાનને કરાયેલો એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે તે વચન ભગવાનના ગુણોની સ્તુતિ સ્વરૂપ છે પરંતુ તે નમસ્કારથી મોક્ષની સિદ્ધિ થતી નથી; કેમ કે જો તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિરૂપ ચારિત્રનું પાલન વ્યર્થ છે તેમ માનવાનો પ્રસંગ આવે.

વળી મોક્ષને કહેનાર શાસ્ત્રવચન 'જ્ઞાનક્રિયા દ્વારા મોક્ષ છે' એ વિધિવાક્ય છે. તેમ વેદવચનોમાં પણ સ્વીકારી શકાશે અર્થાત્ વિવાહાદિના મંત્રો અર્થવાદરૂપ છે અને યજ્ઞને કહેનાર વિધિ સ્વર્ગાદિના ફલને સાધનારી છે તેમ સ્વીકારી શકાશે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનને જેઓ પ્રશસ્તભાવથી એક નમસ્કાર કરે છે તેઓ ઉત્કૃષ્ટથી અર્દ્ધપુદ્ગલપરાવર્તનની મધ્યે અવશ્ય મોક્ષમાં જાય છે. માટે ભગવાનના ગુણોની સ્તુતિમાત્ર અર્થે 'એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે' તેમ કહેલ નથી પરંતુ એ વિધિવચન જ છે અર્થાત્ જેઓ ભગવાનના ગુણોનું સ્મરણ કરીને એક નમસ્કાર કરે છે, તેઓ નમસ્કારની ક્રિયા દ્વારા આત્માના નિરાકુળ સ્વભાવરૂપ વીતરાગતુલ્ય થવાનો યત્ન કરે છે. તેથી પોતાના પ્રણિધાનની તીવ્રતા અનુસાર સમ્યક્ત્વ ગુણને, દેશવિરતિને કે સર્વવિરતિને સ્પર્શે છે અને વીર્યના પ્રકર્ષથી એક નમસ્કાર કરે તો ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરે છે. તેથી જ્ઞાનક્રિયારૂપ જે વિધિવાક્ય છે તેના સેવનરૂપ જ આ એક નમસ્કાર છે; કેમ કે પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના જ્ઞાનપૂર્વક પરમાત્મા તુલ્ય થવાની નમસ્કારની ક્રિયા છે. તેથી દૃઢપ્રણિધાન અને સૂક્ષ્મબોધને અનુરૂપ તે મહાત્મા મોક્ષને અનુકૂળ જ ઉચિત યત્ન તે નમસ્કારથી કરે છે. માટે અણુવ્રતાદિના પાલનને વ્યર્થ સ્વીકારવાનો પ્રસંગ નથી; કેમ કે અણુવ્રતાદિનું પાલન પણ વીતરાગ તુલ્ય થવાને અનુકૂળ અંતરંગ વ્યાપારરૂપ છે અને તે ભાવોની પ્રાપ્તિનું પ્રબલ કારણ ભગવાનને કરાયેલો એક નમસ્કાર છે. તેથી તે નમસ્કાર દ્વારા કે અણુવ્રતાદિના પાલન દ્વારા સંસારસાગરનો નિસ્તાર થાય છે. માટે સંસારસાગરના નિસ્તારનો ઉપાય જેમ અણુવ્રતાદિ છે, તેમ એક નમસ્કાર પણ છે. માટે 'ભગવાનને કરાયેલો નમસ્કાર સંસારસાગરથી તારે છે' એ અર્થવાદ માત્ર નથી અને લગ્નાદિમાં બોલાતા મંત્રાદિનાં વેદવચનો તે પ્રકારે ફલસાધક નથી માટે તે વચનોના બળથી નક્કી થાય છે કે વેદવચનો પ્રત્યક્ષ સાથે વિરોધને કહેનારાં છે, તે વેદવચનાનુસાર કરાયેલી હિંસા સ્વર્ગને આપનાર છે, તેમ કહી શકાય નહીં. **॥૮૮૭-૮૮૮॥**

અવતરણિકા :-

स्यादेतत्, अस्त्विदं विधिवाक्यं परं विधिवाक्यमपि किंचिद्भवद्दर्शनेऽपि व्यभिचारि दृष्टं, यथा– 'मोक्षो ज्ञानक्रियाभ्या'मित्येतत्, न हि ज्ञानक्रियासु सम्यगभ्यस्यमानास्वपि मोक्षो दृश्यते, तथैतदपि विवाहादिविषयमन्त्रसामर्थ्याभिधायि वाक्यं व्यभिचारि भविष्यतीति न कश्चिद्दोष इत्यत्राह –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે થાય=પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય, આ વિધિવાક્ય હો='ભગવાનને કરાયેલો નમસ્કાર' વિધિવાક્ય હો, પરંતુ તમારા દર્શનમાં પણ કોઈક વિધિવાક્ય વ્યભિચારી જોવાયું છે. જે પ્રમાણે – 'જ્ઞાનક્રિયા દ્વારા મોક્ષ થાય છે' તે વચન વ્યભિચારી છે. હિ=જે કારણથી, સમ્યગ્ અભ્યાસ કરાતાં પણ જ્ઞાનક્રિયામાં મોક્ષ દેખાતો નથી. તે પ્રમાણે આ પણ વિવાહાદિવિષયક મંત્રસામર્થ્યને કહેનારું વાક્ય વ્યભિચારી થશે, એથી કોઈ દોષ નથી. એ પ્રકારની શંકામાં કહે છે –

ગાથા :-

ण य इह तवचरणाणं न दीसई कम्मलहुगया जेण ।
तेणं दिट्ठत्थेवि हु न विरुज्झइ हंत जिणवयणं ।।८८९।।

છાયા :-

नचेह तपश्चरणयोर्न दृश्यते कर्मलघुता येन ।
तेन दृष्टार्थेऽपि हु न विरुध्यते हन्त जिनवचनम् ।।८८९।।

ગાથાર્થ :-

અને જે કારણથી અહીં=જગતમાં, તપચારિત્રનું કર્મલઘુતારૂપ ફલ નથી દેખાતું, એમ નહીં. તે કારણથી દૃષ્ટાર્થમાં પણ ખરેખર જિનવચન વિરુદ્ધ નથી. ।।૮૮૯।।

ટીકા :-

न च इह=जगति तपश्चरणयोः सम्यगभ्यस्यमानयोः कर्म्मलघुतालक्षणं फलं न दृश्यते, किंतु दृश्यते एव, तन्निबन्धनप्रशमानुविद्धपरमानन्दरूपविशिष्टोत्तरोत्तराध्यवसायविशेषानुभवभावात् कस्यचित्तदविनाभावि‌प्रतिभादिज्ञानातिशयदर्शनाच्च । तेन कारणेन दृष्टार्थेऽपि 'हु' निश्चितं न विरुध्यते हन्त जिनवचनमिति ।।८८९।।

ટીકાર્થ :-

न च ..... जिनवचनमिति ।। અને અહીં=જગતમાં, સમ્યગ્ અભ્યાસ કરાતા તપચારિત્રનું કર્મલઘુતારૂપફલ નથી દેખાતું એમ નહીં પરંતુ દેખાય જ છે; કેમ કે તદ્નિબન્ધન=કર્મલઘુતાનિબન્ધન, પ્રશમ અનુવિદ્ધ પરમાનન્દરૂપ વિશિષ્ટ ઉત્તરોત્તર અધ્યવસાયવિશેષના અનુભવનો સદ્ભાવ છે=જેઓ ભગવાનના વચનાનુસાર ઉપયોગપૂર્વક તપચારિત્રનું સેવન કરે છે તેના કારણે તેઓને વિશેષ પ્રકારના કષાયના ઉપશમભાવની પ્રાપ્તિ થાય છે તેનાથી યુક્ત પરમાનન્દરૂપ વિશિષ્ટ ઉત્તરોત્તર અધ્યવસાય વિશેષનો અનુભવ થાય છે, અને કેટલાક જીવોને તેની સાથે અવિનાભાવિ=તપચારિત્રની સાથે અવિનાભાવિ, પ્રતિભાદિરૂપ જ્ઞાનાતિશયનું દર્શન છે. તે કારણથી દૃષ્ટઅર્થમાં પણ જિનવચન નિશ્ચિત વિરોધ પામતું નથી. ।।૮૮૯।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ અવતરણિકામાં શંકા કરી કે સમ્યગ્ રીતે અભ્યાસ કરાતી પણ જ્ઞાનક્રિયામાં મોક્ષરૂપ ફલ દેખાતું નથી, તેથી જિનવચન વ્યભિચારી છે. તેમ વિવાહાદિવિષયક મંત્રના સામર્થ્યને કહેનાર વેદવાક્ય પણ વ્યભિચારી છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જે જીવો લક્ષ્યના નિર્ણયપૂર્વક લક્ષ્યની નિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે તપચારિત્રમાં સમ્યગ્ અભ્યાસ કરે છે તેઓને તપચારિત્રના સેવનકાળમાં

જ કર્મની લઘુતારૂપ અવાંતર મોક્ષફળ પ્રાપ્ત થાય છે જે ઉત્તરોત્તર અધિક અધિક કર્મોથી મુક્ત થઈને સર્વકર્મરહિત મુક્ત અવસ્થાનું કારણ છે તેમ સ્વીકારી શકાય છે. અહીં પ્રશ્ન થાય કે પોતાના આત્મામાં કર્મની લઘુતા થઈ છે તેવો નિર્ણય કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે – જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક તપચારિત્ર સેવે છે, તેઓનાં ઘાતિકર્મો ક્ષયોપશમાદિ ભાવોને પામે છે જેના કારણે પ્રશમ સુખથી અનુવિદ્ધ પરમઆનન્દરૂપ વિશિષ્ટ અધ્યવસાય થાય છે જે અધ્યવસાય ઉત્તરોત્તર વધતા આનંદરૂપે મહાત્માઓને સ્વસંવેદિત થાય છે અને તેના કારણે કેટલાક મહાત્માઓને ઘાતિકર્મના ક્ષયોપશમાદિના કારણે અનેક પ્રકારની પ્રતિભા, લબ્ધિઓ અને જ્ઞાનાતિશયાદિ પ્રગટ થતા દેખાય છે. તેથી ભગવાનના વચનાનુસાર કરાયેલી ક્રિયા દૃષ્ટઅર્થમાં પણ વ્યભિચારી નથી. જ્યારે વિવાહાદિમાં જે મંત્રો બોલાય છે તે દૃષ્ટઅર્થમાં વ્યભિચારી છે; કેમ કે બ્રાહ્મણોથી બોલાતા મંત્રો વિવાહ કરનારમાં ફલ પ્રગટ કરી શકતા નથી. માટે ભગવાનના વચનાનુસાર કરાતી ક્રિયાના દૃષ્ટાંતથી વેદવિહિત યાગાદિને પરલોકના ફલની પ્રાપ્તિનું કારણ છે તેમ કહી શકાય નહીં.

અહીં વિશેષ એ છે કે મુગ્ધતાથી કરાતી તપચારિત્રની ક્રિયા દૃષ્ટફલ સાથે વ્યભિચારી હોવા છતાં વીતરાગના વચનાનુસાર કરાતી ક્રિયા વીતરાગતુલ્ય થવાના સુપ્રણિધાનપૂર્વક હોવાથી વીતરાગતાનાં બાધક કર્મોનો ક્ષય કરીને તત્કાળ ચિત્તના ક્લેશનો નાશ કરે છે. વળી, અક્લેશવાળું ચિત્ત જ પ્રકર્ષને પામીને વીતરાગતામાં વિશ્રાંત થાય છે. તેથી તેવા મહાત્માઓ પોતાની શક્તિનું આલોચન કરીને વીતરાગતાને અનુકૂળ દૃઢ ચિત્ત પ્રવર્તે તે પ્રકારે જ તપચારિત્રની ક્રિયાઓ કરે છે. **॥૮૮૯॥**

અવતરણિકા :-

પુનરપિ પર આહ –

અવતરણિકાર્થ :-

વળી, પર કહે છે=વેદવચનને પ્રમાણ સ્વીકારનારા પર કહે છે –

ગાથા :-

आरोगबोहिलाभं समाधिवरमुत्तमं च मे दिंतु ।
जह एत्थं तदभावो इहेव तह चेव तेसिंपि ।।८९०।।

છાયા :-

आरोग्यबोधिलाभं समाधिवरमुत्तमं च मे ददतु ।
यथाऽत्र तदभाव इहैव तथैव तेषामपि ।।८९०।।

ગાથાર્થ :-

જે પ્રમાણે 'આરોગ્યબોધિલાભ અને ઉત્તમ એવી શ્રેષ્ઠ સમાધિ મને આપો'. અહીં તેનો

અભાવ છે=આરોગ્યબોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિનો અભાવ છે, તે પ્રમાણે જ અહીં પણ=વેદમાં પણ, તેઓનો પણ અભાવ છે=મંત્રાદિના કહેવાયેલા સામર્થ્યનો પણ અભાવ છે. ।।૮૯૦।।

ટીકા :-

આ(અ)રોગસ્ય ભાવ આરોગ્યં-સિદ્ધત્વં તદર્થં બોધિલાભો-જિનપ્રણીતધર્મ્મપ્રાપ્તિરારોગ્યબોધિલાભસ્તં, સ ચાનિદાનઃ સન્નારોગ્યાય ઘટત ઇતિ તદર્થં વિશેષણમાહ—'સમાધિવરમુત્તમં ચેતિ' સમાધાનં સમાધિઃ, સ ચ દ્રવ્યભાવભેદાત્ દ્વિવિધઃ, તત્ર દ્રવ્યસમાધિર્યદુપયોગભાવાત્સ્વાસ્થ્યં ભવતિ યેષાં વા પરસ્પરમવિરોધઃ, ભાવસમાધિસ્તુ જ્ઞાનાદિસમાધાનમેવ, તદુપયોગાદેવાત્યન્તિકપરમસ્વાસ્થ્યયોગાત્, યતશ્ચાયમિત્થં દ્વિધા ततो द्रव्यसमाधिव्यवच्छेदार्थमिह वरग्रहणं, वरं-प्रधानं भावसमाधिमितियावत्, असावपि तारतम्यभेदेनानेकधेति विशेषयति—'उत्तमं' सर्वोत्कृष्टं 'मे' मह्यं 'ददतु' प्रयच्छन्तु सर्वेऽपि ऋषभादयस्तीर्थकरा इत्यस्मिन् वाक्ये यदा तदभावः=आरोग्यादिदानाभावस्तथा चैव इहैव=वेदेऽपि शब्दार्थे तेषामपिमन्त्राणामुपवर्णितसामर्थ्याभावो भविष्यतीत्यदोषः ।।૮૯૦।।

ટીકાર્થ :-

આ(અ)રોગસ્ય ..... ભવિષ્યતીત્યદોષઃ ।। અરોગનો ભાવ આરોગ્ય=સિદ્ધપણું, તેના માટે બોધિલાભ=જિનપ્રણીત ધર્મ્મની પ્રાપ્તિ=ભગવાનનું વચન પરમાર્થથી સર્વહિતનું કારણ છે તેવી સૂક્ષ્મ બોધપૂર્વકની ચિત્તની પરિણતિ આરોગ્યબોધિલાભ છે, તે મને આપો, એમ અન્વય છે અને તે=આરોગ્યબોધિલાભ, અનિદાનવાળું છતુ આરોગ્ય માટે=મોક્ષ માટે, થાય છે. એથી તેના માટે=અનિદાનપૂર્વક આરોગ્યબોધિલાભની પ્રાપ્તિ માટે, વિશેષણને કહે છે — 'समाधिवरमुत्तमं चेति' સમાધાન સમાધિ છે અને તે=સમાધાન, દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં=બે પ્રકારની સમાધિમાં, જેના ઉપયોગના સેવનથી સ્વાસ્થ્ય થાય છે અથવા જેઓનો પરસ્પર અવિરોધ થાય છે તે દ્રવ્યસમાધિ છે=જે આહારાદિના સેવનથી શરીરનું સ્વાસ્થ્ય થાય અથવા સ્વજનાદિ સાથે જેઓને પરસ્પર અવિરોધ થાય તે દ્રવ્યસમાધિ છે. વળી, ભાવસમાધિ જ્ઞાનાદિ સમાધાન જ છે=ભગવાનના વચનાનુસાર સૂક્ષ્મ બોધ ભગવાનના વચનના પારમાર્થિક ભાવોમાં સૂક્ષ્મ રુચિ અને શક્તિના પ્રકર્ષથી તે ભાવોની નિષ્પત્તિને અનુકૂળ દૃઢ વ્યાપાર તે રૂપ જ્ઞાનાદિનું સમાધાન જ ભાવસમાધિ છે; કેમ કે તેના ઉપયોગથી જ=રત્નત્રયીના ઉપયોગથી જ, આત્યન્તિક પરમ સ્વાસ્થ્યનો યોગ છે=વીતરાગતા સર્વજ્ઞતા રૂપ આત્યન્તિક પરમ સ્વાસ્થ્યનો યોગ છે, અને જે કારણથી આ=સમાધિ, આ રીતે બે પ્રકારે છે=પૂર્વમાં કહ્યું એ રીતે બે પ્રકારે છે, તેથી દ્રવ્યસમાધિના વ્યવચ્છેદ માટે અહીં 'વર' શબ્દનું ગ્રહણ છે. વર=પ્રધાન=ભાવસમાધિ, એ પ્રકારનો અર્થ છે. આ પણ=ભાવસમાધિ પણ, તારતમ્યતાના ભેદથી અનેક પ્રકારની છે, એથી વિશેષિત કરે છે. "ઉત્તમા"=સર્વોત્કૃષ્ટ સમાધિ મને આપો. કોણ આપે ? એથી કહે છે. સર્વ પણ ઋષભાદિ તીર્થંકરો મને આપો. આ વાક્યમાં જ્યારે તેનો અભાવ છે=આરોગ્યાદિ

દાનનો અભાવ છે=ઋષભાદિ પાસે યાચના કરનારને આરોગ્યાદિ દાનનો અભાવ છે, તે પ્રમાણે અહીં પણ=વેદવિષયક પણ શબ્દાર્થમાં, તેઓનું પણ=મંત્રાદિનું પણ, વર્ણન કરાયેલા સામર્થ્યનો અભાવ થશે. એથી અદોષ છે=વેદવચનો દૃષ્ટવિરોધી છે માટે પરલોકના ફલમાં વેદ વિશ્વસનીય નથી તેમ કહી શકાય નહીં. ॥૮૯૦॥

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં વિવેકી શ્રાવકો અને સાધુઓ ભગવાન પાસે આરોગ્ય અને બોધિલાભની પ્રાર્થના કરે છે અને આરોગ્ય કર્મરૂપી રોગથી રહિત આત્માનું સિદ્ધ સ્વરૂપ છે તેની પ્રાપ્તિનો ઉપાય બોધિલાભ છે. તેથી આરોગ્ય માટે બોધિલાભને ઇચ્છે છે અર્થાત્ વિવેકી સાધુ અને વિવેકી શ્રાવકોને સંસાર જીવની વિડંબના સ્વરૂપ દેખાય છે; કેમ કે જીવની રોગિષ્ટ અવસ્થા છે. આથી ઉપદ્રવવાળી અવસ્થા છે અને સિદ્ધાવસ્થા સંપૂર્ણ રોગરહિત અવસ્થા છે; કેમ કે નિરુપદ્રવવાળી અવસ્થા છે અને તેની પ્રાપ્તિનો ઉપાય બોધિલાભ દેખાય છે=સમ્યગ્ રીતે પરિણમન પામેલું ભગવાનનું વચન દેખાય છે; કેમ કે સમ્યગ્ રીતે પરિણમન પામેલું ભગવાનનું વચન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવને વીતરાગતુલ્ય કરે છે. તેથી મોક્ષનો ઉપાય બોધિલાભ જ છે તેવો સ્થિર નિર્ણય છે અને તેવો બોધિલાભ ઉત્તમ સમાધિથી જ પ્રાપ્ત થાય છે તેવો વિવેકી શ્રાવકો અને સાધુઓને સ્થિર નિર્ણય છે, તેથી તેઓ તીર્થંકરો પાસે તેવી ઉત્તમ શ્રેષ્ઠ સમાધિની યાચના કરે છે. તેથી ભગવાન પાસે યાચના કરીને પરમ સ્વાસ્થ્યનું કારણ બને તેવી સમાધિમાં સદા યત્ન કરે છે અને તેના દ્વારા પોતાને બોધિલાભ અને ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય તે પ્રકારે સદા પ્રતિસંધાન કરે છે. જેથી ઉત્તમ સમાધિમાં યત્ન કરીને ક્રમસર ભાવઆરોગ્યને પ્રાપ્ત કરે તેને અનુરૂપ ચિત્તનું નિર્માણ થાય. આમ છતાં આરોગ્યબોધિલાભની અને ઉત્તમ સમાધિની પ્રાર્થના કરતાં મુગ્ધ સાધુઓને અને મુગ્ધ શ્રાવકોને તે પ્રકારનો કોઈ પરિણામ થતો અહીં દેખાતો નથી. તેને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે કે જેમ તે પ્રાર્થનાનું વચન તમોને સંમત છે છતાં તે પ્રાર્થનાથી આરોગ્ય આદિનું દાન ભગવાન કરતા નથી તેથી તેનો અભાવ પ્રાપ્ત થાય છે તેમ લગ્નાદિવિષયક વેદવચનો છે. તેમાં બોલાયેલા મંત્રાદિમાં વર્ણન કરાયેલા સામર્થ્યનો અભાવ છે. તેથી વેદવચનો અપ્રામાણિક છે તેમ કહી શકાય નહીં. **॥૮૯૦॥**

અવતરણિકા :-

तदयुक्तम् यतः —

અવતરણિકાર્થ :-

તે અયુક્ત છે=આરોગ્યબોધિલાભ અને ઉત્તમ સમાધિને આપો એની જેમ લગ્નાદિમાં મંત્રોનું વર્ણન કરાયેલું સામર્થ્ય છે તે અયુક્ત છે. જે કારણથી શું ? એ આગળ કહે છે —

ગાથા :-

भासा असच्चमोसा परिणामविसुद्धिकारणं एसा ।
उत्ति(त्त)मफलविसया तो भणितावि तई न दोसाय ।।८९१।।

છાયા :-

भाषाऽसत्यामृषा परिणामविशुद्धिकारणमेषा ।
उत्तमफलविषया तो भणिताऽपि सका न दोषाय ।।८९१।।

ગાથાર્થ :-

આ અસત્યામૃષાભાષા ઉત્તમ ફલનું વિષયપણું હોવાથી, પરિણામની વિશુદ્ધિનું કારણ છે. તે કારણથી બોલાયેલી પણ તે=અસત્યામૃષાભાષા, દોષ માટે નથી. ।।૮૯૧।।

ટીકા :-

एषा-अनन्तरोक्ता भाषा असत्यामृषा, उत्तमफलविषयेति, 'निमित्तकारणहेतुषु सर्वासां विभक्तीनां प्रायो दर्शनमिति' न्यायादत्र हेतौ प्रथमा, ततश्च यत इयमुत्तमफलविषया ततः परिणामविशुद्धिकारणम् । ततः किमित्याह—'ता' तस्माद् भणिताऽपि सती 'तइ'त्ति सका भाषा न दोषाय, तदुक्तम्—'भासा असच्चमोसा नवरं भत्तीएँ भासिया एसा । न हु खीणपेज्जदोसा देंति समाहिं च बोहिं च ।।१।।' **इति ।।८९१।।**

ટીકાર્થ :-

एषा ..... इति ।। આ=અનન્તરમાં કહેવાયેલી ભાષા=આરોગ્યબોહિલાભ અને સમાધિ વર ઉત્તમને આપો એ રૂપ ભાષા, અસત્યઅમૃષા છે, ઉત્તમફલવિષયવાળી છે. એ પ્રકારના કથનમાં હેતુમાં પ્રથમા વિભક્તિ છે; કેમ કે નિમિત્ત, કારણ અને હેતુઓમાં સર્વ વિભક્તિઓનું પ્રાયઃ દર્શન છે, એ ન્યાય છે અને તેથી જે કારણથી આ ઉત્તમફલવિષયવાળી છે તેથી પરિણામવિશુદ્ધિનું કારણ છે. તેનાથી શું ?=ઉત્તમફલવિષયવાળી હોવાને કારણે આ ભાષા પરિણામવિશુદ્ધિનું કારણ છે એમ કહ્યું એનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે. તે કારણથી=પરિણામવિશુદ્ધિનું કારણ હોવાથી, કહેવાયેલી પણ છતી તે=ભાષા, દોષ માટે નથી. તે કહેવાયું છે — "કેવલ આ અસત્યઅમૃષાભાષા ભક્તિથી બોલાયેલી છે. ક્ષીણ રાગદ્વેષવાળા ભગવાન સમાધિ અને બોધિને આપતા નથી." **।।૮૯૧।।**

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે તમે ભગવાન પાસે આરોગ્યબોધિલાભ અને ઉત્તમ સમાધિની પ્રાર્થના કરો છો, તે પ્રમાણે ભગવાન દેતા નથી. તેથી તે વચન દૃષ્ટ વિરુદ્ધ છે. તેમ વેદમાં લગ્નાદિવિષયક મંત્રાદિનાં વચનો છે. તેથી તે મંત્રો અપ્રમાણભૂત છે, તેમ કહી શકાય નહીં. તે કથન પૂર્વપક્ષીનું અયુક્ત છે. કેમ અયુક્ત છે, તેમાં યુક્તિ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે – ભગવાન પાસે આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના કરાઈ છે તે અસત્યઅમૃષાભાષા છે અર્થાત્ વ્યવહારનયથી ચાર પ્રકારના ભાષાના ભેદો કર્યા છે, તેમાં ચોથા પ્રકારની આ ભાષા છે અને આ ભાષા ઉત્તમફલના વિષયવાળી હોવાને કારણે પરિણામની વિશુદ્ધિનું કારણ છે અર્થાત્ જે મહાત્મા ભગવાન પ્રત્યેની ભક્તિના વશથી સ્વકલ્યાણ અર્થે ભક્તિ કર્યા પછી તેના ઉત્તમ ફલને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ભગવાન પાસે આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના કરે છે

તેનાથી પ્રાર્થના કરનારને આરોગ્યબોધિલાભ અને ઉત્તમસમાધિવરને પ્રાપ્ત કરવાની ઇચ્છા ઉત્કટ થાય છે જે ઇચ્છા જ તેવા પરિણામની પ્રાપ્તિ પ્રત્યે જીવના સદ્વીર્યને ઉલ્લસિત કરે છે. તેથી આરોગ્યબોધિલાભાદિને અનુકૂળ પરિણામવિશુદ્ધિનું કારણ આ ભાષા બને છે. માટે તે પ્રકારની યાચનાથી બોલાયેલી તે ભાષા યોગ્ય જીવના હિતનું કારણ હોવાથી દોષ માટે નથી. જ્યારે વેદમાં બોલાયેલા મંત્રો તેવા કોઈ ફલવાળા નથી પરંતુ દૃષ્ટવિરુદ્ધ ફલવાળા હોવાથી વેદવાક્યની અનાદેયતાના સૂચક છે. માટે અનાદેય એવા વેદવચનથી કરાયેલી યજ્ઞની હિંસાથી પરલોકમાં સ્વર્ગ મળશે તેમ કોઈ બુદ્ધિમાન પુરુષ સ્વીકારે નહીં. **॥૮૯૧॥**

अवतरणिका :-

न च वाच्यम्—एवं विवाहादिविषया अपि मन्त्रा विवक्षितफलजननविकला अपि परिणामविशुद्धिहेतुत्वाददुष्टा भविष्यन्तीति, यत आह —

अवतरणिकार्थ :-

અને કહેવું નહીં. શું કહેવું નહીં ? એથી કહે છે — આ પ્રમાણે=જે પ્રમાણે આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના છે એ પ્રમાણે, વિવાહાદિ વિષયવાળા પણ મંત્રો વિવક્ષિત ફલજનનવિકલ પણ=મંત્રમાં બોલાયેલા ફલના જનનથી વિકલ પણ, પરિણામની વિશુદ્ધિનું હેતુપણું હોવાથી અદુષ્ટ થશે. એ પ્રમાણે કહેવું નહીં. જે કારણથી ગાથામાં કહે છે=કેમ કહેવું નહીં ? એ ગાથામાં બતાવે છે —

ગાથા :-

हेयोवादाणाओ संसारनिबंधणाओ वेदस्स ।
तह यापउरिसभावा ण य वीवाहादिया एवं ।।८९२।।

છાયા :-

हेयोपादानात्संसारनिबंधनाद् वेदस्य ।
तथा चापौरुषेयभावान्न च विवाहादिका एवम् ।।८९२।।

ગાથાર્થ :-

આ રીતે વિવાહાદિ વિષયવાળા મંત્રો નથી જ; કેમ કે હેયનું ઉપાદાન છે, સંસારનું કારણપણું છે અને વેદનું અપૌરુષેયભાવ છે. ॥૮૯૨॥

ટીકા :-

न च-नैव एवम्-आरोग्यबोधिलाभादिवाक्यवत् विवाहादयो-विवाहादिविषया मन्त्राः परिणामविशुद्धिकारणम् । कुत इत्याह—'संसारनिबंधणाओ' भावप्रधानोऽयं निर्देशः संसारनिबन्धनत्वात्, एतदपि कथमिति चेत्, उच्यते, 'हेयोपादानात्' हेयस्य-संसारकारणतया परित्याज्यस्य विवाहादेरुपा-

दानात् । 'वेदस्स तह याऽपोरिसभावाउत्ति' तथा वेदस्यापौरुषेयभावाच्च-अपौरुषेयत्वाच्च । चो भिन्नक्रमे । पुरुषो हि उत्तमफलार्थी सन् परिणामविशुद्धिहेतोः स्वतो निष्फलमपि भाषेत, वेदश्चापौरुषेय-स्तत्कथमारोग्यादिवाक्यतुल्या तत्र मन्त्राणां कल्पना क्रियत इति । अपि च—स्वतो निष्फलत्वमभ्युपगम्य एतदाचार्येण प्रौढितयोक्तं यावता नैवैतदारोग्यादिवाक्यं स्वतो निष्फलं, आरोग्यादेस्तत्त्वतो भगवद्भिरेव दीयमानत्वादवन्ध्यतथाविधशुद्धाध्यवसायहेतुत्वात्, उक्तं च—

'तप्पत्थणाए तहवि हु न मुसावाओवि एत्थ विण्णेओ ।
तप्पणिहाणाओ च्चिय तग्गुणओ हंदि फलभावा ।।१।।
चिंतामणिरयणेहिं जहा उ भव्वा समीहियं अत्थं ।
पावंति तह जिणेहिं तेसिं रागादभावेवि ।।२।।
वत्थुसहावो एसो अपुव्वचिंतामणी महाभागं ।
थोऊणं तित्थयरं पाविज्जइ बोहिलाभोत्ति ।।३।।'

तथा, 'भत्तीएँ जिणवराणं खिज्जंती पुव्वसंचिया कम्मा ।
गुणपगरिसबहुमाणो कम्मवणदवानलो जेण ।।१।। **त्ति' ।।८९२।।**

टीकार्थ :-

न च ..... जेण ।। त्ति' ।। આ રીતે=આરોગ્યબોધિલાભાદિના વાક્યની જેમ વિવાહાદિના વિષયવાળા મંત્રો પરિણામવિશુદ્ધિના કારણ નથી જ. કયા કારણથી પરિણામવિશુદ્ધિના કારણ નથી જ ? એથી કહે છે — સંસારનું કારણ છે ભાવપ્રધાન નિર્દેશવાળો આ='સંસારનિબંધન' શબ્દ, છે. એથી સંસારનિબંધનપણું હોવાથી પરિણામવિશુદ્ધિનું કારણ નથી એમ અન્વય છે. આ પણ=વિવાહાદિ વિષયવાળા મંત્રો સંસારનું કારણ છે એ પણ, કેવી રીતે છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, એથી ઉત્તર આપે છે. હેયનું ઉપાદાન હોવાથી=હેયનું અર્થાત્ સંસાર કારણ હોવાથી પરિત્યાજ્ય એવા વિવાહાદિનું, ઉપાદાન હોવાથી, સંસારનું કારણપણું છે. અને વેદનો અપૌરુષેયભાવ હોવાથી= અપૌરુષેયપણું હોવાથી, વિવાહાદિવિષયક મંત્રો પરિણામવિશુદ્ધિના કારણ નથી એમ અન્વય છે. 'च' શબ્દ ભિન્ન ક્રમમાં છે. हि=જે કારણથી, ઉત્તમ ફલનો અર્થી છતો પુરુષ પરિણામવિશુદ્ધિના હેતુ હોવાથી સ્વતઃ નિષ્ફળ પણ બોલે=આરોગ્યબોધિલાભાદિ બોલનાર પુરુષ ઉત્તમ ફલના અર્થી છતા પરિણામવિશુદ્ધિના હેતુ હોવાથી તે પ્રકારની માંગણીને અનુરૂપ આરોગ્યબોધિલાભ ભગવાન નહીં આપતા હોવા છતાં નિષ્ફળ પણ બોલે, અને વેદ અપૌરુષેય છે તે કારણથી આરોગ્યાદિવાક્યની તુલ્ય ત્યાં=વેદમાં, મંત્રોની કલ્પના કેવી રીતે કરાય છે ? અર્થાત્ બોલનાર વ્યક્તિ પરિણામના વિશુદ્ધિથી બોલે પરંતુ વેદ તો અપૌરુષેય હોવાથી તે પ્રકારે પરિણામના વિશુદ્ધિના હેતુથી બોલનાર છે તેમ કહી શકાય નહીં. અને વળી, સ્વતઃ નિષ્ફળપણું સ્વીકારીને=આરોગ્યબોધિલાભાદિની યાચનાનું

ભગવાન પાસેથી ફળ નથી એમ સ્વીકારીને, આચાર્યો વડે આ=પૂર્વમાં કહ્યું એ, પ્રૌઢિપણાથી કહેવાયું=રૂઢપણાથી કહેવાયું, જેટલાથી આ આરોગ્યાદિ વાક્ય સ્વતઃ નિષ્ફળ નથી; કેમ કે આરોગ્યાદિનું તત્ત્વથી ભગવાન વડે જ દીયમાનપણું છે. કેમ ભગવાન વડે જ આરોગ્યાદિ અપાય છે ? એમાં હેતુ કહે છે. અવંધ્ય તેવા પ્રકારના શુદ્ધ અધ્યવસાયનું કારણપણું છે=અવશ્ય આરોગ્યબોધિલાભની પ્રાપ્તિ થાય એવા પ્રકારના શુદ્ધ અધ્યવસાયનું ભગવાનને અવલંબીને કરાયેલી પ્રાર્થનાનું હેતુપણું છે. અને કહેવાયું છે – "તેની પ્રાર્થના હોવાને કારણે તોપણ અહીં મૃષાવાદ પણ વિજ્ઞેય નથી; કેમ કે તેના પ્રણિધાનથી જ તે ગુણ હોવાથી=જે ગુણની પ્રાપ્તિનું પ્રણિધાન કર્યું તેનાથી જ તે ગુણની પ્રાપ્તિ હોવાથી, ખરેખર સત્યફલનો ભાવ છે. જે પ્રમાણે ભવ્ય જીવો ચિંતામણિ રત્નથી સમીહિત અર્થને પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે જિનોથી ફલને પ્રાપ્ત કરે છે. તેઓના રાગાદિના અભાવમાં પણ વસ્તુ સ્વભાવ જ આ છે. અપૂર્વ ચિંતામણિ મહાભાગ એવા તીર્થંકરની સ્તુતિ કરીને બોધિલાભ પ્રાપ્ત કરાય છે" **અને** "જિનેશ્વરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છે. જે કારણથી ગુણના પ્રકર્ષમાં થતો બહુમાન કર્મરૂપી વનને બાળવા માટે દાવાનલ છે." **॥૮૯૨॥**

ભાવાર્થ :-

ભગવાનની પાસે વિવેકી શ્રાવકો આદિ જે આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના કરે છે તેના જેવા વિવાહાદિ વિષયવાળા મંત્રો પરિણામવિશુદ્ધિના કારણ નથી. કેમ વિવાહાદિ વિષયવાળા મંત્રો પરિણામવિશુદ્ધિના કારણ નથી ? તેમાં યુક્તિ બતાવે છે – આત્મા માટે સંસાર વિડંબના સ્વરૂપ હોવાથી હેય છે. તેના કારણ એવા વિવાહાદિને ગ્રહણ કરે છે=વિવાહાદિ કરવાનાં વિધાનો કરે છે. વસ્તુતઃ 'વેદના મંત્રાક્ષરો સાંભળીને આ રીતે લગ્ન કરવાં જોઈએ', એ પ્રકારની બુદ્ધિ વેદવચનોથી થાય છે. જેથી હેયમાં કર્તવ્યની બુદ્ધિને કરાવનારાં વેદવચનો હોવાથી પરિણામની મલિનતાનું કારણ છે. તેથી તે મંત્રોને પરિણામની વિશુદ્ધિનું કારણ કહી શકાય નહીં.

વળી, વેદ અપૌરુષેય છે. તેથી જેમ આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના કરનાર પુરુષ તે પ્રાર્થનાથી પરિણામની વિશુદ્ધિ કરે છે તેમ અપૌરુષેય એવો વેદ તે મંત્રોચ્ચાર દ્વારા પરિણામની વિશુદ્ધિ કરે છે તેમ કહી શકાય નહીં. માટે વેદવચનો કોના પરિણામનાં વિશુદ્ધિનાં કારણ બને ? જ્યારે આરોગ્યબોધિલાભ તો માગનારાના પરિણામની વિશુદ્ધિનું કારણ છે. વળી, ઉત્તમ ફલના અર્થી પુરુષો પરિણામની વિશુદ્ધિનો હેતુ હોવાથી ભગવાનની પાસે તે પ્રકારની પ્રાર્થના કરે છે અને ભગવાન સ્વયં આપતા નથી, તે અપેક્ષાએ પ્રાર્થના નિષ્ફળ છે, તોપણ પોતાના પરિણામની વિશુદ્ધિનો હેતુ હોવાથી તે પ્રાર્થના સફળ છે અને વેદ અપૌરુષેય છે તેથી વેદના મંત્રો આરોગ્યબોધિલાભાદિ પ્રાર્થનાતુલ્ય છે તેમ કલ્પના થઈ શકે નહીં. વળી, ભગવાન પાસે કરાયેલી પ્રાર્થના સ્વતઃ નિષ્ફળ છે એમ આચાર્યોએ કહ્યું તે રૂઢિ પ્રમાણે કહેલ છે. વાસ્તવિક તો ભગવાને જે સન્માર્ગ આપ્યો છે તે સન્માર્ગની પ્રાપ્તિ પોતાને સમ્યગ્ પરિણમન પામે તે અર્થે વિવેકી શ્રાવકો ભગવાન પાસે તે પ્રકારની યાચના કરે છે. તેથી તત્ત્વથી ભગવાન વડે જ તે અપાયું છે; કેમ કે ભગવાનના અવલંબનથી તે પ્રકારની પ્રાર્થના કરનારને અવશ્ય તે ફલ મળે તેવા શુદ્ધ અધ્યવસાયની પ્રાપ્તિ થાય છે. **॥૮૯૨॥**

ગાથા :-

ण य कुच्छिया तई जं भणियं तं सव्वहा अजुत्तं तु ।
नाणीहिं कुच्छियच्चिय तहेव वेदंतवादीहिं ।।८९३।।

છાયા :-

न च कुत्सिता सका यद्भणितं तत्सर्वथाऽयुक्तं तु ।
ज्ञानिभिः कुत्सितैव तथैव वेदान्तवादिभिः ।।८९३।।

ગાથાર્થ :-

તે=વેદવચનાનુસાર કરાતી હિંસા, કુત્સિત નથી. એ પ્રમાણે જે પૂર્વપક્ષી વડે કહેવાયું તે સર્વથા અયુક્ત જ છે. જ્ઞાની વડે કુત્સિત જ કહેવાય છે, તે પ્રકારે વેદાન્તવાદીઓ વડે કુત્સિત જ કહેવાય છે. ।।૮૯૩।।

ટીકા :-

न च कुत्सिता-जुगुप्सिता 'तई'त्ति सका हिंसेति यद्भणितं तत्सर्वथा अयुक्तमेव । तुरेवकारार्थः । यस्मात् ज्ञानिभिः-यथावस्थितसकलवस्तुतत्त्ववेदिभिः सा कुत्सितैव-जुगुप्सितैव, तथैव वेदान्तवादिभिरपि ।।८९३।।

ટીકાર્થ :-

न च ..... वेदान्तवादिभिरपि ।। અને કુત્સિત=જુગુપ્સિત, તે=હિંસા, નથી એ પ્રમાણે જે કહેવાયું તે સર્વથા અયુક્ત જ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. જે કારણથી જ્ઞાનીઓ વડે=યથાવસ્થિત સકલ વસ્તુતત્ત્વવેદીઓ વડે, તે કુત્સિત જ=જુગુપ્સિત જ, કહેવાઈ છે. તે પ્રકારે જ=જે પ્રકારે જ્ઞાનીઓ વડે વેદવિહિત હિંસાની નિંદા કરાઈ છે તે પ્રકારે જ, વેદાન્તવાદીઓ વડે પણ કુત્સિત જ કહેવાઈ છે. ।।૮૯૩।।

ભાવાર્થ :-

વેદવિહિત હિંસાને નિર્દોષ માનનાર પૂર્વપક્ષી કહે છે કે વિધિ અનુસાર જે બોકડાદિની હિંસા કરાય છે તે કુત્સિત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે તે સર્વથા અયુક્ત જ છે. કેમ અયુક્ત જ છે, તેમાં હેતુ કહે છે. યથાવસ્થિત સકલ વસ્તુને જાણનારા એવા જ્ઞાની પુરુષોએ વેદવિહિત હિંસાને જુગુપ્સિત જ કહેલ છે. એટલું જ નહીં, પણ વેદાન્તવાદીઓએ પણ તે હિંસાને જુગુપ્સિત જ કહી છે. ફક્ત વેદાન્તને માનનારામાંથી પણ જેઓ મૂઢમતિવાળા છે, તેઓ જ કહે છે કે મ્લેચ્છોને ત્યાં થતી હિંસા કુત્સિત છે, પરંતુ વેદવિધિ અનુસાર કરાતી હિંસા કુત્સિત નથી. **॥૮૯૩॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=વેદાન્તવાદીઓ વેદવિહિત હિંસાને કુત્સિત કહે છે એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

ગાથા :-

अंधम्मि तमम्मि खलु मज्जामो पसुहिं जे जयामोत्ति ।
एमादि बहुविहं किं भणितं वेदंतवादीहिं ।।८९४।।

છાયા :-

अन्धे तमसि खलु मज्जामः पशुभि र्ये यजामह इति ।
एवमादि बहुविधं किं भणितं वेदान्तवादिभिः ।।८९४।।

ગાથાર્થ :-

જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ. તે અમે અંધ તમસ્માં=ગાઢ અંધકારમાં, ડૂબીએ છીએ એ વગેરે બહુ પ્રકારનું વેદાન્તવાદીઓ વડે કેમ કહેવાયું છે ? ।।૮૯૪।।

ટીકા :-

यदि हिंसा न कुत्सिता ततः अन्धे तमसि खल्विति गाथापूरणे मज्जामो वयं ये पशुभिर्यजामहे इत्येवमादिकं किं-कस्माद् भणितं वेदान्तवादिभिः ?, तथा च तद्ग्रन्थः–'अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्म्मो, न भूतो न भविष्यति ।।१।।' इति ।। आदिशब्दात् 'अग्निर्मामेतस्मात् हिंसाकृतादेनसो मुञ्चतु' । छान्दसत्वान्मोचयतु इत्यर्थः इत्यादिपरिग्रहः ।।८९४।।

ટીકાર્થ :-

यदि हिंसा ..... परिग्रहः ।। જો હિંસા કુત્સિત ન હોય તો, જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ તે અમે અન્ધ તમસમાં=ગાઢ અંધકારમાં, ડૂબીએ છીએ. એ વગેરે કયા કારણથી વેદાન્તવાદીઓ વડે કહેવાયું છે. 'खलु' શબ્દ ગાથાપૂરણમાં છે. અને તે પ્રમાણે=યજ્ઞ કરનારા ગાઢ અંધકારમાં બૂડેલા છે એમ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે, તેમનો ગ્રંથ છે. જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ. "તે અમે ગાઢ અંધકારમાં ડૂબેલા છીએ, હિંસા નામની વસ્તુ ધર્મ થાય એ ભૂતમાં થઈ નથી અને ભવિષ્યમાં થશે નહીં." આદિ શબ્દથી='एमादि'માં રહેલા આદિ શબ્દથી, "આ હિંસાકૃત પાપથી અગ્નિ મને મુકાઓ." છાન્દસપણું હોવાથી "मुञ्चतु"નો અર્થ "मोचयतु" છે. ઈત્યાદિનો પરિગ્રહ છે=આદિ શબ્દથી ઈત્યાદિનું ગ્રહણ છે. ।।૮૯૪।।

ભાવાર્થ :-

વેદવિહિત હિંસા જુગુપ્સનીય નથી, એમ જેઓ કહે છે તે વચન અયુક્ત છે; કેમ કે સર્વજ્ઞ એવા વીતરાગે પણ વેદવિહિત હિંસાને જુગુપ્સનીય કહેલ છે, તેમ વેદાન્તવાદિઓએ તે હિંસા જુગુપ્સનીય કહી છે. ક્યાં વેદવિહિત હિંસા જુગુપ્સનીય કહી છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. કેટલાક વેદાન્તવાદીઓ કહે છે કે ગાઢ અંધકાર અમે મજ્જન કરીએ, જો પશુઓ વડે યજ્ઞ કરીએ. તેથી ફલિત થાય છે કે મૂઢ મતિવાળા જ જીવો યજ્ઞથી હિંસા કરીને સ્વર્ગની પ્રાપ્તિની કામના કરે છે અને તેઓ સ્પષ્ટ કહે છે કે હિંસા ધર્મ થાય એ પ્રકારે ભૂતમાં થયું નથી અને ભવિષ્યમાં થશે નહીં. વળી, વેદને માનનારા જ કેટલાક કહે છે કે વેદમાં જે હિંસાનાં વચનો છે, તેનાથી જે હિંસા કરાઈ છે, તેનાથી જે પાપો થયાં છે તે પાપોથી અગ્નિ અમને ભસ્મસાત્ કરીને મુકાવે. તેથી વેદવિહિત હિંસાને તેઓ પણ કુત્સિત જ માને છે. માટે ભગવાનની ભક્તિ અર્થે કરાતી જિનમંદિરના નિર્માણમાં થતી હિંસા જેવી વેદની હિંસા છે, તેમ કહેવું તે અત્યંત અસંબદ્ધ છે. **॥૮૯૪॥**

ગાથા :-

एतेणं यजमाणा बुहे पडुच्चा ण लोगपुज्जत्ति ।
अबुहाणं पुण पुज्जा मंडलगाईवि किं तेहिं? ।।८९५।।

છાયા :-

एतेन यजमाना बुधान् प्रतीत्य न लोकपूज्या इति ।
अबुधानां पुनः पूज्या मंडलकादयोऽपि किं तैः ? ।।८९५।।

ગાથાર્થ :-

આના દ્વારા આ પણ કહેવાય છે એમ અન્વય છે=યજ્ઞમાં હિંસા છે એમ વેદ પણ સ્વીકારે છે એના દ્વારા આ પણ જણાય છે. યજમાન=યજ્ઞ કરનારા, બુધ પુરુષોને આશ્રયીને લોકમાં પૂજ્ય નથી. અબુધોને આશ્રયીને વળી મંડલકાદિ પણ=કૂતરાદિ પણ, તેઓ વડે=અબુધો વડે, પૂજ્ય છે. તેનાથી શું ?॥૮૯૫॥

ટીકા :-

एतेन-अनन्तरोदितेन इदमप्यावेद्यते यथा—बुधान्-अवगतयथावस्थितवस्तुतत्त्वान् प्रतीत्य न यजमाना-यागं कुर्वाणा लोके पूज्याः । अथ बुधानाश्रित्य यजमाना मा भूवन् लोके पूज्या इतरानाश्रित्य भविष्यन्तीत्यत आह—'अबुहेत्यादि' अबुधानां पूज्याः 'मण्डलकादयोऽपि' मण्डलकःश्वा, तदुक्तम्—'इंदमहकामुओ मंडलो य कविलो य भण्णए सुणओ' इति, आदिशब्दान्मार्जारादिपरिग्रहः । तथाच केचिल्लोके वक्तारो भवन्ति—'नैते श्वानः किंतु लोकानुग्रहकाम्यया कैलासभवनादागत्य गुह्यका इमे महीमण्डलमवतीर्ण्णवन्तस्तत एतेषामवश्यं पूजा कर्त्तव्या', उक्तं च—'कैलासभवणा एए

આગયા ગુજ્ઝકા મહીં । ચરંતિ જક્ખરૂવેણ પૂયાપૂયા હિયાઽહિયા ।।૧।।' ઇત્યાદિ । ન ચેત્થમબુધાનાં પૂજ્યા અપિ તે ન કુત્સિતાઃ, તતઃ કિં તૈરિહાબુધૈઃ કાર્યમિતિ કૃતં પ્રસઙ્ગેન ।।૮૯૫।।

ટીકાર્થ :-

એતેન- ..... પ્રસઙ્ગેન ।। આના દ્વારા=અનન્તરોદિત કથન દ્વારા, આ પણ આવેદન થાય છે. જે પ્રમાણે બુધોને=જાણ્યો છે યથાવસ્થિત વસ્તુના તત્ત્વોને જેમણે એવા બુધોને, આશ્રયીને યજ્ઞ કરનારા=યાગને કરનારા, લોકમાં પૂજ્ય નથી. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે બુધોને આશ્રયીને યજ્ઞ કરનારા લોકમાં પૂજ્ય ન થાય. ઇતરોને આશ્રયીને=અબુધ જીવોને આશ્રયીને, લોકમાં પૂજ્ય થશે. એથી કહે છે – અબુધ જીવોને પૂજ્ય મંડલકાદિ છે. મંડલક=કૂતરા. તે કહેવાયું છે – "ઇન્દ્ર મહોત્સવની કામનાવાળા, મંડલ અને કપિલ કૂતરા કહેવાય છે." 'આદિ' શબ્દથી બિલાડી આદિનું પરિગ્રહ છે. અને તે પ્રમાણે કેટલાક લોકમાં કહેનારાઓ છે – 'આ કૂતરાઓ નથી, પરંતુ લોકોના અનુગ્રહની કામનાથી કૈલાસભવનથી આવીને ગુહ્યક એવા આ=યક્ષ એવા આ, મહીમંડલમાં અવતાર પામેલા છે. તેથી આમની=કૂતરાઓની, અવશ્ય પૂજા કરવી જોઈએ' અને કહેવાયું છે – "કૈલાસભવનથી એ આવેલા ગુહ્યકો પૃથ્વી ઉપર યક્ષરૂપે ચરે છે. પૂજા હિતરૂપ છે અને અપૂજા અહિતરૂપ છે" ઇત્યાદિ. અને આ રીતે=પૂર્વપક્ષીએ કહ્યું કે અબુધોને આશ્રયીને યાજ્ઞિકો પૂજ્ય થશે એ રીતે, અબુધોને પૂજ્ય પણ તે કુત્સિત થશે નહીં એમ નહીં. તેથી તે અબુધો વડે અહીં=લોક વડે થતી પૂજામાં, શું કાર્ય છે ? એથી પ્રસંગથી સર્યું. ।।૮૯૫।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે 'જ્ઞાનીઓએ અને વેદાન્તીઓએ યજ્ઞની હિંસાને કુત્સિત કહેલ છે', એ કથન દ્વારા આ પણ આવેદન થાય છે. શું આવેદન થાય છે ? તેથી કહે છે – બુધ પુરુષોને આશ્રયીને યજ્ઞ કરનારા લોકમાં પૂજ્ય નથી, તેથી યજ્ઞ કરનારા પૂજ્ય છે માટે તેમનાથી થતી હિંસા દોષરૂપ નથી, તેમ કહી શકાય નહીં. વળી, અબુધ જીવો તો કૂતરાદિને પણ પૂજ્ય માને છે. તેથી અબુધ જીવોથી જેઓ પૂજાતા હોય તેઓનો સ્વીકારાયેલો ધર્મ પ્રમાણભૂત કહી શકાય નહીં. આ કથનથી અર્થથી એ ફલિત થાય કે કોઈ પણ દર્શનમાં રહેલા ત્યાગીઓ અબુધ જીવોથી પૂજાતા હોય તેટલા માત્રથી તેઓ પૂજ્ય છે તેમ સિદ્ધ થતું નથી અને બુધ પુરુષો પરીક્ષા કરીને તત્ત્વનો નિર્ણય કરનારા છે અને તેવા બુધ પુરુષોથી જેઓ પૂજાય છે તેઓ જ પારમાર્થિક રીતે સર્વજ્ઞકથિત નિર્દોષ ધર્મ કરનારા છે માટે તેઓથી સ્વીકારાયેલો ધર્મ જ ધર્મરૂપ કહી શકાય. મૂઢ જીવો બાહ્ય ત્યાગાદિથી અંજાઈ જઈને મૂઢ જીવોને પૂજ્ય સ્વીકારે એટલા માત્રથી મૂઢ જીવોનો સ્વીકારાયેલો ધર્મ કલ્યાણ માટે થતો નથી પરંતુ સુવિશુદ્ધ ધર્મ જ કલ્યાણનું કારણ બને છે. **॥૮૯૫॥**

અવતરણિકા :-

તદેવં પ્રથમં મૂલગુણમાશ્રિત્યાક્ષેપપરિહારાવભિધાય સાંપ્રતં દ્વિતીયં મૂલગુણમાશ્રિત્ય તાવભિધાતુકામ આહ–

અવતરણિકાર્થ :-

આ રીતે પ્રથમ મૂલગુણને આશ્રયીને આક્ષેપ-પરિહાર કરીને=વેદવિહિત હિંસામાં ધર્મ સ્વીકારવા માટે પૂર્વપક્ષનો આક્ષેપ અને પરિહાર કરીને, હવે બીજા મૂલગુણરૂપ સાધુધર્મને આશ્રયીને તેને= આક્ષેપ-પરિહારને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अन्ने उ मुसावाओ नियनिंदाकारणं न दोसाय ।
जह बंभघातगोऽहं एमादि पभासयन्तस्स ।।८९६।।

છાયા :-

अन्ये तु मृषावादो जिननिन्दाकारणं न दोषाय ।
यथा ब्रह्मघातकोऽहं एवमादि प्रभाषमाणस्य ।।८९६।।

ગાથાર્થ :-

અન્ય વાદીઓ કહે છે – નિજનિંદાનું કારણ મૃષાવાદ દોષ માટે નથી, જે પ્રમાણે 'હું બ્રહ્મઘાતક છું.' એ વગેરે બોલનારાનો મૃષાવાદ દોષ માટે નથી. ।।૮૯૬।।

ટીકા :-

अन्ये वादिनः पुनराहुर्यो मृषावादो निजनिन्दाकारणं स न दोषाय भवति, यथा ब्रह्मघातको-ब्राह्मणघातकोऽहमित्येवमादि प्रभाषमाणस्य ।।८९६।।

ટીકાર્થ :-

अन्ये ..... प्रभाषमाणस्य ।। અન્ય વાદીઓ કહે છે – નિજનિંદાનું કારણ જે મૃષાવાદ છે, તે દોષ માટે નથી. જે પ્રમાણે 'બ્રહ્મઘાતક હું છું', એ વગેરે બોલનારાનો મૃષાવાદ દોષ માટે નથી. ।।૮૯૬।।

અવતરણિકા :-

कथमेष निजनिन्दाकारणं स न दोषाय भवतीत्यत आह –

અવતરણિકાર્થ :-

આ=મૃષાવાદ, નિજનિંદાનું કારણ છે તે=મૃષાવાદ, કેવી રીતે દોષ માટે નથી ? એથી કહે છે –

ગાથા :-

दोसाणमब्भुवगमे अक्कोसाणं च विसहणे सम्मं ।
होति जितोऽजितपुव्वो भवतरुहेतू अहंकारो ।।८९७।।

છાયા :-

दोषाणामभ्युपगमे आक्रोशानां च विसहने सम्यग् ।
भवति जितोऽजितपूर्वो भवतरुहेतुरहंकारः ।।८९७।।

ગાથાર્થ :-

દોષોના અભ્યુપગમમાં અને આક્રોશના સમ્યગ્ વિશેષ સહનમાં અજિતપૂર્વ=પૂર્વમાં નહીં જિતાયેલો, ભવતરુનો હેતુ એવો અહંકાર જિતાયેલો થાય છે. ।।૮૯૭।।

ટીકા :-

यतो दोषाणामविद्यमानानामप्यभ्युपगमे दोषांश्च ज्ञात्वा ये परैराक्रोशा वितीर्यन्ते यथा—'महापापीयान् एष ब्रह्मघातकः' इत्यादि तेषां च सम्यग्विषहने भवति जितोऽजितपूर्वो भवतरुहेतुरहंकारः।।८९७।।

ટીકાર્થ :-

यतो ..... हेतुरहंकारः।। જે કારણથી અવિદ્યમાન પણ દોષોનો સ્વીકાર કરાયે છતે અને દોષોને જાણીને જે પર વડે આક્રોશ કરાય છે. જે પ્રમાણે — "મહાપાપી આ બ્રહ્મઘાતક છે" ઈત્યાદિ અને તેઓના સમ્યગ્ વિશેષ સહનમાં પૂર્વે નહીં જિતાયેલો, ભવતરુનો હેતુ એવો અહંકાર જિતાયેલો થાય છે. ।।૮૯૭।।

અવતરણિકા :-

तथा —

અવતરણિકાર્થ :-

'तथा'થી અન્ય સમુચ્ચય કરે છે —

ગાથા :-

एवमिदमकातव्वं वेरग्गनिबंधणं च अन्नेसिं ।
जायइ सो इय सपरुवगारातो चेव कह दोसो? ।।८९८।।

છાયા :-

एवमिदमकर्त्तव्यं वैराग्यनिबंधनं चान्येषाम् ।
जायते स इति स्वपरोपकारादेव कथं दोषः ? ।।८९८।।

ગાથાર્થ :-

એ રીતે આ=બ્રહ્મઘાતાદિ, અકર્તવ્ય છે, એ પ્રકારે તે=મૃષાવાદ કરનાર, અન્યોના વૈરાગ્યનું

કારણ થાય છે. એથી સ્વપરના ઉપકારના કારણે જ કેવી રીતે દોષ થાય=એ પ્રકારના મૃષાવાદમાં દોષ થાય નહીં. ॥૮૯૮॥

ટીકા :-

एवं-यथाऽनेन कृतं तथा इदं-ब्रह्महत्यादिकमकर्त्तव्यं-न कार्यमित्येवमन्येषां च वैराग्यनिबन्धनं जायते स निजनिन्दाहेतुर्मृषावादकारी इति । तस्मात् स्वपरोपकारभावात् कथमित्थं मृषावादे दोष इति ? ॥८९८॥

ટીકાર્થ :-

एवं ..... इति?॥ આ રીતે=જે પ્રમાણે આના વડે કરાયું એ પ્રમાણે, આ=બ્રહ્મહત્યાદિક, અકર્તવ્ય છે=કરવું જોઈએ નહીં, એ પ્રકારે નિજનિંદાહેતુ મૃષાવાદકારી એવો તે જીવ અન્ય જીવોના વૈરાગ્યનું કારણ થાય છે. તે કારણથી સ્વપરના ઉપકારનો ભાવ હોવાને કારણે કેવી રીતે આ પ્રકારના મૃષાવાદમાં દોષ થાય ? અર્થાત્ દોષ થાય નહીં. ॥૮૯૮॥

ભાવાર્થ :-

અન્ય દર્શનકારો કહે છે કે સ્વાર્થ માટે તે તે કષાયોને વશ બોલાયેલો મૃષાવાદ દોષ માટે છે, પરંતુ જે મૃષાવાદ પોતાનામાં જે દોષો નથી, તે દોષોના ઉદ્ભાવનપૂર્વક પોતાની નિંદાનું કારણ છે, તે મૃષાવાદ દોષ માટે નથી. જેમ કોઈએ બ્રાહ્મણનો ઘાત કર્યો ન હોય છતાં કહે કે 'હું બ્રાહ્મણનો ઘાતક છું', એ રીતે અન્ય પણ જે જે દોષો વાસ્તવિક અવલોકનને કારણે પોતાનામાં નહીં દેખાવા છતાં 'હું આવા આવા દોષવાળો છું', એ પ્રમાણે કોઈ કહે તે પોતાની નિંદાના વચનરૂપ હોવાથી દોષ માટે નથી. કેમ તે મૃષાવાદ દોષ માટે નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે. અવિદ્યમાન પણ દોષનો પોતે સ્વીકાર કરે અને 'તેવા દોષો આ પુરુષમાં છે', એમ જાણીને લોકો તેના ઉપર આક્રોશ કરે કે 'આ મહાપાપી છે', તે સર્વ વચનો તે મહાત્મા સમ્યગ્ સહન કરે તો તેનાથી પૂર્વમાં નહીં જિતાયેલો અહંકાર તે મહાત્મા વડે જિતાયેલો થાય છે અને આ અહંકાર ભવરૂપી વૃક્ષનું બીજ છે; કેમ કે કષાયોથી જ ભવભ્રમણ વધે છે. વળી, જેમ જેમ અહંકાર ક્ષીણ થાય તેમ તેમ ભવનો ક્ષય થાય છે. માટે ભવના હેતુભૂત અહંકારના ક્ષયનું કારણ એવો મૃષાવાદ દોષ માટે નથી.

વળી, પોતાનામાં અવિદ્યમાન દોષો કહેવાથી લોકો પોતાની નિંદા કરશે અને તે નિંદા જોઈને ઘણા જીવોને બોધ થશે કે આવાં અકાર્યો કરવાં જોઈએ નહીં. તેથી અકાર્યો નહીં કરવાના અભિલાષરૂપ વૈરાગ્યનું કારણ તે મૃષાવાદ કરનાર પુરુષ થશે. તેથી જે મૃષાવાદ પોતાના કષાયોને ક્ષીણ કરવાનું કારણ બને અને અન્ય જીવોના કષાયોને ક્ષીણ કરવાનું કારણ બને તે મૃષાવાદ સ્વપરનો ઉપકાર કરનાર હોવાથી કેવી રીતે દોષવાળો કહેવાય ? અર્થાત્ કહી શકાય નહીં. **॥૮૯૬થી ૯૯૮॥**

અવતરણિકા :-

અત્રોત્તરમાહ –

અવતરણિકાર્થ :-

આમાં=પૂર્વપક્ષીએ કહ્યું કે નિજનિંદાનું કારણ એવો મૃષાવાદ દોષ માટે નથી એમાં, ઉત્તરને કહે છે –

ગાથા :-

इय दोसाणब्भुवगमे अविज्जमाणाणमत्तदोसातो ।
अक्कोसे परबंधा इय अन्नाणा कहमदोसो? ।।८९९।।

છાયા :-

इति दोषाणामभ्युपगमेऽविद्यमानानामात्मदोषात् ।
आक्रोशे परबन्धादिति अज्ञानात्कथमदोषः ? ।।८९९।।

ગાથાર્થ :-

આ રીતે અજ્ઞાનથી અવિધમાન દોષોનો સ્વીકાર કરાયે છતે આત્મદોષ હોવાથી=મૂઢ ભાવરૂપ આત્મદોષ હોવાથી, અને આક્રોશમાં પરને બંધ હોવાથી કેવી રીતે અદોષ છે ?=અવશ્ય દોષ છે. ।।૮૯૯।।

ટીકા :-

इतिः-एवमुक्तेन प्रकारेणाज्ञानात्-मोहात् दोषाणामविद्यमानानामभ्युपगमे सत्यात्मदोषात्-असद्दूषणेनात्मदूषणात् आक्रोशे च परबन्धात्-परेषां तमाक्रोशतां तन्निमित्तबन्धभावात् कथमदोषो?, दोष एवेति भावः, स्वपरयोरपकारकारित्वात् ।।८९९।।

ટીકાર્થ :-

इतिः ..... कारित्वात् ।। આ રીતે ઉક્ત પ્રકારથી=પૂર્વમાં કહ્યું કે નિજનિંદાનું કારણ એવો મૃષાવાદ દોષ માટે નથી એ પ્રકારથી, અજ્ઞાનને કારણે=મોહને કારણે, અવિદ્યમાન દોષોનો સ્વીકાર કરાયે છતે આત્મદોષને કારણે=અસત્ દૂષણથી આત્માના દૂષણને કારણે, અને આક્રોશમાં પરને બંધ થવાથી=તેને આક્રોશ કરતા એવા બીજાઓને તદ્નિમિત્તક બંધનો ભાવ હોવાથી, કેવી રીતે અદોષ છે ? દોષ જ છે. એ પ્રકારનો ભાવ છે; કેમ કે સ્વપરનું અપકારકારિપણું છે. ।।૮૯૯।।

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે નિજનિંદાને કરનારું મૃષાવચન દોષરૂપ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી

કહે છે – જેઓ પદાર્થના વાસ્તવિક અવલોકનમાં મોહવાળા છે તેથી પોતાનામાં જે દોષો નથી તે દોષોનું ઉદ્ભાવન કરે છે તેઓ અસત્ દૂષણથી પોતાને દૂષણ આપે છે તે મૂઢભાવ છે. તેનાથી તેઓને તે મૂઢભાવનિમિત્તક કર્મબંધ થાય છે અને તેવા દોષોને સાંભળીને અન્ય જીવો તેની નિંદા કરે છે તેનાથી અન્ય જીવોને તેની નિંદાનિમિત્તક કર્મબંધની પ્રાપ્તિ થાય છે. તેથી અસત્ દોષના ઉદ્ભાવનરૂપ પોતાની નિંદા સ્વપરને અપકાર કરનાર હોવાથી અકલ્યાણનું જ કારણ છે. જોકે પૂર્વપક્ષીએ કહ્યું તેમ સ્થૂલથી પોતાની નિંદા કરે છે તેવા મૃષાવાદથી લોકોની નિંદા સહન કરવાને કારણે પોતાનો અહંકાર કંઈક અલ્પ થાય છે તોપણ પોતાનામાં મૂઢતાની વૃદ્ધિ થાય છે, જે મહાન દોષ છે. વસ્તુતઃ પદાર્થના વાસ્તવિક અવલોકનથી મૂઢભાવનો પણ પરિહાર થાય છે અને અહંકારનો પણ પરિહાર થાય છે. તેથી અહંકારના પરિહાર અર્થે નિજનિંદાનું કારણ એવું મૃષાવચન ઉચિત છે એમ કહેવાય નહીં. વળી, પૂર્વપક્ષીએ કહ્યું કે પોતાના અસત્ દોષોની નિંદા સાંભળીને આવા દોષો સેવવા જોઈએ નહીં, એ પ્રકારનો વૈરાગ્ય કેટલાકને થાય છે તોપણ જેઓ અસત્ દોષોને સાંભળીને તેની નિંદા કરે છે, તે જીવોને કર્મબંધ પણ થાય છે. તેથી અન્ય જીવોના કર્મબંધનું નિમિત્ત પોતાના અસત્ દોષોનું ઉદ્ભાવન છે, તેનો વિચાર કર્યા વગર મૂઢભાવથી જેઓ પોતાના અવિદ્યમાન દોષોનું પ્રકાશન કરે છે, તેઓ બીજાને આક્રોશ ઉત્પન્ન કરાવીને અન્યના અહિતનું પણ કારણ બને છે. ॥૮૯૯॥

અવતરણિકા :-

यदप्युक्तम्—आक्रोशानां सम्यग्विषहने भवतरुहेतुरहंकारोऽजितपूर्वो जितो भवतीति, तत्राह—

અવતરણિકાર્થ :-

જે વળી કહેવાયું=આક્રોશના સમ્યગ્ સહનમાં પૂર્વમાં નહીં જિતાયેલો ભવતરુનો હેતુ એવો અહંકાર જિતાયેલો થાય છે એ પ્રમાણે પૂર્વપક્ષી વડે જે વળી કહેવાયું, ત્યાં=તે કથનમાં, કહે છે –

ગાથા :-

अक्कोसाण विसहणं जं सयमणुदीरणं करिंतस्स ।
उत्तरगुणचिंताए जायइ तं होइ सम्मं तु ।।९००।।

છાયા :-

आक्रोशानां विसहनं यत्स्वयमनुदीरणं कुर्वतः ।
उत्तरगुणचिन्तया जायते तद्भवति सम्यक् तु ।।९००।।

ગાથાર્થ :-

સ્વયં અનુદીરણ કરનારને ઉત્તરગુણની ચિંતાથી જે આક્રોશનું સહન છે તે જ સમ્યગ્ છે. ॥૯૦૦॥

ટીકા :-

आक्रोशानामपि सम्यक् सहनं तदेव भवति, तुरवधारणे भिन्नक्रमश्च, यत् स्वयमनुदीरणं कुर्वतः-आक्रोशभाषणं प्रति प्रोत्साहनमकुर्वत उत्तरगुणचिन्तया—'कथं ममैवमुत्तरगुणरूपा क्षान्तिरेकान्तनिर्म्मला भवे'दित्यादिलक्षणया जायते नत्वन्यत् ।।९००।।

ટીકાર્થ :-

आक्रोशानामपि ..... नत्वन्यत् ।। આક્રોશોનું પણ સમ્યક્ સહન તે જ થાય છે, જે સ્વયં અનુદીરણને કરતા ઉત્તરગુણની ચિંતાથી થાય છે, એમ અન્વય છે. 'तु' શબ્દ અવધારણમાં છે અને ભિન્ન ક્રમવાળો છે='तं' શબ્દ પછી તેનું યોજન છે, અને જે આક્રોશ ભાષણ પ્રત્યે પ્રોત્સાહન નહીં કરતા ઉત્તરગુણ ચિંતાથી થાય છે=કેવી રીતે મને આ રીતે એકાંત નિર્મલ ઉત્તરગુણરૂપ ક્ષાન્તિ થાય ઈત્યાદિ લક્ષણ ચિંતાથી થાય છે, તે સમ્યગ્ સહન છે, અન્ય નહીં=અન્ય સમ્યગ્ સહન નથી. ।।૯૦૦।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે પોતાનામાં નહીં વિદ્યમાન દોષોનું પણ ઉદ્ભાવન દોષ માટે નથી; કેમ કે પોતાના તેવા દોષોના કથનથી લોકો આક્રોશ કરે તે સહન કરવાથી પોતાને ગુણની પ્રાપ્તિ થાય છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – કોઈ મહાત્મા મૃષાવાદ દ્વારા નિજનિંદા કરીને બીજાને આક્રોશ પ્રત્યે પ્રોત્સાહિત ન કરે, છતાં ક્ષમાદિ ગુણોની શ્રદ્ધાપૂર્વક બીજા દ્વારા કરાયેલા આક્રોશને સહન કરે, તેનાથી તે મહાત્માને નિર્જરા થાય છે પરંતુ હું મારા અવિદ્યમાન દોષોનું ઉદ્ભાવન કરીને બીજાને મારા પ્રત્યે આક્રોશ કરવાનો પરિણામ થાય તેવા આશયપૂર્વક પોતાના અવિદ્યમાન દોષોને કહે તેનાથી મૂઢભાવની જ પ્રાપ્તિ થાય છે, ક્ષમા ગુણની પ્રાપ્તિ થતી નથી. માટે કલ્યાણના અર્થીએ પોતાના પ્રયત્ન વગર કર્મના વિપાકને કારણે કોઈ આક્રોશાદિ કરે ત્યારે પણ ક્ષમા પ્રત્યેના રાગને કારણે તેને સહન કરવા યત્ન કરવો જોઈએ, જેથી નિર્જરાની પ્રાપ્તિ થાય. **॥૯૦૦॥**

અવતરણિકા :-

यत आह —

અવતરણિકાર્થ :-

જે કારણથી કહે છે —

ગાથા :-

विसहामि अहं सम्मं अक्कोसे चिंतिउं उदीरयतो ।
अहिगतरो लक्खिज्जइ मोहसहावो अहंकारो ।।९०१।।

છાયા :-

विषहेऽहं सम्यगाक्रोशान् चिन्तयित्वा उदीरयतः ।
अधिकतरो लक्ष्यते मोहस्वभावोऽहंकारः ।।९०१।।

ગાથાર્થ :-

હું આક્રોશને સમ્યક્ સહન કરું છું, એ પ્રમાણે ચિંતવન કરીને ઉદીરણાને કરાવતો અધિકતર મોહ સ્વભાવવાળો અહંકાર જણાય છે. ।।૯૦૧।।

ટીકા :-

विषहेऽहं सम्यक् आक्रोशानिति चिन्तयित्वा तानुदीरयतस्तस्याधिकतरो मोहस्वभावोऽहंकारो लक्ष्यते इति कथं सोऽजितपूर्वो जितो भवेत् ।।९०१।।

ટીકાર્થ :-

विषहेऽहं ..... भवेत् ।। હું આક્રોશને સમ્યક્ સહન કરું છું, એ પ્રમાણે ચિંતવન કરીને તેને=આક્રોશને, ઉદીરણા કરાવતા=પોતાના નહીં સેવાયેલા દોષોને કહીને લોકો દ્વારા આક્રોશ થાય તે પ્રકારે યત્ન કરીને તે આક્રોશની ઉદીરણા કરાવતા, એવા તેને અધિકતર મોહસ્વભાવરૂપ અહંકાર જણાય છે. એથી કેવી રીતે અજિતપૂર્વ એવો તે=પૂર્વમાં નહીં જિતાયેલો અહંકાર, જિતાયેલો થાય ? ।।૯૦૧।।

ભાવાર્થ :-

જેઓ માને છે કે પોતાના અવિદ્યમાન દોષોનું ઉદ્ભાવન મૃષાવાદ હોવા છતાં દોષરૂપ નથી, તેઓ પોતાના મૃષા દોષોને કહીને બીજાને આક્રોશની ઉદીરણા કરાવે છે અને તે આક્રોશને સહન કરે છે, ત્યારે તે વિચારે છે કે હું આક્રોશને સમ્યગ્ સહન કરું છું, તે પ્રકારનો તેનો પરિણામ અધિકતર મોહસ્વભાવવાળો અહંકાર જ છે અર્થાત્ હું આક્રોશ સહન કરું છું, એ પ્રકારનો મૂઢતામાંથી થયેલ અહંકાર જ તેને થાય છે. તેથી પૂર્વમાં નહીં જિતાયેલો અહંકાર તેણે જીત્યો છે, તે કઈ રીતે કહી શકાય ? અર્થાત્ તેણે પોતાના અહંકારનો પરિણામ જ પુષ્ટ કર્યો છે, અહંકારને જીત્યો નથી. **॥૯૦૧॥**

અવતરણિકા :-

અન્યચ્ચ –

અવતરણિકાર્થ :-

અને વળી બીજું શું તે ગાથામાં કહે છે –

ગાથા :-

एद्दहमेत्तेण इमं अवेइ ता आवदीएँ कायव्वं ।
सो चेव किं न जायइ इयबुद्धिनिबंधणंणेसिं? ।।९०२।।

છાયા :-

एतावन्मात्रेण इदमपैति तस्मादापदि कर्तव्यम् ।
स एव किं न जायते इति बुद्धिनिबन्धनमन्येषाम् ।।९०२।।

ગાથાર્થ :-

આટલા માત્રથી=આક્રોશના અધિસહનમાત્રથી, આ પાપ દૂર થાય છે તે કારણથી આપત્તિ આવે છતે કરવું જોઈએ=તે પાપ કરવું જોઈએ. અન્ય જીવોની આ પ્રકારની બુદ્ધિનું કારણ તે મૃષાભાષી કેમ ન જ થાય ? અર્થાત્ થાય. ।।૯૦૨।।

ટીકા :-

एतावन्मात्रेण-आक्रोशाधिसहनमात्रेण इदं-ब्रह्महत्यादिकं पापमपैति-विनश्यति 'ता' तस्मात् आपदि आयातायां सत्यामिदं ब्रह्महत्यादिपातकं कर्त्तव्यमाक्रोशाधिसहनमात्रेण तस्य पश्चात् स्फेटयिष्यमाणत्वादितिबुद्धिनिबन्धनमेवान्येषां स मृषाभाषी एवकारो भिन्नक्रमः स च तथैव योजितः किन्न जायते?, जायत एवेति भावः ।।९०२।।

ટીકાર્થ :-

एतावन्मात्रेण ..... भावः ।। આટલા માત્રથી=આક્રોશના અધિસહનમાત્રથી, આ બ્રહ્મહત્યાદિક પાપ નાશ પામે છે. તે કારણથી આપત્તિ આવે છતે આ બ્રહ્મહત્યાદિક પાપ કર્તવ્ય છે; કેમ કે આક્રોશના સહનમાત્રથી પાછળથી તે પાપનું=બ્રહ્મહત્યાદિ પાપનું, સ્ફેટવિષ્યમાણપણું છે=તે પાપ નાશ પામે છે. અન્યોની એવા પ્રકારની બુદ્ધિનું કારણ તે મૃષાભાષી કેમ ન જ થાય ? અર્થાત્ થાય જ છે. એવકાર ભિન્ન ક્રમવાળો છે અને તે=એવકાર, તે પ્રકારે જ=ભિન્ન ક્રમથી જ, યોજન કરાયેલો છે. ।।૯૦૨।।

ભાવાર્થ :-

પોતાની કોઈપણ પ્રવૃત્તિ બીજાને વિપર્યાસનું કારણ હોય અને તેના પરિહાર માટે ઉચિત યત્ન ન કરવામાં આવે તો તે જીવોને જે વિપર્યાસ થાય છે અને તેનાથી તે જીવોને જે અહિત થાય છે, તેમાં પોતે નિમિત્ત બને છે. તેથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે. આથી જ વીરભગવાને તાપસોને અપ્રીતિ થાય છે, તેમ જાણીને તેઓની અપ્રીતિના પરિહાર અર્થે ચાતુર્માસમાં વિહાર કર્યો. તે પ્રમાણે પોતાના મૃષાદોષોને કહેનાર તેનાથી જે લોકો આક્રોશ કરે છે તેને સહન કરે છે. તેને જોઈને કોઈને ભ્રમ થાય કે આ રીતે પોતાના દોષો કહેવાથી લોકો આક્રોશ કરે અને જો તેને સહન કરવામાં આવે તો તે દોષો નાશ પામે છે. માટે પોતાની તેવી કોઈ આપત્તિ આવે ત્યારે પોતે બ્રહ્મઘાતાદિ અકૃત્યો કરે અને પાછળથી તેને સહન કરીને પોતે નાશ કરી શકશે, તેવી વિપરીત બુદ્ધિ બીજાને થાય છે અને તે બુદ્ધિના પરિહાર અર્થે પણ મૃષાભાષી જીવે તે પ્રકારે બોલવું જોઈએ નહીં. અન્યથા અન્યોને પાપ કરવામાં પોતે નિમિત્ત બને છે. **॥૯૦૨॥**

અવતરણિકા :-

અપિ ચ –

અવતરણિકાર્થ :-

અને વળી, શું ? તે કહે છે –

ગાથા :-

सत्थे पडिसिद्धं चिय कुणमाणं तह य पेच्छमाणस्स ।
तं चेव जायइ दढं वेरग्गनिबंधणं तस्स ।।९०३।।

છાયા :-

शास्त्रे प्रतिषिद्धमेव क्रियमाणं तथा च प्रेक्षमाणस्य ।
तदेव जायते दृढं वैराग्यनिबंधनं तस्य ।।९०३।।

ગાથાર્થ :-

શાસ્ત્રમાં પ્રતિષિદ્ધને જ કરતો અને તે પ્રકારે જોતા એવા તેને તે જ=પોતાનું મૃષાભાષણ જ, દૃઢ વૈરાગ્યનું કારણ થાય છે. ।।૯૦૩।।

ટીકા :-

शास्त्रे प्रतिषिद्धमेव क्रियमाणं मृषाभाषणं तथैव च शास्त्रप्रतिषिद्धत्वेनैव च प्रेक्षमाणस्य सतस्तस्य तदेव-मृषाभाषणं दृढम्-अत्यर्थं जायते वैराग्यनिबन्धनं, यथा–'हा धिगहं यदिदं शास्त्रप्रतिषिद्धं मृषाभाषणं करोमीति' ।।९०३।।

ટીકાર્થ :-

शास्त्रे ..... करोमीति' ।। શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ જ કરાતું મૃષાભાષણ તે પ્રકારે જ=શાસ્ત્રના પ્રતિષિદ્ધપણાથી જ, જોતા છતા એવા તેને તે જ મૃષાભાષણ અત્યંત વૈરાગ્યનું નિબન્ધન થાય છે. જે આ પ્રમાણે – 'ધિક્કાર છે કે હું જે આ શાસ્ત્રપ્રતિષિદ્ધ એવું મૃષાભાષણ કરું છું.' ।।૯૦૩।।

ભાવાર્થ :-

વળી, કોઈ મહાત્માને પૂર્વમાં અજ્ઞાન હોય તેના કારણે શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ એવા મૃષાભાષણને કરે અને તે મૃષાભાષણ ક્વચિત્ પોતાનામાં અવિદ્યમાન દોષોના ઉદ્ભાવનરૂપ પણ હોય કે અન્ય કોઈ પદાર્થ વિષયક પણ હોય અને આ મૃષાભાષણ શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ છે, એવું જે જાણતા હોય તે મહાત્માને તે મૃષાભાષણ વૈરાગ્યનું નિમિત્ત બને છે. તેથી ફલિત થાય છે કે પોતાનામાં જેવા દોષો હોય નહીં, તેવા દોષોના ઉદ્ભાવનરૂપ મૃષાવાદ દોષરૂપ નથી, તેમ કહી શકાય નહીં; કેમ કે મૃષાવાદ કર્યા પછી 'આ

મૃષાવાદ છે', તેવી બુદ્ધિથી તે મૃષાવાદના ત્યાગનો પરિણામ તીવ્ર થાય તે જ વૈરાગ્યનું કારણ છે. માટે તેવું મૃષાવાદ કર્તવ્ય છે તેમ કહી શકાય નહીં.

વસ્તુતઃ રાગથી, દ્વેષથી કે મૂઢતાથી જે પ્રવૃત્તિ થાય તેના દ્વારા રાગ, દ્વેષ કે મૂઢતા દૃઢ થાય છે અને પૂર્વપક્ષી જે પ્રકારના મૃષાવાદને કર્તવ્ય સ્વીકારે છે તેમાં મૂઢતા છે માટે તેને મૃષાવાદ કર્તવ્ય કહી શકાય નહીં. જ્યારે દયાળુ ચિત્તવાળા મહાત્મા કષાયને વશ થયા વગર 'હરણ ક્યાં ગયું છે ?' એ પ્રકારની કોઈ શિકારી પૃચ્છા કરે ત્યારે વિપરીત દિશા શિકારીને બતાવે ત્યારે પણ જીવરક્ષાનો પરિણામ છે, મૃષાવાદનો પરિણામ નથી તેથી દોષરૂપ નથી. જ્યારે મૂઢતાથી તો કરાયેલો મૃષાવાદ મૂઢતાની વૃદ્ધિ કરાવીને સ્વપરના અહિતનું કારણ બને છે માટે અકર્તવ્ય છે. **॥૯૦૩॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ —

અવતરણિકાર્થ :-

પોતાની નિંદાનો હેતુ એવો જુઠ્ઠો મૃષાવાદ દોષરૂપ નથી એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અસંગત છે એમ અત્યાર સુધી સ્થાપન કર્યું તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

इय अच्चंतमसिद्धो सपरुवगारो बुहेहिं नायव्वो ।
नियनिंदाहेऊ चिय दोसाय तओ मुसावातो ।।९०४।।

છાયા :-

इति अत्यन्तमसिद्धः स्वपरोपकारो बुधै र्ज्ञातव्यः ।
निजनिन्दाहेतुरपि दोषाय सको मृषावादः ।।९०४।।

ગાથાર્થ :-

આ રીતે સ્વપરનો ઉપકાર અત્યંત અસિદ્ધ બુધ પુરુષો વડે જાણવો જોઈએ. નિજનિંદાનો હેતુ પણ તે મૃષાવાદ દોષ માટે જાણવો. ॥૯૦૪॥

ટીકા :-

इतिः-एवमुपदर्शितेन प्रकारेणात्यन्तमसिद्धः स्वपरोपकारो बुधैर्ज्ञातव्यः, तथा च सति 'तओत्ति' सको मृषावादो निजनिन्दाहेतुरपि दोषायैव द्रष्टव्यः । तदेवं सर्वथा मृषावादो दोषनिबन्धनमिति प्रतिपादितम् ।।९०४।।

ટીકાર્થ :-

इतिः ..... प्रतिपादितम् ।। આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ પ્રકારથી, સ્વપરનો ઉપકાર અત્યન્ત અસિદ્ધ બુધપુરુષો વડે જાણવો જોઈએ=પોતાની નિંદાનો હેતુ એવો મૃષાવાદ સ્વપરના ઉપકાર માટે અત્યંત અસિદ્ધ છે એ પ્રમાણે બુધપુરુષોએ જાણવું જોઈએ, અને તે પ્રમાણે હોતે છતે=પોતાની નિંદાનો હેતુ એવો મૃષાવાદ સ્વપરના ઉપકારનું કારણ નથી તે પ્રમાણે હોતે છતે, તે મૃષાવાદ પોતાની નિંદાનો હેતુ પણ દોષ માટે જ જાણવો. આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, મૃષાવાદ સર્વથા દોષનું કારણ છે, એ પ્રમાણે પ્રતિપાદિત કરાયું. ॥૯૦૪॥

ભાવાર્થ :-

પૂર્વમાં અનેક યુક્તિઓથી વર્ણન કર્યું, તેનાથી સિદ્ધ થાય છે કે કોઈ પુરુષ પોતાના અસત્‌ભૂત દોષોનું ઉદ્‌ભાવન કરીને પોતાની નિંદા કરે તેવો પણ મૃષાવાદ સ્વપરના ઉપકાર માટે થતો નથી પરંતુ દોષ માટે જ થાય છે. તેથી મૃષાવાદને સર્વથા દોષનું કારણ સ્વીકારવું જોઈએ. માટે સાધુએ સર્વ પ્રકારે મૃષાવાદના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. તેથી એ ફલિત થાય કે ભાષાસમિતિ અને વચનગુપ્તિથી ગુપ્ત એવા સાધુએ નિપુણતાપૂર્વક વસ્તુનું અવલોકન કરીને સંયમની વૃદ્ધિના પ્રયોજનથી બોલવું આવશ્યક જણાય ત્યારે પણ વસ્તુ જેવી છે તે પ્રમાણે યથાર્થ કથન કરવું જોઈએ પરંતુ મૂઢભાવ ધારણ કરીને પોતાનામાં 'જે દોષો નથી તેવા દોષવાળો હું છું, જે ગુણો નથી તેવા ગુણોવાળો હું છું', તે પ્રકારે કહેવું જોઈએ નહીં અને સંયમની વૃદ્ધિનું પ્રયોજન ન હોય તો પોતાના વિદ્યમાન ગુણોનું પણ પ્રકાશન કરવું જોઈએ નહીં અને વિદ્યમાન વસ્તુનું યથાર્થ સ્વરૂપ પણ પ્રયોજન વગર પ્રકાશન કરવું જોઈએ નહીં; કેમ કે સ્થૂલથી તે પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ હોવાથી સત્ય જણાય તોપણ સંયમના પ્રયોજન વગર બોલાયેલું તે વચન નિરર્થક ભાષારૂપ મૂઢતાથી બોલાયેલું છે, તેથી કર્મબંધનું કારણ બને છે. **॥૯૦૪॥**

અવતરણિકા :-

सांप्रतमास्तां यल्लोके सुप्रसिद्धमलीकभाषणं तन्मृषावादः किंतु यदपि तीर्थान्तरीयैरेकान्तवादाश्रयणेनोच्यते यदपि च स्वरूपेण सत्यमपि सत् प्राणिनां पीडाहेतुस्तदपि मृषावाद इत्येतद्दर्शयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે લોકમાં જે સુપ્રસિદ્ધ અલીકભાષણ તે મૃષાવાદ છે તે દૂર રહો, પરંતુ તીર્થાન્તરીયો વડે એકાંતવાદના આશ્રયથી જે પણ કહેવાય છે અને જે પણ સ્વરૂપથી સત્ય પણ છતુ પ્રાણીઓની પીડાનો હેતુ છે તે પણ મૃષાવાદ છે. એને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

एगंतेणेव इमं एवं एवं च एवमादीति ।
वत्थुस्स तहाऽभावा पीडाहेऊ य अलियं तु ।।९०५।।

છાયા :-

एकान्तेनैवेदमेवमेवं च एवमादि इति ।
वस्तुनः तथाऽभावात् पीडाहेतुश्चालीकं तु ।।९०५।।

ગાથાર્થ :-

એકાંતથી જ આ=બીજાને કરાતું સુખાદિ, આ પ્રમાણે છે=બીજાને સુખ કરનારને પોતાના સુખાદિનો હેતુ છે, અને આ પ્રમાણે છે=બીજાને દુઃખ કરનારને પોતાના દુઃખાદિનો હેતુ છે, એ વગેરે વસ્તુનો=સુખાદિ વસ્તુનો, તે પ્રકારે અભાવ હોવાથી અલીક જ છે, એમ અન્વય છે અને પીડાનો હેતુ (પણ સત્યવચન) અલીક જ છે. ।।૯૦૫।।

ટીકા :-

एकान्तेनैव इदं-सुखादिकं क्रियमाणं एवं-तत्कर्तुः सुखादिहेतुरेवं वा-दुःखादिहेतुरित्येवमादि-वस्तुनः-सुखादेस्तथा-एकान्तसुखहेतुत्वादिरूपेणाभावादलीकमेव द्रष्टव्यम्, तुरेवकारार्थः, 'पीडाहेऊ यत्ति' चः समुच्चये यदपि स्वरूपेण सत्यमपि सत् प्राणिनां पीडाहेतुर्भवति तदप्यलीकमेव द्रष्टव्य-मिति ।।९०५।।

ટીકાર્થ :-

एकान्तेनैव ..... द्रष्टव्यमिति ।। એકાંતથી જ આ=કરાતું સુખાદિ, આ રીતે તેના કર્તાને સુખાદિનો હેતુ છે અથવા આ રીતે દુઃખાદિનો હેતુ છે એ વગેરે વસ્તુનું=સુખાદિ વસ્તુનું, તે પ્રકારે એકાંતથી સુખહેતુત્વાદિરૂપથી અભાવ હોવાને કારણે અલીક જ જાણવું. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે અને જે પણ સ્વરૂપથી સત્ય પણ છતુ પ્રાણીની પીડાનો હેતુ થાય છે, તે પણ અલીક જ જાણવું. ।।૯૦૫।।

ભાવાર્થ :-

સ્થૂલ બુદ્ધિવાળા કેટલાક કહે છે કે બીજાને સુખાદિ કરવાથી પોતાને સુખાદિ થાય છે અને બીજાને દુઃખાદિ આપવાથી પોતાને દુઃખાદિ પ્રાપ્ત થાય છે. આ પ્રકારનું વચન બોલનાર પુરુષ સ્યાદ્વાદની મર્યાદા અજ્ઞાની હોય ત્યારે કઈ રીતે બીજાને સુખાદિ આપવાની પ્રવૃત્તિ પોતાના સુખનો હેતુ છે અને બીજાને કઈ રીતે સુખાદિ આપવાની પ્રવૃત્તિ પોતાના દુઃખાદિનો હેતુ છે તેના વિભાગને કર્યા વગર એકાંતથી જ તે તે પ્રકારની પ્રરૂપણા કરે તે અલીક જ છે=મૃષાભાષણ જ છે; કેમ કે બીજાને સુખ આપવાથી પણ ક્લિષ્ટ અધ્યવસાય થતો હોય તો પોતાને તે પ્રવૃત્તિથી દુઃખ જ મળે છે અને ક્યારેક બીજાને પીડા થવા છતાં વિવેકપૂર્વકની તે પ્રવૃત્તિ હોય તો તે પ્રવૃત્તિથી ભાવિમાં પોતાને સુખ જ પ્રાપ્ત થાય છે તેથી બીજાને સુખ આપવાથી પોતાને સુખ થાય અને બીજાને દુઃખ આપવાથી પોતાને દુઃખ થાય, એ પ્રકારની વ્યાપ્તિ નહીં હોવાથી એકાંતથી તેઓનું વચન મૃષાવાદરૂપ છે. વળી, સત્યવચન પણ બીજાને પીડાકારી હોય તો કર્મબંધનું કારણ હોવાથી મૃષા છે; કેમ કે મૃષાભાષાના ફળરૂપે કર્મબંધની પ્રાપ્તિ થાય છે. **॥૯૦૫॥**

અવતરણિકા :-

એતદેવ સ્પષ્ટતરમુદાહરણેનોપદર્શયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=બીજાને સુખ કરવાથી પોતાને સુખ પ્રાપ્ત થાય છે એ પ્રકારનું એકાંતવચન મૃષાવાદ છે એને જ, સ્પષ્ટતર ઉદાહરણ દ્વારા બતાવે છે –

ગાથા :-

જહ જો સુહં કરેઈ એગંતેણેવ બંધઇ સુહં સો ।
સપરોભયતબ્ભાવેણ પરિત્થિભોગેણ વહિચારો ।।૯૦૬।।

છાયા :-

यथा यः सुखं करोति एकान्तेनैव बध्नाति सुखम् सः ।
स्वपरोभयतद्भावेन परस्त्रीभोगेन व्यभिचारः ।।९०६।।

ગાથાર્થ :-

જે પ્રમાણે :- જે સુખને કરે છે=બીજાને સુખ કરે છે, તે એકાંતથી જ સુખને બાંધે છે=સુખનિમિત્ત કર્મને બાંધે છે, એ વચન મૃષા છે; કેમ કે પરસ્ત્રીના ભોગથી સ્વપરના ઉભયના તદ્ભાવને કારણે=સુખભાવને કારણે, વ્યભિચાર છે=કર્મબંધની પ્રાપ્તિરૂપ વ્યભિચાર છે. ।।૯૦૬।।

ટીકા :-

यथेत्युदाहरणोपदर्शने । यः परेषां सुखं करोति स एकान्तेनैव बध्नाति सुखं-सुखनिमित्तं कर्म्मेत्येतद्वचोऽलीकं, तथान्यदप्येवंजातीयकं द्रष्टव्यम् । कथं पुनरिदमलीकमिति चेत् आह–'स परो इत्यादि' परस्त्रीभोगेन यः स्वपरलक्षणस्योभयस्य तद्भावः-सुखभावस्तेन व्यभिचारात्, परस्त्रियं हि भुञ्जानः स्वपरयोर्मदनहुतवहजनितसंतापहारितया सुखहेतुर्भवति, न चासौ सुखनिमित्तं कर्म्म बध्नाति, तस्य भवान्तरे नरकादिकुगतिविनिपातभावात्तथैव प्रवचने श्रवणादिति ।।९०६।।

ટીકાર્થ :-

यथेत्युदाहरणोपदर्शने ..... श्रवणादिति ।। "यथा" એ ઉદાહરણના ઉપદર્શનમાં છે. જે બીજાઓને સુખ કરે છે તે એકાંતથી જ સુખને=સુખનિમિત્ત કર્મને, બાંધે છે એ વચન મૃષા છે. તે પ્રમાણે બીજું પણ આવી જાતિવાળું વચન મૃષા જાણવું. કેવી રીતે વળી આ=બીજાને સુખ કરવાથી પોતાને સુખ થાય છે એ, મૃષા છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો કહે છે – પરસ્ત્રીના ભોગથી જે સ્વપર લક્ષણ ઉભયનો તદ્ભાવ=સુખભાવ, તેની સાથે વ્યભિચાર હોવાથી અલીક છે. હિ=જે કારણથી,

પરસ્ત્રીને ભોગવનાર પોતાના અને પરના કામરૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલ સંતાપને હરણ કરનારપણું હોવાથી સુખનો હેતુ થાય છે અને આ=પરસ્ત્રીને સુખ આપનાર પુરુષ, સુખનું નિમિત્ત એવું કર્મ બાંધતો નથી; કેમ કે તેને ભવાન્તરમાં નરકાદિ કુગતિમાં વિનિપાતનો ભાવ છે. કેમ તેને નરકાદિમાં વિનિપાતનો ભાવ છે તેમાં હેતુ કહે છે – તે પ્રકારે જ=અનાચાર કરનારને નરકાદિની પ્રાપ્તિ થાય છે તે પ્રકારે જ, પ્રવચનમાં શ્રવણ છે. ॥૯૦૬॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે બીજાને કરાતું સુખ=સ્વપરને કરાતું સુખ, તેના કર્તાને એકાંતે સુખનો હેતુ છે, એ કથન વ્યભિચારી છે. કઈ રીતે વ્યભિચારી છે તે સ્પષ્ટ કરે છે. જેમ કોઈ પુરુષ પરસ્ત્રીનો ભોગ કરે તેનાથી પોતાને અને તે સ્ત્રીને સુખ થાય. તેથી તેની તે ભોગની પ્રવૃત્તિથી પોતાને પણ સુખ થાય છે અને અન્યને પણ સુખ થાય છે, તોપણ બંને જીવો સુખનું કારણ બને એવું કર્મ બાંધતા નથી પરંતુ નરકાદિ કુગતિના કારણીભૂત ક્લિષ્ટકર્મો બાંધે છે. તેથી માત્ર પરસ્ત્રીભોગમાં જ આ દૃષ્ટાંત નથી પરંતુ જે પ્રવૃત્તિથી પોતાને અને બીજાને સુખ થતું હોવા છતાં અવિવેકપૂર્વકની તે પ્રવૃત્તિ હોય તો તે પ્રવૃત્તિથી દુઃખનિમિત્તક કર્મબંધ જ થાય છે. માટે સ્વપરના સુખની પ્રવૃત્તિથી સુખનિમિત્તક કર્મ બંધાય છે તેવું એકાંતવચન મૃષાવચન છે. **॥૯૦૬॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને=સ્વપરને સુખ કરવાથી સુખ થાય છે એવું એકાંતવચન મૃષાવાદ છે તેને સ્પષ્ટ કરવા અર્થે "તથા"થી અન્ય કથનનો સમુચ્ચય કરે છે.

ગાથા :-

દુક્ખકરો ચિય એવં નેગંતેણેવ બંધઈ અસુહં ।
જહ લોયાદિ કરેંતો સપરોભયદુક્ખહેઊ વિ ।।૯૦૭।।

છાયા :-

દુઃખકર એવ એવં નૈકાન્તેનૈવ બધ્નાતિ અસુખમ્ ।
યથા લોચાદિ કુર્વન્સ્વપરોભયદુઃખહેતુરપિ ।।૯૦૭।।

ગાથાર્થ :-

દુઃખને કરનાર જ આ રીતે એકાંતથી જ અસુખ=અસુખના કારણ એવાં કર્મો, બાંધતો

નથી. જે પ્રમાણે લોચાદિને કરતા સાધુ સ્વપર ઉભયના દુઃખના હેતુ પણ અશુભ કર્મો બાંધતા નથી. ॥૯૦૭॥

ટીકા :-

यथा सुखकरो नैकान्तेन सुखं बध्नाति एवं दुःखकरोऽपि नैकान्तेनैवासुखम्-असुखनिमित्तं कर्म्म बध्नाति, किंतु कश्चित् सुखनिमित्तमपि, यथा लोचादि कुर्वन् स्वपरोभयदुःखहेतुरपि, स हि तथा लोचादि कुर्वन् परमदिव्यभोगादिनिमित्तमेव कर्म्म बध्नाति ।।९०७।।

ટીકાર્થ :-

यथा ..... बध्नाति ।। જે પ્રમાણે સુખને કરનારો એકાંતથી સુખને બાંધતો નથી=સુખનિમિત્ત કર્મો બાંધતો નથી એ પ્રમાણે દુઃખ કરનાર પણ એકાંતથી જ અસુખ=અસુખનિમિત્ત કર્મો, બાંધતો નથી પરંતુ કોઈક પુરુષ સુખનિમિત્ત પણ કર્મો બાંધે છે. જે પ્રમાણે લોચાદિને કરતા સાધુ સ્વપર ઉભયના દુઃખનો હેતુ પણ તે=લોચ કરનાર મહાત્મા, તે પ્રકારે લોચાદિને કરતા='આ મહાત્માનો લોચ કરીને હું તેના સંયમની વૃદ્ધિમાં નિમિત્ત કારણ બનું' એ પ્રકારના શુભ અધ્યવસાયપૂર્વક લોચાદિકને કરતા, પરમ દિવ્ય ભોગાદિ નિમિત્ત જ કર્મ બાંધે છે. ॥૯૦૭॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે સ્વપરને સુખ કરનારા એકાંતે શુભ કર્મો બાંધતા નથી. એ રીતે સ્વપરને દુઃખ કરનાર પણ એકાંતે જ અશુભ કર્મો બાંધતા નથી. સામાન્યથી ફલિત થાય કે બીજાને દુઃખ કરનાર અશુભ કર્મો બાંધે છે અને પોતાને દુઃખ કરનાર પણ અશુભ કર્મો બાંધે છે, તોપણ તે પ્રકારનો એકાંત નિયમ નથી. આથી જ યોગ્ય ગુણવાન સાધુના સંયમવૃદ્ધિના ઉપાયભૂત લોચાદિને કોઈ અન્ય સાધુ કરે ત્યારે તે લોચાદિની ક્રિયાથી પોતાને પણ કષ્ટ થવાથી દુઃખ થાય છે અને અન્ય સાધુને પણ કષ્ટ થાય છે, તોપણ લોચ કરનાર મહાત્માનો શુભ અધ્યવસાય હોય છે કે 'આ મહાત્માને લોચ ક્રિયા દ્વારા સમભાવની વૃદ્ધિમાં સહાયક હું થાઉં' તેથી યતનાપૂર્વક લોચ કરે છે જેના કારણે લોચ કરનાર તે મહાત્મા પરમ દિવ્ય ભોગાદિના કારણ એવાં શુભ કર્મોને બાંધે છે. માટે સ્વપર ઉભયને દુઃખ કરનાર એકાંતે અશુભ કર્મો જ બાંધે છે, તેમ કહી શકાય નહીં. **॥૯૦૭॥**

અવતરણિકા :-

यदप्युच्यते सुखमेकान्तेन दुःखहेतुर्दुःखं वा सुखहेतुरिति तदप्यलीकमेवेत्येतद्दर्शयति –

અવતરણિકાર્થ :-

સુખ એકાંતથી દુઃખનો હેતુ છે અથવા દુઃખ સુખનો હેતુ છે, એ પ્રમાણે જે વળી કહેવાય છે, તે પણ અલીક જ=મૃષાવચન જ, છે તેને બતાવે છે –

ગાથા :-

न य सुहमसुहस्सेव उ निबंधणं जं जतीण पसमसुहं ।
निव्वाणसुहनिमित्तं भणियं तेलोक्कदंसीहिं ।।९०८।।

છાયા :-

न च सुखमसुखस्यैव तु निबन्धनं यद् यतीनां प्रशमसुखम् ।
निर्वाणसुखनिमित्तं भणितं त्रैलोक्यदर्शिभिः ।।९०८।।

ગાથાર્થ :-

સુખ અસુખનું જ કારણ નથી. જે કારણથી સાધુનું પ્રશમ સુખ નિર્વાણ સુખનું નિમિત્ત ત્રૈલોક્યદર્શી વડે કહેવાયું છે. ॥૯૦૮॥

ટીકા :-

न च सुखमसुखस्यैव तुः पूरणे निबन्धनं-कारणं यत्-यस्मात् यतीनां-साधूनां प्रशमसुखं निर्वाणसुखनिमित्तं भणितं त्रैलोक्यदर्शिभिरिति ।।९०८।।

ટીકાર્થ :-

न च ..... त्रैलोक्यदर्शिभिरिति ।। સુખ અસુખનું જ કારણ નથી. 'तु' શબ્દ પૂરણ અર્થમાં છે. જે કારણથી યતિઓનું=સાધુઓનું, પ્રશમ સુખ નિર્વાણ સુખનું નિમિત્ત છે, એ પ્રમાણે ત્રૈલોક્યદર્શી ભગવાન વડે કહેવાયું છે. ॥૯૦૮॥

ભાવાર્થ :-

વળી, કોઈ એ પ્રકારની વ્યાપ્તિ કરે કે સુખનો અનુભવ એકાંતથી દુઃખનો હેતુ છે, તે વચન મૃષાવચન છે. કેમ મૃષાવચન છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – જે કારણથી સુસાધુઓ તત્ત્વના ભાવનથી કષાયોના ઉપશમજન્ય પ્રશમ સુખને અનુભવે છે. આથી જ ઉપશાંત ચિત્તવાળા સાધુને અનુત્તરવાસી દેવો કરતાં પણ અધિકતર સુખનું વેદન થાય છે, તોપણ તે સુખનું વેદન નિર્વાણ સુખનું કારણ છે, એમ ભગવાન કહે છે પરંતુ તેઓ સુખમાં મહાલે છે, માટે તેઓને દુઃખની પ્રાપ્તિ થશે તેવો નિયમ નથી. ફક્ત તુચ્છ સાંસારિક સુખોમાં આસક્તિવાળા જીવો સુખના વેદનકાળમાં ગાઢ સંશ્લેષને કારણે અશુભ કર્મો બાંધીને દુઃખની પરંપરાની પ્રાપ્તિ કરે છે, તોપણ એવી એકાંત વ્યાપ્તિ નથી. **॥૯૦૮॥**

ગાથા :-

दुक्खंपि न सोक्खस्सेव कारणं जमिह तेणयादीणं ।
चित्ता कदत्थणा खलु नारगदुक्खस्स हेउत्ति ।।९०९।।

છાયા :-

दुःखमपि न सौख्यस्यैव कारणं यदिव स्तेनकादीनाम् ।
चित्रा कदर्थना खलु नारकदुःखस्य हेतुरिति ।।९०९।।

ગાથાર્થ :-

દુઃખ પણ સુખનું જ કારણ નથી. જે કારણથી અહીં=જગતમાં, ચોરાદિની ચિત્રકદર્થના નારક-દુઃખનો હેતુ થાય છે. ।।૯૦૯।।

ટીકા :-

दुःखमपि च नैकान्तेन सौख्यस्यैव कारणं किंतु किंचित् दुःखस्यापि, तथा चाह—यत्-यस्मादिह-जगति स्तेनकादीनां चित्रा कदर्थना दुःखरूपा खलु नारकदुःखस्य हेतुर्भवतीति ।।९०९।।

ટીકાર્થ :-

दुःखमपि ..... हेतुर्भवतीति ।। અને દુઃખ પણ એકાંતથી સુખનું જ કારણ નથી પરંતુ કોઈક દુઃખ દુઃખનું પણ કારણ છે અને તે પ્રમાણે કહે છે — જે કારણથી અહીં=જગતમાં, ચોર આદિની દુઃખરૂપ ચિત્રકદર્થના નારકના દુઃખનો હેતુ થાય છે. ।।૯૦૯।।

ભાવાર્થ :-

જેઓ દુઃખને દ્વેષ વગર સમભાવથી ભોગવે છે, તેઓને દુઃખ સુખનું કારણ છે, તોપણ એકાંતથી દુઃખનું વેદન સુખનું જ કારણ છે, એમ કહી શકાય નહીં. જે કારણથી ચોરી આદિ કરનારા જીવોને લોકમાં ઘણી કદર્થના કરવામાં આવે છે, જે દુઃખરૂપ છે તોપણ તે દુઃખના વેદનકાળમાં ક્લિષ્ટ ચિત્તવાળા એવા તેઓ નરકના દુઃખના કારણીભૂત કર્મોને બાંધે છે. **।।૯૦૯।।**

ગાથા :-

इय अत्थि चेव आया अहवा नत्थित्ति दोवि एगंता ।
एगंतेणं भावाऽभावपसंगाओ अलियं तु ।।९१०।।

છાયા :-

इत्यस्ति एवात्मा अथवा नास्तीति द्वावपि एकान्तौ ।
एकान्तेन भावाभावप्रसङ्गाद् अलीकं तु ।।९१०।।

ગાથાર્થ :-

આ રીતે ઉક્ત પ્રકારથી=સુખદુઃખમાં યોજન કર્યું એ પ્રકારથી, આત્મા છે જ અથવા આત્મા નથી જ એ બંને પણ એકાંત અલીક જ છે; કેમ કે એકાંતથી ભાવ અને અભાવનો પ્રસંગ છે. ।।૯૧૦।।

ટીકા :-

इतिः-एवमुक्तेन प्रकारेण अस्त्येवात्मा अथवा नास्त्येवेति यौ द्वावेकान्तौ तावप्यलीकमेव । तुरेवकारार्थः । कुत इत्याह—एकान्तेन भावाभावप्रसङ्गात्, अस्त्येवेत्युक्ते हि सति पररूपेणापि भावप्रसङ्गः, नास्त्येवेत्युक्ते च स्वरूपेणाप्यभावप्रसङ्ग इति ।।९१०।।

ટીકાર્થ :-

इतिः ..... इति ।। આ રીતે ઉક્ત પ્રકારથી=પૂર્વમાં સુખદુઃખ વિષયક કહ્યું એ પ્રકારથી, 'આત્મા છે જ' અથવા 'આત્મા નથી જ', એ પ્રમાણે જે બે એકાંત છે તે પણ મૃષાવચન જ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. કયા કારણથી એકાંતથી 'આત્મા છે' અથવા 'આત્મા નથી' એ મૃષાવચન છે. એથી કહે છે — એકાંતથી ભાવાભાવનો પ્રસંગ છે. હિ=જે કારણથી, 'છે જ', એ પ્રમાણે કહેવાયે છતે પરરૂપથી પણ ભાવનો પ્રસંગ છે=સદ્ભાવનો પ્રસંગ છે. 'નથી જ' એ પ્રમાણે કહેવાયે છતે સ્વરૂપથી પણ અભાવનો પ્રસંગ છે. ।।૯૧૦।।

ભાવાર્થ :-

સ્યાદ્વાદની દૃષ્ટિ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોઈને અનુભવ અનુસાર પદાર્થનું નિરૂપણ કરે છે, છતાં મુગ્ધતાને વશ કોઈ કહે કે 'એકાંતે આત્મા છે જ' અથવા 'એકાંતે આત્મા નથી જ', તે વચનમાં સ્થૂલથી જોનારને એમ જણાય કે એકાંતથી આત્મા છે, એ વચન સત્ય છે અને એકાંતથી આત્મા નથી, એ વચન અસત્ય છે પરંતુ પરમાર્થથી તો બંને વચન મૃષાવાદરૂપ જ છે; કેમ કે એકાંતથી આત્મા છે જ તેમ કહેવાથી આત્મા પોતાના સ્વરૂપે પણ છે અને પરસ્વરૂપે પણ છે, તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી તે વચન અનુભવથી વિરુદ્ધ છે. વળી, આત્મા એકાંતથી નથી, ત્યાં પણ પરરૂપ આત્મા નથી અને સ્વરૂપથી પણ આત્મા નથી, તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી પદાર્થના અવલોકન વગર મુગ્ધ બુદ્ધિથી બોલાયેલું વચન મૃષાવચન જ છે. **॥૯૧૦॥**

અવતરણિકા :-

एतदेव भावयति —

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વગાથામાં કહ્યું એ કથનને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે —

ગાથા :-

एगंतेणऽत्थित्ते अन्नोऽन्नाभावविरहतो तस्स ।
पररूवेणवि भावो तेसि सरूवं व तदभावो ।।९११।।

છાયા :-

एकान्तेनास्तित्वे अन्योन्याभावविरहतस्तस्य ।
पररूपेणापि भावस्तेषां स्वरूपमिव तदभावः ।।९११।।

ગાથાર્થ :-

એકાંતથી અસ્તિત્વમાં=આત્માના એકાંતથી અસ્તિત્વમાં, અન્યોન્યઅભાવનો વિરહ થવાથી તેનો=આત્માનો, પરરૂપે પણ ભાવ થાય. તેઓના સ્વરૂપની જેમ=પરના સ્વરૂપની જેમ, તેનો અભાવ થાય=આત્માનો અભાવ થાય. ।।૯૧૧।।

ટીકા :-

एकान्तेनास्तित्वे सति अन्योऽन्याभावविरहतः-इतरेतराभावाभावतस्तस्य-आत्मनः पररूपेणापि भावः प्राप्नोति, ततश्च तेषां-परेषां स्वरूपमिव विवक्षितमपि रूपं तदभावः-आत्माभावः स्यात्, यथा परेषां स्वरूपमात्मा न भवति तद्विलक्षणत्वात् तथा विवक्षितमपि रूपं पररूपं(प)सांकर्यादात्मा न भवेदितियावत् ।।९११।।

ટીકાર્થ :-

एकान्तेनास्तित्वे ..... भवेदितियावत् ।। આત्માનું એકાંતથી અસ્તિત્વ હોતે છતે અન્યોન્યાભાવનો વિરહ હોવાથી=ઇતરેતરાભાવનો અભાવ હોવાથી, તેનો=આત્માનો, પરરૂપથી પણ ભાવ પ્રાપ્ત થાય અને તેથી તેઓના=પરના, સ્વરૂપની જેમ વિવક્ષિત પણ રૂપ તેનો અભાવ થાય=આત્માનો અભાવ થાય. જે પ્રમાણે પરના સ્વરૂપે આત્મા નથી; કેમ કે તેનું વિલક્ષણપણું છે=પરના સ્વરૂપનું આત્માના સ્વરૂપથી વિલક્ષણપણું છે, તે પ્રમાણે વિવક્ષિત પણ રૂપ=આત્માનું વિદ્યમાન પણ રૂપ, પરસ્વરૂપની સાથે સાંકર્ય થવાથી આત્મા ન થાય. ।।૯૧૧।।

ભાવાર્થ :-

આત્માનું એકાંતથી અસ્તિત્વ છે એમ કહેવામાં આવે તો આત્માનું આત્મારૂપે અસ્તિત્વ છે, આત્માથી ભિન્ન એવા ઘટપટાદિ રૂપે પણ આત્માનું અસ્તિત્વ છે, એમ પ્રાપ્ત થાય. તેથી આત્માનો અને ઘટપટાદિનો પરસ્પર અભાવ છે, તેનો વિરહ પ્રાપ્ત થાય. તેથી આત્માનો પરરૂપે પણ ભાવ પ્રાપ્ત થાય અને જેમ પર સ્વરૂપ આત્મામાં અભાવ છે, તેમ આત્મામાં પોતાનો પણ અભાવ પ્રાપ્ત થાય; કેમ કે પર સ્વરૂપે આત્માનો ભાવ નથી તે પ્રત્યક્ષ દેખાય છે અને પર સ્વરૂપની સાથે આત્મા અભિન્ન પ્રાપ્ત થવાને કારણે વિવક્ષિત આત્માના સ્વરૂપનો અભાવ પ્રાપ્ત થાય છે. **॥૯૧૧॥**

ગાથા :-

**नत्थित्ते चिय एवं चित्तादीणं अभावतो नियमा ।
आलोयणादभावे ण सिया पडिसेहगोवि धणी ।।९१२।।**

છાયા :-

નાસ્તિત્વે એવ એવં ચિત્તાદીનામભાવનિયમાત્ ।
આલોચનાદ્યભાવે ન સ્યાત્પ્રતિષેધકોઽપિ ધ્વનિઃ ।।૯૧૨।।

ગાથાર્થ :-

આ રીતે નાસ્તિત્વ હોતે છતે=એકાંતે આત્માનું નાસ્તિત્વ હોતે છતે, ચિત્તાદિનો અભાવ થવાથી નિયમથી આલોચનાદિનો અભાવ હોતે છતે પ્રતિષેધક પણ ધ્વનિ થાય નહિ=આત્મા નથી એ પ્રમાણે પ્રતિષેધક વચન થાય નહિ. ।।૯૧૨।।

ટીકા :-

नास्तित्वेऽपि चैवमेकान्तेनाभ्युपगम्यमाने स्वरूपेणाप्यभावप्रसङ्गात् आत्माभावो द्रष्टव्यः, ततश्च तदभावे तद्धर्माणां चित्तादीनामप्यभावतो नियमादालोचनाद्यभावे सति न स्यात्प्रतिषेधकोऽपि ध्वनिः, तथा च सति स्ववचनविरोधः, तस्मान्नास्तित्ववचनसामर्थ्यादेव नैकान्तेनैवात्मनो नास्तित्वं किंतु पररूपापेक्षयैव ।।९१२।।

ટીકાર્થ :-

नास्तित्वेऽपि ..... पररूपापेक्षयैव ।। નાસ્તિત્વમાં પણ આ રીતે એકાંતથી સ્વીકાર કરાયે છતે સ્વરૂપથી પણ અભાવનો પ્રસંગ હોવાથી=આત્માનો આત્મસ્વરૂપે અભાવનો પ્રસંગ હોવાથી, આત્માનો અભાવ જાણવો અને તેથી=આત્માનો અભાવ છે તેથી, આત્માના અભાવમાં તેના ધર્મો ચિત્તાદિનો અભાવ થવાથી=આત્માના ધર્મ એવા મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્તાદિનો અભાવ થવાથી, નિયમથી આલોચનાદિનો અભાવ થયે છતે પ્રતિષેધક ધ્વનિ પણ થાય નહીં=આત્મા નથી એ સ્વરૂપે વચન પ્રયોગ પણ થાય નહીં, અને તેમ હોતે છતે=આત્મા નથી એ પ્રકારે પ્રયોગ થઈ શકે નહીં એમ પ્રાપ્ત થયે છતે, સ્વવચનનો વિરોધ છે=બોલનાર પુરુષ આત્મા નથી તેમ બોલે છે તે વચનનો વિરોધ છે, તે કારણથી નાસ્તિત્વવચનના સામર્થ્યથી જ=આત્મા નથી એ પ્રકારે બોલનારના વચનમાં નાસ્તિત્વના વચનના સામર્થ્યથી જ, એકાંતથી જ આત્માનું નાસ્તિત્વ નથી પરંતુ પરરૂપ અપેક્ષાથી જ આત્માનું નાસ્તિત્વ છે. ।।૯૧૨।।

ભાવાર્થ :-

આત્માનું એકાંતે નાસ્તિત્વ છે એ પ્રમાણે કોઈ કહે તો આત્માનો ધર્મ મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્તાદિનો પણ અભાવ પ્રાપ્ત થાય. આદિ શબ્દથી બોલવાને અનુકૂળ વીર્ય વ્યાપારરૂપ આત્માના ધર્મનો પણ અભાવ પ્રાપ્ત થાય. તેથી કોઈ પુરુષ આલોચનાદિ કરી શકે નહીં અને 'આલોચનાદિનો અભાવ થવાને કારણે આત્મા નથી' એ પ્રકારે વચનપ્રયોગ કરી શકે નહીં. બોલનાર વ્યક્તિ 'આત્મા નથી' એ

પ્રકારે વચન પ્રયોગ કરે છે તેની સાથે તેના કથનનો વિરોધ પ્રાપ્ત થાય માટે 'આત્મા નથી', એ પ્રકારના વચનના સામર્થ્યથી 'કોઈક સ્વરૂપે આત્મા નથી' તેવો જ અર્થ પ્રાપ્ત થાય પરંતુ 'એકાંતે આત્મા નથી' એવો અર્થ પ્રાપ્ત થાય નહીં. અહીં પ્રશ્ન થાય કે 'ક્યા સ્વરૂપે આત્મા નથી ?' એ પ્રકારે જિજ્ઞાસા થાય. તેથી કહે છે – દરેકનો આત્મા બીજાના આત્મા સ્વરૂપે કે ઘટપટાદિ સ્વરૂપે નથી પરંતુ પોતાના જ સ્વરૂપે છે. **॥૯૧૨॥**

અવતરણિકા :-

તથા चाह –

અવતરણિકાર્થ :-

અને તે પ્રમાણે કહે છે='આત્મા નથી' એ કથનથી પર સ્વરૂપે આત્મા નથી તે પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય એમ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે કહે છે –

ગાથા :-

ता अत्थि सरूवेणं पररूवेणं तु नत्थि सिय बुद्धी ।
जमिह सरूवत्थित्तं तं चिय पररूवणत्थित्तं ।।९१३।।

છાયા :-

तस्मादस्ति स्वरूपेण पररूपेण तु नास्ति, स्याद् बुद्धिः ।
यदिह स्वरूपास्तित्वं तदेव पररूपनास्तित्वम् ।।९१३।।

ગાથાર્થ :-

તે કારણથી 'સ્વરૂપથી અસ્તિ, પરસ્વરૂપથી નાસ્તિ' એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. બુદ્ધિ થાય= પૂર્વપક્ષીને બુદ્ધિ થાય, જે અહીં સ્વરૂપનું અસ્તિત્વ છે તે જ પરસ્વરૂપનું નાસ્તિત્વ છે. ॥૯૧૩॥

ટીકા :-

यत एवमुभयथाप्येकान्तपक्षे दोषस्ता-तस्मादस्ति आत्मा स्वरूपेण पररूपेण नास्तीति प्रतिपत्तव्यम् । अत्र परस्य मतमाशङ्कमान आह—'सिय' इत्यादि, स्यादियं बुद्धिः परस्य, यदेवेह भावानां स्वरूपास्तित्वं तदेव पररूपनास्तित्वं नतु ततोऽतिरिक्तं किंचिद्धर्म्मान्तरमिति नोभयकल्पना श्रेयसी ।।९१३।।

ટીકાર્થ :-

यत ..... श्रेयसी ।। જે કારણથી આ રીતે=ગાથા-૯૧૧ અને ૯૧૨માં કહ્યું એ રીતે, ઉભયથા પણ=અસ્તિ અને નાસ્તિ બન્ને પ્રકારે પણ, એકાંત પક્ષમાં દોષ છે. તે કારણથી 'આત્મા સ્વરૂપથી છે, પરરૂપથી નથી' એ રીતે સ્વીકારવું જોઈએ. એમાં='આત્મા સ્વરૂપથી છે પરસ્વરૂપથી નથી' એ કથનમાં, પરના મતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે – આ બુદ્ધિ પરની થાય. જે જ અહીં=

વસ્તુની વિચારણામાં, ભાવોના સ્વરૂપનું અસ્તિત્વ છે તે જ પરસ્વરૂપનું નાસ્તિત્વ છે પરંતુ તેનાથી અતિરિક્ત=પોતાના સ્વરૂપથી અતિરિક્ત, કોઈ ધર્માન્તર નથી એથી ઉભયની કલ્પના='આત્માના સ્વરૂપનું અસ્તિત્વ છે, પરસ્વરૂપનું નાસ્તિત્વ છે' એ રૂપ ઉભયની કલ્પના, શ્રેયકારી નથી=પદાર્થના વાસ્તવિક સ્વરૂપને કહેનારી નથી. ॥૯૧૩॥

ભાવાર્થ :-

પૂર્વના કથનના ફલિતાર્થરૂપે ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં યુક્તિથી બતાવ્યું તે રીતે એકાંતથી સ્વીકારાયેલા બંને પક્ષમાં દોષો છે. તેથી આત્મા સ્વરૂપથી અસ્તિ છે, પરસ્વરૂપથી નાસ્તિ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. આ રીતે અનુભવ અનુસાર જગતવર્તી સર્વ પદાર્થો જે જે સ્વરૂપે છે, તે તે સ્વરૂપે તે પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારવું જોઈએ અને જે પદાર્થો જે સ્વરૂપે નથી તે સ્વરૂપે તે પદાર્થોનું નાસ્તિત્વ સ્વીકારવું જોઈએ. અહીં સ્થૂલબુદ્ધિથી જોતા પરને આ પ્રકારની બુદ્ધિ થાય. વસ્તુમાં રહેલું પોતાનું સ્વરૂપ જ પરરૂપે પોતે નથી તે બતાવે છે પરંતુ પોતાના સ્વરૂપથી અતિરિક્ત પરના સ્વરૂપનો અભાવ વસ્તુમાં નથી તેથી દેખાતા પદાર્થોમાં અસ્તિત્વ, નાસ્તિત્વ બે ધર્મોની કલ્પના ઉચિત નથી; કેમ કે પદાર્થ જે સ્વરૂપે વિદ્યમાન છે તે સ્વરૂપ જ બતાવે છે કે અન્ય સ્વરૂપથી વિલક્ષણ આ સ્વરૂપ છે, તેથી પદાર્થમાં અન્ય સ્વરૂપનો અભાવ છે, તેવી કલ્પના કરવી ઉચિત નથી. **॥૯૧૩॥**

અવતરણિકા :-

अत्राह –

અવતરણિકાર્થ :-

આમાં=પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે 'વસ્તુનું સ્વરૂપ જ અસ્તિત્વ રૂપે છે તેનાથી અતિરિક્ત નાસ્તિત્વ ધર્મ સ્વીકારવાની આવશ્યકતા નથી' એ કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

तत्तो य तस्सऽभेदे तेणं रहितं तयं तओ नियमा ।
पावइ पररूवंपि हु तम्मी तत्तो य तदभावो ।।९१४।।

છાયા :-

ततश्च तस्याभेदे तेन रहितं तत्ततो नियमात् ।
प्राप्नोति पररूपमपि हु तस्मिन् ततश्च तदभावः ।।९१४।।

ગાથાર્થ :-

અને તેથી=સ્વરૂપના સત્ત્વથી, તેનો અભેદ હોતે છતે=પરરૂપના નાસ્તિત્વનો અભેદ હોતે છતે, તેનાથી રહિત=પરરૂપના નાસ્તિત્વથી રહિત, તે=સ્વરૂપસત્ત્વ, છે તેથી નિયમથી તેમાં=

સ્વરૂપસત્ત્વમાં, પરરૂપ પણ પ્રાપ્ત થાય અને તેથી=સ્વરૂપસત્ત્વમાં પરરૂપની પ્રાપ્તિ થવાથી, તેનો અભાવ=સ્વરૂપસત્ત્વનો અભાવ, પ્રાપ્ત થાય. ।।૯૧૪।।

ટીકા :-

यदि स्वरूपास्तित्वमेव पररूपनास्तित्वमभ्युपगम्यते तर्हि तयोरभेदोऽभ्युपगतः स्यात्, तथा च सति ततः-स्वरूपसत्त्वात्तस्य-पररूपनास्तित्वस्याभेदे सति तेन-पररूपनास्तित्वेन रहितं तत्-स्वरूपसत्त्वं, ततश्च नियमाद्-अवश्यंतया तस्मिन्-स्वरूपसत्त्वे पररूपमपि प्राप्नोति, तथाहि—यदि स्वरूपसत्त्वादव्यतिरिक्तं पररूपनास्तित्वं ततस्तदव्यतिरिक्तत्वात्स्वरूपवत् पररूपनास्तित्वं स्वरूपसत्त्वमेव जातं ततः पररूपनास्तित्वाभावस्तथा च सति बलात्तत्र पररूपास्तित्वं प्रसज्यते, विधिप्रतिषेधयोरेकतरप्रतिषेधस्यापरविधिनान्तरीयकत्वात्, ततश्च पररूपेणाप्यस्तित्वप्रसङ्गात्तदभावः-स्वरूपसत्त्वाभावः प्राप्नोति ।।९१४।।

ટીકાર્થ :-

यदि ..... प्राप्नोति ।। જો સ્વરૂપનું અસ્તિત્વ જ પરસ્વરૂપનું નાસ્તિત્વ સ્વીકાર કરાય છે તો તે બેનો=સ્વરૂપનું અસ્તિત્વ અને પરસ્વરૂપનું નાસ્તિત્વ એ બેનો, અભેદ સ્વીકાર થાય અને તે પ્રમાણે હોતે છતે=તેના સ્વરૂપના સત્ત્વની સાથે પરરૂપના નાસ્તિત્વનો અભેદ થયે છતે, તે પરરૂપ નાસ્તિત્વરહિત એવું તે સ્વરૂપસત્ત્વ છે અને તેથી=પરરૂપ નાસ્તિત્વરહિત વસ્તુનું સ્વરૂપસત્ત્વ છે તેથી, નિયમથી=અવશ્યપણાથી, તે સ્વરૂપસત્ત્વમાં પરરૂપ પણ પ્રાપ્ત થાય. તે આ પ્રમાણે — જો સ્વરૂપસત્ત્વથી અવ્યતિરિક્ત પરરૂપ નાસ્તિત્વ છે તો તેના અવ્યતિરિક્તપણાથી=પરરૂપના નાસ્તિત્વની સાથે સ્વરૂપના સત્ત્વનું અવ્યતિરિક્તપણું હોવાથી, સ્વરૂપની જેમ પરરૂપનું નાસ્તિત્વ સ્વરૂપસત્ત્વ જ થયું તેથી પરરૂપના નાસ્તિત્વનો અભાવ છે અને તેમ હોતે છતે=પરરૂપના નાસ્તિત્વનો અભાવ હોતે છતે, બળાત્કારથી ત્યાં=તે વસ્તુમાં, પરરૂપનું અસ્તિત્વ પ્રાપ્ત થાય અર્થાત્ પરરૂપના નાસ્તિત્વનો અભાવ હોય તો પરરૂપનું અસ્તિત્વ પ્રાપ્ત થાય; કેમ કે વિધિ અને પ્રતિષેધમાંથી એકતરના પ્રતિષેધનું અપરવિધિની સાથે અવિનાભાવિપણું છે અર્થાત્ પરરૂપના નાસ્તિત્વનો અભાવ કહેવાથી પરરૂપના નાસ્તિત્વનો પ્રતિષેધ થયો તેથી પરરૂપના નાસ્તિત્વથી અપર એવા પરરૂપના અસ્તિત્વનું અવિનાભાવિપણું થાય અને તેથી=સ્વરૂપસત્ત્વની જેમ પરરૂપનું પણ સત્ત્વ પ્રાપ્ત થવાથી પરરૂપથી પણ અસ્તિત્વના પ્રસંગ હોવાને કારણે=તે વસ્તુ જેમ સ્વરૂપથી છે તેમ પરરૂપથી પણ તે વસ્તુના અસ્તિત્વના સ્વીકારનો પ્રસંગ હોવાને કારણે, તેનો અભાવ=સ્વરૂપના સત્ત્વનો અભાવ, પ્રાપ્ત થાય. ।।૯૧૪।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે પૂર્વપક્ષી પદાર્થના સ્વરૂપના અસ્તિત્વને જ પરરૂપના નાસ્તિત્વરૂપે સ્વીકારે તો સ્વરૂપનું સત્ત્વ અને પરરૂપનું નાસ્તિત્વ બંને પૃથક્ નથી પરંતુ સ્વરૂપના સત્ત્વરૂપ જ પરરૂપનું અસત્ત્વ છે.

આ રીતે સ્વરૂપના સત્ત્વની સાથે પરરૂપના નાસ્તિત્વનો અભેદ સ્થાપન કરાયે છતે પરરૂપના નાસ્તિત્વનો અભાવ પ્રાપ્ત થાય અર્થાત્ સ્વરૂપના સત્ત્વથી અતિરિક્ત પરરૂપના નાસ્તિત્વનો અભાવ પ્રાપ્ત થાય અને પરરૂપના નાસ્તિત્વનો અભાવ તે વસ્તુમાં સ્વીકારવામાં આવે તો અર્થથી પરરૂપના અસ્તિત્વની પ્રાપ્તિ થાય અને પરરૂપના અસ્તિત્વની તે વસ્તુમાં પ્રાપ્તિ થાય તો તે વસ્તુના સ્વરૂપનો જ અભાવ પ્રાપ્ત થાય.

જેમ ચૈત્ર નામના પુરુષમાં મૈત્રના નાસ્તિત્વનો અભાવ પ્રાપ્ત થાય તો મૈત્રના સત્ત્વની જ ચૈત્રમાં પ્રાપ્તિ થાય અને ચૈત્ર નામના પુરુષમાં મૈત્રના સત્ત્વની પ્રાપ્તિ થાય તો તે પુરુષને ચૈત્ર કહી શકાય નહીં તેથી ચૈત્રમાં ચૈત્રના સ્વભાવના અભાવની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે પદાર્થમાં જેમ સ્વરૂપ અસ્તિત્વરૂપે વિદ્યમાન છે, તેમ પદાર્થમાં અન્ય પદાર્થનું સ્વરૂપ નાસ્તિત્વરૂપે પણ વિદ્યમાન છે. તે કથનથી એ ફલિત થાય કે, જગતમાં જે આત્માદિ વસ્તુઓ છે, તેનું નિજ સ્વરૂપે અસ્તિત્વ છે અને પરરૂપથી નાસ્તિત્વ છે. આ પ્રકારે પદાર્થમાં બે પ્રકારના ધર્મો છે અને બંને ભિન્ન પ્રવૃત્તિઓનાં નિમિત્ત છે અર્થાત્ સ્વરૂપના ભાવની પરિણતિ અને પરરૂપના અભાવની પરિણતિના કારણે સ્વભાવ ભેદ લક્ષણ ભિન્ન પ્રવૃત્તિના નિમિત્ત બે ધર્મો છે, તેમ સ્વીકારવું જોઈએ અને તેમ સ્વીકારવાથી પરકલ્પિત એકાંતનો નિષેધ થાય છે અને પદાર્થ અનેકાન્તાત્મક છે, તેની સિદ્ધિ થાય છે. **॥૯૧૪॥**

ગાથા :-

भण्णइ अत्थित्तं चिय नत्थित्तं णणु विरुद्धमेयंति ।
परिकप्पियं अह तयं इय इतरं सव्वरूवं तु ।।९१५।।

છાયા :-

भण्यतेऽस्तित्वमेव नास्तित्वं ननु विरुद्धमेतदिति ।
परिकल्पितमथ तदिति इतरत् सर्वरूपं तु ।।९१५।।

ગાથાર્થ :-

ઉત્તર અપાય છે=પૂર્વગાથામાં કરેલી શંકાનો પૂર્વપક્ષીને ઉત્તર અપાય છે – અસ્તિત્વ જ નાસ્તિત્વ છે એ ખરેખર વિરુદ્ધ છે. હવે તે=નાસ્તિત્વ, પરિકલ્પિત છે તો ઇતર=અસ્તિત્વ, સર્વરૂપે થાય. ॥૯૧૫॥

ટીકા :-

स्यादेतत् न यदेव स्वरूपास्तित्वं तदेव पररूपनास्तित्वमित्यनेनास्तित्वनास्तित्वयोरभेदो भण्यते किंत्वस्तित्वमेवस्वरूपसत्त्वमेव पररूपनास्तित्वं-पररूपासत्त्वं ततो यथोक्तदोषानवकाश इत्यत्राह– 'ननु विरुद्धमेयंतित्ति' नन्वेतत्-अस्तित्वमेव नास्तित्वमिति विरुद्धं, तथाहि–येनैव रूपेणास्तित्वं कथं तेनैव रूपेण नास्तित्वमिति विरोधः । अत्र पराभिप्रायमाह–'परीत्यादि' अथोच्येत तत्-

पररूपनास्तित्वं तत्र परिकल्पितं ततः पररूपेणायमात्मा नास्तीति व्यवहारस्य सिद्धत्वाददोषः । अत्राह—'इय इत्यादि' इतिः-एवं सति इतरत्-स्वरूपसत्त्वं सर्वरूपमेव-सर्वरूपानुसृष्टमेव प्राप्नोति, तुरेवकारार्थः, तथाहि—पररूपनास्तित्वं तत्र परिकल्पितं, परिकल्पितं च परमार्थतोऽसत्, ततश्च पररूपनास्तित्वाभावे पररूपास्तित्वं प्रसज्यते, यथोक्तं प्राक् ।।९१५।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... प्राक् ।। આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય — જે જ સ્વરૂપનું અસ્તિત્વ છે તે જ પરરૂપનું નાસ્તિત્વ છે. તેથી આના દ્વારા અસ્તિત્વ-નાસ્તિત્વનો અભેદ કહેવાતો નથી પરંતુ અસ્તિત્વ જ=સ્વરૂપસત્ત્વ જ, પરરૂપ નાસ્તિત્વ છે=પરરૂપ અસત્ત્વ છે, તેથી પૂર્વમાં કહેલા દોષનો અવકાશ નથી=પૂર્વની ગાથામાં કહેલું કે સ્વરૂપનું અસ્તિત્વ જ પરરૂપના નાસ્તિત્વરૂપે સ્વીકારવામાં આવશે તો સ્વરૂપના સત્ત્વનો અભાવ પ્રાપ્ત થશે તેરૂપ દોષનો અવકાશ નથી. તે પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે.

ખરેખર આ=અસ્તિત્વ-નાસ્તિત્વ છે એ, વિરુદ્ધ છે=વસ્તુના સ્વરૂપનું અસ્તિત્વ છે એ જ પરરૂપનું નાસ્તિત્વ છે એ કથન વિરુદ્ધ છે.

કઈ રીતે વિરોધી છે તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે —

જે સ્વરૂપથી અસ્તિત્વ છે=વસ્તુનું અસ્તિત્વ છે, તે જ સ્વરૂપથી કેવી રીતે નાસ્તિત્વ છે ? એ પ્રકારનો વિરોધ છે.

અહીં પરના અભિપ્રાયને કહે છે. હવે તે કહેવાય છે=પર વડે કહેવાય છે.

પરરૂપનું નાસ્તિત્વ ત્યાં=વસ્તુમાં, પરિકલ્પિત છે અર્થાત્ પરરૂપનું નાસ્તિત્વ નથી કેવળ કલ્પનાથી કહેવાય છે. તેથી પરરૂપથી આ આત્મા નથી એ પ્રકારનું વ્યવહારનું સિદ્ધપણું હોવાને કારણે અદોષ છે=ચૈત્ર નામની વ્યક્તિ મૈત્રરૂપે નથી એ પ્રકારનો વ્યવહાર પરિકલ્પિત નાસ્તિત્વથી છે માટે દોષ નથી.

આમાં=પૂર્વપક્ષીના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે — આમ હોતે છતે=પરરૂપનું નાસ્તિત્વ પરિકલ્પિત છે એમ હોતે છતે, સ્વરૂપસત્ત્વ સર્વરૂપ જ=સર્વરૂપે, અનુસરણ કરાયેલું જ પ્રાપ્ત થાય. તુ શબ્દ એવકાર અર્થવાળો છે. આ કથનને જ 'तथाहि'થી સ્પષ્ટ કરે છે —

પરરૂપનું નાસ્તિત્વ ત્યાં=વસ્તુમાં, પરિકલ્પિત છે=પૂર્વપક્ષીના મતે પરિકલ્પિત છે અને પરિકલ્પિત સ્વરૂપ પરમાર્થથી અસત્ છે અને તેથી=પરરૂપનું નાસ્તિત્વ વસ્તુમાં અસત્ છે તેથી, પરરૂપના નાસ્તિત્વનો અભાવ હોતે છતે પૂર્વમાં જે પ્રમાણે કહેવાયું તે પ્રમાણે પરરૂપનું અસ્તિત્વ પ્રાપ્ત થાય. ।।૯૧૫।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે કે વસ્તુના સ્વરૂપનું અસ્તિત્વ પરરૂપના નાસ્તિત્વરૂપ છે પરંતુ વસ્તુમાં રહેલા અસ્તિત્વથી

અતિરિક્ત પરરૂપનું નાસ્તિત્વ નથી માટે વસ્તુને સ્વરૂપથી અસ્તિ છે અને પરરૂપથી નાસ્તિ છે એમ સ્વીકારવાની આવશ્યકતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુમાં રહેલું અસ્તિત્વ જ નાસ્તિત્વરૂપ છે એ કથન વિરુદ્ધ છે. જેમ કોઈ કહે કે ઘટ જ પટ છે એ વચનવિરુદ્ધ છે તેમ વસ્તુમાં રહેલું અસ્તિત્વ જ નાસ્તિત્વરૂપ છે એમ કહેવું વિરુદ્ધ છે. અહીં પર કહે કે વસ્તુમાં પરરૂપનું નાસ્તિત્વ પરિકલ્પિત છે તેથી નાસ્તિત્વ નથી પરંતુ વસ્તુનું અસ્તિત્વ માત્ર જ છે અને પરિકલ્પિત એવા નાસ્તિત્વથી 'આ આત્મા પરરૂપે નથી' એમ વ્યવહાર થાય છે માટે ચૈત્ર નામના પુરુષને જોઈને 'આ મૈત્ર નથી' તેવો વ્યવહાર પણ સંગત થાય છે અને ચૈત્રમાં ચૈત્રનું અસ્તિત્વ માત્ર છે, મૈત્રનું નાસ્તિત્વ પરિકલ્પિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

ચૈત્રમાં મૈત્રનું નાસ્તિત્વ પરિકલ્પિત હોય તો ચૈત્રનું જે સ્વરૂપસત્ત્વ છે તે સર્વ સ્વરૂપને અનુસરનાર છે એમ પ્રાપ્ત થાય. અર્થાત્ ચૈત્રનું ચૈત્ર સ્વરૂપે પણ સત્ત્વ છે, મૈત્ર સ્વરૂપે પણ સત્ત્વ છે, અન્ય અન્ય સ્વરૂપે પણ સત્ત્વ છે એમ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે પરરૂપનું નાસ્તિત્વ પરિકલ્પિત હોય તો પરમાર્થથી અસત્ છે અને અસત્ એવું પરરૂપનું નાસ્તિત્વ હોતે છતે પરરૂપનું અસ્તિત્વ વસ્તુમાં પ્રાપ્ત થાય માટે ચૈત્રને સર્વ સ્વરૂપે સ્વીકારવાની આપત્તિ આવે તેથી દરેક વસ્તુ સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે એમ સ્વીકારવું જોઈએ અને તેમ ન સ્વીકારવામાં આવે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય. **॥૯૧૫॥**

અવતરણિકા :-

उपसंहरति –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૧૦માં કહ્યું કે 'આત્મા અસ્તિ જ છે અને આત્મા નાસ્તિ જ છે' એ બંને વચનમૃષાવાદ છે; કેમ કે આત્મા સ્વરૂપથી અસ્તિ જ છે અને પરરૂપથી નાસ્તિ જ છે પરંતુ એકાંતથી અસ્તિ નથી, એકાંતથી નાસ્તિ નથી. તેનું અત્યાર સુધી ભાવન કર્યું તે કથનનો ઉપસંહાર કરે છે.

ગાથા :-

तस्सेव धम्मरूवे नियपररूवेहिं अत्थिणत्थित्ते ।
भिन्नपवित्तिनिमित्ते तम्हा तत्तं अणेगंतो ।।९१६।।

છાયા :-

तस्यैव धर्मरूपे निजपररूपाभ्यामस्तिनास्तित्वे ।
भिन्नप्रवृत्तिनिमित्ते तस्माद् तत्त्वमनेकान्तः ।।९१६।।

ગાથાર્થ :-

તેના જ=આત્માદિના જ, નિજપરરૂપથી અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ બે ધર્મો ભિન્ન પ્રવૃત્તિનિમિત્ત સ્વીકારવા જોઈએ. તે કારણથી અનેકાંત તત્ત્વ છે. ॥૯૧૬॥

ટીકા :-

यत एवमेकान्ताभ्युपगमे दोषस्तस्मात्तस्यैवात्मादेः धर्म्मरूपे निजपररूपाभ्यामस्तित्वनास्तित्वे भिन्न-प्रवृत्तिनिमित्ते-स्वपररूपभावाभावपरिणतिनिबन्धनस्वभावभेदलक्षणभिन्नप्रवृत्तिनिमित्ते प्रतिपत्तव्ये । तथा च सति तत्त्वमनेकान्त एव न तु परपरिकल्पित एकान्त इति ।।९१६।।

ટીકાર્થ :-

यत ..... इति ।। જે કારણથી આ રીતે=પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, એકાંત સ્વીકારવામાં દોષ છે તે કારણથી તેના જ=આત્માદિના જ, નિજપરસ્વરૂપથી અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ બે ધર્મો ભિન્ન પ્રવૃત્તિનિમિત્ત સ્વીકારવા જોઈએ=સ્વરૂપથી ભાવ અને પરરૂપથી અભાવરૂપ પરિણતિના કારણ એવા સ્વભાવભેદરૂપ ભિન્ન પ્રવૃત્તિનિમિત્ત સ્વીકારવા જોઈએ અને તેમ હોતે છતે=ભિન્ન પ્રવૃત્તિનિમિત્ત વસ્તુના બે ધર્મો સ્વીકાર કર્યા તેમ હોતે છતે, તત્ત્વ અનેકાંત જ છે પરંતુ પરપરિકલ્પિત એકાંત નથી. ॥૯૧૬॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી યુક્તિથી બતાવ્યું કે પદાર્થનું સ્વરૂપ જેમ અસ્તિત્વરૂપે વિદ્યમાન છે, તેમ પદાર્થમાં અન્ય પદાર્થનું નાસ્તિત્વ સ્વરૂપ પણ વિદ્યમાન છે. તે કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે. જગતમાં જે આત્માદિ વસ્તુઓ છે, તેનું નિજસ્વરૂપથી અસ્તિત્વ છે અને પરરૂપથી નાસ્તિત્વ છે. આ પ્રકારે પદાર્થમાં બે પ્રકારના ધર્મો છે અને તે બંને ધર્મો ભિન્ન પ્રવૃત્તિઓનાં નિમિત્ત છે અર્થાત્ સ્વરૂપના ભાવની પરિણતિ અને પરરૂપના અભાવની પરિણતિના કારણે સ્વભાવભેદલક્ષણ ભિન્ન પ્રવૃત્તિના નિમિત્ત બે ધર્મો છે તેમ સ્વીકારવું જોઈએ અને તેમ સ્વીકારવાથી પરપરિકલ્પિત એકાંતનો નિષેધ થાય છે અને પદાર્થ અનેકાન્તાત્મક છે તેની સિદ્ધિ થાય છે. **॥૯૧૬॥**

અવતરણિકા :-

अत्रापर आह —

અવતરણિકાર્થ :-

અહીં=ગ્રંથકારશ્રીએ પદાર્થ સ્વરૂપથી અસ્તિત્વ છે અને પરરૂપથી નાસ્તિત્વ છે એ રૂપ અનેકાન્ત સ્થાપન કર્યું એમાં, બીજા કહે છે —

ગાથા :-

नत्थि च्चिय खरसंगं एगंतो ते न बुद्धिधणिभावा ।
अहवा पररूवेणं नत्थि सरूवेण अत्थित्ति ।।९१७।।

છાયા :-

नास्त्येव खरशृंगमेकान्तस्तत्र बुद्धिध्वनिभावात् ।
अथवा पररूपेण नास्ति स्वरूपेणास्तीति ।।९१७।।

ગાથાર્થ :-

ખરશૃંગ નથી જ એ પ્રમાણે એકાંત છે, તે નથી; કેમ કે બુદ્ધિ અને ધ્વનિનો ભાવ છે અથવા પરરૂપે નથી=ખરશૃંગનો અભાવ પરરૂપે નથી, સ્વરૂપે છે. ।।૯૧૭।।

ટીકા :-

नास्त्येव खरशृङ्गं न हि तत् कथंचित् अस्तीति वक्तुं पार्यते, तस्य सर्वथा तुच्छरूपत्वात्, अतोऽस्ति तत्त्वमेकान्तोपीति । अत्राह—'नेत्यादि' यदेतदुक्तं तत्रेति प्रतिषेधयति । कुत इत्याह—तत्रापि बुद्धिध्वनिभावात्, तदभावोऽपि हि ज्ञायते शब्देन वोच्यते न चैकान्त(तुच्छ)रूपे बुद्धिध्वनी प्रवर्त्तेते । तस्मात्खरस्य शिरसि शृङ्गसंबन्धरहितत्वलक्षणः परिणतिविशेष एव खरशृङ्गाभावः, स च परिणतिविशेषो वस्तुस्वभावस्तत्कथमेष खरशृङ्गाभा(वोऽभा)व एवोच्यते?, स्वरूपेणास्तित्वस्यापि भावादिति । प्रकारान्तरेणामुमेकान्तं विघटयन्नाह—'अहवेत्यादि'भवत्वेकान्तेन तुच्छरूपं खरशृङ्गं यथा परैः कल्प्यते तथापि न तत् एकान्तेन नास्त्येव, यतस्तदपि पररूपेण नास्ति स्वरूपेण पुनरस्त्येव ।।९१७।।

ટીકાર્થ :-

नास्त्येव ..... पुनरस्त्येव ।। ગધેડાને શિંગડું નથી જ. हि=જે કારણથી, તે=ખરશૃંગ, કોઈ રીતે છે, એ પ્રમાણે કહેવું શક્ય નથી જ; કેમ કે તેનું=ખરશૃંગનું, સર્વથા તુચ્છરૂપપણું છે=અભાવરૂપપણું છે. આથી અસ્તિ એકાંત પણ તત્ત્વ છે=વિદ્યમાન પદાર્થને અસ્તિ કહેવું એ રૂપ એકાંત પણ તત્ત્વ છે. અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે — જે આ પર વડે કહેવાયું તે નથી, એ પ્રકારે પ્રતિષેધ કરે છે=ગ્રંથકારશ્રી નિષેધ કરે છે. પર વડે કહેવાયું તે કયા કારણથી નથી. એથી કહે છે — ત્યાં પણ= 'ખરશૃંગ નથી જ' એ પ્રકારના કથનમાં પણ, બુદ્ધિધ્વનિનો ભાવ હોવાથી, પૂર્વપક્ષીનું કથન ઉચિત નથી એમ અન્વય છે. हि=જે કારણથી, તેનો અભાવ પણ જણાય છે અથવા શબ્દથી કહેવાય છે અને એકાંત તુચ્છરૂપમાં બુદ્ધિ અને ધ્વનિ પ્રવર્તતાં નથી, તે કારણથી ખરના મસ્તકમાં શૃંગ સંબંધ રહિતત્વ લક્ષણ પરિણતિવિશેષ જ ખરશૃંગનો અભાવ છે અને તે પરિણતિવિશેષ વસ્તુનો સ્વભાવ

છે, તે કારણથી આ ખરશૃંગનો અભાવ જ કેવી રીતે કહેવાય ? અર્થાત્ એકાંતથી ખરશૃંગનો અભાવ કહી શકાય નહીં; કેમ કે સ્વરૂપથી અસ્તિત્વનો પણ ભાવ છે=ખરનું મસ્તક સ્વરૂપથી અસ્તિત્વવાળું છે, એ શૃંગના સંબંધના અભાવવાળું છે તેથી સ્વરૂપથી અસ્તિત્વ અને શૃંગસંબંધરૂપે નાસ્તિત્વ છે.

પ્રકારાન્તરથી આ એકાંતને=ખરશૃંગ એકાંતથી નથી એ એકાંતને, વિઘટન કરતાં કહે છે – એકાંતથી તુચ્છરૂપ ખરશૃંગ હો, જે પ્રમાણે પર વડે કલ્પાય છે, તોપણ તે=તુચ્છરૂપ ખરશૃંગ, એકાંતથી નથી જ એમ નહીં, જે કારણથી તે પણ પરરૂપે નથી=ખરશૃંગના અભાવના અભાવ સ્વરૂપે નથી, પરંતુ સ્વરૂપે છે જ=ખરશૃંગના અભાવ સ્વરૂપે છે જ. ॥૯૧૭॥

અવતરણિકા :-

ननु यदि तदपि स्वरूपेणास्तीत्युच्यते ततो घटादिवत्तस्यापि भावः प्राप्नोति, इत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે. જો આ રીતે તે પણ=ખરશૃંગ પણ, સ્વરૂપથી જ છે એ પ્રમાણે કહેવાય છે તો ઘટાદિની જેમ તેનો પણ=ખરશૃંગનો પણ, ભાવ પ્રાપ્ત થાય. એથી કહે છે –

ગાથા :-

नत्थित्तत्थित्तेणं तदभावे तस्स पावती भावो ।
नत्थित्तत्थित्तं पुण विन्नेयमभावभावो उ ।।९१८।।

છાયા :-

नास्तित्वास्तित्वेन तदभावे तस्य प्राप्नोति भावः ।
नास्तित्वास्तित्वं पुनर्विज्ञेयमभावभावस्तु ।।९१८।।

ગાથાર્થ :-

નાસ્તિત્વરૂપ અસ્તિત્વ સ્વરૂપથી ખરશૃંગનું અસ્તિત્વ છે. તેનો અભાવ હોતે છતે=નાસ્તિત્વરૂપ અસ્તિત્વનો અભાવ હોતે છતે, તેનો ભાવ=ખરશૃંગનો ભાવ, પ્રાપ્ત થાય. નાસ્તિત્વરૂપ અસ્તિત્વ વળી અભાવરૂપપણાથી ભાવ જ જાણવો. ॥૯૧૮॥

ટીકા :-

नास्तित्वास्तित्वलक्षणेन स्वरूपेण तदस्तीत्युच्यते न पुनर्घटादिवत् भावरूपेण ततो न पूर्वोक्तदोषप्रसङ्गः । इत्थं चैतदङ्गीकर्त्तव्यम्, अन्यथा तदभावे-नास्तित्वरूपास्तित्वाभावे सति तस्य-खरशृङ्गस्य भावः प्राप्नोति, नास्तित्वाभावे हि बलादस्तित्वमेवापद्यते इति भावः । नास्तित्वास्तित्वं पुनर्विज्ञेयम् 'अभावभावो उत्ति' अभावरूपतया यो भावः स एव । तुरवधारणार्थः ।।९१८।।

ટીકાર્થ :-

नास्तित्वास्तित्वलक्षणेन ..... तुरवधारणार्थः ।। નાસ્તિત્વ સ્વરૂપ અસ્તિત્વ લક્ષણ સ્વરૂપથી તે=ખરશૃંગ, છે, એ પ્રમાણે કહેવાય છે='ખરશૃંગ નથી' એ પ્રકારના પ્રયોગમાં ખરશૃંગના અભાવરૂપ જ અસ્તિત્વ છે તેથી ખરશૃંગના અભાવ સ્વરૂપથી જ ખરશૃંગનો અભાવ છે એ પ્રમાણે કહેવાય છે, પરંતુ ઘટાદિની જેમ ભાવરૂપે ખરશૃંગના અભાવનું અસ્તિત્વ નથી. તેથી પૂર્વોક્ત દોષનો પ્રસંગ નથી= અવતરણિકામાં કહેલ દોષનો પ્રસંગ નથી, અને આ=ખરશૃંગનો અભાવ, નાસ્તિત્વરૂપે જ છે, એ સ્વીકારવું જોઈએ. અન્યથા=તેવું ન માનો તો, તેનો અભાવ હોતે છતે=નાસ્તિત્વરૂપ અસ્તિત્વનો અભાવ હોતે છતે, તેનો=ખરશૃંગનો, ભાવ પ્રાપ્ત થાય. हि=જે કારણથી, નાસ્તિત્વના અભાવમાં=ખરશૃંગના નાસ્તિત્વના અભાવમાં, બલાત્કારે અસ્તિત્વ જ=ખરશૃંગનું અસ્તિત્વ જ, ઉપપન્ન થાય એ પ્રકારનો ભાવ છે. નાસ્તિત્વરૂપ જ અસ્તિત્વ વળી અભાવરૂપપણાથી જે ભાવ તે જ વિજ્ઞેય છે. 'तु' શબ્દ અવધારણ અર્થવાળો છે. ।।૯૧૮।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વસ્તુ સ્વરૂપે અસ્તિ છે અને પરરૂપે નાસ્તિ છે પરંતુ એકાંતથી અસ્તિ જ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે ખરશૃંગ એકાંતથી નથી જ તેમ ઘટ-પટાદિ વસ્તુ એકાંતથી છે જ, તેમ કહી શકાય. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ખરશૃંગ પણ એકાંતથી નથી તેમ નથી, પરંતુ બુદ્ધિ અને ધ્વનિરૂપે તેનો ભાવ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ખરશૃંગ નથી, એ પ્રકારે જે બુદ્ધિ થાય છે અથવા એ પ્રકારે જે વચન બોલાય છે, તે ખર અને શૃંગ એ બેને આશ્રયીને બોલાય છે, ત્યાં ખરના મસ્તક ઉપર શૃંગના સંબંધની પરિણતિનો અભાવ છે, તેવો બોધ થાય છે. તેથી=ખરના મસ્તક ઉપર શૃંગના સંબંધની પરિણતિનો અભાવ છે તેવો બોધ થાય છે તેથી, ખરના મસ્તક ઉપર શૃંગના સંબંધનો અભાવ છે અને ખરનું મસ્તક વિદ્યમાન છે, તેથી ખરના મસ્તકની શૃંગના સંબંધના અભાવરૂપે જ ઉપસ્થિતિ થાય છે અને ખરના મસ્તકની સ્વરૂપરૂપે ભાવની ઉપસ્થિતિ થાય છે. તેથી, ખરશૃંગ નથી એ પ્રયોગમાં પણ સર્વથા અભાવની પ્રાપ્તિ નથી.

'અથવા'થી અન્ય પ્રકારે ખરશૃંગ નથી, એ પ્રયોગમાં અનેકાન્ત બતાવે છે. અન્ય કહે છે તેમ એકાંતથી ખરશૃંગ તુચ્છરૂપ હોય તોપણ જે પ્રમાણે પર વડે કલ્પના કરાય છે, તે પ્રમાણે એકાંતથી ખરશૃંગ નથી જ તેમ નથી; કેમ કે ખરશૃંગ પણ પરસ્વરૂપે નથી, સ્વસ્વરૂપે વળી વિદ્યમાન છે જ અર્થાત્ ખરશૃંગ નથી એ રૂપ સ્વરૂપથી ખરશૃંગનો અભાવ વિદ્યમાન છે અને તેના અભાવરૂપ પરસ્વરૂપથી નથી અર્થાત્ ખરશૃંગ નથી, તેના અભાવરૂપ જે ખરશૃંગ છે એ રૂપ પરસ્વરૂપથી ખરશૃંગનો અભાવ છે.

પૂર્વગાથા-૯૧૭માં કહ્યું કે ખરશૃંગ નથી, એ પણ સ્વરૂપે અસ્તિ છે અને પરરૂપે નાસ્તિ છે. ત્યાં કોઈને શંકા થાય કે જેમ ઘટાદિ સ્વરૂપથી અસ્તિ છે. તેથી ચક્ષુ આદિથી તેનું અસ્તિત્વ દેખાય છે, તેમ ખરશૃંગનું અસ્તિત્વ કેમ દેખાતું નથી ? તેથી કહે છે – નાસ્તિત્વરૂપ અસ્તિત્વસ્વરૂપથી ખરશૃંગ અસ્તિ છે. તેથી

ખરશૃંગ નથી, એ સ્વરૂપે જ તેના=ખરશૃંગના, અસ્તિત્વની પ્રતીતિ છે અને તેવું ન માનવામાં આવે તો નાસ્તિત્વરૂપ અસ્તિત્વના અભાવમાં ખરશૃંગનો ભાવ પ્રાપ્ત થાય. ॥૯૧૭-૯૧૮॥

અવતરણિકા :-

पुनरपि परः प्रकारान्तरेण एकान्तमुपदर्शयति –

અવતરણિકાર્થ :-

ફરી પણ પર=એકાંતવાદી, પ્રકારાન્તરથી એકાંતને બતાવે છે –

ગાથા :-

सम्मत्तनाणचरणा मोक्खपहो चेव एत्थ एगंतो ।
णो णामादिसरूवा जओ तओ इहवि नत्थित्ति ।।९१९।।

છાયા :-

सम्यक्त्वज्ञानचरणानि मोक्षपथ एवात्र एकान्तः ।
न नामादिस्वरूपाणि यतस्तत इहापि नास्तीति ।।९१९।।

ગાથાર્થ :-

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર મોક્ષપથ જ છે એ કથનમાં એકાંત છે. એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે, જે કારણથી નામાદિ સ્વરૂપવાળા સમ્યક્ત્વાદિ નથી=મોક્ષપથ નથી, તે કારણથી અહીં પણ=રત્નત્રયીરૂપ મોક્ષપથમાં પણ, નથી=કોઈ સ્વરૂપે નથી=કોઈ સ્વરૂપે મોક્ષપથ નથી, એમ યોજન કરવું. ॥૯૧૯॥

ટીકા :-

ननु सम्यक्त्वज्ञानचरणानि मोक्षपथ एवेत्यत्रैकान्तो विद्यते, अन्यथा तेष्वपि मोक्षपथत्वेनानाश्वास-प्रसङ्गान्न कश्चित्तत्र प्रवर्त्तते, ततश्च कथमुच्यते—तत्त्वमनेकान्त एवेति? । अत्राह—'नो इत्यादि' सम्यक्त्वादीनि हि नामादिभेदाच्चतुर्द्धा, यदुक्तं सूत्रे निक्षेपाधिकारे—'जत्थ य जं (जं) जाणेज्जा निक्खेवं निक्खिवे निरवसेसं । जत्थवि य न जाणेज्जा चउक्कयं निक्खिवे तत्थ ।।१।।' इति, ततो यस्मान्नामादिरूपाणि सम्यक्त्वादीनि न मोक्षपथः किंतु भावरूपाणि तस्मादिहापि 'नत्थित्तीति' केनापि रूपेण न मोक्षपथ इति योक्तव्यम् ।।९१९।।

ટીકાર્થ :-

ननु ..... योक्तव्यम् ।। 'ननु'થી પૂર્વપક્ષી કહે છે – સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર મોક્ષપથ જ છે. એ પ્રકારના આમાં=કથનમાં, એકાંત વિદ્યમાન છે. અન્યથા=રત્નત્રયી મોક્ષપથ જ છે એવું એકાંત ન

માનો તો, તેમાં પણ=રત્નત્રયીમાં પણ, મોક્ષપથપણાથી અનાશ્વાસનો પ્રસંગ હોવાને કારણે કોઈ ત્યાં=રત્નત્રયીમાં, પ્રવર્તે નહીં અને તેથી=રત્નત્રયી મોક્ષપથ છે એ પ્રકારનો એકાંત છે તેથી, કેમ કહેવાય છે ?=તત્ત્વ અનેકાન્ત જ છે એ પ્રમાણે કેમ કહેવાય છે ? અહીં=પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે. હિ=જે કારણથી, સમ્યક્ત્વાદિ નામાદિના ભેદથી ચાર પ્રકારના છે. નિક્ષેપ અધિકારવાળા સૂત્રમાં જે કહેવાયું છે – "અને જ્યાં જે જે નિક્ષેપાને જાણે, નિરવશેષ નિક્ષેપને કરે અને જ્યાં પણ ન જાણે ત્યાં પણ ચાર નિક્ષેપાને કરે" તેથી જે કારણથી નામાદિરૂપ સમ્યક્ત્વાદિ મોક્ષપથ નથી પરંતુ ભાવરૂપ સમ્યક્ત્વાદિ ત્રણ મોક્ષમાર્ગ છે તે કારણથી અહીં પણ=સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે એ કથનમાં પણ, કોઈક પણ સ્વરૂપથી મોક્ષપથ નથી, એમ યોજન કરવું. ॥૯૧૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અસ્તિ નાસ્તિનું સર્વત્ર અનેકાન્ત છે તેમ સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર મોક્ષપથ જ છે, એ પ્રકારે તમારે પણ એકાંત સ્વીકારવું પડશે. જો ત્યાં પણ અનેકાન્ત છે તેમ કહેશો તો રત્નત્રયીમાં પણ મોક્ષમાર્ગરૂપે સ્વીકારના અનાશ્વાસનો પ્રસંગ આવશે. માટે એમ જ કહેવું પડે કે 'રત્નત્રયી મોક્ષમાર્ગ જ છે, સંસારમાર્ગ નથી', એ કથનમાં સમાધાન આપતાં ગ્રંથકારશ્રી કહે છે – સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રના નામાદિ ચાર નિક્ષેપાઓ છે. તેમાંથી ત્રણ નિક્ષેપાથી અભિમત રત્નત્રયી મોક્ષપથ નથી પરંતુ ભાવનિક્ષેપાથી અભિમત રત્નત્રયી જ મોક્ષપથ છે તે પ્રકારનું પણ અનેકાન્ત રત્નત્રયીમાં યોજન કરવું. તેથી એ પ્રાપ્ત થાય કે, નામસમ્યક્ત્વ, સ્થાપનાસમ્યક્ત્વ કે વિધિપૂર્વક ઉચ્ચરાયેલું એવું દ્રવ્ય સમ્યક્ત્વ મોક્ષપથ નથી પરંતુ "सव्वगयं सम्मतं"=સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય વિષયક સ્થિર રુચિ તે જ સમ્યક્ત્વ છે. તેથી જેઓને ભગવાનનાં સર્વ વચનોમાંથી એક પણ વચનમાં શંકા નથી પરંતુ ભગવાનનાં સર્વ વચનો યથાર્થરૂપે જાણીને તે પ્રકારે જ સેવવાની ઉત્કટ રુચિ છે તેઓને જે સમ્યક્ત્વ છે તે ભાવસમ્યક્ત્વ છે અને તે મોક્ષનું કારણ છે પરંતુ નામ, સ્થાપના, દ્રવ્યરૂપ સમ્યક્ત્વ મોક્ષપથ નથી. તે રીતે જિનવચનાનુસાર તત્ત્વોના સૂક્ષ્મબોધરૂપ સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ છે પરંતુ નામથી જ્ઞાન કે જ્ઞાનની સ્થાપના કે દ્રવ્યથી ભણેલો શાસ્ત્રનો બોધ મોક્ષનું કારણ નથી. જેમ અંગારમર્દક આચાર્યને દ્રવ્યથી શ્રુતજ્ઞાનનો યથાર્થ બોધ હતો છતાં તે મોક્ષનું કારણ થયું નહીં. તે રીતે કષાયોના ઉન્મૂલનને અનુકૂળ જીવવ્યાપારથી પ્રગટ થતું ભાવચારિત્ર મોક્ષનું કારણ છે. નામથી ચારિત્ર કે ચારિત્રની સ્થાપના કે બાહ્યથી સેવાતી ચારિત્રની ક્રિયા મોક્ષનું કારણ નથી. આ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે – એ કથન પણ અનેકાન્તિક છે, એકાન્તિક નથી. **॥૯૧૯॥**

અવતરણિકા :-

પર આહ –

અવતરણિકાર્થ :-

પર કહે છે –

ગાથા :-

जे चेव भावरूवा ते चेव जहा तहा णु को दोसो? ।
तस्सेव ण अन्नस्सा तेवि अणेगंतसिद्धीओ ।।९२०।।

છાયા :-

यान्येव भावरूपाणि तान्येव यदा(यथा) तदा(तथा) नु को दोषः ? ।
तस्यैव नान्यस्य तान्यपि अनेकान्तसिद्धेः ।।९२०।।

ગાથાર્થ :-

જે જ ભાવરૂપ છે=ભાવરૂપ સમ્યક્ત્વાદિ છે, તે જ જ્યારે મોક્ષપથ છે ત્યારે શું દોષ છે=એકાંત સ્વીકારવામાં શું દોષ છે ? તે પણ=ભાવરૂપ સમ્યક્ત્વાદિ પણ, તેનો જ=વિવક્ષિત પુરુષનો જ, મોક્ષપથ છે અન્યનો નહીં. એ રૂપ અનેકાન્તની સિદ્ધિ હોવાથી ત્યાં પણ એકાંત નથી, એમ અન્વય છે. ।।૯૨૦।।

ટીકા :-

यान्येव भावरूपाणि सम्यक्त्वादीनि तान्येव यदा मोक्षपथ एवेत्युच्यते तदा को दोषः स्यात्?, नैव कश्चिदिति भावः । (अत्राह—) 'तस्सेवेत्यादि' तान्यपि भावरूपाणि सम्यक्त्वादीनि तस्यैव-विवक्षितपुरुषस्य मोक्षपथो नत्वितरस्येत्येवमनेकान्तसिद्धेरिति ।।९२०।।

ટીકાર્થ :-

यान्येव ..... सिद्धेरिति ।। જે જ ભાવરૂપ સમ્યક્ત્વાદિ છે, તે જ જ્યારે મોક્ષપથ છે એ પ્રમાણે કહેવાય છે, ત્યારે શું દોષ થાય ? અર્થાત્ ભાવરૂપ સમ્યક્ત્વાદિ એકાંતથી મોક્ષપથ છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી જ એ પ્રકારનો ભાવ છે. એ કથનમાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે — તે પણ=ભાવરૂપ સમ્યક્ત્વાદિ પણ, તેનો જ=વિવક્ષિત પુરુષનો જ, મોક્ષપથ છે, ઇતરનો નહીં, એ રીતે અનેકાન્તની સિદ્ધિ હોવાથી એકાંતથી ભાવરૂપ સમ્યક્ત્વાદિને મોક્ષપથ સ્વીકારવાનો દોષ નથી. ।।૯૨૦।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી શંકા કરે છે કે ભાવરૂપ સમ્યક્ત્વાદિ છે તે એકાંતથી મોક્ષપથ છે તેમ કહેવામાં આવે તો શું દોષ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે કે ભાવરૂપ રત્નત્રયીમાં પણ અનેકાન્ત છે. કઈ રીતે અનેકાન્ત છે ? તેથી કહે છે — ભાવરૂપ સમ્યક્ત્વાદિ પણ તે વિવક્ષિત પુરુષનો જ મોક્ષપથ છે, અન્ય પુરુષનો તે મોક્ષપથ નથી. તેથી પુરુષને આશ્રયીને જે પુરુષમાં તે ભાવરૂપ સમ્યક્ત્વાદિ છે તે પુરુષનો તે મોક્ષપથ છે, અન્ય કોઈ પુરુષનો તે મોક્ષપથ નથી, માટે ત્યાં પણ એકાંત નથી.

વળી અન્ય રીતે પણ રત્નત્રયીમાં અનેકાંતની પ્રાપ્તિ છે. આ રીતે — કોઈક મહાત્મામાં ભાવથી

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રગટ થયા હોય તે મહાત્માના સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર ઉત્તરોત્તરનાં સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રનું કારણ બને છે તેઓને આશ્રયીને તે સમ્યક્ત્વાદિ મોક્ષનું કારણ છે. વળી, કોઈ અન્ય મહાત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત થયાં તેના નિમિત્તે જ અહંકારાદિ પ્રગટે અર્થાત્ 'હું રત્નત્રયીની પરિણતિવાળો છું માટે લોકોથી પૂજ્ય છું' ઇત્યાદિ ભાવો પ્રગટે તો તે પુરુષના ભાવથી પ્રગટ થયેલા સમ્યક્ત્વાદિ ઉત્તરના મોહના કલ્લોલોને પ્રગટ કરીને સંસારપથનું કારણ બને છે. માટે તે મહાત્માના ભાવરૂપ સમ્યક્ત્વાદિ પણ મોક્ષપથ નથી. આ પ્રકારે અનેકાન્તની સિદ્ધિ છે. **॥૯૨૦॥**

ગાથા :-

एवं चिय जोएज्जा सिद्धाऽभव्वादिएसु सव्वेसु ।
सम्मं विभज्जवादं सव्वण्णुमयाणुसारेणं ।।९२१।।

છાયા :-

एवमेव योजयेत् सिद्धाभव्यादिकेषु सर्वेषु ।
सम्यग्विभज्यवादं सर्वज्ञमतानुसारेण ।।९२१।।

ગાથાર્થ :-

આ રીતે જ=રત્નત્રયીમાં યોજન કર્યું એ રીતે જ, સિદ્ધના જીવો, અભવ્યાદિ જીવોરૂપ સર્વ ભાવોમાં સર્વજ્ઞના મતાનુસારથી સમ્યગ્ વિભજ્યવાદનું યોજન કરવું જોઈએ. ॥૯૨૧॥

ટીકા :-

एवमेव सिद्धाभव्यादिकेष्वपि सर्वेषु भावेषु सर्वज्ञमतानुसारेण पररूपादिना प्रकारेण सम्यग्विभज्य-वादं-विकल्पनीयवादमनेकान्तवादमितियावत् योजयेत्-संबन्धयेत् ।।९२१।।

ટીકાર્થ :-

एवमेव ..... संबन्धयेत् ।। એ રીતે જ સિદ્ધ-અભવ્યાદિ જીવો પણ સર્વ ભાવોમાં સર્વજ્ઞમતાનુસારથી પરરૂપાદિ પ્રકારથી સમ્યગ્ વિભજ્યવાદનું=સમ્યગ્ સ્યાદ્વાદનું=વિકલ્પનીયવાદરૂપ અનેકાન્તવાદનું યોજન કરવું જોઈએ=સંબંધ કરવો જોઈએ. ॥૯૨૧॥

ભાવાર્થ :-

પૂર્વમાં રત્નત્રયીને આશ્રયીને અનેકાન્તવાદનું સ્વરૂપ બતાવાયું, એ રીતે જ સિદ્ધના જીવો પણ કઈ રીતે કર્મથી મુક્ત છે અને કઈ રીતે સંસારની અવસ્થાવાળા છે, એ પ્રકારે અનેકાન્તવાદનું યોજન કરવું. જેમ સિદ્ધના આત્માઓનું દ્રવ્ય પૂર્વની સંસાર અવસ્થામાં જે જે નર, નરકાદિ ભાવોરૂપે હતું તે ભાવોની અપેક્ષાએ તે દ્રવ્ય તે તે ગતિવાળું છે અને વર્તમાનમાં જે સિદ્ધપર્યાય પ્રગટ છે તે પર્યાયની અપેક્ષાએ સર્વ ઉપદ્રવ વગરનો તેમનો આત્મા છે; કેમ કે દ્રવ્યમાં વર્તતા ત્રણેય કાળના પર્યાયો તે દ્રવ્ય સ્વરૂપ જ છે પરંતુ

દ્રવ્યથી ભિન્ન નથી. તેથી ભૂતકાળના તે સિદ્ધના આત્માના જે પર્યાયો હતા તે પર્યાય સ્વરૂપે નાશ પામવા છતાં દ્રવ્ય સ્વરૂપે તે પર્યાયો વર્તમાનમાં પણ છે. તેથી તે દૃષ્ટિથી વિચારીએ તો, સિદ્ધનું આત્મદ્રવ્ય સંસારના ભાવવાળું પણ છે અને વર્તમાનમાં પ્રગટ થયેલા સિદ્ધત્વની અપેક્ષાએ સર્વ ઉપદ્રવ વગરનું પણ છે. એ પ્રકારે અભવ્યના જીવો પણ સ્વરૂપથી સિદ્ધ સદૃશ છે અને સિદ્ધમાં જવાની અયોગ્યતા હોવાથી કર્મજન્યભાવોથી ચાર ગતિઓના પરિભ્રમણને કરનારા છે. આ રીતે જગતના સર્વપદાર્થોના જે જે પ્રકારે સમ્યક્ વિભજ્યવાદ સંભવી શકે તે તે પ્રકારે અનુભવ અનુસાર અનેકાન્તવાદનું યોજન કરવું. આથી સમ્મતિ ગ્રંથમાં 'અપેક્ષાએ સર્વ પદાર્થો સર્વાત્મક છે' તેમ કહીને જે જે અપેક્ષાએ જીવ ધર્માસ્તિકાયાદિરૂપ છે અને જે જે અપેક્ષાએ જીવ તે સ્વરૂપે નથી તે સર્વ અપેક્ષાથી સર્વ પદાર્થોની વિચારણા સ્યાદ્વાદની દૃષ્ટિથી કરાય છે. તેથી સર્વજ્ઞ મતાનુસાર યુક્તિ અને અનુભવથી સર્વ પદાર્થોનો બોધ યથાર્થ સ્વરૂપથી થાય છે અને તે પ્રકારે બોધ કરીને તે તે ધર્માવચ્છેદેન તે પદાર્થનું કોઈ પુરુષ કથન કરે તો તે વચન સત્ય છે અને તે પ્રકારે સમ્યક્ અનેકાન્તનું યોજન કર્યા વગર રત્નત્રયી મોક્ષમાર્ગ જ છે તેમ એકાંતથી કહે અથવા સિદ્ધના જીવો કે અન્ય પદાર્થોમાં અનેકાન્તનું યોજન કર્યા વગર એકાંતથી કહે તો તે સર્વ વચનો મૃષાવાદ છે. **॥૯૨૧॥**

અવતરણિકા :-

પુનરપિ મૃષાવાદદોષપરિહારાર્થમુપદેશાન્તરમાહ –

અવતરણિકાર્થ :-

વળી, પણ મૃષાવાદના દોષના પરિહારને માટે ઉપદેશાન્તરને કહે છે=પૂર્વમાં મૃષાવાદના પરિહાર અર્થે સર્વત્ર અનેકાન્તવાદ જ કહેવું જોઈએ તેમ બતાવ્યું તેથી મૃષાવાદના પરિહાર અર્થે પૂર્વમાં જે ઉપદેશ આપ્યો તેના કરતાં અન્ય ઉપદેશ સાધુને મૃષાવાદના પરિહાર અર્થે બતાવે છે –

ગાથા :-

एतं होहिति कल्लं नियमेण अहं च णं करिस्सामि ।
एमादीवि न वच्चं सच्चपइन्नेण जइणा उ ।।९२२।।

છાયા :-

एतद् भविष्यतीति कल्यं नियमेनाहं च णं करिष्यामि ।
एवमाद्यपि न वाच्यं सत्यप्रतिज्ञेय यतिना तु ।।९२२।।

ગાથાર્થ :-

આ નિયમથી કાલે થશે, હું કરીશ, એ વગેરે પણ સત્યપ્રતિજ્ઞાવાળા યતિએ ન જ કહેવું જોઈએ. ॥૯૨૨॥

ટીકા :-

एतत्-विवक्षितप्रयोजनं नियमेन-अवश्यंतया कल्यं-श्वस्तनदिने भविष्यति । कल्यमिति 'कालाध्व-भावदेशं वा कर्म चाकर्म्मणामिति' द्वितीया, यथा मासमास्ते इत्यत्र । अहं च 'णमिति' वाक्यालङ्कारे एतत्-प्रयोजनं कल्ये नियमेन करिष्यामीत्येवमाद्यपि सत्यप्रतिज्ञेन यतिना सर्वथा न वक्तव्यमेव, प्रतिज्ञाव्याघातसंभवात् । 'जइणा उ इति' तुरेवकारार्थो भिन्नक्रमश्च स च यथास्थानं योजितः ।।९२२।।

ટીકાર્થ :-

एतत् ..... योजितः ।। આ=વિવક્ષિત પ્રયોજન, નિયમથી=અવશ્યપણાથી, કાલે થશે. 'કલ્ય' એ શબ્દ કાલ, અધ્વ, ભાવ અને દેશને આશ્રયીને અકર્મવાળા પદાર્થને કર્મોને આશ્રયીને દ્વિતીયા વિભક્તિ થાય છે. જે પ્રમાણે 'એક મહિનો રહે છે,' એ પ્રકારના પ્રયોગમાં દ્વિતીયા વિભક્તિ છે, એ પ્રકારે અહીં=કલ્ય શબ્દમાં, દ્વિતીયા વિભક્તિ છે. 'णमिति' એ વાક્યાલંકારમાં છે અને હું 'આ પ્રયોજન કાલે નિયમથી કરીશ', એ વગેરે પણ સત્યપ્રતિજ્ઞાવાળા એવા યતિ વડે સર્વથા કહેવું જોઈએ નહીં જ; કેમ કે પ્રતિજ્ઞાના વ્યાઘાતનો સંભવ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો અને ભિન્ન ક્રમવાલો છે અને તે=એવકાર, યથાસ્થાન યોજિત છે=ન વક્તવ્ય પછી પૂર્વમાં યોજન કરાયેલો છે. ।।૯૨૨।।

ભાવાર્થ :-

પાંચ મહાવ્રતોમાંથી બીજા મહાવ્રતમાં મૃષાવાદના પરિહાર અર્થે જેમ સાધુએ સ્યાદ્વાદની મર્યાદાનુસાર જ કથન કરવું જોઈએ અન્યથા મૃષાવાદની પ્રાપ્તિ થાય એમ પૂર્વમાં કહ્યું, તે રીતે કોઈક પ્રસંગે સાધુ કહે કે 'આ વિવક્ષિત કાર્ય કાલે અવશ્ય થશે અથવા હું આ કાર્ય કાલે અવશ્ય કરીશ', એ વગેરે પ્રયોગ કરે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય; કેમ કે પોતે કાલે જીવશે કે નહીં તેનો પણ બોધ નથી. કોઈ તેવા સંયોગમાં પોતે તે કાર્ય કરી શકશે કે નહીં કરી શકે તેનો પણ બોધ નથી. માત્ર મૂઢભાવથી વસ્તુના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કર્યા વગર સાધુ કહે કે "હું આ કાર્ય કાલે કરીશ" તો પ્રતિજ્ઞાના વ્યાઘાતનો સંભવ હોવાને કારણે='હું કાલે કરીશ', તે પ્રકારનું જે સાધુનું પ્રતિજ્ઞાવચન છે, તેના વ્યાઘાતનો સંભવ હોવાને કારણે તે પ્રકારે બોલનાર સાધુને મૃષાવાદની પ્રાપ્તિ થાય. જોકે બીજા દિવસે તેવો કોઈ પ્રસંગ ન બને તો તે કાર્ય અવશ્યથી કરે છે, તોપણ તે પ્રકારે બોલવાથી સાધુને બીજા મહાવ્રતમાં સહસાત્કાર કે અનાભોગથી બોલાય તો મૃષાવાદની પ્રાપ્તિ થાય અને નિઃશંકપણાથી તે રીતે બોલતા હોય તો બીજા મહાવ્રતનો ભંગ થાય છે. **॥૯૨૨॥**

અવતરણિકા :-

प्रतिज्ञाव्याघातसंभवमेवोपदर्शयति —

અવતરણિકાર્થ :-

પ્રતિજ્ઞાના વ્યાઘાતના સંભવને જ બતાવે છે —

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે – 'હું આ કાર્ય કરીશ', એમ કોઈ કહે તો પ્રતિજ્ઞાના વ્યાઘાતના સંભવને કારણે સાધુ માટે તે વચન મૃષાવાદરૂપ છે. તેથી હવે તે પ્રકારે બોલનાર સાધુની પ્રતિજ્ઞાના વ્યાઘાતનો સંભવ કઈ રીતે છે ? તે બતાવે છે –

ગાથા :-

बहुविग्घो जियलोओ चित्ता कम्माण परिणती पावा ।
विहडइ दरजायं पि हु तम्हा सव्वत्थऽणेगंतो ।।९२३।।

છાયા :-

बहुविघ्नो जीवलोकश्चित्रा कर्मणां परिणतिः पापा ।
विघटते ईषज्जातमपि हु तस्मात् सर्वत्रानेकान्तः ।।९२३।।

ગાથાર્થ :-

બહુ વિઘ્નવાળો જીવલોક છે. કર્મોની પરિણતિ ચિત્રપાપવાળી છે. ઈષદ્ થયેલું પણ કાર્ય વિઘટન કરે છે=કર્મોની પરિણતિ વિઘટન કરે છે. તે કારણથી સર્વત્ર=સર્વ પ્રયોજનમાં, અનેકાન્ત કહેવું જોઈએ. ।।૯૨૩।।

ટીકા :-

बहुविघ्नः-सदैव प्रत्यासन्नभूरिप्रत्यूहो जीवलोकः, ते च विघ्नाः सन्निहिता अपि कदाचित् प्राप्तिवशान्न प्रभवन्तीत्यत आह—चित्रा च कर्म्मणां परिणतिः पापा, ततश्च तद्वशात् कथमपि प्रथमतो विघ्नानाम-भावेन दरजातमपि-ईषज्जातमपि यतः प्रयोजनं विघटते तस्मात्सर्वत्रानेकान्त एव वक्तव्यः ।।९२३।।

ટીકાર્થ :-

बहुविघ्नः ..... वक्तव्यः ।। બહુવિઘ્નવાળો=સદા જ પ્રતિઆસન્ન ઘણા વિઘ્નવાળો જીવલોક છે અને તે વિઘ્નો સન્નિહિત હોવા છતાં પણ ક્યારેક પ્રાપ્તિના વશથી પ્રભવ પામતા નથી=તે વિઘ્નના નિવારણને અનુકૂળ પુણ્યના વશથી પ્રભવ પામતા નથી. એથી કહે છે – કર્મોની પરિણતિરૂપ ચિત્ર પાપો છે અને તેથી=ચિત્રપાપો વિદ્યમાન છે તેથી, તેના વશથી કોઈક રીતે પણ પ્રથમથી વિઘ્નોના અભાવને કારણે દરજાત પણ=થોડું થયેલું પણ, પ્રયોજન જે કારણથી વિઘટન પામે છે, તે કારણથી સર્વત્ર અનેકાન્ત જ કહેવું જોઈએ. ।।૯૨૩।।

ભાવાર્થ :-

મૃષાવાદના પરિહાર અર્થે સાધુએ 'હું આ કાર્ય કાલે નિયમથી કરીશ,' તેમ કહેવું જોઈએ નહીં પરંતુ અનેકાન્તથી કહેવું જોઈએ અર્થાત્ 'તે વખતના સંયોગ અનુસાર હું કાલે કાર્ય કરવાની ઇચ્છા રાખું છું પરંતુ

અવશ્ય કરીશ તેમ કહી શકતો નથી' તે પ્રકારે અનેકાન્ત કહેવું જોઈએ; કેમ કે બહુ વિઘ્નવાળો જીવલોક છે અને કર્મોની પરિણતિ વિચિત્ર પાપવાળી છે, તેથી કોઈ કાર્ય અડધું થયું હોય તોપણ તે પાપકર્મ તે કાર્યનું વિઘટન કરે છે. તેથી પોતાનું કથન મૃષાવાદ ન બને માટે સત્યવ્રતની પ્રતિજ્ઞાના રક્ષણ અર્થે સાધુએ અનેકાન્ત જ કહેવું જોઈએ, એકાંત કહેવું જોઈએ નહીં. **॥૯૨૩॥**

અવતરણિકા :-

यदुक्तम्—'पीडाहेऊ य अलियं तु' इति तद्व्याख्यानयन्नाह —

અવતરણિકાર્થ :-

પીડાહેતુ જે અલીક છે તે બોલે નહિ, એ પ્રમાણે જે પૂર્વની ગાથા-૯૦૫માં કહેવાયું તેનું વ્યાખ્યાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

भावाण तहाभावेण काणमादीसु जा गिरा तत्था ।
तेसिं दुक्खनिमित्तं सावि अलिया विणिद्दिट्ठा ।।९२४।।

છાયા :-

भावानां तथाभावेन काणादिषु या गीस्तथ्या (सत्या) ।
तेषां दुःखनिमित्तं सापि अलीका विनिर्दिष्टा ।।९२४।।

ગાથાર્થ :-

ભાવોનું તથાભાવ હોવાને કારણે કાણાદિમાં જે વાણી તથ્ય છે, તેઓમાં તે ભાષા પણ દુઃખનું નિમિત્ત છે. તેથી અલીક કહેવાય છે. ॥૯૨૪॥

ટીકા :-

काणादिषु-काणकुण्टादिषु या गीः-भाषा काणस्त्वमित्यादिरूपा सा यद्यपि भावानां-वाच्यानां तथाभावेन सत्या तथापि सा अलीका विनिर्दिष्टा, यतस्तेषां-काणकुण्टादिप्राणिनां सा-भाषा दुःखनिमित्तमितिहेतोः ।।९२४।।

ટીકાર્થ :-

काणादिषु ..... मितिहेतोः ।। કાણાદિમાં=કાણ-કુંટાદિમાં, 'તું કાણો છો' ઇત્યાદિરૂપ જે ભાષા તે પણ, ભાવોનો=વાચ્ય પદાર્થનો, તે પ્રકારનો ભાવ હોવાને કારણે સત્ય છે, તોપણ તે મૃષાભાષા કહેવાય છે. જે કારણથી તે કાણકુંટાદિ પ્રાણીઓને તે ભાષા દુઃખનું નિમિત્ત છે, એ હેતુથી મૃષા છે. ॥૯૨૪॥

ભાવાર્થ :-

કોઈ કાણા હોય, કૂબડા હોય તેઓને તેના વિશે કાંઈ કહેવાનું પ્રયોજન હોય તો સાધુ ક્યારેય 'કાણો છે' ઇત્યાદિ બોલે નહિ. પ્રયોજનથી બોધ કરાવવો અવશ્ય જણાય તો 'કાણા પુરુષે આ કર્યું છે' તે પ્રકારે ભાષા સાધુ બોલે નહિ, 'પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિએ કાર્ય કર્યું છે' એમ કહે; કેમ કે કાણો હોવાથી કાણો કહેવામાં સ્થૂલથી સત્ય છે, તોપણ કોઈને પીડાનો હેતુ હોય એવી ભાષા મૃષા છે. માટે સાધુ બોલે નહીં. **॥૯૨૪॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ –

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કહે છે –

ગાથા :-

ता णेगंतसरूवा सव्वेसिमपरियावणी मधुरा ।
उवयोगपुव्वग च्चिय भासा भासण्णुणो सच्चा ।।९२५।।

છાયા :-

तस्मादनेकान्तस्वरूपा सर्वेषामपरितापनी मधुरा ।
उपयोगपूर्विकैव भाषा भाषाज्ञस्य सत्या ।।९२५।।

ગાથાર્થ :-

તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારે અનેક રીતે મૃષાભાષાની પ્રાપ્તિ છે તે કારણથી, ભાષાને જાણનારની અનેકાંત સ્વરૂપવાળી, સર્વને અપરિતાપીની, મધુર, ઉપયોગપૂર્વક જ બોલાયેલી ભાષા સત્ય છે. ॥૯૨૫॥

ટીકા :-

यत एवमेकान्तपक्षे परपीडासंभवे च भाषा मृषा भवति 'ता' तस्मादुपयोगपूर्विकैव-एवमियं सत्या अन्यथा मृषेत्यालोचनापूर्विकैव भाषाज्ञस्य-भाषास्वरूपं जानानस्य या भाषाऽनेकान्तस्वरूपा सर्वेषां च प्राणिनामपरितापनी-अपीडाकरी, एतदेव स्पष्टयति-मधुरा-श्रवणपथमुपगता सती हृदयानन्दकारिणी सा सत्या नत्वन्येति ।।९२५।।

ટીકાર્થ :-

यत ..... नत्वन्येति ।। જે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, એકાંતપક્ષમાં અને પરપીડાના સંભવમાં ભાષા મૃષા થાય છે. તે કારણથી ઉપયોગપૂર્વક જ=આ રીતે આ ભાષા સત્ય

છે અન્યથા મૃષા છે એ પ્રકારના આલોચનપૂર્વક જ, બોલાયેલી ભાષાના જાણનારની=ભાષાના સ્વરૂપને જાણનારની, જે ભાષા અનેકાન્ત સ્વરૂપવાળી અને સર્વ પ્રાણીઓને=પોતાને અને બીજા પ્રાણીઓને, અપરિતાપની=અપીડાકારી છે. આને જ સ્પષ્ટ કરે છે=અપીડાકારી ભાષાને સ્પષ્ટ કરે છે. મધુર=શ્રવણપથને પામેલી છતી હૃદયને આનંદ કરનારી, છે તે સત્ય છે=તે ભાષા સત્ય છે, અન્ય ભાષા સત્ય નથી. ॥૯૨૫॥

ભાવાર્થ :-

મૃષાભાષાના ત્યાગના કથનનું નિગમન કરતાં કહે છે. પૂર્વમાં કઈ કઈ રીતે મૃષાવાદ થાય છે તે બતાવ્યું. તેથી જે મહાત્મા ભાષાના સ્વરૂપને જાણનાર છે તે મહાત્મા ઉપયોગપૂર્વક જ અનેકાન્ત સ્વરૂપવાળી, સર્વ જીવોને અપરિતાપ કરે એવી મધુર ભાષા બોલે તે સત્ય છે, અન્ય ભાષા સત્ય નથી. **॥૯૨૫॥**

અવતરણિકા :-

तृतीयं मूलगुणमाश्रित्याक्षेपपरिहारौ प्रतिपिपादयिषुराह –

અવતરણિકાર્થ :-

ત્રીજા મૂલગુણને આશ્રયીને આક્ષેપ-પરિહારને પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા કહે છે –

ગાથા :-

केइ अदत्तादाणं विहिसिट्ठा जीविगत्ति मोहातो ।
वाणिज्जुचियाकलं पिव निद्दोसं चेव मन्नंति ।।९२६।।

છાયા :-

केचिददत्तादानं विधिसृष्टा जीविकेति मोहात् ।
वाणिज्योचितकलामिव निर्दोषमेव मन्यन्ते ।।९२६।।

ગાથાર્થ :-

વિધિથી સર્જન કરાયેલી જીવિકા છે, એ પ્રકારના મોહથી વાણિજ્ય ઉચિત કલાની જેમ અદત્તાદાનને કેટલાક નિર્દોષ જ માને છે. ॥૯૨૬॥

ટીકા :-

केचिददत्तादानं वाणिज्योचितकलामिव-क्रयाणकग्रहणदानादिच्छेकतालक्षणां निर्दोषमेव मन्यन्ते । कुत इत्याह–'विहिसिट्ठा जीविगत्ति मोहाओ' विधिना सृष्टा इयमदत्तादानलक्षणा जीविका वणिजामिव वाणिज्यकला ततो न दोष इति मोहात्-बुद्धिविपर्यासात् ।।९२६।।

ટીકાર્થ :-

केचिददत्तादानं ..... बुद्धिविपर्यासात् ।। કેટલાક અદત્તાદાનને કયાણકગ્રહણદાનાદિછેકતાલક્ષણ વાણિજ્ય ઉચિત કલાની જેમ નિર્દોષ જ માને છે=કોઈ વાણિજ્યમાં કુશળ હોય તેથી લેતી વખતે કુશળતાથી ગ્રહણ કરે અને આપતી વખતે પોતાને કઈ રીતે અધિક લાભ થાય તે રીતે આપે તે પ્રકારની બુદ્ધિરૂપ વાણિજ્યને ઉચિત કલા માને તેની જેમ અદત્તાદાનને કેટલાક નિર્દોષ જ માને છે. કયા કારણથી અદત્તાદાનને નિર્દોષ માને છે ? એથી કહે છે — વિધિથી=વિધાતાથી, સર્જન કરાયેલી આ અદત્તાદાનલક્ષણ આજીવિકા વાણિયાઓની વાણિજ્ય કલા જેવી છે, તેથી દોષ નથી. એ પ્રકારે મોહથી=બુદ્ધિવિપર્યાસથી, કેટલાક નિર્દોષ માને છે. ॥૯૨૬॥

ભાવાર્થ :-

કેટલાક દર્શનકારો વ્યાપાર કરી ધન મેળવે તેમ ચોરી કરીને પ્રાપ્ત થયેલું ધન નિર્દોષ જ માને છે. કેમ નિર્દોષ માને છે ? તેમાં યુક્તિ આપે છે. જેમ વ્યાપારથી કેટલાક જીવોની આજીવિકા થાય છે તેમ કેટલાક જીવોની આજીવિકા અદત્તાદાનથી થાય છે અર્થાત્ વિધાતાએ કેટલાક જીવો માટે વાણિજ્યથી આજીવિકા સર્જન કરી છે, કેટલાક જીવો માટે અદત્તાદાનથી આજીવિકા સર્જન કરી છે. માટે વિધાતાથી સર્જન કરાયેલી આજીવિકા હોવાને કારણે અદત્તાદાનમાં કોઈ દોષ નથી. એ પ્રકારે બુદ્ધિના વિપર્યાસને કારણે કેટલાક કહે છે. **॥૯૨૬॥**

અવતરણિકા :-

सांप्रतमिदमेव परमतं प्रपञ्चयितुकामः कोऽस्यादत्तादानस्योचित इति तदुचितमाह —

અવતરણિકાર્થ :-

હવે આ જ પરમતને વિસ્તાર કરવાની કામનાવાળા ગ્રંથકારશ્રી કોણ આ અદત્તાદાનને ઉચિત છે ? તેથી તેના ઉચિતને=અદત્તાદાનના ઉચિતને, કહે છે —

ગાથા :-

सेसकलारहिओ च्चिय साहसजुत्तो य पयइदक्खो य ।
सत्तुक्कडोऽविसाई अदत्तदाणोचितो भणितो ।।९२७।।

છાયા :-

शेषकलारहित एव साहसयुक्तश्च प्रकृतिदक्षश्च ।
सत्त्वोत्कटोऽविषादी अदत्तादानोचितो भणितः ।।९२७।।

ગાથાર્થ :-

શેષકલારહિત જ, સાહસથી યુક્ત, પ્રકૃતિથી દક્ષ, ઉત્કટ સત્ત્વવાળો, અવિષાદી એવો જીવ અદત્તાદાનને ઉચિત કહેવાયેલો છે. ॥૯૨૭॥

ટીકા :-

શેષકલારહિત એવ-વાણિજ્યાદ્યુચિતકલારહિત એવ સાહસયુક્તશ્ચ પ્રકૃત્યા-સ્વભાવેન દક્ષશ્ચ સત્ત્વોત્કટોઽવિષાદી અદત્તાદાનોચિતઃ ભણિતઃ સ્કન્દરુદ્રાદિભિરિતિ ।।૯૨૭।।

ટીકાર્થ :-

શેષકલારહિત ..... ભિરિતિ ।। શેષકલારહિત જ=વાણિજ્ય આદિ ઉચિત કલારહિત જ અને સાહસથી યુક્ત અને પ્રકૃતિથી=સ્વભાવથી, દક્ષ, સત્ત્વથી ઉત્કટ, અવિષાદી એવો પુરુષ સ્કન્દરુદ્રાદિ વડે અદત્તાદાનને ઉચિત કહેવાયેલો છે. ।।૯૨૭।।

ભાવાર્થ :-

વળી, પરદર્શનવાળા કહે છે કે જેઓ વ્યાપારાદિ કળામાં અકુશળ છે, ચોરી કરવામાં સાહસિક છે, વળી, ચોરી કેમ કરવી ? તેમાં સ્વભાવથી કુશળ છે, વળી, ચોરી કરતાં પકડાઈ જઈશું તો માર ખાવો પડશે એ રીતે ભયવાળા નથી પણ ઉત્કટ સત્ત્વવાળા છે. વળી, પોતે ચોરી કરનાર છે તેથી લોકોમાં અપકીર્તિ થશે તેનો વિષાદ કરનારા નથી. તેવા જીવોને ચોરી કરવી ઉચિત છે. એ પ્રમાણે સ્કન્દ રુદ્રાદિ યોગીઓ કહે છે. **॥૯૨૭॥**

અવતરણિકા :-

इदानीं च येषां हर्त्तव्यं येषा च न हर्त्तव्यमित्येतदाह –

અવતરણિકાર્થ :-

અને હવે જેઓનું હરણ કરવું જોઈએ અને જેઓનું હરણ ન કરવું જોઈએ એને કહે છે –

ગાથા :-

समणाण माहणाणं दुक्खोवज्जितधणाण किवणाणं ।
इत्थीय(ण य)पंडगाण य णो हरियव्वं कदाचिदवि ।।९२८।।

છાયા :-

श्रमणानां ब्राह्मणानां दुःखोपार्जितधनानां कृपणानाम् ।
स्त्रीणां पण्डकानां च न हर्त्तव्यं कदाचिदपि ।।९२८।।

ગાથાર્થ :-

સાધુઓનું, બ્રાહ્મણોનું, દુઃખઉપાર્જિત ધનવાળાઓનું, કૃપણોનું, સ્ત્રીઓનું અને નપુંસકોનું ધન ક્યારે પણ હરણ ન કરવું જોઈએ. ।।૯૨૮।।

ટીકા :-

શ્રમણાનાં-સંયતાનાં માહનાનાં-બ્રાહ્મણાનાં તથા દુઃખોપાર્જિતધનાનાં કૃપણાનાં સ્ત્રીણાં પણ્ડકાનામિતિ-નપુંસકાનાં સંબન્ધિ ન હર્ત્તવ્યં કદાચિદપિ, તદપહરણે તેષામતીવ દુઃખસંભવાદિતિ ।।૯૨૮।।

ટીકાર્થ :-

શ્રમણાનાં ..... દુઃખસંભવાદિતિ ।। શ્રમણોનું=સંયતોનું, માહણોનું=બ્રાહ્મણોનું, દુઃખથી ધન ઉપાર્જિત કરનારાઓનું, કૃપણોનું, સ્ત્રીઓનું, નપુંસકોનું સંબંધી — આ બધા સાથે સંબંધી, એવા ધનનું ક્યારેય પણ હરણ કરવું ન જોઈએ; કેમ કે તેઓના ધનના અપહરણમાં અતિ દુઃખનો સંભવ છે. ॥૯૨૮॥

ભાવાર્થ :-

વળી, ચોરી કરનારાએ પણ કોનું ધન હરણ ન કરવું જોઈએ ? એ પ્રકારનો વિવેક બતાવતાં પરદર્શનવાળા કહે છે — સાધુઓનું ધન ચોરી કરનારે હરણ કરવું જોઈએ નહિ. બ્રાહ્મણોનું ધન ચોરી કરનારે હરણ કરવું જોઈએ નહિ. ઘણા કષ્ટથી ઉપાર્જન કરીને ધન ભેગું કર્યું હોય તેનું ધન હરણ કરવું જોઈએ નહિ, વળી, કૃપણોનું ધન હરણ કરવું જોઈએ નહીં, સ્ત્રી સંબંધી, નપુંસક સંબંધી ધન હરણ કરવું જોઈએ નહિ; કેમ કે આ બધાના ધનના હરણમાં તેઓને અત્યંત દુઃખનો સંભવ છે. માટે તે સર્વનું ધન હરણ ન કરે પરંતુ અન્યના ધનનું હરણ કરે તેઓને ચોરી કરવામાં કોઈ દોષ નથી તેમ અન્ય દર્શનવાદી કહે છે. **॥૯૨૮॥**

ગાથા :-

सेसाण तु हरियव्वं परिगरविहववयकालमादीणि ।
णाउं णायपराणं जह दोण्हवि होइ न विणासो ।।९२९।।

છાયા :-

शेषाणां नु हर्त्तव्यं परिकरविभववयःकालादीनि ।
ज्ञात्वा न्यायपरयोर्यथा द्वयोरपि न भवति विनाशः ।।९२९।।

ગાથાર્થ :-

ગાથા-૯૨૮માં કહ્યું તે સિવાયના જીવોના પરિવાર, વૈભવ, વય, કાલાદિને જાણીને ન્યાયમાં તત્પર એવા બંનેનું પણ જે પ્રમાણે વિનાશ ન થાય તે પ્રમાણે શેષ જીવોના ધનનું હરણ કરવું જોઈએ. ॥૯૨૯॥

ટીકા :-

शेषाणां तु संबन्धि धनादिकमपहर्त्तव्यं, कथमित्याह—परिकरविभववयःकालादि ज्ञात्वा, यथा द्वयोरपि न्यायपरयोर्मोष्यमोषकयोर्न भवति विनाश इति ।।९२९।।

ટીકાર્થ :-

શેષાણાં ..... ઇતિ ।। વળી શેષ સંબંધિત ધનાદિક હરણ કરવું જોઈએ. કેવી રીતે હરણ કરવું જોઈએ ? એથી કહે છે – પરિવાર, વૈભવ, વય, કાલાદિને જાણીને ધન હરણ કરવું જોઈએ. જે પ્રમાણે ન્યાયમાં તત્પર બન્નેનો પણ=લૂંટનાર અને લુંટાઈ જનાર બંનેનો પણ વિનાશ ન થાય. ॥૯૨૯॥

ભાવાર્થ :-

વળી કોનું ધન હરણ કરવાથી ચોરીમાં દોષ નથી ? તે બતાવતાં કહે છે – ગાથા-૯૨૮માં બતાવ્યા પ્રમાણે તેઓને છોડીને અન્યના સંબંધી ધનાદિ હરણ કરવામાં દોષ નથી. કઈ રીતે ધન હરણ કરવું જોઈએ ? તે વિષયક વિવેક બતાવે છે. જેનું ધન ચોર હરણ કરે તેનો પરિવાર કેવો છે ? તેનો વૈભવ કેવો છે ? તેની વય કેવી છે ? વર્તમાનમાં કાળ આદિ કેવા છે ? તે સર્વનો વિચાર કરીને તે રીતે ધનહરણ કરવું જોઈએ જેથી જેઓનું ધન હરણ કરાય છે તેઓનો પણ વિનાશ ન થાય અને તેવું ન કરે તો પોતાની આજીવિકા નહીં થવાથી પોતાનો વિનાશ થાય તેમ છે તે પણ ન થાય તે રીતે ધનનું હરણ કરવું જોઈએ. તેથી ચોરીમાં દોષ પ્રાપ્ત થાય નહિ. જેમ કોઈ ધનાઢ્ય પાસે વિપુલ ધન હોય તેના સર્વે ધનનું હરણ કરે તો તેનો નાશ થાય પરંતુ તેના વિપુલ ધનમાંથી પોતાની આજીવિકા માટે ઉપયોગી હોય એટલું ધન હરણ કરે તો જેના ઘરે ચોરી કરી છે તેનો નાશ થાય નહિ અને પોતાનો નાશ થાય નહિ.

વળી, ચોરી કરનાર દયાળુ સ્વભાવને કારણે વિચારે કે 'હું જેનું ધન હરણ કરું છું તે યુવાન છે, તો તે ફરી ધન કમાઈ શકશે અને જો તે વૃદ્ધ છે તો પાછળના જીવનમાં દુઃખી થશે.' તે પ્રકારે વિચારીને ધનનું હરણ કરે તો તેમાં દોષ નથી. આ રીતે પરના હિતની ચિંતા કરીને કોઈ ધન હરણ કરે તો તેના ચોરીના કૃત્યથી પણ કોઈ પાપબંધ થતો નથી, એમ કેટલાક પરદર્શનવાદીઓ કહે છે. **॥૯૨૯॥**

અવતરણિકા :-

सांप्रतमित्थं परद्रव्यापहरणे तीर्थान्तरीयाभिहिताऽऽमुष्मिकदोषश्रवणात् कश्चित्र प्रवर्त्तेतापि ततस्तं प्रत्युपदेशमाह –

અવતરણિકાર્થ :-

હવે આ રીતે પરદ્રવ્યના અપહરણમાં તીર્થાન્તરીય વડે કહેવાયેલ=ચોરી કરવામાં દોષ નથી એ પ્રકારે માનનાર દર્શનવાદી કરતાં અન્ય દર્શની વડે કહેવાયેલ, પારલૌકિક દોષના શ્રવણથી કોઈક પ્રવર્તે પણ નહીં=ચોરીમાં પ્રવર્તે પણ નહીં. તેથી તેના પ્રત્યે=જેને ચોરી કરવી ઉચિત છે છતાં ચોરીમાં પ્રવર્તે નહીં તેના પ્રત્યે, ચોરી કરવા અર્થે ઉપદેશ આપે છે –

ગાથા :-

णासिट्ठं इह णासइ दज्झइ जलणेण जेण अहितंपि ।
लब्भइ नयाणुवत्तं सिप्पमिव एत्थवि अलाभो ।।९३०।।

છાયા :-

नासृष्टमिह नश्यति दह्यते ज्वलनेन येनाहृतमपि ।
लभ्यते न चानुपात्तं शिल्पमिवात्रापि अलाभः ।।९३०।।

ગાથાર્થ :-

અહીં=સંસારમાં, અસંસૃષ્ટ=નહિ સર્જન થયેલું, નાશ પામતું નથી. જે કારણથી નહિ હરણ કરાયેલું પણ અગ્નિથી બળે છે. અનુપાત=ગ્રહણ નહીં કરાયેલું, પ્રાપ્ત થતું નથી=ચોરો વડે પ્રાપ્ત થતું નથી. શિલ્પની જેમ=વ્યાપારાદિની જેમ, અહીં પણ=ચોરીમાં પણ, અલાભ છે=ક્યારેક કોઈક ચોરને ધનાદિનો લાભ છે અને કોઈક ચોરને અલાભ છે. ।।૯૩૦।।

ટીકા :-

इह न परेषां धनादिकमसृष्टं नश्यति किंतु सृष्टमेव, येन कारणेन तत् अहृतमपि-अनपहृतमपि ज्वलनेन दह्यते, न च तैरपि स्तेनैस्तत्र हर्त्तव्यमनुपात्तं लभ्यते किंतूपात्तमेव, यतोऽत्रापि-परधनादिकापहरणे शिल्प इव-वाणिज्यादिकर्म्मलक्षणे कस्यचित्कदाचिदलाभोऽपि भवति, अन्यथा सर्वस्य सर्वदा लाभ एव स्यात्, विशेषहेत्वभावात्, ततो वाणिज्यादिकलास्विव न परद्रव्यापहरणे कश्चिद्दोषः ।।९३०।।

ટીકાર્થ :-

इह न ..... कश्चिद्दोषः ।। અને અહીં=સંસારમાં, બીજાઓના અસંસૃષ્ટ=નહિ સર્જાયેલા, ધનાદિક નાશ પામતા નથી પરંતુ સર્જાયેલા જ=નાશ માટે સર્જાયેલા જ, નાશ પામે છે. જે કારણથી નહિ હરણ કરાયેલું પણ તે=ધનાદિ, અગ્નિ વડે બળે છે અને તેઓ વડે પણ=ચોરો વડે પણ, ભાગ્યમાં નહીં લખાયેલું એવું હર્તવ્ય ધન=ચોરી કરવા યોગ્ય એવું ધન, ત્યાં=ચોરાતા ધનાદિમાં, પ્રાપ્ત કરાતું નથી પરંતુ ચોરના ભાગ્યમાં લખાયેલું જ ધન પ્રાપ્ત કરાય છે, જે કારણથી અહીં પણ=પરધનાદિકના અપહરણમાં, વાણિજ્ય આદિ કર્મસ્વરૂપ શિલ્પની જેમ=કલાની જેમ, ક્યારેક કોઈકને અલાભ પણ થાય છે=ચોરી કરનાર કોઈકને ક્યારેક ધનાદિનો અલાભ પણ થાય છે. અન્યથા=એવું ન માનો તો= વાણિજ્ય કર્મની જેમ કોઈક ચોરાદિને પરધનઅપહરણની પ્રવૃત્તિમાં પણ ક્યારેક ધન પ્રાપ્ત થતું નથી એમ ન માનો તો, સર્વને સર્વદા લાભ જ થાય=ચોરી કરનાર બધાને હંમેશાં ધનાદિની પ્રાપ્તિ જ થાય; કેમ કે વિશેષ હેતુનો અભાવ છે=જો સર્જાયેલું થતું ન હોય તો જે ચોરી કરે છે તેમાં કોઈક ચોરને લાભ થાય છે અને કોઈકને લાભ થતો નથી તે સ્થાનમાં સર્જાયેલું થવારૂપ વિશેષ હેતુનો અભાવ છે. તેથી ચોરી કરનાર સર્વને સદા લાભ જ થવો જોઈએ એમ અન્વય છે. તેથી વાણિજ્ય કલાની જેમ પરદ્રવ્યના હરણમાં કોઈ દોષ નથી. ।।૯૩૦।।

ભાવાર્થ :-

વળી, બીજાનું ધન હરણ કરવાથી પાપ બંધાશે. એનાથી અનિષ્ટ ફલ મળશે. તેમ માનીને જેને ચોરી કરવી ઉચિત છે તેવો પણ કોઈક ચોર ચોરીમાં પ્રવર્તશે નહિ. તેને ચોરીમાં ઉત્સાહિત કરવા અર્થે પરદર્શનવાદી કહે છે. જેઓનું ધન ચોરી આદિથી હરણ થાય છે તે ધન તે પ્રકારે નાશ માટે સર્જાયેલું હતું તેથી નાશ પામે છે. જે નાશ માટે સર્જાયું નથી તેનો નાશ થતો નથી. આથી જ તેનું ધન ચોર હરણ ન કરે તોપણ નાશ થવાને સર્જાયું જ હોય તો અગ્નિથી બળીને નાશ પામે છે. વળી, ચોરી કરનારને પણ તે ધન પ્રાપ્ત થાય છે તે તેઓના ભાગ્યમાં લખાયેલું હોય તો જ પ્રાપ્ત થાય છે પરંતુ તેઓના ભાગ્યમાં લખાયેલું ન હોય તો ચોરી કરવા જાય તોપણ ધન પ્રાપ્ત થતું નથી. જેમ વ્યાપારાદિ કરનારને તેના ભાગ્યમાં લખાયેલું હોય તો ધનનો લાભ થાય છે. ભાગ્યમાં લખાયેલું ન હોય તો વ્યાપાર કરવા છતાં ધન પ્રાપ્ત થતું નથી. તે રીતે ચોરી કરનારને પણ તેના ભાગ્યથી પ્રાપ્ત થયું છે, માટે વ્યાપાર કળાની જેમ ચોરી કરવાની કળામાં કોઈ દોષ નથી. આ રીતે ઉપદેશ આપીને યુક્તિપૂર્વક ચોરી કરવી જોઈએ. તેથી કોઈના દુઃખનું કારણ બને નહિ. તેમ પરદર્શનવાદી સ્થાપે છે. **॥૯૩૦॥**

અવતરણિકા :-

તથા ચાહ –

અવતરણિકાર્થ :-

અને તે પ્રમાણે કહે છે=જે પ્રકારે સર્જન થયું તે પ્રકારે થાય છે અને પોતાના ભાગ્યમાં લખાયેલું હોય તો જ ચોરીથી પ્રાપ્ત થાય છે એમ ગાથા-૯૩૦માં કહ્યું તે પ્રકારે કહે છે –

ગાથા :-

इय वत्थुसहावं जाणिऊण सुमणो उ संपयट्टेज्जा ।
ण य मरणा बीहेज्जा अन्नत्थवि जं तयं तुल्लं ।।९३१।।

છાયા :-

इति वस्तुस्वभावं ज्ञात्वा सुमनास्तु संप्रवर्त्तेत ।
न च मरणाद्बिभीयात् अन्यत्रापि यत् तत् तुल्यम् ।।९३१।।

ગાથાર્થ :-

આ રીતે વસ્તુસ્વભાવને જાણીને સુમનવાળો જ છતો સંપ્રવર્તન કરે=પરદ્રવ્યના હરણમાં પ્રવૃત્તિ કરે. મરણથી ભય પામે નહિ. જે કારણથી અન્યત્ર પણ=વ્યાપારાદિમાં પણ, તે સમાન છે=મરણાદિ ભય સમાન છે. ॥૯૩૧॥

ટીકા :-

इतिः-एवं प्रदर्शितेन प्रकारेण वस्तुस्वभावं ज्ञात्वा सुमना एव-प्रशस्तमना एव सन् तुरेवकारार्थः परद्रव्यापहरणे प्रवर्त्तेत, विधौ सप्तमी, ततः परद्रव्यापहरणे निःशङ्को भूत्वा प्रवृत्तिं कुर्यादितियावत् । कश्चिदैहिकमरणलक्षणापायभीत्या न प्रवर्त्तेतापि तमपि प्रति शिक्षामाह—'नयेत्यादि' न च मरणाद्बिभीयात् यस्मादन्यत्रापि-वाणिज्यादिकर्म्मणि तत्-मरणं तुल्यम्, तथाहि—समुद्रादिषु वाणिज्याद्यर्थं प्रवर्त्तमानानां मरणं लोके सुप्रतीतमेवेति ।।९३१।।

ટીકાર્થ :-

इतिः ..... सुप्रतीतमेवेति ।। આ રીતે=ગાથા-૯૩૦માં બતાવ્યું એ રૂપ પ્રદર્શિત પ્રકારથી, વસ્તુ સ્વભાવને જાણીને=નાશ થવા માટે સર્જાયેલું તેનું ધન નાશ પામે છે અને પોતાના ભાગ્યમાં લખાયેલું છે તે જ ચોરીથી પ્રાપ્ત થાય છે એ રૂપ વસ્તુનો સ્વભાવ જાણીને, સુમનવાળા જ=પ્રશસ્ત મનવાળા જ, છતા જીવો પરદ્રવ્યના અપહરણમાં પ્રવર્તે. વિધિ અર્થમાં સપ્તમી છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. તેથી પરદ્રવ્યના અપહરણમાં નિઃશંક થઈને પ્રવૃત્તિ કરવી જોઈએ. કેટલાક આલોકના મરણની આપત્તિના ભયથી ચોરીમાં ન પણ પ્રવર્તે તેના પ્રત્યે શિક્ષાને=ઉપદેશને, કહે છે. મરણથી ભય પામવું જોઈએ નહિ. જે કારણથી અન્યત્ર પણ વાણિજ્યાદિ કર્મમાં પણ તે=મરણ તુલ્ય છે. તે આ પ્રમાણે — સમુદ્રાદિમાં વાણિજ્ય માટે પ્રવર્તતા જીવોનું મરણ લોકમાં સુપ્રતીત જ છે. ।।૯૩૧।।

ભાવાર્થ :-

ઉચિત વિવેકપૂર્વક પરદ્રવ્યનું હરણ કરે તે દોષરૂપે નથી એમ યુક્તિથી બતાવતા કેટલાક દર્શનકારો કહે છે — જેનું ધન નાશ થવાનું છે, તેનું તે ધન નાશ થવા માટે સર્જાયું છે. ચોરી કરનાર માટે ધન પ્રાપ્ત કરવાનું નિર્માણ થયું છે, એ પ્રકારનો વસ્તુનો સ્વભાવ છે. તેનો નિર્ણય કરીને સાહસિકાદિ ગુણવાળા પુરુષોએ સાધુ આદિના દ્રવ્યના ગ્રહણ છોડીને સુખી માણસોના ધન આદિને ગ્રહણ કરવા પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીં પ્રશ્ન થાય કે ચોરી કરતાં રાજપુરુષોથી પકડાય છે ત્યારે મરણની પ્રાપ્તિ પણ થાય છે તેથી મરણના ભયથી કોઈ ચોરી કરે નહિ એનું સમાધાન કરતાં કહે છે. વ્યાપારાદિમાં પણ મરણનો ભય તુલ્ય છે; કેમ કે વાણિજ્ય માટે સમુદ્રાદિમાં જતા મરણ પામે છે છતાં મરણના ભયથી તેઓ ધન ઉપાર્જનનો ત્યાગ કરતા નથી. તેમ મૃત્યુના ભયથી વિવેકીએ ચોરીનો ત્યાગ કરવો જોઈએ નહિ. **॥૯૩૧॥**

અવતરણિકા :-

परद्रव्यापहरण एव विधिशेषमाह —

અવતરણિકાર્થ :-

પરદ્રવ્યના અપહરણમાં વિધિશેષને કહે છે —

ગાથા :-

हरिएवि पुव्वगं चिय खंदादी देवए य वीरे य ।
संपूजिऊण विहिणा पच्छा पुज्जेज्ज तं रत्थं ।।९३२।।

છાયા :-

हृतेऽपि पूर्वकमेव स्कन्दादिन् देवान् च वीरांश्च ।
संपूज्य विधिना पश्चात्पूजयेत्तां रथ्याम् ।।९३२।।

ગાથાર્થ :-

પરદ્રવ્યના હરણના પૂર્વે જ સ્કન્દાદિ દેવોને અને વીરપુરુષોને વિધિથી પૂજીને પાછળથી એ માર્ગની પૂજા કરવી જોઈએ. ॥૯૩૨॥

ટીકા :-

हृतेऽपि परद्रव्ये पूर्वमेव स्कन्दादीन् आदिशब्दात् रुद्रादींश्च देवान् वीरांश्च पुरुषान् स्तेनगुणैरतीव प्रसिद्धान् विधिना संपूज्य पश्चाद्यया रथ्यया गन्तुमिष्यते तां रथ्यां पूजयेत् ।।९३२।।

ટીકાર્થ :-

हृतेऽपि ..... पूजयेत् ।। પરદ્રવ્યના હરણના પૂર્વમાં જ સ્કન્દાદિ દેવોને આદિ શબ્દથી રુદ્રાદિ દેવોને અને વીરપુરુષોને=ચોરી ગુણો વડે અતિ પ્રસિદ્ધ વીરપુરુષોને, વિધિથી પૂજીને પાછળથી જે માર્ગથી જવા માટે ઇચ્છાય છે, તેની પૂજા કરવી જોઈએ. ॥૯૩૨॥

ભાવાર્થ :-

વિવેકપૂર્વક ચોરી કરવી એ ધન અર્જન કરવાની કલા તુલ્ય છે એમ કેટલાક દર્શનકારો માને છે. જેઓ ચોરી કરવામાં પ્રયત્નશીલ છે, તેઓએ ચોરી કરતાં પૂર્વે સ્કન્દ રુદ્ર આદિ દેવોની પૂજા કરવી જોઈએ જેથી ચોરીમાં વિઘ્ન પ્રાપ્ત થાય નહિ. વળી, ચોરી કરવામાં જે વીરપુરુષો પ્રસિદ્ધ છે તેની વિધિથી પૂજા કરવી જોઈએ જેથી તેમના જેવી કુશળતા પ્રાપ્ત થાય. વળી, જે માર્ગથી ચોરી કરવા જવાનું છે તે માર્ગની પૂજા કરવી જોઈએ જેથી વિઘ્નરહિત ચોરી કરીને ધન પ્રાપ્ત કરી શકે. આ પ્રમાણે ચોરીવિષયક કર્તવ્યનો અન્ય દર્શનકારો ઉપદેશ આપે છે. **॥૯૩૨॥**

ગાથા :-

लोगम्मि य परिवादं अकालचरियाविवज्जणादीहिं ।
जत्तेणं रक्खेज्जा तदभावे सव्वहा ण भयं ।।९३३।।

છાયા :-

लोके च परिवादमकालचर्याविवर्जनादिभिः ।
यत्नेन रक्षयेत्तदभावे सर्वथा न भयम् ।।९३३।।

ગાથાર્થ :-

અકાલચર્યાના વિવર્જનાદિ વડે લોકમાં પરિવાદનું યત્નથી રક્ષણ કરે, તેના અભાવમાં= લોકના પરિવાદના અભાવમાં, સર્વથા ભય નથી. ।।૯૩૩।।

ટીકા :-

लोके च परिवादम्-अपकीर्त्तिमकालचर्याविवर्ज्जनादिभिरादिशब्दात् स्त्रीपण्डकादिद्रव्यापहरणवर्ज्जनेन च यत्नेन रक्षयेत्, तदभावे च लोकपरिवादाभावे च सर्वथा इह अमुष्मिन्नपि च नास्य भयम्, अपकीर्ति र्हि नरकादिकुगतिविनिपातसंभवहेतुः 'अकीर्त्तिं तु निरालोकनरकोद्देशदूतिका'मित्यादिवचनात्, सा चाकालचर्याविवर्जनादिना दूरतोऽपास्तेति ।।९३३।।

ટીકાર્થ :-

लोके ..... दूरतोऽपास्तेति ।। અને લોકમાં અકાલચર્યાના વિવર્જનાદિ વડે પરિવાદ=અપકીર્તિનું રક્ષણ કરે. આદિ શબ્દથી=અકાલચર્યા વિવર્જનાદિમાં રહેલા આદિ શબ્દથી, સ્ત્રી-નપુંસકાદિના દ્રવ્યના અપહરણના વર્જન વડે યત્નથી અપકીર્તિનું રક્ષણ કરે અને તેના અભાવમાં=લોકમાં અપકીર્તિના અભાવમાં, સર્વથા આલોકમાં અને પરલોકમાં પણ આને=ચોરી કરનારને, ભય નથી; હિ=જે કારણથી, અપકીર્તિ નરકાદિરૂપ કુગતિના નિપાતના સંભવનો હેતુ છે; કેમ કે 'વળી અકીર્તિ નિરાલોક નરકના ઉદ્દેશની દૂતિકા છે=અંધકારવાળા નરકની પ્રાપ્તિની દૂતિકા છે', ઇત્યાદિ વચન છે. તે=અપકીર્તિ, અકાલચર્યાના વિવર્જનથી દૂરથી અપાસ્ત છે. ।।૯૩૩।।

ભાવાર્થ :-

ચોરી કરવી એ સાહસિક માટે કર્તવ્ય છે. તે બતાવવા અર્થે અન્ય દર્શનવાદી કહે છે. ચોરી કરવા માટે અકાળ દિવસચર્યા છે. સ્ત્રી-નપુંસકાદિનું ધન અપહરણ કરવાથી તેઓની અત્યંત ખરાબ સ્થિતિ થવાથી લોકમાં અપ્રગટ પણ તે ચોર નિંદાપાત્ર બને છે જ્યારે ધનિકનું ધન ઉચિત મર્યાદાથી ચોરી કરે તો તે ચોરની અપકીર્તિ થતી નથી. આ લોકમાં જેના કૃત્યની નિંદા થાય નહિ તેઓને આલોક અને પરલોકમાં ભય નથી; કેમ કે આલોકમાં અપકીર્તિ થાય તેવું જે અપકૃત્ય કરે તે નરકાદિ કુગતિના પ્રાપ્તિનો હેતુ છે અને લોકમાં તે અકીર્તિ થાય તે જ ગાઢ અંધકારવાળા નરકની પ્રાપ્તિની દીપિકા છે. આ પ્રકારનું શાસ્ત્રવચન છે માટે વિવેકપૂર્વક જે ચોરી કરે છે, તેઓને આલોકમાં અપકીર્તિનો ભય નથી અને પરલોકમાં દુર્ગતિનો ભય નથી. માટે નિઃશંકતાપૂર્વક ચોરી કરવી જોઈએ. **॥૯૩૩॥**

અવતરણિકા :-

સાંપ્રતમિત્થં પ્રવૃત્તાવપિ કદાચિદ્દૈવયોગાદારક્ષકૈર્ગૃહ્યેત તતસ્તસ્યાશ્વાસનાર્થમુપદેશમાહ –

અવતરણિકાર્થ :-

હવે આ રીતે પ્રવૃત્તિમાં પણ=અકાલચર્યાદિના વર્જનપૂર્વક ચોરીની પ્રવૃત્તિમાં પણ, કદાચિત્ ભાગ્યના યોગથી આરક્ષકો દ્વારા ગ્રહણ થાય=ચોરી કરનાર પુરુષ પકડાય, તેથી તેના આશ્વાસન માટે ઉપદેશ આપે છે –

ગાથા :-

गहितोवि अमोक्खाए मरणंतं जीवियं विचिंतेज्जा ।
कुज्जा य पुरिसगारं दोण्हवि लोगाण फलहेउं ।।९३४।।

છાયા :-

गृहितोऽपि अमोक्षाय मरणान्तं जीवितं विचिन्तयेत् ।
कुर्याच्च पुरुषकारं द्वयोरपि लोकयोः फलहेतुः ।।९३४।।

ગાથાર્થ :-

મારવા માટે ગ્રહણ કરાયેલો પણ ચોર મરણ અંતવાળા જીવિતનું ચિંતવન કરે અને બંને પણ લોકના=આલોક અને પરલોકના, ફળના હેતુ એવા પુરુષકારને કરે. ।।૯૩૪।।

ટીકા :-

गृहीतोऽप्यारक्षकैरमोक्षाय यथा–'न वयमेनं दुराचारं मुञ्चामः किंतु मारयाम (म्रियामहे) इति', मरणान्तं जीवितं विचिन्तयेत्-इदं हि जीवितं मरणपर्यवसानं ततो नियमात् पश्चादपि मर्त्तव्यं तद्वरमिदानीमेव युक्तं न्यायप्राप्तत्वादिति पर्यालोचयेत्, कुर्याच्च पुरुषकारम्-अदीनत्वलक्षणं द्वयोरपि-इह पररूपयोर्लोकयोः फलहेतुभूतमिति ।।९३४।।

ટીકાર્થ :-

गृहीतोऽप्यार ..... हेतुभूतमिति ।। આરક્ષકો વડે અમોક્ષ માટે ગ્રહણ કરાયેલો પણ ચોર મરણઅંતવાળા જીવિતનું ચિંતવન કરે.

કઈ રીતે અમોક્ષ માટે આરક્ષકો વડે ગ્રહણ કરાયેલો છે તે 'યથા'થી બતાવે છે. 'અમે આ દુરાચારીને નહીં મૂકીએ પણ મારશું.' કઈ રીતે મરણઅંતવાળું જીવિત છે ? તે સ્પષ્ટ કરે છે. હિ=જે કારણથી, આ જીવિત મરણપર્યવસાનવાળું છે. તેથી નિયમથી પાછળથી પણ મરવું પડે, તેથી હમણાં

જ મરવું યુક્ત છે; કેમ કે મરણનું ન્યાયપ્રાપ્તપણું છે, એ પ્રમાણે વિચારે અને બંનેના પણ=આલોક અને પરલોક બંનેના પણ, ફળના હેતુભૂત અદીનતારૂપ પુરુષકાર કરવો જોઈએ. ॥૯૩૪॥

ભાવાર્થ :-

નીતિપૂર્વક ચોરી કરવી તે ઉચિત છે એ પ્રકારે માનનારા કહે છે કે ચોરી કરતાં કોઈક રીતે કોટવાલ આદિ તેઓને પકડે અને 'આ દુરાચારીને અમે છોડશું નહિ મારશું,' એમ વિચારીને મારી નાખે એ ભયથી પણ ચોરી કરવામાં દક્ષ વિવેકીએ ભયભીત થવું જોઈએ નહિ પરંતુ કોઈક રીતે કોટવાલ આદિથી ગ્રહણ થાય ત્યારે પણ વિચારવું જોઈએ કે 'આ જીવન મરણાન્તવાળું છે તેથી પછી પણ ક્યારેક અવશ્ય મારે મરવાનું છે તે મૃત્યુ હમણાં જ ન્યાયપ્રાપ્ત છે' એ પ્રમાણે વિચારીને મૃત્યુકાળમાં પણ અદીનભાવરૂપ પ્રયત્ન કરે. દીનતા વગર મૃત્યુને સ્વીકારી લેવાથી આલોકમાં પણ સ્વસ્થતા મળે છે; કેમ કે કુશળતાથી નીતિપૂર્વક ચોરી કરીને સુંદર આજીવિકા થાય છે અને મૃત્યુ વખતે શોકાદિ થતો નથી. આથી આલોક પણ સુંદર રહે છે. નીતિપૂર્વક વેપાર કરનાર પુરુષ જેમ આ લોકમાં સુખી થાય છે અને મરતી વખતે દીનતા ન કરે તો પરલોકમાં સુખી થાય છે. તેમ સ્ત્રી આદિના ધનને ગ્રહણ નહિ કરવાની નીતિપૂર્વક ચોરી કરનાર અદીનભાવથી મૃત્યુ પામે તો પરલોકમાં પણ સુંદર ફળને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ચોરીને અદુષ્ટ માનનારા કહે છે. **॥૯૩૪॥**

અવતરણિકા :-

उपसंहरति –

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કરે છે=ચોરી અદુષ્ટ છે એ કહેનારા મતનો ઉપસંહાર કરે છે –

ગાથા :-

इय खंदरुद्दविहिणा पयट्टमाणस्स सुद्धभावस्स ।
वाणिज्जुचियकला विव निद्दोसा चोरिगा केइ ।।९३५।।

છાયા :-

इति स्कन्दरुद्रविधिना प्रवर्त्तमानस्य शुद्धभावस्य ।
वाणिज्योचितकलेव निर्दोषा चौरिका केचित् ।।९३५।।

ગાથાર્થ :-

આ રીતે સ્કન્દ-રુદ્ર શાસ્ત્રમાં કહેવાયેલી વિધિથી પ્રવર્તમાન શુભ ભાવવાળા=ચોરીમાં યત્ન કરનાર શુભ ભાવવાળા જીવની, ચોરી વાણિજ્ય કલાની જેમ, નિર્દોષ છે એ પ્રમાણે કેટલાક કહે છે. ॥૯૩૫॥

ટીકા :-

इतिः-एवं प्रदर्शितेन प्रकारेण स्कन्दरुद्रविधिना-स्कन्दरुद्राभिधानशास्त्रोक्तविधिना प्रवर्त्तमानस्य शुभभावस्य वाणिज्योचितकलेव निर्दोषा चौरिका-चौरक्रिया, 'द्वन्द्वचौरादिभ्य' इति चौरशब्दात्कर्म्मणि वुञ्प्रत्ययः, इति केचिद् ब्रुवते ।।९३५।।

ટીકાર્થ :-

इतिः ..... ब्रुवते ।। આ રીતે પ્રદર્શિત પ્રકારથી=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારથી, સ્કન્દરુદ્ર વિધિ વડે=સ્કન્દરુદ્ર નામના શાસ્ત્રમાં કહેલી વિધિ વડે, પ્રવર્તમાન શુભ ભાવવાળાની=ચોરી માટે યત્ન કરતા શુભ ભાવવાળા જીવની, ચોરી વાણિજ્યઉચિત કલાની જેમ નિર્દોષ છે એ પ્રમાણે કેટલાક કહે છે. 'द्वन्द्वचौरादिभ्य' એ સૂત્રથી ચોર શબ્દથી કર્મના અર્થમાં વુઞ્ચ પ્રત્યય છે. તેથી ચૌરી કર્મ અર્થમાં ચોરી ક્રિયા છે. ।।૯૩૫।।

ભાવાર્થ :-

સ્કન્દરુદ્ર શાસ્ત્રમાં કહેવાયેલી વિધિથી કોઈ ચોર ચોરીની ક્રિયામાં પ્રવર્તતો હોય તો જેમ કોઈ વણિક નીતિપૂર્વક વેપારની ક્રિયા કરે તેમ ચોરી કરનારને પણ શુભ ભાવ વર્તે છે. આથી સ્ત્રી આદિના ધનને ગ્રહણ કરતો નથી. તેથી એની ચોરીની ક્રિયા આલોક અને પરલોકના હિતરૂપ હોવાથી નિર્દોષ જ છે, એમ કેટલાક દર્શનકારો કહે છે. **॥૯૩૫॥**

અવતરણિકા :-

अत्राचार्य आह –

અવતરણિકાર્થ :-

આમાં=વિધિપૂર્વક કરાયેલી ચોરી નિર્દોષ છે એમાં, આચાર્ય કહે છે –

ગાથા :-

भण्णइ विहिसिट्ठा जीविगत्ति जं भणियमेत्थ को णु विही? ।
जइ ताव कोइ कत्ता स णिसिद्धो पुव्वमेव इह ।।९३६।।

છાયા :-

भण्यते विधिसृष्टा जीविकेति यद् भणितमत्र को नु विधिः ।
यदि तावत् कश्चित् कर्त्ता स निषिद्धः पूर्वमेव इह ।।९३६।।

ગાથાર્થ :-

ઉત્તર અપાય છે. વિધિથી સર્જન કરાયેલી જીવિકા એ પ્રમાણે જે કહેવાયું એમાં=પૂર્વપક્ષના કથનમાં, વિધિ શું છે ? જો કોઈ કર્તા વિધિ છે, તો તે પૂર્વમાં જ આ ગ્રંથમાં નિષેધ છે. ।।૯૩૬।।

ટીકા :-

भण्यते-अत्रोत्तरं दीयते-विधिसृष्टा जीविकेति यद्भणितं अत्र को नु विधिः स्यात्?, किं कश्चित्कर्त्ता पुरुष आहोस्वित् पूर्वकृतं कर्म्मेति? । तत्र यदि तावत् कश्चित्कर्त्ता विधिरित्यभ्युपगम्यते ततो न युक्तं, यतः पूर्वमेवेह 'कत्तावि अह पहुच्चिय विचित्तकरणम्मि रागमाईया' इत्यादिना ग्रन्थेन स=कर्त्ता निषिद्ध इति ।।९३६।।

ટીકાર્થ :-

भण्यते ..... निषिद्ध इति ।। ઉત્તર અપાય છે=પૂર્વપક્ષના કથનમાં ઉત્તર અપાય છે. વિધિથી સર્જન કરાયેલી જીવિકા=જીવના પૂર્વના કર્મથી સર્જન કરાયેલી ચોરીપૂર્વકની જીવિકા, એ પ્રમાણે જે પૂર્વપક્ષ દ્વારા કહેવાયું, એમાં વિધિ શું ? શું કોઈ કર્તા પુરુષ છે અથવા પૂર્વમાં કરાયેલું કર્મ છે ? ત્યાં=વિધિના વિષયમાં ગ્રંથકારશ્રીએ બે પ્રશ્નો કર્યા ત્યાં, કર્તા વિધિ છે, એ પ્રમાણે જો સ્વીકાર કરાય છે તો યુક્ત નથી. જે કારણથી પૂર્વમાં જ અહીં=પ્રસ્તુત ગ્રંથમાં 'કર્તા પણ જો પ્રભુ જ છે=ઈશ્વર જ છે, વિચિત્ર કરવામાં=સંસારને વિચિત્ર કરવામાં, રાગાદિની પ્રાપ્તિ છે' ઈત્યાદિ ગ્રંથથી તે કર્તા નિષિદ્ધ છે. ।।૯૩૬।।

ભાવાર્થ :-

અત્યાર સુધી અદત્તાદાન વિષયક પૂર્વપક્ષની યુક્તિથી સ્થાપન કર્યું કે કોઈ વ્યક્તિ વિધિપૂર્વક ચોરી કરે, એમાં દોષ નથી. એનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે. 'ચોરી કરનારની જીવિકા વિધિથી સર્જન કરાઈ છે' એ પ્રમાણે કહીને ચોરી નિર્દોષ છે એમ પૂર્વપક્ષી જે સ્થાપન કરે છે ત્યાં વિધિ શું છે ? એ પ્રકારે ગ્રંથકારશ્રી પ્રશ્ન કરે છે અને તેમાં બે વિકલ્પો સંભવે છે તે બતાવે છે. કોઈ ઈશ્વરરૂપ કર્તા પુરુષ વિધિ છે અથવા તે જીવે બાંધેલું પૂર્વનું કર્મ વિધિ છે એમ એ વિકલ્પો પ્રાપ્ત થાય, તેથી એ પ્રાપ્ત થાય કે તે જીવની આજીવિકા ઈશ્વરે તે પ્રકારે સર્જન કરી છે અથવા તે જીવના પૂર્વભવમાં કરાયેલાં કર્મોએ તે જીવની આજીવિકા તે પ્રકારે સર્જન કરી છે જેના કારણે આજીવિકા અર્થે તે ચોરી કરે છે. આ બે વિકલ્પમાં પૂર્વપક્ષ કહે કે ઈશ્વરરૂપ કર્તાએ તે જીવની તે પ્રકારની વિધિ સર્જન કરી છે જેથી ચોરી કરીને તેને આજીવિકા પ્રાપ્ત થાય, તેને ગ્રંથકારશ્રી કહે છે. આ કથન યુક્ત નથી; કેમ કે પૂર્વમાં ગાથા-૫૯૪માં ઈશ્વરને કર્તા સ્વીકારવામાં દોષ બતાવતાં ગ્રંથકારશ્રીએ કહેલ છે કે જો જગતના કર્તા ઈશ્વર જ છે, તો જગતમાં કેટલાકને સુખી, કેટલાકને દુઃખી એ રીતે વિચિત્ર કરવામાં ઈશ્વરને રાગાદિ પ્રાપ્ત થાય. તેથી ઈશ્વરને કર્તા સ્વીકારી શકાય નહિ. એ પ્રકારના વચનથી ઈશ્વરને કર્તા સ્વીકારવો ઉચિત નથી અને ઈશ્વરથી સર્જન કરાયેલી ચોરીથી તેની આજીવિકા છે એમ કહેવું પણ ઉચિત નથી. **॥૯૩૬॥**

ગાથા :-

अह पुव्वकयं कम्मं तस्सुदए जो उ होइ परिणामो ।
परवित्तहरणहेऊ अपसत्थो वज्जणिज्जो सो ।।९३७।।

છાયા :-

अथ पूर्वकृतं कर्म तस्योदये यस्तु भवति परिणामः ।
परवित्तहरणहेतुरप्रशस्तो वर्जनीयः सः ।।९३७।।

ગાથાર્થ :-

હવે પૂર્વકૃત કર્મ વિધિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. તેના ઉદયમાં જે પરના ધનના હરણનો હેતુ એવો પરિણામ થાય છે, અપ્રશસ્ત એવો તે વર્જનીય છે. ।।૯૩૭।।

ટીકા :-

अथ पूर्वकृतं कर्म्म विधिरित्युच्यते ननु तर्हि तस्य-पूर्वकृतस्य कर्म्मण उदये-विपाकेनानुभवे सति यो भवति परिणामः परवित्तापहरणहेतुः स एकान्तेन विवेकचक्षुषां वर्ज्जनीय एव, अप्रशस्तत्वात् ।।९३७।।

ટીકાર્થ :-

अथ ..... अप्रशस्तत्वात् ।। હવે પૂર્વકૃત કર્મ વિધિ છે એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, તો પૂર્વકૃત એવા તે કર્મના ઉદય હોતે છતે=વિપાકથી અનુભવ થયે છતે, પર ધનના હરણનો હેતુ એવો જે પરિણામ થાય છે, તે એકાંતથી વિવેકચક્ષુવાળાઓને વર્જનીય જ છે; કેમ કે અપ્રશસ્તપણું છે. ।।૯૩૭।।

ભાવાર્થ :-

હવે પૂર્વપક્ષી કહે છે કે જીવના પૂર્વમાં કરાયેલાં કર્મો જ વિધિ છે. તે કર્મોથી જ તે જીવને એ પ્રકારે આજીવિકા કરવાનો પરિણામ થાય છે. તેથી ચોરી કરવામાં દોષ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. ચોરી કરનાર જીવના પૂર્વભવના કરાયેલા કર્મના ઉદયથી તેને પરના ધનના હરણનો હેતુ એવો જે પરિણામ થાય છે, તે પરિણામ વિવેકચક્ષુવાળા જીવોએ એકાંતથી ત્યાગ કરવો જોઈએ; કેમ કે બીજાના ધનના હરણનો પરિણામ અપ્રશસ્ત=અનુચિત છે. **॥૯૩૭॥**

અવતરણિકા :-

कथमसौ परिणामोऽप्रशस्त इति चेदाह –

અવતરણિકાર્થ :-

કેવી રીતે આ પરિણામ અપ્રશસ્ત છે ?=બીજાના ધનના હરણ કરવાનો પરિણામ અપ્રશસ્ત છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अइसंकिलिट्ठकम्माणुवेदणे जो तु होइ परिणामो ।
सो संकिलिट्ठकम्मस्स कारणं जं हि पाएणं ।।९३८।।

છાયા :-

अतिसंक्लिष्टकर्माणुवेदने यस्तु भवति परिणामः ।
स संक्लिष्टकर्मणः कारणं यद् हि प्रायः ।।९३८।।

ગાથાર્થ :-

જે કારણથી અતિ સંક્લિષ્ટ કર્માણુના વેદનમાં જે પરિણામ થાય છે, તે=તે પરિણામ, પ્રાયઃ સંક્લિષ્ટ કર્મનું કારણ છે. (તે કારણથી અપ્રશસ્ત છે.) ।।૯૩૮।।

ટીકા :-

हिर्यस्मादर्थे, यस्मादतिसंक्लिष्टकर्म्माणुवेदने यो भवति परिणामः स प्रायः संक्लिष्टकर्मणां कारणं ततोऽसावप्रशस्तः, प्रायोग्रहणं च स एव परिणामो यदा विवेकाङ्कुशवशादुद्भूतोऽपि निष्फलीक्रियते तदा न संक्लिष्टकर्म्मकारणं भवतीति सूचनार्थम् ।।९३८।।

ટીકાર્થ :-

हिर्यस्मादर्थे ..... सूचनार्थम् ।। हि=यस्माद् अर्थमां छे. जे कारणथी अति संक्लिष्ट कर्माणुना वेदनमां जे परिणाम थाय छे, ते प्रायः संक्लिष्ट कर्मनुं कारण छे. तेथी आ=परिणाम, अप्रशस्त छे अने प्रायःनुं ग्रहण ते ज परिणाम ज्यारे विवेकરૂप अंकुशना वशथी उद्भूत थयेलो पण=उत्पन्न थयेलो पण, निष्फल कराय छे त्यारे संक्लिष्ट कर्मनुं कारण थतुं नथी, એ सूचन अर्थे छे. ।।૯૩૮।।

ભાવાર્થ :-

જેઓને ચોરી કરવાના પરિણામ થાય છે તેઓએ પૂર્વભવમાં એવાં જ કર્મો બાંધ્યાં છે જે કર્મના ઉદયથી પારકાના ધનના હરણપૂર્વક આજીવિકા કરી શકે. તેઓ ચોરી કરે એ દોષ નથી એમ પૂર્વપક્ષી કહે છે. એને ગ્રંથકારશ્રી કહે છે. તેનો તે પ્રકારનો=પારકાના ધનનું હરણ કરવાનો, પરિણામ અપ્રશસ્ત છે. જેથી અતિ સંક્લિષ્ટ કર્મના ઉદય વખતે જીવને જે પરિણામ થાય છે તે પ્રાયઃ કરીને અતિ સંક્લિષ્ટ કર્મનું કારણ બને છે માટે અપ્રશસ્ત છે. પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જેમ કોઈ જીવને અતિ સંક્લિષ્ટ કર્મનો ઉદય વર્તતો હોય ત્યારે ચોરી કરવાનો અશુભ પરિણામ થાય તોપણ અંતરંગ રીતે વિવેક વર્તતો હોય તો તે મહાત્મા પ્રતિપક્ષના ભાવનથી તેને નિષ્ફલ કરવા યત્ન કરે છે ત્યારે તે પરિણામ સંક્લિષ્ટ કર્મબંધનું કારણ બનતો નથી. જેમ કોપનું નિમિત્ત કોઈક વ્યક્તિ થાય ત્યારે અંતરંગ ચિત્ત કોપને અનુકૂળ પરિણામવાળું બને છે ત્યારે તે મહાત્મા સાવધાન થઈને વિચારે કે આ વ્યક્તિ મને દૂષણ આપે છે તે ખરેખર મારામાં

છે કે નહિ ? જો દૂષણ પોતાનામાં હોય તો 'મારે કોપ કરવો ઉચિત નથી' એમ વિચારીને કોપના વર્જન માટે યત્ન કરે તો સંક્લિષ્ટ કર્મબંધનું કારણ બનતું નથી. ॥૯૩૮॥

अवतरणिका :-

स्यादेतत्, यदि परवित्तापहरणहेतुः परिणामोऽतिसंक्लिष्टकर्म्मांशविपाकोदयवशादुपजायते ततः स कथं वर्जयितुं शक्यते कथं वा निष्फलीकर्तुं ?, मा प्रापत्तत्कर्म्मणोऽबलत्वप्रसङ्गः, ततश्च ज्वरहरतक्षकचूडारत्नालंकारधारणोपदेशदानवत् अशक्यानुष्ठानमदत्तादानपरिहारोपदेशदानमित्यत आह—

अवतरणिकार्थ :-

આ પ્રમાણે થાય. જો પરધનના અપહરણનો હેતુ એવો પરિણામ અતિ સંક્લિષ્ટ કર્માંશના વિપાકના ઉદયના વશથી થાય છે તો તે=સંક્લિષ્ટ પરિણામ, વર્જન કરવા માટે કેવી રીતે શક્ય થાય ? અથવા નિષ્ફલ કરવા માટે કેવી રીતે શક્ય થાય ? અર્થાત્ થાય નહિ. તે કર્મના અબલત્વનો પ્રસંગ પ્રાપ્ત ન થાઓ=જો તે કર્મ નિષ્ફલ કરાય છે તેમ સ્વીકારવામાં આવે તો તે કર્મના અબલત્વની પ્રાપ્તિ થાય અને તે પ્રાપ્ત ન થાઓ તે માટે તે કર્મ નિષ્ફલ કરી શકાતું નથી તેમ સ્વીકારવું જોઈએ અર્થાત્ ક્લિષ્ટ કર્મના ઉદયને નિષ્ફલ કરવું અશક્ય છે, અને તેથી જ્વરને હરણ કરનારા સર્પના મસ્તક ઉપર રહેલા રત્ન અલંકારને ધારણ કરનારા ઉપદેશના દાનની જેમ અદત્તાદાનના પરિહારના ઉપદેશનું દાન અશક્ય અનુષ્ઠાનવાળું છે. એથી કહે છે —

ગાથા :-

तीरइ य अत्तवीरियपगरिसतो वज्जिउं तओ एवं ।
सति तम्मि तव्विवागं विचिंतिउं अप्पवित्तीए ।।९३९।।
कम्मोदएण मणपरिणामे जो संकिलिट्ठरूवेवि ।
संविग्गो वइकाए निरुंभती सो विणासेवि ।।९४०।।

छाया :-

तीर्यते चात्मवीर्यप्रकर्षतो वर्जयितुं सक एवम् ।
सति तस्मिन् तद्विपाकं विचिन्त्याप्रवृत्त्या ।।९३९।।
कर्मोदयेन मनःपरिणामे यःसंक्लिष्टरूपेऽपि ।
संविग्नो वाक्कायौ निरुणद्धि स विनाशयेदपि ।।९४०।।

ગાથાર્થ :-

આત્મવીર્યના પ્રકર્ષથી તે=સંક્લિષ્ટ પરિણામ, વર્જન કરવા માટે શક્ય છે. આમ હોતે છતે તેમાં=પરધનહરણમાં, કર્મોદયથી સંક્લિષ્ટરૂપ પણ મનપરિણામ હોતે છતે જે સંવિગ્ન એવો પુરુષ, તેના વિપાકનો વિચાર કરીને અપ્રવૃત્તિ દ્વારા વચન-કાયનો નિરોધ કરે છે, તે વિનાશ પણ કરે છે=સંક્લિષ્ટ મનપરિણામનો વિનાશ પણ કરે છે. ॥૯૩૯-૯૪૦॥

ટીકા :-

तीर्यते च-शक्यते चात्मवीर्यप्रकर्षतो वर्ज्जयितुं 'तउत्ति'सकः संक्लिष्टः परिणामः, ग्रन्थिभेदादूर्द्ध्वमात्मवीर्यस्यैव कर्मबाधां प्रति प्रायो विजृम्भमाणत्वात्, उक्तं च–'तदूर्द्ध्वं बाध्यते दैवं, प्रायोऽयं तु विजृम्भते' 'तदूर्द्ध्वमिति' तस्मात् ग्रन्थिभेदात् ऊर्द्ध्वम्, अयमिति आत्मव्यापाररूपः पुरूषकारः, एवं च सति आत्मवीर्यप्रकर्षतः संक्लिष्टपरिणामवर्ज्जनशक्तिसंभवे सति तस्मिन्-परवित्तापहरणहेतौ कर्म्मोदयेन मनःपरिणामे संक्लिष्टरूपेऽपि जाते सति तद्विपाकं-विवक्षितसंक्लिष्टमनःपरिणामविपाकं नरकादि कुगतिविनिपातफलं सम्यक् विवेकहृदयेन विचिन्त्य संविग्नो-मोक्षाभिलाषी सन् अप्रवृत्त्या-प्रवृत्तिनिषेधेन यो वाक्कायौ निरुणद्धि स विनाशयेदपि संक्लिष्टं मनःपरिणाममिति ।।९३९-९४०।।

ટીકાર્થ :-

तीर्यते ..... मनःपरिणाममिति ।। આત્મવીર્યના પ્રકર્ષથી તે સંક્લિષ્ટ પરિણામ વર્જન કરવા માટે શક્ય છે; કેમ કે ગ્રંથિભેદ કર્યા પછી આત્મવીર્યનું જ કર્મબાધા પ્રત્યે પ્રાયઃ પ્રવૃત્તપણું છે=ઉલ્લસિતપણું છે અને કહેવાયું છે. 'તેના ઊર્ધ્વમાં=ગ્રંથિભેદના ઊર્ધ્વમાં, દૈવ=કર્મ, બાધા પામે છે. વળી, આ=આત્મવ્યાપારરૂપ પુરુષકાર, અને આમ હોતે છતે=આત્મવીર્યના પ્રકર્ષથી સંક્લિષ્ટ પરિણામ વર્જનરૂપ શક્તિનો સંભવ હોતે છતે, તેમાં=પરધનના અપહરણના હેતુમાં, કર્મના ઉદયથી સંક્લિષ્ટરૂપ પણ મનનો પરિણામ થયે છતે તેના વિપાકને=નરકાદિ કુગતિના વિનિપાત ફલવાળા વિવક્ષિત સંક્લિષ્ટ મનપરિણામના વિપાકને, સમ્યગ્=વિવેકહૃદય વડે, ચિંતવન કરીને સંવિગ્ન=મોક્ષના અભિલાષવાળા છતા, અપ્રવૃત્તિથી=પ્રવૃત્તિના નિષેધથી, જે વાણી-કાયાનો નિરોધ કરે છે અર્થાત્ મનમાં થયેલો સંક્લિષ્ટ પરિણામ હોવા છતાં વાણી અને કાયાને તે પ્રમાણે પ્રવર્તાવતો નથી, તે જીવ મનના સંક્લિષ્ટ પરિણામનો વિનાશ પણ કરે છે. ॥૯૩૯-૯૪૦॥

ભાવાર્થ :-

કોઈ જીવે પૂર્વભવમાં એવું કર્મ કરેલું હોય, જેથી પરધનના હરણનો પરિણામ તેને થાય છે અને વિચારે છે કે આ કૃત્ય કરીને હું સુખપૂર્વક આજીવિકા કરી શકીશ, તોપણ તે સંક્લિષ્ટ પરિણામ આત્મવીર્યના પ્રકર્ષથી વર્જન કરી શકાય છે. કેમ વર્જન કરી શકાય છે ? તેમાં યુક્તિ આપે છે. ગ્રંથિભેદ પછી કર્મની

બાધાને કરનારું આત્મવીર્ય પ્રાય ઉલ્લસિત થાય છે. તેથી તે જીવોને ધનઅર્જનનો ઉપાય ચોરી છે, પોતે તેમાં કુશળ છે. તેથી તે રીતે આજીવિકા કરવાનો સંક્લિષ્ટ પરિણામ થાય છે. તેઓ પણ તે કર્મના વિપાકને વિચારીને સંવેગના પરિણામવાળા થાય અર્થાત્ વિચારે કે આ રીતે આજીવિકા કરવી તે નરકાદિ કુગતિની પ્રાપ્તિના ફલવાળી છે ત્યારે તેઓ તે પ્રકારે ચોરી કરવાના પરિણામવાળા થાય તોપણ કર્મની કદર્થનાથી પોતાના આત્માનું રક્ષણ કરવા અર્થે વાણી અને કાયાથી પ્રવૃત્તિ કરે નહિ. તેથી ક્રમસર મનના સંક્લિષ્ટ પરિણામનો પણ નાશ થાય છે. જેઓમાં તેવો વિવેક પ્રગટ્યો નથી તેઓને ચોરી કરવાનો સંક્લિષ્ટ પરિણામ થાય છે તોપણ 'ચોરી કરવી ઉચિત છે' તેવું કહેનારા ઋષિઓના વચનથી ઉત્સાહિત થઈને તેઓ અનુચિત કૃત્યને ઉચિત કૃત્ય માને છે જેના ફળસ્વરૂપે દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે. માટે વાણિજ્યકલાની જેમ ચોરી નિર્દોષ છે એમ કહેવું અત્યંત અનુચિત છે. **॥૯૩૯-૯૪૦॥**

અવતરણિકા :-

यद्येवं तर्हि वाक्कायनिरोधादेव संक्लिष्टमनसा मनःपरिणामो (संक्लिष्टमनःपरिणामो) विनाशयिष्यते किमुच्यते शक्यते चात्मवीर्यतः स परिणामो वर्ज्जयितुमित्यत आह –

અવતરણિકાર્થ :-

જો આ રીતે છે=પૂર્વમાં કહ્યું કે મનમાં સંક્લિષ્ટ પરિણામ થવા છતાં વાણીકાયના નિરોધથી મનનો સંક્લિષ્ટ પરિણામ વિનાશ પામે છે એ પ્રમાણે છે, તો વાણી-કાયના નિરોધથી જ સંક્લિષ્ટ મનનો પરિણામ વિનાશ કરાશે, કેમ કહેવાયું ? શું કહેવાયું ? એથી કહે છે – આત્મવીર્યથી તે પરિણામ વર્જન કરવા માટે શક્ય છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૩૯, ૯૪૦માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આત્મવીર્યથી સંક્લિષ્ટ પરિણામનું વર્જન થઈ શકે છે. વળી, કહ્યું કે મનમાં સંક્લિષ્ટ પરિણામ થયો હોય છતાં વાણીકાયનો નિરોધ કરવામાં આવે તો સંક્લિષ્ટ પરિણામ નાશ પામશે. તે વચન પરસ્પર વિરુદ્ધ જણાવાથી શંકા કરે છે. આ પ્રમાણે કેમ કહ્યું ? તેના ઉત્તરરૂપે ગાથામાં કહે છે –

ગાથા :-

ते पुण ण अत्तवीरियपगरिसविरहेण थंभिउं सक्का ।
तम्मि य सति सुहभावा पायं अचिरेण तस्स खओ ।।९४१।।

છાયા :-

तौ पुनर्नात्मवीर्यप्रकर्षविरहेण स्तंभयितुं (निरोद्धुं) शक्यौ ।
तस्मिंश्च सति शुभभावात्प्रायः अचिरेण तस्य क्षयः ।।९४१।।

ગાથાર્થ :-

તે=વાણી-કાય, વળી આત્મવીર્યના પ્રકર્ષ વગર નિરોધ કરવા માટે શક્ય નથી અને તે હોતે છતે=વાણી-કાયનો નિરોધ કરાયે છતે, શુભ ભાવથી પ્રાયઃ શીઘ્ર તેનો=અશુભ ભાવનો, ક્ષય થાય છે. ।।૯૪૧।।

ટીકા :-

तौ पुनर्वाक्कायौ यतो नात्मवीर्यप्रकर्षविरहेण निरोद्धुं शक्येते तत उक्तमात्मवीर्यप्रकर्षतः स मनःपरिणामो निरोद्धुं शक्यते इति । पर आह—यद्यप्यात्मवीर्यप्रकर्षाद्वाक्कायनिरोधः कृतः तथापि कथं तन्निरोधे सति स मनःपरिणामो विनाशयितुं शक्यते, मनो हि वाक्कायाभ्यामत्यन्तविलक्षणं, भिन्नवर्ग्गणोपादानत्वात्, ततो न वाक्कायनिरोधानिरोधायत्तौ मनःपरिणामविनाशावित्यत आह—'तंमि य इत्यादि' तस्मिन्-वाक्कायनिरोधे कृते सति प्रायः शुभ एव भावो जायते नाशुभः । अशुभवाक्कायप्रवृत्तिलक्षणसहकारिकारणाभावात् । परिणामो हि कर्म्मविपाकोदयवशादुदितोऽपि सातत्येन प्रवृत्तौ स्वानुकूलवाक्कायचेष्टादिसहकारिकारणमपेक्षते यथा प्रदीपो निर्वातस्थानादीनि, शुभोऽपि भावो नाशुभवाक्कायचेष्टानिरोधमात्रनिबन्धनः किंत्वनुकूलकर्म्मविपाकोदयसंभवनिमित्तस्ततोऽशुभवाक्कायचेष्टानिरोधेऽपि कृते सति यदाऽनुकूलकर्म्मविपाकोदयो भवति तदा शुभो भाव उपजायते नत्वन्यदेत्येतत्सूचनार्थं प्रायोग्रहणमिति, तस्माच्च शुभभावादुपजायमानादचिरेण तस्य संक्लिष्टमनःपरिणामस्य क्षयो भवति, तस्य तेन विरुद्धत्वात्, ज्वलनस्येव जलादिति । इह न यतः कारणानुच्छेदे कार्यस्योच्छेदो भवति ततोऽशुभमनःपरिणामनिवृत्त्यर्थं तत्सहकारिभूताशुभवाक्कायचेष्टानिरोध उपात्तः, न च पवनादिसहकारिमात्रनिरोधेऽपि कृते सति हुतवहो विध्यायति यावत् न सलिलसंपातो भवति तत इहापि तत्प्रतिपक्षभूतः शुभभाव उपात्तो, न चासावपि प्रायोऽशुभवाक्कायचेष्टानिरोधलक्षणसहकारिकारणमन्तरेणोदयते इति तदुपादानमपि सफलमेवेति स्थितम् ।।९४१।।

ટીકાર્થ :-

तौ पुनर्वाक्कायौ ..... स्थितम् ।। જે કારણથી વળી તે વાણી-કાય આત્મવીર્યના પ્રકર્ષ વગર નિરોધ કરવા માટે શક્ય નથી. તેથી કહેવાયું છે — આત્મવીર્યના પ્રકર્ષથી તે મનનો પરિણામ નિરોધ કરવા માટે શક્ય છે. અહીં પર પ્રશ્ન કરે છે. જોકે આત્મવીર્યના પ્રકર્ષથી વાણી-કાયનો નિરોધ કરાયો, તોપણ તેનો નિરોધ કરાયે છતે=વાણી-કાયનો નિરોધ કરાયે છતે, તે મનનો પરિણામ કેવી રીતે વિનાશ કરવા માટે શક્ય છે ? અર્થાત્ શક્ય નથી. हि=જે કારણથી, વાણી-કાયથી અત્યંત વિલક્ષણ મન છે; કેમ કે ભિન્ન વર્ગણાથી ઉપાદાનપણું છે=વાણીના પુદ્ગલો અને કાયાના પુદ્ગલો કરતાં

ભિન્ન મનોવર્ગણાના પુદ્ગલોના ગ્રહણથી થયેલું છે. તેથી વાણી-કાયાના નિરોધ અને અનિરોધને આધીન મનના પરિણામનો વિનાશ નથી. આથી કહે છે – તે વાણી-કાયનો નિરોધ કરાયે છતે પ્રાયઃ શુભ જ ભાવ થાય છે, અશુભ થતો નથી; કેમ કે અશુભ વાણી-કાયની પ્રવૃત્તિ લક્ષણ સહકારી કારણનો અભાવ છે. હિ=જે કારણથી, કર્મના વિપાકના ઉદયના વશથી ઉદિત થયેલો પણ પરિણામ સતતપણાથી પ્રવૃત્તિમાં પોતાને અનુકૂળ એવી વાણી-કાયની ચેષ્ટાદિરૂપ સહકારી કારણની અપેક્ષા રાખે છે. જે રીતે દીવો નિર્વાત સ્થાનાદિની અપેક્ષા રાખે છે, શુભ પણ ભાવ અશુભ વાણીકાયના ચેષ્ટાના નિરોધમાત્રના નિબંધનવાળો નથી પરંતુ અનુકૂલ કર્મવિપાકના ઉદયના સંભવના નિમિત્તવાળો છે. તેથી અશુભ વાક્કાયની ચેષ્ટાનો નિરોધ પણ કરાયે છતે જ્યારે અનુકૂલ કર્મના વિપાકનો ઉદય થાય છે, ત્યારે શુભભાવ થાય છે, અન્યદા થતો નથી એના સૂચન માટે પ્રાયઃ ગ્રહણ છે અને તેનાથી= થતા શુભભાવથી, શીઘ્ર તે સંક્લિષ્ટ મનના પરિણામનો ક્ષય થાય છે; કેમ કે તેનો=સંક્લિષ્ટ મનના પરિણામનો, તેની સાથે=શુભભાવ સાથે, વિરુદ્ધપણું છે. જેમ અગ્નિનું જલ સાથે વિરુદ્ધપણું છે. અહીં જે કારણથી કારણના અનુચ્છેદમાં કાર્યનો ઉચ્છેદ થતો નથી. તેથી અશુભ મન પરિણામની નિવૃત્તિ માટે તેના સહકારી ભૂત અશુભ વાણીની અને કાયાની ચેષ્ટાનો નિરોધ ગ્રહણ કરાયો છે અને પવનાદિ સહકારી માત્રનો નિરોધ કરાયે છતે અગ્નિ બુઝાતો નથી. જ્યાં સુધી પાણીનો સંપાત થતો નથી. તેથી અહીં પણ=અશુભ મનના પરિણામની નિવૃત્તિમાં પણ, તેના પ્રતિપક્ષભૂત શુભભાવ ગ્રહણ કરાયો છે અને આ પણ=શુભભાવ પણ, પ્રાયઃ અશુભ વાણીની અને કાયાની ચેષ્ટાના નિરોધરૂપ સહકારી કારણ વગર ઉદય પામતો નથી. એથી તેનું ગ્રહણ પણ=અશુભ વાક્કાયની ચેષ્ટાના નિરોધનું ગ્રહણ પણ, સફલ જ છે, એ પ્રમાણે સ્થિત છે. ॥૯૪૧॥

ભાવાર્થ :-

કોઈ જીવમાં ચોરી કરવાની કુશળતા હોય અને ચોરીથી સુખપૂર્વક કમાઈ શકતો હોય તેથી નક્કી થાય કે તેનું પૂર્વભવનું તેવું બાંધેલું કર્મ છે. તેથી તે રીતે ધન પ્રાપ્ત કરી શકે છે, તોપણ તે રીતે ધન મેળવતી વખતે સંક્લિષ્ટ પરિણામ થાય છે જેનાથી તેને પરલોકમાં અહિત થશે. પરલોકના અહિતના નિવારણના ઉપાયરૂપે પૂર્વગાથામાં કહ્યું કે ચોરીને અનુકૂળ વાક્કાયનો નિરોધ કરવો જોઈએ અર્થાત્ કોઈને ચોરી કરવાનો પરિણામ થાય છતાં વાણીથી અને કાયાથી ચોરીવિષયક કોઈ પ્રવૃત્તિ ન કરે તો સંક્લિષ્ટ પરિણામનો વિનાશ થાય. અહીં પ્રશ્ન થાય કે ચોરીની ઇચ્છા થાય પછી વાણી અને કાયાનો નિરોધ કરે, એટલા માત્રથી સંક્લિષ્ટ પરિણામનો વિનાશ થતો હોય તો, આત્મવીર્યના ઉત્કર્ષથી તે પરિણામ નાશ પામે છે તેમ કેમ કહ્યું ? તેથી ગ્રંથકારશ્રી કહે છે – આત્મવીર્યના ઉત્કર્ષ વગર વચન અને કાયાનો નિરોધ થઈ શકે નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈને ચોરી કરવાનો પરિણામ થયો ત્યારે વચનથી અને કાયાથી ચોરી કરે તો તેનો સંક્લિષ્ટ પરિણામ અતિશયતર થાય છે અને જો તે વિચારે કે 'મારો ચોરી કરવાનો પરિણામ અનુચિત છે, માટે મારે તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ', તેથી આત્મવીર્યના પ્રકર્ષથી વાણી અને કાયાનો

નિરોધ કરે. ત્યારપછી આત્મવીર્યના પ્રકર્ષથી જ ચોરી કરવાનો મનનો પરિણામ થયો છે, તેનો પણ નિરોધ કરવો શક્ય છે. અહીં પૂર્વપક્ષી કહે કે, કોઈ જીવ દ્વારા આત્મવીર્યના પ્રકર્ષથી ચોરી કરવા વિષયક વાણીકાયનો નિરોધ કરાય તોપણ ચોરી કરવાનો મનમાં જે પરિણામ છે, તે પરિણામનો વિનાશ કઈ રીતે થઈ શકે અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે વાણી અને કાયાથી અત્યંત વિલક્ષણ મન છે. પૂર્વપક્ષીનો આશય એ છે કે વાણીના પુદ્ગલો વાચિક ક્રિયાત્મક છે, કાયાના પુદ્ગલો કાયિક ક્રિયાત્મક છે અને મનના પુદ્ગલો માનસિક વિચારાત્મક છે. તેથી કોઈ જીવ કાયાથી ચોરીની ક્રિયા ન કરે, વચનથી ચોરી કરવાની કોઈને પ્રેરણા કરે નહીં, તોપણ ચિત્તમાં ચોરી કરવાનો પરિણામ વર્તી શકે છે. તેથી વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરવા છતાં ચોરીવિષયક મનનો પરિણામ નાશ પામે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે. જેઓને ચોરી કરવાનો પરિણામ થયો છે, તેઓ વાણીકાયનો નિરોધ કરે, તે વખતે પ્રાયઃ તે જીવને શુભ જ ભાવ થાય છે, અશુભ ભાવ થતો નથી; કેમ કે અશુભ વાણી અને કાયાની અશુભ પ્રવૃત્તિરૂપ સહકારી કારણનો અભાવ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આ જીવમાં ચોરી કરવાનો પરિણામ થયો તે અશુભભાવ છે, તેની વૃદ્ધિમાં સહકારી કાયા અને વાણીની પ્રવૃત્તિ છે. જેઓને ચોરી કરવાનો મનમાં પરિણામ થવા છતાં વાણીથી અને કાયાથી પ્રવૃત્તિ કરતા નથી તેના દ્વારા અશુભ પરિણામ વૃદ્ધિ પામતો નથી. વળી, તેઓના મનમાં થયેલો અશુભ પરિણામ વાણી અને કાયાની ચેષ્ટાના નિરોધથી દૂર થતો નથી પરંતુ તેઓ વિચારે કે 'મને ચોરી કરવાનો અધ્યવસાય થયો છે તે ખરાબ છે. તેથી વાણીથી અને કાયાથી પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ.' એમ વિચારે તો ચોરી પ્રત્યે જુગુપ્સાને અનુકૂળ એવો ક્ષયોપશમ ભાવનો પરિણામ થાય જે શુભ લેશ્યારૂપ છે પરંતુ ચોરી કરવાનો વિચાર થાય અને વાણીકાયથી પ્રવૃત્તિ ન કરે, એટલા માત્રથી ચોરી કરવાનો અશુભભાવ નિવર્તન પામતો નથી પણ ચોરી કરવી અનુચિત છે, એ પ્રકારે પુનઃ પુનઃ ભાવન કરે તો શુભભાવને અનુકૂળ કર્મ વિપાકમાં આવે છે. તેનાથી શુભભાવ થાય છે અને તે શુભભાવ પ્રગટ થવાથી ચોરી કરવાનો સંક્લિષ્ટ મનનો પરિણામ થયેલ તે ક્ષય પામે છે. જેમ અગ્નિ સાથે જળનો સંપર્ક થાય તો ક્રમસર અગ્નિ નાશ પામે છે તેમ વાણી-કાયાના નિરોધપૂર્વક ચોરી કરવાથી પ્રાપ્ત થતા કર્મના વિપાકનું વારંવાર ભાવન કરવામાં આવે તો તે ચોરી કરવાના અશુભ અધ્યવસાયથી બંધાયેલાં કર્મ તો નાશ પામે, ચોરી કરવાના અધ્યવસાયના જનક સંસ્કારો પણ નાશ પામે એટલું જ નહીં પણ અનંતભવસંચિત અનેક પ્રકારનાં કર્મોનો પણ નાશ થાય છે.

જેમ ચોરીનો અશુભ અધ્યવસાય વાણીના અને કાયાના નિરોધપૂર્વક ચોરીની અનર્થકારિતાનું ભાવન કરવાથી નિવર્તન પામે છે તેમ ક્રોધાદિ કોઈપણ પ્રકારના કષાયો જીવને થતા હોય અને તેનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરીને તે કષાયને અનુરૂપ વાણી-કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરવામાં આવે અને તે કષાયજન્ય દુરંત સંસારની પ્રાપ્તિનું પુનઃ પુનઃ ભાવન કરવામાં આવે તો તે કષાયોના સંસ્કારો નાશ પામે છે, તે કષાયજન્ય કર્મબંધ નાશ પામે છે અને વીર્યનો પ્રકર્ષ થાય તો અનેક ભવસંચિત અનેક પ્રકારનાં પાપો નાશ પામે છે. **॥૯૪૧॥**

અવતરણિકા :-

यच्चोक्तम्–'वाणिज्जुचियकलं चियेति (कलंपिवेति)' तत्राह –

અવતરણિકાર્થ :-

વળી, જે પૂર્વપક્ષી વડે ગાથા-૯૨૬માં કહેવાયું. 'વાણિજ્ય ઉચિત કલાની જેમ અદત્તાદાન છે' તેમાં કહે છે –

ગાથા :-

वाणिज्जुचियकलाए तु णेवमपसत्थगो मुणेयव्वो ।
पायमणवज्जवित्ती निच्छयओ सोवि पडिसिद्धो ।।९४२।।

છાયા :-

वाणिज्योचितकलायां तु नैवमप्रशस्तको ज्ञातव्यः ।
प्रायोऽनवद्यवृत्तिर्निश्चयतः सोऽपि प्रतिषिद्धः ।।९४२।।

ગાથાર્થ :-

વાણિજ્ય ઉચિતકલામાં વળી આ પ્રમાણે=ચોરીની કલામાં અપ્રશસ્ત પરિણામ છે એ પ્રમાણે, અપ્રશસ્ત પરિણામ જ્ઞાતવ્ય નથી. પ્રાયઃ અનવદ્ય પ્રવૃત્તિ છે, નિશ્ચયથી તે પણ પ્રતિષિદ્ધ છે. ।।૯૪૨।।

ટીકા :-

वाणिज्योचितकलायां तु न एवं-चौर्योचितकलायामिवाप्रशस्तकः परिणामो ज्ञातव्यः किंतु प्रशस्तः, यतः प्रायोऽनवद्या वृत्तिरेषा, निश्चयतः पुनः सोऽपि वाणिज्योचितकलासंभवी परिणामः प्रतिषिद्धः ।।९४२।।

ટીકાર્થ :-

वाणिज्योचितकलायां ..... प्रतिषिद्धः ।। **વાણિજ્ય ઉચિત કલામાં વળી આ પ્રમાણે નથી. ચોરીની ઉચિત કલાની જેમ અપ્રશસ્ત પરિણામ જ્ઞાતવ્ય નથી પણ પ્રશસ્ત પરિણામ છે. જે કારણથી પ્રાયઃ અનવદ્ય વૃત્તિ આ છે=વાણિજ્ય કલા છે. વળી, નિશ્ચયથી તે પણ વાણિજ્ય ઉચિત કલાથી થતો પરિણામ પ્રતિષિદ્ધ છે. ।।૯૪૨।।**

ભાવાર્થ :-

ગાથા-૯૨૬માં પૂર્વપક્ષીએ કહ્યું કે ગૃહસ્થ વાણિજ્ય ઉચિત કલાથી ધન કમાય છે અર્થાત્ નીતિપૂર્વક ધન કમાય છે તેના જેવી જ ચોરીની ઉચિત કળા છે; કેમ કે સ્ત્રી આદિ દુઃખીના ધન લૂંટવાનો પરિણામ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વાણિજ્ય ઉચિત કલામાં જેવો પરિણામ છે તેવો પરિણામ

ચોરીની ઉચિત કલામાં નથી; કેમ કે ચોરીની ઉચિત કલામાં અન્ય સ્વામીનું ધન બળાત્કારે ગ્રહણ કરવાનો અપ્રશસ્ત પરિણામ છે તેવો અપ્રશસ્ત પરિણામ વાણિજ્યકલામાં નથી પરંતુ નીતિપૂર્વક ઉચિત વ્યવસાય કરીને ધનઅર્જનનો પરિણામ છે. તેથી પ્રશસ્ત પરિણામ છે. પ્રાયઃ ખોટાં કાર્યો નહિ કરવાની વૃત્તિ છે. વળી નિશ્ચયથી તો વાણિજ્યની ઉચિત કલાથી થતો પરિણામ પણ પ્રતિષિદ્ધ છે; કેમ કે ધન પ્રત્યેની મૂર્છાથી ધનઅર્જનનો પરિણામ થાય છે, ફક્ત પરના ધનને બળાત્કારે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન નથી.

વસ્તુતઃ વિવેકી જીવે પ્રાપ્ત થયેલો મનુષ્યભવ સર્વ ઉદ્યમથી ભવનો ક્ષય થાય તે રીતે સફળ કરવો જોઈએ પરંતુ શાતાના અર્થી થઈને અને ધન પ્રત્યે મૂર્ચ્છા ધારણ કરીને મનુષ્યભવ નિષ્ફળ કરવો જોઈએ નહીં. તેથી નીતિપૂર્વક પણ ધનઅર્જનની પ્રવૃત્તિ મૂર્ચ્છાની વૃદ્ધિ દ્વારા અનર્થને કરનાર છે તેથી તે વિવેકી જીવ માટે પ્રતિષિદ્ધ છે. **॥૯૪૨॥**

અવતરણિકા :-

कथमेतदवसीयत इति चेत् ? आह –

અવતરણિકાર્થ :-

આ=પૂર્વગાથામાં કહ્યું કે વાણિજ્યઉચિતકલાસંભવીપરિણામ પ્રતિષિદ્ધ છે એ, કેવી રીતે નક્કી થાય છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો કહે છે –

ગાથા :-

उचियादणत्थगं चिय धम्मादुचितत्तणेण तस्सत्ति ।
पडिसेहविहाणा इय इट्ठेयरसिद्धिकलियाइं ।।९४३।।

છાયા :-

उचिताद्यनर्थकमेव धर्मादुचितत्वेन तस्येति ।
प्रतिषेधविधाने इति इष्टेतरसिद्धिकलिते ।।९४३।।

ગાથાર્થ :-

ઉચિતાદિ=વાણિજ્ય ઉચિત આદિ, અનર્થક જ છે. ધર્માદિના ઉચિતપણાથી તેનું=વાણિજ્યનું, પ્રતિષેધ અને વિધાન ઈષ્ટ અને ઈતર સિદ્ધિકલિત છે. ॥૯૪૩॥

ટીકા :-

यस्मान्निश्चयनयमतेन इदं वाणिज्यमुचितमादिशब्दादनुचितं सर्वथानर्थकमेव-अनर्थकरमेव इति, तस्मात्तस्य वाणिज्यस्य धर्माद्युचितत्वेन ये प्रतिषेधविधाने ते इष्टेतरसिद्धिकलिते-प्रतिषेध इष्टसिद्धिकलितो विधानमनिष्टसिद्धिकलितमिति । ननु कथं धर्मोचितस्य प्रतिषेध इष्टसिद्धिकलितः ?, तस्य

धर्मफलत्वेनोपादातुमुचितत्वात्, न, निश्चयतो धर्म्मार्थं तत्र प्रवृत्ताविष्यमाणायां तदभावस्यैव कर्त्तुमुचितत्वात्, सर्वसङ्गपरित्यागस्तत्त्वतो धर्म इति हि समयसारविदः, तदुक्तम्—'धम्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी । प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ।।१।।' **इति यदा तु कर्म्मोदयदोषतो न निश्चयतो धर्म्मे प्रवर्त्तितुमुत्सहते तदा वरमुचितवाणिज्यकलायामेव प्रवर्त्तेत, तस्याः प्रायो निरवद्यवृत्तित्वात्, नतु चौर्यादिकर्म्मणि, तस्य नरकादिकुगतिहेतुसंक्लिष्टपरिणामकारणत्वादत एवोच्यते 'वाणिज्जुचियकलाए तु णेवमपसत्थगो मुणेयव्वोत्ति' ।।९४३।।**

ટીકાર્થ :-

यस्मान्निश्चयनयमतेन ..... मुणेयव्वोत्ति' ।। જે કારણથી નિશ્ચયનયના મતથી આ ઉચિત વાણિજ્ય સર્વથા અનર્થક જ છે=અનર્થને કરનાર જ છે. આદિ શબ્દથી અનુચિતનું ગ્રહણ છે. એથી નિશ્ચયનયથી આ વાણિજ્યનું ઉચિત અને અનુચિત સર્વથા અનર્થને કરનારું છે. તે કારણથી તે વાણિજ્યનું ધર્મ આદિ ઉચિતપણાથી જે પ્રતિષેધ અને વિધાન છે, તે ઇષ્ટ ઇતર સિદ્ધિથી કલિત છે=પ્રતિષેધ ઇષ્ટ સિદ્ધિકલિત છે અને વિધાન અનિષ્ટસિદ્ધિકલિત છે. 'ननु'થી શંકા કરે છે — ધર્મ ઉચિતનો પ્રતિષેધ ઇષ્ટસિદ્ધિકલિત કઈ રીતે છે ? કેમ કે તેનું ધર્મફલપણું હોવાને કારણે ગ્રહણ કરવું ઉચિતપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે — એમ ન કહેવું. નિશ્ચયથી ધર્મ માટે ત્યાં=વાણિજ્યમાં, પ્રવૃત્તિ ઇચ્છાયે છતે તેના અભાવનું જ=વાણિજ્યના અભાવનું જ, કરવા માટે ઉચિતપણું છે. હિ=જે કારણથી, તત્ત્વથી સર્વ સંગ પરિત્યાગ ધર્મ છે. એ પ્રમાણે સમયસારના જાણનારાઓ કહે છે. તે કહેવાયું છે. 'ધર્મ માટે જેને ધનથી ઇચ્છા છે, તેને અનીહા=અનિચ્છા, શ્રેષ્ઠ છે. हि=જે કારણથી, કાદવના પ્રક્ષાલન કરતાં દૂરથી કાદવનું અસ્પર્શન શ્રેષ્ઠ છે.' **વળી જ્યારે કર્મના ઉદયના દોષથી નિશ્ચયથી ધર્મમાં પ્રવર્તવા માટે ઉત્સાહ થતો નથી, ત્યારે ઉચિત વાણિજ્યકલામાં જ પ્રવર્તે તે સુંદર છે; કેમ કે તેનું=ઉચિત વાણિજ્યકલાનું, પ્રાયઃ નિરવદ્ય આચારપણું છે પરંતુ ચૌર્યાદિ કર્મોમાં પ્રવૃત્તિ કરવી ઉચિત નથી; કેમ કે તેનું=ચોરી આદિ કર્મનું, નરકાદિ કુગતિ હેતુ સંક્લિષ્ટ પરિણામનું કારણપણું છે. આથી જ કહેવાય છે. 'વાણિજ્ય ઉચિત કલામાં વળી આવા પ્રકારનો અપ્રશસ્ત પરિણામ જ્ઞાતવ્ય નથી.' ।।૯૪૩।।**

ભાવાર્થ :-

નિશ્ચયનયથી દૃષ્ટિ પદાર્થના સૂક્ષ્મ સ્વરૂપને જોનાર છે, તેથી નિશ્ચયનયની દૃષ્ટિ સર્વત્ર સર્વ સંગના ત્યાગની પરિણતિને ધર્મ સ્વીકારે છે. તેથી કોઈક શ્રાવક વાણિજ્યનું નીતિપૂર્વક કૃત્ય કરે કે અનીતિપૂર્વક કૃત્ય કરે તે બંને કૃત્યો અનર્થને કરનારા કહેલ છે; કેમ કે મૂર્ચ્છાના પરિણામથી ધન કમાવાની ઇચ્છા થાય છે. તેથી નીતિપૂર્વક ધન કમાવવામાં પણ મૂર્ચ્છાનો પરિણામ છે. અનીતિપૂર્વક ધન કમાવામાં વિશિષ્ટ મૂર્ચ્છાનો પરિણામ છે. તેથી બન્ને પ્રવૃત્તિઓ નિશ્ચયનયથી ઇષ્ટ નથી. વળી ધર્માદિના ઉચિતપણાથી વાણિજ્યનો પ્રતિષેધ કરાયે છતે તે ઇષ્ટસિદ્ધિકલિત છે અને ધર્માદિના ઉચિતપણાથી જે વિધાન કરાય છે,

તે અનિષ્ટસિદ્ધિકલિત છે. તેથી એ ફલિત થાય કે ધર્મ માટે કે આજીવિકા માટે કોઈ વાણિજ્યમાં પ્રવૃત્તિ કરે તેનો પણ નિશ્ચયનય નિષેધ કરે છે, તે નિષેધ ઉચિત છે અને કોઈ ધર્મ માટે કે આજીવિકા માટે વાણિજ્ય કરતો હોય તે ઉચિત છે એમ કોઈ વિધાન કરે તેને નિશ્ચયનય અનુચિત કહે છે. અહીં પ્રશ્ન થાય કે ધર્મને ઉચિત એવા વાણિજ્યનો પ્રતિષેધ કરવો તે ઇષ્ટસિદ્ધિયુક્ત કેમ છે ? વસ્તુતઃ ધર્મ માટે કોઈ ધન કમાય અને તેના દ્વારા ભગવદ્ભક્તિ આદિ ઉચિત પ્રવૃત્તિઓ કરે તેને અનુચિત કહી શકાય નહિ. તેથી કહે છે – નિશ્ચયનયથી ધર્મ માટે પણ ધન કમાવાની પ્રવૃત્તિ કરવી તેના કરતાં નિઃસ્પૃહ ચિત્ત માટે પ્રયત્ન કરવો ઉચિત છે; કેમ કે સર્વ સંગનો ત્યાગ જ પરમાર્થથી ધર્મ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો નિઃસ્પૃહ ચિત્ત કરવા સમર્થ છે તેઓએ તો સર્વ સંગનો ત્યાગ કરીને નિઃસ્પૃહ ચિત્ત પ્રગટ કરવા માટે યત્ન કરવો ઉચિત છે. તેને બદલે ધર્મની નિષ્પત્તિ અર્થે ધન કમાવાની પ્રવૃત્તિ કરે તો તેનો નિશ્ચયનય પ્રતિષેધ જ કરે છે; કેમ કે મૂર્ચ્છાથી જ પરિગ્રહનો સ્વીકાર થાય છે અને ધર્મ મૂર્ચ્છાના ત્યાગથી થાય છે. તેથી પ્રથમ મૂર્ચ્છાને વશ ધન કમાવું અને ત્યાર પછી ધર્મ કરીને મૂર્ચ્છાનો ત્યાગ કરવા યત્ન કરવો તે કાદવમાં હાથ નાંખીને ત્યાર પછી તે કાદવને ધોવાની ક્રિયા તુલ્ય છે માટે નિશ્ચયનયની દૃષ્ટિથી જેઓ સાક્ષાત્ અસંગભાવમાં જઈ શકે તેવા છે તેઓએ ધર્મ માટે પણ ધન કમાવું ઉચિત નથી અને આજીવિકા માટે ધન કમાવવું ઉચિત નથી પરંતુ સર્વ સંગનો ત્યાગ કરીને સર્વ સંપત્કરી ભિક્ષા દ્વારા દેહનું પાલન કરવું ઉચિત છે. વળી જ્યારે કર્મના ઉદયના દોષને કારણે સર્વ સંગનો ત્યાગ કરીને નિઃસ્પૃહ ચિત્ત કરવા માટે જીવ સમર્થ થાય નહિ ત્યારે ઉચિત વાણિજ્યકલામાં પ્રવૃત્તિ કરે તે શ્રેષ્ઠ છે પરંતુ ચૌર્યાદિમાં પ્રવૃત્તિ કરે તે શ્રેષ્ઠ નથી; કેમ કે નીતિપૂર્વક વાણિજ્યકલા કરે તે પ્રાયઃ નિરવદ્ય પ્રવૃત્તિરૂપ છે અને ચૌર્યાદિ કરે તે નરકાદિ કુગતિના હેતુ એવા સંક્લિષ્ટ પરિણામનું કારણ છે. **॥૯૪૩॥**

અવતરણિકા :-

यच्चोक्तं 'समणाणमित्यादि' तत्राह –

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે 'समणाणमित्यादि' કહેવાયું=સાધુઓનું ધન હરણ કરવું જોઈએ નહિ ઇત્યાદિ ગાથા-૯૨૮માં પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, ત્યાં=તે કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

समणादीणं नो हरियव्वमियमिट्ठमेव अम्हाणं ।
एत्तो च्चिय णाताओ सेसविहाणं तुहाणिट्ठं ।।९४४।।

છાયા :-

श्रमणादीनां न हर्त्तव्यमितीष्टमेवास्माकम् ।
अत एव न्यायात् शेषविधानं तवानिष्टम् ।।९४४।।

ગાથાર્થ :-

શ્રમણાદિનું ધન હરણ કરવું જોઈએ નહીં, એ અમોને ઈષ્ટ જ છે. એ જ ન્યાયથી શેષનું વિધાન તમને અનિષ્ટ છે. ॥૯૪૪॥

ટીકા :-

श्रमणादीनां संबन्धि न हर्त्तव्यमितीदमस्माकमिष्टमेव, परं यत एव न्यायात्-तद्दुःखसंभवलक्षणात् तेषां संबन्धि द्रव्यं नापह्रियते तत एव न्यायात् शेषविधानं-शेषाणां संबन्धिनो द्रव्यस्यापहरणविधानं तवानिष्टं, तेषामपि द्रव्यापहरणे दुःखसंभवात् ।।९४४।।

ટીકાર્થ :-

श्रमणादीनां ..... दुःखसंभवात् ।। શ્રમણાદિ સંબંધી ધન હરવું જોઈએ નહીં એ અમોને ઈષ્ટ જ છે પરંતુ જે જ ન્યાયથી=તદ્દુઃખ સંભવલક્ષણ જે જ ન્યાયથી=જેઓનું ધન હરણ કરવામાં આવે તેઓને દુઃખના સંભવરૂપ ન્યાયથી, તેઓ સંબંધી=શ્રમણાદિ સંબંધી, દ્રવ્ય હરણ કરાતું નથી, તે જ ન્યાયથી તારું શેષનું વિધાન=શ્રમણાદિને છોડીને શેષ જીવોના સંબંધી દ્રવ્યના અપહરણનું તારું વિધાન, અનિષ્ટ છે; કેમ કે તેઓને પણ=શ્રમણાદિથી શેષ જીવોને પણ, દ્રવ્યના અપહરણમાં દુઃખનો સંભવ છે. ॥૯૪૪॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કરેલું કે સાધુઓનું કે દરિદ્રાદિ જીવોનું ધન હરણ કરવું જોઈએ નહીં પરંતુ સુખી માણસોનું ધન આજીવિકા માટે કોઈ હરણ કરે તે દોષરૂપ નથી; કેમ કે વ્યાપારની કળા જેવી ધનહરણની કળા તેની પાસે છે અને તેનાથી તે ધન કમાય તે ઉચિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – સાધુ આદિનું ધન હરણ કરવું જોઈએ નહીં, એમ જે પૂર્વપક્ષી કહે છે, એ અમને ઇષ્ટ જ છે પરંતુ જેમ સાધુ આદિનું ધન હરણ કરવાથી તેમને દુઃખ થાય છે તેમ શેષ જીવોનું ધન હરણ કરવાથી પણ તેઓને દુઃખ થાય છે અને બીજાને દુઃખ ઉત્પાદનની ક્રિયા ઉચિત છે તે પ્રકારનું તારું કથન દોષરૂપ છે. **॥૯૪૪॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ=નીતિપૂર્વક શેષજીવોનું ધન હરણ કરવું જોઈએ એમ જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી એને જ, કહે છે –

ગાથા :-

तेसिंपि जओ दुक्खं इतरेसिंपि य ण होइ केसिंचि ।
न य नज्जइ भेदेणं जुत्तो ता सव्वपडिसिद्धो (सेहो) ।।९४५।।

છાયા :-

तेषामपि यतो दुःखमितरेषापमपि च न भवति केषाञ्चित् ।
न च ज्ञायते भेदेन युक्तस्तस्मात्सर्वप्रतिषेधः ।।९४५।।

ગાથાર્થ :-

તેઓમાં પણ=શ્રમણાદિથી અતિરિક્ત ધનિકોના ધનના અપહારમાં પણ, જે કારણથી દુઃખ થાય છે અને ઇતરોના પણ કેટલાકને=શ્રમણાદિમાંથી પણ કેટલાકને, થતું નથી=દુઃખ થતું નથી અને ભેદથી જણાતું નથી, તે કારણથી સર્વનો પ્રતિષેધ યુક્ત છે. ।।૯૪૫।।

ટીકા :-

तेषामपि-श्रमणाद्यतिरिक्तानां धनिनां धनापहारे यतः केषांचिद्दुःखमुपजायते इतरेषामपि च-श्रमणादीनां केषांचिन्नोपजायते, न च प्रतिपुरुषं भेदेन ज्ञातुं शक्यते यथाऽस्य धनापहारे दुःखं भविष्यति अस्य नेति, 'ता' तस्मात् सर्वस्यापि द्रव्यापहारे प्रतिषेध एव तव युक्त इति ।।९४५।।

ટીકાર્થ :-

तेषामपि ..... युक्त इति ।। તેઓના પણ=શ્રમણાદિથી અતિરિક્ત ધનિકોના પણ, ધનઅપહારમાં જે કારણથી કેટલાક જીવોને દુઃખ થાય છે ઇતરોને પણ=શ્રમણાદિ કેટલાકને પણ, થતું નથી અર્થાત્ દુઃખ થતું નથી, અને પ્રતિપુરુષ ભેદથી=ધનહરણ કરવાથી આને દુઃખ થશે અને આને દુઃખ નહીં થાય એ પ્રકારના ભેદથી, જાણવું શક્ય નથી. જે આ પ્રમાણે — 'આના ધનના અપહારમાં દુઃખ થશે આના ધનના અપહારમાં નહીં થાય', એ પ્રમાણે જાણવું શક્ય નથી. તે કારણથી સર્વના પણ દ્રવ્યના અપહારમાં તારો પ્રતિષેધ જ યુક્ત છે. ।।૯૪૫।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીના મતાનુસાર ધનિકોના ધનઅપહારમાં દોષ નથી અને શ્રમણાદિ વગેરેના ધનઅપહારમાં દોષ છે તેને ગ્રંથકારશ્રી કહે છે. ધનિકનું ધન અપહાર કરવામાં આવે, તેમાંથી પણ કેટલાક જીવો અતિ ધનાઢ્ય હોવા છતાં થોડુક પણ ધન કોઈ ચોરી જાય તો દુઃખી થાય છે; કેમ કે પોતાના ધન પ્રત્યે સ્વત્વબુદ્ધિ હોય છે. તેથી કોઈ તેનું ધન ગ્રહણ કરે તો મૂર્છાને કારણે તેઓ દુઃખી થાય છે. વળી, શ્રમણાદિ કે દરિદ્રાદિ પણ કેટલાક વિવેકવાળા હોય તો તેઓના ધનનું કોઈ અપહરણ કરે ત્યારે તેઓને દુઃખ થતું નથી પરંતુ વિવેકી એવા તેઓ વિચારે છે કે 'મારું તે પ્રકારનું જ ભાગ્ય છે, તેથી મારાં જ કર્મોથી ધન હરણ થયું છે

માટે મારે શોક કરવો જોઈએ નહીં'. તેથી તેઓને દુઃખ થતું નથી પરંતુ પ્રતિપુરુષને આશ્રયીને કયા પુરુષનું ધન હરણ કરવાથી તેઓને દુઃખ નહીં થાય અને કયા પુરુષનું ધન હરણ કરવાથી તેઓને દુઃખ થશે, તેવો નિર્ણય ચોરી કરનાર કરી શકે નહીં. તેથી 'દુઃખ થવાનો સંભવ છે' તેમ વિચારીને સર્વનું ધન હરણ કરવું જોઈએ નહીં. એ પ્રકારે જ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. જેથી અન્યના દુઃખના ઉત્પાદનનું કારણ પોતાની ચોરીની ક્રિયા બને નહીં. **॥૯૪૫॥**

ગાથા :-

नासिट्ठं इह नासइ एमादि जमुत्तमेयमवि मोहो ।
नाखुट्टम्मि मरिज्जइ हिंसाए तहवि जं दोसो ।।९४६।।

છાયા :-

नासृष्टमिह नश्यति एवमादि यदुक्तमेतदपि मोहः ।
नात्रुटिते म्रियते हिंसायां तथापि यद् दोषः ।।९४६।।

ગાથાર્થ :-

'નહીં સર્જન કરાયેલું અહીં નાશ પામતું નથી,' એ વગેરે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, એ પણ મોહ છે. જે કારણથી અત્રુટિત આયુષ્યમાં મરતું નથી તોપણ હિંસામાં દોષ છે. ॥૯૪૬॥

ટીકા :-

यदुक्तं 'नासृष्टमिह नश्यती'त्यादि, तदपि मोह एव, यत्-यस्मात्न 'अखुट्टम्मि'त्ति अत्रुटिते आयुषि कश्चित् म्रियते किंतु त्रुटित एव तथापि हिंसायां दोषो भणितः, तथा अत्रापि यद्यपि नासृष्टमिह धनं मोष्यस्य नश्यति तथापि तद्द्रव्यापहरणे दोषो द्रष्टव्य एवेति ।।९४६।।

ટીકાર્થ :-

यदुक्तं ..... एवेति ।। 'નહીં સર્જાયેલું અહીં નાશ પામતું નથી' ઈત્યાદિ જે પૂર્વપક્ષી વડે ગાથા નં.૯૩૦માં કહેવાયું તે પણ મોહ જ છે. જે કારણથી અત્રુટિત આયુષ્યમાં કોઈ મરતો નથી પરંતુ ત્રુટિત આયુષ્યમાં જ મરે છે તોપણ હિંસામાં દોષ કહેવાયો છે. તે પ્રમાણે અહીં પણ=અદત્તાદાનમાં પણ, જોકે નહીં સર્જન કરાયેલું=નાશ થવાને માટે નહીં સર્જાયેલું, અહીં=આલોકમાં, મોષ્યનું ધન= જેને ત્યાં ચોરી કરવામાં આવે છે તેનું ધન, નાશ પામતું નથી તોપણ=તેનું ધન નાશ થવા માટે સર્જન કરાયેલું હતું તોપણ, તેના દ્રવ્યના અપહરણમાં દોષ જાણવો જ જોઈએ. ॥૯૪૬॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલું કે જેને ત્યાંથી ધનનું અપહરણ થાય છે, તે જીવ વડે તેવું જ કર્મ સર્જન કરાયેલું કે

જેથી ચોરી દ્વારા તેનું ધન નાશ પામે. તેથી નહીં સર્જન કરાયેલાનું ધન નાશ પામતું નથી. આથી જ જેનું તે પ્રકારનું કર્મ નથી કે જેથી ચોરી દ્વારા તેનું ધન નાશ પામે તેને ત્યાં કોઈ ચોરી કરવા જાય તોપણ તે ચોરી કરી શકે નહીં અને જે લોકોએ તેવું કર્મનું સર્જન કરેલું છે તેઓનું ધન ચોરીથી નાશ પામે છે. તેથી ચોરી કરવામાં દોષ નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે મોહ જ છે અર્થાત્ પદાર્થની વિચારણામાં મૂઢતાને વશ પદાર્થના એક અંશને જોઈને અન્ય અંશના અપલાપની પ્રવૃત્તિ છે જે મૂઢતાનું જ કાર્ય છે. કેમ મોહ છે તેમાં યુક્તિ બતાવે છે. જેમ કોઈ જીવ કોઈની હિંસા કરે ત્યારે જેની હિંસા કરવામાં આવે છે તેનું આયુષ્ય ત્રુટિત ન હોય તો તે મરે નહીં પરંતુ તેનું આયુષ્ય ત્રુટિત હોય તો જ તે મરે છે તોપણ હિંસા કરનારને હિંસાકાળમાં જે ક્લિષ્ટ અધ્યવસાય થાય છે તેનાથી પાપબંધની પ્રાપ્તિ થાય છે માટે દોષ છે. તેમ જેઓનું ધન હરણ કરાય છે તેઓને પણ તે પ્રકારનું કર્મ વિદ્યમાન છે તેથી તેનું ધન તે રીતે નાશ પામે છે તોપણ ચોરી કરનારને અન્યના ધનઅપહરણકાળમાં જે અનુચિત પ્રવૃત્તિ કરવાનો અધ્યવસાય વર્તે છે તેનાથી ચોરી કરનારને પાપબંધની પ્રાપ્તિ થાય છે માટે ચોરી કરવી દોષરૂપ નથી તેમ કહી શકાય નહીં. **॥૯૪૬॥**

અવતરણિકા :-

અત્રૈવાભ્યુચ્ચયેન દૂષણાન્તરમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=પૂર્વપક્ષીને દૂષણ આપ્યું કે અસૃષ્ટનું જ અહીં ધન નાશ પામતું નથી ઇત્યાદિ તેનો મોહ છે એમાં જ, અભ્યુચ્ચયથી દૂષણાન્તરને કહે છે –

ગાથા :-

કિં ચાસિટ્ઠું નો લબ્ભઇત્તિ દેન્તસ્સ પાવઇ ન કિંચિ ।
ઇટ્ઠું ચ તત્થ પુન્નં તુજ્ઝં મજ્ઝં ચ તં કિહ ણુ? ।।૯૪૭।।

છાયા :-

કિઞ્ચાસૃષ્ટં ન લભ્યત ઇતિ દદતઃ પ્રાપ્નોતિ ન કિઞ્ચિત્ ।
ઇષ્ટં ચ તત્ર પુણ્યં તવ મમ ચ તત્કથં નુ ? ।।૯૪૭।।

ગાથાર્થ :-

વળી, અસૃષ્ટ=નહીં સર્જન કરાયેલું, પ્રાપ્ત થતું નથી. એથી દેનારને=દાન દેનારને, કંઈ પ્રાપ્ત થાય નહીં=પુણ્ય પ્રાપ્ત થાય નહીં, અને ત્યાં પુણ્ય તને અને અમને ઇષ્ટ છે અને તે કેવી રીતે થાય ? ॥૯૪૭॥

ટીકા :-

કિં ચ, નાસૃષ્ટમિહ જગતિ કિંચિદપિ લભ્યતે કિંતુ સૃષ્ટમેવ ઇતિ, તસ્માત્ ધર્મ્માર્થં દદતો દાતુરપિ

न किंचित्पुण्यं प्राप्नोति, अथ च तत्र दाने दातुः पुण्यं तव मम चेष्टं, ततस्तत् पुण्यं कथं नु भवेत्?, नैव कथंचनापि भवेदिति भावः, न्यायेनानुपपद्यमानत्वात् ।।९४७।।

ટીકાર્થ :-

किं च ..... पद्यमानत्वात् ।। વળી, અહીં=જગતમાં, અસૃષ્ટ કંઈ પણ જીવ પ્રાપ્ત કરતો નથી પરંતુ સૃષ્ટ જ પ્રાપ્ત કરે છે=પ્રાપ્ત કરવા માટે સર્જન કરાયેલું જ પ્રાપ્ત કરે છે, તે કારણથી ધર્મ માટે આપતા=દાનને આપતા, દાતાને પણ કંઈ પુણ્ય પ્રાપ્ત થશે નહીં અને જો ત્યાં=દાનમાં, દાતાનું પુણ્ય તને અને મને ઈષ્ટ છે, તો તે પુણ્ય કેવી રીતે થાય ? અર્થાત્ કોઈ રીતે પણ ન જ થાય, એ પ્રકારનો ભાવ છે; કેમ કે ન્યાયનું અનુપપદ્યમાનપણું છે=તારા મતઅનુસાર યુક્તિનું અઘટમાનપણું છે. ।।૯૪૭।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહ્યું કે જેનું કર્મ ધન નાશ થવા માટે સર્જાયું હોય તેનું જ ધન અહીં નાશ પામે છે. તેથી, ચોરી કરવામાં દોષ નથી, તે ન્યાયથી વિચારીએ તો જેનું કર્મ ધન પ્રાપ્ત કરવા માટે સર્જાયું હોય તેને જ દાતા પાસેથી ધન પ્રાપ્ત થાય છે, નહીં સર્જન કરાયેલા ધનપ્રાપ્તિના કર્મવાળાને દાતા પાસેથી પણ ધન પ્રાપ્ત થતું નથી. જેમ, જે સાધુનો તે પ્રકારનો લાભાંતરાયનો ક્ષયોપશમ છે તેને તે પ્રકારની ભિક્ષાદિની પ્રાપ્તિ થાય છે. તેથી દાન આપનાર પુરુષ સાધુને જે ભિક્ષાદિ આપે છે ત્યાં પણ તે સાધુના તેવા પ્રકારના સર્જન કરાયેલા કર્મને કારણે જ દાન આપે છે. તેથી દાતાને કંઈ પુણ્ય પ્રાપ્ત થવું જોઈએ નહીં. જેમ ચોરી કરનાર ચોરી કરે છે, ત્યાં ક્લિષ્ટઅધ્યવસાય કરે છે, છતાં જેનું તે પ્રકારનું કર્મ છે, તેથી ચોરી કરે છે માટે તેને પાપ બંધાતું નથી. તેમ દાન આપનારને તે શુભભાવ થવા છતાં તેના સર્જન થયેલા કર્માનુસાર દાન આપે છે માટે પુણ્ય પ્રાપ્ત થવું જોઈએ નહીં અને દાનમાં દાતાને પુણ્ય થાય છે. તે તને અને મને બંનેને ઇષ્ટ છે તેથી તે પુણ્યની સંગતિ તારા મતે કઈ રીતે થાય ? અર્થાત્ કોઈ રીતે થાય નહીં; કેમ કે પૂર્વપક્ષીના મતાનુસાર યુક્તિ અઘટમાન છે અર્થાત્ જેમ ચોરીમાં પાપ બંધાતું નથી તેમ દાનમાં પુણ્ય બંધાવું જોઈએ નહીં, એ પ્રકારની યુક્તિ દાનથી પુણ્ય થાય છે એ પ્રકારના પૂર્વપક્ષીના સ્વીકારમાં અઘટમાન છે. **॥૯૪૭॥**

અવતરણિકા :-

अत्र परस्याभिप्रायमाशङ्कमान आह –

અવતરણિકાર્થ :-

અહીં પરના અભિપ્રાયની આશંકાને કરતાં કહે છે –

ગાથા :-

अह उ उवक्कामिज्जति आऊ मरणम्मि इहवि तस्सेव ।
लाभंतराइयं जं दव्वादी पप्प उदयादी ।।९४८।।

છાયા :-

अथ तूपक्रम्यते आयुर्मरणे इहापि तस्यैव ।
लाभान्तरायं यद् द्रव्यादीन् प्राप्य उदयादयः ।।९४८।।

ગાથાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે છે – મરણમાં આયુષ્યનો ઉપક્રમ કરાય છે. અહીં પણ=દાનમાં પણ, તેના જ=દાન લેનારના જ, લાભાન્તરાયનો ઉપક્રમ કરાય છે. જે કારણથી દ્રવ્યાદિને આશ્રયીને ઉદયાદિ થાય છે. ।।૯૪૮।।

ટીકા :-

अथोच्येत-मरणे क्रियमाणे मार्यमाणस्य जन्तोरायुरुपक्रम्यते-दीर्घकालवेद्यं सत् अल्पकालवेद्यतया क्रियते, इहापि-दाने यस्मै दीयते तस्यैव यल्लाभान्तरायं कर्म्म तत् दानेनोपक्रम्यते-क्षयोपशमावस्थी-क्रियते, न च वाच्यं कथं दीर्घकालतया बद्धं सत् स्वल्पकालवेद्यतया क्रियते कथं वा उदितं सत् क्षयोपशमावस्थीक्रियते?, यत आह–'जं दव्वाई पप्प उदयाई' यत्-यस्मात् द्रव्यादीन् प्राप्य कर्म्मणामु-दयादयः-उदयक्षयक्षयोपशमादयो जायन्ते तस्मादायुष उपक्रमणं-स्वल्पकालवेद्यतयोपस्थापनलक्षणं लाभान्तरायस्य च क्षयोपशमावस्थापादानरूपं न विरुध्यते इति ।।९४८।।

ટીકાર્થ :-

अथोच्येत ..... विरुध्यते इति ।। 'અથ'થી પૂર્વપક્ષી કહે છે – મરણ કરાયે છતે મરાતા જીવનું આયુષ્ય ઉપક્રમ કરાય છે=દીર્ઘકાલ વેદ્ય છતું આયુષ્ય અલ્પકાલવેદ્યપણાથી કરાય છે. અહીં પણ=ધર્માર્થે કરાતા દાનમાં પણ, જેને અપાય છે, તેનું જ જે લાભાન્તરાય કર્મ તે દાન દ્વારા ઉપક્રમ કરાય છે=ક્ષયોપશમ અવસ્થાવાળું કરાય છે, અને ન કહેવું. શું ન કહેવું ? તે કહે છે – દીર્ઘકાલપણાથી બંધાયેલું છતું આયુષ્ય સ્વલ્પકાલવેદ્યપણાથી કેવી રીતે કરાય ? અર્થાત્ કરી શકાય નહીં અથવા ઉદિત છતું=લાભાન્તરાય કર્મ ઉદયમાં આવેલું છતું, કેવી રીતે ક્ષયોપશમભાવ કરાય ? એમ ન કહેવું, એમ અન્વય છે. જે કારણથી કહે છે – જે કારણથી દ્રવ્યાદિને પ્રાપ્ત કરીને કર્મોના ઉદયાદિ=કર્મોનો ઉદય, કર્મોનો ક્ષય અને કર્મોનો ક્ષયોપશમ આદિ થાય છે, તે કારણથી આયુષ્યનું ઉપક્રમણ=સ્વલ્પકાલવેદ્યપણાથી ઉપસ્થાપનરૂપ ઉપક્રમણ, વિરુદ્ધ નથી અને લાભાન્તરાયનું ક્ષયોપશમાવસ્થાપાદાનરૂપ ઉપક્રમણ વિરુદ્ધ નથી. ।।૯૪૮।।

અવતરણિકા :-

द्रव्यादीनेवाश्रित्य कर्म्मणामुदयादीन् दर्शयति–

અવતરણિકાર્થ :-

દ્રવ્યાદિને આશ્રયીને કર્મોના ઉદયાદિને બતાવે છે –

ગાથા :-

उदयक्खयक्खओवसमोवसमा एवऽत्थ कम्मुणो भणिता ।
दव्वं खेत्तं कालं भवं च भावं च संपप्प ।।९४९।।

છાયા :-

उदयक्षयक्षयोपशमोपशमा एवात्र कर्मणो भणिताः ।
द्रव्यं क्षेत्रं कालं भवं च भावं च संप्राप्य ।।९४९।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવને પ્રાપ્ત કરીને કર્મોના ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ જ કહેવાયા છે. ।।૯૪૯।।

ટીકા :-

उदयक्षयक्षयोपशमोपशमा अत्र-जगति प्रवचने वा कर्म्मणः-आयुरादेर्भणितास्तीर्थकरगणधरैर्द्रव्यं क्षेत्रं कालं भवं च भावं च संप्राप्य, यथा निद्रावेदनीयस्य द्रव्यं माहिषं दधि, क्षेत्रं जाङ्गलं, कालं रात्रिलक्षणं प्रावृड्लक्षणं वा, भवं मनुष्यतिर्यक्संबन्धिनं, भावम् आलस्यादिकं प्रतीत्योदय इति ।।९४९।।

ટીકાર્થ :-

उदयक्षयक्षयोपशमोपशमा ..... प्रतीत्योदय इति ।। ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ અહીં=જગતમાં અથવા પ્રવચનમાં, કર્મોના=આયુષ્યાદિ કર્મોના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવને પ્રાપ્ત કરીને તીર્થંકર અને ગણધરો વડે કહેવાયા છે. જે પ્રમાણે દ્રવ્ય ભેંસ સંબંધી દહીં, ક્ષેત્ર જંગલ, કાલ રાત્રિ-લક્ષણ અથવા વરસાદ લક્ષણ, ભવ મનુષ્ય-તિર્યંચ સંબંધી, ભાવ આલસાદિ, એને આશ્રયીને નિદ્રા-વેદનીય કર્મનો ઉદય છે. ।।૯૪૯।।

ગાથા :-

ता एत्थ सो निमित्तं दोण्हवि भावाण जेण गुणदोसा ।
जुज्जंति तेण तस्सा एवं खलु संगतं उभयं ।।९५०।।

છાયા :-

तस्मादत्र स निमित्तं द्वयोरपि भावयो र्येन गुणदोषौ ।
युज्येते तेन तस्य एवं खलु संगतमुभयम् ।।९५०।।

ગાથાર્થ :-

તે કારણથી=દ્રવ્ય-ક્ષેત્રાદિને આશ્રયીને કર્મના ઉદયાદિ થાય છે તે કારણથી, અહીં તે=હિંસક

અને દાતા, જે કારણથી બંને પણ ભાવોનું નિમિત્ત છે, તે કારણથી તેને=દાતાને અને હિંસકને, ગુણદોષો ઘટે છે. એ રીતે ઉભય સંગત છે=હિંસાનું ફલ અને દાનનું ફલ ઉભય સંગત છે. ।।૯૫૦।।

ટીકા :-

यत एवं 'ता' तस्मादत्र स-हिंसको दाता च येन कारणेन द्वयोरपि भावयोः-आयुरपवर्त्तनला-भान्तरायक्षयोपशमावस्थापादनलक्षणयोर्निमित्तं-कारणं तेन कारणेन तस्य दातुर्हिंसकस्य च यथाक्रमं गुणदोषौ युज्येते, तत एवमुक्तेन प्रकारेण खलु-निश्चितं संगतमुभयं-दातुः पुण्यं हिंसकस्य च पापमिति ।।९५०।।

ટીકાર્થ :-

यत एवं ..... पापमिति ।। જે કારણથી આ પ્રમાણે છે=દ્રવ્ય-ક્ષેત્રાદિને આશ્રયીને કર્મોના ઉદયાદિ છે એ પ્રમાણે છે, તે કારણથી અહીં=હિંસામાં અને દાનમાં, તે=હિંસક અને દાતા, જે કારણથી બંને ભાવોનું=આયુષ્યનું અપવર્તન અને લાભાન્તરાયના ક્ષયોપશમની અવસ્થાના આપાદનરૂપ બંને ભાવોનું, નિમિત્ત કારણ છે, તે કારણથી=હિંસક અને દાતા નિમિત્ત કારણ છે તે કારણથી, તે દાતાને અને હિંસકને યથાક્રમ ગુણદોષ ઘટે છે. તેથી આ પ્રમાણે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે, નિશ્ચિત ઉભય સંગત છે=દાતાને પુણ્ય અને હિંસકને પાપ સંગત છે. ।।૯૫૦।।

અવતરણિકા :-

अत्राह—

અવતરણિકાર્થ :-

આમાં=પૂર્વપક્ષીના સમાધાનમાં, કહે છે=ગ્રંથકારશ્રી કહે છે —

ભાવાર્થ :-

ચોરીમાં દોષ નથી એમ પૂર્વપક્ષી કહે છે; કેમ કે તે પ્રકારનું જ તેનું કર્મ સર્જન થયેલું. તેથી તેનું ધન હરણ થયું. તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે આ રીતે કોઈ હિંસા કરશે. ત્યાં પણ હિંસ્ય જીવનું તેવું જ કર્મ હતું, તેમ માનવું પડશે અને કોઈ દાન આપશે ત્યાં પણ તે દાન લેનારનું તેવું જ કર્મ હતું, તેમ માનવું પડશે. તેથી દાન અને હિંસાનું ફળ નથી તેમ સ્વીકારવું પડે. જેમ ચોરી કરવામાં પાપ નથી તેમ હિંસા કરવામાં પણ પાપ નથી અને દાન કરવામાં પણ પુણ્ય નથી એમ માનવું પડે. તેનું સમાધાન પૂર્વપક્ષીએ કર્યું કે, હિંસામાં હિંસક નિમિત્ત છે અને દાનમાં દાતા નિમિત્ત છે માટે હિંસકને પાપ બંધાય છે અને દાતાને પુણ્ય બંધાય છે. એ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

जइ एवं धणनासे तओ निमित्तंति तस्स दोसो उ ।
अह णो निमित्तमिहई इतरत्थ तयंति का जुत्ती? ।।९५१।।

છાયા :-

यद्येवं धननाशे सको निमित्तमिति तस्य दोषस्तु ।
अथ नो निमित्तमिह इतरत्र तकदिति का युक्तिः ।।९५१।।

ગાથાર્થ :-

જો આ પ્રમાણે=પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે, ધનનાશમાં તે=અદત્તાદાન ગ્રહણ કરનાર, નિમિત્ત છે. એથી તેને દોષ જ છે. હવે નિમિત્ત ન ઇચ્છાય, ઇતરત્ર પણ=હિંસામાં અને દાનમાં પણ, તે=નિમિત્ત છે, એમાં શું યુક્તિ ? અર્થાત્ કોઈ યુક્તિ નથી. ।।૯૫૧।।

ટીકા :-

यद्येवमभ्युपगम्यते तर्हि परेषां धननाशेऽपि 'तउ'त्ति सकोऽदत्तादानग्राही निमित्तं-कारणमिति, तस्मान्मार्यमाणपुरुषायुषोपक्रमणनिमित्तस्य हिंसकस्येव तस्य-परवित्तमपहर्तुर्दोष एव । तुरेवकारार्थः । अथ तस्मिन् धननाशे स न निमित्तमिष्यते किंतु विधिसृष्ट एव स परेषां धननाशस्ततो न स तत्र निमित्तमिति । अत्राह—'इयरत्थ तयंति का जुत्ती' इतरत्र-हिंसायां दाने च तकत्-निमित्तं स दाता हिंसकश्च भवतीत्यत्र का युक्तिः?, नैव काचिदिति भाव, उभयोरपि तुल्ययोगक्षेमत्वात् ।।९५१।।

ટીકાર્થ :-

यद्येवमभ्युपगम्यते ..... तुल्ययोगक्षेमत्वात् ।। જો આ પ્રમાણે સ્વીકાર કરાયે છતે=પૂર્વપક્ષીએ પૂર્વગાથામાં નિમિત્ત ભાવને આશ્રયીને હિંસાનું ફલ અને દાનનું ફલ સંગત છે એમ કહ્યું એ પ્રકારે સ્વીકાર કરાયે છતે, તો પરના ધનના નાશમાં પણ તે=અદત્તાદાનગ્રાહી નિમિત્ત, કારણ છે. તે કારણથી માર્યમાણ પુરુષના આયુષ્યના ઉપક્રમણમાં નિમિત્ત હિંસકની જેમ તેને=પરવિત્ત હરણ કરનારને, દોષ જ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. હવે તેના ધનના નાશમાં તે નિમિત્ત ઇચ્છાતો નથી પરંતુ વિધિથી સૃષ્ટ જ તે પરના ધનનો નાશ છે તેથી તે પુરુષ તેમાં નિમિત્ત નથી એ પ્રકારની શંકામાં કહે છે. ઇતરત્ર=હિંસામાં અને દાનમાં, તે=નિમિત્ત, તે દાતા અને હિંસક થાય છે. એમાં શું યુક્તિ છે ? અર્થાત્ કોઈ યુક્તિ નથી. એ પ્રકારનો ભાવ છે; કેમ કે ઉભયનું તુલ્યયોગક્ષેમપણું છે=અદત્તાદાનમાં નિમિત્તપણું અને હિંસામાં અને દાનમાં નિમિત્તપણું સમાન છે. ।।૯૫૧।।

ભાવાર્થ :-

અદત્તાદાનમાં નીતિપૂર્વક ચોરી કરનારને દોષ નથી એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રીએ દોષ

આપ્યો કે કોઈ વ્યક્તિ કોઈ જીવની હિંસા કરે તે હિંસા પણ તેના કર્મથી જ સર્જન કરાયેલી છે તેથી હિંસકને પાપ થવું જોઈએ નહીં. જેમ પૂર્વપક્ષીના મતે જેના ધનનો નાશ થાય છે તેનું કર્મ જ તેવું છે તેથી તેનું ધન ચોરી દ્વારા નાશ થયું માટે ચોરી કરનારને દોષ નથી. તે પ્રમાણે હિંસા કરનારને પણ દોષની પ્રાપ્તિ થવી જોઈએ નહીં અને કોઈ દાન આપે ત્યાં પણ પુણ્યબંધ થવો જોઈએ નહીં. તેનું સમાધાન કરતાં પૂર્વપક્ષી કહે છે. કોઈ જીવને કોઈ મારે ત્યારે મરનાર જીવનું દીર્ઘકાળ વેદ્ય એવું તેનું આયુષ્ય અલ્પકાળ વેદ્ય કરાય છે અને કોઈ પુરુષ કોઈને દાન આપે ત્યારે દાન લેનારનું લાભાન્તરાય કર્મ ક્ષયોપશમ કરાય છે. કેમ દીર્ઘકાળ વેદ્ય આયુષ્ય અલ્પકાળ વેદ્ય હિંસક દ્વારા કરાય છે ? અને કેમ દાન લેનારનું લાભાન્તરાય કર્મ દાન આપનાર દ્વારા ક્ષયોપશમભાવ કરાય છે ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને કર્મોનો ઉદય, ક્ષય, ક્ષયોપશમાદિ થાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને કર્મોનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ જગતમાં દેખાય છે અને પ્રવચનમાં કહેવાયેલો છે. તેથી કોઈક જીવ કોઈની હિંસા કરે ત્યારે હિંસ્ય જીવના આયુષ્યાદિનો ક્ષય મારનાર જીવદ્રવ્યના નિમિત્તે થાય છે અને કોઈક જીવ કોઈને દાન આપે ત્યારે દાન લેનાર જીવના લાભાન્તરાયનો ક્ષયોપશમ તે દાન આપનાર જીવદ્રવ્યના નિમિત્તે થાય છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને દોષ આપેલ કે જો અદત્તાદાનમાં દોષ નથી તેમ તું સ્વીકારીશ તો કોઈ હિંસા કરશે તેમાં પણ હિંસકને પાપબંધ નથી અને કોઈ દાન આપશે તેમાં પણ દાતાને પુણ્યબંધ નથી તેમ માનવાનો તને પ્રસંગ આવશે. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે તે હિંસક અને દાતા બંને ભાવમાં નિમિત્તકારણ બને છે. તેથી દાન આપનારને પુણ્યબંધ થાય છે અને હિંસા કરનારને પાપબંધ થાય છે તેમ સ્વીકારવામાં અમારા મતે દોષ નથી.

આ પ્રકારના પૂર્વપક્ષીના સમાધાનમાં ગ્રંથકારશ્રી કહે છે – જે રીતે દાનમાં અને હિંસામાં ગુણદોષની સંગતિ પૂર્વપક્ષીએ કરી, તે પ્રકારે પરધનના નાશમાં પણ અદત્તાદાન ગ્રહણ કરનાર નિમિત્ત થાય છે. તેથી હિંસકની જેમ તેને પણ પાપબંધની પ્રાપ્તિ થવી જોઈએ અને જો પૂર્વપક્ષી કહે કે ધનનો નાશ વિધિથી સર્જન કરાયેલો જ હતો તેથી ચોરી કરનાર વ્યક્તિ તેના ધનના નાશમાં નિમિત્ત નથી તો ગ્રંથકારશ્રી કહે છે – હિંસક વ્યક્તિ હિંસા કરે છે અને દાન આપનાર વ્યક્તિ દાન આપે છે તેમાં તે નિમિત્ત છે અને ચોરી કરનાર ધનનાશમાં નિમિત્ત નથી એમ સ્વીકારવામાં શું યુક્તિ છે ? અર્થાત્ કોઈ યુક્તિ નથી; કેમ કે બંને સ્થાનોમાં સમાનપણું છે અર્થાત્ હિંસા કરનાર હિંસ્યના આયુષ્યક્ષયમાં નિમિત્ત છે અને દાન આપનાર દાન લેનારના લાભાન્તરાયના ક્ષયોપશમમાં નિમિત્ત છે. તે રીતે જ ચોરી કરનાર જેને ત્યાં ચોરી કરે છે તેના ધનનાશમાં નિમિત્ત છે. માટે ચોરીમાં દોષ છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૯૪૮થી ૯૫૧॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ–

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કહે છે=ગાથા-૯૪૮ થી ૯૫૦માં પૂર્વપક્ષીએ જે સમાધાન કર્યું અને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૯૫૧માં જે કથન કર્યું તે કથનના ઉપસંહારને કહે છે –

ગાથા :-

इय वत्थुसहावं जाणिऊण सुमणो उ णो पयट्टेज्जा ।
चोरियभावे तह या बीहेज्ज कलंकमरणातो ।।९५२।।

છાયા :-

इति वस्तुस्वभावं ज्ञात्वा सुमनास्तु न प्रवर्तेत ।
चौर्यभावे तथा च बिभीयात्कलंकमरणात् ।।९५२।।

ગાથાર્થ :-

આ રીતે વસ્તુસ્વભાવને જાણીને સુમનવાળા પુરુષ ચોરીના ભાવમાં પ્રવર્તે નહીં અને તે પ્રકારે કલંકરૂપ મરણથી ડરવું જોઈએ. ।।૯૫૨।।

ટીકા :-

इतिः-एवमुपदर्शितेन प्रकारेण वस्तुस्वभावं ज्ञात्वा सुमनाः प्रशस्तमनाः सन् नैव चौर्यभावे प्रवर्त्तेत । तथा यदुक्तं–'न य मरणा बीहेज्जत्ति' तत्प्रतिक्षेपेणोपसंहरति–'तह येत्यादि' तथा बिभीयात् सर्वदा कलङ्करूपात् मरणात् येन सर्वथा चौर्ये प्रवृत्तिर्न भवतीति ।।९५२।।

ટીકાર્થ :-

इतिः ..... भवतीति ।। આ પ્રકારથી=ઉપદર્શિત પ્રકારથી=ગાથા-૯૫૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું એ પ્રકારના ઉપદર્શિત પ્રકારથી, વસ્તુસ્વભાવને જાણીને=ચોરી વિષયક ક્લિષ્ટ પરિણામ થાય છે એ રૂપ વસ્તુસ્વભાવને જાણીને, સુમનવાળા=પ્રશસ્ત મનવાળા, છતા ચોરીના પરિણામમાં પ્રવર્તતા નથી જ અને જે કહેવાયું=ગાથા-૯૩૧માં જે કહેવાયું, 'ન य मरणा बीहेज्जत्ति'=મરણથી ડરવું જોઈએ નહીં='ચોરી કરતાં પકડાઈ જઈશ તો મૃત્યુદંડ થશે' તેનાથી ભય પામીને ચોરી કરવાનો ત્યાગ કરવો જોઈએ નહીં એમ જે કહ્યું, તેના પ્રતિક્ષેપથી ઉપસંહાર કરે છે – તે પ્રકારે સર્વદા કલંકરૂપ મરણથી ભય પામવું જોઈએ જેથી સર્વથા ચોરીના વિષયમાં પ્રવૃત્તિ ન થાય. ।।૯૫૨।।

ભાવાર્થ :-

અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે ચોરીની પ્રવૃત્તિકાળમાં ક્લિષ્ટ પરિણામ થાય છે, એ પ્રકારે વસ્તુસ્વભાવને જાણીને પ્રશસ્ત મનવાળા પુરુષો ચોરીમાં ક્યારેય પ્રવર્તતા નથી. વળી, રાજપુરુષો આદિથી ચોરી કરતાં

પોતે પકડાય તો લોકમાં અત્યંત નિંદનીય એવા મરણની પ્રાપ્તિ પોતાને થાય છે. તેથી તેવા પ્રકારના કલંકવાળા મરણથી સર્વદા ભય પામવું જોઈએ જેથી ચોરી કરવાની પ્રવૃત્તિ સર્વથા થાય નહીં. **॥૯૫૨॥**

અવતરણિકા :-

यच्चोक्तं—'हरिएवि पुव्वगं चिय इत्यादि' तत्राह—

અવતરણિકાર્થ :-

અને જે કહેવાયું=ગાથા-૯૩૨માં જે કહેવાયું, 'हरिएवि पुव्वगं चिय इत्यादि'=ચોરી કરાયે છતે પણ પ્રથમ સ્કંદ વગેરેની પૂજા કરે ઈત્યાદિ, ત્યાં=તે પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં, કહે છે –

ગાથા :-

हरिऊण य परदव्वं पूयं जो कुणइ देवतादीणं ।
दहिऊण चंदणं सो करेइ अंगारवाणिज्जं ।।९५३।।

છાયા :-

हत्वा च परद्रव्यं पूजां यः करोति देवतादीनाम् ।
दग्ध्वा चंदनं स करोति अङ्गारवाणिज्यम् ।।९५३।।

ગાથાર્થ :-

પરદ્રવ્યને હરણ કરવા માટે જે દેવતા આદિની પૂજા કરે છે, તે ચંદનને બાળીને અંગાર વાણિજ્ય કરે છે. ॥૯૫૩॥

ટીકા :-

हत्वा च परद्रव्यं यः पूजां करोति देवतादीनामादिशब्दाद्वीरपुरुषपरिग्रहः स नूनं दग्ध्वा चन्दनं करोत्यङ्गारवाणिज्यम्, एतदुक्तं भवति—यथा कश्चिदज्ञस्तुच्छाङ्गारवाणिज्यनिमित्तं महामूल्यचन्दनकाष्ठानि दहति एवमेषोऽपि तुच्छफलस्कन्दादिदेवतापूजार्थमात्मानं विशुद्धस्वभावतया चन्दनादपि महामूल्यं परवित्तापहरणहेतुसंक्लिष्टमनःपरिणामहुतवहेन भस्मसात्करोतीति ।।९५३।।

ટીકાર્થ :-

हत्वा ..... भस्मसात्करोतीति ।। પરદ્રવ્યને હરણ કરવા માટે જે પુરુષ દેવતા વગેરેની પૂજા કરે છે. આદિ શબ્દથી=દેવતા આદિમાં રહેલા આદિ શબ્દથી, વીર પુરુષનું ગ્રહણ છે. તે ખરેખર ચંદનને બાળીને અંગાર વાણિજ્ય કરે છે. આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે કોઈક અજ્ઞ પુરુષ તુચ્છ અંગાર વાણિજ્ય નિમિત્તે=કોલસાના વ્યાપારના નિમિત્તે, મહામૂલ્યવાળા ચંદનનાં લાકડાંઓને બાળે છે. આ રીતે આ પણ=ચોરી કરનાર પણ, તુચ્છ ફલ આપનારા સ્કન્દાદિ દેવતાની પૂજાના નિમિત્તે

પરધનના અપહરણના હેતુ એવા સંક્લિષ્ટ મનના પરિણામરૂપ અગ્નિ વડે વિશુદ્ધ સ્વભાવપણું હોવાથી ચંદનથી પણ મહામૂલ્યવાળા આત્માને ભસ્મસાત્ કરે છે. ॥૯૫૩॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહેલ કે ચોરી કરવા માટે જનાર પુરુષે પ્રથમ સ્કંદાદિ દેવોની પૂજા કરવી જોઈએ. પછી વીર પુરુષની પૂજા કરવી જોઈએ. ત્યાર પછી જે માર્ગથી ચોરી કરવા જવાનું છે તે માર્ગની પૂજા કરવી જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પરદ્રવ્ય હરણ કરવા માટે જે દેવતાદિની પૂજા કરે છે તે ખરેખર ચંદનને બાળીને કોલસાથી આજીવિકા કરે છે. આ કથનને જ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે – કોઈ અજ્ઞ પુરુષ અંગારથી આજીવિકા કરવા અર્થે કોઈક રીતે મહામૂલ્યવાળાં ચંદનનાં લાકડાં પ્રાપ્ત થયાં હોય તેને બાળીને અંગારા કરે અને તેનાથી આજીવિકા કરે ત્યારે તેને આજીવિકાનું અલ્પ ફળ મળે અને મોટું નુકસાન થાય તેમ પરના દ્રવ્યના હરણના હેતુ એવા સંક્લિષ્ટ મનના પરિણામરૂપ અગ્નિ વડે જેઓ ચોરી નહીં કરવાના વિશુદ્ધ સ્વભાવવાળા ચંદનથી પણ મહામૂલ્યવાળા આત્માને ભસ્મસાત્ કરવા માટે તુચ્છ ફળ આપનારા દેવતાઓની પૂજા કરે છે, તે તેના દ્વારા ચોરીમાં સફળ થાય તોપણ આત્માનો વિશુદ્ધ ભાવ વિનાશ કરીને સંક્લિષ્ટ સ્વભાવને પ્રાપ્ત કરે છે.

વસ્તુતઃ સંક્લેશના પરિહાર અર્થે દેવતાઓનું પૂજન કરાય છે તેના બદલે સંક્લેશની વૃદ્ધિના અર્થે દેવતાઓનું પૂજન જે કરે છે, તે અધિક નુકસાન કરીને અલ્પ એવી ચોરીની સફળતાને પ્રાપ્ત કરે છે. માટે ચોરી અર્થે દેવતાઓનું પૂજન કરવું તે ઉચિત નથી. **॥૯૫૩॥**

અવતરણિકા :-

यथैव परेण चौर्ये निःशङ्कप्रवृत्त्यर्थमन्येभ्य उपदेशो दत्तस्तेनैव प्रकारेणाचौर्येऽपि अनुकम्पया परं प्रत्युपदेशमाह–

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે જ પર વડે ચોરીમાં નિશંક પ્રવૃત્તિ અર્થે અન્યોને ઉપદેશ અપાયો=ગાથા-૯૩૫માં ઉપદેશ અપાયો, તે પ્રકારથી જ અચોરીમાં પણ અનુકંપાથી ગ્રંથકારશ્રી પર પ્રત્યે ઉપદેશ આપે છે –

ગાથા :-

लोगम्मि य परिवादं कुकम्मपडिसेहणेण रक्खेज्जा ।
तह रक्खियम्मि नियमा परलोए नत्थि किंचि भयं ।।९५४।।

છાયા :-

लोके च परिवादं कुकर्मप्रतिषेधनेन रक्षयेत् ।
तथा रक्षिते नियमात्परलोके नास्ति किञ्चित् भयम् ।।९५४।।

ગાથાર્થ :-

અને લોકમાં કુકર્મના પ્રતિષેધથી પરિવાદનું રક્ષણ કરવું જોઈએ. તે પ્રકારે રક્ષણ કરાયે છતે=કુકર્મના પ્રતિષેધથી અપકીર્તિનું રક્ષણ કરાયે છતે, નિયમથી પરલોકમાં કંઈ ભય નથી. ।।૯૫૪।।

ટીકા :-

लोकेऽपि परे(रि)वादम्-अपकीर्त्तिं कुकर्म्मप्रतिषेधनेन परवित्तापहृतिलक्षणकर्म्मप्रतिषेधनेन रक्षयेत्, तथा रक्षिते च सति पर(रि)वादे नियमान्नास्ति परलोकेऽपि किंचिद् भयमिति ।।९५४।।

ટીકાર્થ :-

लोकेऽपि ..... भयमिति ।। કુકર્મના પ્રતિષેધથી=પરધનના હરણરૂપ કર્મના પ્રતિષેધથી, લોકમાં પણ પરિવાદને=અપકીર્તિને, રક્ષણ કરે અને તે પ્રમાણે પરિવાદ રક્ષિત થયે છતે=લોકમાં કુકર્મના પ્રતિષેધથી અપકીર્તિ રક્ષિત થયે છતે, પરલોકમાં પણ નિયમથી કંઈ ભય નથી. ।।૯૫૪।।

ભાવાર્થ :-

ગાથા-૯૩૩માં કહ્યું કે કોઈ ચોરી કરનાર પુરુષ દિવસે ચોરી કરે તો પકડાઈ જવાનો પૂરો સંયોગ છે, તેથી શિષ્ટલોક કહે કે આ ચોરી કરનાર મૂરખ છે કે ચોરી કરવાના અકાળમાં ચોરી કરવા નીકળ્યો. વળી, તે સ્ત્રી, નપુંસકાદિના ધનનું હરણ તે ચોરી કરનાર કરે તો શિષ્ટલોકો તેની ચોરીની નિંદા કરે પરંતુ નીતિપૂર્વક ધન કમાનારા પુરુષની જેમ જેઓ સ્ત્રી આદિના ધનના ગ્રહણનો પરિહાર કરીને સુખી માણસને ત્યાં ચોરી કરે તે નિંદ્ય નથી. તેથી તે રીતે ચોરી કરનાર પુરુષ પોતાની અપકીર્તિનું રક્ષણ કરે છે. તેથી તેને આલોકમાં પણ અપકીર્તિનો ભય નથી અને પરલોકમાં પણ અપકીર્તિનો ભય નથી; કેમ કે અનુચિત રીતે ચોરી કરી નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુતઃ વિવેકી પુરુષે પરધનના હરણથી પોતાનું રક્ષણ કરીને કુકર્મના પ્રતિષેધથી લોકમાં પોતાની અપકીર્તિનું રક્ષણ કરવું જોઈએ અને જેઓ આ રીતે ચોરીનો પરિહાર કરે છે તેઓની અપકીર્તિનો પરિહાર થવાથી પરલોકમાં પણ કંઈ ભય નથી; કેમ કે ખરાબ કાર્યો કરનારને જ તે અપકૃત્યકૃત પરલોકમાં ભય થાય છે અને ચોરીરૂપ ખરાબ કાર્ય પોતે કર્યું નથી માટે પરલોકમાં કંઈ ભય નથી. **॥૯૫૪॥**

ગાથા :-

गहितो य अमोक्खाए निच्चं चिय एत्थ मरणकेसरिणा ।
सव्वो जीवो तम्हा करेज्ज सइ उभयलोगहियं ।।९५५।।

છાયા :-

गृहितश्चामोक्षाय नित्यमेवात्र मरणकेसरिणा ।
सर्वो जीवस्तस्मात् कुर्यात् सदा उभयलोकहितम् ।।९५५।।

ગાથાર્થ :-

મરણકેશરી વડે અહીં ગ્રહણ કરાયેલો સર્વ જીવ નિત્ય જ અમોક્ષ માટે છે, તે કારણથી સદા ઉભયલોકહિત કરવું જોઈએ. ॥૯૫૫॥

ટીકા :-

गृहीतश्चामोक्षाय नित्यमेवात्र-जगति मरणकेसरिणा सर्वोऽपि जीवस्तस्मात्सदा कुर्यादुभयलोकहितं-सम्यग्धर्म्मानुष्ठानं नतु चौर्यादिकमिति ।।९५५।।

ટીકાર્થ :-

गृहीतश्चामोक्षाय ..... चौर्यादिकमिति ।। અને અહીં=આ જગતમાં, મરણકેશરી વડે ગ્રહણ કરાયેલો સર્વ પણ જીવ નિત્ય જ અમોક્ષ માટે છે, તે કારણથી સદા ઉભયલોકનું હિત=સમ્યગ્ધર્મ અનુષ્ઠાન કરવું જોઈએ પરંતુ ચોરી આદિ કરવી જોઈએ નહીં. ॥૯૫૫॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૯૩૪માં કહ્યું કે કોઈ ચોરી કરતાં પકડાય તો તેને મૃત્યુના દંડની પ્રાપ્તિ થાય ત્યારે તેણે વિચારવું જોઈએ કે 'મરણ અન્તવાળું જીવન છે અને મેં ઉચિત રીતે ધનઅર્જનરૂપ પુરુષકાર કર્યો છે.' તેથી આલોક અને પરલોકના ફલનો હેતુ અદીનભાવરૂપ પુરુષકાર કરવો જોઈએ અર્થાત્ મરતી વખતે આલોકમાં દીનતા ન કરે તેથી સ્વસ્થતાથી મરણ થાય છે અને અદીનભાવથી મરેલો હોવાથી પરલોકમાં પણ અનર્થ ફલ પ્રાપ્ત થતું નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – સંસારી જીવો મરણકેશરી વડે જ્યારે ગ્રહણ થાય છે, ત્યારે તેનો મૃત્યુથી મોક્ષ નથી અર્થાત્ અવશ્ય આયુષ્ય ક્ષય થાય ત્યારે મૃત્યુ પ્રાપ્ત થાય છે. માટે પરલોકના સુખના અર્થી જીવે અને આલોકના સુખના અર્થી જીવે ઉભયલોકના હિતને કરનાર સમ્યગ્ધર્મ-અનુષ્ઠાન કરવું જોઈએ=પોતાની શક્તિના અતિક્રમ વગર ઉચિત ધર્મ અનુષ્ઠાન કરવું જોઈએ, જેથી આલોકમાં પણ કષાયોના ક્લેશના નિવારણરૂપ સુખની પ્રાપ્તિ થાય અને ધર્માનુષ્ઠાનના સેવનકાળમાં પ્રશસ્ત અધ્યવસાય હોવાને કારણે પરલોકમાં પણ હિતની પરંપરાની પ્રાપ્તિ થાય પરંતુ આલોકમાં અને પરલોકમાં ક્લેશ કરાવનાર ચોરી આદિ કરવી જોઈએ નહીં. **॥૯૫૫॥**

અવતરણિકા :-

सांप्रतं चतुर्थमूलगुणमाश्रित्याक्षेपपरिहारावभिधित्सुराह–

અવતરણિકાર્થ :-

હવે, ચોથા મૂલગુણને આશ્રયીને આક્ષેપ-પરિહારને=પૂર્વપક્ષના અભિપ્રાયનું કથન અને તેના પરિહારને, કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

केई भणंति पावा इत्थीणासेवणं न दोसाय ।
सपरोवगारभावाद(दु)स्सुगविणिवित्तितो चेव ।।९५६।।

છાયા :-

केचिद् भणन्ति पापाः स्त्रीणामासेवनं न दोषाय ।
स्वपरोपकारभावादौत्सुक्यविनिवृत्तितश्चैव ।।९५६।।

ગાથાર્થ :-

કેટલાક પાપીઓ કહે છે – સ્ત્રીનું આસેવન દોષ માટે નથી; કેમ કે સ્વપરનો ઉપકાર થાય છે અને ઔત્સુક્યની નિવૃત્તિ થાય જ છે. ।।૯૫૬।।

ટીકા :-

केचित् भणन्ति पापाः यथा-स्त्रीणामासेवनं न दोषाय, अत्र हेतूनुपदर्शयति–'सपरो' इत्यादि, तस्मिन् कृते सति स्वपरोपकारभावात् औत्सुक्यविनिवृत्ति(त्ते)श्च ।।९५६।।

ટીકાર્થ :-

केचित् ..... निवृत्ति(त्ते)श्च ।। કેટલાક પાપીઓ કહે છે – શું કહે છે ? તે 'યથા'થી બતાવે છે. સ્ત્રીઓનું આસેવન દોષ માટે નથી. એમાં=સ્ત્રીના ભોગમાં દોષ નથી એ કથનમાં, હેતુઓને બતાવે છે. તે કરાયે છતે=ભોગ કરાયે છતે, સ્વપરનો ઉપકાર થવાથી અને ઔત્સુક્યની નિવૃત્તિ થવાથી દોષ નથી. ।।૯૫૬।।

ભાવાર્થ :-

પદાર્થને વિકૃતરૂપે જોવાની દૃષ્ટિ હોવાથી પાપી એવા કેટલાક કહે છે – સ્ત્રીના આસેવનમાં દોષ નથી. કેમ દોષ નથી ? તેમાં યુક્તિ આપે છે – ભોગથી પોતાને સુખ થાય છે. તેથી પોતાને ઉપકાર થાય છે અને સ્ત્રીને પણ સુખ થાય છે તેથી પરને પણ ઉપકાર થાય છે. વળી, ભોગ કરવા પૂર્વે ચિત્તમાં ઔત્સુક્યરૂપ જે વિલ્વળતા હતી તેની નિવૃત્તિ થાય છે. તેથી સ્વસ્થતાનું સુખ થાય છે. માટે અબ્રહ્મના સેવનમાં દોષ નથી એ પ્રકારે મૂઢમતિવાળા કેટલાક કહે છે. **॥૯૫૬॥**

અવતરણિકા :-

तथा–

અવતરણિકાર્થ :-

અને પાપીઓ શું કહે છે ? તેનો સમુચ્ચય કરતાં 'તથા'થી કહે છે –

ગાથા :-

तत्तो सुहझाणातो पासवणुच्चारखेलणातेणं ।
नियमस्स निप्फलत्ता अतिप्पसंगाउ अवि य गुणो ।।९५७।।

છાયા :-

ततः शुभध्यानात्प्रस्रवणोच्चारखेलज्ञातेन ।
नियमस्य निष्फलत्वादतिप्रसङ्गादपि च गुणः ।।९५७।।

ગાથાર્થ :-

તેનાથી=સ્ત્રીના આસેવનથી, શુભધ્યાન થવાને કારણે પ્રસ્રવણ, ઉચ્ચાર અને ખેલના દૃષ્ટાંતથી નિયમનું નિષ્ફળપણું હોવાથી, અતિપ્રસંગ હોવાથી પણ, ગુણ છે=સ્ત્રીના સેવનથી ગુણ છે. ।।૯૫૭।।

ટીકા :-

ततः-स्त्रीणामासेवनात् सकाशात् प्रस्रवणोच्चारखेलज्ञातेन-प्रस्रवणादिदृष्टान्तेन प्रस्रवणादि-परित्यागादिनेतियावत् शुभध्यानभावात्, तथा कस्यचित् पुनः पुरुषस्य पीडाया अभावेन नियमस्य निष्फलत्वात्, तथा शरीरस्थितित्वाविशेषेण प्रस्रवणादिष्वपि प्रतिषेधकरणप्रसक्तेरतिप्रसङ्गात् न स्त्रीणामासेवनं दोषाय अपि तु तस्मिन् कृते सति गृद्ध्यादिदोषाभावलक्षणो गुण एवोपजायते तस्मात्प्रस्रवणोच्चारखेलपरित्यागक्रियावदिदमुत्पन्ने वेदोदयजनिते दुःखे तदपाकर्तुमवश्यं कर्त्तव्यमिति ।।९५७।।

ટીકાર્થ :-

ततः ..... कर्त्तव्यमिति ।। પ્રસ્રવણ=માતરું, ઉચ્ચાર=વિષ્ટા, ખેલ=કફના, જ્ઞાતથી=પ્રસ્રવણાદિના દૃષ્ટાંતથી=પ્રસ્રવણાદિના પરિત્યાગાદિથી, તેના કારણે=સ્ત્રીના આસેવનને કારણે શુભધ્યાનનો સદ્ભાવ હોવાથી અને વળી કોઈક પુરુષને પીડાના અભાવને કારણે નિયમનું નિષ્ફળપણું હોવાથી અને શરીરની સ્થિતિત્વનું અવિશેષ હોવાથી પ્રસ્રવણાદિમાં પણ પ્રતિષેધકરણની પ્રસક્તિથી અતિપ્રસંગ હોવાને કારણે સ્ત્રીના આસેવનમાં દોષ નથી પરંતુ તે કરાયે છતે ગૃદ્ધિ આદિ દોષના અભાવલક્ષણ ગુણ જ થાય છે. તે કારણથી માતરુંના પરિત્યાગની ક્રિયાની જેમ, શરીરના મળના પરિત્યાગની ક્રિયાની જેમ, શ્લેષ્મ મળના પરિત્યાગની ક્રિયાની જેમ, ઉત્પન્ન થયેલા વેદના ઉદયથી જનિત દુઃખમાં તેને દૂર કરવા માટે=દુઃખને દૂર કરવા માટે, આ=સ્ત્રીનું સેવન, અવશ્ય કરવું જોઈએ. ।।૯૫૭।।

ભાવાર્થ :-

કેટલાક પાપીઓ પદાર્થને કુત્સિત રીતે જોવાની મતિવાળા છે. તેથી તેઓની વિપરીત મતિ અનુસાર

જણાય છે કે સ્ત્રીના આસેવનથી શુભધ્યાન થાય છે. કેવી રીતે શુભધ્યાન થાય છે ? તેમાં યુક્તિ બતાવે છે – જેમ કોઈને માતરુ કરવાનો પરિણામ હોય અને કરે નહીં તો સ્વસ્થતાપૂર્વક ધર્મઅનુષ્ઠાન પણ કરી શકે નહીં. વળી, કોઈકને શરીરના મળની શંકા હોય અને તેનો પરિત્યાગ કરે નહીં તો શરીરની સ્વસ્થતા નહીં થવાથી શુભધ્યાન થઈ શકે નહીં. વળી, કોઈને કફાદિનો ઉપદ્રવ હોય અને તેને દૂર કરે નહીં તો શરીરની સ્વસ્થતા નહીં થવાથી શુભધ્યાન થઈ શકે નહીં. આથી જ ભગવાનની પૂજા અર્થે શ્રાવકો મળશુદ્ધિ આદિથી સ્વસ્થ થઈને ભગવાનની પૂજા કરે છે. તેમ સ્ત્રીના સેવનથી થયેલ ચિત્તની વિહ્વળતા પણ શાંત થયા વગર ચિત્ત ધર્મઅનુષ્ઠાન કરી શકે નહીં. માટે સ્ત્રીના આસેવનથી શુભધ્યાન થાય છે. વળી, ચોરી આદિથી કે અન્ય કૃત્યથી અન્યને પીડા થાય છે તેમ સ્ત્રીના સેવનથી બીજાને પીડાનો અભાવ હોવાથી સ્ત્રીના સેવનનું નિયંત્રણ કરવું નિષ્ફળ છે અને જેમ પ્રસ્રવણાદિ શરીરની સ્થિતિ છે તેમ વેદનો ઉદય પણ શરીરની સ્થિતિ છે. તેથી સ્ત્રીના સેવનનો નિષેધ કરવામાં આવે તો પ્રસ્રવણાદિનો પરિત્યાગ પણ નિષેધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે જેમ માતરુ આદિ શરીરનો ધર્મ છે તેમ વેદનો ઉદય પણ શરીરનો ધર્મ છે. માટે સ્ત્રીનું સેવન દોષ માટે નથી અને તે કરાયે છતે શુભધ્યાન થવાને કારણે કામમાં ગૃદ્ધિ આદિ દોષના અભાવરૂપ ગુણ જ થાય છે અર્થાત્ સ્થૂળ દૃષ્ટિથી જોનારા એમ કહે છે કે સ્ત્રીના સેવનમાં કામમાં ગૃદ્ધિ થશે, ફરી ફરી સેવનના પરિણામો થશે તે સર્વ દોષો હોવાને કારણે સ્ત્રીનું સેવન કરવું જોઈએ નહીં, તેને પૂર્વપક્ષી કહે છે – પ્રસ્રવણાદિના ત્યાગની જેમ કામવૃત્તિના શમન અર્થે જેઓ સ્ત્રીનું આસેવન કરશે તેઓને 'મારે કામનો વિકાર શાંત કરવો છે અને વિહ્વળતા દૂર કરવી છે' એ પ્રકારનું શુભધ્યાન થવાને કારણે ગૃદ્ધિ આદિ દોષના અભાવરૂપ ગુણ જ થાય છે. તેથી વેદના ઉદયથી જનિત સ્ત્રીના સેવનની ઇચ્છારૂપ દુઃખને દૂર કરવા માટે સ્ત્રીનું અવશ્ય સેવન કરવું જોઈએ. **॥૯૫૭॥**

અવતરણિકા :-

તત્ર સર્વાનપિ હેતૂન્ વિવરીષુઃ 'યથોદ્દેશં નિર્દેશ' ઇતિન્યાયાત્ પ્રથમં તાવત્ સ્વપરોપકારરૂપં હેતું વિવૃણ્વન્નાહ–

અવતરણિકાર્થ :-

ત્યાં=અબ્રહ્મના સેવનમાં દોષ નથી એમ કહીને પૂર્વપક્ષીએ જે હેતુ આપ્યા તેમાં, સર્વ પણ હેતુઓને વિવરણ કરવાની ઇચ્છાવાળા 'યથા ઉદ્દેશ નિર્દેશ કરવો જોઈએ.' એ ન્યાયથી પ્રથમ સ્વપર ઉપકારરૂપ હેતુને વિવરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

મોહગ્ગિસંપલિત્તં તં અપ્પાણં ચ વિજ્ઝવેઊણં ।
સુહભાવાતો સપરુવગારો કહ હોઇ દોસાય? ।।૯૫૮।।

છાયા :-

मोहाग्निसंप्रदीप्तां तामात्मानं च विध्याप्य ।
सुखभावात्स्वपरोपकारः कथं भवति दोषाय ? ।।९५८।।

ગાથાર્થ :-

મોહાગ્નિથી સંપ્રદીપ્ત એવી તેણીને=સ્ત્રીને, અને આત્માને વિધ્યાપન કરીને સુખનો ભાવ હોવાથી સ્વપરનો ઉપકાર કેવી રીતે દોષ માટે થાય ? ।।૯૫૮।।

ટીકા :-

मोहाग्निसंप्रदीप्तां ताम्-उपभोग्यां स्त्रियमात्मानं च मोहाग्निसंप्रदीप्तं मैथुनासेवनजलेन विध्याप्य सुखभावात्-सुखभावसंपादनेन यः क्रियते स्वपरोपकारः स कथं दोषाय भवति?, नैव भवतीतियावत् । स्वपरोपकारस्यागमे लोके च पुण्यफलतया प्रसिद्धत्वादिति ।।९५८।।

ટીકાર્થ :-

मोहाग्निसंप्रदीप्तां ..... प्रसिद्धत्वादिति ।। મોહરૂપી અગ્નિથી સંપ્રદીપ્ત એવી તેણીને=ઉપભોગ્ય એવી સ્ત્રીને, અને મોહાગ્નિથી સંપ્રદીપ્ત એવા પોતાને મૈથુનના આસેવનના જલથી વિધ્યાપન કરીને સુખનો ભાવ હોવાથી=સુખના ભાવનું સંપાદન હોવાથી, જે સ્વપરનો ઉપકાર કરાય છે, તે કેવી રીતે દોષ માટે છે ? અર્થાત્ દોષ માટે નથી જ ત્યાં સુધી અર્થ છે; કેમ કે સ્વપરના ઉપકારનું આગમમાં અને લોકમાં પુણ્યફળપણાથી પ્રસિદ્ધપણું છે. ।।૯૫૮।।

ભાવાર્થ :-

ગાથા-૯૫૬માં પૂર્વપક્ષીએ સ્ત્રીના સેવનમાં દોષ નથી તેમ સ્થાપન કર્યું. તેમાં હેતુ આપ્યો કે સ્વપરનો ઉપકાર થાય છે. કઈ રીતે સ્ત્રીના સેવનથી સ્વપરનો ઉપકાર થાય છે તે અનુભવ અનુસાર યુક્તિથી પૂર્વપક્ષી કહે છે – કોઈ સ્ત્રીને મોહરૂપી અગ્નિ પ્રગટેલ હોય ત્યારે તેનું ચિત્ત કામથી વિલ્વળ હોય છે અને પુરુષ પણ કામની ઇચ્છારૂપ મોહાગ્નિથી પ્રદીપ્ત હોય. તેથી ભોગ્ય એવી સ્ત્રી અને ભોગ કરનાર પુરુષ બંને જ્યારે કામથી વિલ્વળ હોય છે, ત્યારે તે મોહાગ્નિને શાંત કરવાનો ઉપાય મૈથુનનું સેવન છે. તેથી મૈથુનના સેવનરૂપી જલથી કામરૂપી અગ્નિને શાંત કરવામાં આવે તો ભોગ્ય એવી સ્ત્રીને અને ભોગ કરનાર પુરુષને સુખનું સંપાદન થાય છે. તેથી જે ક્રિયાથી સ્વપરનો ઉપકાર થાય તેને દોષરૂપે કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં; કેમ કે શાસ્ત્રમાં અને લોકમાં સ્વપરનો ઉપકાર પુણ્યના ફળરૂપે જ પ્રસિદ્ધ છે. **।।૯૫૮।।**

અવતરણિકા :-

द्वितीयं हेतुं व्याचिख्यासुराह–

અવતરણિકાર્થ :-

બીજા હેતુનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે=ગાથા-૯૫૬માં, પૂર્વપક્ષીએ કહેલ કે ઔત્સુક્યની નિવૃત્તિ હોવાથી સ્ત્રીના સેવનમાં દોષ નથી એ રૂપ બીજા હેતુને સ્પષ્ટ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सव्वद्धा विग्घकरं चरणस्सासेवणं विणा तीए ।
कह णु नियत्तति पावं उस्सुगमिह सुप्पसिद्धमिणं ।।९५९।।

છાયા :-

सर्वाद्धा विन्धकरं चरणस्यासेवनं विना तस्याः ।
कथं नु निवर्त्तेत पापमौत्सुक्यमिह सुप्रसिद्धमिदम् ।।९५९।।

ગાથાર્થ :-

ચારિત્રને સર્વકાલ વિઘ્નને કરનાર તેના=સ્ત્રીના, આસેવન વગર કેવી રીતે નિવર્તન પામે ? અહીં=જગતમાં, આ=ચારિત્રમાં વિઘ્ન કરનાર ઔત્સુક્ય, પાપરૂપ સુપ્રસિદ્ધ છે. ।।૯૫૯।।

ટીકા :-

चरणस्य-चारित्रस्य सर्वाद्धा-सर्वकालं विघ्नकरमिह-अस्मिन् जगति सुप्रसिद्धमिदमौत्सुक्यं पापं-पापरूपं कथं नु नाम तस्याः-स्त्रिया आसेवनं विना निवर्त्तेत इति भावः ? ।।९५९।।

ટીકાર્થ :-

चरणस्य ..... भावः ? ।। ચરણનું=ચારિત્રનું, સર્વકાલ વિઘ્નકર અહીં=આ જગતમાં, પાપરૂપ ઔત્સુક્ય સુપ્રસિદ્ધ છે. કેવી રીતે તેના=સ્ત્રીના, આસેવન વગર નિવર્તન પામે ? એ પ્રકારનો ભાવ છે. ।।૯૫૯।।

ભાવાર્થ :-

ચારિત્ર નિરુત્સુક ચિત્તસ્વરૂપ છે. તેથી જેઓનું ચિત્ત સર્વથા બાહ્ય પુદ્ગલોમાં ઉત્સુકતા વગરનું છે તેઓ નિરાકુલ આત્મસ્વભાવમાં ચિત્તને વિશ્રાન્ત કરવા સમર્થ બને છે. આથી જ મુનિઓ અનાદિથી સ્થિર થયેલા ઔત્સુક્યના શમન માટે શાસ્ત્રવચનથી ભાવિત થાય છે. વળી, જેઓના ચિત્તમાં ઔત્સુક્ય વર્તે છે તેઓ આત્માના નિરાકુલ સ્વભાવમાં સ્થિર થઈ શકતા નથી. તેથી આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવામાં વિઘ્નભૂત સ્ત્રીસેવનની ઇચ્છા જેઓની નિવર્તન પામે તેવી નથી અને સ્ત્રીસેવન કરે તો ઔત્સુક્યની નિવૃત્તિ થાય છે માટે સ્ત્રીનું આસેવન દોષ માટે નથી એમ કેટલાક પાપી કહે છે. એમ ગાથા-૯૫૬ સાથે સંબંધ છે. **॥૯૫૯॥**

અવતરણિકા :-

તૃતીયં હેતું વિવૃણ્વન્નાહ–

અવતરણિકાર્થ :-

ત્રીજા હેતુને વિવરણ કરતાં કહે છે –

ગાથા :-

आसेवणाएँ जायइ जं च विरागो तओ सुहज्झाणं ।
पासवणादि व्व तओ कायठिती होति कातव्वा ।।९६०।।

છાયા :-

आसेवनायां जायते यच्च विरागस्तस्मात् शुभध्यानम् ।
प्रस्रवणादिवत् ततः कायस्थितिः भवति कर्तव्या ।।९६०।।

ગાથાર્થ :-

આસેવન કરાયે છતે=સ્ત્રીનું આસેવન કરાયે છતે, જે કારણથી વિરાગ થાય છે, તે વિરાગથી શુભધ્યાન છે. તેથી પ્રસ્રવણાદિની જેમ કાયસ્થિતિ એવી આ સ્ત્રીની આસેવના કર્તવ્ય છે. ।।૯૬૦।।

ટીકા :-

स्त्रीणामासेवनायां कृतायां सत्यामात्मादेर्बीभत्सनादिदर्शनेन यत्-यस्मात् कारणात् विरागो जायते, तस्माच्च विरागात् शुभं ध्यानं, ततः प्रस्रवणादिवत् कायस्थितिरेषा-स्त्रीणामासेवना भवति प्रेक्षावतामवश्यं कर्त्तव्येति ।।९६०।।

ટીકાર્થ :-

स्त्रीणामासेवनायां ..... कर्त्तव्येति ।। સ્ત્રીઓનું આસેવન કરાયે છતે આત્માદિના બીભત્સાદિના દર્શનને કારણે જે કારણથી વિરાગ થાય છે અને તે વિરાગથી શુભધ્યાન થાય છે. તેથી પ્રસ્રવણાદિની જેમ આ સ્ત્રીઓની આસેવના કાયસ્થિતિ છે. બુદ્ધિમાનોને અવશ્ય કર્તવ્ય છે. ।।૯૬૦।।

ભાવાર્થ :-

કોઈને સ્ત્રીના સેવનનો પરિણામ થાય તેથી ભોગની ક્રિયા કરે અને તેનામાં વિવેકરૂપી ચક્ષુ વિદ્યમાન હોય તો પોતાની તે ભોગની ક્રિયા બીભત્સ છે તેવું તેને દેખાય છે. વળી, આ ભોગની ઇચ્છા જીવની વિલ્વળ અવસ્થા છે તેમ દેખાય છે તેથી સ્ત્રીના સેવનની ક્રિયાથી વૈરાગ્ય થાય છે અને વિરક્ત થયેલું ચિત્ત શુભધ્યાનમાં પ્રવર્તે છે. તેથી જેમ કોઈને માતરુની ઇચ્છા થાય કે મળશુદ્ધિની ઇચ્છા થાય તે કાયાની તે

પ્રકારની સ્થિતિ છે તેથી માતરુ કે મળની શુદ્ધિ કરે તો શરીર સ્વસ્થ બને છે, તેમ સ્ત્રીના સેવનની ઇચ્છા પણ કાયાની સ્થિતિ છે. તેથી, માતરુ આદિ જેમ અવશ્ય કર્તવ્ય છે તેમ વિચારકને સ્ત્રીનું સેવન પણ અવશ્ય કર્તવ્ય છે એમ કેટલાક પાપી કહે છે. એમ ગાથા-૯૫૬ સાથે સંબંધ છે. **॥૯૬૦॥**

અવતરણિકા :-

અધુના 'नियमस्स-निष्फलत्ते'त्येतद्व्याचिख्यासुराह—

અવતરણિકાર્થ :-

હવે, નિયમનું નિષ્ફલપણું છે=સ્ત્રીના સેવનની ઇચ્છા ઉપર નિયંત્રણનું નિષ્ફલપણું છે, એને વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા પૂર્વપક્ષી કહે છે —

ગાથા :-

णियमेवि तासि न फलं पीडाभावातो कस्सइ तहावि ।
तस्स करणे ण कीरति दिक्खाणियमोवि चिंतमिदं ।।९६१।।

છાયા :-

नियमेऽपि तासा नं फलं पीडाऽभावात् कस्यचित्तथापि ।
तस्य करणे न क्रियते दीक्षानियमोपि चिन्त्यमिदम् ।।९६१।।

ગાથાર્થ :-

તેઓના=સ્ત્રીઓના સેવનના, નિયમમાં કોઈને પણ ફલ નથી; કેમ કે પીડાનો અભાવ છે, તોપણ તેના કરણમાં=નિયમના કરણમાં, દીક્ષાનો નિયમ પણ નથી કરાતો એ ચિન્ત્ય છે. ॥૯૬૧॥

ટીકા :-

नियमेऽपि-प्रतिषेधेऽपि तासां-स्त्रीणां न फलं कस्यचिदीक्षामहे, पीडाया अभावात्, तथापि-पीडाया अभावे तस्य-नियमस्य करणेऽभ्युपगम्यमाने दीक्षानियमोऽपि-दीक्षा मया न कर्त्तव्येति नियमोऽपि न क्रियते चिन्त्यमिदं, दीक्षाया अपि नियमः क्रियतामिति भावः, पीडाया अभावेऽपि नियमस्य फलवत्त्वाभ्युपगमात्, तस्य च पीडाया अभावस्य दीक्षाया नियमेऽप्यविशिष्टत्वात् ।।९६१।।

ટીકાર્થ :-

नियमेऽपि ..... विशिष्टत्वात् ।। તેઓના નિયમમાં પણ=સ્ત્રીઓના પ્રતિષેધમાં પણ=સ્ત્રીસેવનના પ્રતિષેધમાં પણ, કોઈને ફલ અમે જોતા નથી; કેમ કે પીડાનો અભાવ છે=સ્ત્રી સેવનારને પીડાની પ્રાપ્તિ નથી, તોપણ=પીડાના અભાવમાં પણ, તેના નિયમનું કરણ સ્વીકાર કરાયે છતે=સ્ત્રીના સેવનનું નિષેધ સ્વીકાર કરાયે છતે, દીક્ષાનો નિયમ પણ=મારે દીક્ષા લેવી જોઈએ નહીં, એ પ્રકારનો

નિયમ પણ કરાતો નથી એ ચિન્ત્ય છે=દીક્ષાનો પણ નિયમ કરાવવો જોઈએ પ્રમાણે ભાવ છે; કેમ કે પીડાના અભાવમાં પણ નિયમનું ફલવાનપણું સ્વીકારાય છે અને પીડાના તે અભાવનું દીક્ષાના નિયમમાં પણ અવશિષ્ટપણું છે=પીડાનો અભાવ સ્ત્રીસેવનમાં છે. પીડાનો અભાવ દીક્ષાના સેવનમાં પણ છે. તેથી જ સ્ત્રીસેવનનો નિષેધ કરાય તો દીક્ષાનો પણ નિષેધ પ્રાપ્ત થાય. ॥૯૬૧॥

ભાવાર્થ :-

વિવેકી શ્રાવકો સ્ત્રીસેવનનો ત્યાગ ન કરી શકે તોપણ સ્ત્રીસેવનનો નિયમ કરે છે અર્થાત્ 'પર્વતિથિએ કે અમુક દિવસે હું સ્ત્રીસેવન કરીશ નહીં' એ પ્રમાણે નિયમ કરે છે. તેને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે – સ્ત્રીના સેવનના નિષેધરૂપ નિયમમાં અમે કોઈ ફલ જોતા નથી; કેમ કે સ્ત્રીસેવનથી સ્ત્રીસેવન કરનારને કે સ્ત્રીને પીડા થતી નથી. જો તેનાથી પીડા થતી હોય તો તેના નિવારણ અર્થે તેનો પ્રતિષેધ ઇષ્ટ બને. વળી, પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે. સ્ત્રીસેવનમાં પીડાનો અભાવ હોવા છતાં તેના નિયમને કરવું ઉચિત છે તેમ સ્વીકારવામાં આવે તો દીક્ષાનો નિયમ કરાતો નથી તે ચિન્ત્ય છે અર્થાત્ 'મારે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ નહીં' એ પ્રકારનો નિયમ નથી કરાતો તે વિચારણીય છે. વસ્તુતઃ દીક્ષાના સેવનથી ચિત્તની સ્વસ્થતારૂપ સુખ થાય છે, કોઈ પીડા થતી નથી. તેથી ચિત્તની સ્વસ્થતાના કારણભૂત દીક્ષાનો નિયમ કરાતો નથી, તેમ કામથી વિહ્વળ થયેલા જીવને સ્ત્રીના ભોગથી સ્વસ્થતા થાય છે. પરંતુ કામને સેવવાથી કોઈ પીડા થતી નથી, તેથી તેના નિયમનું પણ કોઈ ફલ નથી. જેમ 'મારે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ નહીં' એ પ્રકારના નિયમનું કોઈ ફલ નથી. પરમાર્થથી જે પ્રવૃત્તિથી કોઈને પીડા થતી હોય તે પ્રવૃત્તિના નિષેધ માટે પ્રતિજ્ઞા કરાય છે. આથી જ દીક્ષાની ક્રિયાથી કોઈ પીડા થતી નથી માટે દીક્ષાના નિષેધનો નિયમ કરાતો નથી તેમ સ્ત્રીસેવનના નિષેધનો નિયમ પણ ઉચિત નથી અને જો સ્ત્રીસેવનના નિષેધનો નિયમ ઇષ્ટ હોય તો દીક્ષાગ્રહણના નિષેધનો પણ નિયમ ઇષ્ટ સ્વીકારવો પડે; કેમ કે બંને ક્રિયામાં પણ પીડાનો અભાવ છે. તેથી દીક્ષા જેમ સુખનું કારણ છે તેમ સંસારી જીવો માટે સ્ત્રીનું સેવન સુખનું કારણ છે. **॥૯૬૧॥**

અવતરણિકા :-

सांप्रतं 'अइप्पसंगाउत्ति' एतद्भावयन्नाह–

અવતરણિકાર્થ :-

હવે, "અતિપ્રસંગ હોવાથી" એ પ્રમાણે ગાથા-૯૫૭માં કહ્યું. એને ભાવન કરતાં કહે છે –

ગાથા :-

पासवणाईण तहा किन्नो णियमोत्ति देहपीडाओ? ।
इतरनिवित्तीएँ तई किं णो तह गेहिमादीया? ।।९६२।।

છાયા :-

प्रस्त्रवणादीनां तथा किन्न नियम इति देहपीडातः ।
इतरनिवृत्त्या सका किन्न तथा गृद्ध्यादयः ।।९६२।।

ગાથાર્થ :-

પ્રસ્ત્રવણાદિનો તે પ્રકારે કેમ નિયમ કરાતો નથી તથા નિયમ કરાવો જોઈએ. દેહપીડા હોવાથી નિયમ કરાતો નથી તો ઇતરની નિવૃત્તિથી=સ્ત્રીના આસેવનની નિવૃત્તિથી, શું તે પીડા થતી નથી ? અર્થાત્ થાય છે અને આ=ગૃદ્ધિ આદિ દોષો થાય છે. ।।૯૬૨।।

ટીકા :-

इह यथा प्रस्त्रवणादयः कायस्थितिः तथा स्त्रीणामासेवनमपि, ततः कायस्थितित्वाविशेषात् प्रस्त्रवणादीनां तथेति-स्त्रीणामासेवनस्येव नियमः-प्रतिषेधः किन्न क्रियते?, सोऽपि क्रियतामिति भावः । 'देहपीडाउत्ति' तेषां प्रस्त्रवणादीनां नियमे कृते सति देहस्य पीडा भवति ततो न क्रियत इति चेत्?, ननु 'इयरनिवित्तीएत्ति' इतरस्याः-स्त्र्यासेवननिवृत्त्या प्रतिषेधेन 'तइत्ति' सका पीडा किन्न भवति?, भवत्येवेति भावः, तस्मात्तन्निवृत्तिरपि न कार्येति स्थितम् । अपि च, स्त्र्यासेवननिषेधे सत्यधिकतरा गृद्ध्यादयो दोषाः प्रादुष्षन्ति, तथाहि—स्त्रीणामासेवनप्रतिषेधे सत्यौत्सुक्यानिवृत्तेस्तद्विषया महती गृद्धिरुपजायते, ततश्चार्त्तध्यानादय इति सुप्रसिद्धमेतत् ।।९६२।।

ટીકાર્થ :-

इह यथा ..... सुप्रसिद्धमेतत् ।। અહીં=સંસારમાં, જે પ્રમાણે પ્રસ્રવણાદિ=માતરુ વગેરે કાયસ્થિતિ છે, તે પ્રમાણે સ્ત્રીઓનું આસેવન પણ કાયસ્થિતિ છે. તેથી કાયસ્થિતિત્વનો અવિશેષ હોવાથી=સ્ત્રીના સેવનમાં અને પ્રસ્રવણાદિમાં કાયસ્થિતિત્વનો અવિશેષ હોવાથી, પ્રસ્રવણાદિનું તે પ્રકારે=સ્ત્રીના આસેવનની જેમ, નિયમ=પ્રતિષેધ, કેમ કરાતો નથી ? તે પણ=પ્રસ્રવણાદિનો પ્રતિષેધ પણ કરાવો, એ પ્રમાણે ભાવ છે. તે પ્રસ્રવણાદિનો નિયમ કરાયે છતે દેહને પીડા થાય છે તેથી કરાતો નથી. એ પ્રમાણે જો કોઈ કહે તો ઇતરની=સ્ત્રીના આસેવનની, નિવૃત્તિથી=પ્રતિષેધથી, તે પીડા શું નથી ? અર્થાત્ પીડા થાય જ છે, એ પ્રકારનો ભાવ છે. તે કારણથી=સ્ત્રીના સેવનના નિયમમાં પ્રસ્રવણાદિના નિયમનો અતિપ્રસંગ છે તે કારણથી, તેની નિવૃત્તિ પણ=સ્ત્રીના સેવનની નિવૃત્તિ પણ, કરાવી જોઈએ નહીં એ પ્રમાણે સ્થિત છે. વળી, સ્ત્રી-આસેવનનો નિષેધ કરાયે છતે અધિકતર ગૃદ્ધિ આદિ દોષો પ્રગટ થશે. તે આ પ્રમાણે — સ્ત્રીઓના આસેવનમાં પ્રતિષેધ કરાયે છતે ઔત્સુક્યની અનિવૃત્તિ થવાથી તેના વિષયવાળી મહાન ગૃદ્ધિ થાય છે અને તેથી આર્ત્તધ્યાન આદિ છે એ સુપ્રસિદ્ધ છે. ।।૯૬૨।।

ભાવાર્થ :-

પ્રસ્રવણાદિ શરીરના ધર્મો છે તેમ સ્ત્રીનું આસેવન પણ શરીરનો ધર્મ છે. તેથી પ્રસ્રવણાદિ ક્રિયા અને સ્ત્રીની આસેવનની ક્રિયા સમાન છે. આમ છતાં સ્ત્રીના આસેવનનો નિષેધ કરાતો હોય તો શરીરના પ્રસ્રવણાદિ ક્રિયાનો નિષેધ કરાવો જોઈએ. વળી, સ્ત્રીના આસેવનનો નિષેધ કરાય તો જેને કામની ઇચ્છા ઉત્પન્ન થઈ છે તે શાંત થાય નહિ અને કાયાથી પ્રવૃત્તિ ન કરે તો સ્ત્રીસેવનની ઉત્સુકતાનો નાશ થાય નહિ. તેથી સ્ત્રી નહીં સેવવાનો નિયમ હોવાથી તે ઇચ્છા શાંત થતી નથી માટે વારંવાર સ્ત્રીસેવનના વિચારો આવે છે. સ્ત્રીસેવનના દીર્ઘકાળના વિચારોને કારણે ગૃદ્ધિ થાય છે. તેથી સ્ત્રીસેવનના ત્યાગને કારણે આર્ત્તધ્યાન આદિ થાય છે, પાપબંધ થાય છે અને દુર્ગતિની પરંપરાની પ્રાપ્તિ થાય છે માટે વિવેકીએ સ્ત્રીસેવનનો ત્યાગ કરવાનો નિયમ કરવો જોઈએ નહીં. એ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે. **॥૯૬૨॥**

અવતરણિકા :-

तदेवं सर्वानपि हेतून् समर्थ्य दृष्टान्तोपन्यासपूर्वकं साध्यमुपसंहरन्नाह–

અવતરણિકાર્થ :-

આ રીતે સર્વ પણ હેતુઓનું સમર્થન કરીને=સ્ત્રીનું સેવન ઉચિત છે તે બતાવવા માટે ગાથા-૯૫૬ અને ૯૫૭માં જે હેતુઓ આપેલા તે સર્વ હેતુઓનું સમર્થન કરીને, દૃષ્ટાંતના ઉપન્યાસપૂર્વક સાધ્યનો ઉપસંહાર કરતાં='સ્ત્રીપ્રતિસેવા કરવી જોઈએ' એ પ્રકારના સાધ્યનો ઉપસંહાર કરતાં, પૂર્વપક્ષી કહે છે –

ગાથા :-

तम्हा रागादिविवज्जिएण पासवणमादिकिरियव्व ।
वेदम्मि उदिन्नम्मी थीपडिसेवावि कायव्वा ।।९६३।।

છાયા :-

तस्माद् रागादिविवर्जितेन प्रस्त्रवणादिक्रियेव ।
वेदे उदीर्णे स्त्रीप्रतिसेवापि कर्तव्या ।।९६३।।

ગાથાર્થ :-

તે કારણથી=પૂર્વમાં અનેક યુક્તિઓથી સ્ત્રીસેવનમાં દોષ નથી એમ બતાવ્યું તે કારણથી, પ્રસ્ત્રવણાદિ ક્રિયાની જેમ વેદનો ઉદય પ્રાપ્ત થયે છતે રાગાદિ વિવર્જિત એવા પુરુષ વડે સ્ત્રીપ્રતિસેવા પણ કરવી જોઈએ. ॥૯૬૩॥

ટીકા :-

यत एवं तस्माद्वेदे उदीर्णे सति रागादिविवर्जितेन प्रस्त्रवणादिक्रियेव स्त्रीप्रतिसेवाऽपि कर्त्तव्या ।।९६३।।

ટીકાર્થ :-

यत एवं ..... कर्त्तव्या ।। જે કારણથી આ પ્રમાણે છે=સ્ત્રીસેવન ઉચિત છે એમ અનેક હેતુઓથી પૂર્વમાં બતાવ્યું એ પ્રમાણે છે, તે કારણથી વેદ ઉદીર્ણ થયે છતે=વેદનો ઉદય વિપાકમાં આવ્યે છતે, રાગાદિથી વિવર્જિત એવા પુરુષ વડે પ્રસ્રવણાદિની ક્રિયાની જેમ સ્ત્રીપ્રતિસેવા પણ કર્તવ્ય છે. ।।૯૬૩।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૯૫૬થી અત્યારસુધી અનેક યુક્તિઓ દ્વારા 'સ્ત્રીસેવનમાં દોષ નથી', તેમ સ્થાપન કર્યું. હવે તે સર્વ કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે – જે જીવોને વેદનો ઉદય વિપાકમાં છે તેઓએ સ્ત્રીસેવનમાં સંશ્લેષ ન થાય તે રીતે સ્ત્રીનું સેવન કરવું જોઈએ. જેમ માતરુ આદિ ક્રિયા વિવેકપૂર્વક કરાય જેનાથી સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે તેમ વિવેકપૂર્વક સ્ત્રીસેવન કરવાથી પણ વેદના ઉદયના શમનરૂપ સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે. **॥૯૬૩॥**

અવતરણિકા :-

अत्राचार्य आह–

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષીના કથનમાં, આચાર્યશ્રી કહે છે –

ગાથા :-

एवमिह कम्मगुरुणो मिच्छादिट्ठी अणारिया केई ।
इंदियकसायवसगा मग्गं नासेंति मंदमती ।।९६४।।

છાયા :-

एवमिह कर्मगुरवो मिथ्यादृष्टयोऽनार्याः केचित् ।
इन्द्रियकषायवशगा मार्गं नाश्यन्ति मंदमतयः ।।९६४।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, ભારેકર્મી, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, ઈન્દ્રિય-કષાયને વશ, મંદમતિવાળા કેટલાક જીવો આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, માર્ગનો નાશ કરે છે. ।।૯૬૪।।

ટીકા :-

एवम्-उक्तेन प्रकारेण इह-जगति कर्म्मगुरवो मिथ्यादृष्टयोऽनार्याः केचिदिन्द्रियकषायवशगा मार्ग-मोक्षस्य पन्थानं नाशयन्ति मन्दमतयस्तदत्र प्रतिविधीयते ।।९६४।।

ટીકાર્થ :-

એવમ્ ..... प्रतिविधीयते ।। આ રીતે=ઉક્ત પ્રકારથી=ગાથા-૯૫૬થી અત્યારસુધી બતાવ્યું એ પ્રકારથી, અહીં=જગતમાં, ભારેકર્મી, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, ઈન્દ્રિય અને કષાયને વશમાં રહેનાર કેટલાક મંદમતિવાળા જીવો મોક્ષના માર્ગનો નાશ કરે છે તે કારણથી અહીં=મંદમતિવાળા કેટલાકના કથનમાં, પ્રતિવિધાન કરાય છે=યુક્તિથી નિરાકરણ કરાય છે. ॥૯૬૪॥

ભાવાર્થ :-

કેટલાક જીવો કલ્યાણના અર્થી હોય છે. છતાં વિપર્યાસઆધાયક કર્મો પ્રચુર વર્તે છે એથી ભારેકર્મી છે અને તેના કારણે જ મિથ્યાદૃષ્ટિ છે. વળી, શિષ્ટ લોકોની જેમ વસ્તુને જોનારા નથી તેથી અનાર્ય છે, ઇન્દ્રિયોના વિકારો સતાવે છે અને કષાયનો ઉદય વર્તી રહ્યો છે. એથી મોક્ષમાર્ગને જોવામાં મંદમતિવાળા છે તેથી પોતાના વિકૃત માનસને અનુરૂપ તર્કો અને યુક્તિઓથી 'સ્ત્રીસેવન કર્તવ્ય છે', એમ સ્થાપન કરીને મોક્ષમાર્ગનો નાશ કરે છે. તેઓનાં તે અનુચિત કથનોનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. **॥૯૬૪॥**

ગાથા :-

सपरोभयपावातो रागादिपसत्तिओ दढतरागं ।
सुहझाणाभावातो जलणिंधणखेवणातेणं ।।९६५।।
नियमा पाणिवहातो तप्पडिसेवातो चेव इत्थीणं ।
पडिसेवणा ण जुत्ता मोक्खत्थं उज्जयमतीणं ।।९६६।।

છાયા :-

स्वपरोभयपापाद्रागादिप्रसक्तितो दृढतरकम् ।
शुभध्यानाभावाद् ज्वलनेन्धनक्षेपन्यायेन ।।९६५।।
नियमात् प्राणिवधात् तत्प्रतिसेवातश्चैव स्त्रीणाम् ।
प्रतिसेवना न युक्ता मोक्षार्थमुद्यतमतीनाम् ।।९६६।।

ગાથાર્થ :-

સ્વપર ઉભયને પાપ હોવાથી, દૃઢતર રાગાદિની પ્રસક્તિ હોવાથી, અગ્નિમાં ઇંધણના ક્ષેપણના ન્યાય વડે શુભધ્યાનનો અભાવ હોવાથી, સ્ત્રીના પ્રતિસેવનને કારણે નિયમથી પ્રાણિવધ હોવાથી સ્ત્રીની પ્રતિસેવા મોક્ષ માટે ઉદ્યત મતિવાળા પુરુષોને યુક્ત નથી. ॥૯૬૫-૯૬૬॥

ટીકા :-

मोक्षार्थमुद्यतमतीनां पुंसां स्त्रीणां प्रतिसेवा न युक्तेति साध्यनिर्देशः । हेतूनाह—स्वपरोभयपापात्-स्वपरलक्षणस्योभयस्य पापप्रसङ्गात्, तथा दृढतररागादिप्रसङ्गात्, तथा ज्वलनेन्धनप्रक्षेपन्यायेना-

धिकतरं तद्गतरूपस्पर्शादिचिन्ताव्यापृतत्वेन शुभध्यानाभावात्, तथा नियमतस्तत्प्रतिसेवातः-स्त्रीणामासेवनातः प्राणिवधात्-प्राणिवधप्रसङ्गादिति ।।९६५-९६६।।

ટીકાર્થ :-

मोक्षार्थमुद्यतमतीनां ..... प्रसङ्गादिति ।। મોક્ષ માટે ઉદ્યત મતિવાળા પુરુષોને સ્ત્રીઓનું સેવન યુક્ત નથી, એ સાધ્યનો નિર્દેશ છે. હેતુને કહે છે – સ્વપરોભયને પાપ હોવાથી=સ્વપર લક્ષણ ઉભયને પાપનો પ્રસંગ હોવાથી સ્ત્રીસેવન યુક્ત નથી, એમ અન્વય છે અને દૃઢતર રાગાદિનો પ્રસંગ હોવાથી સ્ત્રીસેવન યુક્ત નથી, અને જ્વલનમાં=અગ્નિમાં, ઇંધનના પ્રક્ષેપના ન્યાયથી અધિકતર તદ્ગત રૂપ, સ્પર્શાદિ ચિન્તાના વ્યાપૃતપણાને કારણે=સ્ત્રીગત રૂપ અને સ્પર્શાદિના વિચારોના વ્યાપૃતપણાને કારણે, શુભધ્યાનનો અભાવ હોવાથી સ્ત્રીસેવનયુક્ત નથી અને નિયમથી તત્પ્રતિસેવાને કારણે=સ્ત્રીઓના આસેવનને કારણે, પ્રાણિવધ હોવાથી=ઘણા જીવોની હિંસાનો પ્રસંગ હોવાથી, સ્ત્રીસેવનયુક્ત નથી. ।।૯૬૫-૯૬૬।।

ભાવાર્થ :-

મોક્ષ માટે ઉદ્યત મતિવાળા મહાત્માઓ પાપની નિવૃત્તિ કરે છે, વિકારોનું શમન કરે છે, શુભધ્યાનમાં યત્ન કરે છે. તે સર્વ ઉચિત પ્રવૃત્તિઓનો સ્ત્રીસેવનથી વ્યાઘાત થાય છે. માટે મોક્ષાર્થ ઉદ્યત મતિવાળા મહાત્માએ સ્ત્રીનું સેવન કરવું જોઈએ તેમ કહેવું ઉચિત નથી. કેમ ઉચિત નથી ? તેમાં હેતુઓ બતાવે છે. સ્ત્રીસેવનથી કામવિકારો પુષ્ટ બને છે તેથી સેવન કરનારને અને સ્ત્રીને ઉભયને પાપની પ્રાપ્તિ છે; કેમ કે પ્રગટ થયેલો વિકાર સેવનથી પુષ્ટ બને છે તેથી સેવનકાળમાં સ્વપર ઉભયને પાપબંધ થાય છે. વળી, કામની ઇચ્છારૂપ વેદનો ઉદય જ્યારે વર્તે છે ત્યારે વિવેકીએ પ્રતિપક્ષભાવન દ્વારા તેનું શમન કરવું જોઈએ, તેના બદલે સેવન કરે તો દૃઢતર રાગાદિની પ્રસક્તિ થાય છે; કેમ કે સેવનની ઇચ્છા થઈ તે ઇચ્છાને અનુકૂળ કૃત્યકાળમાં તેના મધુર સ્વાદને કારણે વિદ્યમાન રાગાદિ દૃઢ થાય છે. વળી, અગ્નિમાં ઇંધણનો પ્રક્ષેપ કરાય તો અગ્નિની વૃદ્ધિ થાય છે તેમ કામની ઇચ્છા થયા પછી તેને શાંત કરવા અર્થે પ્રતિપક્ષભાવનને બદલે સેવનની ક્રિયા કરવામાં આવે તો સ્ત્રીના રૂપ, સ્પર્શાદિમાં ચિત્ત અધિકતર વ્યાપૃત હોવાને કારણે શુભધ્યાન થતું નથી પરંતુ તે તે રાગાદિભાવથી આકુળ અશુભધ્યાન જ થાય છે. માટે મોક્ષાર્થીએ સ્ત્રીસેવન કરવું જોઈએ નહીં. વળી, સ્ત્રીના સેવનકાળમાં સ્ત્રીના યોનિસ્થાનમાં વર્તતા ઘણા ત્રસજીવોનો વધ થાય છે. તેથી સાક્ષાત્ હિંસાત્મક પ્રવૃત્તિ હોવાથી પણ મોક્ષાર્થીએ સ્ત્રીનું સેવન કરવું જોઈએ નહીં પરંતુ સ્ત્રીના વાસ્તવિક સ્વરૂપનું ચિંતન કરીને અનાદિનો સ્થિર થયેલો વેદનો પરિણામ ક્ષીણ થાય તેમ યત્ન કરવો જોઈએ. **।।૯૬૫-૯૬૬।।**

અવતરણિકા :-

अमून् सर्वानपि हेतून् व्याचिख्यासुः 'यथोद्देशं निर्देश' इतिन्यायात् प्रथमं तावत् स्वपरोभयपापादिति हेतुं विवरीतुमाह–

અવતરણિકાર્થ :-

આ સર્વ હેતુઓને=ગાથા-૯૬૫ અને ૯૬૬માં કહ્યા એ સર્વ હેતુઓને, યથોદ્દેશ નિર્દેશ કરવો જોઈએ, એ ન્યાયથી પ્રથમ સ્વપરોભયને પાપ હોવાથી એ હેતુને વિવરણ કરવા માટે કહે છે –

ગાથા :-

सव्वागमप्पसिद्धं मेहुणभावंमि पावमच्चत्थं ।
तह परमसंकिलेसो अणुहवसिद्धो उ सव्वेसिं ।।९६७।।

છાયા :-

सर्वागमप्रसिद्धं मैथुनभावे पापमत्यर्थम् ।
तथा परमसंक्लेशोऽनुभवसिद्धस्तु सर्वेषाम् ।।९६७।।

ગાથાર્થ :-

મૈથુનભાવમાં અત્યંત પાપ એ સર્વાગમ પ્રસિદ્ધ છે અને સર્વ પણ જીવોને પરમ સંક્લેશ અનુભવસિદ્ધ છે. ॥૯૬૭॥

ટીકા :-

मैथुनभावे सेव्यमाने स्वपरयोः पापमत्यर्थं भवतीत्येतत्सर्वागमप्रसिद्धं, तथा यः परमसंक्लेशोऽभिष्वङ्गलक्षणः सोऽपि सर्वेषामपि जन्तूनामनुभवसिद्ध एव । तुरेवकारार्थः ।।९६७।।

ટીકાર્થ :-

मैथुनभावे ..... तुरेवकारार्थः ।। સેવ્યમાન એવા મૈથુનના ભાવમાં સ્વ અને પરને અત્યંત પાપ થાય છે. એ સર્વાગમ પ્રસિદ્ધ છે અને જે અભિષ્વંગરૂપ પરમ સંક્લેશ=સ્ત્રીસેવનકાળમાં મધુરતાના સંવેદનરૂપ જે પરમસંક્લેશ, તે પણ સર્વ પણ જીવોને અનુભવસિદ્ધ જ છે. ॥૯૬૭॥

ભાવાર્થ :-

મૈથુનસેવનમાં પુરુષ અને સ્ત્રી બંનેને અત્યંત પાપ થાય છે અર્થાત્ સેવન પૂર્વે જે કોઈ અન્ય પરિણામ હોય, તેનાથી સામાન્ય પાપ થતાં હોય તેમ સંભવે પરંતુ મૈથુન સેવનકાળમાં તે પ્રકારે રાગાદિ ભાવો વ્યક્ત થાય છે જેથી અત્યંત પાપ થાય છે, એ સર્વાગમમાં પ્રસિદ્ધ છે. વળી, મૈથુનસેવનકાળમાં આ 'મને અત્યંત પ્રિય છે', એ પ્રકારના સંશ્લેષના પરિણામરૂપ પરમ સંક્લેશ બધા જીવોને અનુભવસિદ્ધ જ છે. તેથી આગમવચનથી અને અનુભવથી નક્કી થાય છે કે મૈથુનની ક્રિયામાં સ્વપરને પાપની જ પ્રાપ્તિ છે. માટે પૂર્વપક્ષીએ કહેલું કે મૈથુનસેવનમાં સ્વપરને ઉપકાર થાય છે એ વચન મૂઢતાથી બોલાયેલું છે. **॥૯૬૭॥**

અવતરણિકા :-

यदप्युक्तम्—'सुहभावातो सपरोवयारो कह होइ दोसायत्ति' तत्रापि सुखभावोऽसिद्ध एव यत आह—

અવતરણિકાર્થ :-

જે વળી, કહેવાયું=પૂર્વપક્ષી દ્વારા ગાથા-૯૫૮માં કહેવાયું. સુખનો ભાવ હોવાને કારણે સ્વપરનો ઉપકાર કેવી રીતે દોષ માટે થાય ? ત્યાં પણ=પૂર્વપક્ષીના કથનમાં પણ, સુખનો ભાવ અસિદ્ધ જ છે જે કારણથી કહે છે —

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલું કે મૈથુનસેવનથી સ્વપરને સુખ થાય છે. જેનાથી સુખ થાય તે ઉપકાર કહેવાય અને સ્વપરનો ઉપકાર મૈથુનમાં હોવાથી મૈથુનને દોષ કહેવાય નહીં. એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં મૈથુનમાં સુખનો ભાવ અસિદ્ધ જ છે. એ બતાવવા અર્થે કહે છે —

ગાથા :-

पामागहितस्स जहा कंडुयणं दुक्खमेव मूढस्स ।
पडिहाइ सोक्खमतुलं एवं सुरयंपि विन्नेयं ।।९६८।।

છાયા :-

पामागृहितस्य यथा कण्डूयनं दुःखमेव मूढस्य ।
प्रतिभाति सुखमतुलमेवं सुरतमपि विज्ञेयम् ।।९६८।।

ગાથાર્થ :-

જે પ્રમાણે ખણજથી ગૃહીત મૂઢ જીવને ખણજરૂપ દુઃખ જ અતુલ સુખ પ્રતિભાસે છે, એ રીતે સુરત પણ=કામનું સેવન પણ, જાણવું. ।।૯૬૮।।

ટીકા :-

यथा पामागृहीतस्य कण्डूयनं परमार्थतो दुःखमेव सत् मूढस्य प्रतिभाति सुखमतुलम्, एवं सुरतमपि स्वरूपेण दुःखरूपं सत् मोहवशात्कामुकस्य सुखरूपं प्रतिभासमानं विज्ञेयम् ।।९६८।।

ટીકાર્થ :-

यथा ..... विज्ञेयम् ।। જે પ્રમાણે ખણજથી ગૃહીત જીવને ખણજ પરમાર્થથી દુઃખરૂપ જ છતું અતુલ સુખરૂપ પ્રતિભાસે છે, એ રીતે સુરત પણ=કામ પણ, સ્વરૂપથી દુઃખરૂપ છતું મોહ-વશથી કામુક જીવને સુખરૂપ પ્રતિભાસમાન જાણવું. ।।૯૬૮।।

ભાવાર્થ :-

ખણજથી ગૃહીત પુરુષને ખણજ દુઃખરૂપે પ્રતીત છે, તોપણ જેની અત્યંત મૂઢમતિ છે તેને ખણજ કાળમાં જે મીઠાશ જણાય છે, તેના કારણે ખણજ જ અતુલ સુખરૂપે પ્રતિભાસ થાય છે. તેમાં કારણ તેની મૂઢમતિ જ છે. તે રીતે મૂઢ મતિવાળા સંસારી જીવો કામસેવનની ઇચ્છારૂપ ખણજ ઊઠે છે ત્યારે ખણજથી આકુળ થઈને ખણવાની ક્રિયા તુલ્ય કામનું સેવન કરે છે, તેથી તે કામનું સેવન ખણજ જેવુ દુઃખરૂપ જ છે, તોપણ પદાર્થના વાસ્તવિક સ્વરૂપના વિશ્લેષણમાં મૂઢમતિવાળા જીવોને કામનું સેવન સુખ દેખાય છે અને જેઓ વિચારક છે તેઓને તો કામની ઇચ્છા થાય કે તરત સ્મરણ થાય છે કે 'મને કામના સેવનની ખણજરૂપ રોગ છે તેથી હું ઇચ્છાથી આકુળ છું' તે આકુળતા સ્વયં દુઃખરૂપ છે અને કામના સેવનની ક્રિયા શ્રમરૂપ હોવાથી સ્વયં દુઃખરૂપ છે, તેથી તેવા વિવેકી જીવો પ્રતિપક્ષના ભાવનથી ઇચ્છા શાંત કરવા યત્ન કરે છે અને જ્યારે ઇચ્છા શાંત ન થાય ત્યારે પણ ખણજની વૃદ્ધિ ન થાય તે પ્રકારે કંઈક સેવન કરીને પણ તેનાથી નિવૃત્ત થવા યત્ન કરે છે. જેમ ખણજનો રોગી ખણજ થાય તો ઔષધાદિથી ખણજને શાંત કરે છે અને ખણજ શાંત ન થાય તોપણ કંઈક ખણજ કરીને તેનાથી નિવર્તન પામવા યત્ન કરે છે પરંતુ મૂઢમતિવાળા જીવોને જ ખણજની પીડા સુખરૂપ ભાસે છે તેમ મૂઢમતિવાળા જીવોને કામનું સેવન સુખરૂપ પ્રતિભાસે છે. **॥૯૬૮॥**

ગાથા :-

જહ તક્કરણે દોણ્હવિ તીએ વુડ્ઢી તઓ ય દેહસ્સ ।
હોઇ વિણાસો એત્થવિ તહ નેઓ સુગઇદેહસ્સ ।।૯૬૯।।

છાયા :-

યથા તત્કારણે દ્વયોરપિ તસ્યા વૃદ્ધિસ્તતશ્ચ દેહસ્ય ।
ભવતિ વિનાશોઽત્રાપિ તથા જ્ઞેયઃ સુગતિદેહસ્ય ।।૯૬૯।।

ગાથાર્થ :-

જે પ્રમાણે તેના કરણમાં=મૈથુનના સેવનમાં, બંનેને પણ તેની વૃદ્ધિ=કામની વૃદ્ધિ, અને તેનાથી=કામની વૃદ્ધિથી, અહીં પણ દેહનો વિનાશ થાય છે અને સુગતિરૂપ દેહનો વિનાશ જાણવો=પરલોકમાં પણ સુંદર ભવની પ્રાપ્તિરૂપ દેહનો વિનાશ જાણવો અર્થાત્ કુગતિની પ્રાપ્તિ જાણવી. ॥૯૬૯॥

ટીકા :-

યથા તત્કરણે-મૈથુનપ્રતિસેવાકરણે દ્વયોરપિ સ્ત્રીપુંસયોઃ મૈથુનપ્રતિસેવાયા વૃદ્ધિર્ભવતિ, તસ્યાશ્ચ મૈથુનપ્રતિસેવાવૃદ્ધિતઃ સકાશાત્ અત્રાપિ-અસ્મિન્નપિ ભવે દેહસ્ય વિનાશો ભવતિ વીર્યત્રુટિભાવતઃ, તથા પરલોકેઽપિ સુગતિરૂપસ્ય દેહસ્ય વિનાશો જ્ઞેયઃ ।।૯૬૯।।

ટીકાર્થ :-

यथा ..... ज्ञेयः ।। જે પ્રમાણે તેના કરણમાં=મૈથુનના પ્રતિસેવનના કરણમાં, બંનેને પણ= સ્ત્રીપુરુષ બંનેને પણ, મૈથુન પ્રતિસેવાની વૃદ્ધિ થાય છે=મૈથુનના સેવનની પરિણતિની વૃદ્ધિ થાય છે, અને તે મૈથુન પ્રતિસેવાની વૃદ્ધિથી આ પણ ભવમાં દેહનો વિનાશ વીર્યની ત્રુટિના ભાવને કારણે થાય છે અને પરલોકમાં પણ સુગતિરૂપ દેહનો વિનાશ જાણવો. ॥૯૬૯॥

ભાવાર્થ :-

મૈથુનસેવનકાળમાં સ્ત્રી અને પુરુષ બંનેને જે મધુરતાનો સ્વાદ આવે છે તેના કારણે ફરી ફરી તે મધુરતાના આસ્વાદનો અભિલાષ થાય તેવી પરિણતિની વૃદ્ધિ પામે છે અને જેઓને અતિશય મૈથુનના પરિણામની વૃદ્ધિ થાય તેઓને આ ભવમાં પણ વીર્ય અલ્પ થવાને કારણે=મૈથુનસેવનના કારણે વીર્યનો નાશ થવાને કારણે, દેહનો વિનાશ થાય છે અર્થાત્ દેહ રોગિષ્ઠ બને છે. વળી, મૈથુનસેવનકાળમાં જે રાગાદિજન્ય પાપો બાંધેલાં તેના કારણે પરલોકમાં પણ સુગતિરૂપ દેહનો વિનાશ પ્રાપ્ત થાય છે અર્થાત્ દુર્ગતિમાં ખરાબ દેહની પ્રાપ્તિ થાય છે. **॥૯૬૯॥**

ગાથા :-

मोहग्गिसंपलित्तं तं अप्पाणं च विज्झवेऊण ।
एवं सुहभावो च्चिय हंतासिद्धो मुणेयव्वो ।।९७०।।

છાયા :-

मोहाग्निसंप्रदीप्तां तामात्मानं च विध्याप्य ।
एवं सुखभाव एव हन्त ! असिद्धो ज्ञातव्यः ।।९७०।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, મોહાગ્નિથી સંપ્રદીપ્ત એવી સ્ત્રીને અને આત્માને= પુરુષને, વિધ્યાપન કરીને=મોહાગ્નિનું શમન કરીને, સુખનો ભાવ ખરેખર અસિદ્ધ જ જાણવો. ॥૯૭૦॥

ટીકા :-

एवं च सति (यः) मोहाग्निसंप्रदीप्तां तामात्मानं च विध्याप्य सुखभावः-स्वपरयोः सुखभावः संपाद्य उक्तः, चियशब्द एवकारार्थो भिन्नक्रमश्च स हन्तासिद्ध एव ज्ञातव्यः, तथा च सति स्वपरोपकारोऽप्यसिद्ध इति कुतोऽभिप्रेतसाध्यसिद्धिः ? ।।९७०।।

ટીકાર્થ :-

एवं च ..... साध्यसिद्धिः ? ।। અને આમ હોતે છતે=પૂર્વગાથામાં કહ્યું કે મૈથુનસેવનથી દેહનો

વિનાશ અને પરલોકમાં સુગતિરૂપ દેહનો વિનાશ થાય છે એમ હોતે છતે, મોહાગ્નિથી સંપ્રદીપ્ત એવી સ્ત્રીને અને પોતાને વિધ્યાપન કરીને=મોહાગ્નિનું શમન કરીને, સુખભાવ=સ્વ અને પરને સુખનો ભાવ, સંપાદન કરવા યોગ્ય કહેવાયો. 'चिय' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે. તે=સુખનો ભાવ, ખરેખર અસિદ્ધ જ જાણવો અને તેમ હોતે છતે=કામના સેવનથી સુખનો ભાવ અસિદ્ધ હોતે છતે, સ્વપરનો ઉપકાર પણ અસિદ્ધ જ છે. એથી અભિપ્રેત એવા સાધ્યની સિદ્ધિ ક્યાંથી હોય ?=પૂર્વપક્ષીએ કહેલ કે મૈથુનના સેવનથી સ્વપરનો ઉપકાર થાય છે માટે ધર્મ થાય છે એ રૂપ અભિપ્રેત સાધ્યની સિદ્ધિ મૈથુનના સેવનથી ક્યાંથી થાય ? અર્થાત્ થાય નહીં. ॥૯૭૦॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે કામના સેવનથી પોતાને અને સ્ત્રીને સુખ થાય છે. તેથી પોતાને અને બીજાને સુખ સંપાદન કરવું એ સ્વપરના ઉપકારરૂપ છે અને તેનાથી પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ગાથા-૯૬૯માં કહ્યું એ પ્રમાણે મૈથુનના સેવનથી કામની વૃદ્ધિ થાય છે જેનાથી આ ભવમાં દેહનો વિનાશ થાય છે અર્થાત્ દેહ રોગિષ્ઠ બને છે અને પરલોકમાં સુગતિરૂપ દેહનો વિનાશ થાય છે અર્થાત્ દુર્ગતિરૂપ દેહ મળે છે. એ રીતે મોહાગ્નિથી સંપ્રદીપ્ત એવી સ્ત્રીને કામના શમનથી સુખનો ભાવ જ અસિદ્ધ છે; કેમ કે કામના સેવનથી કામની વૃદ્ધિ જ થાય છે પરંતુ કામનું શમન થતું નથી. તેથી, સ્વપરનો ઉપકાર પણ અસિદ્ધ જ છે. તેથી કામના સેવનથી સ્વપરનો ઉપકાર નહીં હોવાથી પુણ્યબંધની પ્રાપ્તિ પણ અસિદ્ધ જ છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ કે છટ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ દુષ્પ્રતિકાર એવા કામનું સેવન કરે છે તે પણ કામની ઇચ્છા મોહની આકુળતારૂપ છે ફક્ત તેઓ કામને શલ્યરૂપે અને વિષરૂપે જાણનારા છે, તેથી જે કામનું સેવન ગૃદ્ધિને કરનાર છે તે જ કામનું સેવન તેઓ વિવેકના બળથી તેની ગૃદ્ધિનો નાશ કરે છે. તેથી સામાન્યથી કામનું સેવન ગૃદ્ધિને કરીને સુખનો નાશ કરનાર હોવા છતાં વિવેકના બળથી સમ્યગ્દૃષ્ટિ જીવો કામ સેવીને પણ કામવિકારોને શમન કરે છે, પરંતુ ગૃદ્ધિને પામતા નથી તોપણ કામનું સેવન સામાન્યથી ગૃદ્ધિનું જ કારણ છે. તેથી કામના સેવનથી સ્વપરનો ઉપકાર થાય છે તેમ કહેવું અત્યંત અસમંજસ છે. **॥૯૭૦॥**

અવતરણિકા :-

द्वितीयं हेतुं विवृण्वन्नाह–

અવતરણિકાર્થ :-

બીજા હેતુને વિવરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે=ગાથા-૯૬૫માં ચાર હેતુઓ આપ્યા. તેમાંથી બીજા હેતુને વિવરણ કરતાં કહે છે –

ગાથા :-

પડિસેવણેવિ તસ્સા અહિયા રાગાદયો ઉ નિયમેણં ।
અન્નેસિં તદભાવેવિ પતણુયા ચેવ દીસંતિ ।।૯૭૧।।

છાયા :-

પ્રતિસેવનેઽપિ તસ્યા અધિકા રાગાદયસ્તુ નિયમેન ।
અન્યેષાં તદભાવેઽપિ પ્રતનુકા એવ દૃશ્યન્તે ।।૯૭૧।।

ગાથાર્થ :-

તેનું=સ્ત્રીનું, પ્રતિસેવન કરાયે છતે પણ નિયમથી રાગાદિ અધિક થાય છે. અન્ય મહાત્માઓને તેના અભાવમાં પણ=પ્રતિસેવનના અભાવમાં પણ, પ્રતનુક રાગાદિ દેખાય છે. ।।૯૭૧।।

ટીકા :-

પ્રતિસેવનેઽપિ તસ્યાઃ-સ્ત્રિયાઃ કૃતે સત્યધિકા એવ રાગાદયો નિયમેન જાયન્તે । તુરેવકારાર્થો ભિન્નક્રમશ્ચ યથાસ્થાનં યોજિતઃ । અન્યેષાં તુ પુનર્મહાત્મનાં તદભાવેઽપિ-પ્રતિસેવનાયા અભાવેઽપિ પ્રતનુકા એવ રાગાદયો દૃશ્યન્તે ।।૯૭૧।।

ટીકાર્થ :-

પ્રતિસેવનેઽપિ ..... દૃશ્યન્તે ।। તેણીના પ્રતિસેવનમાં પણ=સ્ત્રીનું પ્રતિસેવન કરાયે છતે પણ, અધિક જ રાગાદિ નિયમથી થાય છે. ગાથામાં રહેલો 'તુ' શબ્દ એવકાર અર્થવાળો, ભિન્ન ક્રમવાળો છે અને યથાસ્થાન યોજિત છે='અધિકા' પછી યોજિત છે. વળી, અન્ય મહાત્માઓને તેના અભાવમાં પણ=પ્રતિસેવનના અભાવમાં પણ, રાગાદિ પ્રતનુક જ દેખાય છે. ।।૯૭૧।।

ભાવાર્થ :-

જે પુરુષોને સ્ત્રીના ભોગની ઇચ્છા થાય છે તેઓને તે ભોગની પ્રવૃત્તિથી નક્કી રાગાદિ અધિક જ થાય છે. તેથી સ્ત્રીનું સેવન રાગાદિની વૃદ્ધિનું જ કારણ છે. વળી જેઓ મૈથુન પાપરૂપ છે તેમ માનીને ભોગાદિ કરતા નથી તેઓના રાગાદિ અલ્પ થતા જ દેખાય છે. તેથી પણ નક્કી થાય છે કે મૈથુનની સેવનની ક્રિયા રાગાદિની વૃદ્ધિનું જ કારણ છે અને તેના અસેવનથી જ રાગાદિ ઘટે છે. માટે રાગાદિના શમન હેતુ મૈથુન છે એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અનુચિત છે. **।।૯૭૧।।**

અવતરણિકા :-

તતશ્ચ—

અવતરણિકાર્થ :-

અને તેથી=મૈથુનના સેવનથી નિયમથી રાગાદિ વૃદ્ધિ પામે છે તેથી, શું પ્રાપ્ત થાય ? તે કહે છે—

ગાથા :-

सइचरणविग्घमउलं उस्सुगमेवं नियत्तइ ण जाउ ।
ता तन्निवित्तिपवणो वज्जेज्जा इत्थिपरिभोगं ।।९७२।।

છાયા :-

सदा चरणविग्घमतुलमौत्सुक्यमेव निवर्त्तते न जातु ।
तस्मात् सन्निवृत्तिप्रवणो वर्जयेत् स्त्रीपरिभोगम् ।।९७२।।

ગાથાર્થ :-

સદ્આચરણમાં વિઘ્નભૂત અતુલ ઔત્સુક્ય જ ક્યારેય નિવર્તન પામતું નથી=સ્ત્રીના સેવનથી નિવર્તન પામતું નથી, તે કારણથી તેની નિવૃત્તિમાં પ્રવણ=ઔત્સુક્યની નિવૃત્તિમાં સમર્થ પુરુષે, સ્ત્રીના પરિભોગનું વર્જન કરવું જોઈએ. ।।૯૭૨।।

ટીકા :-

सदाचरणविघ्नभूतमतुलमौत्सुक्यमेव स्त्रीप्रतिसेवनेन क्रियमाणेन न जातु-न कदाचिदपि निवर्त्तते किंतु तत्प्रतिसेवनप्रतिषेधेनैव, 'ता' तस्मात्तन्निवृत्तिप्रवणः-औत्सुक्यनिवृत्तिप्रवणो वर्जयेत् स्त्रीपरिभोग-मिति ।।९७२।।

ટીકાર્થ :-

सदाचरणविघ्न ..... स्त्रीपरिभोगमिति ।। સદ્આચરણમાં વિઘ્નભૂત અતુલ ઔત્સુક્ય જ કરાતા સ્ત્રીના પ્રતિસેવનથી ક્યારેય પણ નિવર્તન પામતું નથી પરંતુ તેના પ્રતિસેવનના પ્રતિષેધથી જ નિવર્તન પામે છે=ઔત્સુક્ય નિવર્તન પામે છે. તે કારણથી તેની નિવૃત્તિમાં પ્રવણ=ઔત્સુક્યની નિવૃત્તિમાં સમર્થ પુરુષ, સ્ત્રીપરિભોગનું વર્જન કરે. ।।૯૭૨।।

ભાવાર્થ :-

ઔત્સુક્ય જ જીવ માટે નિવર્તન કરવાયોગ્ય હોવાથી દુઃખરૂપ છે અને સદ્આચરણમાં વિઘ્નભૂત છે; કેમ કે સદ્આચરણા ઔત્સુક્યના શમન અર્થે કરાય છે અને જેઓમાં અતિ ઔત્સુક્ય છે તેઓ પ્રાયઃ સદ્આચરણાઓ સેવી શકતા નથી. ક્વચિત્ બાહ્યથી સેવે તોપણ તે સદ્આચરણાઓ આત્માના સ્વાસ્થ્યનું કારણ બનતી નથી. તેથી ઔત્સુક્ય સદ્આચરણામાં વિઘ્નભૂત છે. વળી, ઔત્સુક્ય અતુલ છે અર્થાત્ અતુલ સામર્થ્યવાળું છે તેથી જીવ તેને શાંત કરવા ઇચ્છે તોપણ શાંત થતું નથી અને સ્ત્રીસેવનની ક્રિયાથી તે ઔત્સુક્ય ક્યારેય નિવર્તન પામતું નથી પરંતુ સ્ત્રીના સ્વરૂપનું તત્ત્વદૃષ્ટિથી ભાવન કરીને સ્ત્રીના સેવનની નિવૃત્તિથી જ ઔત્સુક્ય નિવર્તન પામે છે. તેથી ઔત્સુક્યની નિવૃત્તિમાં સમર્થ પુરુષે સ્ત્રીના પરિભોગનું વર્જન કરવું જોઈએ જેથી તત્ત્વના ભાવનથી શાંત થયેલું ઔત્સુક્ય મૈથુનના સેવન દ્વારા પ્રજ્વલિત થાય નહીં. **॥૯૭૨॥**

અવતરણિકા :-

અપિ ચ, ભવતુ સ્ત્રીપ્રતિસેવાત ઔત્સુક્યવિનિવૃત્તિસ્તથાપિ સા તતો ભવન્તી ન સમીચીનેત્યેતદ્દર્શયતિ–

અવતરણિકાર્થ :-

વળી, સ્ત્રીપ્રતિસેવાથી ઔત્સુક્યની નિવૃત્તિ થાઓ, તોપણ તેનાથી થતી ઔત્સુક્યની નિવૃત્તિ સમીચીન નથી. એને બતાવતાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં કહ્યું કે સ્ત્રીના સેવનથી ઔત્સુક્ય નિવર્તન પામતું નથી તે આપેક્ષિક કથન છે; કેમ કે સામાન્યથી કામના સેવનથી કામમાં ગૃદ્ધિ થતી દેખાય છે. વળી, કામની ઇચ્છાથી વિહ્વળ થયેલા જીવો કામના સેવનથી કિંચિત્ કાળ માટે કંઈક તૃપ્ત થયેલા પણ દેખાય છે તેથી કામના સેવનથી કિંચિત્ કાળ માટે ઔત્સુક્ય નિવૃત્તિ થાઓ તોપણ તેવી ઔત્સુક્યનિવૃત્તિ સુંદર નથી. એને બતાવતાં કહે છે –

ગાથા :-

उस्सुगविणिवित्तीवि य जा सम्मन्नाणपुव्विगा होति ।
सा सुंदरा ण जाऽहियविसयपवित्तीएँ लोएवि ।।९७३।।

છાયા :-

औत्सुक्यविनिवृत्तिरपि च या सम्यग्ज्ञानपूर्विका भवति ।
सा सुंदर न याऽहितविषयप्रवृत्त्या लोकेऽपि ।।९७३।।

ગાથાર્થ :-

જે ઔત્સુક્યની નિવૃત્તિ પણ સમ્યગ્જ્ઞાનપૂર્વક થાય છે, તે લોકમાં સુંદર છે. વળી, જે અહિત વિષયમાં પ્રવૃત્તિથી ઔત્સુક્યની નિવૃત્તિ છે, તે સુંદર નથી. ।।૯૭૩।।

ટીકા :-

औत्सुक्यविनिवृत्तिरपि या सम्यग्ज्ञानपूर्विका भवति सा लोकेऽपि सुन्दरा, न पुनर्या परिणामाहितविषय-प्रवृत्त्यापि ।।९७३।।

ટીકાર્થ :-

औत्सुक्यविनिवृत्तिरपि ..... प्रवृत्त्यापि ।। ઔત્સુક્યની નિવૃત્તિ પણ જે સમ્યગ્જ્ઞાનપૂર્વક થાય છે તે લોકમાં પણ સુંદર છે પરંતુ પરિણામથી અહિતના વિષયમાં પ્રવૃત્તિથી જે ઔત્સુક્યની નિવૃત્તિ છે તે સુંદર નથી. ।।૯૭૩।।

અવતરણિકા :-

અત્રૈવ દૃષ્ટાન્તમાહ–

અવતરણિકાર્થ :-

આમાં જ=અહિતની પ્રવૃત્તિથી ઔત્સુક્યની નિવૃત્તિ સુંદર નથી એમાં જ, દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

जह चेव कुट्ठिणोऽपत्थवत्थुविसयं ण तस्स जोगेणं ।
भद्दं नियत्तमाणं उस्सुगमेवं इमंपित्ति ।।९७४।।

છાયા :-

यथा चैव कुष्ठिनोऽपथ्यवस्तुविषयं न तस्य योगेन ।
भद्रं निवर्त्तमानमौत्सुक्यमेवमिदमपीति ।।९७४।।

ગાથાર્થ :-

જે પ્રમાણે જ કુષ્ઠરોગીને અપથ્ય વસ્તુવિષયક ઔત્સુક્ય તેના યોગથી નિવર્તન પામતું ભદ્ર નથી. એ પ્રમાણે આ પણ જાણવું=સ્ત્રીનું પ્રતિસેવન પણ જાણવું. ।।૯૭૪।।

ટીકા :-

यथा चैव कुष्ठिनोऽपथ्यवस्तुविषयमौत्सुक्यं न तस्य-अपथ्यवस्तुनो योगेन निवर्त्तमानं भद्रं-कल्याणं भवति, ततस्तन्निवृत्तावपायसंभवात्, एवमिदमपि स्त्रीप्रतिसेवाविषयमौत्सुक्यं न तद्योगेन निवर्त्तमानं भद्रं ज्ञातव्यम्, अमुष्मिन्नवश्यमपायसंभवादिति ।।९७४।।

ટીકાર્થ :-

यथा ..... संभवादिति ।। જે પ્રમાણે જ કુષ્ઠરોગીને અપથ્ય વસ્તુવિષયક ઔત્સુક્ય તે અપથ્ય વસ્તુના યોગથી=સેવનથી, નિવર્તન પામતું ભદ્ર=કલ્યાણ, નથી; કેમ કે તેનાથી=અપથ્યના સેવનથી, તેની નિવૃત્તિ હોતે છતે=ઔત્સુક્યની નિવૃત્તિ હોતે છતે, અપાયનો સંભવ છે=અપથ્ય સેવનજન્ય કુષ્ઠરોગની વૃદ્ધિરૂપ અનર્થનો સંભવ છે. એ રીતે=કુષ્ઠરોગીના અપથ્યના સેવનથી અનર્થનો સંભવ છે એ રીતે, આ પણ=સ્ત્રીપ્રતિસેવા વિષયક ઔત્સુક્ય પણ, તેના યોગથી નિવર્તન પામતું=સ્ત્રીસેવનથી નિવર્તન પામતું, ભદ્ર જ્ઞાતવ્ય નથી=શ્રેયકારી જ્ઞાતવ્ય નથી; કેમ કે પરલોકમાં અવશ્ય અપાયનો સંભવ છે. ।।૯૭૪।।

ભાવાર્થ :-

જેઓને કામની ઇચ્છા છે અને તે ઇચ્છાનુસાર કામને સેવે છે ત્યારે તત્કાલ ઇચ્છાનું શમન દેખાય છે તોપણ તે શમન સમીચીન નથી પરંતુ કામના વિકારની કુત્સિતતાનું ભાવન કરવાથી જે ઔત્સુક્યની નિવૃત્તિ છે તે લોકમાં સુંદર છે; કેમ કે કામની કુત્સિતતાનું સમ્યગ્જ્ઞાન થવાથી તેની કુત્સિતતાનું જે મહાત્માઓ સમ્યગ્ભાવન કરે છે તેનાથી જે ઔત્સુક્યની નિવૃત્તિ થાય છે તે ઉત્તરોત્તર અધિક અધિક નિવૃત્તિ દ્વારા શાંતરસના સુખની પ્રાપ્તિનું કારણ બને છે અને અંતે વેદના ઉદયજન્ય વિકારની સર્વથા નિવૃત્તિનું કારણ બને છે પરંતુ કામના સેવનના કારણે જે ક્ષણિક તૃપ્તિ થાય છે તે ફળથી અહિત છે.

વળી તેવા અહિત વિષયમાં પ્રવૃત્તિ કરવાથી 'ક્ષણભર તૃપ્તિરૂપ ઔત્સુક્યની નિવૃત્તિ સુંદર નથી.' એ કથનને જ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

જેમ કોઈ કુષ્ઠરોગીને અપથ્ય વસ્તુ ખાવાનું ઔત્સુક્ય થાય અને તે અપથ્ય વસ્તુનો ભોગ કરે ત્યારે તે અપથ્યવિષયક ઔત્સુક્ય નિવર્તન પામે છે તોપણ તે સુંદર નથી; કેમ કે તે અપથ્ય ખાવાની ઇચ્છાની નિવૃત્તિ થવા છતાં તે અપથ્યસેવનથી કુષ્ઠરોગની વૃદ્ધિ થાય છે જે અધિક અનર્થ માટે છે. તેમ જેઓ સ્ત્રીવિષયક ઔત્સુક્યવાળા છે તેઓ તેના સેવનથી તે સેવનની ઇચ્છાના નિવર્તનરૂપ ઔત્સુક્યની નિવૃત્તિને પ્રાપ્ત કરે તોપણ સ્ત્રીના સેવનકાળમાં થયેલા ક્લિષ્ટ વિકારોના બળથી બંધાયેલું પાપ પરલોકમાં અવશ્ય અનર્થ કરશે. જેમ કુષ્ઠરોગી દ્વારા સેવાયેલું અપથ્ય કુષ્ઠરોગની વૃદ્ધિ કરીને અનર્થ ઉત્પન્ન કરે છે તેમ કામસેવનકાળમાં વર્તતા ક્લિષ્ટભાવો આત્માને ક્લિષ્ટ કર્મો બંધાવીને પરલોકમાં અનર્થની પ્રાપ્તિ કરાવશે. માટે મૈથુનની ઇચ્છા જીવની કુત્સિત પરિણતિ છે. તેનો સમ્યગ્ બોધ કરીને તે કુત્સિત પરિણતિનું અત્યંત ભાવન કરવાથી જે સ્ત્રીવિષયક ઔત્સુક્ય શમે છે તે જ પરમાર્થથી સુંદર છે. **॥૯૭૩-૯૭૪॥**

અવતરણિકા :-

'सुहझाणाभावाओत्ति' तृतीयं हेतुं विवृण्वन्नाह—

અવતરણિકાર્થ :-

શુભધ્યાનનો અભાવ હોવાથી=મૈથુનસેવનમાં શુભધ્યાનનો અભાવ હોવાથી, એ રૂપ ત્રીજા હેતુને વિવરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

आसेवणाएँ एवं सुहझाणाभावतो अजुत्तमिणं ।
पासवणादिव्व तओ कायठिती होइ कायव्वा ।।९७५।।

છાયા :-

आसेवनायामेवं शुभध्यानाभावादयुक्तमिदम् ।
प्रस्रवणादिवत् ततः कायस्थितिर्भवति कर्तव्या ।।९७५।।

ગાથાર્થ :-

આ રીતે સ્ત્રીના આસેવનમાં શુભધ્યાનનો અભાવ હોવાથી "તેનાથી પ્રસ્ત્રવણાદિની જેમ કાયસ્થિતિ કર્તવ્ય થાય છે" એ પ્રકારનું ગાથા-૯૬૦ના ઉત્તરાર્ધનું આ કથન અયુક્ત છે, એમ અન્વય છે. ॥૯૭૫॥

ટીકા :-

स्त्रीणामासेवनायां क्रियमाणायामेवम्-उपदर्शितेन प्रकारेणाधिकतररागादिदोषसंभवलक्षणेन शुभध्यानाभावादिदं प्रस्त्रवणादिवत् ततः कायस्थितिरेषा कर्त्तव्येत्येतत् पूर्वोक्तमयुक्तं ज्ञातव्यम् ।।९७५।।

ટીકાર્થ :-

स्त्रीणामासेवनायां ..... ज्ञातव्यम् ।। કરાતા એવા સ્ત્રીના આસેવનમાં આ રીતે=અધિકતર રાગાદિ દોષના સંભવરૂપ ઉપદર્શિત પ્રકારથી, શુભધ્યાનનો અભાવ હોવાને કારણે આ='તે કારણથી પ્રસ્રવણાદિની જેમ આ કાયસ્થિતિ કર્તવ્ય છે' એ પ્રમાણે ગાથા-૯૬૦ના ઉત્તરાર્ધમાં કહ્યું એ, અયુક્ત જ્ઞાતવ્ય છે, એમ અન્વય છે. ॥૯૭૫॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે સ્ત્રીના આસેવનમાં અધિકતર રાગાદિ દોષો થાય છે. તેથી સ્ત્રીના સેવનકાળમાં શુભધ્યાનનો અભાવ છે; કેમ કે શુભધ્યાનથી રાગાદિની વૃદ્ધિ થાય નહીં અને સ્ત્રીના સેવનમાં રાગાદિની વૃદ્ધિ થાય છે. તેથી ગાથા-૯૬૦ના ઉત્તરાર્ધમાં પૂર્વપક્ષીએ કહેલ કે પ્રસ્રવણાદિની જેમ કાયસ્થિતિ છે. તેથી જેમ પ્રસવણાદિની ક્રિયાથી દેહની સ્વસ્થતા થાય છે તેમ સ્ત્રીના સેવનથી સ્વસ્થતા થાય છે. માટે શુભધ્યાનનો હેતુ સ્ત્રીનું સેવન છે એ કથન અયુક્ત છે. **॥૯૭૫॥**

અવતરણિકા :-

शुभध्यानाभावमेव स्पष्टतरमुपदर्शयन्नाह—

અવતરણિકાર્થ :-

શુભધ્યાનના અભાવને જ સ્પષ્ટતર બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ અબ્રહ્મના સેવનમાં શુભધ્યાન છે તેમ સ્થાપન કર્યું. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ પૂર્વગાથામાં કહ્યું કે અબ્રહ્મના સેવનમાં શુભધ્યાન નથી. કેમ શુભધ્યાન નથી ? તેને જ સ્પષ્ટતર બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે—

ગાથા :-

आसेवणाएँ तिस्सा तग्गयचिंताविया‌वियो होइ ।
मोहसहावातो जओ कत्तो झाणं सुहं तस्स? ।।९७६।।

છાયા :-

आसेवनायां तस्यास्तद्गतचिन्ताव्यापृतो भवति ।
मोहस्वभावाद्यतः कुतो ध्यानं शुभं तस्य ।।९७६।।

ગાથાર્થ :-

જે કારણથી તેણીના આસેવનમાં મોહનો સ્વભાવ હોવાથી તદ્ગત ચિંતાના વ્યાપારવાળો પુરુષ થાય છે. તેને=પુરુષને, શુભધ્યાન ક્યાંથી હોય ? ।।૯૭૬।।

ટીકા :-

यतस्तस्याः-स्त्रिया आसेवनायां कृतायां सत्यां मोहस्वभावात् तद्गतरूपस्पर्शादिचिन्ताव्यापृतो भवति, ततस्तस्य कुतः शुभं ध्यानं भवेत्?, नैव भवेदितिभावः ।।९७६।।

ટીકાર્થ :-

यतस्तस्याः ..... भवेदितिभावः ।। જે કારણથી તેણીનું=સ્ત્રીનું, આસેવન કરાયે છતે મોહનો સ્વભાવ હોવાથી=તે સેવનની ક્રિયા મોહનો સ્વભાવ હોવાથી, તદ્ગત રૂપ, સ્પર્શાદિની ચિન્તામાં વ્યાપારવાળો પુરુષ થાય છે=સ્ત્રીના રૂપ, સ્પર્શાદિ કેવા અનુકૂળ છે તેના વિચારવાળો પુરુષ થાય છે. તેથી, તેને=પુરુષને, કઈ રીતે શુભધ્યાન થાય ? અર્થાત્ થાય નહીં જ, એ પ્રકારનો ભાવ છે. ।।૯૭૬।।

ભાવાર્થ :-

શુભધ્યાન એ વીતરાગના ગુણોના ચિંતનરૂપ કે પાપો પ્રત્યેની જુગુપ્સા સ્વરૂપ છે અને સ્ત્રીના સેવનકાળમાં જીવમાં વર્તતા મોહનો સ્વભાવ છે કે સ્ત્રીગત રૂપ કેવું છે, સ્પર્શ કેવો છે ? તેના વિચારમાં જ પુરુષ વ્યાપારવાળો રહે છે જે વિચાર મોહના નાશને બદલે મોહની વૃદ્ધિને અનુકૂળ પરિણામ સ્વરૂપ છે. તેથી સ્ત્રીના સેવનકાળમાં શુભધ્યાન સંભવે નહીં. આથી જ અતિ વિવેકવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ભોગાદિ કરે છે ત્યારે પૂર્વ ઉત્તરમાં શુભધ્યાન હોવા છતાં ભોગકાળમાં તો અવશ્ય મોહનો પરિણામ વર્તે છે. ફક્ત વિવેક હોવાથી ભોગની ઇચ્છા થાય છે ત્યારે 'આ ભોગની ઇચ્છા શલ્ય છે, વિષ જેવી છે' ઇત્યાદિ વિચાર કરે છે' ત્યારે શુભધ્યાન વર્તે છે અને ભોગની ક્રિયામાંથી શીઘ્ર નિવર્તનને અભિમુખ જે પરિણામ થાય છે તે શુભધ્યાન છે તોપણ મોહના સંશ્લેષથી ભોગમાં વર્તતો પરિણામ શુભધ્યાન રૂપ નથી તેથી તેનાથી અવશ્ય અશુભ કર્મો બંધાય છે. **॥૯૭૬॥**

અવતરણિકા :-

અત્રૈવાભ્યુચ્ચયેનાહ—

અવતરણિકાર્થ :-

આમાં જ=મૈથુનસેવનમાં શુભધ્યાન નથી એમાં જ, અભ્યુચ્ચયને કહે છે —

ગાથા :-

किंच विवेगप्पभवं तयं ति थीविग्गहेवि य पवित्ती ।
कलिमलभरिए जस्स उ तस्स विवेगो कहं अत्थि? ।।९७७।।

છાયા :-

किञ्च विवेकप्रभवं तदिति स्त्रीविग्रहेऽपि च प्रवृत्तिः ।
कलिमलभृते यस्य तु तस्य विवेकः कथमस्ति ? ।।९७७।।

ગાથાર્થ :-

વળી, તે=શુભધ્યાન, વિવેકપ્રભવ છે. એથી અશુચિથી ભરાયેલા સ્ત્રીના દેહમાં પણ જેની પ્રવૃત્તિ છે તેને વિવેક કેવી રીતે છે ? અર્થાત્ વિવેક નથી. ।।૯૭૭।।

ટીકા :-

किंच तत्-शुभं ध्यानं विवेकप्रभवं-विवेकमूलं, यस्य च पुंसः स्त्रीविग्रहेऽपि कलिमलभृते प्रवृत्तिस्तस्य कथं विवेकोऽस्ति?, नैवास्तीति भावः, तदभावाच्च कुतः शुभं ध्यानमिति? ।।९७७।।

ટીકાર્થ :-

किंच तत् ..... ध्यानमिति ? ।। વળી, તે=શુભધ્યાન, વિવેકપ્રભવ છે=વિવેકમૂલ છે=વિવેકપૂર્વકની વિચારણા સ્વરૂપ છે, અને કલિમલથી ભરાયેલા સ્ત્રીના શરીરમાં પણ=માંસાદિ અશુચિ આદિથી ભરાયેલા સ્ત્રીના શરીરમાં પણ, જે પુરુષની પ્રવૃત્તિ છે=તે પ્રકારની ચેષ્ટા છે, તેને=તે પુરુષને, કેવી રીતે વિવેક છે ? અર્થાત્ નથી જ એ પ્રકારનો ભાવ છે અને તેના અભાવથી=વિવેકના અભાવથી, કયા કારણથી શુભધ્યાન છે ? અર્થાત્ શુભધ્યાન નથી. ।।૯૭૭।।

ભાવાર્થ :-

દેહ અને આત્માના ભેદનું જ્ઞાન તે વિવેક છે અને કોઈ પુરુષ દુષ્કૃતની નિંદા કરે છે ત્યારે દેહથી ભિન્ન એવા આત્માને વ્યક્ત કે અવ્યક્તરૂપે ભિન્નરૂપે જોઈને થયેલા પોતાના દુષ્કૃતની નિંદા કરે છે અથવા જ્યારે કોઈ પુરુષ વીતરાગના ગુણોનું અવલંબન લઈને કે સુસાધુના ગુણોનું અવલંબન લઈને તદ્અભિમુખ ભાવ થાય એ રીતે પ્રવૃત્તિ કરે છે ત્યારે વ્યક્ત કે અવ્યક્તરૂપે ભેદજ્ઞાનનો અવશ્ય ઉપયોગ છે પરંતુ અશુચિથી

યુક્ત સ્ત્રીના દેહમાં ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે તો વિવેકપૂર્વકનો ઉપયોગ નથી પરંતુ દેહ સાથે અભેદ હોવાને કારણે વેદજન્ય વિકારથી મોહને અનુકૂળ પ્રવૃત્તિ થાય છે. તેથી ભોગકાળમાં પુરુષને વિવેક ક્યાંથી હોય ? અને વિવેકના અભાવમાં શુભધ્યાન સંભવે નહીં. માટે ભોગકાળમાં અવશ્ય અશુભધ્યાન છે. **॥૯૭૭॥**

અવતરણિકા :-

स्यादेतत्, रोगस्येव चिकित्सात औत्सुक्यस्यापि सुरतविषयस्य स्त्रीप्रतिसेवातो निवृत्तिः कर्त्तव्या, 'सव्वत्था संजमं संजमाओ अप्पाणमेव रक्खेज्जा । मुच्चइ अइवायाओ पुणो विसोही न याविरई ।।१।।' इति वचनप्रामाण्यात् । अन्यथा रोगस्यापि निवृत्त्यर्थं चिकित्सा न कर्त्तव्या, तत्करणेऽपि नियमतः षड्जीवनिकायवधसंभवात् ।

अथोर्त्सग्गतः सा प्रतिषिद्धैव, केवलमसहमानस्यार्त्तध्यानपरिहाराय दीर्घकालसंयमपरिपालनाय च द्वितीयपदेनाभ्यनुज्ञाता ततो न कश्चिद्दोष इति, यद्येवं तर्हि स्त्रीप्रतिसेवाप्येवं द्वितीयपदेन कर्त्तव्याऽस्तु, विशेषाभावादित्यत आह—

અવતરણિકાર્થ :-

આ થાય=પૂર્વપક્ષીના મતે આગળમાં કહે છે એ થાય. ચિકિત્સાથી રોગની નિવૃત્તિની જેમ સુરત વિષયક ઔત્સુક્યનું પણ=કામવિષયક ઔત્સુક્યનું પણ, સ્ત્રીના પ્રતિસેવનથી નિવૃત્તિ કરવી જોઈએ; કેમ કે "સર્વત્ર સંયમનું રક્ષણ કરવું જોઈએ, સંયમથી=સંયમને ગૌણ કરીને પણ, આત્માનું જ રક્ષણ કરવું જોઈએ. કેમ સંયમને ગૌણ કરીને આત્માનું રક્ષણ કરવું જોઈએ ? એથી કહે છે — અતિપાતથી= મૃત્યુથી, મુકાય છે=આત્માનું જ રક્ષણ કરવાને કારણે મૃત્યુથી મુકાય છે, વળી વિશુદ્ધિ થાય છે= સંયમની વિરાધનાથી=સંયમને ગૌણ કરીને કરાયેલા આત્માના રક્ષણથી ઉત્તરમાં સંયમપાલનને કારણે જીવની વિશુદ્ધિ થાય છે, અને અવિરતિ નથી=જો સંયમને ગૌણ કરીને આત્માનું રક્ષણ કરવામાં ન આવે તો ઉત્તરના ભવમાં જે અવિરતિની પ્રાપ્તિ હતી તે અવિરતિની પ્રાપ્તિ નથી." એ પ્રકારના વચનનું પ્રામાણ્ય છે. અન્યથા=સ્ત્રીવિષયક ઔત્સુક્યનું સ્ત્રીના પ્રતિસેવનથી નિવૃત્તિ ન કરવામાં આવે તો, રોગની પણ નિવૃત્તિ માટે ચિકિત્સા કરવી જોઈએ નહીં; કેમ કે તેના કરણમાં પણ=રોગની નિવૃત્તિ અર્થે ચિકિત્સા કરવામાં પણ, નિયમથી ષડ્જીવનિકાયના વધનો સંભવ છે. 'અથ'થી કોઈ કહે કે ઉત્સર્ગથી તે=રોગની ચિકિત્સા, પ્રતિષિદ્ધ જ છે, કેવલ અસહમાન સાધુને=રોગમાં પીડાથી વ્યાકુલ થયેલા સાધુને આર્તધ્યાનના પરિહાર માટે અને દીર્ઘકાળ સંયમના પરિપાલન માટે બીજા પદથી=અપવાદ પદથી, અભ્યનુજ્ઞાત છે=ચિકિત્સાની અનુજ્ઞા છે. તેથી કોઈ દોષ નથી=રોગની ચિકિત્સામાં ષડ્જીવનિકાયની હિંસા હોવા છતાં કોઈ દોષ નથી. જો આ પ્રમાણે છે=અપવાદથી રોગની ચિકિત્સા છે એ પ્રમાણે છે, તો સ્ત્રીપ્રતિસેવા પણ આ રીતે=રોગની ચિકિત્સા કરી એ રીતે, બીજા પદથી=અપવાદથી, કર્તવ્ય થાઓ; કેમ કે વિશેષનો અભાવ છે=રોગની ચિકિત્સા અને સ્ત્રીપ્રતિસેવન એ બંનેમાં ભેદનો અભાવ છે. આથી કહે છે —

ભાવાર્થ :-

મૈથુનસેવનમાં શુભધ્યાન નથી એમ પૂર્વમાં સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષીના મતે આ થાય=આ પ્રકારનો વિકલ્પ થાય. શું વિકલ્પ થાય ? તે બતાવે છે – સુસાધુઓ ચિકિત્સાથી રોગની નિવૃત્તિ કરે છે તેમ ભોગવિષયક ઔત્સુક્યની નિવૃત્તિ સ્ત્રીના પ્રતિસેવનથી કરવી જોઈએ એ પ્રકારે પૂર્વપક્ષીના મતે થાય. ચિકિત્સાથી સાધુ રોગની કેમ નિવૃત્તિ કરે છે ? તેમાં શાસ્ત્રવચનની યુક્તિ બતાવે છે. સાધુએ સર્વથા સંયમનું રક્ષણ કરવું જોઈએ અર્થાત્ ષડ્જીવનિકાયના વધનું નિવર્તન કરવું જોઈએ. આમ છતાં મૃત્યુનો પ્રસંગ આવે તો સંયમના અપાલનથી પણ આત્માનું રક્ષણ કરવું જોઈએ. આથી ષડ્જીવનિકાયનો વધ થતો હોવા છતાં રોગકાળમાં ચિકિત્સાથી સાધુએ પોતાના દેહરૂપ આત્માનું રક્ષણ કરવું જોઈએ જેના કારણે મૃત્યુથી પોતે મુક્ત થાય છે. જો ચિકિત્સા ન કરે તો મૃત્યુની પ્રાપ્તિ થાય. વળી, મૃત્યુથી દેહનું રક્ષણ થવાને કારણે ચિકિત્સાકાળમાં થયેલા દોષોની સંયમના પાલન દ્વારા વિશુદ્ધિ કરે છે અને મૃત્યુ નહીં થવાને કારણે અવિરતિ થતી નથી. આ પ્રકારનું વચન પ્રમાણભૂત હોવાથી સાધુએ રોગમાં ચિકિત્સા કરવી જોઈએ. તેમ જેને સ્ત્રીના ભોગવિષયક ઉત્સુકતા થઈ છે તેણે સ્ત્રીના સેવનથી તે ઉત્સુકતાની નિવૃત્તિ કરવી જોઈએ અને જો એમ કહેવામાં આવે કે સ્ત્રીવિષયક ઉત્સુકતા થાય તોપણ સ્ત્રીના સેવનથી તેની નિવૃત્તિ કરવી ઉચિત નથી તો સાધુએ રોગની પણ નિવૃત્તિ માટે ચિકિત્સા કરવી જોઈએ નહીં; કેમ કે ચિકિત્સા કરવામાં નિયમથી યતનાપરાયણ સાધુને પણ ષડ્જીવનિકાયના વધનો સંભવ છે. માટે સાધુને રોગની ચિકિત્સા જો અનુમત હોય તો ઔત્સુક્યની નિવૃત્તિ માટે સ્ત્રીનું પ્રતિસેવન સ્વીકારવું જોઈએ. અહીં કોઈ કહે કે ઉત્સર્ગથી રોગની ચિકિત્સા પણ નિષિદ્ધ જ છે, ફક્ત જે સાધુ રોગને સહન કરી શકતા નથી તેથી આર્તધ્યાન થાય છે તેના પરિહાર માટે અને રોગની નિવૃત્તિ થવાથી દીર્ઘકાળ સંયમનું પરિપાલન કરી શકે તેના માટે અપવાદથી ચિકિત્સા અનુજ્ઞાત છે. તેથી રોગની ચિકિત્સામાં દોષ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે જેમ દ્રવ્યરોગથી આર્તધ્યાનની નિવૃત્તિ માટે ઔષધ કરાય છે તેમ કામની ઇચ્છારૂપ ભાવરોગથી આર્તધ્યાનની નિવૃત્તિ માટે અપવાદથી સ્ત્રીનું પ્રતિસેવન પણ કરવું જોઈએ; કેમ કે આર્તધ્યાનના નિવર્તનનું પ્રયોજન બંને ઠેકાણે સમાન છે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

न य भावमंतरेणं तत्थ पवित्ती तओ धुवो रागो ।
तब्भावम्मि य इह इं बीयपदं नत्थि नियमेणं ।।९७८।।

છાયા :-

न च भावमन्तरेण तत्र प्रवृत्तिस्ततो ध्रुवो रागः ।
तद्भावे चेह(इ) द्वितीयपदं नास्ति नियमेन ।।९७८।।

ગાથાર્થ :-

અને રાગરૂપ ભાવ વગર ત્યાં=સ્ત્રીના સેવનમાં, પ્રવૃત્તિ નથી. તેથી ધ્રુવ રાગ છે અને રાગના સદ્ભાવમાં અહીં=પ્રવચનમાં, નિયમથી બીજું પદ=અપવાદ પદ, નથી. ।।૯૭૮।।

ટીકા :-

न च भावम्=अभिष्वङ्गलक्षणमन्तरेण तत्र=स्त्रीप्रतिसेवायां प्रवृत्तिरुपपद्यते, किंतु भावेनैव, तथा लोके अविगानेनानुभवात्, अन्यथेन्द्रियविकारस्यैवानुपपत्तेः । ततश्च तस्मिन् भावे सति ध्रुवम्-अवश्यं रागो द्रष्टव्यः, अभिष्वङ्गस्य रागस्वरूपत्वात्, तद्भावे च-रागभावे च इह-प्रवचने इः पादपूरणे, 'इजेराः पादपूरणे' इतिवचनात्, नियमेन नास्ति द्वितीयपदम्-अपवादपदं, यतो यदनुष्ठानमासेव्यमानं रागादिनिबन्धनं न भवति तदपवादेनाभ्यनुज्ञायते यथा चिरकालभाविनं संयममीहमानस्य रोगिणश्चिकित्सा । स हि—

'सव्वे जीवावि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णम् ।।१।।'

इत्यागमं प्रतिकलममलविवेकचक्षुषा निरीक्षमाणः सर्वजन्तुषु मैत्रीभावमनुगतोऽपि कुतोऽयं पुनः प्राप्यः संयमो दुर्लभा खलु मनुष्यभवादिसामग्री असंभवी चासौ संयमो देवादिभवेष्वित्यादि परिभावयन् अरक्तद्विष्टस्सन् चिकित्सां कारयितुमुत्सहते, ततः सा चिकित्साऽपवादपदेनानुज्ञायते, चरणपरिणामविनाशासंभवात् । यत् पुनरनुष्ठानं मूलत एव रागादिप्रवृत्तिनिबन्धनं तच्चरणपरिणामविघातकारित्वान्नापवादविषयो भवति यद्वक्ष्यति—

'चरणपरिणामबीयं जन्न विणासेइ कज्जमाणंपि ।
तमणुट्ठाणं सम्मं अववायपदं मुणेयव्वम् ।।१।।' **इति ।।**

स्त्रीप्रतिसेवा चेयमुक्तप्रकारेण रागादिप्रवृत्तिनिबन्धना ततो नापवादविषय इति ।।९७८।।

ટીકાર્થ :-

न च ..... विषय इति ।। અને ત્યાં=સ્ત્રીપ્રતિસેવામાં, ભાવ વગર=અભિષ્વંગ લક્ષણભાવ વગર, પ્રવૃત્તિ ઉત્પન્ન થતી નથી પરંતુ ભાવથી જ=રાગરૂપ ભાવથી જ, પ્રવૃત્તિ થાય છે; કેમ કે તે પ્રકારે= સ્ત્રીસેવનમાં રાગથી જ પ્રવૃત્તિ થાય છે તે પ્રકારે, લોકમાં અવિગાનથી=શંકા વગર, અનુભવ છે. લોકમાં તેવી પ્રતીતિ છે, તે સ્પષ્ટ કરવા અર્થે જ હેતુને કહે છે. અન્યથા=રાગ ન હોય તો, ઈન્દ્રિયવિકારની જ=સ્ત્રીના સેવનની ઇચ્છારૂપ ઈન્દ્રિયના વિકારની જ, અનુપપત્તિ છે અને તેથી=ઈન્દ્રિયનો વિકાર છે તેથી, તેનો ભાવ હોતે છતે=ઈન્દ્રિયના વિકારનો સદ્ભાવ હોતે છતે, અવશ્ય રાગ જાણવો; કેમ કે અભિષ્વંગનું રાગસ્વરૂપપણું છે અને તેના ભાવમાં=રાગના સદ્ભાવમાં, અહીં=પ્રવચનમાં,

નિયમથી દ્વિતીય પદ=અપવાદ પદ, નથી. ગાથામાં ईं શબ્દ પાદપૂરણમાં છે; કેમ કે 'इजेराः पादपूरणे' એ પ્રકારનું વચન છે. જે કારણથી જે અનુષ્ઠાન સેવાતુ રાગાદિનું કારણ થતું નથી તે અપવાદથી અનુજ્ઞાત છે. જે પ્રમાણે ચિરકાલભાવિ સંયમને ઇચ્છતા રોગીને ચિકિત્સા અપવાદથી શાસ્ત્રમાં વિહિત છે અને તે=સંયમને ઇચ્છતા સાધુ, "સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, મરવાને ઇચ્છતા નથી, તે કારણથી ઘોર એવા પ્રાણિવધને નિર્ગ્રન્થ એવા સાધુઓ વર્જન કરે છે." **એ પ્રકારના આગમને પ્રતિકલાએ=દરેક સ્થાને, નિર્મળ એવી વિવેકચક્ષુથી જોતા સર્વ જંતુઓમાં મૈત્રીભાવથી અનુગત પણ સાધુ 'કોનાથી આ સંયમ ફરી પ્રાપ્ય છે, ખરેખર મનુષ્યભવની સામગ્રી દુર્લભ છે અને આ સંયમ દેવાદિ ભવમાં અસંભવ છે' ઇત્યાદિ પરિભાવન કરતા રાગદ્વેષથી રહિત છતા ચિકિત્સાને કરાવવા માટે ઉત્સાહિત થાય છે. તેથી તે ચિકિત્સા અપવાદ પદથી અનુજ્ઞાત છે; કેમ કે ચરણપરિણામના વિનાશનો અસંભવ છે=આ રીતે તત્ત્વથી ભાવિત થઈને અપવાદ પદથી સાધુ ચિકિત્સા કરે તો ચારિત્રના પરિણામના વિનાશનો અસંભવ છે. જે વળી, અનુષ્ઠાન મૂલથી જ રાગાદિ પ્રવૃત્તિનું કારણ છે, તેનું ચારિત્રના પરિણામનું વિઘાતકારિપણું હોવાથી અપવાદનો વિષય થતો નથી. જે કારણથી કહેવાય છે** — 'કરાતું પણ જે અનુષ્ઠાન ચારિત્રના પરિણામના બીજનો નાશ કરતું નથી તે અનુષ્ઠાન સમ્યક્ અપવાદપદે જાણવું.' **'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે અને આ સ્ત્રીની પ્રતિસેવા ઉક્ત પ્રકારથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારથી, રાગાદિની પ્રવૃત્તિના કારણવાળી છે તેથી અપવાદનો વિષય નથી. ॥૯૭૮॥**

ભાવાર્થ :-

અવતરણિકામાં પૂર્વપક્ષીએ શંકા કરી કે ઉત્સર્ગથી સ્ત્રીની પ્રતિસેવા નિષિદ્ધ હોય તોપણ જેમ સાધુ અપવાદથી ચિકિત્સા કરે છે, તેમ અપવાદથી ઔત્સુક્યના નિવર્તન અર્થે સ્ત્રીની પ્રતિસેવા થાઓ. તેનો ઉત્તર આપતાં કહે છે — સાધુને ઔષધના સેવનની અનુજ્ઞા પણ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી છે. તેથી જે સાધુ ભગવાનના વચનથી અત્યંત ભાવિત છે તે સાધુ રોગમાં જ્યારે સંયમનો નાશ થતો જણાય ત્યારે સંયમના રક્ષણના અર્થે રાગદ્વેષથી રહિત અપવાદથી ચિકિત્સા કરાવે છે પરંતુ 'મને અશાતાની પીડા છે માટે તેનું હું નિવર્તન કરું' તેવા પરિણામથી સાધુ ચિકિત્સા કરાવતા નથી અને જેઓને અશાતા પ્રત્યે દ્વેષ છે તેઓની ચિકિત્સાની પ્રવૃત્તિ અપવાદપદમાં સ્થાન પ્રાપ્ત કરતી નથી. વળી, સ્ત્રીની પ્રતિસેવા તો રાગ વગર સંભવે નહીં. તેથી અપવાદથી પણ સ્ત્રીની પ્રતિસેવા અનુજ્ઞાત નથી.

અહીં વિશેષ એ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ કે છટ્ઠી દૃષ્ટિવાળા યોગી પણ બળવાન ભોગ કર્મો હોય ત્યારે સ્ત્રી આદિનો ભોગ કરે છે તે વખતે પણ ભોગની ઇચ્છા અભિષ્વંગરૂપે છે અને અભિષ્વંગ રાગસ્વરૂપ છે. ફક્ત સમ્યક્ત્વને કારણે અતિવિવેક વર્તે છે. તેથી ગાઢ રાગથી તેઓની ભોગમાં પ્રવૃત્તિ નથી તોપણ ભોગની પ્રવૃત્તિ રાગથી જ સંભવે છે. માટે અપવાદથી ભોગ કર્તવ્ય છે તેમ કહી શકાય નહીં. **॥૯૭૮॥**

અવતરણિકા :-

चतुर्थं हेतुं विवरीषुराह—

અવતરણિકાર્થ :-

ચોથા હેતુને=ગાથા-૯૬૬માં ચાર હેતુ બતાવેલ તેમાંથી ચોથા હેતુનું વિવરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

पाणिवहोवि य नियमा इत्थीजोणी जतो अजोणीहिं ।
पाणिहिं घणसंसत्ता [भणिता] परिभोगे तेसि वावत्ती ।।९७९।।

છાયા :-

प्राणिवधोऽपि च नियमात् स्त्रीयोनिः यतोऽयोनिभिः ।
प्राणिभिः घनसंसक्ता (भणिता) परिभोगे तेषां व्यापत्तिः ।।९७९।।

ગાથાર્થ :-

પ્રાણિવધ પણ નિયમથી છે, જે કારણથી અયોનિવાળા એવા તીર્થંકરો વડે, સ્ત્રીની યોનિ પ્રાણિઓથી ઘનસંસક્ત કહેવાય છે. પરિભોગમાં=સ્ત્રીના પરિભોગમાં, તેની=તે જીવોની, વ્યાપત્તિ છે=નાશ છે. ॥૯૭૯॥

ટીકા :-

प्राणिवधोऽपि च स्त्रीप्रतिसेवायां नियमतो भवति, यतः स्त्रीयोनिः अयोनिभिः-तीर्थकृद्भिश्चरमशरीरतया पुनर्योनावुत्पादाभावात् प्राणिभिः-जन्तुभिर्घनम्-अतिशयेन संसक्ता भणिता, तथा च सति तस्याः परिभोगे तेषां-जन्तूनामवश्यं व्यापत्तिर्भवतीति ।।९७९।।

ટીકાર્થ :-

प्राणिवधोऽपि ..... व्यापत्तिर्भवतीति ।। સ્ત્રીના પ્રતિસેવનથી નિયમા પ્રાણિવધ પણ થાય છે. જે કારણથી અયોનિવાળા તીર્થંકરો વડે સ્ત્રીની યોનિ પ્રાણિઓથી=જંતુઓથી, ઘન=અતિશયથી સંસક્ત, કહેવાઈ છે. તીર્થંકરો અયોનિવાળા કેમ છે ? તેમાં હેતુ કહે છે – ચરમશરીરપણું હોવાને કારણે યોનિમાં ફરી ઉત્પાદનો અભાવ છે અને તેમ હોતે છતે=સ્ત્રીની યોનિ જીવોથી સંસક્ત હોતે છતે, તેના પરિભોગમાં=સ્ત્રીના પરિભોગમાં, તે જીવોની અવશ્ય વ્યાપત્તિ થાય છે=હિંસા થાય છે. ॥૯૭૯॥

ભાવાર્થ :-

સ્ત્રીની પ્રતિસેવામાં નિયમથી પ્રાણીવધ છે; કેમ કે સ્ત્રીઓની યોનિમાં સતત ત્રસજીવો વિદ્યમાન હોય છે એમ ભગવાને કહ્યું છે. તેથી સ્ત્રીના સેવનથી તે જીવોની અવશ્ય હિંસા થાય છે. માટે જે પ્રવૃત્તિમાં સાક્ષાત્ ત્રસ જીવોની હિંસા હોય તે પ્રવૃત્તિ સાધુને અપવાદથી કર્તવ્ય બને નહીં. ॥૯૭૯॥

અવતરણિકા :-

અમુમેવાર્થં દૃષ્ટાન્તેન ભાવયતિ–

અવતરણિકાર્થ :-

આ જ અર્થને દૃષ્ટાંતથી ભાવન કરે છે=સ્ત્રીની પ્રતિસેવામાં હિંસા છે એ જ અર્થને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ગાથા :-

જહ ઉ કિરિ(ર)ણાલિગાએ ધણિયં મિદુરૂયપોમ્હભરિયાએ ।
તદભાવં કુણમાણો તત્તો કણગો તહિં વિસઇ ।।૯૮૦।।

છાયા :-

યથા તુ કિલ નાલિકાયાં ધણિયં (અત્યર્થં) મૃદુરૂતપક્ષ્મભૃતાયાં ।
તદભાવં કુર્વન્ તપ્તઃ કણકસ્તસ્યાં વિશતિ ।।૯૮૦।।

ગાથાર્થ :-

જે પ્રમાણે અત્યંત મૃદુરૂપી પક્ષ્મથી ભરાયેલ નાલિકા હોતે છતે=અત્યંત મૃદુરૂપ રૂથી ભરાયેલી નાલિકા હોતે છતે, તેના અભાવને કરતો=રૂને બાળતો, તપ્ત કણક=તપાવેલો સળિયો, તેમાં પ્રવેશ કરે છે. ।।૯૮૦।।

ટીકા :-

યથૈવ, તુરવધારણે, કિલ ન(ના)લિકાયાં ધણિયં-અત્યર્થં મૃદુરૂતપક્ષ્મભૃતાયાં સત્યાં તદભાવં-મૃદુરૂતપક્ષ્માભાવં કુર્વન્ તપ્તો લોહમયઃ કણકસ્તસ્યાં વિશતિ ।।૯૮૦।।

ટીકાર્થ :-

યથૈવ ..... વિશતિ ।। 'તુ' શબ્દ અવધારણમાં છે. જે પ્રમાણે જ મૃદુ રૂના તાંતણાઓથી અત્યંત ભરાયેલી નલિકા હોતે છતે તેના અભાવને કરતો=રૂના તાંતણાઓના અભાવને કરતો, તપાવેલો લોહમય કણક તેમાં પ્રવેશ કરે છે. ।।૯૮૦।।

ગાથા :-

ઇય ઘણસંસત્તાએ જોણીએ ઇંદિયંપિ પુરિસસ્સ ।
તદભાવં કુણમાણં નિયમા વિસઇત્તિ વિન્નેયં ।।૯૮૧।।

છાયા :-

इति घनसंसक्तायां योनाविन्द्रियमपि पुरुषस्य ।
तदभावं कुर्वन् नियमाद् विशतीति विज्ञेयम् ।।९८१।।

ગાથાર્થ :-

એ રીતે ઘનસંસક્ત સ્ત્રીની યોનિમાં પુરુષની ઇન્દ્રિય પણ તેના અભાવને કરતી=ત્યાં રહેલા જીવોને નાશ કરતી, પ્રવેશ કરે છે. એ પ્રમાણે જાણવું. ।।૯૮૧।।

ટીકા :-

इतिः-एवं नालिकादृष्टान्तेन घनसंसक्तायामतिशयेन जीवसंकुलायां योनाविन्द्रियमपि-साधनमपि पुरुषस्य विशति-प्रविशति नियमात्तदभावं-तत्रत्यजीवानामभावं कुर्वदिति विज्ञेयम् । तथा च सूत्रम्— मेहुणं भंते ! सेवमाणस्स केरिसए असंजमे कज्जइ? गोयमा! से जहानामए केइ पुरिसे एगं महं रूयनालियं वा बूरनालियं वा तत्तेणं कणगेणं समभिधंसेज्जा एरिसे णं गोयमा! मेहुणं सेवमाणस्स असंजमे कज्जइत्ति' ।।९८१।।

ટીકાર્થ :-

इतिः ..... कज्जइत्ति' ।। એ રીતે નાલિકાના દૃષ્ટાંતથી ઘનસંસક્ત=અતિશયથી જીવ યુક્ત, એવી યોનિમાં ઇન્દ્રિય પણ=પુરુષનું સાધન પણ, નિયમથી તદ્અભાવને=ત્યાં રહેલા જીવોના અભાવને, કરતું પ્રવેશ કરે છે અને તે પ્રમાણે સૂત્ર છે — 'હે ભગવંત ! મૈથુન સેવનારને કેવા પ્રકારનો અસંયમ થાય છે ?' ભગવાન કહે છે — 'હે ગૌતમ ! જે પ્રમાણે કોઈ પુરુષે એક મહાન રૂનાલિકાને અથવા બૂરનાલિકાને તપ્ત એવા કણકથી અભિસંધાન કરે, આ પ્રકારનું અસંયમ મૈથુન સેવનારને પ્રાપ્ત થાય છે.' ।।૯૮૧।।

ભાવાર્થ :-

કામનું પ્રતિસેવન રાગ વગર સંભવતું નથી. માટે અપવાદથી પણ સાધુને કામના સેવનનું વિધાન નથી. તેમ જીવહિંસા વગર પણ કામનું પ્રતિસેવન સંભવતું નથી તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ રૂથી ભરાયેલી નાલિકામાં તપાવેલો લોખંડનો સળિયો પ્રવેશ કરાવવાથી તે રૂને બાળી નાખે છે તેમ ભોગકાળમાં પુરુષની ઇન્દ્રિયથી સ્ત્રીની યોનિમાં રહેલા ત્રસ જીવોનો અવશ્ય વિનાશ થાય છે. તેથી ત્રસજીવોની હિંસા વગર કામનું સેવન શક્ય નથી. તેથી સાધુને લેશ પણ કામનો વિકાર થાય તો અવશ્ય હિંસાની અનુમોદના પ્રાપ્ત થાય છે. માટે સાધુએ મૈથુનનું સેવન અત્યંત વર્જન કરવું જોઈએ. **॥૯૮૦-૯૮૧॥**

અવતરણિકા :-

यद्येवं ततः किमित्याह—

અવતરણિકાર્થ :-

જો આ પ્રમાણે છે=મૈથુન સેવનમાં હિંસા છે એ પ્રમાણે છે. તેનાથી શું ?=શું પ્રાપ્ત થાય ? એથી કહે છે –

ગાથા :-

પડિસિદ્ધો ય તઓ જં સવ્વેહિવિ ધમ્મસત્થયારેહિં ।
તપ્પડિસેહાઓ તઓ સફલો નિયમો ભવે તાસિં ।।૯૮૨।।

છાયા :-

प्रतिषिद्धश्च तको(असौ) यत्सर्वैरपि धर्मशास्त्रकारैः ।
तत्प्रतिषेधात्ततः सफलो नियमो भवेत् तासाम् ।।९८२।।

ગાથાર્થ :-

અને જે કારણથી આ=પ્રાણિવધ, સર્વ પણ ધર્મશાસ્ત્રકારો વડે પ્રતિષિદ્ધ છે, તે કારણથી પ્રતિષેધ હોવાને કારણે=પ્રાણિવધનો પ્રતિષેધ હોવાને કારણે, તેઓમાં=સ્ત્રીઓમાં, નિયમ સફળ છે. ।।૯૮૨।।

ટીકા :-

प्रतिषिद्धश्चायं प्राणिवधो यत्-यस्मात् सर्वैरपि धर्म्मशास्त्रकारैस्ततस्तत्प्रतिषेधात्-प्राणिवधप्रतिषेधात् भवति तासां-स्त्रीणां नियमः सफल इति ।।९८२।।

ટીકાર્થ :-

प्रतिषिद्धश्चायं ..... सफल इति ।। જે કારણથી આ=જીવોનો વધ, સર્વ પણ ધર્મશાસ્ત્રકારો વડે પ્રતિષિદ્ધ છે, તે કારણથી તેનો પ્રતિષેધ હોવાને કારણે=પ્રાણિવધનો પ્રતિષેધ હોવાને કારણે, તેઓમાં=સ્ત્રીઓમાં, નિયમ નહીં સેવવાની પ્રતિજ્ઞા=સફળ છે. ।।૯૮૨।।

ભાવાર્થ :-

મૈથુનસેવનમાં ત્રસજીવોની હિંસા છે અને ધર્મને કહેનારા સર્વ પણ શાસ્ત્રકારો વડે હિંસાને પાપરૂપ કહેલ છે. તેથી સ્ત્રીના નહીં સેવનનો નિયમ પાપના નહીં સેવનના નિયમરૂપ હોવાથી સફળ છે; કેમ કે તે નિયમને કારણે મૈથુનસેવનથી થનારા પ્રાણીવધનો નિષેધ થાય છે. **॥૯૮૨॥**

ગાથા :-

એવં ચ પયઇસાવજ્જઓ ઇહં ઇત્થિભોગપડિસેહો ।
જુત્તો નિરવજ્જત્તા ન તુ દિક્ખાદીણ ભાવાણં ।।૯૮૩।।

છાયા :-

एवं च प्रकृतिसावद्यत्वादिह स्त्रीभोगप्रतिषेधः ।
युक्तो निरवद्यत्वात् न तु दीक्षादीनां भावानाम् ।।९८३।।

ગાથાર્થ :-

અને આ રીતે=સ્ત્રીસેવનમાં હિંસા છે એ રીતે, પ્રકૃતિનું સાવદ્યપણું હોવાથી=ભોગની પ્રકૃતિનું સાવદ્યપણું હોવાથી, અહીં=ચોથા મહાવ્રતમાં, સ્ત્રીના ભોગનો પ્રતિષેધ યુક્ત છે પરંતુ દીક્ષાદિ ભાવોનો નિષેધ યુક્ત નથી; કેમ કે નિરવદ્યપણું છે. ।।૯૮૩।।

ટીકા :-

एवं च सति 'पयइसावज्जओत्ति' भावप्रधानोऽयं निर्देशः प्रकृतिसावद्यत्वात् स्त्रीभोगस्य प्रतिषेधो युक्तो न तु दीक्षादीनां भावानां, तेषां निरवद्यत्वात् ।।९८३।।

ટીકાર્થ :-

एवं च ..... निरवद्यत्वात् ।। આમ હોતે છતે=સ્ત્રીના પ્રતિસેવનમાં હિંસા હોતે છતે, પ્રકૃતિનું સાવદ્યપણું હોવાથી સ્ત્રીભોગનો પ્રતિષેધ યુક્ત છે પરંતુ દીક્ષાદિના ભાવોનો પ્રતિષેધ યુક્ત નથી=પૂર્વપક્ષી કહે છે કે જો સ્ત્રી નહીં સેવનનો નિયમ કરાય તો દીક્ષા નહીં ગ્રહણ કરવાનો પણ નિયમ કરવો જોઈએ તે યુક્ત નથી; કેમ કે દીક્ષાના ગ્રહણમાં નિરવદ્યપણું છે. ગાથામાં "પ્રકૃતિ સાવદ્યથી" એ પ્રકારનું વચન છે ત્યાં ભાવપ્રધાન નિર્દેશ છે. એથી પ્રકૃતિ સાવદ્યપણું હોવાથી એમ કહેલ છે. ।।૯૮૩।।

ભાવાર્થ :-

મૈથુનસેવનમાં ત્રસજીવોની હિંસા છે, એથી સેવનની ક્રિયા પ્રકૃતિથી સાવદ્યરૂપ છે માટે મુનિને તેનો નિષેધ યુક્ત છે પરંતુ પૂર્વપક્ષી કહે છે કે સ્ત્રીઓના સેવનમાં કોઈને પીડા નથી. માટે તેનો નિયમ યુક્ત નથી તે કથન ઉચિત નથી; કેમ કે પૂર્વમાં બતાવ્યું તેમ મૈથુનસેવનમાં અવશ્ય હિંસા થાય છે. વળી, પૂર્વપક્ષી કહે છે કે જો સ્ત્રીસેવનનો નિષેધ કરાય તો દીક્ષા નહીં ગ્રહણ કરવાના નિયમનો પણ સ્વીકાર કરવો પડે. તેને ગ્રંથકારશ્રી કહે છે – દીક્ષાગ્રહણ નિરવદ્ય છે. તેથી મારે દીક્ષાગ્રહણ કરવી નથી તેમ પ્રતિજ્ઞા કરાય નહીં. **।।૯૮૩।।**

અવતરણિકા :-

यदप्युक्तम् 'पासवणाईण तहा किन्नो नियमो' इत्यादि तत्राह–

અવતરણિકાર્થ :-

જે પણ કહેવાયું=તે પ્રમાણે પ્રસ્રવણાદિનો નિયમ કેમ કરાતો નથી ? ઇત્યાદિ ગાથા-૯૬૨માં જે પણ કહેવાયું, તે કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

पासवणादीण जहा सुक्कणिसग्गस्स णो खलु निवित्ती ।
अविगारनिसग्गम्मिवि वयभंगो जं न समयम्मि ।।९८४।।

છાયા :-

प्रस्रवणादीनां यथा शुक्रनिसर्गस्य न खलु निवृत्तिः ।
अविकारनिसर्गेऽपि व्रतभङ्गो यन्न समये ।।९८४।।

ગાથાર્થ :-

જે પ્રમાણે પ્રસ્ત્રવણાદિના નિસર્ગની નિવૃત્તિ નથી. તે પ્રમાણે શુક્રના નિસર્ગની નિવૃત્તિ નથી, જે કારણથી અવિકાર નિસર્ગમાં પણ=રાગાદિ વિકાર વગર શુક્રના નિસર્ગમાં પણ, વ્રતભંગ શાસ્ત્રમાં નથી=શાસ્ત્રમાં કહ્યો નથી. ।।૯૮૪।।

ટીકા :-

न खलु प्रस्रवणादीनामिव निसर्ग्गस्य रागादिप्रवृत्तिमन्तरेण प्रवर्त्तमानस्य शुक्रनिसर्ग्गस्य निवृत्तिः क्रियते, किंतु रागादिप्रवृत्तिनिबन्धनस्य, ततस्तत्प्रतिषेधे प्रस्रवणादिदृष्टान्तोऽनुपपन्न एव, विषमत्वात् । अथ कथमेतदेवमवसीयते-प्रस्रवणादीनामिव शुक्रस्यापि निसर्ग्गस्य निवृत्तिर्न क्रियत इत्यत आह– 'अवियारेत्यादि' अविकारेण-रागादिप्रवृत्तिलक्षणविकारमन्तरेण शुक्रस्य निसर्ग्गेऽपि सति स्वापादौ यत्-यस्मान्न समये-भागवते प्रवचने व्रतभङ्गः-चतुर्थव्रतभङ्गो देशित इति ।।९८४।।

ટીકાર્થ :-

न खलु ..... इति ।। પ્રસ્રવણાદિના નિસર્ગની નિવૃત્તિ જેમ કરાતી નથી, તેમ રાગાદિ પ્રવૃત્તિ વગર પ્રવર્તમાન એવા શુક્રનિસર્ગની નિવૃત્તિ કરાતી નથી પરંતુ રાગાદિ પ્રવૃત્તિના નિબંધન શુક્રનિસર્ગની નિવૃત્તિ કરાય છે. તેથી તેના પ્રતિષેધમાં=રાગાદિ પ્રવૃત્તિના નિબંધન શુક્રનિસર્ગના નિષેધમાં, પ્રસ્રવણાદિ દૃષ્ટાંત અનુપપન્ન છે; કેમ કે વિષમપણું છે=દૃષ્ટાંતનું શમનપણું નથી. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે. આ=શુક્રનો નિસર્ગ, આ પ્રમાણે=રાગાદિ વગર છે એ પ્રમાણે, કેવી રીતે જણાય છે ?=પ્રસ્રવણાદિની જેમ શુક્રના પણ નિસર્ગની નિવૃત્તિ નથી કરાતી, એ કેવી રીતે જણાય છે ? એથી કહે છે – અવિકારથી=રાગાદિ પ્રવૃત્તિ લક્ષણ વિકાર વગર, નિદ્રાદિમાં શુક્રનો નિસર્ગ પણ હોતે છતે જે કારણથી સમયમાં=ભગવાનના પ્રવચનમાં, ચોથા વ્રતનો ભંગ કહેવાયો નથી. ।।૯૮૪।।

ભાવાર્થ :-

કામનું સેવન રાગાદિ વગર સંભવતું નથી જ્યારે માતરુ આદિનો નિસર્ગ રાગાદિ વગર સંભવે છે. તેથી પૂર્વપક્ષી પ્રસ્રવણાદિના દૃષ્ટાંતથી કહે છે કે માતરુ આદિ કાયસ્થિતિ છે તેમ સ્ત્રીનું સેવન કાયસ્થિતિ છે

માટે દોષ નથી તે કથન યુક્ત નથી; કેમ કે દૃષ્ટાંતની વિષમતા છે અર્થાત્ 'રાગાદિ વગર પ્રસ્રવણાદિની નિવૃત્તિ થાય છે અને સ્ત્રીના ભોગકાલમાં થતા વીર્યનો નિસર્ગ રાગાદિ વગર થતો નથી', એ રૂપ દૃષ્ટાંત વિષમ છે. વળી કોઈ મહાત્માને ઊંઘ આદિમાં રોગાદિને કારણે કે શરીરની તે પ્રકારની સ્થિતિને કારણે વીર્યનો નિસર્ગ થાય તોપણ શાસ્ત્રમાં ચોથા વ્રતનો ભંગ કહેવાયો નથી, તેથી વિકારના કારણીભૂત એવા વીર્યના નિસર્ગને જ ચોથા વ્રતના ભંગને ગ્રહણ કરેલ છે. આથી જ રાગાદિ વશ સાધુને સ્વપ્નદોષ થાય તોપણ પ્રાયશ્ચિત્ત આવે છે પરંતુ શરીરની તેવી સ્થિતિને કારણે વીર્યનો નિસર્ગ થાય તો પ્રાયશ્ચિત્ત આવતું નથી. ॥૯૮૪॥

અવતરણિકા :-

यदपि 'देहपीडाओत्ति' एतदाशङ्क्य 'इयरनिवित्तीएँ तई किन्नो' इत्युक्तं तत्रापि परिहारमाह—

અવતરણિકાર્થ :-

જે પણ ગાથા-૯૬૨માં પૂર્વપક્ષી દ્વારા કહેવાયું કે દેહપીડા છે=પ્રસ્રવણાદિ ન કરવામાં આવે તો દેહપીડા છે, એમ જો કોઈ કહે તો એની આશંકા કરીને પૂર્વપક્ષીએ કહેલ કે ઈતરની નિવૃત્તિમાં=સ્ત્રી-સેવનની નિવૃત્તિમાં તે=પીડા, શું ન થાય ? અર્થાત્ ગૃહસ્થને સ્ત્રીસેવનના અભાવમાં પીડા થાય, એ પ્રમાણે કહેવાયું. ત્યાં પણ=પૂર્વપક્ષીના કથનમાં પણ, પરિહારને કહે છે —

ગાથા :-

जतिवि य तीएँ निवित्ती कहमवि देहपीडाकरी होइ ।
तहवि तई कायव्वा पडिवक्खे दोसभावातो ।।९८५।।

છાયા :-

यद्यपि च तस्या र्निवृत्ति कथमपि देहपीडाकरी भवति ।
तथापि सका कर्त्तव्या प्रतिपक्षे दोषभावात् ।।९८५।।

ગાથાર્થ :-

જો કે તેની=સ્ત્રીપ્રતિસેવનની, નિવૃત્તિ કોઈ રીતે પણ દેહપીડાકારી થાય છે, તોપણ તે=સ્ત્રી-પ્રતિસેવનની નિવૃત્તિ, કરવી જોઈએ; કેમ કે પ્રતિપક્ષમાં=સ્ત્રીસેવનની નિવૃત્તિ નહીં કરવા રૂપ પ્રતિપક્ષમાં, દોષનો ભાવ છે. ॥૯૮૫॥

ટીકા :-

यद्यपि च तस्याः-स्त्रीप्रतिसेवाया निवृत्तिः कथमपि देहपीडाकरी भवति, कथमपीति ग्रहणं न भवत्येव तावत् प्रायः स्त्रीप्रतिसेवानिवृत्तौ संवेगादिवशतो यतेर्देहपीडा, यदुक्तम्—

'इह नो सुहासयाओ सुओवउत्तस्स मुणियतत्तस्स ।
बंभम्मि होइ पीडा संवेगाओ य भिक्खुस्स ।।१।। त्ति'

तथापि प्रबलमोहोदयवशात्कस्यचिद् भवेदपीत्येवमर्थं, तथापि 'तईत्ति' सका स्त्रीप्रतिसेवानिवृत्तिः कर्त्तव्यैव, कुत इत्याह—प्रतिपक्षे-अकरणलक्षणे दोषभावात्-स्वपरोभयपापप्रसङ्गादिदोषसद्भावादिति स्थितम् ।।९८५।।

ટીકાર્થ :-

यद्यपि च ..... स्थितम् ।। જો કે તેની=સ્ત્રીપ્રતિસેવાની, નિવૃત્તિ કોઈ પણ રીતે દેહપીડાકારી થાય છે. 'कथमपि' એ પ્રકારનું ગ્રહણ=પૂર્વમાં કહ્યું કે કોઈક રીતે પણ દેહપીડાકારી થાય છે. એમાં 'કોઈક રીતે'નું ગ્રહણ, પ્રાયઃ સ્ત્રીસેવાની નિવૃત્તિમાં સંવેગાદિ વશથી યતિને દેહપીડા નથી જ થતી. જે કારણથી કહેવાયું છે — "અહીં શુભ આશયથી શ્રુતમાં ઉપયુક્ત જ્ઞાતતત્ત્વવાળા ભિક્ષુને બ્રહ્મમાં=બ્રહ્મચર્યના પાલનમાં, સંવેગને કારણે પીડા થતી નથી." **તોપણ પ્રબળ મોહના ઉદયના વશથી કોઈક જીવને થાય પણ છે. એ પ્રકારના અર્થે 'कथमपि'નું ગ્રહણ છે, તોપણ તે=સ્ત્રીપ્રતિસેવાની નિવૃત્તિ, કરવી જ જોઈએ. કયા કારણથી ?=સ્ત્રીસેવનની નિવૃત્તિથી પીડા થવા છતાં તેની નિવૃત્તિ કયા કારણથી કરવી જોઈએ ? એથી કહે છે — અકરણ લક્ષણ પ્રતિપક્ષમાં=સ્ત્રીની પ્રતિસેવનની નિવૃત્તિના અકરણરૂપ પ્રતિપક્ષમાં, દોષનો ભાવ હોવાથી=સ્વપર ઉભયને પાપના પ્રસંગાદિ દોષનો સદ્ભાવ હોવાથી, સ્ત્રીના સેવનની નિવૃત્તિ કરવી જોઈએ, એમ અન્વય છે. એ પ્રમાણે સ્થિત છે. ।।૯૮૫।।**

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૯૬૨માં કહેલ કે માતરુ આદિની નિવૃત્તિ ન કરવામાં આવે તો દેહપીડા થાય છે. તેમ સ્ત્રીના પરિભોગની નિવૃત્તિમાં શું દેહપીડા ન થાય ? અર્થાત્ કામની ઇચ્છાવાળાને ચિત્તની વિહ્વળતારૂપ દેહપીડા થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે જીવોને પ્રબલ મોહનો ઉદય છે તે જીવોને સ્ત્રીસેવનની નિવૃત્તિથી કોઈક રીતે દેહપીડા થાય છે તોપણ સ્ત્રીસેવનની નિવૃત્તિ કરવી જ જોઈએ. તેથી એ ફલિત થાય કે જેઓએ સ્ત્રીનું શરીર કઈ રીતે અશુચિયુક્ત છે ઇત્યાદિ શાસ્ત્રવચનાનુસાર અત્યંત ભાવન કરેલ છે તેઓને અશુચિ ભાવનાને કારણે સંવેગનો અતિશય વર્તે છે. તેથી સ્ત્રીસેવનનો અભિલાષ થતો નથી એવા મહાત્માઓ બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરે તેનાથી તેઓને કોઈ દેહપીડા થતી નથી પરંતુ સ્ત્રીવિષયક કોઈ વિકાર નહીં હોવાથી ચિત્તની સ્વસ્થતારૂપ સુખ જ થાય છે, તોપણ જેઓને તે પ્રકારનો સંવેગ સ્થિર થયો નથી તેઓને સ્ત્રીસેવા પાપસ્વરૂપ છે એમ જણાય છે. છતાં સ્ત્રીસેવનનો અભિલાષ પણ થાય છે તેઓ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરે તો કોઈક રીતે સ્ત્રીસેવનની નિવૃત્તિ તેઓને પીડા કરનારી બને છે. છતાં તેઓએ પણ તેની નિવૃત્તિ કરવી જોઈએ; કેમ કે જો તેની નિવૃત્તિ ન કરવામાં આવે તો પોતાને અને પરને ભોગક્રિયાકાળમાં વર્તતા સંક્લેશને અનુરૂપ પાપબંધ, ભોગની તીવ્ર વૃદ્ધિ આદિ દોષોનો પ્રસંગ આવે. તેથી ક્યારેક ભોગની ઇચ્છા થાય તો પણ 'અબ્રહ્મનું સેવન પાપ છે' તે પ્રકારે ભાવન કરીને તેની નિવૃત્તિ જ કરવી જોઈએ. તેથી

અનર્થોની પરંપરાની પ્રાપ્તિ થાય નહીં એ પ્રમાણે સ્થિત છે અને જેઓ અબ્રહ્મની નિવૃત્તિ કરવા સમર્થ નથી તેઓને માટે તો સાધુધર્મ ગ્રહણ કરવો ઉચિત નથી પરંતુ ગૃહસ્થાશ્રમ સેવીને તે પ્રકારની શક્તિનો સંચય કરવો ઉચિત છે જેથી અબ્રહ્મનિવૃત્તિની શક્તિ પ્રગટ થાય. **॥૯૮૫॥**

અવતરણિકા :-

पञ्चमं मूलगुणमाश्रित्य परिहारं दित्सुराक्षेपमाह—

અવતરણિકાર્થ :-

પાંચમા મૂલગુણને આશ્રયીને પરિહારને બતાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી આક્ષેપને કરે છે —

ગાથા :-

अन्ने निद्दोसं चिय गामादिपरिग्गहंपि मन्नंति ।
रयणतिगवुड्ढिहेतुत्तणेण परिथूरबुद्धीया ।।९८६।।

છાયા :-

अन्ये निर्दोषमेव ग्रामादिपरिग्रहमपि मन्यन्ते ।
रत्नत्रिकवृद्धिहेतुत्वेन परिस्थूलबुद्धयः ।।९८६।।

ગાથાર્થ :-

પરિસ્થૂલ બુદ્ધિવાળા અન્ય, ગ્રામાદિ પરિગ્રહને પણ રત્નત્રિકની વૃદ્ધિના હેતુપણાથી નિર્દોષ જ માને છે. ॥૯૮૬॥

ટીકા :-

अन्ये परिस्थूरबुद्धयो ग्रामादिपरिग्रहमपि निर्दोषमेव मन्यन्ते । कथमित्याह—रत्नत्रिकवृद्धिहेतुत्वेनेति ।।९८६।।

ટીકાર્થ :-

अन्ये परिस्थूरबुद्धयो ..... हेतुत्वेनेति ।। અન્ય=પરિસ્થૂલ બુદ્ધિવાળા, ગ્રામાદિ પરિગ્રહને પણ નિર્દોષ જ માને છે. કઈ રીતે નિર્દોષ માને છે ? એથી કહે છે — રત્નત્રિકની વૃદ્ધિના હેતુપણાથી નિર્દોષ માને છે. ॥૯૮૬॥

ભાવાર્થ :-

બૌદ્ધ દર્શનવાળા માને છે કે સંન્યાસીઓને બુદ્ધ, ધર્મ અને સંઘરૂપ રત્નત્રિકની વૃદ્ધિનો હેતુ ગ્રામાદિ પરિગ્રહ છે. તેથી ભોગાદિ અર્થે કરાતો પરિગ્રહ દુષ્ટ હોવા છતાં રત્નત્રિકની વૃદ્ધિ અર્થે ગ્રહણ કરાતો પરિગ્રહ નિર્દોષ જ છે. **॥૯૮૬॥**

અવતરણિકા :-

અત્ર દૂષણમાહ—

અવતરણિકાર્થ :-

એમાં=સ્થૂળ બુદ્ધિવાળા પૂર્વપક્ષીના કથનમાં, દૂષણ કહે છે —

ગાથા :-

रयणतिगं इह बुद्धो धम्मो संघो य तस्स कह वुड्ढी ।
गामादिपरिग्गहतो? पारमितादीण कज्जत्ता ।।९८७।।

છાયા :-

रत्नत्रिकमिह बुद्धो धर्मः संघश्च तस्य कथं वृद्धिः ।
ग्रामादिपरिग्रहतः ? पारमितादीनां कार्यत्वात् ।।९८७।।

ગાથાર્થ :-

અહીં=બૌદ્ધ દર્શનમાં, બુદ્ધ, ધર્મ અને સંઘરૂપ રત્નત્રિક છે. તેની=રત્નત્રિકની, ગ્રામાદિ પરિગ્રહથી કેવી રીતે વૃદ્ધિ થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે પારમિતાદિનું કાર્યપણું છે= રત્નત્રિક પારમિતાદિનું કાર્ય છે. ।।૯૮૭।।

ટીકા :-

रत्नत्रिकमिह बुद्धो धर्म्मः संघश्च, ततश्च तस्य-रत्नत्रिकस्य कथं ग्रामादिपरिग्रहतो वृद्धिर्भवेत्?, नैव भवेदिति भावः । कुत इत्याह—पारमितादीनां कार्यत्वात् ।।९८७।।

ટીકાર્થ :-

रत्नत्रिकमिह ..... कार्यत्वात् ।। રત્નત્રિક અહીં=બૌદ્ધના મતમાં, બુદ્ધ, ધર્મ અને સંઘ છે અને તેથી તે રત્નત્રિકની, ગ્રામાદિના પરિગ્રહથી કેવી રીતે વૃદ્ધિ થાય ? અર્થાત્ ન જ થાય. એ પ્રકારનો ભાવ છે. કયા કારણથી ન થાય ? એથી કહે છે — પારમિતાદિનું કાર્યપણું હોવાથી=પારમિતાદિનું કાર્ય રત્નત્રયી છે પરંતુ ગ્રામાદિ પરિગ્રહનું કાર્ય રત્નત્રિક નથી, માટે રત્નત્રિકની વૃદ્ધિનું કારણ ગ્રામાદિ પરિગ્રહ થઈ શકે નહીં. ।।૯૮૭।।

અવતરણિકા :-

एतदेव व्याचष्टे—

અવતરણિકાર્થ :-

આને જ=પારમિતાદિના કાર્યરૂપ રત્નત્રિકને જ, કહે છે —

ગાથા :-

बुद्धो पारमियाफलमणघं तव्वयणमागमो धम्मो ।
धूतगुणाणुट्ठाई सत्ताणं समुदयो संघो ।।९८८।।

છાયા :-

बुद्धः पारमिताफलमनघं तद्वचनमागमो धर्मः ।
धूतगुणानुष्ठायिनां सत्त्वानां समुदयः सङ्घः ।।९८८।।

ગાથાર્થ :-

પારમિતાદિનું ફળ બુદ્ધ છે. અનઘ એવું તેનું વચન=બુદ્ધનું વચન, આગમ ધર્મ છે. ધૂત ગુણોને સેવનારા જીવોનો સમુદાય સંઘ છે. ।।૯૮૮।।

ટીકા :-

इह बुद्धः प्राणातिपातविरमणादिशिक्षाव्रतलक्षणपारमिताफलमिष्यते, यच्च तद्वचनमनघं स धर्म्म आगम उच्यते, 'धूयगुणाणुट्ठाइत्ति' धूतं-निर्वाणं तद्गुणाः-करुणादयः तदनुष्ठायिनां सत्त्वानां समुदयः सङ्घः ।।९८८।।

ટીકાર્થ :-

इह ..... सङ्घः ।। અહીં=બૌદ્ધ દર્શનમાં, પ્રાણાતિપાત વિરમણાદિ શિક્ષાવ્રત લક્ષણ પારમિતાનું ફલ બુદ્ધ ઈચ્છાય છે અને જે તેનું=બુદ્ધનું, નિર્દોષ વચન તે ધર્મ આગમ કહેવાય છે. ધૂત=નિર્વાણ, તેના ગુણો=કરુણાદિ ગુણો, તેનું અનુષ્ઠાન સેવનારા જીવોનો સમુદાય સંઘ કહેવાય છે. ।।૯૮૮।।

ભાવાર્થ :-

બૌદ્ધ દર્શનવાદી સ્થૂલ બુદ્ધિવાળા છે. તેથી તેઓ કહે છે કે બુદ્ધ, ધર્મ અને સંઘ એ રત્નત્રિક છે અને તેની વૃદ્ધિ ગ્રામાદિના પરિગ્રહથી થાય છે. તેથી બુદ્ધના સંન્યાસીને કોઈ ગ્રામાદિ અર્પણ કરે તો તે દોષરૂપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – ગ્રામાદિના પરિગ્રહથી રત્નત્રિકની વૃદ્ધિ કઈ રીતે થઈ શકે અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે તેઓના મતે પારમિતાદિનું કાર્ય બુદ્ધાદિ છે પરંતુ પરિગ્રહનું કાર્ય બુદ્ધાદિ નથી. માટે પરિગ્રહથી રત્નત્રિકની વૃદ્ધિ થાય નહીં. પારમિતાદિ શું છે ? તે સ્પષ્ટતા કરતાં કહે છે – પ્રાણાતિપાત વિરમણાદિ શિક્ષાવ્રત લક્ષણ પારમિતા છે. તેના સેવનના ફલરૂપે બુદ્ધ થાય છે. તેથી પ્રાણાતિપાત વિરમણાદિ જે દશ વ્રતો છે તેના સેવનથી જીવો બુદ્ધ બને છે તે બુદ્ધ રત્નત્રિકનો એક અંગ છે અને તે બુદ્ધનું નિર્દોષ વચન એ ધર્મરૂપ આગમ છે અને જેઓ નિર્વાણને અનુકૂળ કરુણાદિ ગુણો સેવનારા છે તેવા જીવોનો સમુદાય સંઘ છે અને તે રત્નત્રિક છે. તેથી પારમિતાનું કાર્ય બુદ્ધ છે અને બુદ્ધનો ઉપદેશ ધર્મ છે અને તે ઉપદેશાનુસાર સેવનારા જીવોનો સમુદાય સંઘ છે. તેથી ગ્રામાદિ પરિગ્રહથી તે રત્નત્રિકની વૃદ્ધિ થઈ શકે નહીં પરંતુ પ્રાણાતિપાત વિરમણાદિથી રત્નત્રિકની વૃદ્ધિ થઈ શકે. **॥૯૮૭-૯૮૮॥**

અવતરણિકા :-

ततः किमित्याह—

અવતરણિકાર્થ :-

તેથી શું ? એથી કહે છે=બુદ્ધ, ધર્મ અને સંઘનું સ્વરૂપ બતાવ્યું તેથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે —

ગાથા :-

न य एतेसुवयारो गामादिपरिग्गहो (हओ) सुहप्फलदो ।
आरंभपवित्तीओ अवि अवयारो मुणेयव्वो ।।९८९।।

છાયા :-

न च एतेषामुपकारो ग्रामादिपरिग्रह (परिग्रहतः) शुभफलदः ।
आरंभप्रवृत्तेरपि अपकारो ज्ञातव्यः ।।९८९।।

ગાથાર્થ :-

અને આમનું=બુદ્ધાદિ ત્રણેયનું, ગ્રામાદિ પરિગ્રહથી શુભ ફળને દેનારું ઉપકાર નથી જ પરંતુ આરંભમાં પ્રવૃત્તિ હોવાને કારણે અપકાર જાણવો. ।।૯૮૯।।

ટીકા :-

न च एतेषां त्रयाणामपि बुद्धधर्म्मसंघलक्षणानां ग्रामादिपरिग्रहत उपकारः-शुभफलदो भवति, किंत्वपकार एव । कुत इत्याह—'आरम्भप्रवृत्तेः' आरम्भे पृथिव्यादिषड्जीवनिकायोपमर्दरूपे प्रवृत्तेः ।।९८९।।

ટીકાર્થ :-

न च एतेषां ..... प्रवृत्तेः ।। આ બુદ્ધ, ધર્મ અને સંઘ લક્ષણ ત્રણેનો પણ ગ્રામાદિ પરિગ્રહથી શુભફલને દેનારો ઉપકાર નથી પરંતુ અપકાર જ છે. કયા કારણથી અપકાર છે ? એથી કહે છે — આરંભમાં=પૃથ્વી આદિ ષડ્જીવનિકાયના ઉપમર્દરૂપ આરંભમાં, પ્રવૃત્તિ હોવાથી અશુભ ફલને દેનારો અપકાર જ છે. ।।૯૮૯।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે પ્રાણાતિપાત વિરમણાદિ શિક્ષાવ્રતના પાલનથી જીવો બુદ્ધ થાય છે અને તેઓનું વચન પણ બુદ્ધ થવાને અનુકૂળ હોય તે આગમ છે અને તેઓના વચનાનુસાર મોક્ષ માટે યત્ન કરનાર સંઘ છે. એ ત્રણેય હિંસાદિ પાપસ્થાનકોનાં નિવૃત્તિથી થનારાં કાર્યો છે. તેથી ગ્રામાદિ પરિગ્રહ જે પૃથ્વી આદિ

ષડ્જીવનિકાયની હિંસાનું કારણ છે તે ક્યારેય બુદ્ધાદિને ઉપકારક થઈ શકે નહીં પરંતુ ગ્રામાદિના પરિગ્રહથી અવશ્ય પાપબંધરૂપ અપકારફળની પ્રાપ્તિ થાય. માટે કલ્યાણના અર્થીએ સર્વથા પરિગ્રહનો ત્યાગ જ કરવો જોઈએ. ॥૯૮૯॥

અવતરણિકા :-

अत्र परस्य मतमाशङ्कमान आह–

અવતરણિકાર્થ :-

અહીં=ગ્રામાદિ પરિગ્રહમાં હિંસા નથી એ વિષયમાં, પરમતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सिय जो ममत्तरहिओ रयणतिगं चिय पडुच्च आरंभे ।
वट्टइ भिक्खूवि तओ निद्दोसो चेव विन्नेओ ।।९९०।।

છાયા :-

स्याद् यो ममत्वरहितो रत्नत्रिकमेव प्रतीत्यारंभे ।
वर्तते भिक्षुरपि सको निर्दोष एव विज्ञेयः ।।९९०।।

ગાથાર્થ :-

આ પ્રમાણે થાય, જે ભિક્ષુ પણ મમત્વરહિત રત્નત્રિકને જ આશ્રયીને આરંભમાં વર્તે છે. તે= ભિક્ષુ, નિર્દોષ જ જાણવો. ॥૯૯૦॥

ટીકા :-

स्यादेतत्, यो ममत्वरहितो रत्नत्रिकमेव-बुद्धादिलक्षणमाश्रित्यारम्भे वर्त्तते भिक्षुरपि, आस्तामुपासक इत्यपि-शब्दार्थः, 'तओत्ति' सको निर्द्दोष एव विज्ञेयः तस्य स्वार्थं प्रवृत्त्यभावादिति ।।९९०।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... भावादिति ।। આ પ્રમાણે થાય=બૌદ્ધ મતે આ પ્રમાણે શંકા થાય, જે ભિક્ષુ પણ મમત્વરહિત રત્નત્રિકને જ=બુદ્ધાદિ લક્ષણ રત્નત્રિકને જ આશ્રયીને, આરંભમાં વર્તે છે તે નિર્દોષ જ જાણવો. તેની=ભિક્ષુની, સ્વાર્થમાં પ્રવૃત્તિનો અભાવ છે. ઉપાસક દૂર રહો, એ 'भिक्षुरपि' શબ્દનો= 'भिक्षुरपि'માં રહેલા શબ્દનો અર્થ છે. ॥૯૯૦॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે ગ્રામાદિ પરિગ્રહમાં હિંસાદિ દોષ છે, ત્યાં બૌદ્ધ દર્શનવાદી કહે કે જે ભિક્ષુ છે તે પણ ગ્રામાદિના મમત્વરહિત જ બુદ્ધાદિ લક્ષણ રત્નત્રિકને આશ્રયીને આરંભમાં પ્રવર્તે છે. તેને અશુભ કર્મબંધરૂપ

ફલની પ્રાપ્તિ નથી; કેમ કે ચિત્તથી નિર્લેપ છે. ફક્ત બુદ્ધાદિના ઉપકાર અર્થે ગ્રામાદિના પરિગ્રહને ધારણ કરે છે. તેથી એ ફલિત થાય કે ભિક્ષુના ઉપાસક એવા ગૃહસ્થ પણ પરિગ્રહ રાખે પરંતુ ભિક્ષુ પણ રત્નત્રિકની પુષ્ટિ અર્થે પરિગ્રહ રાખીને આરંભમાં પ્રવર્તે તો દોષ નથી. **॥૯૯૦॥**

અવતરણિકા :-

અત્રાહ—

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષીના આ પ્રકારના સમાધાનમાં, કહે છે —

ગાથા :-

मंसनिवत्तिं काउं सेवइ दंतिक्कगंति धणिभेदा ।
इय चइऊणारंभं परववएसा कुणइ बालो ।।९९१।।

છાયા :-

मांसनिवृत्तिं कृत्वा सेवते दंतिक्कगमिति ध्वनिभेदात् ।
इति त्यक्त्वारंभं परव्यपदेशात् करोति बालः ।।९९१।।

ગાથાર્થ :-

માંસની નિવૃત્તિ કરીને દંતિક્કગ એ પ્રકારના ધ્વનિભેદથી માંસને સેવે છે. એ રીતે આરંભનો ત્યાગ કરીને બાલ પરના વ્યપદેશથી કરે છે=આરંભને કરે છે. ॥૯૯૧॥

ટીકા :-

यथा कश्चित्पुरुषो मांसनिवृत्तिं कृत्वा ततो विवेकविकलतया 'दंतिक्कगंति' ध्वनिभेदात् शब्दभेदात्तदेव मांसं सेवते, इतिः-एवममुना दृष्टान्तेनारम्भं त्यक्त्वा परव्यपदेशात्-रत्नत्रिकव्यपदेशेन करोत्यारम्भं बालः-अज्ञः, मांसनिवृत्तिं कृत्वा शब्दभेदेन तदेव मांसं स्वादयत इवास्यापि परव्यपदेशेनारम्भं कुर्वतो ध्रुवं नियमभङ्ग इतियावत् ।।९९१।।

ટીકાર્થ :-

यथा ..... इतियावत् ।। જે પ્રમાણે કોઈ પુરુષ માંસની નિવૃત્તિ કરીને ત્યાર પછી વિવેકનું વિકલપણું હોવાથી 'દંતિક્કગ' એ પ્રમાણે ધ્વનિના ભેદથી=શબ્દના ભેદથી, તે જ માંસને સેવે છે એ રીતે આ દૃષ્ટાંતથી=માંસના દૃષ્ટાંતથી, આરંભને છોડીને પરના વ્યપદેશથી=રત્નત્રિકના વ્યપદેશથી આરંભને બાલ=અજ્ઞ, કરે છે. માંસની નિવૃત્તિ કરીને 'હું દંતિક્કગ ખાઉં છું.' એ પ્રકારે શબ્દભેદથી તે જ માંસને

ખાય છે. એની જેમ પરના વ્યપદેશથી, આરંભ કરતાં=રત્નત્રિકનું અવલંબન લઈને આરંભ કરતાં આને પણ=ભિક્ષુને પણ, ધ્રુવ=નક્કી, નિયમ ભંગ છે. ॥૯૯૧॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે મમત્વરહિત ભિક્ષુ રત્નત્રિકને આશ્રયીને આરંભમાં પ્રવર્તે તોપણ દોષ નથી તે વચન અત્યંત અસમંજસ છે તે બતાવવા અર્થે કહે છે અર્થાત્ મમત્વરહિત ભિક્ષુને મમત્વના ત્યાગ અર્થે જ ગ્રામાદિનો ત્યાગ કરવો જોઈએ અને જો ગ્રામાદિના ગ્રહણમાં ભિક્ષુ પ્રવૃત્તિ કરે તો અવશ્ય તે પ્રવૃત્તિ મમત્વથી થાય છે તેથી તે ભિક્ષુની પ્રવૃત્તિ અનુચિત છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતાં કહે છે – જેમ કોઈ પુરુષ પ્રતિજ્ઞા કરે કે 'હું માંસનું ભક્ષણ કરીશ નહીં' છતાં માંસભક્ષણ કરવામાં પ્રવૃત્ત એવો તે જીવ માંસનું વાચક જ 'દંતિક્કગ' શબ્દને ગ્રહણ કરીને કહે કે – 'હું માંસ ખાતો નથી, દંતિક્કગ ખાઉં છું' એ રીતે જે ભિક્ષુ 'હું આરંભ-સમારંભ કરતો નથી' એ પ્રકારની પ્રતિજ્ઞા કરીને રત્નત્રિકના વ્યપદેશ દ્વારા પરિગ્રહને રાખીને આરંભ-સમારંભ કરે છે તે આત્માને ઠગનાર બાળ છે. વસ્તુતઃ 'તે ગ્રામાદિ મારા છે' એ પ્રકારની બુદ્ધિ થવાથી મમત્વનું વર્જન શબ્દમાત્રથી છે પરંતુ તે ગ્રામાદિમાં મમત્વને ધારણ કરીને આરંભ-સમારંભ જ કરે છે. તેથી ભિક્ષુ થઈને પણ તે મૂઢમતિ જ છે. **॥૯૯૧॥**

અવતરણિકા :-

कथमेतदेवमिति चेत् आह–

અવતરણિકાર્થ :-

આ=આરંભનો ત્યાગ કરીને ધ્વનિભેદથી ભિક્ષુને આરંભ છે એ, એ પ્રકારે=માંસની નિવૃત્તિનું દૃષ્ટાંત બતાવ્યું એ પ્રકારે, કેવી રીતે છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

पयईए सावज्जं संतं णणु सव्वहा विरुद्धं तु ।
धणिभेदम्मिवि महुरगसीतलिगादिव्व लोगम्मि ।।९९२।।

છાયા :-

प्रकृत्या सावद्यं सत् ननु सर्वथा विरुद्धं तु ।
ध्वनिभेदेऽपि मधुरकशीतलिकादिवद् लोके ।।९९२।।

ગાથાર્થ :-

ખરેખર જ પ્રકૃતિથી સાવદ્ય છતું સર્વથા વિરુદ્ધ જ છે=ભિક્ષુના પરિણામથી ગ્રામાદિનો પરિગ્રહ વિરુદ્ધ જ છે. જેમ ધ્વનિના ભેદમાં પણ મધુરક શીતલિકાદિ લોકમાં વિરુદ્ધ જ છે. ॥૯૯૨॥

ટીકા :-

ननु यस्मात् प्रकृत्या-स्वभावेन सावद्यं-सपापं सत् सर्वथा-सर्वैरपि प्रकारैः सेव्यमानं विरुद्धमेव-दुष्टमेव । तुरेवकारार्थः । ध्वनिभेदेऽपि स्वपरव्यपदेशभेदेऽपि सति । किमिव पुनः शब्दभेदेऽपि सति विरुद्धमित्यत आह—'महुरेत्यादि' लोके मधुरकशीतलिकादिवत्, नहि विषं मधुरमित्युक्तं सत् न व्यापादयति स्फोटिका वा शीतलिकेत्युक्ता सती न तुदति, तथारम्भोऽपि क्रियमाणः परार्थमित्युच्य-मानोऽपि प्रकृत्या सावद्यत्वात् परलोकं बाधत एवेति ।।९९२।।

ટીકાર્થ :-

ननु ..... एवेति ।। ખરેખર, જે કારણથી પ્રકૃતિ વડે=સ્વભાવ વડે, સાવદ્ય=પાપ છતું સર્વથા=સર્વ પણ પ્રકારથી, સેવાતું વિરુદ્ધ જ=દુષ્ટ જ, છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. ધ્વનિભેદ હોતે છતે પણ=સ્વપરના વ્યપદેશમાં ભેદ હોવા છતાં પણ=સંસારી જીવોને સ્વ અર્થે સાવદ્યની પ્રવૃત્તિ છે, ભિક્ષુની પર અર્થે સાવદ્યની પ્રવૃત્તિ છે એ પ્રકારે વ્યપદેશનો ભેદ હોવા છતાં પણ, સ્વભાવથી સાવદ્ય સેવાતું દુષ્ટ જ છે, એમ અન્વય છે. વળી, શબ્દભેદ પણ હોતે છતે કોની જેમ વિરુદ્ધ જ છે ? એથી કહે છે — લોકમાં મધુરક શીતલિકાદિની જેમ દુષ્ટ જ છે. હિ=જે કારણથી, 'વિષ મધુર' એ પ્રમાણે કહેવાયેલું છતું નાશ કરતું નથી એમ નહીં અથવા ફોલ્લીઓને શીતલિકા એ પ્રમાણે કહેવાયેલી છતી પીડા કરતી નથી એમ નહીં. તે પ્રમાણે 'કરાતો આરંભ પણ પર માટે છે' એ પ્રમાણે કહેવાતો પણ પ્રકૃતિથી સાવદ્યપણું હોવાથી પરલોકને બાધ જ કરે છે. ।।૯૯૨।।

ભાવાર્થ :-

કોઈ મધુર વિષ આપે અને કહે કે 'હું મધુર વસ્તુનો ભોગ કરું છું', તોપણ તે મધુર કહેવા છતાં મૃત્યુ રૂપ કાર્ય કરે છે. વળી, કોઈને ફોલ્લીઓ થઈ હોય અને તે શીતલિકા કહે તોપણ તે પીડાનું કારણ બને છે. તે રીતે ગ્રામાદિ પરિગ્રહ પ્રકૃતિથી સર્વથા સાવદ્ય છે છતાં કોઈ ભિક્ષુઓ 'આ ગ્રામાદિ પરિગ્રહ સંઘાદિના ઉપકારક છે' તેમ કહે એટલામાત્રથી સાવદ્ય એવી તે પ્રવૃત્તિ પરલોકને બાધ કરતી નથી એમ નહીં પરંતુ તે આરંભ-સમારંભજન્ય પાપને બાંધીને ભિક્ષુ દુર્ગતિમાં જાય છે. માટે સર્વ સંગના ત્યાગી એવા ભિક્ષુએ પરના વ્યપદેશવાળી પણ આરંભ-સમારંભનું કારણ હોય એવી પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ, તો જ પાંચમા મહાવ્રતના પાલનજન્ય પાપની નિવૃત્તિ થાય. **॥૯૯૨॥**

અવતરણિકા :-

अत्रैव दूषणान्तरमाह—

અવતરણિકાર્થ :-

આમાં જ=ગ્રામાદિ પરિગ્રહ ભિક્ષુ રાખે છે એમાં જ, દૂષણાન્તરને કહે છે —

ગાથા :-

ण य तेसिंपुवगारो तत्तो पडिवादितं पुरा एतं ।
बालादीणं वेयावच्चं तो होइ अह बुद्धी ।।९९३।।

છાયા :-

न च तेषामप्युकारस्ततः प्रतिपादितं पुरा एतद् ।
बालादीनां वैयावृत्यं ततो भवति अथ बुद्धिः ।।९९३।।

ગાથાર્થ :-

અને તેઓને=બુદ્ધાદિઓને, તેનાથી=આરંભથી, ઉપકાર થતો નથી. એ પૂર્વમાં પ્રતિપાદન કરાયું. હવે બુદ્ધિ થાય - બાલાદિની વૈયાવચ્ચ કરાયેલી થાય છે તેથી=તેથી કોઈ દોષ નથી. ।।૯૯૩।।

ટીકા :-

न च तेषामपि-बुद्धादीनां ततः-आरम्भादुपकारो भवति किंत्वपकार एव, आरम्भस्य प्रकृत्या सावद्यत्वात्, एतच्च पुरा-प्राक् अनन्तरमेव 'पडिवाइयंति' प्रतिपादितम् । अथ स्यादियं बुद्धिः-ग्रामादिपरिग्रहेण बालादीनां-बालवृद्धादीनां वैयावृत्यं कृतं भवति ततो न कश्चिद्दोषः इति ।।९९३।।

ટીકાર્થ :-

न च ..... कश्चिद्दोषः इति ।। અને તેઓને=બુદ્ધાદિઓને, તેનાથી=આરંભથી, ઉપકાર થતો નથી પરંતુ અપકાર જ થાય છે; કેમ કે આરંભનું પ્રકૃતિથી સાવદ્યપણું છે અને આ=પ્રકૃતિથી આરંભ સાવદ્ય છે એ, પૂર્વમાં=અનન્તર જ, પ્રતિપાદિત છે. 'અથ'થી ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણે પૂર્વપક્ષીની બુદ્ધિ થાય='ગ્રામાદિ પરિગ્રહથી બાલવૃદ્ધાદિની વૈયાવચ્ચ કરાયેલી થાય છે' એ પ્રકારની બુદ્ધિ થાય, તેથી કોઈ દોષ નથી. ।।૯૯૩।।

અવતરણિકા :-

अत्राह–

અવતરણિકાર્થ :-

આમાં=પૂર્વની ગાથામાં કહેલ પૂર્વપક્ષીના કથનમાં, ઉત્તર આપે છે –

ગાથા :-

निरवज्जेणं विहिणा गुणजुत्ताणं तयंपि कायव्वं ।
सावज्जो य इमो खलु तेसिंपि य कुणइ गुणहाणिं ।।९९४।।

છાયા :-

निरवद्येन विधिना गुणयुक्तानां तदपि कर्त्तव्यम् ।
सावद्यश्चायं खलु तेषामपि च करोति गुणहानिः ।।९९४।।

ગાથાર્થ :-

નિરવદ્ય વિધિથી ગુણયુક્તોનું=ગુણવાન પુરુષોનું, તે પણ=વૈયાવચ્ચ પણ, કર્તવ્ય છે અને આ=ગ્રામાદિ પરિગ્રહ, સાવદ્ય જ છે. તેઓને પણ=બાલાદિઓને પણ, ગુણહાનિને કરે છે. ॥૯૯૪॥

ટીકા :-

इदमपि-वैयावृत्त्यं निरवद्येनैव विधिना गुणयुक्तानामेव कर्त्तव्यं न तु यथाकथंचित् यस्य कस्यचिद्वा । अयं च-ग्रामादिपरिग्रहः खलुरवधारणे, सावद्य एव, पृथिव्यादिषड्जीवनिकायोपमर्दहेतुत्वात्, ततस्तेषामपि-बालादीनामास्तामारम्भकर्तुरित्यपिशब्दार्थः करोति गुणहानिम्, तस्मान्न बालादीनामपि वैयावृत्त्यार्थं ग्रामादिपरिग्रहो युक्तः ।।९९४।।

ટીકાર્થ :-

इदमपि ..... युक्तः ।। આ પણ=વૈયાવચ્ચ પણ, નિરવદ્ય જ વિધિથી ગુણયુક્તોનું જ કરવું જોઈએ પરંતુ યથાકથંચિત્ કરવું જોઈએ નહીં અથવા જે કોઈનું નહીં. અને આ ગ્રામાદિ પરિગ્રહ સાવદ્ય જ છે. કેમ કે પૃથ્વી આદિ ષડ્જીવનિકાયના ઉપમર્દનનું હેતુપણું છે. ખલુ શબ્દ અવધારણમાં છે; માટે ગ્રામાદિ પરિગ્રહ સાવદ્ય જ છે એમ અન્વય છે. તેથી તેઓના પણ=બાલાદિઓના પણ, ગુણહાનિને કરે છે. આરંભ કરનારાઓની તો ગુણહાનિ દૂર હો ! એ 'अपि' શબ્દનો અર્થ છે. તે કારણથી બાલાદિઓના પણ વૈયાવચ્ચ માટે ગ્રામાદિ પરિગ્રહ યુક્ત નથી. ॥૯૯૪॥

ભાવાર્થ :-

ગાથા-૯૯૩માં પૂર્વપક્ષીએ કહેલ કે બાલાદિના વૈયાવચ્ચ માટે ગ્રામાદિ પરિગ્રહ હોવાથી દોષરૂપ નથી, એનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વૈયાવચ્ચ નિરવદ્ય વિધિથી ગુણવાન પુરુષોનું કર્તવ્ય છે. તેથી એ ફલિત થાય કે સાધુએ ગુણવાન પુરુષોની વૈયાવચ્ચ શાસ્ત્રાનુસારી નિરવદ્ય વિધિથી કરવી જોઈએ. યથા-કથંચિત્ વૈયાવચ્ચ કરવાથી નિર્જરારૂપ ફલ મળે નહીં અને તે વૈયાવચ્ચ પણ ગુણરહિત પુરુષોની કરવાથી ફલ મળે નહીં. તેથી ગુણવાન પુરુષોની વૈયાવચ્ચ અર્થે પણ ગ્રામાદિ પરિગ્રહ રાખવામાં આવે તો તે પરિગ્રહ સાવદ્ય છે. તેથી ગુણવાન એવા બાલાદિના ગુણની હાનિ કરશે. માટે બાલાદિની પણ વૈયાવચ્ચ માટે ભિક્ષુએ ગ્રામાદિ પરિગ્રહ રાખવું યુક્ત નથી. **॥૯૯૩-૯૯૪॥**

અવતરણિકા :-

एतदेव भावयति–

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે=ગુણવાન પુરુષોના વૈયાવચ્ચ અર્થે પણ ગ્રામાદિ પરિગ્રહ યુક્ત નથી એને જ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

પુરિસં તસ્સુવયારં અવયારં चऽप्पणो य नाऊणं ।
कुज्जा वेयावडियं इहरा वेणइयवादो णु (उ) ।।९९५।।

છાયા :-

पुरुषं तस्योपकारमपकारं चात्मनश्च ज्ञात्वा ।
कुर्यात् वैयावृत्त्यमितरथा वैनयिकवादस्तु ।।९९५।।

ગાથાર્થ :-

પુરુષને તેના ઉપકાર કે અપકારને=પુરુષના ઉપકાર અને અપકારને, અને આત્માના ઉપકારને અને અપકારને જાણીને વૈયાવચ્ચ કરવું જોઈએ. ઈતરથા=પુરુષાદિનો વિચાર કર્યા વગર વૈયાવચ્ચ કરવામાં આવે તો, વૈનયિકવાદ છે=વૈનયિકવાદ સ્વીકારવાનો પ્રસંગ છે. ।।૯૯૫।।

ટીકા :-

पुरुषम्-आचार्यादिकं तस्योपकारं-स्वाध्यायवृद्धिसत्त्वोपदेशादिलक्षणम् अपकारं च-वैयावृत्त्याभावे वीर्यह्रासश्लेष्मचयादिलक्षणम्, आत्मनश्चोपकारं गुर्वादिशुभनियोगान्निर्जरालक्षणं वैयावृत्त्याकरणे च तदभावलक्षणमपकारं, ज्ञात्वा कुर्यात् वैयावृत्त्यम्, इतरथा-यथा कथंचित् यस्य कस्यचिच्च वैयावृत्त्यकरणे वैनयिकवादाभ्युपगमप्रसङ्ग एव । तुरेवकारार्थः ।।९९५।।

ટીકાર્થ :-

पुरुषम् ..... तुरेवकारार्थः ।। પુરુષ આચાર્યાદિ છે. તેનો ઉપકાર સ્વાધ્યાયની વૃદ્ધિ અને જીવોને ઉપદેશાદિરૂપ છે, અને અપકાર વૈયાવચ્ચના અભાવમાં વીર્યના હ્રાસ અને શ્લેષ્મચયાદિ છે, અને આત્માનો ઉપકાર ગુરુ આદિના શુભ નિયોગથી=ગુરુ આદિના સંયમના ઉપકારક શુભ વ્યાપારથી, નિર્જરારૂપ છે અને વૈયાવચ્ચના અકરણમાં તેના અભાવરૂપ અપકાર છે. જાણીને=પુરુષના ઉપકારને-અપકારને અને આત્માના ઉપકારને-અપકારને જાણીને, વૈયાવચ્ચ કરવું જોઈએ. ઈતરથા=જે કોઈ રીતે અને જે કોઈનું વૈયાવચ્ચ કરવામાં, વૈનયિકવાદના અભ્યુગમનો પ્રસંગ જ છે=એકાંત વૈનયિકવાદવાળા યથાકથંચિત્ સર્વની વૈયાવચ્ચ કરવાનું કહે છે, તે મતના સ્વીકારવાનો પ્રસંગ જ છે. 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. ।।૯૯૫।।

ભાવાર્થ :-

ભિક્ષુ નિર્જરા અર્થે ગુણવાનની વૈયાવચ્ચ કરે છે અને તે નિર્જરા વિવેકપૂર્વકની કરાયેલી વૈયાવચ્ચથી થાય છે અને તે વિવેકપૂર્વકની વૈયાવચ્ચ કેવા સ્વરૂપવાળી છે તે સ્પષ્ટ કરતાં કહે છે – નિર્જરાના અર્થી આચાર્યાદિ પુરુષને જાણવા જોઈએ અર્થાત્ આ મહાત્મા કેવા પ્રકારના ગુણના નિધાન છે, તેને જાણવા જોઈએ અને તેનો ઉપકાર સ્વાધ્યાયની વૃદ્ધિ અને યોગ્ય જીવોને ઉપદેશાદિ છે. તેથી પોતાની વૈયાવચ્ચ દ્વારા તેઓના સ્વાધ્યાયાદિરૂપ ઉપકાર થશે કે નહીં તેને જાણવું જોઈએ અને પોતે વૈયાવચ્ચ નહીં કરે તો આચાર્યાદિના વીર્યની હાનિ અને રોગાદિને કારણે શ્લેષ્મના ઉપચયાદિ રૂપ અપકાર થશે તેને જાણીને વૈયાવચ્ચ કરવી જોઈએ. વળી, પોતાને પણ ગુણવાન એવા આચાર્ય આદિના ભક્તિજન્ય શુભ પરિણામની વૃદ્ધિ દ્વારા નિર્જરારૂપ પરિણામ થશે કે નહીં, તેનો નિર્ણય કરવો જોઈએ; કેમ કે શક્તિની આલોચના વગર વૈયાવચ્ચ કરવામાં આવે તો શુભભાવની વૃદ્ધિ નહીં થવાથી નિર્જરા થાય નહીં અને પોતે વૈયાવચ્ચ નહીં કરે તેથી પોતાને નિર્જરાની પ્રાપ્તિ થશે નહીં તેનો નિર્ણય કરીને વૈયાવચ્ચ કરવી જોઈએ પરંતુ આચાર્યાદિનો ઉપકાર અને અપકારનો વિચાર કર્યા વગર કે પોતાના અપકાર કે ઉપકારનો વિચાર કર્યા વગર કોઈ ભિક્ષુ વૈયાવચ્ચ કરે તો એકાંત વૈનયિકવાદને સ્વીકારવાનો પ્રસંગ આવે. વૈનયિકવાદ સ્વીકારનારા કહે છે કે ગુણ-દોષનો વિચાર કર્યા વગર જે કોઈ રાજા વગેરે મોટા પુરુષો છે તે સર્વની વૈયાવચ્ચ કરવી જોઈએ પરંતુ સ્યાદ્વાદી તો વિવેકપૂર્વકની વૈયાવચ્ચને જ નિર્જરાનું કારણ કહે છે અને તેવી વૈયાવચ્ચ કોઈ ભિક્ષુ ગ્રામાદિના પરિગ્રહથી કરે તો તે વૈયાવચ્ચ નિર્જરાનું કારણ થાય નહીં પરંતુ સ્વપરના અકલ્યાણનું કારણ થાય. **॥૯૯૫॥**

અવતરણિકા :-

अत्र परस्य मतमाशङ्कमान आह–

અવતરણિકાર્થ :-

અહીં=વૈયાવચ્ચના વિષયમાં, પરના મતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –.

ગાથા :-

सिय णाणुमओ एसो बुद्धेणं किंतु अप्पणा चेव ।
दाणवतीहिं सम्मं पवत्तिओ कुसलमूलत्थं ।।९९६।।

છાયા :-

स्याद् नानुमत एष बुद्धेन किन्तु आत्मनैव ।
दानपतिभिः सम्यक् प्रवर्त्तितः कुशलमूलार्थम् ।।९९६।।

ગાથાર્થ :-

આ થાય=પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય, બુદ્ધ ભગવાન વડે આ=ગ્રામાદિ પરિગ્રહ, અનુમત ન હતો પરંતુ દાન આપનારા પુરુષો વડે પોતાનાથી જ કુશલ મૂલ માટે સમ્યક્ પ્રવર્તાવાયો છે. ॥૯૯૬॥

ટીકા :-

स्यादेतत्-नानुमत एषः-ग्रामादिपरिग्रहो बुद्धेन, किंत्वात्मनैव दानपतिभिः कुशलमूलार्थं-कुशलकर्म्महेत्वर्थं सम्यक् प्रवर्त्तितस्ततो न कश्चिद्दोषः । अनुमत इत्यत्र अतीते काले क्तप्रत्ययो यथा शीलितो देवदत्तेनेत्यत्र, ततो बुद्धेनेत्यत्र राज्ञां मत इत्यत्रेव षष्ठी न भवति, वर्त्तमाने काले क्तस्याविधानादिति ।।९९६।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... विधानादिति ।। આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, આ=ગ્રામાદિ પરિગ્રહ, બુદ્ધ વડે અનુમત ન હતું. પરંતુ પોતાના વડે જ દાનપતિઓથી=દાન આપનારા પુરુષોથી, કુશલમૂલ માટે=કુશલ કર્મના હેતુ માટે, સમ્યક્ પ્રવર્તાવાયેલો છે, તેથી કોઈ દોષ નથી. 'અનુમત' એ પ્રકારના કથનમાં અતીતકાલમાં 'ક્ત' પ્રત્યય છે. જે પ્રમાણે 'દેવદત્ત વડે આચરાયેલો છે', એ પ્રકારના પ્રયોગમાં અતીત-કાલવિષયક 'ક્ત' પ્રત્યય છે. તેથી 'બુદ્ધેન' એ પ્રકારના પ્રયોગમાં 'રાજાને સંમત છે.' એની જેમ ષષ્ઠી નથી; કેમ કે વર્તમાનકાલમાં 'ક્ત' પ્રત્યયનું અવિધાન છે. ॥૯૯૬॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે બુદ્ધ ભગવાન પ્રાણાતિપાત વિરમણાદિ શિક્ષાવ્રતાદિરૂપ પારમિતાને સેવન કરનારા હતા. તેના ફળરૂપે જ બુદ્ધ થયેલ છે. માટે સાવદ્ય પ્રવૃત્તિરૂપ ગ્રામાદિ તેમણે સેવેલા નહીં, તેથી બુદ્ધને પોતાના સેવનકાળમાં ગ્રામાદિ પરિગ્રહ અનુમત ન હતા પરંતુ જેઓ દાન દ્વારા ભક્તિ કરનારા શ્રાવકો છે તેઓ ગુણવાનની ભક્તિના પ્રયોજન અર્થે સ્વયં જ ગ્રામાદિ દાનની ક્રિયા કરે છે. તેથી કોઈ દોષ નથી; કેમ કે ગુણવાનની ભક્તિ કરવી તે ગૃહસ્થનું ઉચિત કર્તવ્ય છે જેનાથી પોતાને કુશલ ફળની પ્રાપ્તિ થાય. તેથી દાન આપનારા વિવેકી પુરુષોથી ગ્રામાદિ દાન પ્રવર્તિત છે. માટે ભિક્ષુને તે સ્વીકારવામાં કોઈ દોષ નથી. અહીં બુદ્ધ વડે ગ્રામાદિ પરિગ્રહ અનુમત ન હતો તે અતીતકાલના અર્થમાં 'ક્ત' પ્રત્યય છે પરંતુ 'રાજાને સંમત છે' એ પ્રકારના પ્રયોગની જેમ વર્તમાનકાળના અર્થમાં ભૂતકાળનો પ્રયોગ નથી. તેથી 'બુદ્ધને અનુમત નહીં' એવો અર્થ કરવો નહીં પરંતુ 'બુદ્ધને પારમિતાના સેવનના સ્વરૂપે ગ્રામાદિ પરિગ્રહ અનુમત ન હતો', એ પ્રકારે અર્થ કરવો, **॥૯૯૬॥**

અવતરણિકા :-

अत्राह—

અવતરણિકાર્થ :-

આમાં='આ થાય' એમ કહીને ગ્રંથકારશ્રીએ પરમતની આશંકા બતાવી એમાં, કહે છે –

ગાથા :-

एवंपि हंत दोण्हवि बुद्धेणाणणुमयम्मि वत्थुम्मि ।
कह ण पयट्टंताणं परलोगविराहणा होइ? ।।९९७।।

છાયા :-

एवमपि हन्त द्वयोरपि बुद्धेनाननुमते वस्तुनि ।
कथं न प्रवर्त्तमानयोः परलोकविराधना भवति ।।९९७।।

ગાથાર્થ :-

આ રીતે પણ બુદ્ધ વડે અનનુમત વસ્તુમાં પ્રવર્તમાન એવા બંનેને પણ પરલોકની વિરાધના કેવી રીતે નહીં થાય ? અર્થાત્ થશે જ. ॥૯૯૭॥

ટીકા :-

एवमपि हन्त द्वयोरपि-दातृग्रहीत्रोर्बुद्धेनाननुमते वस्तुनि-ग्रामादिदानतत्फलोपभोगलक्षणे प्रवर्त्तमानयोः कथं न परलोकविराधना भवति?, भवत्येवेतियावत् ।।९९७।।

ટીકાર્થ :-

एवमपि ..... भवत्येवेतियावत् ।। આ રીતે પણ ખરેખર બુદ્ધ વડે અનનુમત એવી ગ્રામાદિનું દાન અને તેના ફળના ઉપભોગરૂપ વસ્તુમાં પ્રવર્તમાન એવા બંનેને પણ=દાતા અને ગ્રહણ કરનારાને પણ, કેવી રીતે પરલોકની વિરાધના ન થાય ? અર્થાત્ થાય જ. ॥૯૯૭॥

ભાવાર્થ :-

ગાથા-૯૯૬માં પૂર્વપક્ષીના અભિપ્રાય અનુસાર બુદ્ધને પ્રાણાતિપાત વિરમણાદિ શિક્ષાવ્રત લક્ષણ પારમિતાના સેવનરૂપે ગ્રામાદિ પરિગ્રહ અનુમત ન હતો એ રીતે સ્વીકારવામાં આવે તો જે ગ્રામાદિ પરિગ્રહ બુદ્ધ થવા માટે વ્યાઘાતક હોય અને બુદ્ધને અનુમત ન હોય તેવી પ્રવૃત્તિ કોઈ ભિક્ષુ કરે અને કોઈ દાતાર તેવી પ્રવૃત્તિ કરાવવામાં ભિક્ષુને સહાયક થવા અર્થે દાન આપે તો દાન લેનાર અને દાન આપનારની તે પ્રવૃત્તિ બુદ્ધને અનનુમત એવી આચરણારૂપ હોવાથી પરલોકની વિરાધના અવશ્ય તેઓને પ્રાપ્ત થશે. **॥૯૯૭॥**

અવતરણિકા :-

અત્ર પર આહ–

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વમાં કહ્યું કે દાતા અને ગ્રહણ કરનારાને બુદ્ધ વડે અનનુમત એવી વસ્તુમાં પ્રવર્તતાને કેવી રીતે પરલોકની વિરાધના ન થાય તે કથનમાં, પર=બૌદ્ધ મતવાદી, કહે છે –

ગાથા :-

दाणवतीणमणुमतो अह भिक्खूणंपि सुद्धभावाणं ।
तप्फलपरिभोगो इय परलोगविराहणा किह णु? ।।९९८।।

છાયા :-

दानपतीनामनुमतोऽथ भिक्षूणामपि शुद्धभावानाम् ।
तत्फलपरिभोग इति परलोकविराधना कथं नु ।।९९८।।

ગાથાર્થ :-

દાનપતિઓને અનુમત છે. શુદ્ધ ભાવવાળા ભિક્ષુઓને તેના ફલનો પરિભોગ છે. એ રીતે પરલોકની વિરાધના કેવી રીતે થાય ? ।।૯૯૮।।

ટીકા :-

अथ दानपतीनां ग्रामादिपरिग्रहो न भिक्षूणां सः, स च तेषां बुद्धेनानुमत एव, भिक्षूणामपि च स्वतः शुद्धभावानां सतां तत्फलपरिभोगो-ग्रामादिपरिग्रहफलपरिभोगोऽनुमत इतिः-एवमुक्तेन प्रकारेण परलोकविराधना द्वयोरपि-दातृग्रहीत्रोः कथं नु भवेत्? नैव भवेदितिभावः ।।९९८।।

ટીકાર્થ :-

अथ ..... भवेदितिभावः ।। દાનપતિઓનો ગ્રામાદિ પરિગ્રહ છે. ભિક્ષુનો તે નથી=ગ્રામાદિ પરિગ્રહ નથી. અને તે=ગ્રામાદિ પરિગ્રહ, તેઓને=દાનપતિઓને, બુદ્ધ દ્વારા અનુમત જ છે અને સ્વતઃ શુદ્ધ ભાવવાળા છતા ભિક્ષુઓને પણ=ગ્રામાદિ પરિગ્રહમાં મમત્વરહિત છતા ભિક્ષુઓને પણ, તેના ફલનો પરિભોગ=ગ્રામાદિ પરિગ્રહના ફલનો પરિભોગ, અનુમત છે એ રીતે=ઉક્ત પ્રકારથી=દાનપતિઓનો પરિગ્રહ છે અને ભિક્ષુઓનો નિર્લેપભાવથી તેનો પરિભોગ છે એ રીતે, પરલોકની વિરાધના દાતા અને ગ્રહિતા બંનેને પણ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. એ પ્રકારનો ભાવ છે. ।।૯૯૮।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે ગ્રામાદિનો પરિગ્રહ સાધુઓને આપનારા અને તેના ફલનો પરિભોગ કરનારા સાધુઓ; એ બંનેને પરલોકની વિરાધના થશે. એ પ્રકારના ગ્રંથકારશ્રીએ આપેલા દોષના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે કે ગૃહસ્થો ગ્રામાદિ પરિગ્રહવાળા છે, ભિક્ષુઓ નથી. બુદ્ધ ભગવંતે ગૃહસ્થોને પરિગ્રહનો નિષેધ

કર્યો નથી પરંતુ પરિગ્રહનો સદ્ઉપયોગ કરીને ધર્મ કરવાની પ્રેરણા કરી છે અને ભિક્ષુઓ પરિગ્રહમાં નિર્લેપ બુદ્ધિવાળા છે, પોતે પરિગ્રહ રાખતા નથી પરંતુ ગૃહસ્થો વતી રખાયેલા પરિગ્રહનો ઉપયોગ કરે છે અને પોતે નિર્મમભાવથી નિષ્પરિગ્રહી રહે છે. તેથી ગૃહસ્થોને પણ ભિક્ષુની ભક્તિનું ફલ મળે છે અને ભિક્ષુઓ પણ નિર્લેપભાવથી તેનો પરિભોગ કરે છે. તેથી પરલોકમાં બંનેનું અહિત થશે નહીં. ॥૯૯૮॥

અવતરણિકા :-

अत्राचार्य आह—

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષી દ્વારા ગાથા-૯૯૮માં આપેલા સમાધાનમાં, આચાર્યશ્રી કહે છે —

ગાથા :-

आरंभनिट्ठियं पिंडमादि भुंजंतगाण भिक्खूणं ।
तत्थ पवित्तीओ अणुमतीएँ भिक्खुत्तणमजुत्तं ।।९९९।।

છાયા :-

आरंभनिष्ठितं पिण्डादिकं भुञ्जानानां भिक्षूणाम् ।
तत्र प्रवृत्तेरनुमतेः भिक्षुत्वमयुक्तम् ।।९९९।।

ગાથાર્થ :-

આરંભનિષ્ઠિત પિંડાદિને ભોગવતા ભિક્ષુની ત્યાં=આરંભવાળા પિંડમાં, પ્રવૃત્તિ હોવાને કારણે અનુમતિ હોવાથી ભિક્ષુકપણું અયુક્ત છે. ॥૯૯૯॥

ટીકા :-

'आरम्भनिष्ठितम्' आरम्भेण निष्ठां नीतं पिण्डादिकं भुञ्जानानां भिक्षूणां भिक्षुत्वमयुक्तम् । कुत इत्याह—तत्र-आरम्भेऽनुमतेः-अनुमतिसद्भावात् । सापि कथमवसीयते इति चेत्, उच्यते—कथमन्यथा आरम्भनिष्ठिते पिण्डादौ भोजनार्थं प्रवृत्तिरुपपद्येत?, प्रवृत्तेरन्यथानुपपत्त्या साऽनुमतिरवसीयते । ननु भवन्मतेनापि यतेरारम्भानुमतिलक्षणो दोषोऽपरिहार्य एव, तथाहि—यत्र स लभते तत्र परितोषमुपयाति, ततो लाभविषयपरितोषसंभवेन नियमतस्तस्यारम्भानुमतिप्रसङ्गः, यदाह—

'कथमेषणीयमपि भिक्षुरदन् हिंसां न सोऽनुमन्येत ।
परितुष्यति यल्लब्ध्वा ग्रहणं नह्यस्त्यसति तोषे ।।१।।' **इति ।।**

तदेतदयुक्तम्, लाभालाभयोस्तस्य परितोषवैक्लव्याभावात्, अन्यथा सम्यग्यतित्वानुपपत्तेः, तदाह—'नालाभे वैक्लव्यं न च लाभे विस्मयः कार्य इति' । भवतु वा परितोषस्तथापि नासावारम्भानुमतये,

किंतु धर्म्मानुष्ठानवृद्धये, 'यथाऽनेन लब्धेन सुखं मे धर्म्मानुष्ठानमुत्सर्प्यतीति,' ततो न कश्चिद्दोषः, उक्तं च–

'इत्येष विप्रलापो न स तुष्यति येन जीवघाताय ।
सुखमुत्सर्पति मेऽयं धर्म्मोऽनेनेति तुष्यति तु ।।१।।
ननु देहेन सामर्थ्ये(समर्थे)नानेन सुखं तपोऽधितिष्ठामि ।
इति तुष्यतोऽस्ति न यतेर्मातापितृमैथुनानुमतिः ।।२।।' **इति ।।**

एष इति अनन्तरोक्त आरम्भानुमतिप्रसङ्गापादा(द)नरूपः, न च वाच्यमेवं भिक्षुकाणामपि आरम्भनिष्ठितं भुञ्जानानां परितोषो धर्म्मार्थं भविष्यति ततो नारम्भानुमतिप्रसङ्ग इति, यतस्तदर्थमेव स आरम्भस्तत आत्मार्थमारम्भनिष्ठितं पिण्डादिकं भुञ्जानाः कथमेते दयालुतामश्नुवीरन्?, आह च–

'औद्देशिकादिभोज्यपि तथैव ननु तुष्यतीत्यपि न युक्तम् ।
आत्मार्थं हि हतानां न यतिर्दयते स जीवानाम् ।।१।।
हत्वात्मार्थं सत्त्वं समक्षमुपहृतमुदीक्ष्य तन्मांसम् ।
न हि गृह्णाति दयालुर्गृह्णन्ननु निर्दयो भवति ।।२।।' **इति ।।**

यतयस्त्वात्मार्थमारम्भनिष्ठितं पिण्डादिकं न भुञ्जते ततो न तेषामारम्भानुमतिप्रसङ्गः, किंतु भिक्षूणामेव, तथा च कुतस्तेषां भिक्षुत्वम् ? ।।९९९।।

टीकार्थ :-

'आरम्भनिष्ठितम्' ..... भिक्षुत्वम् ? ।। આરંભથી નિષ્ઠિત=આરંભથી નિષ્ઠાને પ્રાપ્ત કરાયેલું, પિંડાદિક ભોગવનારા ભિક્ષુઓનું ભિક્ષુપણું અયુક્ત છે. કયા કારણથી તેઓનું ભિક્ષુપણું અયુક્ત છે ? એથી કહે છે – ત્યાં=આરંભમાં, અનુમતિ હોવાથી=અનુમતિનો સદ્ભાવ હોવાથી ભિક્ષુપણું અયુક્ત છે એમ અન્વય છે. તે પણ=આરંભની અનુમતિ પણ, કેવી રીતે જણાય છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ઉત્તર આપે છે. અન્યથા=આરંભમાં અનુમતિ ન હોય તો, આરંભથી પૂર્ણ કરાયેલ પિંડાદિમાં ભોજન માટે પ્રવૃત્તિ કેવી રીતે ઘટે ? અર્થાત્ આરંભમાં અનુમોદન વગર પ્રવૃત્તિ ઘટે નહીં. પ્રવૃત્તિ અન્યથા અનુપપત્તિ હોવાથી=યતિ અર્થે કરાયેલા આરંભવાળા પિંડના ગ્રહણમાં યતિની પ્રવૃત્તિની અનુમોદના વગર અનુપપત્તિ હોવાથી, તે અનુમતિ=યતિની આરંભમાં અનુમતિ, જણાય છે. 'ननु'થી પૂર્વપક્ષી કહે છે, તમારા મતથી પણ યતિને આરંભની અનુમતિ લક્ષણ દોષ અપરિહાર્ય જ છે=જૈનોના મતથી પણ સાધુને આરંભમાં અનુમતિના દોષની અવશ્ય પ્રાપ્તિ થશે જ, તે આ પ્રમાણે – જ્યાં=જે સ્થાનમાં, તે=જૈન સાધુ, પ્રાપ્ત કરે છે=ભિક્ષા પ્રાપ્ત કરે છે, ત્યાં પરિતોષને પામે છે. તેથી=પ્રાપ્ત થયેલા ભોજનથી, લાભવિષયક પરિતોષનો સંભવ હોવાને કારણે નિયમથી તેના

આરંભની અનુમતિનો પ્રસંગ છે. જેને કહે છે. "એષણીય પણ પિંડને ખાતો તે ભિક્ષુ હિંસાને કેવી રીતે અનુમોદના ન કરે ? અર્થાત્ અનુમોદના કરે છે. જેને પ્રાપ્ત કરીને પરિતોષ પામે છે, તોષ નહીં થયે છતે, ગ્રહણ નથી." **આ અયુક્ત છે='જૈન સાધુ નિર્દોષ પિંડ ગ્રહણ કરે છે તેમાં પણ તોષને કારણે અનુમોદન છે' એમ જે પૂર્વપક્ષીએ કહ્યું તે આ અયુક્ત છે; કેમ કે તેમને=સાધુને, લાભ-અલાભમાં પરિતોષ અને વૈકલવ્યનો અભાવ છે=પિંડના લાભમાં સાધુને તોષનો અભાવ છે અને પિંડના અલાભમાં ખેદનો અભાવ છે. અન્યથા=લાભ-અલાભમાં સમાન ચિત્ત ન હોય તો, સમ્યગ્ યતિપણાની અનુપપત્તિ છે. તેને કહે છે – "અલાભમાં=ભિક્ષાના અલાભમાં, વૈકલવ્ય ન કરવું જોઈએ અને લાભમાં વિસ્મય ન કરવો જોઈએ." આ રીતે જૈન સાધુને ભિક્ષામાં સમભાવનો પરિણામ હોવાથી અપ્રાપ્તિમાં ખેદ થતો નથી અને પ્રાપ્તિમાં પરિતોષ થતો નથી તેમ બતાવ્યું.**

હવે અન્ય સૂક્ષ્મદૃષ્ટિથી સાધુને લાભનો પરિતોષ પણ સંયમના અંગભૂત છે. તે બતાવવા અર્થે 'વા' કારથી કહે છે –

અથવા પરિતોષ થાઓ=સાધુને નિર્દોષ ભિક્ષાની પ્રાપ્તિમાં પરિતોષ થાઓ, તોપણ આ=પરિતોષ, આરંભની અનુમતિ માટે નથી પરંતુ ધર્મઅનુષ્ઠાનની વૃદ્ધિ માટે છે. જે 'યથા'થી બતાવે છે – પ્રાપ્ત થયેલા આના દ્વારા=આહાર દ્વારા='મારું ધર્મઅનુષ્ઠાન સુખપૂર્વક વૃદ્ધિ પામશે=પ્રાપ્ત થયેલા આહાર દ્વારા કંઈક સમર્થ થયેલા દેહથી હું સુખપૂર્વક નિર્લેપ પરિણતિની વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર કરવા સમર્થ થઈશ.' એ પ્રકારની બુદ્ધિથી પ્રાપ્ત થયેલા ભોજનમાં પરિતોષ છે. તેથી કોઈ દોષ નથી અને કહ્યું છે – "આ પ્રકારનો આ વિપ્રલાપ છે=પૂર્વપક્ષીનો આ પ્રલાપ છે. કેમ વિપ્રલાપ છે ? એ સ્પષ્ટ કરે છે – તે=સાધુ, જે કારણથી જીવઘાત અર્થે તોષ પામતા નથી=પોતે જે ભિક્ષા ગ્રહણ કરે છે તે ભિક્ષાની નિષ્પત્તિમાં જે જીવઘાત થયેલો તેના કારણે સાધુ તોષ પામતા નથી, પરંતુ 'મારો આ ધર્મ ભિક્ષા દ્વારા સુખપૂર્વક વૃદ્ધિને પામે છે,' એ પ્રમાણે તોષ પામે છે. વળી સમર્થ એવા આ દેહ વડે સુખપૂર્વક તપ સેવીશ. એથી તોષ પામતા યતિને=પોતાના સમર્થ દેહ પ્રત્યે તોષ પામતા યતિને માતાપિતાના મૈથુનની અનુમતિ નથી." **ઉદ્ધરણની ગાથામાં 'એષ' શબ્દ છે. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. એષ એ અનંતરમાં કહેવાયેલ આરંભની અનુમતિના પ્રસંગના આપાદનરૂપ છે. તેથી ઉદ્ધરણની બે ગાથાની પૂર્વે કોઈક ગાથા છે તે ગાથામાં આરંભની અનુમતિના પ્રસંગનું આપાદાન છે એ આપાદાન વિપ્રલાપ છે અર્થાત્ તે કથન સમ્યગ્ નથી એ પ્રકારનો અર્થ છે. અને ન કહેવું, શું ન કહેવું ? તે બતાવે છે. આ રીતે આરંભનિષ્ઠિત ભોજન કરનાર ભિક્ષુકોનો પણ=બૌદ્ધ સાધુઓનો પણ, પરિતોષ ધર્મ માટે થશે. તેથી આરંભની અનુમતિનો પ્રસંગ નથી. આ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે, જે કારણથી તેમના માટે જ=ભિક્ષુક માટે જ, તે આરંભ છે. તેથી પોતાના માટે આરંભનિષ્ઠિત પિંડાદિ વાપરતા આ=બૌદ્ધભિક્ષુકો, કેવી રીતે દયાળુતાને ધારણ કરે અર્થાત્ દયાળુતાને ધારણ કરતા નથી. અને કહે છે** – ઔદેશિકાદિ ભોજી પણ સાધુ તે પ્રકારે જ તોષ પામે છે એ પણ યુક્ત નથી. હિ=જે કારણથી, પોતાના માટે હણાયેલા જીવોની તે યતિ દયા કરતા નથી, પોતાના માટે જીવને હણીને સમક્ષ લવાયેલા તે માંસને જોઈને દયાળુ જીવ ગ્રહણ કરતો નથી, ગ્રહણ કરતો ખરેખર નિર્દય છે. **વળી,**

યતિઓ પોતાના માટે આરંભથી નિષ્ઠિત પિંડાદિને વાપરતા નથી. તેથી તેઓને=યતિઓને=જૈન સાધુઓને, આરંભની અનુમતિનો પ્રસંગ નથી પરંતુ ભિક્ષુકોને જ=બૌદ્ધ ભિક્ષુકોને જ. આરંભની અનુમતિનો પ્રસંગ છે, અને તે રીતે=ભિક્ષુક પોતાના ઉદ્દેશથી કરાયેલું પિંડગ્રહણ કરે છે તે રીતે, કેવી રીતે તેઓનું ભિક્ષુકપણું છે ? અર્થાત્ તેઓનું ભિક્ષુપણું નથી. ॥૯૯૯॥

ભાવાર્થ :-

ગાથા-૯૯૮માં કહ્યું કે દાન આપનારા ગૃહસ્થોનું ગ્રામાદિ પરિગ્રહ છે, ભિક્ષુકનું નથી. ભિક્ષુક તે ગ્રામાદિનો પરિભોગ કરે છે. તેથી તેઓને પરલોકનું અહિત થતું નથી. ત્યાં જેમ ગ્રામાદિ પરિગ્રહ છે, તેમ સાધુ ભોજન કરે છે તે પરિગ્રહ જ છે; કેમ કે આરંભથી બનેલું ભોજન સાધુ વાપરે છે. તેથી તે ભોજનમાં કરાયેલી આરંભની પ્રવૃત્તિમાં અનુમતિનો પ્રસંગ સાધુને પણ પ્રાપ્ત થાય છે તેથી પરિગ્રહ છે. જે સાધુ આરંભથી કરાયેલ પિંડ ગ્રહણ કરે તેને આરંભની અનુમોદના છે તે કેમ નક્કી થાય ? તેથી કહે છે – જો આરંભથી બનાયેલા પિંડમાં સાધુને અનુમતિ ન હોય તો સાધુ તે ભિક્ષા કેમ ગ્રહણ કરે છે ? અને સાધુ ભિક્ષા ગ્રહણ કરે છે. તેથી નક્કી થાય છે કે જૈન સાધુ જે ભિક્ષા ગ્રહણ કરે છે તે ભિક્ષામાં કરાયેલા આરંભની અનુમતિ છે. વળી, પોતાના કથનને દ્રઢ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે જૈન મતમાં સાધુને પણ આરંભની અનુમતિના દોષનો પરિહાર થઈ શકે તેમ નથી; કેમ કે જૈન સાધુ ૪૨ દોષરહિત ભિક્ષા ગ્રહણ કરે તો પણ પ્રાપ્ત થયેલી ભિક્ષામાં તેમને પરિતોષ થાય છે. તેથી નિયમથી તે ભિક્ષામાં રહેલા આરંભની અનુમતિ સાધુને પ્રાપ્ત થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જે સાધુ સમભાવના પરિણામવાળા છે તેઓને ભિક્ષાના લાભમાં તોષ કે ભિક્ષાના અલાભમાં ખેદ થતો નથી પરંતુ વિચારે છે કે સંયમને અનુકૂળ નિર્દોષ ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે, નહિ મળે તો તપની વૃદ્ધિ થશે. તેથી ભિક્ષાના લાભ-અલાભ પ્રત્યે સમાન ચિત્તવાળા સાધુને આરંભની અનુમતિ પ્રાપ્ત થતી નથી. જેઓનું આવું ચિત્ત નથી તેઓમાં સમ્યગ્ સાધુપણું નથી.

વળી, અન્ય નયની સૂક્ષ્મદૃષ્ટિથી સમાધાન કરે છે. સાધુને ભિક્ષાની પ્રાપ્તિમાં જે પરિતોષ થાય છે તે ભિક્ષાની પ્રાપ્તિથી નથી થતો પણ તે ભિક્ષાના બળથી પોતે સંયમના અનુષ્ઠાનમાં વિશેષ ઉદ્યમ કરીને સમભાવની વૃદ્ધિ કરી શકશે. તેથી સમભાવની વૃદ્ધિનું કારણ એવી ભિક્ષા મને મળી છે, તેથી સમભાવના રાગવાળા મુનિ હોવાથી તેના ઉપાયમાં પરિતોષ થાય એ દોષ નથી. આથી જ જે સાધુનો દેહ સમર્થ હોય તે સાધુ પોતાના સમર્થ દેહથી તોષ પામે તો માતાપિતાના મૈથુનની અનુમતિ પ્રાપ્ત થાય છે; કેમ કે માતાપિતાના મૈથુનના સેવનથી સમર્થ દેહ પ્રાપ્ત થયો છે પરંતુ જે સાધુ 'આ દેહથી હું સુખપૂર્વક તપ કરી શકીશ.' એ પ્રકારના ભાવનપૂર્વક તપ સેવે છે અને તપના સાધનભૂત આ સમર્થ દેહ મને મળ્યો છે. તેથી તેઓને માતાપિતાના મૈથુનની અનુમતિ નથી.

વળી, બૌદ્ધ ભિક્ષુઓ તો સાક્ષાત્ પોતાના માટે કરાયેલા ભોજનનો ઉપભોગ કરે છે. તેઓને અવશ્ય આરંભની અનુમતિનો પ્રસંગ છે. જો તેઓમાં દયાળુતા હોય તો પોતાના માટે કરાયેલ પિંડાદિને વાપરે

નહિ, માટે દાન આપનારા ગૃહસ્થનો ગ્રામાદિ પરિગ્રહ હોય તોપણ ભિક્ષુના અર્થે ગૃહસ્થો આરંભની પ્રવૃત્તિ કરે અને ભિક્ષુક તેનો ઉપભોગ કરે તો ભિક્ષુકનું ભિક્ષુપણું નથી. ॥૯૯૯॥

અવતરણિકા :-

यत आह—

અવતરણિકાર્થ :-

જે કારણથી કહે છે — સાધુઓ પોતાના માટે આરંભથી કરાવાયેલું પિંડાદિ વાપરતા નથી માટે તેઓને આરંભની અનુમતિનો પ્રસંગ નથી એમ પૂર્વમાં કહ્યું તેને દૃઢ કરવા માટે જે કારણથી શાસ્ત્રમાં કહ્યું છે એને કહે છે —

ગાથા :-

तिविहं तिविहेण जओ पावं परिहरति जो निरासंसो ।
भिक्खणसीलो य तओ भिक्खुत्ति निदरिसिओ समए ।।१०००।।

છાયા :-

त्रिविधं त्रिविधेन यतः पापं परिहरति यो निराशंसः ।
भिक्षणशीलश्च सको भिक्षुरिति निदर्शितः समये ।।१०००।।

ગાથાર્થ :-

જે કારણથી નિરાશંસ એવા જે ત્રિવિધ પાપને ત્રિવિધથી પરિહાર કરે છે અને ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે, શાસ્ત્રમાં તે 'ભિક્ષુક' એ પ્રમાણે બતાવાયા છે. ॥૧૦૦૦॥

ટીકા :-

यस्मात्त्रिविधं त्रिविधेन मनोवचनकायैः प्रत्येकं करणकारणानुमतिलक्षणेन निराशंसः-इहपर-लोकाशंसारहितः सन् यः पापम्-अवद्यं परिहरति भिक्षणशीलश्च, अनेन च भिक्षुशब्दस्य व्युत्पत्तिनिमित्तं दर्शयति, पूर्वार्द्धेन तु प्रवृत्तिनिमित्तं, 'ततो'त्ति सको भिक्षुरितिः-एवं निदर्शितः समये । तत आरम्भनिष्ठितं पिण्डादिकं भुञ्जानस्य भिक्षोर्भिक्षुत्वमयुक्तमिति ।।१०००।।

ટીકાર્થ :-

यस्मात्त्रिविधं ..... युक्तमिति ।। જે કારણથી નિરાશંસ=આલોક અને પરલોકની આશંસારહિત એવા જે સાધુ, કરણ, કરાવણ, અનુમતિલક્ષણથી ત્રિવિધ એવા પાપને=અવદ્યને, પ્રત્યેકને આશ્રયીને મન-વચન-કાયારૂપ ત્રિવિધથી પરિહરે છે અને ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે. તે ભિક્ષુ છે. એ પ્રમાણે શાસ્ત્રમાં બતાવાયેલું છે અને આના દ્વારા=ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે એના

દ્વારા, 'ભિક્ષુ' શબ્દની વ્યુત્પત્તિ નિમિત્તને બતાવે છે. વળી પૂર્વાર્ધથી=ત્રિવિધથી ત્રિવિધ પાપનો પરિહાર કરે છે એ રૂપ પૂર્વાર્ધથી, પ્રવૃત્તિ નિમિત્તને બતાવે છે=ભિક્ષુપદની પ્રવૃત્તિ નિમિત્ત કયો ધર્મ છે તેને બતાવે છે. તેથી આરંભથી નિષ્ઠિત પિંડાદિને વાપરતા ભિક્ષુકનું ભિક્ષુપણું અયુક્ત છે. ॥૧૦૦૦॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે જૈન સાધુ પોતાના માટે કરાયેલું પિંડાદિ વાપરતા નથી. તેથી તેઓને આરંભની અનુમતિનો પ્રસંગ નથી અને બૌદ્ધ ભિક્ષુક પોતાના માટે આરંભાદિથી કરાયેલા પિંડાદિને ગ્રહણ કરે છે. તેથી ગ્રામાદિને ગ્રહણ કરે છે. માટે તેઓમાં ભિક્ષુકપણું નથી.

અહીં પ્રશ્ન થાય કે કેવા સાધુમાં ભિક્ષુપણું સંભવી શકે ? તેથી કહે છે –

જે સાધુ આલોકનાં તુચ્છ, બાહ્ય સુખોમાં અને પરલોકનાં બાહ્ય સુખોમાં આશંસારહિત છે અને મન-વચન-કાયાથી કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્રિવિધ પાપનો પરિહાર કરે છે અર્થાત્ મનથી પણ પાપ કરતા નથી, કરાવતા નથી કે અનુમોદન કરતા નથી તે રીતે વચન પણ કરતા નથી, કરાવતા નથી કે અનુમોદન કરતા નથી અને કાયાથી પણ પાપ કરતા નથી, કરાવતા નથી કે અનુમોદન કરતા નથી, કેવળ સંસારના ભાવો પ્રત્યેના ચિત્તના સંશ્લેષનો નાશ કરવા અર્થે નિર્દોષ ભિક્ષાચર્યા દ્વારા સંયમદેહનો નિર્વાહ કરે છે તેને શાસ્ત્રમાં ભિક્ષુક કહેલ છે.

વળી, બૌદ્ધ દર્શનવાદી પણ પોતાના સંન્યાસીઓને ભિક્ષુક કહે છે પરંતુ તેઓ માટે કરાયેલા આરંભથી બનેલા પિંડાદિને ગ્રહણ કરે છે. તેથી તેઓને ભિક્ષુક કહી શકાય નહીં અને ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા એમ કહ્યું તેથી જેઓ સંયમદેહના નિર્વાહ અર્થે ભિક્ષા ગ્રહણ કરે છે તેઓ ભિક્ષુ છે એ પ્રકારે 'ભિક્ષુ' શબ્દની વ્યુત્પત્તિ છે તેને બતાવેલ છે.

વળી, જેઓ ભિક્ષા ગ્રહણ કરે છે છતાં નિરાશંસ થઈને સર્વ પાપનો પરિહાર કરતા નથી તેઓમાં 'ભિક્ષુ' પદની પ્રવૃત્તિ થઈ શકે નહીં તેમ બતાવેલ છે. તેથી ગાથાના પૂર્વાર્ધથી 'ભિક્ષુ' પદની પ્રવૃત્તિના નિમિત્ત એવા સાધુનું સ્વરૂપ બતાવેલ છે. **॥૧૦૦૦॥**

અવતરણિકા :-

अत्र परस्याभिप्रायमाह—

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વગાથામાં કહ્યું કે આરંભથી કરાયેલા પિંડાદિને ભોગવનારા ભિક્ષુનું ભિક્ષુકપણું નથી એમાં, પરના અભિપ્રાયને કહે છે –

ગાથા :-

अह उस्सग्गेणेसो धूतगुणासेवणेक्कतत्तिट्ठो ।
अववादेण उ आरंभनिट्ठियं चेव सेवंतो ।।१००१।।

છાયા :-

अथोत्सर्गेणैष धूतगुणासेवनैकतन्निष्ठः ।
अपवादेन तु आरंभनिष्ठितमेव सेवमानः ।।१००१।।

ગાથાર્થ :-

'अह'થી પૂર્વપક્ષી કહે છે – ઉત્સર્ગથી ધૂતગુણ આસેવનમાં એક નિષ્ઠાવાળા આ=યતિ, છે. વળી અપવાદથી આરંભ નિષ્ઠિતને પણ સેવતા ભિક્ષુક છે. ।।૧૦૦૧।।

ટીકા :-

अथोत्सर्गेण एष एव धूतगुणासेवनैकतन्निष्ठः-निर्वाणकारणकरुणादिगुणासेवनैकतत्परो भिक्षुर्मतः, अपवादेन तु-अपवादपदेन पुनरारम्भनिष्ठितमपि, चेवशब्दोऽपिशब्दार्थः, सेवमानो भिक्षुर्भिक्षुत्वेन सम्मतस्ततो न पूर्वोक्तदोषावकाश इति ।।१००१।।

ટીકાર્થ :-

अथोर्त्सग्गेण ..... इति ।। અથથી પૂર્વપક્ષી કહે છે. ઉત્સર્ગથી આ જ ધૂતગુણ આસેવનની એક તદ્નિષ્ઠાવાળા=નિર્વાણના કારણ એવા કરુણાદિ ગુણના સેવનમાં એક તત્પર, ભિક્ષુક કહેવાયા છે. અપવાદ પદથી વળી આરંભનિષ્ઠિત પણ સેવતા ભિક્ષુક ભિક્ષુકપણા વડે સંમત છે. ચેવ શબ્દ અપિ અર્થવાળો છે. તેથી=અપવાદથી આરંભનિષ્ઠ પણ સેવતા ભિક્ષુક છે તેથી, પૂર્વમાં કહેલા દોષનો અવકાશ નથી=ગાથા-૧૦૦૦માં કહેલ દોષનો અવકાશ નથી. ।।૧૦૦૧।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જે સાધુ આરંભનિષ્ઠિત પિંડાદિને વાપરે છે તે સાધુનું ભિક્ષુકપણું અયુક્ત છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે ઉત્સર્ગથી જેઓ નિર્વાણના કારણ એવા કરુણાદિ ગુણોના આસેવનમાં અત્યંત તત્પર છે તેઓ જ ભિક્ષુક છે. તેથી તેવા ભિક્ષુકો સંપૂર્ણ નિરારંભ પિંડને વાપરનારા હોય છે. આમ છતાં જે ભિક્ષુકમાં તેવું બળ સંચિત થયું નથી તેથી તેવા નિર્દોષ પિંડથી દેહનું પોષણ કરીને સતત નિર્વાણના કારણ એવા કરુણાદિ ગુણોનું આસેવન કરી શકે તેવા નથી તેઓ અપવાદ પદથી આરંભ કરાયેલું પિંડ પણ સેવન કરે તોપણ તેઓએ ગૃહવાસનો ત્યાગ કર્યો છે, ભિક્ષાથી આજીવિકા કરે છે તેથી તેમને ભિક્ષુક કહી શકાશે. માટે ગાથા-૧૦૦૦માં કહ્યું કે આરંભથી કરાયેલા પિંડાદિ જેઓ વાપરે છે તેઓનું ભિક્ષુપણું અયુક્ત છે તે દોષનો અવકાશ નથી. **॥૧૦૦૧॥**

અવતરણિકા :-

अत्राह–

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષીના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

चरणपरिणामबीयं जं न विणासेइ कज्जमाणंपि ।
तमणुट्ठाणं सम्मं अववादपदं मुणेतव्वं ।।१००२।।

છાયા :-

चरणपरिणामबीजं यन्न विनाशयति क्रियमाणमपि ।
तदनुष्ठानं सम्यगपवादपदं ज्ञातव्यम् ।।१००२।।

ગાથાર્થ :-

સેવન કરાતું જે અનુષ્ઠાન ચરણપરિણામના બીજને નાશ કરતું નથી જ તે અનુષ્ઠાન સમ્યગ્ અપવાદપદ જાણવું. ।।૧૦૦૨।।

ટીકા :-

यत्-अनुष्ठानं क्रियमाणमपिरेवकारार्थो भिन्नक्रमश्च स च यथास्थानं योक्ष्यते,चरणपरिणामबीजं नैव विनाशयति तदनुष्ठानं सम्यक् अपवादपदम्-अपवादपदविषयं ज्ञातव्यम् ।।१००२।।

ટીકાર્થ :-

यत् ..... ज्ञातव्यम् ।। કરાતું જે અનુષ્ઠાન ચરણપરિણામના બીજને નાશ કરતું નથી જ તે અનુષ્ઠાન સમ્યગ્ અપવાદપદ છે=અપવાદપદના વિષયવાળું જાણવું. 'अपि' શબ્દ=कज्जमाणं પછી રહેલો 'अपि' શબ્દ, એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે=એવકાર, યથાસ્થાનમાં યોજન કરાશે=આગળમાં 'न' પછી તેનું યોજન કરાયેલ છે. ।।૧૦૦૨।।

ગાથા :-

जं पुण नासेइ तयं ण तयं दिट्ठमिह सत्थगारेहिं ।
तब्भावेवि गिहीहिं अइप्पसंगो धुवो होइ ।।१००३।।

છાયા :-

यत्पुनर्नाशयति तकन्न तकद् दृष्टमिह शास्त्रकारैः ।
तद्भावेऽपि गृहिभिरतिप्रसंगो ध्रुवो भवति ।।१००३।।

ગાથાર્થ :-

જે અનુષ્ઠાન તેનો=ચરણપરિણામના બીજનો, નાશ કરે છે, તે=તે અનુષ્ઠાન, શાસ્ત્રકારો

વડે અહીં=યતિભાવમાં, અપવાદનો વિષય જોવાયો નથી. તેના ભાવમાં પણ=બીજના ચરણપરિણામના નાશના ભાવમાં પણ, અપવાદ સ્વીકારવામાં ગૃહસ્થની સાથે અતિપ્રસંગ ધ્રુવ થાય છે. ।।૧૦૦૩।।

ટીકા :-

यत् पुनरनुष्ठानं क्रियमाणं तकत्-चरणपरिणामबीजं नाशयति न तदपवादविषयं दृष्टमिह शास्त्रकारैः । विपक्षे बाधामाह—'तब्भावे इत्यादि' चरणपरिणामबीजविनाशभावेऽपि यद्यनुष्ठानमपवाद-पदविषयमिष्यते ततो गृहिभिः-गृहस्थैरतिप्रसङ्गो ध्रुवः प्राप्नोति, तेषामपि धनधान्यकनकग्रामादि-परिग्रहवता कनकादिपरिग्रहस्यापवादपदविषयत्वाभ्युपगमेन भिक्षुत्वप्रसक्तेरिति ।।१००३।।

ટીકાર્થ :-

यत् ..... प्रसक्तेरिति ।। જે વળી કરાતું અનુષ્ઠાન તેનો=ચરણપરિણામના બીજનો નાશ કરે છે તે અનુષ્ઠાનને અહીં=યતિભાવમાં, અપવાદનો વિષય શાસ્ત્રકારો વડે જોવાયો નથી. વિપક્ષમાં બાધાને કહે છે=ચરણપરિણામના નાશ કરનારા અશુદ્ધ પિંડાદિના ગ્રહણને અપવાદરૂપે સ્વીકારવા રૂપ વિપક્ષમાં બાધાને કહે છે. ચરણપરિણામના બીજના વિનાશભાવમાં પણ જો અનુષ્ઠાન અપવાદપદનો વિષય ઇચ્છાય છે, તો ગૃહસ્થો સાથે અતિપ્રસંગ નિશ્ચય પ્રાપ્ત થાય છે; કેમ કે ધન, ધાન્ય, સુવર્ણ, ગ્રામાદિ પરિગ્રહવાળા તેઓના પણ કનકાદિ પરિગ્રહને અપવાદપદના વિષયપણારૂપે સ્વીકારવાથી ભિક્ષુકપણાની પ્રસક્તિ છે. ।।૧૦૦૩।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૦૧માં પૂર્વપક્ષીએ કહ્યું કે જે ભિક્ષુઓ આરંભથી કરાયેલું પિંડ ગ્રહણ કરે છે તેઓ પણ આરંભથી કરાયેલું પિંડ અપવાદથી ગ્રહણ કરે છે માટે તેઓ પણ ભિક્ષુ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જે અનુષ્ઠાન સેવાતું ચરણપરિણામના બીજનો નાશ કરતું નથી તે અનુષ્ઠાન સમ્યગ્ અપવાદપદ જાણવું. તેથી એ પ્રાપ્ત થાય કે ચારિત્રનો પરિણામ મોહની સામે સુભટની જેમ લડીને કષાયનો ક્ષય કરવાને અનુકૂળ યત્ન સ્વરૂપ છે. જેઓ ચારિત્રના પરિણામમાં વર્તે છે તેઓ તેની વૃદ્ધિમાં સદા યત્ન કરે છે. આમ છતાં તેઓને શુદ્ધ પિંડાદિની અપ્રાપ્તિને કારણે ચારિત્રના પરિણામની વૃદ્ધિ અશક્ય જણાય ત્યારે કાંઈક અશુદ્ધ પિંડ ગ્રહણ કરે છે જે અપવાદથી અશુદ્ધ પિંડનું ગ્રહણ છે. તેથી તે અશુદ્ધ પિંડ દ્વારા પણ તેઓ સમભાવના પરિણામને અને ચારિત્રના પરિણામની વૃદ્ધિ કરે છે. વળી, જે સાધુઓ શાતા અર્થે અશુદ્ધ પિંડનું ગ્રહણ કરે છે અને શુદ્ધ પિંડ ગ્રહણ કરવામાં આળસવાળા છે તેઓનું અશુદ્ધ પિંડનું ગ્રહણ ચારિત્રના પરિણામના બીજભૂત સમભાવના પરિણામનો નાશ કરે છે. તેઓનું અશુદ્ધ પિંડગ્રહણ અપવાદનો વિષય શાસ્ત્રકારો વડે જોવાયો નથી. આમ છતાં જે અશુદ્ધ પિંડના ગ્રહણમાં ચારિત્રના પરિણામનો નાશ થતો હોય છતાં તેને અપવાદનો વિષય કહેવામાં આવે તો ગૃહસ્થના

પરિગ્રહને પણ અપવાદનો વિષય કહેવાનો પ્રસંગ આવે અને તેમ સ્વીકારીએ તો પરિગ્રહવાળા ગૃહસ્થને પણ ભિક્ષુક કહેવાની આપત્તિ આવે; કેમ કે શાતા અર્થે જેમ ભિક્ષુક અશુદ્ધ પિંડ ગ્રહણ કરે છે તેમ શાતા અર્થે ગૃહસ્થો પણ ધન-ધાન્યાદિ પરિગ્રહ ગ્રહણ કરે છે માટે જેઓ અશુદ્ધ પિંડ ગ્રહણ કરે છે અને શુદ્ધ પિંડ ગ્રહણ કરવા માટે ઉચિત યતના કરતા નથી તેઓમાં ષટ્કાયના જીવોના પાલનનો અધ્યવસાય નહિ હોવાથી ભિક્ષુકપણું નથી. **॥૧૦૦૨-૧૦૦૩॥**

અવતરણિકા :-

અથોચ્યેત-કથં ગ્રામાદિપરિગ્રહસ્ય ચરણપરિણામબીજવિનાશકત્વમિત્યત આહ—

અવતરણિકાર્થ :-

અથથી પૂર્વપક્ષી વડે કહેવાય છે. કેવી રીતે ગ્રામાદિના પરિગ્રહનું ચરણપરિણામના બીજનું વિનાશકપણું છે ? એથી કહે છે —

ગાથા :-

गामादिपरिग्गहओ तव्वावारो तओ य चित्तस्स ।
नियमेण परिकिलेसो तओ य चरणस्स नासो उ ।।१००४।।

છાયા :-

ग्रामादिपरिग्रहतस्तद्व्यापारस्तस्माच्च चित्तस्य ।
नियमेन परिक्लेशस्तस्माच्च चरणस्य नाशस्तु ।।१००४।।

ગાથાર્થ :-

ગ્રામાદિનો પરિગ્રહ હોતે છતે તેનો વ્યાપાર છે અને તેનાથી=ગ્રામાદિના પરિગ્રહના વ્યાપારથી, ચિત્તનો નિયમથી પરિક્લેશ છે અને તેનાથી=પરિક્લેશથી, ચારિત્રનો નાશ છે. ।।૧૦૦૪।।

ટીકા :-

ग्रामादिपरिग्रहतो-ग्रामादिपरिग्रहे सति नियमात्तद्व्यापारो-ग्रामादिव्यापारोऽन्यथा तत्परिग्रह-नैष्फल्यापत्तेः, तस्माच्च ग्रामादिपरिग्रहव्यापारात् चित्तस्य नियमेन परिक्लेशः-संक्लिष्टरूपता, तस्माच्च परिक्लेशाच्चरणस्य-चरणपरिणामबीजस्य विनाश इति ।।१००४।।

ટીકાર્થ :-

ग्रामादिपरिग्रहतो ..... विनाश इति ।। ગ્રામાદિ પરિગ્રહથી=ગ્રામાદિ પરિગ્રહ હોતે છતે, નિયમથી તેનો વ્યાપાર=ગ્રામાદિનો વ્યાપાર, છે; કેમ કે અન્યથા=તે ગ્રામાદિના રક્ષણ આદિનો વ્યાપાર ન હોય તો, તેના પરિગ્રહના નૈષ્ફલ્યની પ્રાપ્તિ છે અને તેનાથી=ગ્રામાદિના વ્યાપારના પરિગ્રહથી, નિયમથી

ચિત્તનો પરિક્લેશ છે=સંક્લિષ્ટરૂપતા છે. તેનાથી=ચિત્તના પરિક્લેશથી, ચરણનો=ચારિત્રના પરિણામના બીજનો, વિનાશ છે. ॥૧૦૦૪॥

ભાવાર્થ :-

જે ભિક્ષુ ગ્રામાદિ પરિગ્રહ રાખે છે તેમને નિયમથી તેના રક્ષણના વ્યાપારની પ્રવૃત્તિ છે. જો ગ્રામાદિના રક્ષણમાં કોઈ વ્યાપાર ન કરવામાં આવે તો ગ્રામાદિ પરિગ્રહ રાખવાનું કોઈ પ્રયોજન રહેતું નથી અને જે ભિક્ષુ ગ્રામાદિ પરિગ્રહના સારસંભાળની પ્રવૃત્તિ કરે છે તે ભિક્ષુના ચિત્તમાં તે પ્રકારના રાગાદિ ભાવરૂપ સંક્લેશની પ્રાપ્તિ થાય છે. જેમ ગૃહસ્થો પોતાના નિવાસસ્થાનની સારસંભાળ કરે છે તે નિવાસસ્થાનમાં તેઓને રાગાદિ ભાવ વર્તે છે તેમ ભિક્ષુને પણ ગ્રામાદિ પરિગ્રહની સારસંભાળમાં રાગાદિ ભાવ વર્તે છે. તેના કારણે સર્વત્ર નિર્લેપ પરિણતિરૂપ ચારિત્રના પરિણામના બીજનો નાશ થાય છે. **॥૧૦૦૪॥**

અવતરણિકા :-

उपसंहरति—

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=પાંચમા મહાવ્રતવિષયક કથનના ઉપસંહારને કહે છે —

ગાથા :-

इय अववादपदेणवि नरिंदलीलं विलं(ऽं)बमाणाणं ।
मग्गचुयाणं विदुसे पडुच्च भिक्खुत्तणमजुत्तं ।।१००५।।

છાયા :-

इति अपवादपदेनापि नरेन्द्रलीलां विलं(ऽं)बमानानाम् ।
मार्गच्यूतानां विदुषः प्रतीत्य भिक्षुत्वमयुक्तम् ।।१००५।।

ગાથાર્થ :-

આ રીતે અપવાદપદથી પણ વિદ્વાનોને આશ્રયીને નરેન્દ્રની લીલાને વિડંબના કરતા, માર્ગથી ચ્યુત એવા ભિક્ષુઓનું ભિક્ષુપણું અયુક્ત છે. ॥૧૦૦૫॥

ટીકા :-

इतिः-एवमुपदर्शितेन प्रकारेण अपवादपदेनापि आस्तामुत्सर्गविधिना भिक्षुत्वमयुक्तमिति संबन्धः । किंविशिष्टानामित्याह—नरेन्द्रलीलां विल(ड)म्बमानानामत एव सर्वथा मार्गच्युतानां-मोक्षपथ-परिभ्रष्टानां, कान् आश्रित्य तेषां भिक्षुत्वमयुक्तमित्याह—विदुषो यथावस्थितवस्तुतत्त्वपरिज्ञानवतः प्रतीत्य ।।१००५।।

ટીકાર્થ :-

इतिः ..... प्रतीत्य ।। આ રીતે=ઉપદર્શિત પ્રકારથી, અપવાદપદ વડે પણ ભિક્ષુપણું અયુક્ત છે= ઉત્સર્ગ વિધિથી તો ગ્રામાદિ પરિગ્રહવાળામાં ભિક્ષુત્વ અયુક્ત છે પરંતુ અપવાદપદથી પણ ભિક્ષુપણું અયુક્ત છે. કેવા વિશિષ્ટ ભિક્ષુઓમાં ? એથી કહે છે – નરેન્દ્રની લીલાને વિડંબના કરતા=રાજાની જેમ વૈભવને ધારણ કરતા, આથી જ સર્વથા માર્ગથી ચ્યુતનું=મોક્ષમાર્ગથી પરિભ્રષ્ટ એવા ભિક્ષુઓનું, ભિક્ષુપણું અયુક્ત છે. કોને આશ્રયીને તેઓનું ભિક્ષુપણું અયુક્ત છે ? એથી કહે છે – વિદ્વાનોને= યથાવસ્થિત વસ્તુતત્ત્વના પરિજ્ઞાનવાળા વિદ્વાનોને, આશ્રયીને તેઓનું ભિક્ષુપણું અયુક્ત છે, એમ અન્વય છે. ।।૧૦૦૫।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે જે ભિક્ષુ ઉત્સર્ગથી અથવા અપવાદથી નિર્દોષ સંયમ માટે યત્ન કરતા નથી મુગ્ધ ગૃહસ્થોને તેઓ 'આ ત્યાગી છે' તેમ જણાય છે પરંતુ ભિક્ષુપણાના વાસ્તવિક સ્વરૂપને જાણનારા બુદ્ધિમાનોને તો તેઓ ભિક્ષુ જણાતા નથી પણ રાજાની જેમ બાહ્ય વૈભવને ભોગવનારા અને માર્ગથી ચ્યુત થયેલા જણાય છે. **॥૧૦૦૫॥**

અવતરણિકા :-

अत्र पर आह–

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વમાં કહ્યું કે નરેન્દ્રની લીલાવાળા સાધુમાં ભિક્ષુપણું અયુક્ત છે તેમાં, પર કહે છે –

ગાથા :-

छन्नउइगामकोडीपइणो भरहस्स सुद्धभावस्स ।
चरणपरिणामओ भे केवलनाणं समुप्पन्नं ।।१००६।।

છાયા :-

षण्णवतिग्रामकोटीपते र्भरतस्य शुद्धभावस्य ।
चरणपरिणामतो भो ! केवलज्ञानं समुत्पन्नम् ।।१००६।।

ગાથાર્થ :-

હે આચાર્ય ! ૯૬ ક્રોડ ગ્રામના પતિ શુદ્ધ ભાવવાળા ભરતને ચારિત્રના પરિણામથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ।।૧૦૦૬।।

ટીકા :-

षण्णवतिग्रामकोटीपतेर्भरतस्य भावशुद्धस्य सतः चरणपरिणामतः सकाशात् 'भे' इति परेणाचार्यस्यामन्त्रणे केवलज्ञानं समुत्पन्नम् ।।१००६।।

ટીકાર્થ :-

षण्णवतिग्राम ..... समुत्पन्नम् ।। ૯૬ ક્રોડ ગ્રામના પતિ ભાવથી શુદ્ધ છતા ભરતને ચારિત્રના પરિણામથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ગાથામાં 'भे' એ શબ્દ પર દ્વારા આચાર્યને આમંત્રણમાં છે= સન્મુખ કરાવવા અર્થે છે. ।।૧૦૦૬।।

અવતરણિકા :-

ततः किमित्याह—

અવતરણિકાર્થ :-

તેનાથી=ભરત મહારાજાને ભાવવિશુદ્ધિને કારણે કેવળજ્ઞાન થયું તેનાથી, શું ? એથી કહે છે –

ગાથા :-

चरणपरिणामबीयं गामादिपरिग्गहो ण णासेइ ।
इय दोण्हवि अम्हाणं सिद्धमिणं किन्न लक्खेसि? ।।१००७।।

છાયા :-

चरणपरिणामबीजं ग्रामादिपरिग्रहो न नाशयति ।
इति द्वयोरपि आवयोः सिद्धमिदं किन्न लक्षयसि ? ।।१००७।।

ગાથાર્થ :-

ગ્રામાદિ પરિગ્રહ ચરણપરિણામના બીજનો નાશ કરતો નથી. એ આપણા બંનેને પણ સિદ્ધ છે. એને તું કેમ લક્ષમાં લેતો નથી ? એમ પૂર્વપક્ષી કહે છે. ।।૧૦૦૭।।

ટીકા :-

चरणपरिणामबीजं ग्रामादिपरिग्रहो न नाशयतीति द्वयोरप्यावयोः सिद्धं, तत इत्थमिदं स्पष्टतरमागमसिद्धं किन्न प्रणिधानमाधाय लक्षयसि? येनैवमस्मान् मुधा खेदयसीति ।।१००७।।

ટીકાર્થ :-

चरणपरिणामबीजं ..... खेदयसीति ।। ગ્રામાદિ પરિગ્રહ ચારિત્રપરિણામના બીજનો નાશ કરતો નથી એ આપણને બંનેને પણ સિદ્ધ છે=સ્યાદ્વાદીના મતે ભરત મહારાજાના દૃષ્ટાંતથી સિદ્ધ છે અને

બૌદ્ધ મતે ભિક્ષુને પરિગ્રહની અનુજ્ઞા છે તેથી સિદ્ધ છે તે રીતે આપણને બંનેને પણ સિદ્ધ છે. તેથી આ પ્રમાણે આ=ગ્રામાદિ પરિગ્રહ વિવેકીના ચારિત્રનો નાશ કરતો નથી, એ સ્પષ્ટતર આગમસિદ્ધને પ્રણિધાન કરીને=આગમસિદ્ધનો વિચાર કરીને, કેમ તમે લક્ષમાં લેતા નથી ? જે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું કે ગ્રામાદિ પરિગ્રહવાળાને ઉત્સર્ગથી કે અપવાદથી ભિક્ષુપણું નથી એ રીતે, વ્યર્થ અમોને ખેદ કરાવો છો. ॥૧૦૦૭॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જે ભિક્ષુઓ નરેન્દ્રની લીલાની જેમ ગ્રામાદિ પરિગ્રહને ધારણ કરે છે તે ભિક્ષુઓમાં ભિક્ષુપણું નથી. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે ભરત મહારાજા ૯૬ ક્રોડ ગ્રામના સ્વામી હતા છતાં અંતરંગ શુદ્ધિવાળા થયા તેથી ચારિત્રના પરિણામને કારણે કેવળજ્ઞાનને પામ્યા. તે રીતે જે ભિક્ષુઓ ચિત્તથી નિર્લેપ રહીને ગ્રામાદિ પરિગ્રહ રાખે છે તેઓને ચારિત્રપરિણામ સ્વીકારવામાં કોઈ બાધા નથી. માટે ગ્રામાદિનો પરિગ્રહ વિવેકીના ચારિત્રના પરિણામના બીજનો નાશ કરતો નથી. એ તમને ભરત મહારાજાના દૃષ્ટાંતથી અને અમારા બૌદ્ધ શાસ્ત્રવચનથી સિદ્ધ છે એનો વિચાર કર્યા વગર ગ્રામાદિ પરિગ્રહવાળાને ઉત્સર્ગથી કે અપવાદથી ચારિત્ર નથી એ સ્થાપન કરીને અમને કેમ ફોગટ ખેદ પમાડો છો. એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૦૦૬-૧૦૦૭॥**

અવતરણિકા :-

અત્રાચાર્ય આહ—

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વપક્ષીના કથનમાં, આચાર્યશ્રી કહે છે=ઉત્તર આપે છે —

ગાથા :-

भरहस्स तत्थ मुच्छाविगमे णणु आसि चरणपरिणामो ।
ण य तम्मि तेण तहियं काचि पवित्ती कया आसि ।।१००८।।

છાયા :-

भरतस्य तत्र मूर्च्छाविगमे ननु आसीत् चरणपरिणामः ।
न च तस्मिन् तेन तस्मिन् काचित् प्रवृत्तिः कृताऽऽसीत् ।।१००८।।

ગાથાર્થ :-

ભરતને ત્યાં=ગ્રામાદિ પરિગ્રહમાં, મૂર્છાનો વિગમ થયે છતે ખરેખર ચારિત્રનો પરિણામ હતો. જે કારણથી તે હોતે છતે, ચરણપરિણામ હોતે છતે, તેના વડે=ભરત વડે, તેમાં=ગ્રામાદિ પરિગ્રહમાં, કોઈ પ્રવૃત્તિ કરાયેલી ન હતી. ॥૧૦૦૮॥

ટીકા :-

ભરતસ્ય તત્ર-ષણ્ણવતિગ્રામકોટીપરિગ્રહવિષયે મૂર્ચ્છાવિગમે-ગૃદ્ધ્યપગમે સતિ નન્વાસીત્ ચરણ-પરિણામઃ, ततस्तत्त्वतस्तस्य ગ્રામાદિપરિગ્રહરહિતસ્યૈવ ચરણપરિણામોઽભૂત્, 'मुच्छा परिग्गहो वुत्तो' इति વચનતો મૂર્ચ્છાયા एव પરિગ્રહત્વાત્, તસ્યાશ્ચ તસ્યાભાવાદિતિ । અથ કથં તસ્ય ગ્રામાદિપરિગ્રહવિષયે મૂર્ચ્છાપગમોઽવસીયત ઇત્યત આહ—'ન યેત્યાદિ', ચો હેત્વર્થે, ન યસ્માત્તસ્મિન્-ચરણપરિણામે સતિ તેન-ભરતેન તસ્મિન્-ગ્રામાદિપરિગ્રહે કાચિદપિ-અન્તતોઽનુમતિમાત્રરૂપાપિ પ્રવૃત્તિઃ કૃતા આસીત્, ततो નૂનમવસીયતે તસ્ય તદાનીં ગ્રામાદિવિષયમૂર્ચ્છાપગમોઽભૂદિતિ ।।૧૦૦૮।।

ટીકાર્થ :-

ભરતસ્ય ..... ઽભૂદિતિ ।। ભરતને ત્યાં=૯૬ ક્રોડ ગ્રામના પરિગ્રહના વિષયમાં, મૂર્ચ્છાનો વિગમ થયે છતે=ગૃદ્ધિનો અપગમ થયે છતે, ખરેખર ચારિત્રનો પરિણામ હતો. તેથી તત્ત્વથી ગ્રામાદિ પરિગ્રહ રહિત જ એવા તેને=ભરતને, ચારિત્રનો પરિણામ થયો; કેમ કે 'મૂર્ચ્છા પરિગ્રહ કહેવાયો છે.' એ પ્રકારના વચનથી મૂર્ચ્છાનું જ પરિગ્રહપણું છે અને તેને=ભરતને, મૂર્ચ્છાનો અભાવ છે. 'अथ'થી શંકા કરે છે — કેવી રીતે તેને=ભરતને, ગ્રામાદિ પરિગ્રહના વિષયમાં મૂર્ચ્છાનો અપગમ જણાય છે ? આથી કહે છે — च શબ્દ હેતુ અર્થમાં છે. તેથી જે કારણથી તે હોતે છતે=ચરણપરિણામ હોતે છતે, તેના વડે=ભરત વડે, તેમાં ગ્રામાદિ પરિગ્રહમાં, કંઈ પણ=અંતથી અનુમતિમાત્રરૂપ પણ, પ્રવૃત્તિ કરાઈ ન હતી. તેથી ખરેખર જણાય છે — તેને=ભરતને, ત્યારે ગ્રામાદિના વિષયમાં મૂર્ચ્છાનો અપગમ થયો. ।।૧૦૦૮।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ભરત મહારાજાના દૃષ્ટાંતથી કહ્યું કે ભરત મહારાજા ૯૬ ક્રોડ ગામના સ્વામી હતા છતાં ભાવની શુદ્ધિથી ચારિત્રનો પરિણામ થયો. તેથી ગ્રામાદિનો પરિગ્રહ ચારિત્રપરિણામના બીજનું નાશક નથી. તેનો ઉત્તર આપતાં કહે છે — ભરત મહારાજાને પોતાના ગ્રામાદિ સંપત્તિ પ્રત્યે મૂર્ચ્છાનો અપગમ થવાથી ચારિત્રનો પરિણામ થયો. કેવી રીતે ગ્રામાદિનો પરિગ્રહ હોવા છતાં મૂર્ચ્છાનો અપગમ થયો ? તે સ્પષ્ટ કરતા કહે છે — ચારિત્રનો પરિણામ થાય ત્યારે અનુમતિમાત્રરૂપ પણ પ્રવૃત્તિ થતી નથી. તેથી ફલિત થાય કે ભરત મહારાજા ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે ત્યારે ગ્રામાદિ સંપત્તિ પ્રત્યે મૂર્ચ્છા તો ન હતી પરંતુ તે સંપત્તિથી થતા આરંભ-સમારંભ પ્રત્યે સૂક્ષ્મ પણ અનુમતિનો અધ્યવસાય ન હતો. કેવળ જેમ મુનિ ભાવથી નિઃસંગ હોય તેમ સર્વ ભાવો પ્રત્યે નિઃસંગ ભાવના પ્રકર્ષથી ભરત મહારાજાએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. **॥૧૦૦૮॥**

ગાથા :-

ण य इय मुच्छाविगमो तुम्हाणं तत्थ तह पवित्तीओ ।
पत्तेयबुद्धणातं एवमजुत्तं मुणेयव्वं ।।१००९।।

છાયા :-

न चेति मूर्च्छाविगमो युष्माकं तत्र तथाप्रवृत्तेः ।
प्रत्येकबुद्धज्ञातमेवमयुक्तं ज्ञातव्यम् ।।१००९।।

ગાથાર્થ :-

અને આ રીતે=જે રીતે ભરત મહારાજાને મૂર્છાનો વિગમ છે એ રીતે, તમોને મૂર્છાનો વિગમ નથી; કેમ કે ત્યાં=ગ્રામાદિ પરિગ્રહમાં, તે પ્રકારની પ્રવૃત્તિ છે=પ્રાપ્ત થયેલા ગ્રામાદિમાં સારસંભાળની પ્રવૃત્તિ છે, એ પ્રકારે=ઉક્ત પ્રકારથી, પ્રત્યેક બુદ્ધનું દૃષ્ટાંત અયુક્ત જાણવું. ।।૧૦૦૯।।

ટીકા :-

न च इतिः-एवं भरतस्येव मूर्च्छाविगमो युष्माकं तत्र-ग्रामादिपरिग्रहविषये, कुत इत्याह— 'तथाप्रवृत्तेः' तथा ग्रामादिव्यापारचिन्तनेन प्रवृत्तेः, तस्मात्प्रत्येकबुद्धज्ञातं-भरतोदाहरणमेवम्-उक्तेन प्रकारेण अयुक्तं ज्ञातव्यमिति ।।१००९।।

ટીકાર્થ :-

न च ..... ज्ञातव्यमिति ।। અને આ રીતે ભરત મહારાજાની જેમ તમોને ગ્રામાદિ પરિગ્રહના વિષયમાં મૂર્છાનો વિગમ નથી. કયા કારણથી મૂર્છાનો વિગમ નથી ? એથી કહે છે, તે પ્રકારની પ્રવૃત્તિ હોવાથી=તે પ્રકારે ગ્રામાદિ વ્યાપારના ચિંતવન વડે પ્રવૃત્તિ હોવાથી, મૂર્છાનો વિગમ નથી, તે કારણથી પ્રત્યેક બુદ્ધનું દૃષ્ટાંત=ભરત મહારાજાનું ઉદાહરણ, ઉક્ત પ્રકારથી અયુક્ત જાણવું. ।।૧૦૦૯।।

ભાવાર્થ :-

જે રીતે ભરત મહારાજા ગ્રામાદિની ચિંતાને છોડીને તત્ત્વના ભાવનમાં દૃઢ ઉદ્યમવાળા થયા તેથી નિઃસંગભાવને પામ્યા તે રીતે ગ્રામાદિ પરિગ્રહ ધારણ કરનારા તમારા ભિક્ષુકને મૂર્છાનો વિગમ નથી; કેમ કે પ્રાપ્ત થયેલા ગ્રામાદિ વિષયમાં ચિંતા વર્તે છે. તેથી પ્રત્યેક બુદ્ધનું ઉદાહરણ લઈને ગ્રામાદિ પરિગ્રહ ચારિત્રનો નાશક નથી તેમ કહેવું અયુક્ત છે. **।।૧૦૦૯।।**

અવતરણિકા :-

पुनरपि परस्य मतमाशङ्कते—

અવતરણિકાર્થ :-

ફરી પણ પરના મતની આશંકા કરે છે —

ગાથા :-

**सिय विहियाणुट्ठाणं एयं अम्हाण ता ण दोसो उ ।
सत्थं एत्थ पमाणं जहेव चितिवंदणादीसु ।।१०१०।।**

છાયા :-

स्याद् विहितानुष्ठानमेतदस्माकं तस्मान्न दोषस्तु ।
शास्त्रमत्र प्रमाणं यथैव चैत्यवंदनादिषु ।।१०१०।।

ગાથાર્થ :-

આ થાય=પૂર્વપક્ષીના મતે થાય. આ=ગ્રામાદિનો પરિગ્રહ, અમારું વિહિત અનુષ્ઠાન છે. તે કારણથી દોષ નથી જ, અહીં=વિહિત અનુષ્ઠાનના વિષયમાં, શાસ્ત્ર પ્રમાણ છે, જે પ્રમાણે ચૈત્યવંદનાદિમાં (શાસ્ત્ર પ્રમાણ છે.). ।।૧૦૧૦।।

ટીકા :-

स्यादेतत्, एतत्-ग्रामादिव्यापारचिन्तनतत्फलग्रहतत्फलभोगादिकमस्माकं विहितानुष्ठानं 'ता' तस्मान्नैव दोषस्तुरेवकारार्थो भिन्नक्रमश्च, यस्मादत्र विहितानुष्ठानविषये शास्त्रं प्रमाणं, यथा चैत्यवन्दनादिषु, अस्ति च ग्रामादिपरिग्रहतत्फलपरिभोगादौ शास्त्रमस्माकमिति ।।१०१०।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... शास्त्रमस्माकमिति ।। આ થાય=પરના મતે આ થાય, શું થાય ? તે સ્પષ્ટ કરે છે – આ ગ્રામાદિ વ્યાપારનું ચિંતવન, તેના ફલનું ગ્રહણ, તેના ફલના ભોગાદિ અમારું વિહિત અનુષ્ઠાન છે, તે કારણથી દોષ નથી જ, તુ શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે. તેથી 'ન' પાસે યોજન છે. જે કારણથી અહીં=વિહિત અનુષ્ઠાનના વિષયમાં, શાસ્ત્ર પ્રમાણ છે. જે પ્રમાણે ચૈત્યવંદનાદિમાં શાસ્ત્ર પ્રમાણ છે અને ગ્રામાદિ પરિગ્રહમાં, તેના ફલના પરિભોગાદિમાં અમારું શાસ્ત્ર છે. ।।૧૦૧૦।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે ભિક્ષુકને ગ્રામાદિનો પરિગ્રહ ચારિત્રના પરિણામનો નાશક છે તેમાં પ્રત્યેક બુદ્ધનું દૃષ્ટાંત અયુક્ત છે. તેથી પૂર્વપક્ષી કહે છે – અમારા ભિક્ષુકને ગ્રામાદિ વ્યાપારનું ચિંતવન, તેના ફલનું ગ્રહણ અને તેના ફલનો પરિભોગાદિ વિહિત અનુષ્ઠાન છે. તેથી શાસ્ત્રવિહિત અનુષ્ઠાન સેવનમાં દોષ નથી. જેમ તમારા સાધુ ચૈત્યવંદન આદિ કરે છે તે વંદનાદિ ક્રિયામાં જે વ્યાપાર કરે છે ત્યાં પણ સૂક્ષ્મ જીવહિંસા થવાનો સંભવ છે તોપણ શાસ્ત્રવિધિથી ચૈત્યવંદન કરનારને દોષ નથી તેમ અમારા શાસ્ત્રને સંમત ગ્રામાદિની ચિંતા કરવામાં અમને દોષ નથી. તેથી અમારા ભિક્ષુકનું ભિક્ષુપણું સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૦૧૦॥**

અવતરણિકા :-

अत्राचार्य आह–

અવતરણિકાર્થ :-

આમાં=ગાથા-૧૦૧૦માં પૂર્વપક્ષીએ કહ્યું એમાં, આચાર્યશ્રી કહે છે –

ગાથા :-

असुहपरिणामबीजं जमणुट्ठाणं विहेइ तं किह णु? ।
सत्थंति अतो एसो पक्खेवो होइ नायव्वो ।।१०११।।

છાયા :-

अशुभपरिणामबीजं यदनुष्ठानं विदधाति तत्कथं नु ।
शास्त्रमिति अत एष प्रक्षेपो भवति ज्ञातव्यः ।।१०११।।

ગાથાર્થ :-

જે શાસ્ત્ર અશુભ પરિણામના બીજ એવા અનુષ્ઠાનનું વિધાન કરે છે તે કેવી રીતે શાસ્ત્ર છે. આથી આ પ્રક્ષેપ જ્ઞાતવ્ય છે. ।।૧૦૧૧।।

ટીકા :-

यच्छास्त्रमशुभपरिणामबीजमनुष्ठानं विदधाति तत्कथं नु शास्त्रमित्युच्यते, रागादिशासनपरं हि शास्त्रं तत्त्वतः शास्त्रमुच्यते, अन्यत्पुनः कुशास्त्रमेव, यदुक्तम्– 'यस्माद्रागद्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्म्मे । संत्रायते च दुःखात् शास्त्रमिति निरुच्यते तस्माद् ।।१।।' इति ।। अतो ग्रामादिपरिग्रहतत्फल-परिभोगाद्यभिधायि यद्वचनमेष प्रक्षेपः केनापि गृद्धिमता कृतो ज्ञातव्यमिति (इति) ।।१०११।।

ટીકાર્થ :-

यच्छास्त्रमशुभ ..... ज्ञातव्यमिति (इति) ।। જે શાસ્ત્ર અશુભ પરિણામના બીજ એવા અનુષ્ઠાનનું વિધાન કરે છે. તે કેવી રીતે 'શાસ્ત્ર' એ પ્રમાણે કહેવાય ? હિ=જે કારણથી, રાગાદિના શાસન પર=રાગાદિના ઉન્મૂલનને અનુકૂળ અનુશાસન આપવામાં તત્પર એવું શાસ્ત્ર તત્ત્વથી 'શાસ્ત્ર' કહેવાય છે. અન્ય વળી કુશાસ્ત્ર જ છે. જે કારણથી કહેવાયું છે. "જે કારણથી રાગ-દ્વેષથી ઉદ્ધત ચિત્તવાળા જીવોને સદ્ધર્મમાં અનુશાસન આપે છે અને દુઃખથી રક્ષણ કરે છે, તે કારણથી 'શાસ્ત્ર' એ પ્રમાણે કહેવાય છે." **આથી=અન્ય કુશાસ્ત્ર છે આથી, ગ્રામાદિ પરિગ્રહ તત્ફલ પરિભોગાદિને કહેનારું જે વચન છે એ વચન કોઈ પણ ગૃદ્ધિવાળા પુરુષ વડે પ્રક્ષેપ કરાયેલું જાણવું. ।।૧૦૧૧।।**

ભાવાર્થ :-

જે શાસ્ત્ર અશુભ પરિણામના બીજ એવા અનુષ્ઠાનને કહે છે તે શાસ્ત્ર પરમાર્થથી કુશાસ્ત્ર છે. માટે 'શાસ્ત્રવિહિત ગ્રામાદિ પરિગ્રહ છે' એમ કહીને 'એ અનુષ્ઠાનને સેવવામાં દોષ નથી' એવું કહેવું ઉચિત નથી પરંતુ ગ્રામાદિને કહેનારું વચન જે શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય છે તે કોઈક પરિગ્રહમાં ગૃદ્ધિવાળાએ પ્રક્ષેપ

કરેલું છે એમ સ્વીકારવું જોઈએ. તેથી આવા વચનને પ્રમાણ કરીને ભિક્ષુકે ગ્રામાદિ પરિગ્રહ ધારણ કરવો ઉચિત નથી. **॥૧૦૧૧॥**

અવતરણિકા :-

અથ કથમશુભપરિણામબીજતા ગ્રામાદિપરિગ્રહતત્ફલપરિભોગાદેરિત્યત આહ—

અવતરણિકાર્થ :-

ગ્રામાદિ પરિગ્રહ અને તત્ફલ ભોગાદિની અશુભ પરિણામની બીજતા કેવી રીતે છે ? એથી કહે છે —

ગાથા :-

णियमेण य असुहो च्चिय परिणामो तम्मि सइ मुणेयव्वो ।
किं दाहगोवि अग्गी सन्निहितं न डहई कट्ठं ? ।।१०१२।।

છાયા :-

नियमेन चाशुभ एव परिणामस्तस्मिन् सति ज्ञातव्यः ।
किं दाहकोऽपि अग्निः सन्निहितं न दहति काष्ठम् ।।१०१२।।

ગાથાર્થ :-

તે હોતે છતે=ગ્રામાદિ પરિગ્રહ હોતે છતે, નિયમથી અશુભ જ પરિણામ જાણવો. દાહક પણ અગ્નિ સંનિહિત કાષ્ઠને શું બાળતું નથી ? અર્થાત્ બાળે જ છે. ॥૧૦૧૨॥

ટીકા :-

नियमेन-अवश्यंतया अशुभ एव परिणामस्तस्मिन्-ग्रामादिपरिग्रहादौ सति ज्ञातव्यः तस्य तथास्वभावत्वात् । एतदेव प्रतिवस्तूपमया निर्दिशति—'किं दाहेत्यादि' किं दाहकोऽप्यग्निः सन्निहितं काष्ठं न दहति?, दहत्येवेतिभावः । एवमत्रापि अग्निसमो ग्रामादिपरिग्रहादिर्दाहतुल्यश्चाशुभपरिणामः स कथं ग्रामादिपरिग्रहे सति न भवतीति? ।।१०१२।।

ટીકાર્થ :-

नियमेन ..... भवतीति? ।। તે ગ્રામાદિ પરિગ્રહ હોતે છતે **નિયમથી=અવશ્યપણાથી, અશુભ જ** પરિણામ જાણવો; કેમ કે તેનું=ગ્રામાદિ પરિગ્રહનું, તથાસ્વભાવપણું છે. આને જ=ગ્રામાદિ પરિગ્રહ અશુભ પરિણામનો જનક છે એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ વસ્તુની ઉપમાથી, બતાવે છે. દાહક પણ અગ્નિ પાસે રહેલા કાષ્ઠને શું બાળતો નથી ? અર્થાત્ બાળે જ છે. એ રીતે અહીં પણ=ગ્રામાદિ પરિગ્રહમાં પણ, અગ્નિ સમાન ગ્રામાદિનો પરિગ્રહ આદિ છે અને દાહતુલ્ય અશુભ

પરિણામ છે. ગ્રામાદિ પરિગ્રહ હોતે છતે તે=અશુભ પરિણામ, કેવી રીતે ન થાય ? અર્થાત્ થાય છે. ॥૧૦૧૨॥

ભાવાર્થ :-

ગ્રામાદિ પરિગ્રહ રાખવામાં અને તેના ફલનો પરિભોગ કરવામાં અશુભ પરિણામ કઈ રીતે થાય છે ? તે પૂર્વપક્ષીની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ગ્રામાદિ પરિગ્રહ હોતે છતે અવશ્ય અશુભ પરિણામ જ થાય છે; કેમ કે પરિગ્રહનો તેવો જ સ્વભાવ છે કે ધારણ કરનારને 'આ મારી વસ્તુ છે', એવો મમત્વનો પરિણામ થાય છે. જેમ અગ્નિનો તેવો જ સ્વભાવ છે કે સંનિહિત કાષ્ઠ પ્રાપ્ત થાય તો તેને બાળે તેમ ગ્રામાદિ પરિગ્રહનો એવો જ સ્વભાવ છે કે જેઓ તેને ધારણ કરે અને તેનો ઉપભોગ કરે તેઓને તેમાં સંશ્લેષનો પરિણામ કરાવીને કર્મબંધની પ્રાપ્તિ કરાવે. માટે ગ્રામાદિ પરિગ્રહ રાખનાર ભિક્ષુમાં ભિક્ષુકપણું નથી. ॥૧૦૧૨॥

અવતરણિકા :-

પુનરપિ પરસ્ય મતમાશઙ્કતે–

અવતરણિકાર્થ :-

ફરી પણ પરના મતની આશંકા કરે છે –

ગાથા :-

सिय तस्सुवासग च्चिय करेंति पडियग्गणं न भिक्खुत्ति ।
तप्फलपरिभोगो वि हु आहाकम्मंति तो दुट्ठो ।।१०१३।।

છાયા :-

स्यात्तस्योपासका एव कुर्वन्ति प्रतिजागरणं न भिक्षुरिति ।
तत्फलपरिभोगोऽपि हु आधाकर्मेति तस्माद्दुष्टः ।।१०१३।।

ગાથાર્થ :-

થાય=પૂર્વપક્ષીના મતે થાય. તેનું=ગ્રામાદિ પરિગ્રહનું, પ્રતિજાગરણ ઉપાસકો જ કરે છે. ભિક્ષુકો કરતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે. તેના ફલનો પરિભોગ પણ આધાકર્મી છે. તેથી દુષ્ટ છે. ॥૧૦૧૩॥

ટીકા :-

स्यादेतत्-तस्य-ग्रामादिपरिग्रहस्य प्रतिजागरणमुपासका एव कुर्वन्ति न भिक्षवस्ततो न कश्चिद्दोष इति । अत्राह–'तप्फले'त्यादि, तत्फलपरिभोगोऽपि ग्रामादिपरिग्रहफलोपभोगोऽपि-भोजनादिलक्षणो

'हु' निश्चितमाधाकर्म्म, तस्य भिक्षूनधिकृत्य निष्पन्नत्वात्, इति पूरणे 'तो' तस्मात् कारणात् सोऽपि तत्फलोपभोगो दुष्ट इति ।।१०१३।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... दुष्ट इति ।। આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય. શું થાય ? તે સ્પષ્ટ કરે છે. તેનું= ગ્રામાદિ પરિગ્રહનું, પ્રતિજાગરણ=સારસંભાળ, ઉપાસકો જ=ગૃહસ્થો જ, કરે છે. ભિક્ષુઓ કરતા નથી. તેથી કોઈ દોષ નથી. આમાં=પૂર્વપક્ષીના કથનમાં, કહે છે. તેના ફલનો પરિભોગ પણ= ગ્રામાદિ પરિગ્રહના ફલનો ભોજનાદિરૂપ ઉપભોગ પણ, નક્કી આધાકર્મી છે; કેમ કે તેનું ભિક્ષુને આશ્રયીને નિષ્પન્નપણું છે. તે કારણથી તે પણ=ગ્રામાદિ ફલનો ઉપભોગ પણ, દુષ્ટ છે. ।।૧૦૧૩।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે કે જે ભિક્ષુક ગ્રામાદિ પરિગ્રહ રાખે છે. તેની વ્યવસ્થાની ચિંતા ભિક્ષુકો કરતા નથી, ઉપાસકો જ=ગૃહસ્થો જ, કરે છે તેથી ભિક્ષુકને તે ગ્રામાદિ પરિગ્રહ વિષયક ચિંતાકૃત સંશ્લેષનો પરિણામ નથી. તેથી ભિક્ષુકને તે પરિગ્રહ દોષરૂપ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ભિક્ષુક ગ્રામાદિ પરિગ્રહની ચિંતા કરતા ન હોય તોપણ તેના ફલરૂપે ભોજનાદિક ઉપભોગ કરે છે તે ભોજનાદિ આધાકર્મી છે; કેમ કે ભિક્ષુક અર્થે જ ગૃહસ્થો તે સર્વ નિષ્પાદન કરે છે. તેથી તે પરિગ્રહના ફલનો ઉપભોગ દુષ્ટ છે; કેમ કે પોતાના નિમિત્તે થતા આરંભ-સમારંભમાં અનુમતિનો અધ્યવસાય ભિક્ષુકમાં વર્તે છે. માટે ભિક્ષુનું ભિક્ષુપણું નથી. **॥૧૦૧૩॥**

ગાથા :-

कालपरिहाणिदोसा एद्दहमित्ते ण चे हवति दोसो ।
सक्कपरिहारसावज्जसेवणे कहमदोसो तु? ।।१०१४।।

છાયા :-

कालपरिहाणिदोषादेतावन्मात्रे न चेद् भवति दोषः ।
शक्यपरिहारसावद्यसेवने कथमदोषस्तु ।।१०१४।।

ગાથાર્થ :-

કાલપરિહાનિ દોષના કારણે આટલું માત્ર હોતે છતે=ગ્રામાદિ પરિગ્રહ માત્ર હોતે છતે, દોષ નથી. એમ જો પૂર્વપક્ષી કહે, તેને ગ્રંથકારશ્રી કહે છે – શક્ય પરિહારવાળા સાવદ્યના સેવનમાં કેવી રીતે અદોષ છે ? અર્થાત્ દોષ જ છે. ।।૧૦૧૪।।

ટીકા :-

'कालपरिहाणिदोषात्' नह्ययं कालस्तादृशो यद्वशादेकान्ततः सावद्यभोजनादिपरिहारवता भवितुं

शक्यते, ततः कालपरिहाणिदोषात् 'एद्दहमेत्तेत्ति' एतावन्मात्रे ग्रामादिपरिग्रह(फलोपभोग)मात्रे न भवति कश्चिद्दोष इति चेत्? । अत्राह—ननु अस्मिन्नपि काले सावद्यं भोजनादि शक्यपरिहारमेव, तथाहि—दृश्यन्त एवाद्यापि परमसिद्धान्तोपनिषद्वेदिनः परलोकभीरवो निःशेषजन्तुषु मैत्रीभावमनुभजमानाः कृतकारितानुमतिभेदभिन्नसावद्यभोजनादिपरिहारेणात्मधर्म्मशरीरयापनां कुर्वन्तः, तत इत्थं शक्यपरिहारसावद्यभोजनासेवने कथमदोष एव, तुरेवकारार्थः, दोष एवेति भावः ।।१०१४।।

ટીકાર્થ :-

'कालपरिहाणिदोषात्' ..... एवेति भावः ।। કાલપરિહાનિના દોષથી=આ કાળ તેવો નથી જેના વશથી એકાંતથી સાવદ્ય ભોજનાદિમાં પરિહારવાળા થવું શક્ય છે તેથી કાળપરિહાનિના દોષથી, આટલા માત્રમાં=ગ્રામાદિ પરિગ્રહના ફળના ઉપભોગ માત્રમાં, કોઈ દોષ નથી. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો એમાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે — ખરેખર આ પણ કાળમાં સાવદ્ય ભોજનાદિ શક્ય પરિહારવાળા જ છે. તે આ પ્રમાણે દેખાય જ છે. શું દેખાય છે ? તે સ્પષ્ટ કરે છે — હજી પણ પરમ સિદ્ધાંતના ઉપનિષદને જાણનારા=નિષ્પરિગ્રહપણું જીવ માટે સર્વકલ્યાણનું કારણ છે એ પ્રમાણે પરમ સિદ્ધાંતના ઉપનિષદને જાણનારા, પરલોકના ભીરુ સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને ભજનારા કૃતકારિત અનુમતિના ભેદથી ભિન્ન એવા સાવદ્ય ભોજનાદિના પરિહારથી આત્મધર્મરૂપ શરીરની યાપનાને કરતા સાધુઓ દેખાય જ છે એમ અન્વય છે. તેથી આ રીતે શક્ય પરિહારવાળા સાવદ્ય ભોજનના સેવનમાં કેવી રીતે અદોષ જ છે ? 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. તેથી દોષ જ છે એ પ્રકારનો ભાવ છે. ।।૧૦૧૪।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી શંકા કરે છે કે વર્તમાનનો કાળ ધર્મને અત્યંત પ્રતિકૂળ છે. તેથી સાધુ સંપૂર્ણ સાવદ્યના પરિહારપૂર્વક દેહનિર્વાહ કરી શકે તેમ નથી. માટે ભિક્ષુ પોતાના અર્થે નિવાસસ્થાન રાખતા હોય અને ગૃહસ્થો એની ચિંતા કરતા હોય તો ભિક્ષુઓને દોષની પ્રાપ્તિ નથી; કેમ કે સંસારના સર્વ આરંભનો ત્યાગ કરી માત્ર ધર્મપરાયણ થવાના અર્થી ભિક્ષુઓ છે છતાં દેહની આવશ્યકતા કાળદોષના કારણે નિર્દોષ ન મળી શકે તો કંઈક દોષિત ભિક્ષા ગ્રહણ કરીને નિર્વાહ કરે છે તેથી કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે — આ કાળમાં પણ સાત્ત્વિક મહાત્માઓ છે જેઓ નિષ્પરિગ્રહપણાના પરમ સિદ્ધાંતનાં રહસ્યોને જાણનારા છે. તેથી પોતાને ક્યાંય આરંભ-સમારંભની અનુમતિ પણ ન થાય તે રીતે નિર્દોષ ભિક્ષાથી દેહનો નિર્વાહ કરે છે, પોતાને દુર્ગતિ પ્રાપ્ત ન થાય તેની ચિંતાવાળા છે, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરનારા છે, કરણ-કરાવણ-અનુમતિથી સાવદ્ય ભોજનનો પરિહાર કરે છે અને યતનાપૂર્વક ધર્મના સાધનભૂત શરીરનું પાલન કરે છે આમ છતાં જેઓ ભિક્ષુ થઈને તે પ્રકારે યત્ન કરતા નથી તેઓને સાવદ્ય ભોજનાદિમાં કેમ દોષ નથી ? અર્થાત્ દોષ છે જ. **॥૧૦૧૪॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ—

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કહે છે —

ગાથા :-

चत्तघरावासाणं गामादिपरिग्गहम्मि ता दोसो ।
रयणं मोत्तूण जहा कायमणिं गेण्हमाणाणं ।।१०१५।।

છાયા :-

त्यक्तगृहवासानां ग्रामादिपरिग्रहे तस्माद् दोषः ।
रत्नं मुक्त्वा यथा काचमणिं गृह्णताम् ।।१०१५।।

ગાથાર્થ :-

ત્યાગ કરાયેલા ગૃહવાસવાળા સાધુને ગ્રામાદિ પરિગ્રહમાં તે કારણથી દોષ છે. જે પ્રમાણે રત્નને મૂકીને કાચના મણિને ગ્રહણ કરનારાને દોષ છે. ।।૧૦૧૫।।

ટીકા :-

यत एवं ग्रामादिपरिग्रहफलोपभोगो दुष्टः 'ता' तस्मात्त्यक्तगृहवासानां भिक्षूणां ग्रामादिपरिग्रहे दोषः । केषामिव कस्मिन्नित्याह—'रयणेत्यादि' रत्नं महामूल्यं मुक्त्वा यथा काचमणिं गृह्णतामिति । इह रत्नस्थानीयः संयमो भवशतसहस्त्रैरपि दुष्प्रापत्वात् अक्षेपेण मुक्तिफलसाधकत्वाच्च, काचमणिस्थानीयो ग्रामादिपरिग्रहस्तस्यैकान्ततोऽसारत्वादिति ।।१०१५।।

ટીકાર્થ :-

यत एवं ..... ऽसारत्वादिति ।। જે કારણથી આ પ્રમાણે ગ્રામાદિ પરિગ્રહના ફલનો ઉપભોગ દુષ્ટ છે. તે કારણથી ત્યાગ કર્યો છે ગૃહવાસ જેણે એવા ભિક્ષુકોને ગ્રામાદિ પરિગ્રહમાં દોષ છે. કોની જેમ શેમાં દોષ છે ? એથી કહે છે. મહામૂલ્યરૂપ રત્નને મૂકીને જે પ્રમાણે કાચમણિને ગ્રહણ કરનારને દોષ છે. અહીં=પ્રસ્તુતમાં, રત્નસ્થાનીય સંયમ છે; કેમ કે હજારો ભવથી પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવો છે અને વિલંબ વગર મુક્તિફળનું સાધકપણું છે. કાચમણિસ્થાનીય ગ્રામાદિ પરિગ્રહ, છે; કેમ કે તેનું=પરિગ્રહનું, એકાંતથી અસારપણું છે. ।।૧૦૧૫।।

ભાવાર્થ :-

ગ્રામાદિ પરિગ્રહ રાખવાથી સાવદ્યની પ્રાપ્તિ છે. તેથી કર્મબંધ છે. માટે જે ભિક્ષુએ ગૃહવાસનો ત્યાગ

કર્યો છે તે ગ્રામાદિ પરિગ્રહ રાખે તો દોષની પ્રાપ્તિ થાય છે. આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. રત્નને મૂકીને કાચને જે કોઈ ગ્રહણ કરે એને દોષની પ્રાપ્તિ થાય છે. અહીં રત્ન જેવો સંયમ છે; કેમ કે રત્નની પ્રાપ્તિ દુર્લભ હોય છે તેમ પારમાર્થિક સંયમ ઘણા ભવોથી પ્રાપ્ત થતો નથી. વળી, રત્નથી પુરુષ ધનાઢ્ય બને છે તેમ સંયમથી મહાત્મા શીઘ્ર મુક્તિફળને પ્રાપ્ત કરે છે અને કાચના મણિ જેવો ગ્રામાદિ પરિગ્રહ છે; કેમ કે પુરુષોને કાંઈક શારીરિક અનુકૂળતા પ્રાપ્ત કરાવીને મનુષ્યભવ નિષ્ફળ કરે છે. જે ભિક્ષુ ગ્રામાદિ પરિગ્રહને ધારણ કરે છે તેનો મનુષ્યભવ નિષ્ફળ જાય છે. માટે કલ્યાણના અર્થીએ સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને નિષ્પરિગ્રહવ્રતને દૃઢ કરવા યત્ન કરવો જોઈએ. **॥૧૦૧૫॥**

અવતરણિકા :-

तदेवं पञ्चमं मूलगुणमाश्रित्याक्षेपपरिहारावभिधाय सांप्रतं ये बोटिका धर्मोपकरणभूतस्यापि वस्त्रादेः परिग्रहत्वमनुमन्यन्ते तन्मतमपाकर्तुमुपक्षिपन्नाह—

અવતરણિકાર્થ :-

આ રીતે પાંચમા મૂળગુણને આશ્રયીને પૂર્વપક્ષના આક્ષેપને અને તેના પરિહારને કહીને હવે જે દિગંબરો ધર્મના ઉપકરણભૂત પણ વસ્ત્ર આદિનું પરિગ્રહપણું માને છે, તેના મતનું નિરાકરણ કરવા માટે ઉપક્ષેપ કરતાં=તેના મતનો પ્રારંભ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

वत्थादिगंपि धम्मोवगरणमन्ने अदिट्ठपरमत्था ।
संसारहेतुभूतं परिग्गहं चेव मन्नंति ।।१०१६।।

છાયા :-

वस्त्रादिकमपि धर्मोपकरणमन्येऽदृष्टपरमार्थाः ।
संसारहेतुभूतं परिग्रहमेव मन्यन्ते ।।१०१६।।

ગાથાર્થ :-

અદૃષ્ટ પરમાર્થવાળા અન્ય દિગંબરો ધર્મના ઉપકરણરૂપ વસ્ત્રાદિકને પણ સંસારના હેતુભૂત પરિગ્રહ જ માને છે. ॥૧૦૧૬॥

ટીકા :-

अन्ये वस्त्रादिकमपि आस्तामन्यद्धनकनकादीत्यपिशब्दार्थः धर्मोपकरणमदृष्टपरमार्थाः सन्तः परिग्रहमेव संसारहेतुभूतं मन्यन्ते अनेकदोषोद्भावनेन ।।१०१६।।

ટીકાર્થ :-

અન્યે ..... ભાવનેન ।। અદૃષ્ટ પરમાર્થવાળા છતા અન્ય=દિગંબરો, ધર્મોપકરણરૂપ વસ્ત્રાદિકને પણ સંસારના હેતુભૂત પરિગ્રહ જ માને છે. કઈ રીતે પરિગ્રહ માને છે ? તે સ્પષ્ટ કરે છે – અનેક દોષના ઉદ્‌ભાવનથી પરિગ્રહ માને છે, ધનકનકાદિ દૂર રહો, વસ્ત્રાદિકને પણ પરિગ્રહ માને છે. એ 'અપિ' શબ્દનો અર્થ છે. ।।૧૦૧૬।।

ભાવાર્થ :-

પરિગ્રહ ત્યાગનો જે પરમાર્થ છે, તેના પરમાર્થને જોવામાં અનિપુણ દૃષ્ટિવાળા દિગંબરો છે. તેથી જે પરિગ્રહ સંસારના કારણભૂત મોહનું કારણ છે તે દોષરૂપ હોવા છતાં ધર્મના ઉપકરણથી સુસાધુ સંયમનું પાલન કરી શકે છે માટે વસ્ત્રાદિ પરિગ્રહ નથી પરંતુ વિવેકી સાધુને ધર્મવૃદ્ધિમાં ઉપકારક હોવાથી ધર્મનું ઉપકરણ છે તો પણ તત્ત્વને જોવામાં મૂઢ દૃષ્ટિવાળા દિગંબરો ધર્મના ઉપકરણને સંસારના હેતુભૂત પરિગ્રહ જ માને છે. **॥૧૦૧૬॥**

અવતરણિકા :-

તત્ર તન્મતેન વસ્ત્રદોષાંસ્તાવદુપદર્શયતિ–

અવતરણિકાર્થ :-

ત્યાં=ધર્મના ઉપકરણરૂપ વસ્ત્રાદિમાં, તેના મતથી=દિગંબરના મતથી, વસ્ત્રના દોષોને પ્રથમ બતાવે છે –

ગાથા :-

जायणसंमुच्छणमो धुवणे पाणाण होति वावत्ती ।
दातारस्सवि पीडा संधणमादीसु पलिमंथो ।।१०१७।।

છાયા :-

याचनासंमूर्च्छने धावने प्राणानां भवति व्यापत्तिः ।
दातुरपि पीडा संधानादिषु परिमन्थः ।।१०१७।।

ગાથાર્થ :-

યાચનામાં, સંમૂર્છિમની ઉત્પત્તિમાં, ધોવામાં જીવોનો નાશ થાય છે. દાતાને પણ પીડા થાય છે. સાંધવા આદિમાં પલિમન્થ=સ્વાધ્યાયનો વિઘાત, થાય છે. ।।૧૦૧૭।।

ટીકા :-

'जायणत्ति' वस्त्रपरिग्रहे अभ्युपगम्यमाने सति कथंचित्तदभावे तदर्थिना गृहस्थेभ्यस्तत् याचनीयं

भवति, सा च याञ्चा महेच्छताभावप्रतिपन्थिनीति याञ्चा महान् दोषः । तथा 'संमुच्छणत्ति' वस्त्रे परिभुज्यमाने सति शरीरमलसंपर्कतः षट्पदिकादिजीवसंमूर्च्छना भवति, तथा नियमतः प्रावृट्काल-प्रत्यासत्तौ वस्त्रं प्रक्षालनीयमप्रक्षालनेऽनेकदोषसंभवात्, ततश्च वस्त्रस्य धावने-प्रक्षालनेऽप्कायषट्-पदिकादिप्राणिनां भवति व्यापत्तिः, तथा जघन्यतोऽपि कियद्द्रव्यव्यतिरेकेण वस्त्रस्यासंप्राप्तेस्तद्दाने दातुरपि पीडा भवति, अन्यच्च प्रच्छादनपटिकादिनिमित्तं विभिन्नवस्त्रद्वयसंधानादिषु क्रियमाणेषु परिमन्थः-स्वाध्यायविघातरूप उपजायते ।।१०१७।।

ટીકાર્થ :-

'जायणत्ति' ..... उपजायते ।। વસ્ત્રપરિગ્રહ સ્વીકાર કરાયે છતે=સાધુને વસ્ત્ર ગ્રહણ કરવાનું સ્વીકાર કરાયે છતે, કોઈક રીતે તેના અભાવમાં=વસ્ત્રાદિના અભાવમાં, તેના અર્થી એવા સાધુ વડે ગૃહસ્થ પાસે તે વસ્ત્ર યાચનીય થાય છે અને તે યાચના=વસ્ત્રની યાચના, મહેચ્છતા ભાવની પ્રતિપંથી છે=સર્વ કલ્યાણના કારણીભૂત અંતરંગ સમૃદ્ધિથી મહાન્ સમૃદ્ધિવાળા મહેચ્છતા ભાવની પ્રતિપંથી છે. એથી યાચના મહાદોષ છે અને વસ્ત્રનો પરિભોગ કરાયે છતે શરીરના મલના સંપર્કથી જૂ આદિ જીવ ઉત્પન્ન થાય છે અને નિયમથી વર્ષાકાળ નજીક આવ્યે છતે વસ્ત્ર ધોવું પડે, નહિ ધોવામાં અનેક દોષનો સંભવ છે. તેથી વર્ષાકાળ પૂર્વે વસ્ત્ર ધોવું આવશ્યક છે. તેથી વસ્ત્રના ધોવામાં અપ્કાય, જૂ આદિ પ્રાણીઓની હિંસા થાય છે. અને જઘન્યથી પણ કંઈક દ્રવ્યના વ્યય વગર વસ્ત્રની અસંપ્રાપ્તિ હોવાથી તેના દાનમાં=વસ્ત્રના દાનમાં, દાતાને પણ પીડા થાય છે અને બીજું પ્રચ્છાદન પટિકાદિ નિમિત્તે વિભિન્ન વસ્ત્રદ્વયના સંધાન આદિ કરાયે છતે પરિમન્થ=સ્વાધ્યાય આદિના વિઘાતરૂપ પરિમન્થ, થાય છે. ।।૧૦૧૭।।

ભાવાર્થ :-

જ્યાં જેની મતિ નિવિષ્ટ હોય છે ત્યાં તેને અનુરૂપ જ વિચારણા થાય છે. તેથી દિગંબરોને સ્વસમુદાય અનુસાર વસ્ત્રપરિગ્રહ છે. તેવી એકાંત મતિ નિવિષ્ટ હોવાને કારણે વસ્ત્ર કઈ રીતે ધર્મનું ઉપષ્ટંભક બની શકે છે અને કઈ રીતે પરિગ્રહરૂપે બની શકે છે ? તેના પરમાર્થનો બોધ થતો નથી પરંતુ વસ્ત્રને ગ્રહણ કરવામાં શું શું દોષની પ્રાપ્તિ થાય છે ? તે માત્ર દેખાય છે. તે દૃષ્ટિથી તેઓ કહે છે કે સાધુને વસ્ત્ર ધારણ કરવાનું સ્વીકારવામાં આવે તો કોઈ સાધુને વસ્ત્રનો અભાવ થાય તો ગૃહસ્થ પાસે માંગણી કરવી પડે. તેથી વસ્ત્રની યાચના દોષરૂપ છે; કેમ કે સાધુને નિષ્પરિગ્રહ થવાની મહાન ઇચ્છા હોય છે તે મહાન ઇચ્છાના પરિણામની વિરોધી વસ્ત્રની યાચના છે. માટે નિષ્પરિગ્રહરૂપ મહાન ઇચ્છાના વિરોધી વસ્ત્રની યાચના શ્વેતાંબર સાધુને પ્રાપ્ત થશે, માટે પરિગ્રહમાં મહાન દોષ છે. વળી, વસ્ત્રનો પરિભોગ કરાયે છતે દેહના સંપર્કને કારણે વસ્ત્રમાં જૂ આદિ સંમૂર્ચ્છિમ જીવો થશે. વળી, વર્ષાઋતુ પ્રાપ્તિ પૂર્વે વસ્ત્રને ધોવું સાધુને આવશ્યક છે. તેથી વસ્ત્રના ધોવામાં અપ્કાય, જૂ વિગેરે જીવોની હિંસા થશે. માટે વસ્ત્ર ગ્રહણ કરવું સાધુને ઉચિત નથી. વળી, સામાન્ય વસ્ત્ર પણ ધનવ્યય વગર પ્રાપ્ત થતું નથી. તેથી ધનવ્યયથી પ્રાપ્ત થયેલું વસ્ત્ર

સાધુ ગ્રહણ કરશે તો દાન આપનારને પીડા થશે. તેથી વસ્ત્રગ્રહણ અન્યની પીડાનું કારણ બને છે માટે ઉચિત નથી. વળી, સાધુને વસ્ત્ર ટૂંકું પડે તેવું હોય તો શરીરને ઢાંકવા માટે મોટું કરવું પડે. તે નિમિત્તે બે વસ્ત્રોને સાંધવા વિગેરેની ક્રિયા કરવામાં આવે તો સાધુના સ્વાધ્યાયનો વિઘાત થાય છે. માટે સાધુને વસ્ત્ર ગ્રહણ કરવું જરૂરી નથી એ પ્રમાણે દિગંબરો કહે છે. **॥૧૦૧૭॥**

ગાથા :-

राढा मुच्छा य भयं अविहारो चेव भारवहणं च ।
तेनाहडाधिगरणं सोगो य पमायणट्ठेवि ।।१०१८।।

છાયા :-

राढा मूर्च्छा च भयमविहारश्चैव भारवहनं च ।
स्तेनाहताधिकरणं शोकश्च प्रमादनष्टेऽपि ।।१०१८।।

ગાથાર્થ :-

રાઢા=વિભૂષા નવા વસ્ત્રથી કરાયેલી થાય છે. મૂર્છા=વસ્ત્રમાં મૂર્છા પ્રાપ્ત થાય છે. ભય=ચોરીનો ભય પ્રાપ્ત થાય છે. અવિહાર=માસકલ્પાદિ વિહારનો અભાવ થાય છે. ભાર વહન પ્રાપ્ત થાય છે. ચોરથી હરણ કરાયે છતે અધિકરણ અને શોક થાય છે અને પ્રમાદથી નષ્ટ થયે છતે પણ અધિકરણ અને શોક થાય છે. ॥૧૦૧૮॥

ટીકા :-

अत्यन्तकमनीयमहामूल्यवस्त्रपरिधानेन चात्मनो राढा-विभूषा तेन कृता भवति, सा चात्यन्तं भगवद्भिर्गर्हिता, यदुक्तम्—'विभूसावत्तियं भिक्खू, कम्मं बंधइ चिक्कणं । संसारसागरे घोरे, जेणं पडइ दुरुत्तरे ।।१।।' तथाभूते च दुष्प्रापे वाससि प्राप्ते सति कुतः पुनरिदं प्राप्यमित्येवं तद्विषया मूर्च्छा भवति । तथा महामूल्यमिदं वस्त्रमिति इदं कश्चिद्दृष्ट्वा ग्रहीष्यतीत्येवं यतः कुतश्चिदाशङ्कमानस्य सर्वदैव वस्त्रपरिग्रहवतो भयमुपजायते । अत एव च ग्रामनगरादिषु मासकल्पादिरूपो विहारक्रमोऽपि न स्यात् । अपि च, वस्त्रपरिग्रहे सति विहारक्रमं कुर्वतो वस्त्रोद्वहने भारवहनं भवेत्, तच्च वपुःपीडाकरं, वपुःपीडा च स्वाध्यायादिविघातकारिणीति । अन्यच्च, कथंचित् तस्मिन् वाससि स्तेनैराहृते-अपहृते सत्यधिकरणदोषो भवति, शोकश्चात्मनो जायते, एतच्च दोषद्वयं प्रमादनष्टेऽपि द्रष्टव्यम् ।।१०१८।।

ટીકાર્થ :-

अत्यन्तकमनीय ..... द्रष्टव्यम् ।। અત્યંત કમનીય મહામૂલ્યવાળા વસ્ત્રના પરિધાનથી આત્માની

રાઢા=વિભૂષા, તેનાથી=વસ્ત્રના ધારણથી, કરાયેલી થાય છે અને તે=વિભૂષા, ભગવાન વડે અત્યંત ગર્હિત છે. જે કારણથી કહેવાયું છે — ભિક્ષુક વિભૂષા પ્રત્યયિક ચીકણાં કર્મો બાંધે છે જેનાથી દુસ્તર એવા ઘોર સંસારસાગરમાં પડે છે. તેવા પ્રકારના દુષ્પ્રાપ્ય વસ્ત્રની પ્રાપ્તિ થયે છતે ફરી કોનાથી આ વસ્ત્ર=આવું સુંદર વસ્ત્ર, પ્રાપ્ય છે, એ પ્રકારે તેના વિષયવાળી મૂર્ચ્છા પ્રાપ્ત થાય છે. આ મહામૂલ્યવાળું વસ્ત્ર છે. એથી કોઈ જોઈને ગ્રહણ કરશે. એ રીતે જે કોઈનાથી આશંકમાનને સર્વદા જ વસ્ત્રના પરિગ્રહવાળા સાધુને ભય થાય છે. અને આથી જ ગ્રામ, નગરાદિમાં માસકલ્પાદિરૂપ વિહારનો ક્રમ પણ ન થાય. અને વળી વસ્ત્ર પરિગ્રહ હોતે છતે વિહારના ક્રમને કરતા સાધુને વસ્ત્રના ઉદ્વહનમાં ભારવહન થાય છે અને તે=ભારનું વહન, શરીરને પીડા કરનાર છે. અને શરીરની પીડા સ્વાધ્યાયાદિનો વિઘાત કરનારી છે અર્થાત્ ભાર વહન કરીને શ્રાંત થયેલા સાધુ શ્રમને દૂર કરવા અર્થે નિદ્રા આદિ કરે તેથી સંયમના સ્વાધ્યાયાદિ ઉચિત કૃત્યોનો વિઘાત થાય છે. અને બીજું, કોઈક રીતે તે વસ્ત્ર ચોરો વડે ગ્રહણ કરાયે છતે=ચોરાયે છતે, અધિકરણ દોષ થાય અને આત્માને શોક થાય, આ દોષદ્વય=અધિકરણ અને શોક એ દોષદ્વય, પ્રમાદથી વસ્ત્ર નાશ પામવામાં પણ અર્થાત્ પ્રમાદવશ માર્ગમાં સાધુનું વસ્ત્ર પડ્યે છતે પણ, થાય છે, એમ જાણવું. ॥૧૦૧૮॥

ભાવાર્થ :-

સાધુને વસ્ત્રગ્રહણ યુક્ત છે એમ સ્વીકારવામાં આવે તો સુંદર વસ્ત્ર મળે તો વિભૂષા કરાયેલી થાય છે અને શાસ્ત્રમાં સાધુ વિભૂષા કરે એની નિંદા કરેલી છે; કેમ કે આગમમાં કહ્યું છે કે સાધુ વિભૂષા નિમિત્તથી ચીકણાં કર્મો બાંધે છે જેનાથી દુઃખે કરી તરી શકાય તેવા ઘોર સંસારસાગરમાં ડૂબે છે. સાધુને વસ્ત્રની અનુજ્ઞા સ્વીકારવાથી સાધુ વિભૂષા કરીને ઘોર સંસારને પ્રાપ્ત કરશે. આ પ્રકારના વસ્ત્રથી સંભવિત દોષને ગ્રહણ કરીને દિગંબર વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. વળી, બહુ સુંદર વસ્ત્ર પ્રાપ્ત થાય તો સાધુને વસ્ત્ર પ્રત્યે મૂર્ચ્છા પ્રાપ્ત થાય છે. તેથી મૂર્ચ્છાના ત્યાગ માટે સાધુએ ગૃહવાસનો ત્યાગ કર્યો તેમ મૂર્ચ્છાનું કારણ એવું વસ્ત્ર સાધુએ ધારણ કરવું જોઈએ નહિ. એ પ્રકારે મૂર્ચ્છાના સંભવિત દોષને ગ્રહણ કરીને દિગંબરો વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. વળી, સાધુના વસ્ત્રને જોઈને કોઈ હરણ કરે તેવી સંભાવના હોવાથી સાધુને ભય થાય છે. તેથી ભયમોહનીયની ઉત્પત્તિનું કારણ વસ્ત્ર છે તેમ સ્વીકારીને દિગંબર સાધુને વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. વળી, વસ્ત્રને માર્ગમાં કોઈ લૂંટી લેશે એ પ્રકારના ભયને કારણે માસકલ્પાદિ વિહારની શાસ્ત્રમર્યાદા છે તેનું પાલન સાધુ કરશે નહિ. તેથી શાસ્ત્ર અનુસાર વિહારના ઉલ્લંઘનની પ્રાપ્તિ વસ્ત્રના કારણે થાય છે એમ સ્વીકારીને દિગંબર સાધુને વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. વળી, વિહારાદિમાં વસ્ત્રના ભારને વહન કરવાથી શરીરમાં પીડા થશે; તે પીડાથી શ્રાન્ત થયેલા સાધુ સ્વાધ્યાય કરવા સમર્થ થશે નહિ. તેથી સ્વાધ્યાયના વ્યાઘાતમાં વસ્ત્ર કારણ થશે. તેથી સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ, એમ દિગંબરો કહે છે. વળી, સાધુનું વસ્ત્ર કોઈ ચોર હરણ કરે તો તે ચોર આરંભ-સમારંભમાં વસ્ત્રનો ઉપયોગ કરશે. તેથી સાધુને અધિકરણદોષની પ્રાપ્તિ થશે અને પોતાનું વસ્ત્ર ચોરાઈ ગયું તેનો શોક સાધુને થશે. વળી પ્રમાદથી સાધુનું વસ્ત્ર રસ્તામાં ક્યાંક પડી જાય તોપણ તે વસ્ત્રનો અન્ય

કોઈ ઉપયોગ કરે તો સાધુને અધિકરણદોષની પ્રાપ્તિ થશે અને પોતાનું વસ્ત્ર નાશ થવાથી સાધુને શોક થશે. આ પ્રકારે વસ્ત્રથી સંભવિત અધિકરણદોષ અને શોકને ગ્રહણ કરીને દિગંબરો વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. **॥૧૦૧૮॥**

ગાથા :-

सावेक्खया य दाणादकज्जसिद्धी परीसहासहणं ।
गुरुपडिकुट्ठं गिहिलिंगगंथमो वत्थदोसा उ ।।१०१९।।

છાયા :-

सापेक्षता च दानादकार्यसिद्धिः परिषहासहनम् ।
गुरुप्रतिकृष्टं गृहिलिङ्गग्रन्थौ वस्त्रदोषास्तु ।।१०१९।।

ગાથાર્થ :-

સાપેક્ષતા=વસ્ત્રવિષયક સાપેક્ષતા, દાનથી=વસ્ત્રના દાનથી, ગૃહસ્થને અકાર્યની સિદ્ધિ, પરિષહનું અસહન, ગુરુથી પ્રતિકૃષ્ટ=ભગવાનથી નિષિદ્ધ, ગૃહસ્થનું લિંગ=વસ્ત્રધારણ ગૃહસ્થનું લિંગ છે, અને ગ્રંથ=પરિગ્રહ, વસ્ત્રના દોષો છે. ॥૧૦૧૯॥

ટીકા :-

वस्त्रे हि गृह्यमाणे नियमतस्तस्मिन्नपेक्षा भवति, सा च वीतरागभावप्रतिपन्थिनी, तद्भावनिमित्तं चेदं संयमानुष्ठानमिति । 'दाणादकज्जसिद्धित्ति' श्रमणस्य-निर्ग्रन्थस्य वस्त्रमनुचितमेव, तद्भावे नैर्ग्रन्थ्याभावप्रसङ्गात्, ततो यदा तस्मिन्ननुचितेऽपि वस्त्रे श्रमणस्य प्रवृत्तिस्तदा कथं नु श्रमणः स्यात्?, तस्मै वा श्रमणाय दीयमानं गृहस्थायेव न परमनिर्जराकारणमिति दातुर्दानादकार्यसिद्धिः । 'परीसहासहणंति' वस्त्रे परिभुज्यमाने योऽचेलत्वपरीषहः सूत्रेऽभिहितः यथा—'दंसाचेलारइत्थीउ इति' स न सोढो भवेत्, अथ च परीषहसहनेन साधुना भवितव्यम् । यदुक्तम्—'परीसहरिवू जए' इति, ततो न समीचीनो वस्त्रपरिभोगः । तथा गुरुणा-भगवता वर्द्धमानस्वामिना परिग्रहमल्पं बहुं वा प्रतिषेधता वस्त्रमपि प्रतिकुष्टं-निराकृतं गुरुप्रतिकृष्टस्य च वस्त्रस्य परिग्रहे सति गुर्वाज्ञाभङ्गस्तद्-भङ्गे च शेषसकलानुष्ठानविफलता, तदुक्तम्—

'आणाए च्चिय चरणं तब्भंगे जाण किन्न भग्गन्ति? ।
आणं च अइकमंतो कस्साएसा कुणइ सेसं? ।।१।।' **इति,**

अपि च-यदि यतिनाऽपि वस्त्रं परिधीयते ततः सोऽपि गृहस्थ एव स्यात्, न यतिः, वस्त्रपरिधानं हि गृहिलिङ्गमिति । 'गंथमोत्ति' इह यतयः समये तत्र तत्र देशे निर्ग्रन्था एव प्रशस्यन्ते वस्त्रं च

ગ્રન્થસ્તત્કથમેતત્ યતયઃ પરિગૃહ્ણીયુરિતિ? । 'મો' ઇતિ પાદપૂરણે । એતેઽનન્તરોક્તા વસ્ત્રદોષા-વસ્ત્રપરિગ્રહાભ્યુપગમે દોષાઃ ।।૧૦૧૯।।

ટીકાર્થ :-

વસ્ત્રે હિ ..... દોષાઃ ।। વસ્ત્ર ગ્રહણ કરાયે છતે નિયમથી તેમાં=વસ્ત્રમાં, અપેક્ષા થાય છે. 'હું ગ્રહણ કરું' એ પ્રકારે ઇચ્છા થાય છે, તે અપેક્ષા વીતરાગભાવની વિરોધી છે અને તે ભાવના નિમિત્તે= વીતરાગભાવની પ્રાપ્તિના નિમિત્તે, આ સંયમ અનુષ્ઠાન છે. દાનથી=વસ્ત્રનું દાન આપવાથી, અકાર્યની સિદ્ધિ છે=સાધુને વસ્ત્રદાનથી નિર્જરારૂપ કાર્યની અસિદ્ધિ છે. તેથી શ્રમણને=નિર્ગ્રંથને, વસ્ત્ર અનુચિત જ છે. તેના ભાવમાં=વસ્ત્રના ભાવમાં, નૈર્ગ્રન્થ્યના અભાવનો પ્રસંગ છે. તેથી જ્યારે અનુચિત પણ તે વસ્ત્રમાં સાધુની પ્રવૃત્તિ છે તો તે કેવી રીતે સાધુ થાય અથવા સાધુને અપાતું વસ્ત્ર તે ગૃહસ્થને પરમ નિર્જરાનું કારણ નથી. તેથી દાતાના વસ્ત્રદાનથી અકાર્યની સિદ્ધિ છે. પરિષહનું અસહન છે=વસ્ત્રનો ઉપયોગ કરાયે છતે જે અચેલત્વ પરિષહ સૂત્રમાં કહેવાયો છે તેનું અસહન છે. યથા=જે પ્રમાણે, દંશ, અચેલક, અરતિ અને સ્ત્રી પરિષહો કહ્યા છે, તે=અચેલક નામનો પરિષહ, સહન કરાયેલો ન થાય અર્થાત્ વસ્ત્ર ધારણ કરવાથી તે સહન કરાયેલો ન થાય અને પરિષહસહનવાળા સાધુએ થવું જોઈએ=સાધુએ પરિષહને સહન કરવો જોઈએ, જે કહેવાયું છે – 'પરિષહ રિપુઓને સાધુએ જય કરવા જોઈએ.' તેથી વસ્ત્રનો પરિભોગ સમીચીન નથી=ઉચિત નથી, અને ગુરુ એવા ભગવાન વર્ધમાનસ્વામી વડે પરિગ્રહ અલ્પ અથવા બહુને પ્રતિષેધ કરતાં વસ્ત્ર પણ નિરાકૃત છે અને ગુરુ એવા ભગવાન વડે નિષેધ કરાયેલા વસ્ત્રને ગ્રહણ કરાયે છતે ગુરુઆજ્ઞાનો ભંગ છે. તેના ભંગમાં=ગુરુ આજ્ઞાના ભંગમાં, શેષ સકલ અનુષ્ઠાન નિષ્ફલ છે. તે કહેવાયું છે – "આજ્ઞાથી' ચારિત્ર છે. તેના ભંગમાં=આજ્ઞાના ભંગમાં, શું ભંગ નથી ? એમ તું જાણ અર્થાત્ સર્વ અનુષ્ઠાન ભંગ છે એમ જાણવું અને આજ્ઞાને અતિક્રમણ કરતા સાધુ કોના આદેશથી શેષ કાર્યો કરે છે ?' વળી જો સાધુ વડે પણ વસ્ત્ર ધારણ કરાય છે, તો તે પણ=સાધુ પણ, ગૃહસ્થ જ થાય, યતિ થાય નહિ. હિ=જે કારણથી, વસ્ત્રનું પરિધાન ગૃહસ્થનું લિંગ છે. અહીં યતિઓ શાસ્ત્રમાં તે તે દેશમાં=તે તે સ્થાનમાં, નિર્ગ્રંથો જ પ્રશંસા કરાય છે અને વસ્ત્ર ગ્રંથ છે, તે કારણથી કેવી રીતે આ=વસ્ત્ર, સાધુઓ ગ્રહણ કરે ? અર્થાત્ ગ્રહણ કરે નહિ. અનંતર કહેવાયેલા આ વસ્ત્રના દોષો છે=વસ્ત્રના ગ્રહણના સ્વીકારમાં દોષો છે. માટે સાધુએ વસ્ત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ એમ અન્વય છે. "ગંથમો"માં રહેલો 'મો' શબ્દ પાદપૂરણમાં છે. ।।૧૦૧૯।।

ભાવાર્થ :-

સાધુ વસ્ત્ર ગ્રહણ કરે તો હંમેશાં આત્માથી ભિન્ન એવા વસ્ત્રરૂપ પુદ્ગલના ગ્રહણની અપેક્ષા રહે છે. બાહ્ય પદાર્થના ગ્રહણની અપેક્ષા વીતરાગભાવને પ્રતિકૂલ છે અને સંયમ વીતરાગતાનું કારણ છે માટે સંયમી વસ્ત્ર ગ્રહણ કરે નહિ. એકાંતથી વસ્ત્રનો નિષેધ કરતા દિગંબરો આ પ્રકારે કહે છે. વસ્તુતઃ સાધુને

સંયમવૃદ્ધિની અપેક્ષા છે. તેથી સંયમવૃદ્ધિના અંગભૂત પરિમિત વસ્ત્ર ગ્રહણ કરે ત્યાં પુદ્ગલની અપેક્ષા નથી પણ સંયમવૃદ્ધિની અપેક્ષા છે છતાં જે સાધુ અનુકૂળતાના રાગી છે તેથી પોતાને અનુકૂળ વસ્ત્રો ગ્રહણ કરે છે તેઓ નિયમથી અપેક્ષાવાળા છે. તે વસ્ત્રો વીતરાગભાવનાં વિરોધી છે. અને વીતરાગભાવના વિરોધી સાધુથી ગ્રહણ કરાયેલા વસ્ત્રને ગ્રહણ કરીને દિગંબરો વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે.

વળી, વસ્ત્રનું દાન ગૃહસ્થ કરે છે જેનાથી ગૃહસ્થને નિર્જરારૂપ કાર્યની સિદ્ધિ થતી નથી. વસ્તુતઃ સાધુના સંયમવૃદ્ધિના પ્રયોજનથી શ્રાવકો વસ્ત્રનું દાન કરે છે. સાધુને વસ્ત્રગ્રહણથી નિર્ગ્રન્થતાના અભાવનો પ્રસંગ છે. તેથી નિર્ગ્રંથતાનો નાશ કરનાર વસ્ત્ર શ્રાવક આપે તેને નિર્જરાની પ્રાપ્તિ થાય નહિ.

આશય એ છે કે સાધુ નિર્ગ્રંથ છે અને નિર્ગ્રંથભાવની વૃદ્ધિ અર્થે સાધુને કોઈ આહારનું દાન કરે ત્યારે તેનાથી પુષ્ટ થયેલા દેહને કારણે સાધુનો નિર્ગ્રંથભાવ પુષ્ટ થાય છે. તેવું દાન ગૃહસ્થ માટે નિર્જરાનું કારણ છે જે વસ્ત્રદાનથી નિર્ગ્રંથભાવનો નાશ થાય એવું વસ્ત્રનું દાન ગૃહસ્થ કરે તો ગૃહસ્થને નિર્જરા થાય નહિ. તેથી સાધુને વસ્ત્રગ્રહણ કરવું ઉચિત નથી, જેમ સુવર્ણના દાનથી સાધુના સંયમનો નાશ થાય છે. તેથી સાધુને સુવર્ણનું દાન ઉચિત નથી તેમ વસ્ત્રદાનથી પણ સાધુનો નિર્ગ્રંથભાવ નાશ પામે છે. માટે સાધુને વસ્ત્રદાન ઉચિત નહીં હોવાથી સાધુને વસ્ત્રગ્રહણ કરવું ઉચિત નથી એમ દિગંબરો કહે છે.

વસ્તુતઃ સંયમવૃદ્ધિનું કારણ ન હોય એવું વસ્ત્રનું દાન અવિવેકી શ્રાવક સાધુને કરે તે નિર્જરાનું કારણ નથી. તેને ગ્રહણ કરીને એકાંતે વસ્ત્રનું દાન નિર્જરાનું કારણ નથી એમ દિગંબરો સ્થાપન કરે છે. વળી શાસ્ત્રમાં સાધુને અચેલ પરિષહ સહન કરવાનું વિધાન છે. વસ્ત્રનો પરિભોગ કરનારા સાધુથી અચેલ પરિષહનું અસહન છે. માટે સાધુને વસ્ત્ર ગ્રહણ કરવું ઉચિત નથી એમ દિગંબરો કહે છે. વળી, ગુરુ એવા ભગવાન વડે અલ્પ અથવા બહુ પરિગ્રહનો નિષેધ કરાયો છે અને વસ્ત્ર પરિગ્રહ હોવાથી ભગવાને નિષેધ કર્યો છે. નિષિદ્ધ વસ્ત્રનું ગ્રહણ કરાયે છતે ગુરુની આજ્ઞાનો ભંગ છે. ગુરુની આજ્ઞાનો ભંગ કરે તેના સંયમનાં સર્વ અનુષ્ઠાન વિફલ છે; કેમ કે ભગવાનની આજ્ઞામાં ચારિત્ર છે, આજ્ઞાભંગમાં ચારિત્રનો નાશ છે અને આજ્ઞાનું અતિક્રમણ થવાથી કોના વચનથી સાધુ શેષ અનુષ્ઠાન કરે છે ? એ પ્રકારે શાસ્ત્રવચન હોવાથી વસ્ત્રના ધારણ કરવાથી સર્વ અનુષ્ઠાન નિષ્ફલ છે. આ પ્રકારે કહીને દિગંબરો વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. વળી વસ્ત્ર ધારણ કરવા એ ગૃહસ્થનું લિંગ છે. તેથી જો સાધુ વસ્ત્ર ધારણ કરે તો તે ગૃહસ્થ જ કહેવાય. વળી યતિઓ નિર્ગ્રંથ છે, વસ્ત્ર ગ્રંથ છે. તેથી જેઓ વસ્ત્ર ધારણ કરે છે તેઓને નિર્ગ્રંથ કહી શકાય નહિ. આ રીતે વસ્ત્રમાં દોષો બતાવીને દિગંબરો સાધુને વસ્ત્રનો એકાંતથી નિષેધ કરે છે. ॥૧૦૧૯॥

ગાથા :-

पत्तम्मिवि एते च्चिय नवर विसेसोऽणिवारियं गहणं ।
आहारस्स तहच्चिय परिभोगेऽजीरगेलण्णं ।।१०२०।।

છાયા :-

पात्रेऽपि एत एव नवरं विशेषोऽनिवारितं ग्रहणम् ।
आहारस्य तथैव परिभोगेऽजीर्णग्लानत्वम् ।।१०२०।।

ગાથાર્થ :-

પાત્રમાં પણ આ જ દોષો છે. ફક્ત વિશેષ છે. શું વિશેષ છે ? તે સ્પષ્ટ કરે છે. આહારનું અનિવારિત ગ્રહણ છે. તે પ્રકારે જ પરિભોગ કરાયે છતે અજીર્ણ અને ગ્લાનપણું થાય છે. ॥૧૦૨૦॥

ટીકા :-

पात्रेऽपि एत एव-पूर्वोक्ता दोषा द्रष्टव्या नवरं-केवलमयं विशेषः यदुत पात्रे सत्याहारस्यानिवारितमधिकमित्यर्थः ग्रहणं भवति, तथा च सति तथैव यथा ग्रहणं तथैव तस्याहारस्या(स्य)दुर्ल्लभतया विराधनाभयाद्वा त्यक्तुमशक्यतया निःशेषतः परिभोगे सति अजीर्णमुपजायते अजीर्णत्वे च सति ग्लानत्वमिति ।।१०२०।।

ટીકાર્થ :-

पात्रेऽपि ..... ग्लानत्वमिति ।। પાત્રામાં પણ આ જ=પૂર્વોક્ત, દોષો જાણવા=વસ્ત્ર ધારણ કરવામાં જે દોષો બે ગાથાથી બતાવ્યા તે સર્વ દોષો પાત્રામાં પણ જાણવા. કેવલ આ વિશેષ છે. શું વિશેષ છે ? તે "यदुत"થી બતાવે છે. પાત્ર હોતે છતે આહારનું અનિવારિત અધિક ગ્રહણ થાય અને તેમ હોતે છતે=આહારનું અધિક ગ્રહણ થયે છતે, તે પ્રકારે જ=જે પ્રકારે ગ્રહણ છે તે પ્રકારે જ, તે આહારનો પરિભોગ કરાયે છતે અજીર્ણ અને ગ્લાનપણું થાય એમ અન્વય છે. તે અર્થને જ સ્પષ્ટ કરે છે. કેમ વિશેષથી પરિભોગ થાય છે ? તેમાં હેતુ કહે છે – તે આહારનું=પાત્રમાં ગ્રહણ કરાયેલા આહારનું, દુર્લભપણું હોવાને કારણે અથવા વિરાધનાનો ભય હોવાને કારણે, ત્યાગ કરવા માટે અશક્યપણું હોવાને કારણે નિઃશેષથી પરિભોગ કરાયે છતે અજીર્ણ થાય છે. અજીર્ણ થયે છતે સાધુને ગ્લાનપણું થાય છે. ॥૧૦૨૦॥

ભાવાર્થ :-

દિગંબરો પાત્રાને પરિગ્રહ માને છે. તેથી પાત્રધારી સાધુ પ્રમાદને વશ જે અનુચિત પ્રવૃત્તિ કરે તેનું ગ્રહણ કરીને સર્વથા પાત્રાના ગ્રહણનો નિષેધ કરે છે. તેથી કહે છે કે વસ્ત્ર ધારણ કરવામાં જે પરિગ્રહ આદિ દોષો થાય છે તે સર્વ દોષો પાત્ર ધારણ કરવામાં પણ થાય છે. પાત્રામાં અન્ય શું વિશેષ દોષ થાય છે ? તે બતાવતાં કહે છે. પાત્રધારી સાધુ ભિક્ષા ગ્રહણ કરે ત્યારે ગૃહસ્થના આગ્રહથી કે સાધુના પ્રમાદથી અધિક આહારનું ગ્રહણ થાય છે. ત્યાર પછી તે સાધુ તે આહાર વાપરે તો અજીર્ણ થાય અને એના કારણે સાધુ ગ્લાન થાય. ગ્લાન થયેલા સાધુ સંયમની ઉચિત આચરણા કરી શકે નહિ તે સર્વનું કારણ પાત્રા છે. અહીં પ્રશ્ન થાય કે કોઈ નિમિત્તે અધિક ગ્રહણ સાધુને પ્રાપ્ત થાય તોપણ સાધુ આહારને પરઠવીને

અજીર્ણથી પોતાનું રક્ષણ કરી શકે. તેથી કહે છે. સાધુને નિર્દોષ આહાર દુર્લભ હોય છે. તેવો આહાર મળ્યા પછી પરઠવવામાં ચિત્ત તૈયાર થાય નહિ. તેથી સાધુ પરિભોગ કરે અથવા પરઠવવામાં વિરાધનાનો ભય રહે છે તેથી આહાર પરઠવે નહિ પરંતુ આહારનો સંપૂર્ણ પરિભોગ કરે તો અજીર્ણ વિગેરે થાય છે. આ પ્રકારનું અજીર્ણ પ્રમાદી સાધુને થતું દેખાય છે. તેને ગ્રહણ કરીને દિગંબરો પાત્રાનો એકાંતથી નિષેધ કરે છે. **॥૧૦૨૦॥**

અવતરણિકા :-

રજોહરણમાશ્રિત્ય દોષમાહ—

અવતરણિકાર્થ :-

દિગંબરો રજોહરણને આશ્રયીને દોષને કહે છે —

ગાથા :-

रयहरणम्मि पमज्जणदोसा कीडघरवुज्झ (छाय) णादीया ।
तेसिं चेव य अंडगवियोगमादी य विन्नेया ।।१०२१।।

છાયા :-

रजोहरणे प्रमार्जनदोषाः कीटगृहस्थगनादयः ।
तेषामेव चाण्डकवियोगादयश्च विज्ञेयाः ।।१०२१।।

ગાથાર્થ :-

રજોહરણમાં પ્રમાર્જના દોષો છે, કીડીઓના ઘરના છાદનાદિ પ્રમાર્જનાના દોષો છે અને તેઓના જ=કીડીઓના અંડકના જ, વિયોગાદિ જાણવા. ॥૧૦૨૧॥

ટીકા :-

रजोहरणे प्रमार्जनदोषाः 'कीडघरवुज्ज(छाय) णाईयत्ति' कीटगृहस्थगनादयः, रजोहरणेन ही प्रमार्जनं विधीयते, तस्य तदर्थत्वात्, प्रमार्जने च क्रियमाणे रजसा कीटगृहाणां स्थगनं भवति, आदिशब्दात्कीटगृहस्थगने सति तेषां कीटानां प्राणविपत्तिः केषांचिदपि चाल्पकायानां रजोहरणसंस्पर्शमात्रादपि प्राणव्यपरोपणमित्यादि परिगृह्यते । तथा 'तेसिमित्यादि' तेषामेव च कीटानां रजोहरणेन प्रमार्जने क्रियमाणे सत्यण्डकवियोगादय आदिशब्दात्प्रबन्धगमनविनाशभोग्यसिक्थादिविरहरजःपूरितदरिसत्त्वसंसक्त्यादयो दोषा विज्ञेयाः ।।१०२१।।

ટીકાર્થ :-

रजोहरणे ..... विज्ञेयाः ।। રજોહરણમાં પ્રમાર્જન દોષો છે. કયા દોષ છે ? તે સ્પષ્ટ કરે છે.

કીડીઓના ઘરના સ્થગન આદિ દોષો છે. હિ=જે કારણથી, રજોહરણથી પ્રમાર્જન કરાય છે; કેમ કે તેનું=રજોહરણનું, તદર્થપણું છે=પ્રમાર્જન અર્થે છે, અને પ્રમાર્જન કરાયે છતે ધૂળથી કીડીઓના ઘરનું સ્થગન થાય છે. આદિ શબ્દથી=સ્થગનાદિ શબ્દમાં રહેલા 'આદિ' શબ્દથી, કીડીઓનાં ઘર સ્થગન કરાયે છતે તે કીડીઓના પ્રાણનો નાશ થાય છે અને કેટલાક પણ અલ્પકાયવાળા જીવોના રજોહરણના સ્પર્શ માત્રથી પણ પ્રાણ નાશ થાય છે ઈત્યાદિનું ગ્રહણ છે. અને રજોહરણથી પ્રમાર્જન કરાયે છતે તે જ કીડીઓના અંડકના વિયોગ આદિ થાય છે. આદિ શબ્દથી પ્રબંધગમનનો વિનાશ, ભોગ્ય એવા અનાજના દાણાદિનો વિરહ, રજથી પૂરિત દરમાં રહેલા જીવોના સંસક્ત આદિ દોષો જાણવા. ॥૧૦૨૧॥

ભાવાર્થ :-

રજોહરણથી અવિવેકપૂર્વક કરાતી પ્રમાર્જનાના કારણે સંભવિત દોષોને ગ્રહણ કરીને દિગંબરો સાધુને રજોહરણ ગ્રહણ કરવું અયુક્ત છે તેમ બતાવે છે. સાધુ રજોહરણથી પ્રમાર્જના કરે તો તે ધૂળથી કીડીઓના ઘરનું સ્થગન થાય અને કીડીઓના ઘરનું ધૂળથી સ્થગન થવાથી કેટલીક કોમળ કીડીઓના પ્રાણનો નાશ થાય. વળી, કેટલાક અલ્પ શક્તિવાળા જીવો રજોહરણ માત્રના સ્પર્શથી મૃત્યુ પામે તે સર્વે પ્રમાર્જનાથી સંભવિત દોષો છે. વળી કીડીઓ અંડકને ગ્રહણ કરી બહાર નીકળેલ હોય ત્યારે કોઈ સાધુ પ્રમાર્જના કરે તો કીડીઓના અંડકનો વિયોગ થાય છે. તેથી તેઓને પીડા થાય છે. વળી કોઈ કીડીઓ એકની પાછળ એક એમ ક્રમસર જતી હોય તેને પ્રમાર્જના કરવાથી તેઓના ક્રમસર ગમનનો વિનાશ થાય છે. વળી, કોઈ કીડીઓ અનાજના કણ લઈ જતી હોય અને સાધુ પ્રમાર્જન કરે તો અનાજના કણની સાથે કીડીઓનો વિયોગ થાય, બીજા જીવોનો પરસ્પર સંશ્લેષ થાય, એમ અનેક દોષો છે. માટે સાધુએ પ્રમાર્જના અર્થે રજોહરણ રાખવું ઉચિત નથી અને પ્રમાર્જનાનું પ્રયોજન ન હોય તો રજોહરણ સ્વતઃ પરિગ્રહરૂપ છે. માટે સાધુએ રજોહરણ રાખવું જોઈએ નહિ એ પ્રમાણે દિગંબરો કહે છે. **॥૧૦૨૧॥**

અવતરણિકા :-

दण्डमधिकृत्य दूषणमाह—

અવતરણિકાર્થ :-

દંડને આશ્રયીને દૂષણ કહે છે —

ગાથા :-

डंडग्गहणम्मिवि हत्थियारसावेक्खयादिया दोसा ।
ते पुण (एए) ण होंति एगंततो परं चत्तगंथस्स ।।१०२२।।

છાયા :-

दण्डग्रहणेऽपि हास्तिकारसापेक्षतादिका दोषाः ।
ते पुनः (एते) न भवन्ति एकान्ततः परं त्यक्तग्रन्थस्य ।।१०२२।।

ગાથાર્થ :-

દાંડાના ગ્રહણમાં પણ હાસ્તિકારની સાપેક્ષતા આદિ દોષો છે. તે વળી આ દોષો, કેવલ ત્યક્ત ગ્રંથવાળા સાધુને એકાંતે હોતા નથી. ।।૧૦૨૨।।

ટીકા :-

दण्डग्रहणे च क्रियमाणे 'हत्थियारसावेक्खयत्ति' हास्तिकारसापेक्षता प्रहरणसापेक्षता, सा च सकलजन्तुषु मैत्रीभावमनुसरतो यतेरेकान्तेन विरुद्धा । आदिशब्दादन्येऽप्येवंजातीया दोषा विज्ञेया इति । स्वपक्षे पुनः परो दोषाभावमाह—'एए ण होंतीत्यादि' एते पूर्वोक्ता वस्त्रादिगता दोषाः सर्वेऽप्येकान्ततः परं-केवलं त्यक्तग्रन्थस्य सतो न भवन्तीति ।।१०२२।।

ટીકાર્થ :-

दण्डग्रहणे ..... भवन्तीति ।। અને દાંડો ગ્રહણ કરાયે છતે હાસ્તિકાર સાપેક્ષતા છે=પ્રહરણની સાપેક્ષતા છે=કોઈકને પ્રહાર કરવાની અપેક્ષા છે, અને તે=કોઈ સન્મુખ આવતા જીવને પ્રહાર કરવાની અપેક્ષા, બધા જીવોમાં મૈત્રીભાવને અનુસરનારા યતિને એકાંતથી વિરુદ્ધ છે. 'આદિ' શબ્દથી અન્ય પણ આવા જાતિવાળા દોષો જાણવા. સ્વપક્ષમાં=દિગંબરના પક્ષમાં, વળી પર=દિગંબર, દોષના અભાવને કહે છે. આ પૂર્વમાં કહેલા વસ્ત્રાદિગત દોષો સર્વ પણ એકાંતથી કેવલ ત્યક્ત ગ્રંથવાળા છતા સાધુને થતા નથી. ।।૧૦૨૨।।

ભાવાર્થ :-

સાધુ દાંડો રાખે, તેથી કોઈ હિંસક પ્રાણી વિગેરે પોતાની સન્મુખ આવે તેનાથી પોતાના રક્ષણ કરવા અર્થે પોતે દાંડાના પ્રહારથી રક્ષણ કરશે, એવી સાપેક્ષતા સાધુમાં વર્તે છે. તેથી કોઈને પ્રહાર ન કરે તોપણ દાંડા દ્વારા 'હિંસક પ્રાણીઓથી હું મારું રક્ષણ કરીશ' એવી પ્રકારની બુદ્ધિ જેમાં હોય તે સાધુમાં મૈત્રીભાવ સંભવી શકે નહિ. તેથી સાધુપણામાં હથિયાર ગ્રહણની જેમ દાંડાનું ગ્રહણ અનુચિત છે. વળી, દાંડાના ગ્રહણમાં અન્ય દોષો પણ પ્રાપ્ત થાય છે. જેમ ચાલતી વખતે સાધુ દાંડાને ભૂમિ પર સ્થાપન કરે ત્યારે તે સ્થાનમાં કોઈ સૂક્ષ્મ જંતુ હોય તો તેનો નાશ થાય છે. માટે સાધુએ હિંસાના સાધન એવા દાંડાને ધારણ કરવું જોઈએ નહિ. વળી, દિગંબરો પૂર્વમાં કહેલા વસ્ત્રના દોષોની સાધુને પ્રાપ્તિ પોતાના પક્ષમાં નથી તે બતાવતાં કહે છે. દિગંબર સાધુઓએ બધા પ્રકારના પરિગ્રહનો ત્યાગ કર્યો છે. તેઓને વસ્ત્ર નથી, પાત્ર નથી, દાંડો નથી, રજોહરણ નથી, તેથી સર્વથા પરિગ્રહરહિત સાધુને એકાંતથી વસ્ત્રાદિગત દોષોની પ્રાપ્તિ નથી. **॥૧૦૨૨॥**

ગાથા :-

किंच णियं चिय रूवं दट्ठूणं तस्स हों(हो)ति संवेगो ।
पव्वइतोऽहमगंथो करेमि ता णिययकरणिज्जं ।।१०२३।।

છાયા :-

किञ्च निजमेव रूपं दृष्ट्वा तस्य भवति संवेगः ।
प्रव्रजितोऽहमग्रन्थः करोमि तस्माद् निजककरणीयम् ।।१०२३।।

ગાથાર્થ :-

વળી, પોતાનું જ રૂપ જોઈને=સર્વથા ગ્રંથ વગરનું પોતાનું જ રૂપ જોઈને, તેને=સાધુને, સંવેગ થાય છે. 'હું પ્રવ્રજિત છું, અગ્રંથવાળો છું, તે કારણથી નિજ કરણીયને કરું.' ।।૧૦૨૩।।

ટીકા :-

किंच निजमेव रूपं दृष्ट्वा तस्य-साधोर्भवति संवेगो यथा—प्रव्रजितोऽहमग्रन्थश्च, 'ता' तस्मात्किमेभिर्वस्त्रादिभिः परिगृह्यमाणैः नैर्ग्रन्थ्यविघातकारिभिः करोमि निजं करणीयमिति ।।१०२३।।

ટીકાર્થ :-

किंच ..... करणीयमिति ।। વળી પોતાના જ રૂપને જોઈને=સંપૂર્ણ વસ્ત્રાદિ પરિગ્રહ રહિત પોતાના જ રૂપને જોઈને, તે સાધુને સંવેગ થાય છે. કેવા પ્રકારનો સંવેગ થાય છે, તે 'યથા'થી બતાવે છે — 'હું પ્રવ્રજિત છું અને ગ્રંથ વગરનો છું, તે કારણથી નૈગ્રન્થ્યના વિઘાતને કરનારા ગ્રહણ કરાતા આ વસ્ત્રાદિ વડે શું ? અર્થાત્ મારે કોઈ પ્રયોજન નથી, હું પોતાની કઈ કરણી કરું ?' ।।૧૦૨૩।।

ભાવાર્થ :-

'किंच'થી વસ્ત્રાદિ વગરના દિગંબર સાધુઓને અંતરંગ રીતે શું લાભ થાય છે ? તે બતાવતાં કહે છે — જે સાધુ વસ્ત્ર, રજોહરણ વિગેરે સર્વ પરિગ્રહ વગરના છે, કેવલ દેહ સ્વરૂપ પોતે છે અન્ય કોઈ પરિગ્રહ નથી તે સાધુને પોતાનું વાસ્તવિક સ્વરૂપ સર્વ પ્રકારના પરિગ્રહ વગરનું છે તેનું સ્મરણ થાય છે. તેથી પોતાના સંપૂર્ણ પરિગ્રહ રહિત સ્વરૂપને પ્રગટ કરવાની તીવ્ર અભિલાષા થાય છે અર્થાત્ પુદ્ગલના સંપૂર્ણ સંગ વગરની સિદ્ધ અવસ્થા પ્રગટ કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે. તેથી પોતાનાથી શક્ય સર્વ પ્રકારના પરિગ્રહનો પોતે ત્યાગ કર્યો છે. એ પ્રકારનો મનમાં વિકલ્પ થાય છે. વળી, 'હું પ્રવ્રજિત છું=પ્રકર્ષથી પાપનો ત્યાગ કરીને હું આત્માના નિરાકુળ સ્વભાવમાં જનારો છું, સર્વ પ્રકારના પુદ્ગલના સંગના ગ્રંથનો મેં ત્યાગ કર્યો છે, તેથી ગ્રંથ વગરનો છું. તેથી નિર્ગ્રંથતાના વિઘાતને કરનારા ગ્રહણ કરાતા વસ્ત્રાદિ વડે મારે શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. તેથી મારું પોતાનું કરણીય છે તેને જ હું કરું અર્થાત્ મારું પોતાનું કરણીય સર્વ પ્રકારના ગ્રંથનો ત્યાગ કરીને પુદ્ગલના સંગ વગરની અવસ્થાને પ્રાપ્ત કરવાનું

છે તેને પ્રાપ્ત કરવા માટે હું પ્રયત્ન કરું', આવો વિચાર વસ્ત્રાદિ પરિગ્રહ વગરના સાધુને સંભવી શકે છે. વસ્ત્રવાળા સાધુને તો વસ્ત્રાદિના ગ્રહણ, રક્ષણ આદિ પ્રવૃત્તિમાં ચિત્ત વ્યગ્ર રહે છે. તેથી નિર્ગ્રંથભાવ તેઓને પ્રાપ્ત થઈ શકે નહિ એ પ્રકારનો દિગંબરનો આશય છે. **॥૧૦૨૩॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ—

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કહે છે —

ગાથા :-

तम्हा चइऊण घरं तं चेव पुणो अणिच्छमाणेणं ।
निग्गंथेणं जइणा होयव्वं निम्ममत्तेणं ।।१०२४।।

છાયા :-

तस्मात् त्यक्त्वा गृहं तदेव पुनरनिच्छता ।
निर्ग्रन्थेन यतिना भवितव्यं निर्ममत्वेन ।।१०२४।।

ગાથાર્થ :-

તે કારણથી ઘરનો ત્યાગ કરીને વળી, તેને જ=ઘરને જ, નહિ ઇચ્છતા નિર્ગ્રન્થ યતિએ નિર્મમપણાથી થવું જોઈએ. ॥૧૦૨૪॥

ટીકા :-

यत एवं वस्त्रादिपरिग्रहेऽनेकदोषसंभवस्तस्मात् त्यक्त्वा गृहं तदेव-गृहं पुनरनिच्छता सता यतिना निर्ग्रन्थेन-वस्त्रादिग्रन्थरहितेन निर्ममत्वेन-ममत्वविकलेन भवितव्यमिति ।।१०२४।।

ટીકાર્થ :-

यत ..... भवितव्यमिति ।। જે કારણથી આ રીતે વસ્ત્રાદિ પરિગ્રહ હોતે છતે અનેક દોષનો સંભવ છે. તે કારણથી ઘરને છોડીને તે જ ઘરને ફરી નહિ ઇચ્છતા છતાં નિર્ગ્રંથ એવા યતિએ=વસ્ત્રાદિ ગ્રંથ રહિત એવા યતિએ, નિર્મમપણાથી=મમત્વવિકલથી, થવું જોઈએ. ॥૧૦૨૪॥

ભાવાર્થ :-

દિગંબર મતનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે. પૂર્વમાં કહ્યું એ રીતે વસ્ત્રાદિના ગ્રહણમાં અનેક દોષોનો સંભવ છે. તે દોષોના નિવારણ અર્થે સાધુએ ઘરનો ત્યાગ કર્યો છે તેથી સાધુ ફરી ઘરને ક્યારેય ઇચ્છે નહિ તેમ ઘરતુલ્ય વસ્ત્રાદિ પરિગ્રહને પણ ક્યારેય સાધુ ઇચ્છે નહિ પરંતુ ગૃહ, વસ્ત્ર વગેરે સર્વ પ્રત્યે મમત્વ વગરના થઈને સાધુએ સદા વિચરવું જોઈએ જેથી સંસારનો શીઘ્ર અંત થાય. **॥૧૦૨૪॥**

અવતરણિકા :-

અત્રાચાર્ય આહ—

અવતરણિકાર્થ :-

અહીં=અત્યારસુધી સ્થાપન કરાયેલા દિગંબરના કથનમાં, આચાર્યશ્રી કહે છે —

ગાથા :-

वत्थमिह जायणाओ जइ मुच्चइ हंत एवं मोत्तव्वो ।
आहारोवि हु जइणा अजाइओ जं न होइत्ति ।।१०२५।।

છાયા :-

वस्त्रमिह याञ्चातो यदि मुच्यते हन्त एवं मोक्तव्यः ।
आहारोऽपि हु यतिनाऽयाचितो यत्र भवतीति ।।१०२५।।

ગાથાર્થ :-

અહીં=સંયમજીવનમાં, યાચનાથી જો વસ્ત્ર મુકાય છે તો ખરેખર યતિ વડે આહાર પણ મુકાવો જોઈએ. જે કારણથી અયાચિત આહાર પ્રાપ્ત થતો નથી. ।।૧૦૨૫।।

ટીકા :-

यदि वस्त्रमिह याञ्चातो-याञ्चादोषान्मुच्यते हन्त एवं सत्याहारोऽपि यतिना सर्वथा मोक्तव्य एव, हुरवधारणे, तुल्यदोषत्वात् । एतदेवाह—'अजाइओ जं न होइत्ति' यत्-यस्मात् कारणादाहारोऽपि यतेर्नायाचितो भवति । 'सव्वं से जाइयं होइ नत्थि किंचि अजाइयमिति' वचनप्रामाण्यात् ।।१०२५।।

ટીકાર્થ :-

यदि ..... वचनप्रामाण्यात् ।। અહીં=સંયમજીવનમાં, જો યાંચાથી=યાચનાના દોષથી, વસ્ત્ર મુકાય છે=વસ્ત્રનો ત્યાગ કરાય છે પરંતુ યતિ દ્વારા વસ્ત્ર ગ્રહણ કરાતું નથી. ખરેખર આમ હોતે છતે આહારનો પણ સાધુએ સર્વથા ત્યાગ જ કરવો જોઈએ; કેમ કે તુલ્ય દોષપણું છે=વસ્ત્રમાં અને આહારમાં યાચનારૂપ સમાન દોષપણું છે.

'હુ' શબ્દ અવધારણમાં છે. તેથી ત્યાગ જ કરવો જોઈએ એમ અન્વય છે. એને જ=યાચનાના દોષના નિવારણ અર્થે આહારનો ત્યાગ કરવો જોઈએ એને જ, કહે છે — જે કારણથી યતિને આહાર પણ યાચના વગર પ્રાપ્ત થતો નથી; કેમ કે તેનું=યતિનું, સર્વ યાચિત હોય છે. કંઈ પણ અયાચિત નથી. એ પ્રકારનું વચનનું પ્રમાણપણું છે. ।।૧૦૨૫।।

ભાવાર્થ :-

દિગંબરો એમ કહે છે કે સાધુ વસ્ત્ર ગ્રહણ કરશે તો તેના માટે યાચના કરવી પડશે. બીજા પાસે વસ્ત્રની યાચના કરવી તે નિઃસ્પૃહ મુનિને ઉચિત નથી. નિઃસ્પૃહતા મુનિની સંપત્તિ છે તેથી યાચનામાં દોષ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો વસ્ત્રની યાચનામાં દોષ છે, તો સાધુને આહારની યાચનામાં પણ દોષની પ્રાપ્તિ થાય માટે સાધુએ આહાર પણ ગ્રહણ કરવો જોઈએ નહિ; કેમ કે યાચના વગર આહારની અપ્રાપ્તિ છે. તેથી સંયમરૂપી દેહના ઉપષ્ટંભક આહાર ગ્રહણ કરવાથી સંયમની વૃદ્ધિ થાય છે. તેમ સંયમના ઉપષ્ટંભક નિર્દોષ વસ્ત્ર યતનાપૂર્વક ગ્રહણ કરવાથી સંયમની વૃદ્ધિ થાય છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૦૨૫॥**

અવતરણિકા :-

અત્ર પરસ્ય મતમાહ–

અવતરણિકાર્થ :-

અહીં=આહારના વિષયમાં, પરના=દિગંબરના, મતને કહે છે –

ગાથા :-

અહ ધમ્મકાયપરિવાલણેણ ઉવગારગો તઓ દિટ્ઠો ।
વત્થંપિ હુ એવં ચિય ઉવગારગમો મુણેતવ્વં ।।૧૦૨૬।।

છાયા :-

अथ धर्मकायपरिपालनेनोपकारकः सको दृष्टः ।
वस्त्रमपि हु एवमेवोपकारकं ज्ञातव्यम् ।।१०२६।।

ગાથાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે છે. તે=આહાર, ધર્મકાયના પરિપાલનથી ઉપકારક જોવાયેલો છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્ર પણ આ રીતે જ=આહારની જેમ જ, ઉપકારક જાણવો. ।।૧૦૨૬।।

ટીકા :-

अथोच्येत 'तउत्ति'सक आहारो धर्म्मकायपरिपालनेन-धर्म्मार्थं कायो धर्म्मकायस्तस्य परिपालनं तेनोपकारको दृष्टस्ततश्चेत्थं महोपकारित्वादाहारस्याल्पीयान् भवत्रपि याञ्चादोषो न बाधायेति । अत्राह–'वत्थंपीत्यादि' ननु वस्त्रमपि 'हु' निश्चितमेवमेव-आहारवदेव उपकारकमेव ज्ञातव्यम् । 'मो' इति निपातोऽवधारणे ।।१०२६।।

ટીકાર્થ :-

अथोच्येत ..... निपातोऽवधारणे ।। હવે કહેવાય છે=દિગંબર દ્વારા કહેવાય છે – તે=આહાર,

ધર્મની કાયાના પરિપાલનથી=ધર્મ માટે કાયા ધર્મકાયા તેનું પરિપાલન તેનાથી, ઉપકારક જોવાયો છે અને તેથી=આહાર ધર્મકાયાનો ઉપકારક જોવાયો છે તેથી, આ રીતે આહારનું મહોપકારીપણું હોવાથી થતો પણ અલ્પ યાચના દોષ, બાધ માટે નથી. અહીં=પૂર્વપક્ષના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – ખરેખર વસ્ત્ર પણ નિશ્ચિત આ રીતે જ=આહારની જેમ જ, ઉપકારક જ જાણવો. 'મો' શબ્દ અવધારણ અર્થમાં નિપાત છે. ॥૧૦૨૬॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ દિગંબરને કહ્યું કે યાચનાદોષ વસ્ત્રમાં છે તેમ આહારમાં છે. તેના સમાધાન માટે દિગંબર કહે છે કે ધર્મની ઉપષ્ટંભક કાયા છે; કેમ કે કાયાના બળથી સાધુ નિરપેક્ષભાવની વૃદ્ધિ કરી શકે છે. તેથી તે કાયાનું પરિપાલન આવશ્યક છે અને કાયાનું પરિપાલન આહારથી થઈ શકે છે. જે સાધુ સર્વત્ર નિઃસ્પૃહી છે, માત્ર સંયમના વૃદ્ધિના અંગરૂપે આહાર ગ્રહણ કરે છે તેઓને યાચનાદોષ બાધ માટે નથી. આ પ્રકારના દિગંબરના સમાધાનમાં ગ્રંથકારશ્રી કહે છે – એ રીતે સંયમના ઉપકારક વસ્ત્ર જે સાધુ ગ્રહણ કરે છે તેઓને સંયમના ઉપકારક વસ્ત્રની યાચનામાં તે દોષ નથી. **॥૧૦૨૬॥**

અવતરણિકા :-

ઉપકારકમેવ (ઉપકારમેવ) દર્શયતિ–

અવતરણિકાર્થ :-

ઉપકારકને જ=વસ્ત્ર સંયમમાં ઉપકારક છે એને જ, બતાવે છે –

ગાથા :-

तणगहणअग्गिसेवणकायवहविवज्जणेण उवगारो ।
तदभावे य विणासो अणारिसो धम्मकायस्स ।।१०२७।।

છાયા :-

तृणग्रहणाग्निसेवनकायवधविवर्जनेनोपकारः ।
तदभावे च विनाशोऽनार्षो धर्मकायस्य ।।१०२७।।

ગાથાર્થ :-

તૃણગ્રહણ, અગ્નિસેવન, કાયવધના વિવર્જનથી ઉપકારક છે=વસ્ત્રનું ગ્રહણ ઉપકારક છે, તેના અભાવમાં=વસ્ત્રના અભાવમાં, ધર્મકાયનો અનાર્ષ એવો વિનાશ છે. ॥૧૦૨૭॥

ટીકા :-

वस्त्रपरिग्रहाभावे हि शयनादिनिमित्तं सचित्ततृणपर्णादीनां परिग्रहं कुर्यात्, तथा च सति

वनस्पतिकायविघातसंभवः । अथाचित्ततृणपर्ण्णादिग्रहणं करिष्यति ननु तत्रापि शुषिरत्वात् कुन्थ्वाद्यनेकप्राणिगणविनाशोऽपरिहार्य एव, शिशिरकाले च शीतपरिपीडितवपुस्सन् अग्निकायं समारभेत तत्समारंभे च पृथ्वीकायादिषड्जीवनिकायवधप्रसङ्गस्ततस्तृणगृहणेनाग्निसेवनेन च यः कायवधप्रसङ्गस्तद्विवर्जनेन वस्त्रस्योपकारः—उपकारित्वं द्रष्टव्यं, कायवधप्रसङ्गवर्ज्जनं वस्त्रस्योपकार इतियावत्, उपलक्षणमेतत्, तेन निशि स्वाध्यायध्यानमिच्छतः शीतवेदनाभिभूतस्य मुनेराच्छादनेन समाधानसंपादनं, सचित्तपृथ्वीरजोऽवगुण्ठितस्यात्मादेः प्रमार्जनं, हिमतुषारमहिकावर्षासारोदकप्राणित्राणकरणं सचित्तमहावाते वाति सति शरीरप्रावरणेन तद्रक्षणमित्यादिरूपोऽप्युपकारो द्रष्टव्यः । अत्रैव विपक्षे बाधामाह—'तदभावेत्यादि' तदभावे च-वस्त्राभावे च शीतादिवेदनयाऽत्यन्ताभिभवेन विनाशोऽनार्षः-आर्षप्रवचनासम्मतो धर्म्मकायस्य प्राप्नोति ।।१०२७।।

ટીકાર્થ :-

वस्त्रपरिग्रहाभावे ..... प्राप्नोति ।। વસ્ત્રના ગ્રહણના અભાવમાં શયનાદિ નિમિત્ત સચિત્ત તૃણ, પાંદડાં આદિનું ગ્રહણ કરે, અને તેમ હોતે છતે વનસ્પતિકાયના વિઘાતનો સંભવ છે. હવે અચિત્ત તૃણ, પાંદડાં આદિ ગ્રહણ કરશે=સાધુ ગ્રહણ કરશે. ત્યાં પણ=અચિત્ત તૃણ-પાંદડામાં પણ, શુષિરપણું હોવાથી કુંથુઆ આદિ અનેક પ્રાણીઓના સમૂહનો વિનાશ અપરિહાર્ય જ છે. શિયાળામાં ઠંડીથી પીડિત શરીરવાળા છતા સાધુ અગ્નિકાયનો સમારંભ કરે અને તેના સમારંભમાં પૃથ્વીકાયાદિ છ જીવનિકાયના વધનો પ્રસંગ છે. તેથી તૃણના ગ્રહણથી અને અગ્નિના સેવનથી જે કાયવધનો પ્રસંગ છે, તેના વર્જનથી વસ્ત્રનો ઉપકાર છે=વસ્ત્રનું ઉપકારીપણું જોવાયું છે=કાયવધના પ્રસંગનું વર્જન વસ્ત્રનો ઉપકાર છે. આ=કાયવધના વર્જનથી વસ્ત્રનો ઉપકાર છે એ, ઉપલક્ષણ છે. તેથી રાત્રિમાં સ્વાધ્યાય ધ્યાનને ઇચ્છતા શીતવેદનાથી અભિભૂત મુનિને આચ્છાદનથી સમાધાનનું સંપાદન છે=શીતવેદનાથી રક્ષણ દ્વારા વસ્ત્ર સ્વાધ્યાયાદિનું ઉપષ્ટંભક છે. સચિત્ત પૃથ્વી રજથી અવગુંઠિત આત્માનું પ્રમાર્જન છે. હિમ, તુષાર, મહિકા વર્ષાના આસાર ઉદક=વર્ષાના પાણીના છાંટણા, પ્રાણીના રક્ષણનું કરણ=સાધનરૂપ વસ્ત્ર છે. સચિત્ત મહાવાત વાયે છતે શરીરને ઢાંકવાથી તેનું રક્ષણ છે ઇત્યાદિ રૂપ પણ વસ્ત્રનો ઉપકાર જાણવો. અહીં જ વિપક્ષમાં બાધાને કહે છે અને તેના અભાવમાં=વસ્ત્રના અભાવમાં, શીતાદિ વેદનાથી અત્યંત અભિભવના કારણે વિનાશ અનાર્ષ છે=આર્ષ પ્રવચનને અસંમત એવો ધર્મકાયનો વિનાશ પ્રાપ્ત થાય છે. ।।૧૦૨૭।।

ભાવાર્થ :-

સાધુઓ નિઃસ્પૃહ ભાવની વૃદ્ધિ અર્થે સર્વ સંગનો ત્યાગ કરે છે અને ષટ્કાયના પાલનમાં યત્ન કરીને બધા જીવો પ્રત્યે સમભાવની વૃદ્ધિ કરે છે. તેથી નિઃસ્પૃહભાવની વૃદ્ધિ અર્થે જેમ દેહનું પાલન કરે છે તેમ ષટ્કાયના પાલનના અંગરૂપે વસ્ત્રનું ગ્રહણ કરે છે. વળી, ક્યારેક શીતવેદનાને કારણે સ્વાધ્યાય, ધ્યાનનો

ભંગ થતો હોય અથવા સ્વાધ્યાય, ધ્યાન દ્વારા નિઃસ્પૃહભાવની વૃદ્ધિ થવામાં સ્ખલના થતી હોય ત્યારે તેનું નિવારણ કરવા અર્થે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે છે. તેથી શીતવેદનાના પરિહાર અર્થે વસ્ત્ર ઉપકારક છે. અતિ શીતવેદનાના કારણે દેહનો વિનાશ થાય તો સંયમના ઉપકારક દેહનો નાશ કરવો સાધુને ઉચિત નથી. તેથી સાધુ વસ્ત્ર દ્વારા દેહનું રક્ષણ કરે છે. આ સિવાય નિરર્થક વસ્ત્રનો ઉપયોગ કરે તો તે વસ્ત્ર સાધુને પરિગ્રહ બને પરંતુ જે સાધુ માત્ર સંયમની વૃદ્ધિ અર્થે વસ્ત્રનો ઉપયોગ કરે છે તે સાધુનું વસ્ત્ર સંયમનું અંગ છે.

વળી, વસ્ત્ર ગ્રહણ કરવાથી, તૃણગ્રહણથી અને અગ્નિસેવનથી કાયવધનું વર્જન ઉપકારક થાય છે. આથી જ એકાંતે વસ્ત્રનો નિષેધ કરનાર દિગંબરના સાધુઓ અતિશીતથી અભિભૂત થાય છે ત્યારે તે સ્થાનમાં ઉપલબ્ધ તૃણાદિ ગ્રહણ કરે છે જેમાં સચિત્ત તૃણની પ્રાપ્તિ થાય તો વનસ્પતિની વિરાધના થાય કે તૃણના સમૂહમાં કુંથુ આદિ સૂક્ષ્મ પ્રાણીઓ હોય તો તેમનો પણ વિનાશ થાય તે સર્વનું વર્જન વસ્ત્રના ગ્રહણથી થાય છે; કેમ કે તેવા વિષમ સંયોગમાં વસ્ત્રના બળથી સાધુ શીતાદિનો પરિહાર કરીને ધર્મધ્યાનમાં યત્ન કરવા સમર્થ બને છે. માટે સંયમ અનુપકારક એવા વસ્ત્રનું અવલંબન લઈને તેનાથી થતા દોષો બતાવીને સંયમના ઉપકારક વસ્ત્રનો પણ નિષેધ કરવો તે ઉચિત નથી. **॥૧૦૨૭॥**

અવતરણિકા :-

अथ न भवति शीतादिवेदनयाऽत्यन्तमभिभूतस्यापि धर्म्मकायस्य विनाशः तथापि दोष एव, तथा चाह—

અવતરણિકાર્થ :-

શીતાદિ વેદનાથી અત્યંત અભિભૂત સાધુને ધર્મકાયનો વિનાશ ન થાય, તોપણ દોષ જ છે અને તે પ્રમાણે કહે છે —

ગાથા :-

जतिवि ण विणस्सति च्चिय देहो झाणं तु नियमतो चलति ।
सीतादिपरिगयस्सिह तम्हा लयणं व तं गज्झं ।।१०२८।।

છાયા :-

यद्यपि न विनश्यत्येव देहो ध्यानं तु नियमतश्चलति ।
शीतादिपरिगतस्येह तस्माल्लयनमिव तद् ग्राह्यम् ।।१०२८।।

ગાથાર્થ :-

જોકે દેહ વિનાશ પામતો નથી, તોપણ અહીં શીતાદિ પરિગત સાધુનું ધ્યાન નિયમથી ચલાયમાન થાય જ છે. તે કારણથી વસતિની જેમ તે=વસ્ત્ર, ગ્રાહ્ય છે. ।।૧૦૨૮।।

ટીકા :-

यद्यपि न विनश्यति देहस्तथापि ध्यानं शीतादिपरिगतस्येह नियमतश्चलत्येव, चियशब्द एवकारार्थो भिन्नक्रमश्च, स च यथास्थानं योजितस्तस्माल्लयनमिव तत्-वस्त्रमुपकारित्वादवश्यं ग्राह्यमिति ।।१०२८।।

ટીકાર્થ :-

यद्यपि ..... ग्राह्यमिति ।। જોકે દેહ વિનાશ પામે નહીં, તોપણ શીતાદિ પરિગત સાધુનું ધ્યાન અહીં નિયમથી ચલિત જ થાય છે. 'ચિય' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે= એવકાર, યથાસ્થાન યોજિત છે=ચલતિ પાસે યોજન કરાયેલો છે. તે કારણથી લયનની જેમ=વસતિની જેમ, ઉપકારીપણું હોવાથી તે=વસ્ત્ર, અવશ્ય ગ્રાહ્ય છે. ।।૧૦૨૮।।

ભાવાર્થ :-

કોઈ સાધુ દિગંબર મતથી ભાવિત હોય તો વસ્ત્રનું એકાંતે અગ્રાહ્યપણું સ્વીકારે છે. તેથી અતિ શીતાદિને કારણે વસ્ત્ર નહિ ગ્રહણ કરવાથી મૃત્યુ થાય. કેટલાક સાધુનું જોકે મૃત્યુ ન પણ થાય તોપણ શીતાદિથી વ્યાકુળ થયેલા સાધુ મોક્ષને અનુકૂળ શુભધ્યાનમાં યત્ન કરી શકે નહિ. તેથી અતિશીતાદિથી વિહ્વળ થયેલા સાધુ યથાતથા કાળ નિર્ગમન કરીને એટલો કાળ વ્યર્થ પસાર કરે છે અને જો અતિ શીતાદિથી રક્ષણ કરવા અર્થે વસ્ત્ર ગ્રહણ કરે તો જેમ સાધુને વસતિ સંયમમાં ઉપકારક બને છે તેમ વસ્ત્ર પણ સંયમમાં ઉપકારી બને. માટે સંયમના અર્થી સાધુ તેટલા પરિમિત વસ્ત્ર ગ્રહણ કરે તે દોષરૂપ નથી. પરંતુ સંયમના ઉપષ્ટંભક છે. **॥૧૦૨૮॥**

અવતરણિકા :-

स्यादेतत्, यदि शीतादिवेदनाभिरत्यन्तमभिभूतस्य तस्य मरणमुपढौकते तर्हि तदपि सफलमेव, मरणपर्यवसानं हि जीवितं, ततोऽवश्यमेव कदाचिन्मर्त्तव्यं तद्यद्यधुना धर्ममाचरतो मरणं भविष्यति किमयुक्तं स्यादित्यत आह—

અવતરણિકાર્થ :-

આ થાય=દિગંબરના મતે આ થાય, શું થાય ? તે સ્પષ્ટ કરે છે — જો શીતાદિ વેદનાથી અત્યંત અભિભૂત એવા તેનું=સાધુનું, મરણ થાય તો તે પણ=મરણ પણ, સફળ જ છે. હિ=જે કારણથી, મરણમાં પર્યવસાનવાળું જીવિત છે=દરેક જીવોનું જીવન મરણફલવાળું છે. તેથી અવશ્ય જ ક્યારેક મરવું પડશે. તે કારણથી જો હમણાં ધર્મની આચરણા કરતા સાધુને મરણ થશે તો શું અયુક્ત થાય ? એથી કહે છે —

ગાથા :-

સુહઝાણસ્સ ઉ નાસે મરણંપિ ન સોહણં જિણા બેંતિ ।
અન્નાણિવીરચરિયં બાલાણં વિમ્હયં કુણતિ ।।૧૦૨૯।।

છાયા :-

શુભધ્યાનસ્ય તુ નાશે મરણમપિ ન શોભનં જિના બ્રુવતે ।
અજ્ઞાનિવીરચરિતં બાલાનાં વિસ્મયં કરોતિ ।।૧૦૨૯।।

ગાથાર્થ :-

શુભધ્યાનના નાશમાં મરણ પણ શોભન નથી, એમ જિનેશ્વર કહે છે. અજ્ઞાનીનું વીર ચરિત્ર બાલ જીવોને વિસ્મય કરે છે. ।।૧૦૨૯।।

ટીકા :-

शीतादिवेदनापरिगतस्य हि नियमतः शुभध्यानविघातसंभव इत्युक्तं, ततः शुभध्यानस्य विनाशे सति मरणमपि न शोभनं जिना ब्रुवते, आर्त्तध्यानादिसंभवेन तिर्यग्योन्यादिषूपपातसंभवात् । यत्पुनरुक्तं– मरणपर्यवसानं हि जीवितमित्यादि तदयुक्तमेव, अज्ञानिरचरितं हि बालानामेव-अज्ञानामेव विस्मयं करोति नतु गुरुपारंपर्यागतागमोपनिषद्वेदिनाम्, इह परलोके वा तस्य भावतो दुःखनिबन्धनत्वादिति ।।१०२९।।

ટીકાર્થ :-

शीतादिवेदना ..... त्वादिति ।। શીતાદિ વેદનાથી પરિગત સાધુને નિયમથી શુભધ્યાનના વિઘાતનો સંભવ છે એમ કહેવાયું. તેથી શુભધ્યાનનો વિનાશ થયે છતે મૃત્યુ પણ શોભન નથી એમ જિનો કહે છે; કેમ કે આર્તધ્યાનાદિ સંભવના કારણે તિર્યંચયોનિ આદિમાં ઉપપાતનો સંભવ છે. મરણપર્યવસાનવાળું જીવિત છે ઈત્યાદિ જે વળી કહેવાયું તે અયુક્ત જ છે. હિ=જે કારણથી, અજ્ઞાની પુરુષોનું વીરચરિત્ર બાલજીવોને જ=અજ્ઞાની જીવોને જ, વિસ્મય કરે છે પરંતુ ગુરુપારંપર્યથી આવેલા આગમના ઉપનિષદને જાણનારાઓને વિસ્મય કરતું નથી; કેમ કે અહીં=આલોકમાં, અથવા પરલોકમાં તેનું=અજ્ઞાની પુરુષોનાં વીરચરિત્રનું, ભાવથી=પરમાર્થથી, દુઃખનું કારણપણું છે. ।।૧૦૨૯।।

ભાવાર્થ :-

જે સાધુ વસ્ત્રને એકાંત પરિગ્રહ સ્વીકારીને વસ્ત્રનો સર્વથા ત્યાગ કરે છે અને જ્યારે અતિ શીતાદિ વેદનાથી પરાભવને પામે ત્યારે ચિત્ત વિહ્વળ થતું હોય તોપણ 'હું સાધુ છું, માટે મારાથી વસ્ત્ર ગ્રહણ થાય નહિ' એમ સંકલ્પ કરીને વસ્ત્ર ગ્રહણ કરે નહિ તોપણ શુભધ્યાનના વ્યાઘાતનો સંભવ છે અને શુભધ્યાનનો વિનાશ થયે છતે સાધુનું મૃત્યુ થાય તે સુંદર નથી એમ ભગવાન કહે છે; કેમ કે અતિશય શીતાદિ વેદનાને

કારણે આર્તધ્યાન વર્તતું હોય તો તે સાધુ મરીને તિર્યંચગતિમાં જાય છે અને રૌદ્રધ્યાન થાય તો સાધુ મરીને નરકમાં જાય છે. તેથી શુભધ્યાનનો વ્યાઘાત કરીને મૃત્યુ સ્વીકારવું સાધુને ઉચિત નથી.

વળી, પૂર્વપક્ષીએ અવતરણિકામાં કહ્યું કે બધા જીવોનું જીવન મરણફળવાળું જ છે. તેથી શીતાદિમાં મરણ થાય તો શું દોષ છે ? તે કથન અયુક્ત છે; કેમ કે અજ્ઞાની પુરુષોનું વીરચરિત્ર બાલજીવોને વિસ્મય કરે છે. ગુરુપારંપર્યથી આવેલા આગમના ઉપનિષદના જાણનારાઓને વિસ્મય કરનારું નથી. આથી ફલિત થાય કે સ્થૂળ બુદ્ધિવાળા જીવોને જણાય કે આ સાધુઓએ ગાઢ શીતવેદના સહન કરીને મૃત્યુનો સ્વીકાર કર્યો માટે મહાસાત્ત્વિક છે. પરમાર્થને જોનારાઓને શુભધ્યાનના બળથી જેઓ મૃત્યુ સ્વીકારે તેઓનું ચરિત્ર વિસ્મયને કરનારું જણાય છે; કેમ કે કષ્ટો વેઠતી વખતે ચિત્ત શુભધ્યાનમાં ન રહે તો આલોકમાં કષ્ટો જીવની વિલ્વળતાનાં કારણ છે. જે કષાયોની પરિણતિ સ્વરૂપ છે. તેથી પરલોકમાં દુર્ગતિના કારણ છે. માટે વિવેકી પુરુષને તેવાં કષ્ટો આચરણીય જણાતાં નથી. **॥૧૦૨૯॥**

અવતરણિકા :-

अत्र पराभिप्रायमाह—

અવતરણિકાર્થ :-

અહીં=વસ્ત્રાદિના અભાવને કારણે શીતાદિ પરિષહકાળમાં દેહ નાશ થાય છે તેના વિષયમાં, પરના અભિપ્રાયને=દિગંબરના અભિપ્રાયને, કહે છે —

ગાથા :-

अह उत्तमसंघयणे सुहझाणस्सवि न होइ णासोत्ति ।
मोत्तूण तयमजुत्ता सेसेसुं हंत पव्वज्जा ।।१०३०।।

છાયા :-

अथोत्तमसंहनने शुभध्यानस्यापि न भवति नाश इति ।
मुक्त्वा तकमयुक्ता शेषेषु हन्त प्रव्रज्या ।।१०३०।।

ગાથાર્થ :-

અથથી પૂર્વપક્ષી કહે છે — ઉત્તમ સંઘયણમાં શુભધ્યાનનો પણ નાશ થતો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે — તેને=ઉત્તમ સંઘયણવાળા જીવોને, છોડીને શેષ સંઘયણમાં પ્રવ્રજ્યા અયુક્ત છે. ॥૧૦૩૦॥

ટીકા :-

अथोच्येत उत्तमसंहनने-वज्रर्षभनाराचलक्षणे सति शुभध्यानस्यापि आस्तां धर्म्मकायस्येत्यपि-शब्दार्थः न भवति नाशस्ततो न कश्चिदपि पूर्वोक्तदोषावकाश इति । (अत्राह—) 'मोत्तूण इत्यादि'

यद्येवमिष्यते हन्त तर्हि मुक्त्वा तकम्-उत्तमसंहननोपेतमतिशायिनं शेषेषु अयुक्ता प्रव्रज्या, भणितदोषप्रसङ्गात्, न चैवमस्ति, शेषेष्वपीदानीं तस्या अभ्युपगम्यमानत्वादिति ।।१०३०।।

ટીકાર્થ :-

અથોચ્યેત ..... ત્વાદિતિ ।। અથથી પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે – ઉત્તમ સંઘયણ હોતે છતે=વજ્રઋષભનારાચ સંઘયણ હોતે છતે, શુભધ્યાનનો પણ નાશ થતો નથી, ધર્મકાયનો નાશ દૂર રહો. એ 'અપિ' શબ્દનો અર્થ છે. તેથી પૂર્વમાં કહેલા કોઈપણ દોષનો અવકાશ નથી. જો આ પ્રમાણે=પ્રથમ સંઘયણમાં વસ્ત્ર વગર પણ શુભધ્યાનનો નાશ નથી એ પ્રમાણે ઈચ્છાય છે. ખરેખર તો તેને છોડીને=ઉત્તમ સંઘયણથી યુક્ત અતિશયવાળાને છોડીને, શેષ સંઘયણવાળામાં પ્રવ્રજ્યા અયુક્ત છે; કેમ કે પૂર્વમાં કહેલા દોષનો પ્રસંગ છે અને આ પ્રમાણે નથી=શેષ સંઘયણમાં પ્રવ્રજ્યા અયુક્ત છે એ પ્રમાણે નથી; કેમ કે શેષ સંઘયણવાળામાં પણ હમણાં તેનું=પ્રવ્રજ્યાનું, સ્વીકારપણું છે. ।।૧૦૩૦।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે સાધુને વસ્ત્રગ્રહણનો સર્વથા નિષેધ કરવામાં આવે તો અતિશીતાદિને કારણે શુભધ્યાનનો નાશ થાય. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે જેઓને પ્રથમ સંઘયણ પ્રાપ્ત થયું છે તેઓને અતિ શીતાદિમાં પણ શુભધ્યાનનો નાશ થતો નથી. તેથી વસ્ત્રનો એકાંત પરિહાર દોષરૂપ નથી તેને ગ્રંથકારશ્રી કહે છે – જો આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો જે જીવોને પ્રથમ સંઘયણ પ્રાપ્ત થયું નથી તેઓને પ્રવ્રજ્યા અયુક્ત છે એમ સ્વીકારવું પડે પરંતુ એમ પૂર્વપક્ષી સ્વીકારી શકે નહીં; કેમ કે શેષ સંઘયણમાં અત્યારે પ્રવ્રજ્યાનો સ્વીકાર છે. તેથી પ્રવ્રજ્યાના પાલન અર્થે ઉપયોગી વસ્ત્રનું ગ્રહણ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ, જેથી શુભ ધ્યાનનો નાશ થાય નહિ. **॥૧૦૩૦॥**

અવતરણિકા :-

यच्चोक्तं—वस्त्रे हि परिभुज्यमाने शरीरमलसंपर्कतः षट्पदिकादिजीवसम्मूर्च्छना भवतीत्यादि, तत्र प्रतिविधानमाह—

અવતરણિકાર્થ :-

જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, શું કહેવાયું ? તે કહે છે – વસ્ત્રનો પરિભોગ કરાયે છતે શરીરના મલના સંપર્કથી જૂ આદિ સંમૂર્ચ્છિમ થાય છે. ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, પ્રતિવિધાનને કહે છે= ગ્રંથકારશ્રી સમાધાનને કહે છે –

ગાથા :-

संमुच्छणा ण जायति पायं विहिसेवणाए वत्थम्मि ।
संभवमेत्तेणं पुण देहादीसुंपि सा दिट्ठा ।।१०३१।।

છાયા :-

संमूर्च्छना न जायते प्रायो विधिसेवनया वस्त्रे ।
संभवमात्रेण पुन देहादिष्वपि सा दृष्टा ।।१०३१।।

ગાથાર્થ :-

વિધિપૂર્વક વસ્ત્રનું સેવન કરાયે છતે વસ્ત્રમાં પ્રાયઃ સંમૂર્ચ્છિમ જીવો થતા નથી. વળી, સંભવમાત્રથી દેહાદિમાં પણ તે=સંમૂર્ચ્છિમ જીવો, જોવાયા છે. ।।૧૦૩૧।।

ટીકા :-

प्रायो-बाहुल्येन विधिसेवनया सूत्राभिहितया वस्त्रे षट्पदिकादिजीवसम्मूर्च्छना नोपजायते । अथोच्येत तथापि संभवोऽस्तीति तत्परिहियते इत्यत आह—'संभवेत्यादि' संभवमात्रेण पुनर्देहादिष्वपि-देहे कक्षाकेशादौ आदिशब्दादाहारे च सा-सम्मूर्च्छना दृष्टा, तत्र देहे सुप्रतीतैव, आहारेऽपि च परिभुक्ते सति संभवन्त्येवोदरकोटरे जन्तव इति ।।१०३१।।

ટીકાર્થ :-

प्रायो ..... जन्तव इति ।। प्रायः=બાહુલ્યથી, સૂત્રમાં કહેવાયેલી વિધિના સેવનથી વસ્ત્રમાં જૂ આદિ સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થતા નથી. હવે કહે છે=પૂર્વપક્ષી કહે છે, તોપણ સંભવ છે=જૂનો સંભવ છે. તેથી વસ્ત્ર પરિહાર કરાય છે. એથી કહે છે=ગ્રંથકારશ્રી કહે છે — સંભવમાત્રથી વળી દેહાદિમાં પણ=કક્ષા-કેશાદિમાં પણ, 'આદિ' શબ્દથી આહારમાં તે સંમૂર્ચ્છિમ જીવો જોવાયા છે. ત્યાં દેહમાં=વાળાદિમાં, જૂ પ્રતીત જ છે. અને આહારમાં પણ પરિભોગ કરાયે છતે ઉદરકોટરમાં જીવો સંભવે છે. ।।૧૦૩૧।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી દિગંબર કહે છે કે સાધુ વસ્ત્ર ધારણ કરે તો તેમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે તેથી હિંસા થાય છે. માટે સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે — શાસ્ત્રમાં કહેલી વિધિપૂર્વક વસ્ત્ર ધારણ કરે તો તેમાં બહુલતાએ સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થતા નથી. જેમ વિવેકી સાધુ વસ્ત્રની બે જોડ રાખે છે. પ્રતિદિન બીજું વસ્ત્ર ગ્રહણ કરે, પૂર્વનું વસ્ત્ર મૂકી રાખે. તેથી પવનથી પરસેવો સુકાઈ જાય, તેથી જૂ થવાનો સંભવ રહે નહિ. વળી સાધુ બાર મહિનામાં પ્રાયઃ ચાતુર્માસ પૂર્વે કાપ કાઢે ત્યારે પણ વસ્ત્રમાં જૂ થયેલી હોય તો વિશેષ પ્રકારની શાસ્ત્રવિધિ અનુસાર યતનાપૂર્વક જૂના રક્ષણ અર્થે યત્ન કરે છે. ત્યાર પછી વસ્ત્રને ધોવે છે. તેથી જીવરક્ષા માટે પૂર્ણ યતના હોવાથી સાધુને દોષની પ્રાપ્તિ થતી નથી. છતાં જૂનો સંભવ છે એમ માનીને વસ્ત્રનો પરિહાર કરવામાં આવે તો દેહમાં, કેશમાં અને આહારમાં જીવોનો સંભવ છે. તેથી યતનાપરાયણ સાધુના દેહમાં સંમૂર્ચ્છિમ જીવો હોવા છતાં દોષ નથી તેમ યતનાપરાયણ સાધુના વસ્ત્રમાં જૂ પડે તોપણ દોષ નથી. **॥૧૦૩૧॥**

ગાથા :-

तम्हा निग्गंथेणं एयं दोसं विवज्जमाणेणं ।
देहो आहारोऽविय वज्जेयव्वो पयत्तेणं ।।१०३२।।

છાયા :-

तस्माद् निर्ग्रन्थेनैनं दोषं विवर्जयता ।
देह आहारोऽपि च वर्जयितव्य प्रयत्नेन ।।१०३२।।

ગાથાર્થ :-

તે કારણથી આ દોષનું વર્જન કરતા નિર્ગ્રંથ સાધુએ દેહ અને આહાર પણ પ્રયત્નથી વર્જન કરવું જોઈએ. ।।૧૦૩૨।।

ટીકા :-

यत एवं तस्मादेनम्-अनन्तरोक्तं सम्मूर्च्छनालक्षणं दोषं विवर्ज्जयता सता निर्ग्रन्थेन देह आहारोऽपि च प्रयत्नेन वर्जयितव्य इति ।।१०३२।।

ટીકાર્થ :-

यत ..... इति ।। જે કારણથી આ પ્રમાણે છે=જેમ વસ્ત્રમાં સંમૂર્ચ્છિમ થાય છે તેમ દેહમાં પણ સંમૂર્ચ્છિમ થાય છે એ પ્રમાણે છે, તે કારણથી આને=અનંતર કહેલા સંમૂર્ચ્છિમરૂપ દોષને, વર્જન કરતા છતા નિર્ગ્રંથે=સાધુએ, દેહ અને આહારને પણ પ્રયત્નથી વર્જન કરવું જોઈએ. ।।૧૦૩૨।।

ભાવાર્થ :-

દિગંબરો વસ્ત્રના ગ્રહણમાં સાધુને પરિગ્રહરૂપ દોષ છે એમ માને છે. તેમ સ્વીકારીને વસ્ત્રરૂપ પરિગ્રહ રાખવાથી સાધુને હિંસાના દોષની પણ પ્રાપ્તિ છે તે બતાવવા અર્થે કહે છે કે વસ્ત્રમાં સંમૂર્ચ્છિમ જૂ વિગેરે થશે અને વર્ષાઋતુ પહેલાં તેનો કાપ કાઢવો પડશે ત્યારે તે સંમૂર્ચ્છિમ જીવોની હિંસા થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે યતનાપરાયણ સાધુથી પ્રાયઃ વસ્ત્રમાં સંમૂર્ચ્છિમ જીવો થાય નહિ. છતાં સંભવ છે કે વસ્ત્રમાં સંમૂર્ચ્છિમ થાય તેમ દેહમાં પણ સંમૂર્ચ્છિમ જીવો થવાનો સંભવ છે. સંમૂર્ચ્છિમ જીવોના સંભવને કારણે ધ્યાનાદિમાં ઉપકારક પણ વસ્ત્રનો ત્યાગ જો સાધુ કરે તો સાધુએ દેહનો પણ ત્યાગ કરવો જોઈએ અને આહાર વાપરવો જોઈએ નહિ. દેહમાં પણ સંમૂર્ચ્છિમ જીવો થવાનો સંભવ છે અને આહારમાં પણ સંમૂર્ચ્છિમ જીવો થવાનો સંભવ છે. માટે સાધુએ દેહનો પણ ત્યાગ કરવો જોઈએ અને આહારનો પણ ત્યાગ કરવો જોઈએ. **॥૧૦૩૨॥**

અવતરણિકા :-

अत्र परस्य मतमाशङ्कमान आह—

અવતરણિકાર્થ :-

અહીં=દેહમાં અને આહારમાં, પરમતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सिय थोवं संमुच्छणमेत्थं तीरति य वज्जिउं विहिणा ।
तणगहणादिपगारा एत्थवि थोवादितुल्लं तु ।।१०३३।।

છાયા :-

स्यात् स्तोकं सम्मूर्च्छनमत्र शक्यते च वर्ज्जयितुं विधिना ।
तृणग्रहणादिप्रकारादत्रापि स्तोकादितुल्यं तु ।।१०३३।।

ગાથાર્થ :-

થાય=પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય. થોડા સંમૂર્ચ્છિમ અહીં=દેહમાં અને આહારમાં, વિધિથી વર્જન કરવા શક્ય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તૃણગ્રહણ આદિ પ્રકારથી અહીં=વસ્ત્રમાં, પણ થોડા આદિનું તુલ્ય જ છે. ।।૧૦૩૩।।

ટીકા :-

स्यादेतत्, देहे आहारेऽपि च स्तोकं सम्मूर्च्छनं तच्च भवदपि विधिना वर्ज्जयितुं शक्यते, तथाहि– देहे वस्त्रान्तरितहस्तषट्पदिकादिग्रहणादिविधिना, आहारेऽपि च परिमिताहारभोजनेन छायानिर्ग्गमादि-विधिना सूत्रोक्तेन पुरीषोत्सर्गेण चेति । अत्राह–'तणेत्यादि' तृणग्रहणादिप्रकारात् पूर्वोक्तात्-पूर्वोक्ततृणग्रहणाग्निसेवननिमित्तककायवधप्रसङ्गापेक्षया इत्यर्थः अत्रापि-वस्त्रे 'थोवादित्ति' स्तोकं सम्मूर्च्छनं तदपि च भवद्विधिना शक्यं वर्जयितुमित्येतत् तुल्यमेव । तुरेवकारार्थः ।।१०३३।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... तुरेवकारार्थः ।। આ થાય=પૂર્વપક્ષીના મતે થાય. દેહમાં અને આહારમાં પણ થોડા સંમૂર્ચ્છિમ જીવો છે, તે થતા પણ વિધિથી વર્જન કરવા શક્ય છે. તે આ પ્રમાણે – દેહમાં વસ્ત્રથી અંતરિત હાથ દ્વારા જૂ આદિના ગ્રહણ આદિ વિધિથી વર્જન કરવું શક્ય છે અને આહારમાં પણ પરિમિત આહારના ભોજનથી અને સૂત્રમાં કહેલ છાયાનિર્ગમન આદિ વિધિથી મલત્યાગ વડે હિંસાનું વર્જન શક્ય છે. અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં કહેલા તૃણગ્રહણ અને અગ્નિસેવનના નિમિત્તક કાયવધના પ્રસંગની અપેક્ષાથી અહીં પણ=વસ્ત્રમાં પણ, થોડા સંમૂર્ચ્છિમ છે, થતા એવા તે પણ વિધિથી વર્જન કરવા શક્ય છે. એથી આ તુલ્ય જ છે=દેહ અને આહાર તુલ્ય વસ્ત્રમાં પણ હિંસાનું વર્જન શક્ય જ છે. 'તુ' એવકાર અર્થવાળો છે. ।।૧૦૩૩।।

ભાવાર્થ :-

દિગંબર કહે કે સાધુને સંયમની વૃદ્ધિ અર્થે દેહનું પાલન અને આહારનું ગ્રહણ આવશ્યક છે અને તેમાં થોડા સંમૂર્ચ્છિમ જીવો થાય છે તોપણ જે સાધુ દયાળુ છે તે સાધુ તેનું રક્ષણ કરવા યત્ન કરે છે. જેમ દેહમાં કોઈ સાધુને જૂ આદિ સંમૂર્ચ્છિમ થયા હોય તો વસ્ત્રથી અંતરિત હાથ વડે જૂ આદિને ગ્રહણ કરીને વિધિપૂર્વક પરઠવે તો તેની હિંસાનું વર્જન થઈ શકે છે અને આહારમાં પણ પરિમિત ભોજન કરે તો પ્રાયઃ દેહમાં સંમૂર્ચ્છિમ કીડા થાય નહિ. છતાં કોઈ રીતે થઈ ગયા હોય તો મળમાં તે કીડા નીકળે ત્યારે તેના ઉપર પોતાની છાયા પડે તે રીતે સાધુ ઊભા રહે તેથી તેમને કિલામણા થાય નહિ અને તે જીવો ચ્યવી જાય ત્યાં સુધી મળ ઉપર પોતાની છાયા રાખીને ઊભા રહે. તેથી વિધિથી મળનું વર્જન કરવાને કારણે તે જીવોના રક્ષણનો સમ્યગ્ યત્ન થાય છે. આમ વિવેકી સાધુ દેહમાં થયેલા સંમૂર્ચ્છિમ અને આહારમાં થયેલા સંમૂર્ચ્છિમ જીવોની યતના કરે તો દોષની પ્રાપ્તિ થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે તે સાધુને વસ્ત્ર નહીં ગ્રહણ કરવાને કારણે અતિ શીતાદિમાં તૃણગ્રહણના, અગ્નિસેવનના દોષો થતા હતા તેના કરતાં વસ્ત્રમાં સંમૂર્ચ્છિમનો દોષ અલ્પ છે. વસ્ત્રમાં થયેલા સંમૂર્ચ્છિમ પણ વિધિપૂર્વક વર્જન કરીને તે સાધુ રક્ષણ કરી શકે છે. તેથી જે સાધુ યતનાપરાયણ છે અને સંયમના ઉપકારક પરિમિત વસ્ત્રો ધારણ કરે છે તેઓને વસ્ત્ર ગ્રહણ કરવામાં અલ્પ હિંસાની પ્રાપ્તિ હોવા છતાં કર્મબંધની પ્રાપ્તિ નથી. માટે વિધિપૂર્વક સાધુને વસ્ત્રગ્રહણ કરવું ઉચિત છે. **॥૧૦૩૩॥**

અવતરણિકા :-

अत्र पर आह–

અવતરણિકાર્થ :-

અહીં=વસ્ત્રના વિષયમાં, પર=દિગંબર, કહે છે –

ગાથા :-

अह धम्मसाहणं सो वत्थंपि तहेव होइ दट्ठव्वं ।
भणिओववत्तिओ च्चिय जइणो तं कायठितिहेऊ ।।१०३४।।

છાયા :-

अथ धर्मसाधनं स वस्त्रमपि तथैव भवति द्रष्टव्यम् ।
भणितोपपत्तित एव यतेस्तत्कायस्थितिहेतुः ।।१०३४।।

ગાથાર્થ :-

અથથી પૂર્વપક્ષી માને. તે=દેહ અથવા આહાર, ધર્મનું સાધન છે, તેને ગ્રંથકારશ્રી કહે છે –

વસ્ત્ર પણ તે પ્રકારે જ દ્રષ્ટવ્ય થાય છે. ભણિતઉપપત્તિથી=પૂર્વમાં કહેલી યુક્તિથી, યતિનું તે= વસ્ત્ર, કાયસ્થિતિનો હેતુ જ છે. ।।૧૦૩૪।।

ટીકા :-

અથ મન્યેથાઃ સઃ-દેહ આહારો વા ધર્મ્મસાધનમિતિકૃત્વા સ્વલ્પદોષસ્વભાવે(સદ્ભાવે)ઽપિ ન પરિત્યજ્યતે ઇતિ । નનુ તર્હિ વસ્ત્રમપિ તથૈવ-ધર્મ્મસાધનતયૈવ ભવતિ દ્રષ્ટવ્યં, યસ્માત્ ભણિતોપપત્તિતઃ-અભિહિતયુક્તિતઃ 'તણગહણઅગ્ગિસેવણે'ત્યાદિરૂપાયા એવકારો ભિન્નક્રમઃ યતેઃ-સાધોસ્તત્-વસ્ત્રં કાયસ્થિતિહેતુરેવેતિ ।।૧૦૩૪।।

ટીકાર્થ :-

અથ મન્યેથાઃ ..... હેતુરેવેતિ ।। હવે દિગંબર માને. તે=દેહ અથવા આહાર, ધર્મનું સાધન છે. એથી કરીને સ્વલ્પ દોષના સદ્ભાવમાં પણ ત્યાગ કરાતો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – તો વસ્ત્ર પણ તે પ્રકારે જ=ધર્મના સાધનપણારૂપે જ, દ્રષ્ટવ્ય થાય છે. જે કારણથી કહેવાયેલી ઉપપત્તિથી= 'તૃણગ્રહણમાં અને અગ્નિસેવનમાં' ઇત્યાદિ રૂપ પૂર્વમાં કહેલી યુક્તિથી, યતિને=સાધુને, તે વસ્ત્ર કાયસ્થિતિનો હેતુ જ છે. 'એવકાર' ભિન્ન ક્રમવાળો છે. તેથી તે વસ્ત્ર કાયસ્થિતિનો હેતુ જ છે એમ કહેલ છે. ।।૧૦૩૪।।

ભાવાર્થ :-

દિગંબર કહે કે સાધુનો દેહ ધર્મનું સાધન છે; કેમ કે આત્મા વીતરાગ થવાનો અર્થી છે, વીતરાગભાવના અર્થે ધર્મધ્યાનમાં યત્ન કરીને સાધુધર્મની વૃદ્ધિ કરે છે એથી દેહ ધર્મનું સાધન છે. આહાર પણ ધર્મનું સાધન છે; કેમ કે આહારગ્રહણથી પુષ્ટ થયેલા દેહ દ્વારા સાધુ ધર્મધ્યાનમાં યત્ન કરી શકે છે. તેથી દેહમાં કે આહારમાં સંમૂર્ચ્છિમ થવારૂપ અલ્પ દોષ છે, તોપણ સાધુ તેનો ત્યાગ કરતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે રીતે વસ્ત્ર પણ ધર્મના સાધનરૂપે દિગંબરોએ જોવું જોઈએ. જે કારણથી પૂર્વમાં કહ્યું તે પ્રમાણે સાધુ શીતાદિ પરિષહમાં વસ્ત્રથી દેહનું રક્ષણ કરીને ધર્મધ્યાન કરી શકે છે. વસ્ત્ર હોય તો અતિ શીતાદિમાં તૃણનું ગ્રહણ કે અગ્નિનું સેવન કરવાને બદલે વસ્ત્રથી જ કાયાનું પાલન કરી શકે છે. માટે સંયમનું ઉપષ્ટંભક પરિમિત વસ્ત્ર ધર્મનું સાધન હોવાથી વિવેકી સાધુને તેનો ત્યાગ કરવો ઉચિત નથી. ॥૧૦૩૪॥

અવતરણિકા :-

યદપ્યુક્તં વસ્ત્રધાવનેઽપ્કાયિકષટ્પદિકાપ્રાણિનાં વ્યાપત્તિરિતિ, તત્રાપિ પ્રત્યુત્તરમાહ–

અવતરણિકાર્થ :-

વસ્ત્રને ધોવામાં અપ્કાય અને જૂ આદિ પ્રાણીઓનો નાશ છે, એ પ્રકારે, જે વળી કહેવાયું=પૂર્વપક્ષી વડે જે કહેવાયું. ત્યાં પણ પ્રત્યુત્તરને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

જિણભણિયવિહીએ ણ ય ધુવણે પાણાણ હોઇ વાવત્તી ।
પડિલેહણા દગંપિ ય ફાસું ઉવયોગમો ય વિહી ।।૧૦૩૫।।

છાયા :-

જિનભણિતવિધિના ન ચ ધાવને પ્રાણાનાં ભવતિ વ્યાપત્તિઃ ।
પ્રતિલેખનોદકમપિ ચ પ્રાસુકમુપયોગશ્ચ વિધિઃ ।।૧૦૩૫।।

ગાથાર્થ :-

ભગવાને કહેલી વિધિથી વસ્ત્ર ધોવામાં જીવોની હિંસા થતી નથી. વિધિ જ સ્પષ્ટ કરે છે. પડિલેહણા=૭ દિવસ સુધી વસ્ત્રની જૂ વિષયક પ્રત્યુપેક્ષણા, અને પાણી પણ પ્રાસુક અને ઉપયોગ વિધિ છે. ।।૧૦૩૫।।

ટીકા :-

जिनभणितविधिना वक्ष्यमाणेन न च भवति धावने-वस्त्रस्य प्रक्षालने प्राणानाम्-अप्कायिकादीनां व्यापत्तिस्तस्मान्न धावनमपि दोषाय । अथ कोऽसौ विधिर्यद्वशान्न दोष इत्यत आह—'पडिलेहणेत्यादि' पूर्वं षट्पदिकादीना सप्ताहोरात्रादिकं कालं यावत् प्रतिलेखना-प्रत्युपेक्षणा कार्या, प्रक्षालनसमयेऽपि च 'दगंपियत्ति' उदकमपि प्रासुकं विगतप्राणमचित्तमितियावत् ग्रहीतव्यं, प्रक्षालयता च शिलास्फालनादि-विवर्ज्जनपूर्वकं संपातिमसत्त्वरक्षणार्थं प्रतिक्षणमुपयोगो दातव्यः, 'मो' इति पादपूरणे 'चः' समुच्चये, इत्येष विधिरिति ।।૧૦૩૫।।

ટીકાર્થ :-

जिनभणितविधिना ..... विधिरिति ।। આગળમાં કહેવાશે એ ભગવાને કહેલી વિધિથી વસ્ત્રના ધોવામાં=પ્રક્ષાલનમાં, અપ્કાયાદિ જીવોની હિંસા થતી નથી. તે કારણથી વસ્ત્રને ધોવાની ક્રિયા દોષ માટે નથી. 'अथ'થી કહે છે — વળી આ કઈ વિધિ છે ? જેના વશથી વસ્ત્ર ધોવામાં દોષ નથી, એથી કહે છે — પૂર્વમાં જૂ આદિથી સાત અહોરાત્રિ સુધી પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ=વસ્ત્રના ધોવા પૂર્વે સાધુએ પોતાના વસ્ત્રમાં જૂ થઈ હોય તેને સાત (૭) દિવસ રોજ વસ્ત્રમાંથી જૂ કાઢી ઉચિત સ્થાને પરઠવવી જોઈએ જેથી વસ્ત્રમાં જૂ રહેવાનો સંભવ રહે નહિ. ધોવાના સમયે પણ પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ અને પાણી પણ પ્રાસુક જીવરહિત અચિત્ત ગ્રહણ કરવું જોઈએ અને પ્રક્ષાલન કરતા સાધુએ શીલા ઉપર સ્ફાલનાદિ વર્જનપૂર્વક સંપાતિમ જીવોના રક્ષણ માટે પ્રતિક્ષણ ઉપયોગ રાખવો જોઈએ એ વિધિ છે, 'मो' શબ્દ પાદપૂરણમાં છે, 'च' શબ્દ સમુચ્ચયમાં છે. આ પ્રકારે વસ્ત્રની ધોવાની વિધિ છે. ।।૧૦૩૫।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે વસ્ત્ર ધોવામાં જૂ આદિ જીવની વિરાધનાની પ્રાપ્તિ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ભગવાને કહેલ વિધિ અનુસાર જે સાધુ વસ્ત્ર ધોવે છે તેની વસ્ત્રની ધોવાની ક્રિયાથી જીવહિંસા થતી નથી. કઈ રીતે વસ્ત્ર ધોવાની વિધિ છે ? તે સંક્ષેપથી કહે છે – સાધુએ વર્ષાઋતુ પહેલાં વસ્ત્ર અવશ્ય ધોવું જોઈએ. સાધુ પોતાના વસ્ત્રમાં જૂ છે કે નહિ તેનું સાત દિવસ પ્રત્યુપેક્ષણ કરે. જેમ પ્રથમ દિવસે વસ્ત્રમાં જૂ દેખાય તેને ઉચિત સ્થાને પરઠવે ત્યારપછી તે વસ્ત્રને પોતે ધારણ કરે જેથી જૂ હોય તો તે પોતાના દેહ ઉપર આવે, તેને યતનાપૂર્વક રક્ષણ કરે. બીજા દિવસે વસ્ત્રમાં જૂ દેખાય તો ફરી તેને ઉચિત સ્થાને પરઠવે. આ રીતે સાત દિવસ પ્રતિદિન કરે તો ધોવાયોગ્ય તે વસ્ત્રમાં જૂ રહેવાની સંભાવના દૂર થાય છે. પાણી પણ પ્રાસુક અચિત્ત ગ્રહણ કરવું જોઈએ અને તે પાણીથી વસ્ત્ર ધોતી વખતે પણ તે વસ્ત્રમાં જૂ આદિ છે કે નહીં તેનું વારંવાર અવલોકન કરવું જોઈએ. વળી, ધોતી વખતે શીલા ઉપર સ્ફાલનાદિ વર્જનથી વસ્ત્ર ધોવું જોઈએ અને કોઈ સંપાતિમ જીવ ધોવાના પાણીમાં પડે નહિ તેનો ઉપયોગ રાખવો જોઈએ. આ પ્રમાણે ભગવાને કહેલી વિધિથી વસ્ત્ર ધોવામાં હિંસાનો પરિહાર થાય છે. **॥૧૦૩૫॥**

અવતરણિકા :-

अत्र परस्य मतमाह–

અવતરણિકાર્થ :-

અહીં પરના મતને કહે છે –

ગાથા :-

उल्लंघिऊण एयं केई अह अण्णहा करेंतित्ति ।
एसो खु पाणिदोसो तुल्लो च्चिय होइ नायव्वो ।।१०३६।।

છાયા :-

उल्लङ्घ्य एनं केचिदथान्यथा कुर्वन्तीति ।
एष खु प्राणिदोषस्तुल्य एव भवति ज्ञातव्यः ।।१०३६।।

ગાથાર્થ :-

આને ઉલ્લંઘીને કેટલાક અન્યથા કરે છે. આ જીવનો દોષ તુલ્ય જ જ્ઞાતવ્ય છે. ॥૧૦૩૬॥

ટીકા :-

अथ केचिदेनं विधिमुल्लङ्घ्यान्यथाऽपि कुर्वन्ति ततो दोष एवेति तत्राह–'एसो उ(खु)' इत्यादि, एषः-अनन्तरोक्तः 'खु' निश्चितं प्राणिदोषः-प्राण्यपराधो नतु प्रवचनस्य, स चोभयत्रापि तुल्य एव भवति ज्ञातव्यः ।।१०३६।।

ટીકાર્થ :-

અથ ..... જ્ઞાતવ્યઃ ।। હવે કોઈક=શ્વેતાંબર સાધુ, આ વિધિનું ઉલ્લંઘન કરીને અન્યથા પણ કરે છે=અન્ય પ્રકારની વિધિથી વસ્ત્ર ધોવાની પ્રવૃત્તિ કરે છે. તેથી દોષ જ છે=વસ્ત્ર ધોવામાં દોષ જ છે, એ પ્રમાણે દિગંબર કહે છે. ત્યાં ગ્રંથકારશ્રી કહે છે – આ=અનંતર કહેલા=ગાથાના પૂર્વાર્ધમાં કહેવાયેલો, પ્રાણીનો દોષ છે=પ્રમાદી સાધુનો દોષ છે, પરંતુ પ્રવચનનો દોષ નથી. તે=પ્રમાદી સાધુનો અપરાધ, ઉભયત્ર=વસ્ત્રના ધોવામાં અને વસ્ત્રના અગ્રહણમાં પણ તુલ્ય જ જ્ઞાતવ્ય છે. ॥૧૦૩૬॥

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે વસ્ત્રના ધોવામાં શાસ્ત્રોક્ત વિધિ છે તે પ્રમાણે કરવાથી જૂ આદિની હિંસા થતી નથી તેમ તમે કહો છો પરંતુ તે વિધિને ઓળંગીને અન્ય પ્રકારે પણ કરતા શ્વેતાંબર સાધુઓ દેખાય છે. તેથી વસ્ત્રના કારણે હિંસાનો દોષ શ્વેતાંબર સાધુને પ્રાપ્ત થાય છે તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારે વસ્ત્રમાં જે દોષ પ્રાપ્ત થાય છે, એ પ્રમાદી સાધુનો દોષ છે, પ્રવચનનો દોષ નથી. કારણ કે પ્રવચન તો સંયમના ઉપકારક વસ્ત્ર ગ્રહણ કરવાનું કહેલ છે અને વસ્ત્ર ધોવામાં હિંસાના પરિહાર અર્થે શક્ય ઉચિત વિધિ કહેલ છે. વળી શ્વેતાંબર પરંપરાને છોડીને દિગંબર પરંપરાને કોઈ સાધુ સ્વીકારે અને તે પ્રમાણે વસ્ત્ર ગ્રહણ કરે નહિ અને જ્યારે અતિ શીતાદિની પ્રાપ્તિ થાય ત્યારે દિગંબર પ્રમાદી સાધુઓ અગ્નિસેવનાદિ કરે છે. તેથી પ્રમાદી સાધુને આશ્રયીને શ્વેતાંબર પક્ષમાં અને દિગંબર પક્ષમાં તુલ્ય જ દોષની પ્રાપ્તિ છે. **॥૧૦૩૬॥**

અવતરણિકા :-

તુલ્યતામેવાહ–

અવતરણિકાર્થ :-

તુલ્યતાને જ કહે છે –

ગાથા :-

મોત્તૂણ વત્થમેત્તં જં ચ સિહિં જીવણાદિગં ચેવ ।
દીસંતિ ગેણ્હમાણા ણ એસ દોસો પવયણસ્સ ।।૧૦૩૭।।

છાયા :-

मुक्त्वा वस्त्रमात्रं यच्च शिखिनं जीवनादिकं चैव ।
दृश्यन्ते गृह्णन्तो न एष दोषः प्रवचनस्य ।।१०३७।।

ગાથાર્થ :-

વસ્ત્ર માત્રને મૂકીને જે કારણથી અગ્નિ અને જીવનાદિને સેવતા દિગંબર સાધુઓ દેખાય છે. આ દોષ પ્રવચનનો નથી. ।।૧૦૩૭।।

ટીકા :-

મુક્ત્વા વસ્ત્રમાત્રં યત્-યસ્માત્ ચઃ પૂરણે શિખિનમ્-અગ્નિં જીવનાદિકં ચ ગૃહ્ણન્તો દૃશ્યન્તે, ન ચૈષ દોષઃ પ્રવચનસ્ય, કિંતુ તેષામેવ ગુરુકર્મ્મણાં પ્રાણિનાં એવમિહાપીતિ ।।૧૦૩૭।।

ટીકાર્થ :-

મુક્ત્વા ..... એવમિહાપીતિ ।। વસ્ત્ર માત્રને છોડીને જે કારણથી અગ્નિને અને જીવનાદિકને ગ્રહણ કરતા દેખાય છે=દિગંબર પ્રમાદી સાધુઓ દેખાય છે. 'ચ' શબ્દ પૂરણ અર્થમાં છે. અને આ દોષ પ્રવચનનો નથી. પણ તે જ ગુરુકર્મવાળા પ્રાણીઓનો છે=ભારે કર્મી દિગંબર સાધુઓનો છે. એ રીતે=દિગંબર સાધુ ભારે કર્મના કારણે વિપરીત સેવન કરે છે એ રીતે, અહીં પણ=શ્વેતાંબરમતમાં પણ, સાધુઓ ભારે કર્મી હોવાથી વિપરીત સેવન કરે છે. ॥૧૦૩૭॥

ભાવાર્થ :-

પ્રમાદી સાધુને આશ્રયીને દિગંબર કહે કે વસ્ત્ર ધારણ કરનારા સાધુઓ વિધિપૂર્વક વસ્ત્રનું ધોવાનું કરતા નથી. તેથી વસ્ત્ર ગ્રહણ કરવું ઉચિત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે વસ્ત્ર નહિ ગ્રહણ કરનારને તે દોષ સમાન છે. જેમ દિગંબર સાધુઓ વસ્ત્રને છોડીને શીતાદિ પરિષહ વખતે અગ્નિનું સેવન કરે છે અને શીતાદિના નિવારણ અર્થે જીવનાદિનું ગ્રહણ કરે છે=શીતાદિ દૂર થાય તેવાં દ્રવ્યો ગ્રહણ કરે છે. તે સર્વેમાં હિંસાના દોષની પ્રાપ્તિ છે; કેમ કે અગ્નિસેવનમાં છ કાયની વિરાધના છે અને જીવનાદિમાં તેમના નિમિત્તે ખરીદીને આપે તો ક્રીતાદિ દોષ છે. તે સર્વે પ્રમાદી સાધુનો દોષ છે, પ્રવચનનો દોષ નથી. તેમ શ્વેતાંબર સાધુઓ પણ પ્રમાદવશ જે દોષો સેવન કરે છે તેને આશ્રયીને વસ્ત્ર ગ્રહણ કરવું ઉચિત નથી એમ દિગંબર કહે તે ઉચિત નથી. **॥૧૦૩૭॥**

અવતરણિકા :-

અથોચ્યેત-પૂર્વોક્તવિધિનાઽપિ વસ્ત્રં પ્રક્ષાલયતઃ કદાચિદવશ્યં ષટ્પદિકાદિપ્રાણિવ્યપરોપણં સંભાવ્યતે, નહિ સર્વોપાધિવિશુદ્ધઃ છદ્મસ્થોપયોગો ભવતીત્યત આહ—

અવતરણિકાર્થ :-

હવે દિગંબરો વડે કહેવાય છે — પૂર્વમાં કહેલી વિધિથી પણ વસ્ત્રનું પ્રક્ષાલન કરતા સાધુથી ક્યારેક અવશ્ય જૂ આદિ પ્રાણીના વધની સંભાવના છે. હિ=જે કારણથી, છદ્મસ્થનો ઉપયોગ સર્વ ઉપાધિથી વિશુદ્ધ થતો નથી=છદ્મસ્થ જીવ રક્ષા માટે શક્ય તેટલો પ્રયત્ન કરે તોપણ અજ્ઞાન હોવાને કારણે કોઈક અંશથી અશુદ્ધ ઉપયોગ થાય છે. આથી કહે છે —

ગાથા :-

જો પુણ વિહીએઁ દોસો સંસત્તગ(ગ્ગ)હણિવોસિરણતુલ્લો ।
અસઢસ્સ સોવિ ભણિતો પાયચ્છિત્તસ્સऽ(અ)વિસઓત્તિ ।।૧૦૩૮।।

છાયા :-

યः પુનર્વિધિના દોષः સંસક્તગ્રહણિવ્યુત્સર્જનતુલ્યः ।
અશઠસ્ય સોऽપિ ભણિતः પ્રાયશ્ચિત્તસ્યાવિષયः ।।૧૦૩૮।।

ગાથાર્થ :-

વળી વિધિથી=વિધિથી વસ્ત્રને ધોનારા સાધુને, જે દોષ છે. (તે) સંસક્ત સંગ્રહણિવાળા સાધુના મળના વ્યુત્સર્જન તુલ્ય છે. અશઠ સાધુને તે પણ=હિંસાદિ દોષ પણ, પ્રાયશ્ચિત્તનો અવિષય કહેવાયો છે. ।।૧૦૩૮।।

ટીકા :-

યः પુનર્વિધિનાપિ પ્રક્ષાલયતો દોષः-ષટ્પદિકાદિપ્રાણિવ્યપરોપણલક્ષણો જાયતે સંસક્તગ્રહણિ-વ્યુત્સર્જનતુલ્યः-જિનપ્રણીતવિધિપૂર્વકં સંસક્તગ્રહણિપુરુષસ્ય યત્ પુરીષવ્યુત્સર્જનં તત્તુલ્યः સોऽપ્યશઠસ્ય સતः પ્રાયશ્ચિત્તસ્યાવિષયો ભણિતः પરમમુનિભિः, તસ્ય શુદ્ધત્વાત્, એતદુક્તં ભવતિ—યથા સંસક્તગ્રહણેः સંયતસ્ય 'સંસત્તગ્ગહણી પુણ છાયાએ નિગ્ગયાએ વોસિરઇ' ઇત્યાદ્યાગમાભિહિતેન વિધિના પુરીષં વ્યુત્સૃજતः પ્રાણિવ્યપરોપણલક્ષણો દોષો ભવન્નપિ ન પ્રાયશ્ચિત્તસ્ય વિષયો ભવતિ, તસ્ય યતનયા પ્રવર્ત્તમાનત્વાત્, યતનાયાશ્ચ વિશેષતો ધર્મ્માભિવૃદ્ધિહેતુત્વાત્, તદુક્તમ્—'જયણેહ ધમ્મજણણી જયણા ધમ્મસ્સ પાલણી ચેવ । તવ્વુડ્ઢિકરી જયણા એગંતસુહાવહા જયણા ।।૧।। ઇત્યાદિ' ।। તદ્વદિહાપિ વિધિના વસ્ત્રં પ્રક્ષાલયતો દોષો ભવન્નપિ ન પ્રાયશ્ચિત્તસ્ય વિષય ઇતિ ।।૧૦૩૮।।

ટીકાર્થ :-

યः પુનર્વિધિનાપિ ..... વિષય ઇતિ ।। વળી, વિધિથી પણ વસ્ત્રનું પ્રક્ષાલન કરતા શ્વેતાંબર સાધુને જે દોષ થાય છે=જૂ આદિ પ્રાણીના નાશરૂપ જે દોષ થાય છે, (તે) સંસક્તસંગ્રહણિ વિસર્જન તુલ્ય છે. જિનપ્રણીત વિધિપૂર્વક સંસક્તસંગ્રહણિ નામના રોગવાળા પુરુષનું જે મલનું વિસર્જન છે તદ્તુલ્ય પ્રાણીવધ થાય છે, તે પણ અશઠ છતા=શાસ્ત્રવિધિ અનુસાર કરમિયા ન થાય તેમ અલ્પ આહાર લેતા અને વિધિપૂર્વક વિસર્જન કરતા અશઠ એવા મુનિને, પ્રાયશ્ચિત્તનો અવિષય પરમ મુનિ વડે કહેવાયો છે; કેમ કે તેમનું શુદ્ધપણું છે=શાસ્ત્રઅનુસાર વિધિ કરનાર સાધુનું શુદ્ધપણું છે. આ કહેવાયેલું થાય છે — જે પ્રમાણે સંસક્તસંગ્રહણિવાળા સંયતને=જીવથી સંસક્તસંગ્રહણિ રોગવાળા સાધુને, "વળી, સંસક્તસંગ્રહણિ સાધુ નિર્વ્યાઘાત છાયામાં વોસિરાવે=મલનું વિસર્જન કરે", ઈત્યાદિ

આગમથી કહેવાયેલી વિધિથી મળનો ત્યાગ કરતા સાધુને જીવહિંસારૂપ દોષ થવા છતાં પ્રાયશ્ચિત્તનો વિષય થતો નથી; કેમકે તેમનું=સંસક્તસંગ્રહણિવાળા સાધુનું, યતનાથી પ્રવર્તમાનપણું છે અને યતનાનું વિશેષથી ધર્મની અભિવૃદ્ધિનું હેતુપણું છે, તે કહેવાયું છે – "અહીં=સંયમ જીવનમાં, યતના ધર્મને કરનારી છે. યતના ધર્મનું પાલન કરનારી છે. યતના ધર્મની વૃદ્ધિ કરનારી છે. યતના એકાંત સુખને લાવનારી છે" ઇત્યાદિ કહેવાયું છે. તેની જેમ સંસક્તસંગ્રહણિ દોષવાળા સાધુ વિધિપૂર્વક મલ પરઠવે તો દોષ નથી તેની જેમ અહીં પણ=વસ્ત્રના દોષમાં પણ, વિધિથી વસ્ત્રનું પ્રક્ષાલન કરતા સાધુને દોષ થતો પણ પ્રાયશ્ચિત્તનો વિષય નથી. ॥૧૦૩૮॥

ભાવાર્થ :-

જે શ્વેતાંબર સાધુ વિધિપૂર્વક વસ્ત્રનું પ્રક્ષાલન કરે છે છતાં છદ્મસ્થતાને કારણે જૂ આદિ પ્રાણીઓનો નાશ થાય છે તે સાધુને કર્મબંધની પ્રાપ્તિ નથી. જે સાધુને જીવથી સંસક્ત સંગ્રહણિ રોગ થયો હોય જેના કારણે મળમાં કરમિયા નીકળતા હોય તે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર મળનું વિસર્જન કરે અને દેહમાંથી નીકળેલા કરમિયાનો નાશ થાય તોપણ જે સાધુ યતનાથી વર્તે છે તેમને લેશ પણ કર્મબંધની પ્રાપ્તિ થતી નથી પરંતુ જીવરક્ષા માટે અત્યંત દયાળુ સાધુ સર્વ પ્રકારે યતના કરે છે તે યતના ધર્મવૃદ્ધિનું કારણ છે. મલ વિસર્જનમાં જીવહિંસા થવા છતાં સાધુના શુદ્ધ અધ્યવસાયથી સંયમની વૃદ્ધિ થાય છે. તેમ વસ્ત્ર ધારણ કરનારા સુવિહિત સાધુઓ શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને પૂર્ણ વિધિથી વસ્ત્રનું પ્રક્ષાલન કરતા હોય ત્યારે છદ્મસ્થતાને કારણે કોઈ જૂ આદિની વિરાધના થાય તોપણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી; કેમ કે યતનાપરાયણ તે સાધુની ક્રિયાથી સંયમની શુદ્ધિ થાય છે. **॥૧૦૩૮॥**

અવતરણિકા :-

अत्र परस्य मतमारेकते–

અવતરણિકાર્થ :-

અહીં=સંસક્તસંગ્રહણિ રોગવાળા સાધુથી થતી હિંસાના વિષયમાં, પરના મતની શંકા કરે છે –

ગાથા :-

अह जस्स एरिसो खलु देहो सो अणसणेण तं चयइ ।
एसुस्सग्गो भणितो अम्हाणं सत्थगारेहिं ।।१०३९।।

છાયા :-

अथ यस्येदृशः खलु देहः सोऽनशनेन तं त्यजति ।
एष उत्सर्गो भणितोऽस्माकं शास्त्रकारैः ।।१०३९।।

ગાથાર્થ :-

'અથ'થી દિગંબર કહે છે – જે સાધુને આવા પ્રકારનો દેહ છે=જીવસંસક્તસંગ્રહણિવાળો દેહ છે, તે સાધુ અનશનથી તેનો=દેહનો, ત્યાગ કરે. આ ઉત્સર્ગ અમારા શાસ્ત્રકારો વડે કહેવાયો છે. ।।૧૦૩૯।।

ટીકા :-

अथोच्येत् यस्य साधोरीदृशः संसक्तग्रहणिः खलु देहः स साधुरनशनेन तं-देहं त्यजति, एष उत्सग्गों भणितोऽस्माकं शास्त्रकारैः, ततो न कश्चिद्दोष इति ।।१०३९।।

ટીકાર્થ :-

अथोच्येत ..... कश्चिद्दोष इति ।। 'अथ'थी पूर्वपक्षी द्वारा कहेवाय छे – જે સાધુને આવા પ્રકારનો સંસક્તસંગ્રહણિવાળો દેહ છે=જીવોથી સંસક્તસંગ્રહણિવાળો દેહ છે, તે સાધુ અનશનથી તે દેહનો ત્યાગ કરે. આ ઉત્સર્ગ અમારા શાસ્ત્રકારો વડે કહેવાયો છે, તેથી કોઈ દોષ નથી=સંસક્તસંગ્રહણિવાળા સાધુને જીવહિંસાકૃત કોઈ દોષ નથી. ।।૧૦૩૯।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જેમ જીવસંસક્તસંગ્રહણિ રોગ જે સાધુને થયેલો હોય તે સાધુને વિધિપૂર્વક મલવિસર્જન કરવાથી હિંસા થવા છતાં દોષ નથી તેમ વિધિથી વસ્ત્ર ધોવાની ક્રિયામાં કદાચ છદ્મસ્થથી હિંસા થાય તોપણ દોષ નથી. ત્યાં દિગંબર કહે છે – જે સાધુનો સંસક્તસંગ્રહણિવાળો દેહ છે તે સાધુને મલવિસર્જન કરવાથી હિંસા થાય જેના નિવારણ માટે ઉત્સર્ગથી અનશન સ્વીકારે છે તે પ્રમાણે અમારા શાસ્ત્રકારો વડે કહેવાયું છે. તેથી સંગ્રહણિવાળા સાધુને કોઈ જીવહિંસાદિ દોષની પ્રાપ્તિ નથી. **॥૧૦૩૯॥**

અવતરણિકા :-

अत्राचार्य आह–

અવતરણિકાર્થ :-

આમાં=સંસક્તસંગ્રહણિવાળા સાધુ અનશન કરે તે વિષયમાં, આચાર્યશ્રી કહે છે –

ગાથા :-

गुरुलाघवचिन्ताऽभावतो तयं सत्थमेव णो जुत्तं ।
अववायविहाणम्मि य पुव्वुत्तो चेव दोसो उ ।।१०४०।।

છાયા :-

गुरुलाघवचिन्ताऽभावस्तत् शास्त्रमेव न युक्तम् ।
अपवादविधाने च पूर्वोक्त एव दोषस्तु ।।१०४०।।

ગાથાર્થ :-

ગુરુલાઘવ ચિંતાનો અભાવ હોવાથી તે શાસ્ત્ર જ યુક્ત નથી અને અપવાદના વિધાનમાં= અપવાદથી અનશનના વિધાનમાં, પૂર્વોક્ત જ દોષ છે. ।।૧૦૪૦।।

ટીકા :-

इह देशकालपुरुषापेक्षया गुणागुणावाश्रित्य यत्र गुरुलाघवचिन्ता विधीयते तत्परमार्थतः शास्त्रं, सम्यग्विधिशासनात्, संसक्तग्रहणेश्चाशठभावस्याल्पीयान् दोषः सोऽपि यतनया प्रवर्त्तमानस्य प्रायश्चित्तस्याविषयः महांश्च तथाविधसंयमपरिपालनेनोपकारस्तद्यदि तस्योत्सर्गतो मरणमेव विशिष्यते तर्हि गुरुलाघवचिन्ताकारित्वाभावात्तकत् शास्त्रमेव न युक्तं—नाविगीतप्रामाण्यमिति कथं तद्बलादविप्रतिपत्तिर्भवेदिति? । तदेवमुत्सर्गतोऽनशनविधाने दोषमभिधाय सांप्रतमपवादतोऽपदिशति—'अपवादविधाने च' अपवादतोऽपि चानशनस्य विधाने पूर्वोक्त एव-गुरुलाघवचिन्ताऽभावात् शास्त्रायुक्तत्वलक्षणो दोषो द्रष्टव्यः । इदमुक्तं भवति—संसक्तग्रहणेरुत्सर्गतोऽपवादतो वा मरणमनुशासत् शास्त्रं गुरुलाघवचिन्ताकारित्वाभावादशास्त्रमेव, ततस्तद्बलात्र वस्तुव्यवस्थेति ।।१०४०।।

ટીકાર્થ :-

इह ..... व्यवस्थेति ।। અહીં=સંસારમાં, દેશકાળપુરુષની અપેક્ષાથી ગુણ અને અગુણને=ગુણ અને દોષને, આશ્રયીને જેમાં=જે શાસ્ત્રમાં, ગુરુલાઘવની વિચારણા કરાય છે પરમાર્થથી તે શાસ્ત્ર છે; કેમ કે સમ્યગ્વિધિનું શાસન કરે છે અને સંસક્તસંગ્રહણિ રોગવાળા અને અશઠભાવવાળા સાધુને અલ્પદોષ છે, તે પણ યતનાથી પ્રવર્તમાનને પ્રાયશ્ચિત્તનો અવિષય છે અને તે પ્રકારના સંયમના પાલનથી મહાઉપકાર છે. જો તેમને=તે સાધુને, ઉત્સર્ગથી તે મરણ જ વિશેષ કરાય છે=સ્વીકારાય છે, તો ગુરુલાઘવની ચિંતાકારીત્વનો અભાવ હોવાથી, તે શાસ્ત્ર યુક્ત નથી=અવિગીત પ્રમાણવાળું નથી=યથાર્થ પ્રમાણવાળું નથી. એથી કેવી રીતે તેના બળથી=તે શાસ્ત્રના બળથી, અવિપ્રતિપત્તિ થાય=વિસંવાદ વગર સ્વીકાર થાય ? અર્થાત્ થાય નહિ. આ રીતે ઉત્સર્ગથી અનશનના વિધાનમાં દોષને બતાવીને હવે અપવાદથી ઉપદેશ કરે છે — અપવાદથી પણ અનશન ઉચિત નથી, એમ બતાવે છે અને અપવાદથી પણ અનશનના વિધાનમાં પૂર્વોક્ત જ ગુરુલાઘવની ચિંતાનો અભાવ હોવાથી શાસ્ત્રનો અયુક્તત્વ લક્ષણ દોષ જાણવો.

આ કહેવાયેલું થાય છે — સંસક્તસંગ્રહણિ રોગવાળાને ઉત્સર્ગથી અથવા અપવાદથી મરણનું અનુશાસન કરતું શાસ્ત્ર ગુરુલાઘવની ચિંતાકારીત્વનો અભાવ હોવાથી અશાસ્ત્ર જ છે. તેથી=ગુરુલાઘવની ચિંતા કરનાર નહિ હોવાથી, તેના બળથી=તેવા શાસ્ત્રના બળથી, વસ્તુવ્યવસ્થા નથી. ।।૧૦૪૦।।

ભાવાર્થ :-

પૂર્વમાં દિગંબરે કહ્યું કે જે સાધુના શરીરમાં કરમિયા આદિ થયેલા હોય તે સાધુ ઉત્સર્ગથી દેહનો ત્યાગ

કરે એમ અમારું શાસ્ત્ર કહે છે. તેથી દેહના ધારણમાં હિંસાનો દોષ નથી અને વસ્ત્ર ધારણ કરવામાં યતનાપરાયણ સાધુથી જૂ આદિનો નાશ થશે. તેથી વસ્ત્રધારણમાં દોષ છે તેને ગ્રંથકારશ્રી કહે છે – દિગંબર શાસ્ત્રમાં ગુરુલાઘવ ચિંતાનો અભાવ હોવાથી તે શાસ્ત્ર પરમાર્થથી શાસ્ત્ર નથી; કેમ કે જે શાસ્ત્ર સમ્યગ્વિધિનું શાસન કરે તે જ પરમાર્થથી શાસ્ત્ર છે અને જે સાધુના દેહમાં કરમિયા થયેલા હોય, અશઠભાવથી જીવરક્ષા માટે યતના કરતા હોય તે સાધુથી યતના કરવા છતાં કોઈ હિંસા થાય તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી; કેમ કે તે પ્રકારના સંયમના પરિપાલનથી તે સાધુને મહાન ઉપકાર થાય છે. આમ છતાં તમારા શાસ્ત્રના વચનાનુસાર ઉત્સર્ગથી તે સાધુને મરણ જ સ્વીકારવાનું કહેવામાં આવે છે તો તે શાસ્ત્ર ગુરુલાઘવની ચિંતાને કરનારું નથી. માટે તેને શાસ્ત્ર કહી શકાય નહિ. તેથી તે શાસ્ત્રના વચનથી યથાર્થ બોધ થઈ શકે નહિ. માટે ઉત્સર્ગથી કે અપવાદથી અનશન સ્વીકારવું અનુચિત છે અને તેવું કહેનાર શાસ્ત્ર અપ્રમાણભૂત હોવાથી તે શાસ્ત્ર અનુસાર પ્રવૃત્તિ કરવી ઉચિત નથી પરંતુ જે શાસ્ત્ર ગુરુલાઘવના વિચારપૂર્વક ઉચિત વિધિનું વિધાન કરે છે તે શાસ્ત્રથી જ પરલોક અર્થે પ્રવૃત્તિ કરવી જોઈએ. માટે જે શાસ્ત્ર સંયમને ઉપકારક પરિમિત વસ્ત્રને યતનાપૂર્વક ગ્રહણ કરવાની અનુજ્ઞા આપે છે, તે જ શાસ્ત્ર પ્રમાણ છે જેનાથી સાધુ સંયમની રક્ષા કરીને સંયમની વૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

અહીં વિશેષ એ છે કે જીવરક્ષા માટે પોતાના પ્રાણની પણ ઉપેક્ષા કરીને યત્ન કરવો જોઈએ એ પ્રકારનો ઉત્સર્ગમાર્ગ છે. તે ઉત્સર્ગમાર્ગને અવલંબીને સંગ્રહણિ રોગવાળા સાધુ અનશન કરે એ ઉચિત છે એમ પૂર્વપક્ષી કહે અથવા ઉત્સર્ગથી સંયમના પાલન અર્થે દેહનું પાલન કરવું જોઈએ. આમ છતાં દેહથી સંયમનું પાલન શક્ય ન હોય ત્યારે અપવાદથી અનશન કરીને દેહનો ત્યાગ કરવો જોઈએ એ પ્રકારે પૂર્વપક્ષી કહે. તે બંને વચનો સમાધિ માટે સમર્થ પુરુષને અવલંબીને સંગત હોવા છતાં એકાંતથી સ્વીકારવામાં આવે તો સમાધિમાં અસમર્થ સાધુ આ રીતે દેહનો ત્યાગ કરે તો બાહ્યથી 'આ સાધુ સત્ત્વશાળી છે' એમ જણાય પરંતુ આર્ત્તધ્યાનના પરિહારમાં તે મહાત્મા સમ્યગ્ ઉદ્યમ ન કરી શકે તો પરલોકમાં દુર્ગતિઓની પ્રાપ્તિ થાય. તેથી સંગ્રહણિવાળા સાધુએ અનશન કરવું જોઈએ એમ એકાંતથી કહેનાર શાસ્ત્ર અપ્રમાણભૂત થાય; કેમ કે સમાધિરૂપ ગુરુભૂત ધર્મની ઉપેક્ષા કરીને સંગ્રહણિમાં જીવોના રક્ષણ અર્થે લઘુભૂત એવી પ્રાણત્યાગની ક્રિયા કહેનાર શાસ્ત્ર સમ્યગ્ અનુશાસન આપનાર શાસ્ત્ર નથી માટે તે શાસ્ત્રને પ્રમાણભૂત કહી શકાય નહીં. **॥૧૦૪૦॥**

અવતરણિકા :-

यच्चोक्तं वस्त्रदाने दातुरपि पीडा भवतीति, तत्र तदभावमुपदर्शयति–

અવતરણિકાર્થ :-

વસ્ત્રના દાનમાં પીડા થાય છે. તે પ્રમાણે જે પૂર્વમાં દિગંબર વડે કહેવાયું, ત્યાં=વસ્ત્રદાનમાં, તેના અભાવને=વસ્ત્રનું દાન કરનાર દાતાની પીડાના અભાવને, બતાવે છે –

ગાથા :-

પરિજુણ્ણમપ્પમુલ્લં તમણુન્નાતં જઓ જિણિંદેહિં ।
દાતારસ્સ વિ પીડા ન હોઇ તો તમિહ દિન્તસ્સ ।।૧૦૪૧।।

છાયા :-

પરિજીર્ણમલ્પમૂલ્યં તદનુજ્ઞાતં યતો જિનેન્દ્રૈઃ ।
દાતુરપિ પીડા ન ભવતિ તસ્માત્તદિહ દદતઃ ।।૧૦૪૧।।

ગાથાર્થ :-

પરિજીર્ણ=સર્વ રીતે જીર્ણ થયેલું, અલ્પમૂલ્યવાળું તે=વસ્ત્ર, જે કારણથી જિનેશ્વર વડે અનુજ્ઞાત છે, તે કારણથી અહીં તેને=વસ્ત્રને, આપતા દાતાને પણ પીડા થતી નથી. ।।૧૦૪૧।।

ટીકા :-

પરિજીર્ણમલ્પમૂલ્યં તત્-વસ્ત્રમનુજ્ઞાતં યતો જિનેન્દ્રૈસ્તા-તસ્માદિહ દાતુરપિ વસ્ત્રં દદતઃ પીડા ન ભવતીતિ ।।૧૦૪૧।।

ટીકાર્થ :-

પરિજીર્ણમલ્પમૂલ્યં ..... ભવતીતિ ।। પરિજીર્ણ, અલ્પમૂલ્યવાળું તે=વસ્ત્ર, જે કારણથી જિનેન્દ્ર વડે અનુજ્ઞાત છે. તે કારણથી અહીં=વસ્ત્રદાનમાં, દાતાને પણ વસ્ત્ર આપતાં પીડા થતી નથી. ।।૧૦૪૧।।

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે સાધુ વસ્ત્ર ધારણ કરશે. તેથી ગૃહસ્થ પાસેથી વસ્ત્ર ગ્રહણ કરશે. માટે વસ્ત્ર=દાનમાં ગૃહસ્થને પીડા થશે તેથી વસ્ત્ર ગ્રહણ કરવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે – ભગવાને સાધુને જીર્ણ વસ્ત્ર, અલ્પમૂલ્યવાળું વસ્ત્ર ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી છે. સાધુ વિધિથી ગૃહસ્થ પાસે વસ્ત્ર ગ્રહણ કરે તો દાતાને પીડા થાય નહિ. ॥૧૦૪૧॥

અવતરણિકા :-

અત્ર પરાભિપ્રાયં દૂષયિતુમાહ–

અવતરણિકાર્થ :-

અહીં=જીર્ણ વસ્ત્રગ્રહણના વિષયમાં, પરના અભિપ્રાયને દૂષિત કરતાં કહે છે –

ગાથા :-

અપ્પસ્સ હોતિ અહ સા ભોયણમેત્તેવિ તુલ્લમેવેદં ।
તં તારિસે ણ ગેજ્ઝં વત્થમ્મિવિ એવ કો દોસો? ।।૧૦૪૨।।

છાયા :-

अल्पस्य भवति अथ सा भोजनमात्रेऽपि तुल्यमेवेदम् ।
तत् तादृशे न ग्राह्यं वस्त्रेऽपि एवं को दोषः ? ।।१०४२।।

ગાથાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે કે અલ્પ ધનવાળાને તે થાય છે=જીર્ણ વસ્ત્ર ગ્રહણ કરવાથી પીડા થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ભોજન માત્રમાં પણ આ=અલ્પ ધનવાળાને પીડા થાય એ, તુલ્ય જ છે=દાન આપનાર દાતાને પીડા થાય એ તુલ્ય જ છે. અહીં દિગંબર કહે કે અલ્પ ધનવાળા પાસેથી તે=ભોજન ગ્રહણ કરાતું નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ રીતે વસ્ત્રમાં પણ શું દોષ છે ? અર્થાત્ દોષ નથી. ।।૧૦૪૨।।

ટીકા :-

अथेत्थमभिदधीथाः-अल्पस्य-अल्पधनस्य सा-वस्त्रातिसर्ज्जननिमित्ता पीडा भवतीति, नन्विदं-पीडाभवनं भोजनमात्रेऽपि तुल्यं, नहि तदपि कियद्द्रव्यव्ययव्यतिरेकेण संपद्यते, ततोऽल्पस्य तद्दाने पीडा भवत्येवेति । अथ तत्-भोजनं तादृशेऽल्पधने न ग्राह्यं, तस्य पीडाभावात्, ततो न कश्चित्तत्र दोष इति, यद्येवं तर्हि हन्त वस्त्रेऽपि एवमल्पधनपरित्यागेन महाधनस्य दातुः सकाशात् परिगृह्यमाणे को दोषो?, नैव कश्चित् ।।१०४२।।

ટીકાર્થ :-

अथेत्थमभिदधीथाः ..... कश्चित् ।। 'अथ'થી ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણે તમે=દિગંબરો કહો. શું કહે છે ? તે બતાવે છે – અલ્પને=અલ્પધનવાળાને, વસ્ત્રના અતિસર્જન નિમિત્તે=વસ્ત્રના દાન નિમિત્તે, તે=પીડા, થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ=પીડાનું થવું એ, ભોજનમાત્રમાં પણ તુલ્ય છે. હિ=જે કારણથી, તે પણ=ભોજન પણ, કંઈક દ્રવ્યના વ્યય વગર પ્રાપ્ત થતું નથી. તેથી અલ્પને= અલ્પધનવાળાને, તેના દાનમાં=ભોજનના દાનમાં, પીડા થાય જ છે. 'અથ'થી દિગંબર કહે કે તે= ભોજન, અલ્પધનવાળા પુરુષ પાસેથી ગ્રહણ કરવું જોઈએ નહિ; કેમ કે તેને પીડાનો સદ્ભાવ છે. તેથી=અલ્પ ઋદ્ધિવાળા પાસેથી સાધુ ભોજન ગ્રહણ કરતા નથી તેથી, ત્યાં=ભોજનમાં, કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો આ પ્રમાણે છે તો વસ્ત્રમાં પણ આ રીતે અલ્પધનવાળાના ત્યાગથી મહાધનવાળા દાતા પાસેથી ગ્રહણ કરાયે છતે શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી જ. ।।૧૦૪૨।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સાધુ જીર્ણ અને અલ્પમૂલ્યવાળું વસ્ત્ર ગ્રહણ કરે છે. તેથી દાતાને પીડા થતી નથી. ત્યાં દિગંબર કહે છે કે અલ્પધનવાળા શ્રાવક પાસેથી સાધુ જીર્ણ વસ્ત્ર ગ્રહણ કરે તોપણ તેને પીડા

થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ભોજનમાત્રમાં પણ આ સમાન છે. અલ્પ ઋદ્ધિવાળા શ્રાવક પાસેથી પણ અલ્પ આહાર ગ્રહણ કરે તોપણ તે ગૃહસ્થને તે દાનમાં કંઈક પીડા થાય છે. માટે સાધુએ ભોજન પણ ગ્રહણ કરવું જોઈએ નહિ. ત્યાં દિગંબર કહે છે કે તેવા અલ્પધનવાળા ગૃહસ્થ પાસેથી ભોજન ગ્રહણ કરાતું નથી. માટે ભોજનગ્રહણમાં સાધુને કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્ર ગ્રહણ કરનારા શ્વેતાંબર સાધુ પણ આ રીતે અલ્પ ઋદ્ધિવાળા ગૃહસ્થ પાસેથી વસ્ત્રગ્રહણનો ત્યાગ કરીને મહાધનવાળા દાતા પાસેથી જીર્ણ અને અલ્પમૂલ્યવાળું વસ્ત્ર ગ્રહણ કરે તો શું દોષ થાય ? અર્થાત્ કોઈ દોષની પ્રાપ્તિ થાય નહિ. **॥૧૦૪૨॥**

અવતરણિકા :-

यदप्युक्तम्–'संधणमाईसु पलिमंथोत्ति' तदपि दूषयितुमाह–

અવતરણિકાર્થ :-

'સાંધવા આદિમાં સ્વાધ્યાય આદિનો પલિમંથ છે.' એ પ્રમાણે જે પણ કહેવાયું=ગાથા-૧૦૧૭માં કહેવાયું, તેને પણ દૂષિત કરવા માટે કહે છે –

ગાથા :-

आहागडस्स गहणे संधणमादी ण होंति दोसा तु ।
तदभावादनिमित्तो कहं णु पलिमंथदोसो उ? ।।१०४३।।

છાયા :-

यथाकृतस्य ग्रहणे संधानादयो न भवन्ति दोषास्तु ।
तदभावादनिमित्तः कथं नु परिमन्थदोषस्तु ।।१०४३।।

ગાથાર્થ :-

યથાકૃત વસ્ત્રના ગ્રહણમાં સાંધવા આદિ દોષો થતા નથી જ, તેના અભાવના કારણે= સાંધવાના દોષના અભાવના કારણે, અનિમિત્તવાળો પલિમંથ દોષ=સ્વાધ્યાયના પલિમંથવાળો દોષ, કેવી રીતે થાય ? ॥૧૦૪૩॥

ટીકા :-

यथाकृतस्य-स्वयं संधितादिरूपस्य वस्त्रस्य ग्रहणे संधानादयो दोषाः सर्वथा न भवन्त्येव । तुरेवकारार्थो भिन्नक्रमश्च । ततश्च तदभावात्-संधानादिदोषाभावात् अनिमित्तः कथं नु परिमन्थदोषो भवेत्?, नैव भवेदितिभावः तुः पूरणे ।।१०४३।।

ટીકાર્થ :-

યથાકૃતસ્ય ..... પૂરણે ।। યથાકૃતના=સ્વયં સાંધેલા વસ્ત્રના ગ્રહણમાં=ગૃહસ્થ દ્વારા સ્વયં પોતાના પ્રયોજનથી સંધાયેલા આદિ હોય એવા વસ્ત્રના ગ્રહણમાં, સાંધવા આદિ દોષો સર્વથા થતા નથી જ. 'તુ' એવકાર અર્થવાળો છે, ભિન્ન ક્રમવાળો છે. તેથી 'હોંતિ' પછી તેનું યોજન છે. અને તેથી તેના અભાવના કારણે=સાંધવા આદિ દોષોના અભાવને કારણે, અનિમિત્તવાળો કેવી રીતે પલિમંથ દોષ થાય=સ્વાધ્યાયનો પલિમંથ દોષ થાય ? અર્થાત્ થાય નહિ જ, એ પ્રકારનો ભાવ છે. ગાથામાં 'તુ' શબ્દ પૂરણ અર્થમાં છે. ।।૧૦૪૩।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલું કે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે તો સાંધવાની પ્રવૃત્તિને કારણે સ્વાધ્યાયાદિમાં વિક્ષેપ નામનો દોષ થશે. તેથી સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – યથાકૃત વસ્ત્રના ગ્રહણમાં=સાંધવા આદિની અપેક્ષા ન રહે એવા પ્રમાણયુક્ત નિર્દોષ વસ્ત્રના ગ્રહણમાં, સાધુને સાંધવાદિ દોષો સર્વથા પ્રાપ્ત થતા નથી જેથી સ્વાધ્યાયનો વ્યાઘાત કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. **॥૧૦૪૩॥**

ગાથા :-

तस्सालाभे इतरस्स गहणभावोऽवि भोयणसमाणो ।
तं धम्मसाहणं चे वत्थंपि तहेव णणु भणितं ।।१०४४।।

છાયા :-

तस्यालाभे इतरस्य ग्रहणभावोऽपि भोजनसमानः ।
तद् धर्मसाधनं चेद्वस्त्रमपि तथैव ननु भणितम् ।।१०४४।।

ગાથાર્થ :-

તેના અલાભમાં=યથાકૃત વસ્ત્રના અલાભમાં, ઇતરના ગ્રહણનો ભાવ પણ=સાંધવાદિ કર્મ યોગ્ય વસ્ત્રના ગ્રહણનો ભાવ પણ, ભોજન સમાન છે. તે=ભોજન, ધર્મનું સાધન છે, એમ જો દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્ર પણ તે પ્રકારે જ ખરેખર કહેવાયું છે. ।।૧૦૪૪।।

ટીકા :-

तस्य-यथाकृतस्य वस्त्रस्यालाभे सति इतरस्य-संधानादिकर्मयोग्यस्य ग्रहणभावोऽपि भोजनसमानो द्रष्टव्यः । यथा हि भोजनमेकस्मिन् गृहे न लब्धमिति गृहान्तरेऽपि परिभ्रम्यते न च तत्र परिभ्रमणनिमित्तः पलिमन्थदोषो मन्यते तद्वदिहापीति भावः । तत्-भोजनं शरीरोपष्टम्भकारितया धर्म्मसाधनमिति तत्र भवत्रपि पलिमन्थो न दोषायेति चेत् ननु वस्त्रमपि तथैव-धर्म्मसाधनतयैव प्राक् भणितं 'तण-

गहणअग्गिसेवणकायवहविवज्जणेण उवगारो' इत्यादिना ग्रन्थेन, तत एतदपीह समानमेवेति ।।१०४४।।

ટીકાર્થ :-

तस्य ..... समानमेवेति ।। તેનો=યથાકૃત વસ્ત્રનો, અલાભ થયે છતે ઈતરનો=સંધાનાદિ કર્મયોગ્ય વસ્ત્રનો, ગ્રહણભાવ પણ ભોજન સમાન જાણવો. જે પ્રમાણે ભોજન એક ઘરમાં પ્રાપ્ત ન થયું, એથી ગૃહાન્તરમાં પરિભ્રમણ કરાય છે અને ત્યાં=ભોજનમાં, પરિભ્રમણ નિમિત્ત પલિમંથ દોષ=સ્વાધ્યાયના વ્યાઘાતનો દોષ, મનાતો નથી. તેની જેમ અહીં પણ=વસ્ત્ર સાંધવામાં પણ, દોષ નથી. આ પ્રકારનો ભાવ છે. તે=ભોજન, શરીરનું ઉપષ્ટંભકારીપણું હોવાથી ધર્મનું સાધન છે. એથી ત્યાં=ભોજનમાં, થતો પણ પલિમંથ=સ્વાધ્યાયનો વ્યાઘાત, દોષ માટે નથી. એ પ્રમાણે દિગંબર કહે, તેને ગ્રંથકારશ્રી 'ननु'થી કહે છે. ખરેખર વસ્ત્ર પણ તે પ્રકારે જ=ધર્મસાધનપણાથી જ, પૂર્વમાં "તૃણગ્રહણ, અગ્નિસેવન, કાયવધના વિવર્જનથી ઉપકારક છે" ઈત્યાદિ ગ્રંથથી કહેવાયું છે. તેથી આ પણ=વસ્ત્ર પણ, અહીં= સ્વાધ્યાયના પલિમંથમાં, સમાન છે. ।।૧૦૪૪।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે સાધુ વસ્ત્ર ધારણ કરશે તો વસ્ત્રને સાંધવાદિને કારણે સ્વાધ્યાયમાં વ્યાઘાત થશે. માટે સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – સાધુને યથાકૃત વસ્ત્ર પ્રાપ્ત ન થાય, ત્યારે સાંધવાદિ કર્મયોગ્ય નિર્દોષ વસ્ત્ર ગ્રહણ કરે અને તેના કારણે સાંધવાદિમાં સમય જવાથી સ્વાધ્યાયાદિમાં જે વિઘ્ન થાય છે તેવું વિઘ્ન ભોજનમાં પણ સમાન છે; કેમ કે ભોજનમાં પ્રવૃત્તિ કરવાથી તેટલો કાળ સ્વાધ્યાયમાં વ્યાઘાત થાય છે; કેમ કે ભોજન એક ઘરમાં ન મળે તો બીજા બીજા ઘરોમાં ભોજન અર્થે પરિભ્રમણ કરાય છે તેમાં સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે. તેથી જો સ્વાધ્યાયના પલિમંથને કારણે દિગંબર વસ્ત્રનો નિષેધ કરે તો દિગંબરના સાધુઓએ ભોજન પણ ગ્રહણ કરવું જોઈએ નહીં. અહીં દિગંબર કહે કે ભોજન શરીરને સહાયક બને છે તેથી ધર્મનું સાધન છે. માટે ભોજન અર્થે સાધુ અન્ય અન્ય ગૃહોમાં જાય અને સ્વાધ્યાયનો પલિમંથ થાય તે દોષરૂપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્ર પણ તે રીતે ધર્મનું સાધન હોવાથી તેને સાંધવાદિમાં સ્વાધ્યાયનો પલિમંથ થાય તે દોષરૂપ નથી; કેમ કે વસ્ત્રના ગ્રહણને કારણે તૃણના ગ્રહણજન્ય હિંસાનું નિવારણ થાય છે અને અગ્નિના સેવનજન્ય કાયવધનો પરિહાર થાય છે. તેથી વસ્ત્ર પણ જીવરક્ષણમાં ઉપકારક છે. માટે સાધુએ દયાળુ ચિત્તની વૃદ્ધિ થાય એ અર્થે પણ વસ્ત્ર ગ્રહણ કરવું આવશ્યક છે. **॥૧૦૪૪॥**

અવતરણિકા :-

यत्पुनरुक्तमत्यन्तकमनीयमहामूल्यवस्त्रपरिधाने सत्यात्मनो विभूषा कृता भवेदित्यादि, तदत्यन्तमसमीचीनम्, यत आह–

અવતરણિકાર્થ :-

અત્યન્ત કમનીય મહામૂલ્યવાળા વસ્ત્ર પરિધાન કરાયે છતે આત્માની વિભૂષા કરાયેલી થાય છે ઇત્યાદિ જે વળી, કહેવાયું=દિગંબર વડે ગાથા-૧૦૧૮માં કહેવાયું, તે અત્યન્ત અસમીચીન છે. જે કારણથી કહે છે –

ગાથા :-

એવંવિહં ચ એતં વિહિણા પરિજાઇતં ધરેંતસ્સ ।
ભિક્ખણસીલસ્સ તહા રાઢાએ હંત કો અત્થો? ।।૧૦૪૫।।

છાયા :-

એવંવિધં ચૈતદ્ વિધિના પરિયાચિતં ધારયતઃ ।
ભિક્ષણશીલસ્ય તથા રાઢાયા હન્ત કોઽર્થઃ ? ।।૧૦૪૫।।

ગાથાર્થ :-

આવા પ્રકારના વિધિથી પરિયાચિત આને=વસ્ત્રને, ધારણ કરતા અને ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા સાધુને વિભૂષાથી ખરેખર શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. ।।૧૦૪૫।।

ટીકા :-

એવંવિધં ચ-પરિજીર્ણમલ્પમૂલ્યં ચ એતત્-વસ્ત્રં વિધિના પરિયાચિતં ધારયતસ્તથા પ્રતિગૃહં ભિક્ષણ-શીલસ્ય હન્ત રાઢાયા-વિભૂષાયાઃ કોઽર્થો?, નૈવ કશ્ચિત્, તન્નિમિત્તાભાવાત્ । અત્યન્તકમનીય-મહામૂલ્યવસ્ત્રપરિધાનં હિ રાઢાયા નિમિત્તં તચ્ચ નાભ્યુપગમ્યતે ઇતિ કોઽત્ર રાઢાયા અવકાશઃ? ।।૧૦૪૫।।

ટીકાર્થ :-

એવંવિધં ..... અવકાશઃ ? ।। અને વિધિથી યાચિત આવા પ્રકારના=પરિજીર્ણ અને અલ્પમૂલ્યવાળા, આને=વસ્ત્રને, ધારણ કરતા અને દરેક ગૃહે ભિક્ષા ગ્રહણ કરવાના સ્વભાવવાળા સાધુને રાઢાથી= વિભૂષાથી, શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી જ; કેમ કે તેના નિમિત્તનો અભાવ છે= વિભૂષાના નિમિત્તનો અભાવ છે, હિ=જે કારણથી, અત્યન્ત કમનીય મહામૂલ્યવાળા વસ્ત્રનું પરિધાન વિભૂષાનું નિમિત્ત છે અને તે=સુંદર વસ્ત્ર, સ્વીકારાતું નથી. એથી અહીં=વસ્ત્રમાં, વિભૂષાનો કયો અવકાશ છે ?=કોઈ અવકાશ નથી. ।।૧૦૪૫।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે સાધુને વસ્ત્ર ધારણ કરવાની અનુજ્ઞા આપવામાં આવે તો સાધુ અતિમૂલ્યવાન વસ્ત્ર

ધારણ કરીને વિભૂષાવાળા થશે જેથી સંયમનો નાશ થશે. માટે સાધુએ વસ્ત્ર ગ્રહણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – સુસાધુ વિધિપૂર્વક યાચના કરાયેલ જીર્ણ અને અલ્પમૂલ્યવાળું વસ્ત્ર ગ્રહણ કરે છે અને ઘરે ઘરે ભિક્ષા અર્થે જાય છે એવા સુસાધુને વિભૂષાનું શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી; કેમ કે સંયમમાત્રના પ્રયોજનથી ભિક્ષા અર્થે જતા પણ જે સાધુને લજ્જા આવતી નથી તેવા સાધુને જીર્ણ વસ્ત્રથી કઈ રીતે લજ્જા આવે ? અર્થાત્ લજ્જા આવે નહીં તેથી નિર્દોષ અને જીર્ણ વસ્ત્રને ગ્રહણ કરે છે અને ભિક્ષાથી આજીવિકા કરે છે માટે ક્યાંય મમત્વ થતું નથી, તેથી વિભૂષાનું તેમને કોઈ પ્રયોજન નથી અને સાધુને અત્યંત કમનીય મહામૂલ્યવાળુ વસ્ત્ર જે વિભૂષાનું નિમિત્ત છે તેને ગ્રહણ કરવાની શાસ્ત્રમાં અનુજ્ઞા નથી તેથી ભગવાનના વચનાનુસાર વસ્ત્ર ગ્રહણ કરનારા સાધુને વિભૂષાનો અવકાશ ક્યાંથી હોય ? અર્થાત્ અવકાશ નથી. **॥૧૦૪૫॥**

ગાથા :-

अह अविवेकातो तई तम्मत्ताओवि होइ केसिंचि ।
तट्टिगपिच्छिगकुंडिग देहे(माई) सु तओ कहं न भवे? ।।१०४६।।

છાયા :-

अथाविवेकात्सका तन्मात्रादपि भवति केषाञ्चित् ।
तट्टिकापिच्छिकाकुण्डिकादेहे(आदि) षु सकः कथं न भवेत् ।।१०४६।।

ગાથાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે – અવિવેકને કારણે તન્માત્રથી પણ તે=વિભૂષા, કેટલાક સાધુઓને થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તટ્ટિકા, મોરપીંછી, કુંડિકાદિમાં તે=વિભૂષા, કેમ ન થાય ? અર્થાત્ થાય. ॥૧૦૪૬॥

ટીકા :-

अथाविवेकात्तन्मात्रादपि-परिजीर्णाल्पमूल्यवस्त्रमात्रादपि केषांचित्साधूनां 'तइत्ति' सका विभूषा कर्त्तव्यतया भवति सा च महान् दोष इति, यद्येवं तर्हि तट्टिकापिच्छिकाकुण्डिकादिषु आदिशब्दात् देहादिषु 'तओत्ति' सको विभूषाकारणमविवेकः कथं न भवेत्?, तत्रापि भवत्येवेति(भवेदेवेति) भावः ।।१०४६।।

ટીકાર્થ :-

अथाविवेकात्तन्मात्रादपि ..... भावः ।। હવે અવિવેકને કારણે તેટલા માત્રથી પણ=પરિજીર્ણ અલ્પમૂલ્યવાળા વસ્ત્ર માત્રથી પણ, કેટલાક સાધુઓને તે=વિભૂષા, કર્તવ્યપણાથી થાય છે અને તે મહાન દોષ છે. જો આ પ્રમાણે છે, તો તટ્ટિકા=ઘાસનું આસન, મોરપીંછી, કુંડિકા અને 'આદિ'

શબ્દથી દેહાદિમાં તે=વિભૂષાનું કારણ અવિવેક, કેવી રીતે ન થાય ? અર્થાત્ ત્યાં પણ=તટ્ટિકાદિમાં પણ, થાય જ છે=અવિવેક થાય જ છે. ॥૧૦૪૬॥

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે સાધુને વસ્ત્રની અનુજ્ઞા આપવામાં આવે તો કેટલાક સાધુઓને 'શરીરથી અને પુદ્ગલથી આત્મા અત્યંત ભિન્ન છે અને આત્માના નિરાકુલ સ્વભાવમાં વિશ્રાંત થવાથી જ ધર્મની પ્રાપ્તિ થાય છે' તેવો વિવેક નહીં હોવાથી સંયમ ગ્રહણ કર્યા પછી જીર્ણ અને અલ્પમૂલ્યવાળાં વસ્ત્ર ગ્રહણ કરશે, તોપણ ચિત્તમાં અવિવેક વિદ્યમાન હોવાને કારણે કોઈક નિમિત્તે વિભૂષા કરશે. તેથી તેઓને મહાન દોષની પ્રાપ્તિ થશે. માટે વસ્ત્રગ્રહણની અનુજ્ઞા આપવી જોઈએ નહીં જેથી વિભૂષાનો પરિણામ થાય નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – દિગંબર સાધુઓને પણ તટ્ટિકાદિગ્રહણની અનુજ્ઞા છે અને દેહને ધારણ કરવાની અનુજ્ઞા કરે છે, તેમાં પણ સુશોભિત કરવાનો પરિણામ અને પોતાનો દેહ સુશોભિત દેખાય તો તેઓને અવિવેક પણ પ્રાપ્ત થશે. તેથી અવિવેક એ જીવનો વ્યક્તિગત દોષ છે, વસ્ત્રનો દોષ નથી. માટે એવા દોષને ગ્રહણ કરીને ધર્મના ઉપકરણરૂપ વસ્ત્રનો નિષેધ કરવો ઉચિત નથી. **॥૧૦૪૬॥**

ગાથા :-

मुच्छाभयाविहारा एतेणं चिय हवंति पडिसिद्धा ।
अक्खेवपसिद्धीओ जोएयव्वा सबुद्धीए ।।१०४७।।

છાયા :-

मूर्च्छाभयाऽविहारा एतेनैव भवन्ति प्रतिषिद्धाः ।
आक्षेपप्रसिद्धी योक्तव्ये स्वबुद्ध्या ।।१०४७।।

ગાથાર્થ :-

આનાથી જ=વિભૂષાના નિરાકરણથી જ, મૂર્છા, ભય, અવિહાર દોષો પ્રતિષિદ્ધ થાય છે. આક્ષેપ અને પ્રતિષેધ સ્વબુદ્ધિથી યોજન કરવા. ॥૧૦૪૭॥

ટીકા :-

मूर्च्छाभयाऽविहारा 'एतेनैव' विभूषानिराकरणेन प्रतिषिद्धा भवन्ति ज्ञातव्याः, समानयोगक्षेमत्वात्, ये पुनरिहाक्षेपप्रसिद्धी ते स्वबुद्ध्या योक्तव्ये, यथा मूर्च्छाहेतुर्वस्त्रं क्वचित्तथादर्शनादित्याक्षेपः, अत्र परिहारो-यदि वस्त्रं कस्यचिन्मूर्च्छाहेतुस्तर्हि देहान्नपानौषधपुस्तककपिलिकानखरदनकमण्डलुप्रतिलेखन-कतट्टिकापुस्तकस्थापनिकादयोऽपि कस्यचिन्मूर्च्छाहेतवो दृष्टा इति तेऽपि परिहार्याः । अथैतेषु देहादिषु मोक्षसाधनमत्या न मूर्च्छोपजायते तर्हि वस्त्रेष्वपि मोक्षसाधनमत्या न मूर्च्छा भविष्यतीति । अपि च, यदि स्थूले वाससि परिजीर्णे यतःकुतश्चिदपि याचितलभ्ये मूर्च्छा संभाव्येत ततो दुर्ल्लभतरे

અક્રેયે શરીરે સુતરાં મૂર્ચ્છા સંભાવનીયા, ततो विवेकचक्षुषः शरीरमिव वस्त्रमपि न मूर्च्छाहेतुरिति न कश्चिद्दोषः । तथा भयहेतुर्वस्त्रं यथाऽभिहितं प्राक् तस्मादेतदपि परित्याज्यमित्याक्षेपः, अत्र परिहारः- यदि भयमात्रसंभावनाद्वस्त्रपरित्यागस्ततः शरीरविषयेऽपि स्वापदादिभ्यो भयमुपजायते ततस्तदपि भवता नियमात्परिहर्त्तव्यम् । अथ मोक्षसाधनत्वात् भयहेतुभूतमपि शरीरं न परित्यज्यते नन्वेवं तर्हि वस्त्रमपि अनेनैव हेतुना यथोक्तविधिपुरस्सरमवश्यं धारयितव्यमिति समानः पन्थाः । एवमविहारपक्षेऽपि आक्षेपपरिहारावभिधातव्यौ ।।१०४७।।

ટીકાર્થ :-

मूर्च्छाभयाऽविहारा ..... वभिधातव्यौ ।। આનાથી જ=વિભૂષાના નિરાકરણથી જ, મૂર્ચ્છા, ભય અને અવિહાર દોષો પ્રતિષિદ્ધ જ્ઞાતવ્ય થાય છે; કેમ કે સમાન યોગક્ષેમપણું છે=વિભૂષાના દોષ સમાન જ મૂર્ચ્છા, ભય અને અવિહારના દોષો છે, જે વળી અહીં=મૂર્ચ્છાદિમાં, આક્ષેપની પ્રસિદ્ધિ છે= મૂર્ચ્છાદિની પ્રાપ્તિની પ્રસિદ્ધિ છે, તે સ્વબુદ્ધિથી યોજવી. જે આ પ્રમાણે – મૂર્ચ્છાહેતુ વસ્ત્ર છે; કેમ કે ક્વચિત્=કોઈક સાધુમાં, તે પ્રકારે દર્શન છે=વસ્ત્રમાં મૂર્ચ્છા ધારણ કરે છે તે પ્રકારે દેખાય છે, એ પ્રકારે આક્ષેપ છે=પૂર્વપક્ષીનો આક્ષેપ છે. અહીં=પૂર્વપક્ષીના આક્ષેપમાં, પરિહાર છે=સમાધાન છે. જો વસ્ત્ર કોઈકની મૂર્ચ્છાનો હેતુ છે, તો દેહ, અન્ન, પાન, ઔષધ, પુસ્તક, કપિલિકા, નખરદણી=નખ કાપવાનું સાધન, કમન્ડલ, પડિલેહણનું સાધન, તટ્ટિકા, પુસ્તક, સ્થાપનિકા વગેરે કોઈકને મૂર્ચ્છાના હેતુ જોવાયા છે, એથી તે પણ પરિહાર્ય છે. હવે, આ દેહાદિમાં મોક્ષસાધનની મતિ હોવાથી મૂર્ચ્છા થતી નથી=વિવેકી સાધુને મૂર્ચ્છા થતી નથી, તો વસ્ત્રોમાં પણ મોક્ષસાધનમતિને કારણે મૂર્ચ્છા થશે નહીં. વળી, જો પરિજીર્ણમાં જે કોઈનાથી પણ યાચિત પ્રાપ્ત થયેલ સ્થૂલ વસ્ત્રમાં મૂર્ચ્છા સંભાવના કરાય છે તો દુર્લભતર અક્રેય એવા શરીરમાં અત્યંત મૂર્ચ્છાની સંભાવના છે. તેથી વિવેકચક્ષુવાળા સાધુને શરીરની જેમ વસ્ત્ર પણ મૂર્ચ્છાનો હેતુ નથી એથી કોઈ દોષ નથી. અને ભયનો હેતુ વસ્ત્ર જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું તે કારણથી આ પણ=વસ્ત્ર પણ, પરિત્યાજ્ય છે, એ પ્રકારે આક્ષેપ છે. અહીં વસ્ત્ર ભયનો હેતુ છે એમાં, પરિહાર બતાવે છે. જો ભયમાત્રની સંભાવનાથી વસ્ત્રનો પરિત્યાગ છે તો શરીરના વિષયમાં પણ પશુ આદિથી ભય થાય છે. તેથી તે પણ તારા વડે=દિગંબર વડે; નિયમથી પરિહાર કરવો જોઈએ. હવે મોક્ષનું સાધનપણું હોવાથી ભયના હેતુભૂત પણ શરીરનો ત્યાગ કરાતો નથી. ખરેખર એ રીતે તો વસ્ત્ર પણ આ જ હેતુથી=મોક્ષનું સાધનપણું છે એ જ હેતુથી, યથોક્ત વિધિપૂર્વક=શાસ્ત્રમાં કહેલ વિધિપૂર્વક, અવશ્ય ધારણ કરવું જોઈએ. એ પ્રકારે સમાન માર્ગ છે. એ રીતે=જે રીતે ભયમાં આક્ષેપ અને પરિહાર કર્યો એ રીતે, અવિહાર પક્ષમાં પણ આક્ષેપ અને પરિહાર કહેવા જોઈએ. ।।૧૦૪૭।।

ભાવાર્થ :-

વસ્ત્રને ધારણ કરવામાં સંભવિત દોષોને ગ્રહણ કરીને દિગંબર કહે છે કે શ્વેતાંબર સાધુ વસ્ત્ર ગ્રહણ

કરશે તો મૂર્ચ્છાની પ્રાપ્તિ થશે, ચોરાદિનો ભય પ્રાપ્ત થશે અને વસ્ત્રના ભારને કારણે શાસ્ત્રવિધિ અનુસાર વિહારનો ત્યાગ સાધુ કરશે તે સર્વ દોષોનું નિરાકરણ વસ્ત્રમાં વિભૂષાદોષનું નિરાકરણ કર્યું તેનાથી થાય છે. જેમ કેટલાક અવિવેકી સાધુ આત્માના ગુણોમાં લીન થઈને નિર્લેપ પરિણતિ કરતા નથી તે સાધુને વિભૂષા દોષની પ્રાપ્તિ થાય છે તેમ દિગંબર સાધુને તેના કુંડિકાદિમાં કે દેહાદિમાં પણ વિભૂષાના કારણીભૂત અવિવેકની પ્રાપ્તિ થઈ શકે છે અને વિવેકી સાધુને જેમ કુંડિકાદિ કે દેહાદિમાં વિભૂષાનો પરિણામ થતો નથી તેમ જે સાધુ નિર્ગ્રન્થ ભાવ પ્રત્યે પ્રસ્થિત છે તે સાધુને વસ્ત્રમાં વિભૂષાનો પરિણામ થતો નથી પરંતુ ધર્મના સાધનની બુદ્ધિથી જ તેઓ વસ્ત્રને ધારણ કરે છે. તેથી વિવેકી સાધુઓને વસ્ત્રમાં મૂર્ચ્છાદિ દોષો પણ થતા નથી. વળી, મૂર્ચ્છાદિમાં આક્ષેપ અને પરિહાર આ પ્રમાણે છે.

કોઈક સાધુને વસ્ત્ર મૂર્ચ્છાનો હેતુ બને છે; કેમ કે તે પ્રકારે કેટલાક શ્વેતાંબર સાધુને પ્રાપ્ત થયેલા વસ્ત્રાદિમાં મૂર્ચ્છા દેખાય છે. આ પ્રકારે દિગંબરનો આક્ષેપ છે તેનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જો વસ્ત્ર કોઈ સાધુને મૂર્ચ્છાનો હેતુ છે તો દિગંબર સાધુમાં પણ કેટલાકને દેહ, અન્ન, પાન, ઔષધ, પુસ્તકાદિમાં મૂર્ચ્છા થતી દેખાય છે. તેથી અવિવેકવાળા સાધુને આશ્રયીને વસ્ત્રમાં મૂર્ચ્છા થાય છે તેને ગ્રહણ કરીને વસ્ત્ર પરિહાર્ય હોય તો અવિવેકવાળા દિગંબર સાધુને આશ્રયીને મૂર્ચ્છા થતી હોવાને કારણે દેહાદિ પણ પરિહાર્ય થાય. માટે વિવેકી સાધુ ધર્મના ઉપકરણરૂપે દેહ ધારણ કરે છે અને ધર્મબુદ્ધિના અંગભૂત જીર્ણ વસ્ત્ર ધારણ કરે છે તેઓને મૂર્ચ્છા થતી નથી એમ સ્વીકારવું જોઈએ. વળી, સાધુ પરિજીર્ણ કોઈક પાસેથી યાચના કરીને પ્રાપ્ત કરેલાં સ્થૂલ વસ્ત્રોમાં મૂર્ચ્છા કરે તો વસ્ત્ર કરતાં પણ દુર્લભતર ધનાદિથી ખરીદી ન કરી શકાય એવા શરીરમાં અત્યંત મૂર્ચ્છા થાય. આથી જ અવિવેકવાળા સાધુને વસ્ત્રાદિમાં પણ મૂર્ચ્છા વર્તે છે અને શરીરમાં પણ મૂર્ચ્છા વર્તે છે પરંતુ જેઓમાં વિવેક પ્રગટેલો છે તેઓને તો વસ્ત્રાદિથી અને દેહથી ભિન્ન દેહમાં રહેનાર આત્માનું સ્વરૂપ જ વીતરાગતુલ્ય દેખાય છે. તેથી વસ્ત્રાદિમાં કે દેહાદિમાં મૂર્ચ્છા થતી નથી.

જે મહાત્માઓને વીતરાગતાની પ્રાપ્તિની એક ઇચ્છા છે તેથી શરીરમાં કે વસ્ત્રમાં ક્યાંય મૂર્ચ્છા થતી નથી. આથી જ તેવા મહાત્માઓ ધર્મને માટે ઉપકારક ન હોય તેવું અલ્પ પણ વસ્ત્ર ગ્રહણ કરતા નથી પરંતુ વીતરાગભાવની પ્રાપ્તિમાં સહાયક બને તેવું જ પરિમિત વસ્ત્ર ગ્રહણ કરે છે. વળી, દિગંબર આક્ષેપ કરે છે કે સાધુ વસ્ત્ર ધારણ કરશે તો ચોરાદિનો ભય રહેશે. તેથી ભયમોહનીયનો ઉદય ન થાય માટે પણ સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તે દિગંબરના આક્ષેપનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે. સાધુને પશુ આદિથી શરીરના નાશનો ભય થવાનો સંભવ છે માટે દિગંબર સાધુએ શરીરનો પણ ત્યાગ કરવો જોઈએ અને જો દિગંબરો કહે કે મોક્ષનું સાધન હોવાને કારણે ભયના હેતુભૂત શરીરનો ત્યાગ કરાતો નથી, તો એ રીતે સંયમની વૃદ્ધિનો હેતુ હોવાથી શાસ્ત્રોક્ત વિધિથી ગ્રહણ કરાયેલા વસ્ત્રનો પણ ત્યાગ કરવા જોઈએ નહિ. વળી, દિગંબર આક્ષેપ કરે છે કે સાધુ વસ્ત્ર ધારણ કરશે તો પરિગ્રહના ભારથી શ્રાંત થયેલા સાધુ શાસ્ત્રવિધિ અનુસાર વિહાર કરશે નહીં. તેનો પણ પરિહાર તે પ્રમાણે જ કરવો જોઈએ અર્થાત્ શરીરથી શ્રાંત થયેલા સાધુ શાસ્ત્રવિધિ અનુસાર વિહાર કરે નહીં તોપણ જેઓ ભગવાનના

વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારા છે તેઓ સંયમની વૃદ્ધિના કારણીભૂત નવકલ્પી વિહાર અવશ્ય કરે છે. વળી, પરિમિત ઉપધિ રાખે છે જેથી પ્રમાદ વગર નવકલ્પી વિહાર થઈ શકે છે. **॥૧૦૪૭॥**

અવતરણિકા :-

यच्चोक्तं—'भारवहणं चेति' तत्रोत्तरमाह—

અવતરણિકાર્થ :-

'ભાર વહન છે' એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૧૦૧૮માં દિગંબર વડે જે કહેવાયું, ત્યાં ઉત્તરને કહે છે —

ગાથા :-

भारवहणंपि परिमियमाणेसुं तेसु हन्त कह जुत्तं? ।
कह वा न तट्टिगादिसु? को वा तम्मत्तए दोसो? ।।१०४८।।

છાયા :-

भारवहनमपि परिमितमानेषु तेषु हन्त कथं युक्तं ।
कथं वा न तट्टिकादिषु ? को वा तन्मात्रके दोषः ? ।।१०४८।।

ગાથાર્થ :-

પરિમિત માનવાળા તેઓમાં=વસ્ત્રોમાં, ભારવહન પણ ખરેખર કેવી રીતે યુક્ત છે ? અથવા કેવી રીતે તટ્ટિકાદિમાં દોષ નથી=ભારવહનનો દોષ નથી ? અથવા તેટલા માત્રમાં=પરિમિત વસ્ત્રના ભાર માત્રમાં, શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. ।।૧૦૪૮।।

ટીકા :-

भारवहनमपि परिमितमानेषु तेषु-वस्त्रेषु ध्रियमाणेषु हन्त कथं युक्तं?, नैव युक्तमिति भावः, परिमितमानतया तेषां भाराभावात् । कथं वा न तट्टिकादिषु आदिशब्दात् कुण्डिकादिषु च भारवहनं ? तत्रापि तदस्त्येव, न च दोषकृत् तद्वदिहापीति भावः । अथ तट्टिकादीनां मुक्तिसिद्धिनिबन्धनत्वात्तद्-भारवहनं न दोषायेति मन्यसे ननु तदेतन्मुक्तिसिद्धिनिबन्धनत्वं वस्त्रेऽपि समानं, यथोक्तं प्रागिति । अपि च, 'को वेति' पक्षान्तराभ्युपगमे तन्मात्रके-भारवहनमात्रके दोषो?, नैव कश्चिदितिभावः ।।१०४८।।

ટીકાર્થ :-

भारवहनमपि ..... कश्चिदितिभावः ।। પરિમિત માન ધારણ કરાતાં તે વસ્ત્રોમાં ભારવહન પણ કેવી રીતે યુક્ત છે ?=યુક્ત નથી જ, એ પ્રમાણે ભાવ છે; કેમ કે પરિમિત પ્રમાણ હોવાને કારણે તેઓના

ભારનો અભાવ છે અથવા તટ્ટિકાદિમાં=ચટ્ટાઈ આદિમાં, આદિ શબ્દથી કુંડિકાદિમાં, ભારવહન કઈ રીતે નથી, ત્યાં પણ=તટ્ટિકાદિમાં પણ, તે=ભારવહન, છે જ અને દોષકૃત નથી. તેની જેમ અહીં પણ=વસ્ત્રમાં પણ, દોષ નથી, એ પ્રમાણે ભાવ છે. હવે તટ્ટિકાદિમાં મોક્ષની સિદ્ધિનું કારણપણું હોવાથી તેના ભારનું વહન દોષ માટે નથી=સાધુને દોષ માટે નથી, એ પ્રમાણે તું માને છે=દિગંબરો માને છે. ખરેખર તે આ મુક્તિની સિદ્ધિનું કારણપણું વસ્ત્રમાં પણ સમાન છે. જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું છે. અને વળી 'વા' એ પ્રમાણે પક્ષાન્તર સ્વીકાર કરાયે છતે=ગાથા-૧૦૧૮ની ટીકામાં પૂર્વપક્ષીએ 'અપિ ચ'થી કહેલ કે વસ્ત્ર ગ્રહણ કરાયે છતે વિહારક્રમને કરતા વસ્ત્રના વહનમાં ભારનું વહન થશે અને તે દેહને પીડા કરનાર થશે અને દેહની પીડા સ્વાધ્યાયાદિનો વિઘાત કરનાર થશે એ રૂપ પક્ષાન્તરનો સ્વીકાર કરાયે છતે, તન્માત્રમાં=ભારવહનમાત્રમાં, શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી, એ પ્રકારનો ભાવ છે. ॥૧૦૪૮॥

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે સાધુને વસ્ત્રની અનુજ્ઞા સ્વીકારવામાં આવે તો વસ્ત્રના ભારથી શ્રાંત થયેલા સાધુને સ્વાધ્યાયાદિમાં વ્યાઘાત થશે માટે વસ્ત્ર ગ્રહણ કરવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – સુસાધુ પરિમિત પ્રમાણવાળાં વસ્ત્રો ગ્રહણ કરે છે. તેથી વિહારમાં તેના ભારને કારણે કેવી રીતે શ્રાન્ત થાય ? જેથી સ્વાધ્યાયમાં વ્યાઘાત થાય અર્થાત્ થાય નહીં. અને જો દિગંબર કહે કે પરિમિત વસ્ત્રના ભારથી પણ જે કંઈ અલ્પ પણ શ્રમ થાય છે તેનાથી સ્વાધ્યાયમાં વ્યાઘાત થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – દિગંબર સાધુઓ પણ તટ્ટિકા, કુંડિકાદિ ગ્રહણ કરે છે તેમાં પણ સમાન જ દોષ છે આમ છતાં જો તેઓ કહે કે મોક્ષને અનુકૂળ સાધના માટે તટ્ટિકાદિ ઉપયોગી છે માટે તેટલો ભાર વહન કરવો સાધુને દોષ માટે નથી તો વસ્ત્ર પણ મોક્ષની સાધના માટે સમાન રૂપે ઉપયોગી છે. માટે તેટલા અલ્પ ભારથી સાધુને દોષની પ્રાપ્તિ નથી. વળી, ગાથા-૧૦૧૮ની ટીકામાં 'અપિ ચ'થી વસ્ત્રમાં ભારવિષયક પક્ષાન્તર બતાવેલ તેનું નિરાકરણ કરતાં પ્રસ્તુત ગાથાના ચોથા પાદમાં 'વા'થી કહે છે અથવા તેટલા માત્ર ભારવહનમાં શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. **॥૧૦૪૮॥**

અવતરણિકા :-

अत्र परस्य मतमाह–

અવતરણિકાર્થ :-

અહીં=ભારવહનના વિષયમાં, પરના મતને કહે છે=દિગંબરના મતને કહે છે –

ગાથા :-

जइदेहस्सऽह पीडा नियय्विहारातो सा न किं होति? ।
उवगारिगा तई अह एत्थवि भणिओ उ उवगारो ।।१०४९।।

છાયા :-

यतिदेहस्याथ पीडा नियतविहारात् सा न किं भवति ? ।
उपकारिका सका अथात्रापि भणितस्तूपकारः ।।१०४९।।

ગાથાર્થ :-

હવે, યતિદેહની પીડા દોષ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – **નિયતવિહારથી તે=પીડા, શું નથી ?** 'અથ'થી દિગંબર કહે છે – **તે=નિયતવિહારની પીડા, ઉપકારક છે.** તો ગ્રંથકારશ્રી કહે છે, **અહીં પણ=વસ્ત્રમાં પણ, ઉપકાર કહેવાયો જ છે. ।।૧૦૪૯।।**

ટીકા :-

अथ मन्येथाः-यतिदेहस्य-साधुशरीरस्य या पीडा भवति सैव भारवहने दोष इति, ननु नियत-विहारात्सा-पीडा किन्न भवति?, भवत्येवेति भावः । अथ 'तइत्ति' सका नियतविहारनिमित्ता देहस्य पीडा उपकारिका ततो भवन्त्यपि सा न दोषवतीति प्रतिपद्येथाः, यद्येवं तर्हि अत्रापि-वस्त्रे तृणग्रहणादिकायवधविवर्जनलक्षण उपकारो ननु भणित एव । तुरवधारणे । ततो वस्त्रस्यापि भारवहनं न दोषकृदिति ।।१०४९।।

ટીકાર્થ :-

अथ ..... दोषकृदिति ।। હવે માને=દિગંબર માને, સાધુના શરીરને જે પીડા થાય છે, તે ભારના વહનમાં દોષ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ખરેખર નિયત વિહારથી તે=પીડા, શું નથી થતી ? અર્થાત્ થાય જ છે. 'અથ'થી દિગંબર કહે છે – તે નિયત વિહાર નિમિત્ત દેહની પીડા ઉપકારક છે= સંયમમાં ઉપકારક છે. તેથી થતી પણ તે=દેહની પીડા, દોષવાળી નથી. એ પ્રમાણે તું સ્વીકારે છે= દિગંબર સ્વીકારે છે, તો ગ્રંથકારશ્રી કહે છે. જો આ પ્રમાણે છે=વિહારને કારણે થતી પીડા સંયમની વૃદ્ધિમાં ઉપકારક છે એ પ્રમાણે છે, તો અહીં પણ=વસ્ત્રમાં પણ, તૃણગ્રહણાદિ, કાયના વધના વર્જનરૂપ ઉપકાર કહેવાયો જ છે. 'તુ' શબ્દ અવધારણમાં છે. તેથી=વસ્ત્ર ઉપકારક છે તેથી, વસ્ત્રનું પણ ભારવહન દોષને કરનારું નથી. ।।૧૦૪૯।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે શ્વેતાંબર સાધુ વસ્ત્ર ધારણ કરે છે. તેથી વસ્ત્રના ભારવહનમાં તેઓને દેહની પીડા થશે અને તેના શ્રમને કારણે સાધનામાં પ્રમાદ થશે. માટે સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. એને ગ્રંથકારશ્રી કહે છે – દિગંબર સાધુને પણ નિયત નવકલ્પી વિહાર કરવામાં ગમનકૃત શ્રમને કારણે પીડા થશે અને શ્રાન્ત થયેલા સાધુ સંયમમાં દૃઢ યત્ન કરવામાં શિથિલ થશે. ત્યાં દિગંબર કહે કે સાધુ નવકલ્પી વિહાર કરે તેનાથી દેહને જે પીડા થશે તે ક્ષેત્રના પ્રતિબંધમાં નિવારણનું કારણ હોવાને કારણે સંયમવૃદ્ધિમાં

ઉપકારક છે માટે દોષરૂપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – અતિ શીતાદિ કાળમાં દિગંબર સાધુ જે તૃણાદિ ગ્રહણ કરે છે તેનાથી કાયવધ થાય છે તેના વર્જનરૂપ ઉપકારને કરનાર વસ્ત્રગ્રહણ છે. તેથી જીવરક્ષામાં સહાયક વસ્ત્રનું ગ્રહણ સંયમવૃદ્ધિનું જ કારણ છે. માટે વસ્ત્રના ગ્રહણથી સાધુને જે ભાર વહન થશે તે દોષરૂપ નથી. **॥૧૦૪૯॥**

અવતરણિકા :-

યદપ્યવાદીત્–'તેનાહડાધિગરણ'મિત્યાદિ તત્રાપિ દોષાભાવમાહ–

અવતરણિકાર્થ :-

વળી, ચોરના હરણથી અધિકરણની પ્રાપ્તિ છે ઈત્યાદિ ગાથા-૧૦૧૮માં જે કહેવાયું, ત્યાં પણ= તે કથનમાં પણ, દોષના અભાવને કહે છે –

ગાથા :-

न हरंति तहाभूतं वत्थं तेणा पओयणाभावा ।
खुद्दहरणं च तट्टिगकुंडिगमादीसुवि समाणं ।।१०५०।।

છાયા :-

न हरन्ति तथाभूतं वस्त्रं स्तेनाः प्रयोजनाभावात् ।
क्षुद्रहरणं च तट्टिकाकुण्डिकादिष्वपि समानम् ।।१०५०।।

ગાથાર્થ :-

તેવા પ્રકારનું વસ્ત્ર ચોરો ગ્રહણ કરતા નથી; કેમ કે પ્રયોજનનો અભાવ છે. અને ક્ષુદ્ર વડે હરણ તટ્ટિકા, કુંડિકાદિમાં પણ સમાન છે. ॥૧૦૫૦॥

ટીકા :-

न हरन्ति तथाभूतं-परिजीर्णमल्पमूल्यं च वस्त्रं स्तेनाः-चौराः । कुत इत्याह–प्रयोजनाभावात्, न हि तथाभूतेन वाससा किंचिदपि तेषां प्रयोजनं सिद्ध्यतीति । अथ क्षुद्राः केचन तथाभूता अपि सन्ति ये तथाविधमपि वस्त्रं गृह्णन्तीत्यत आह–'खुद्देत्यादि' क्षुद्रहरणं च-क्षुद्रैरपहरणं च तट्टिकाकुण्डिकादिष्वपि समानं, सन्ति हि केचित्तथाभूता अपि क्षुद्रा ये तट्टिकाद्यप्यपहरन्तीति ।।१०५०।।

ટીકાર્થ :-

न हरन्ति ..... तट्टिकाद्यप्यपहरन्तीति ।। તેવા પ્રકારનું=પરિજીર્ણ અને અલ્પ મૂલ્યવાળું વસ્ત્ર, ચોરો હરણ કરતા નથી. કયા કારણથી ચોરો હરણ કરતા નથી ? એથી કહે છે – પ્રયોજનનો અભાવ છે. हि=જે કારણથી, તેવા પ્રકારના વસ્ત્રથી તેઓનું=ચોરોનું, કંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું

નથી. 'અથ'થી પૂર્વપક્ષી કહે – ક્ષુદ્ર કેટલાક તેવા પ્રકારના પણ છે જે તેવા પ્રકારનું પણ વસ્ત્ર ગ્રહણ કરે. આથી ગ્રંથકારશ્રી કહે છે – ક્ષુદ્રહરણ=ક્ષુદ્રો વડે અપહરણ, તટ્ટિકા અને કુંડિકાદિમાં પણ સમાન છે. હિ=જે કારણથી, કેટલાક તેવા પ્રકારના પણ ક્ષુદ્રો છે જે તટ્ટિકાદિ પણ અપહરણ કરે છે. ॥૧૦૫૦॥

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે શ્વેતાંબર સાધુ વસ્ત્રો ધારણ કરે છે. તેથી માર્ગમાં ચોરો તે વસ્ત્રનું અપહરણ કરશે અને તે વસ્ત્રોનો ઉપયોગ આરંભ-સમારંભમાં કરશે. તેથી સાધુનું વસ્ત્ર પાપપ્રવૃત્તિનું અધિકરણ બનશે. માટે સાધુઓએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – સાધુ જીર્ણ વસ્ત્ર અને અલ્પમૂલ્યવાળું વસ્ત્ર ધારણ કરે છે. તેથી ચોરો તેનું હરણ કરે નહીં; કેમ કે તેવા વસ્ત્રથી તેઓનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. અહીં દિગંબર કહે કે કોઈક ક્ષુદ્ર પ્રકૃતિવાળા ચોરો સાધુનું એવું જીર્ણ વસ્ત્ર પણ ગ્રહણ કરશે અને તેનો આરંભ-સમારંભમાં ઉપયોગ કરશે તેથી અધિકરણ દોષની પ્રાપ્તિ થશે. માટે સાધુએ વસ્ત્ર ગ્રહણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – દિગંબર સાધુ પણ તટ્ટિકા, કુંડિકાદિ રાખે છે. તેનું પણ ક્ષુદ્ર ચોરો અપહરણ કરશે. તેથી દિગંબર સાધુઓને પણ સમાન રીતે અધિકરણ દોષની પ્રાપ્તિ છે. **॥૧૦૫૦॥**

અવતરણિકા :-

અત્ર પરસ્ય મતમાહ–

અવતરણિકાર્થ :-

અહીં=ક્ષુદ્રો વડે કુંડિકાના હરણમાં, પરના મતને=દિગંબરના મતને, કહે છે –

ગાથા :-

वोसिरिएसु न दोसो तट्टिगमादीसु अह उ वत्थेवि ।
तुल्लं चिय वोसिरणं साहणभावो य परलोगे ।।१०५१।।

છાયા :-

व्युत्सृष्टेषु न दोषः तट्टिकादिषु अथ तु वस्त्रेऽपि ।
तुल्यमेव व्युत्सर्जनं साधनभावश्च परलोके ।।१०५१।।

ગાથાર્થ :-

તટ્ટિકાદિ વોસિરાવે છતે દોષ નથી=સાધુને અધિકરણરૂપ દોષ નથી. 'અથ'થી ગ્રંથકારશ્રી કહે છે. વસ્ત્રમાં પણ વ્યુત્સર્જન તુલ્ય જ છે અને પરલોકમાં સાધનભાવ તુલ્ય છે. ॥૧૦૫૧॥

ટીકા :-

અથ તટ્ટિકાદિષુ સ્તેનૈરપહૃતેષ્વપિ ત્રિવિધં ત્રિવિધેન વ્યુત્સૃષ્ટેષુ ન દોષઃ-અધિકરણલક્ષણોઽસ્માકમુપજાયત ઇતિ મન્યસે, ननु तदेतत् त्रिविधं त्रिविधेन व्युत्सर्जनं वस्त्रेऽपि तुल्यमेव-समानमेव, ततस्तत्राप्यधिकरणलक्षणो दोषो न भविष्यतीति । अथ तट्टिकादीनां मोक्षसाधनत्वात्कदाचिदधिकरणदोषसंभवेऽपि न तदुपादानमन्याय्यमिति । अत्राह—'साहणेत्यादि' परलोके-परलोकविषये साधनभावोऽपि वस्त्रे तुल्य एव यथोक्तं प्राक्, ततस्तदप्यवश्यमुपादातव्यमिति ।।१०५१।।

ટીકાર્થ :-

અથ ..... तव्यमिति ।। 'અથ'થી દિગંબર કહે છે કે ચોરોથી હરણ કરાયેલી પણ તટ્ટિકાદિ હોતે છતે ત્રિવિધ ત્રિવિધથી તેનો ત્યાગ કરવામાં દોષ=અધિકરણ લક્ષણ દોષ, અમને થતો નથી. એ પ્રમાણે તું માને છે, તો ગ્રંથકારશ્રી કહે છે — ખરેખર તે આ ત્રિવિધ ત્રિવિધથી વ્યુત્સર્જન વસ્ત્રમાં પણ તુલ્ય જ છે=સમાન જ છે. તેથી ત્યાં પણ=હરણ કરાયેલા સાધુના વસ્ત્રમાં પણ, અધિકરણરૂપ દોષ થશે નહીં. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે તટ્ટિકાદિનું મોક્ષસાધનપણું હોવાથી ક્યારેક અધિકરણ દોષના સંભવમાં પણ તેનું ગ્રહણ=તટ્ટિકાદિનું ગ્રહણ, અન્યાય નથી. અહીં=દિગંબરના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે — પરલોકના વિષયમાં સાધનભાવ પણ પૂર્વમાં જે પ્રમાણે કહેવાયું છે તે પ્રમાણે વસ્ત્રમાં તુલ્ય જ છે તેથી તે પણ=વસ્ત્ર પણ, અવશ્ય ગ્રહણ કરવું જોઈએ=સાધુએ ગ્રહણ કરવું જોઈએ. ।।૧૦૫૧।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે અમારા સાધુ તટ્ટિકાદિ રાખે છે અને કોઈ ક્ષુદ્ર કે ચોર તેની ચોરી કરે તો વિવેકી સાધુ મન, વચન, કાયાથી કરણ, કરાવણ, અનુમોદનાથી તે તટ્ટિકાને વોસિરાવે છે. જેથી તે તટ્ટિકાદિમાં સ્વત્વબુદ્ધિ લેશ પણ રહેતી નથી અને પૂર્વે ધર્મના ઉપકરણરૂપે બુદ્ધિ હતી અને ચોરો હરણ કરે છે ત્યાર પછી તે ધર્મનું ઉપકરણ રહ્યું નથી પરંતુ આરંભ-સમારંભનું અધિકરણ છે છતાં સુસાધુ દૃઢ પ્રણિધાનપૂર્વક ત્રિવિધ ત્રિવિધથી વોસિરાવી દે તો તે તટ્ટિકાદિથી સાધુને અધિકરણરૂપ દોષની પ્રાપ્તિ થતી નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે — આ રીતે વિવેકી શ્વેતાંબર સાધુ પણ કોઈ વસ્ત્ર ચોરી જાય તો ત્રિવિધ ત્રિવિધથી તેને વોસિરાવી દે તો સાધુને અધિકરણરૂપ દોષની પ્રાપ્તિ નથી. વળી, દિગંબર કહે કે તટ્ટિકાદિ મોક્ષનું સાધન છે. તેથી મોક્ષના ઉપાયરૂપે સુસાધુ ગ્રહણ કરે છે અને ક્યારેક ચોરો અપહરણ કરે તો અધિકરણ દોષની પ્રાપ્તિ થાય છતાં સાધુને તેનું ગ્રહણ ઉચિત છે. એને ગ્રંથકારશ્રી કહે છે — વસ્ત્ર પણ પરલોકના વિષયમાં સાધનભાવવાળું તુલ્ય જ છે; કેમ કે વસ્ત્રના બળથી સુસાધુ જીવરક્ષા કરશે. તેથી મોક્ષને અનુકૂળ સાધના થશે માટે વસ્ત્ર ગ્રહણ કરવું સાધુને ઉચિત છે. **॥૧૦૫૧॥**

અવતરણિકા :-

શોકદોષાભાવશ્ચ વક્ષ્યમાણનીત્યા દ્રષ્ટવ્યઃ, યદપ્યુક્તમ્—'પમાયનટ્ઠેવિત્તિ' તત્રાપિ દોષાભાવમાહ—

અવતરણિકાર્થ :-

અને શોકરૂપ દોષનો અભાવ વક્ષ્યમાણ નીતિથી જાણવો. જે વળી કહેવાયું=ગાથા-૧૦૧૮માં કહેવાયું. પ્રમાદથી નષ્ટ પણ વસ્ત્રમાં શોક થશે. ત્યાં પણ દોષના અભાવને કહે છે —

ગાથા :-

अपमत्तस्स न नासइ नट्ठेवि न जायती तहिं सोगो ।
मुणियभवसरूवस्स(उ) चत्तकलत्तादिगंथस्स ।।१०५२।।

છાયા :-

अप्रमत्तस्य न नश्यति नष्टेऽपि न जायते तस्मिन् शोकः ।
ज्ञातभवस्वरूपस्य त्यक्तकलत्रादिग्रन्थस्य ।।१०५२।।

ગાથાર્થ :-

અપ્રમત્ત સાધુનું વસ્ત્ર નાશ પામતું નથી. (વસ્ત્ર) નષ્ટ થયે છતે જાણ્યું છે ભવસ્વરૂપ જેણે એવા, ત્યક્તકલત્રાદિ ગ્રંથવાળા મુનિને પણ શોક થતો નથી. ।।૧૦૫૨।।

ટીકા :-

अप्रमत्तस्य सतः साधोर्वस्त्रं तावत्सर्वथा न नश्यत्येवाप्रमत्तत्वविरोधात्, कदाचिच्च प्रमादवशान्नष्टेऽपि तस्मिन् वाससि न जायते ज्ञातभवस्वरूपस्य त्यक्तकलत्रादिग्रन्थस्य शोकः, शोकहेतोः संसारस्वरूपापरिज्ञानादेरभावात् ।।१०५२।।

ટીકાર્થ :-

अप्रमत्तस्य ..... देरभावात् ।। અપ્રમત્ત છતા સાધુનું વસ્ત્ર સર્વથા નાશ પામતું નથી જ; કેમ કે અપ્રમત્તત્વનો વિરોધ છે અને જ્ઞાતભવસ્વરૂપવાળા, ત્યાગ કર્યો છે સ્ત્રી આદિ ગ્રંથનો જેણે તેવા સાધુને પ્રમાદવશથી તે વસ્ત્ર કદાચિત્ નષ્ટ થયે છતે પણ શોક થતો નથી; કેમ કે શોકના હેતુ એવા સંસારના સ્વરૂપના અપરિજ્ઞાન આદિનો અભાવ છે. ।।૧૦૫૨।।

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે શ્વેતાંબર સાધુ વસ્ત્ર ધારણ કરશે તો પ્રમાદથી કોઈક વસ્ત્ર વિહાર આદિમાં પડી જાય તો શોક થાય છે માટે વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે સાધુ અપ્રમાદપૂર્વક સંયમમાં ઉત્થિત છે તે સાધુનું વસ્ત્ર સર્વથા નાશ પામતું નથી અર્થાત્ વિહારાદિમાં પડીને

વિનાશ પામતું નથી; કેમ કે જો વિહારાદિમાં વસ્ત્ર પડી જાય તો અપ્રમત્તપણાનો વિરોધ છે. તેથી એ ફલિત થાય કે અપ્રમાદી સાધુ પોતાની ઉપધિ તે પ્રકારે ગ્રહણ કરીને વિહારાદિ કરે છે. જેથી લેશ પણ પોતાની ઉપધિ માર્ગમાં અનાભોગથી પડી જાય નહીં; કેમ કે ધર્મના ઉપકરણરૂપ ઉપધિની સમ્યગ્ યતના ન કરવામાં આવે તે પણ પ્રમાદદોષ છે. તેથી અપ્રમત્ત સાધુના ચોરાદિથી વસ્ત્રનો નાશ થઈ શકે પરંતુ પ્રમાદથી વસ્ત્ર નાશ પામે નહીં. વળી, સુસાધુ પણ ક્યારેક પ્રમાદવશ હોય તો તેઓનાં વસ્ત્રો માર્ગમાં પડી જવાનો સંભવ છે તોપણ વિવેકી સાધુ ભવના સ્વરૂપને જાણનારા છે. તેથી ભવના નિષ્પત્તિના કારણીભૂત સ્ત્રી આદિ ગ્રંથોનો ત્યાગ કર્યો છે, તેથી પોતાના દેહમાં પણ પોતાનાપણાની બુદ્ધિ ધારણ કરતા નથી પરંતુ મોહથી અનાકુળ આત્માના સ્વરૂપમાં જ ચિત્તને ધારણ કરનારા છે. માટે શોકનો હેતુ વિદ્યમાન નથી તેથી વસ્ત્ર જવા છતાં પણ તેની ઉચિત ગવેષણા કરે છે પરંતુ શોકથી ખેદ પામતા નથી અને જેઓને ભવના સ્વરૂપનું જ્ઞાન નથી તેવા પ્રમાદી સાધુઓ દેહમાં કે દેહને અનુકૂળ સામગ્રીમાં પ્રીતિને ધારણ કરે છે. તેથી વસ્ત્ર નાશ પામે તો શોક થાય કે ઉપેક્ષા થાય કે અન્ય કોઈ પરિણામ થાય તે સર્વ મોહજન્ય જ પરિણામ છે ફક્ત જેઓને ભવના કારણીભૂત નિમિત્તો અનુસાર ભાવો જ સંસારનું કારણ છે તેવું પરિજ્ઞાન છે તે મહાત્માઓ જ વસ્ત્રની પ્રાપ્તિમાં હર્ષ કરતા નથી અને કોઈક રીતે નાશ પામે તો શોક પણ કરતા નથી. **॥૧૦૫૨॥**

ગાથા :-

अह दीहभवब्भासा सेहप्पायस्स संभवो अत्थि ।
सो तट्टिगादितुल्लो चोएयव्वो न बुद्धिमता ।।१०५३।।

છાયા :-

अथ दीर्घभवाभ्यासात् शैक्षप्रायस्य संभवोऽस्ति ।
स तट्टिकादितुल्यश्चोदयितव्यो न बुद्धिमता ।।१०५३।।

ગાથાર્થ :-

'અથ'થી દિગંબર કહે છે – દીર્ઘભવના અભ્યાસને કારણે, શૈક્ષપ્રાય એવા સાધુને સંભવ છે=વસ્ત્રના નાશમાં શોકનો સંભવ છે, તે=શોકનો સંભવ, તટ્ટિકાદિમાં સમાન છે. (તેથી) બુદ્ધિમાને (તે દોષ) કહેવો જોઈએ નહીં=તે દોષનું ઉદ્ભાવન કરવું જોઈએ નહીં. ।।૧૦૫૩।।

ટીકા :-

अथ दीर्घभवाभ्यासात् शैक्षप्रायस्य प्रमादतो नष्टे सति वस्त्रे शोकस्य संभवोऽस्ति तस्मान्न तत्परिगृह्यत इति । अत्राह—'सो' इत्यादि, सः-शोकसंभवो यस्मात्तट्टिकादिष्वपि तुल्यः, तेष्वपि हि प्रमादनष्टेषु सत्सु दीर्घभवाभ्यासात् शैक्षप्रायस्य शोकः संभवत्येव, ततः सोऽस्मान् प्रति बुद्धिमता न चोदयितव्य इति । अधिकरणदोषः प्राग्वत् परिहर्त्तव्यः ।।१०५३।।

ટીકાર્થ :-

अथ ..... परिहर्त्तव्यः ।। હવે દીર્ઘભવના અભ્યાસને કારણે શૈક્ષપ્રાયઃ એવા સાધુને=સંયમમાં અનભ્યસ્ત સાધુને, પ્રમાદથી વસ્ત્ર નષ્ટ થયે છતે શોકનો સંભવ છે. તે કારણથી તે=વસ્ત્ર, ગ્રહણ કરાતું નથી, એ પ્રમાણે દિગંબર કહે છે. અહીં=દિગંબરના એ કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – તે=શોકનો સંભવ, જે કારણથી તટ્ટિકાદિમાં પણ તુલ્ય છે=દિગંબર સાધુને પણ સંભવ છે. હિ=જે કારણથી, તે પણ પ્રમાદથી નષ્ટ થયે છતે દીર્ઘભવના અભ્યાસને કારણે, શૈક્ષપ્રાયઃ એવા દિગંબર સાધુને શોક સંભવે જ છે, તેથી તે=શોકનો સંભવ, બુદ્ધિમાન એવા તારા વડે=દિગંબર વડે અમારા પ્રત્યે કહેવો જોઈએ નહીં. અધિકરણદોષનો પૂર્વની જેમ પરિહાર કરવો જોઈએ. ॥૧૦૫૩॥

ભાવાર્થ :-

સાધુએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં તેમાં દિગંબર યુક્તિ બતાવે છે – દીર્ઘકાલથી ભવનો અભ્યાસ હોવાને કારણે જે સાધુને આત્માના નિરાકુલ સ્વભાવમાં સ્થિર થવાનો અભ્યાસ થયો નથી પરંતુ નિમિત્ત પ્રમાણે ભાવો કરવાનો અભ્યાસ છે તેવા સાધુનું વસ્ત્ર પ્રમાદથી નાશ થાય તો વસ્ત્રના નાશમાં શોકનો સંભવ છે માટે સાધુએ વસ્ત્ર ગ્રહણ કરવું જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારનો દોષ દિગંબર સાધુઓને તટ્ટિકાદિમાં પણ સંભવ છે; કેમ કે દીર્ઘકાલના ભવના અભ્યાસને કારણે નિમિત્તો પ્રમાણે ભાવો કરનારા શૈક્ષપ્રાયઃ સાધુને તટ્ટિકાદિના નાશમાં શોક થવાનો સંભવ છે માટે દિગંબર સાધુએ તટ્ટિકાદિ પણ ધારણ કરવી જોઈએ નહીં. વળી, પ્રમાદી સાધુ દ્વારા વસ્ત્ર નાશ પામે ત્યારે તે વસ્ત્ર આરંભ-સમારંભનું અધિકરણ બને તેનો પરિહાર વિવેકી સાધુ પૂર્વમાં બતાવ્યું તે પ્રમાણે કરે છે અર્થાત્ ધર્મના ઉપકરણમાં મૂર્ચ્છાને ધારણ કરતા નથી પરંતુ આત્માના નિરાકુલ સ્વભાવમાં સ્થિર થવા ઉદ્યમ કરે છે. તેથી વસ્ત્રના નાશમાં શોક થતો નથી, પરંતુ સંયમના ઉપકરણરૂપ આ વસ્ત્ર છે એવી પૂર્વે બુદ્ધિ હતી હવે તે બુદ્ધિ વિદ્યમાન હોય અને તે સંયમનું ઉપકરણ આરંભ-સમારંભમાં વપરાય તો સાધુને અધિકરણ દોષની પ્રાપ્તિ થાય પરંતુ વિવેકી સાધુ મન, વચન, કાયાથી કરણ, કરાવણ અને અનુમોદન દ્વારા ધર્મના ઉપકરણરૂપ તે વસ્ત્રને વોસિરાવે છે તેથી 'તે મારું ધર્મનું ઉપકરણ છે', તે બુદ્ધિ નાશ પામે છે. તેથી નાશ પામેલું વસ્ત્ર કોઈ આરંભ-સમારંભમાં ઉપયોગ કરે તોપણ સાધુને અધિકરણદોષની પ્રાપ્તિ નથી. **॥૧૦૫૩॥**

અવતરણિકા :-

यच्चोक्तं–'सावेक्खयाएत्ति' तत्रोत्तरमाह–

અવતરણિકાર્થ :-

'સાપેક્ષતાથી' એ પ્રકારે જે ગાથા-૧૦૧૯માં કહેવાયું, ત્યાં ઉત્તર કહે છે –

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૧૦૧૯માં કહેલ કે જો સાધુ વસ્ત્ર ધારણ કરશે તો બાહ્ય પદાર્થો પ્રત્યે અપેક્ષાવાળી

પરિણતિ થશે અને બાહ્ય પદાર્થોની અપેક્ષા મુનિભાવને વિરોધી છે; કેમ કે મુનિ નિર્ગ્રન્થ ભાવને ધારણ કરીને વીતરાગ થવા ઉદ્યમશીલ છે. માટે વીતરાગતાને વિરોધી એવી સાપેક્ષતાનું કારણ વસ્ત્ર હોવાથી મુનિએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. આ પ્રકારના દિગંબરના કથનમાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

ગાથા :-

जो चयइ सयणवग्गं हिरन्नजायं मणोरमे विसए ।
जिणवयणणीतिकुसलो तस्स अवेक्खा कहं वत्थे? ।।१०५४।।

છાયા :-

यस्त्यजति स्वजनवर्गं हिरण्यजातं मनोरमान् विषयान् ।
जिनवचननीतिकुशलस्तस्यापेक्षा कथं वस्त्रे ।।१०५४।।

ગાથાર્થ :-

જે મુનિ સ્વજન વર્ગનો, સુવર્ણના સમુદાયનો અને મનોરમ વિષયનો ત્યાગ કરે છે અને જિનવચનની નીતિમાં કુશલ છે, તેને વસ્ત્રમાં અપેક્ષા કઈ રીતે થાય ? અર્થાત્ થાય નહીં. ।।૧૦૫૪।।

ટીકા :-

यो नाम त्यजति स्वजनवर्गं हिरण्यजातं मनोरमान् विषयान् जिनवचननीतिकुशलश्च तस्य कथं परिजीर्णाल्पमूल्यवस्त्रमात्रेऽपेक्षा भवेत् ? नैव भवेदिति भावः ।।१०५४।।

ટીકાર્થ :-

यो नाम ..... भावः? ।। જે સાધુ સ્વજનવર્ગ, સુવર્ણનો સમુદાય, મનોરમ એવા વિષયોનો ત્યાગ કરે છે અને જિનવચનની નીતિમાં કુશલ છે=સર્વ ત્યાગનું પ્રયોજન જિનવચનમાં શું છે તેમાં કુશલ છે તે સાધુને પરિજીર્ણ, અલ્પમૂલ્યવાળા વસ્ત્રમાત્રમાં અપેક્ષા કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં જ. ।।૧૦૫૪।।

ભાવાર્થ :-

જે મુનિ સંસારથી ભય પામેલા છે અને 'સંસારનું કારણ બાહ્ય પદાર્થોનો સંશ્લેષ છે' એમ જાણે છે તેથી સંશ્લેષના ઉચ્છેદ અર્થે સર્વ સંગનો ત્યાગ કર્યો છે. આથી જ ગૃહવાસમાં જે સ્વજનવર્ગ છે તેના પ્રત્યે પણ સ્વત્વબુદ્ધિ ન થાય તે અર્થે તેનો ત્યાગ કર્યો છે. ગૃહસ્થ અવસ્થામાં જે ધન હતું તેમાં પણ સ્વત્વબુદ્ધિ દૂર થાય તે માટે તેનો ત્યાગ કર્યો છે. વળી, ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોની પ્રાપ્તિ હતી તેમાં પણ ભોગબુદ્ધિ દૂર થાય માટે તેનો પણ ત્યાગ કર્યો છે. વળી, સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણીને 'સંસારના કારણીભૂત બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષની બુદ્ધિ સંસારનું બીજ છે માટે સાધુએ સર્વ ઉદ્યમથી આત્મામાત્રમાં પ્રતિબદ્ધ થવા અર્થે યત્ન કરવો જોઈએ', એ પ્રકારના જિનવચનની મોક્ષમાર્ગની જે નીતિ છે, તેમાં કુશલ છે તેવા

સાધુ જીર્ણ, અલ્પમૂલ્યવાળા વસ્ત્ર માત્ર ધારણ કરે અને તે પણ માત્ર સંયમનું અંગ છે તેથી ધારણ કરે તેવા સાધુને વસ્ત્ર પ્રત્યે અપેક્ષા ક્યાંથી થાય ? અર્થાત્ થાય નહીં.

આનાથી એ ફલિત થાય કે જિનવચનની નીતિમાં જે અકુશલ છે તેવા જ સાધુને બાહ્ય ત્યાગ કરવા છતાં વસ્ત્રાદિ પરિગ્રહમાં મૂર્ચ્છા થાય છે. આથી જીર્ણ, અલ્પમૂલ્યવાળા વસ્ત્ર ગ્રહણ કરવાને બદલે જે દેહને અનુકૂળ જણાય અને જેની પ્રાપ્તિ સુલભ જણાય તે સર્વ ગ્રહણ કરે છે પરંતુ સુસાધુ ક્યારેય તેવા જીર્ણ વસ્ત્રમાં પ્રતિબંધને ધારણ કરતા નથી. માટે વસ્ત્ર ધારણ કરવા છતાં તેઓનું નિર્ગ્રંથભાવ પ્રત્યેનું પ્રસ્થાન સ્ખલના પામતું નથી. **॥૧૦૫૪॥**

અવતરણિકા :-

અત્ર પર આહ—

અવતરણિકાર્થ :-

અહીં=વસ્ત્રના ગ્રહણમાં, પર=દિગંબર, કહે છે —

ગાથા :-

लज्जइ जमित्थ(त्थि) मादीण तेण तं गिण्हइत्ति सावेक्खो ।
लुंचियसिरस्स भिक्खं हिंडंतस्सेह का लज्जा? ।।१०५५।।

છાયા :-

लज्जते यत् स्त्र्यादीनां तेन तद् गृह्णातीति सापेक्षः ।
लुञ्चितशिरसो भिक्षायां हिण्डमानस्येह का लज्जा ? ।।१०५५।।

ગાથાર્થ :-

જે કારણથી સ્ત્રી આદિની લજ્જા આવે છે તે કારણથી તેને=વસ્ત્રને, ગ્રહણ કરે છે=સાધુ ગ્રહણ કરે છે. એથી સાપેક્ષ છે=લજ્જાની અપેક્ષાવાળું, વસ્ત્રગ્રહણ છે. લોચ કરાયેલા શિરવાળા ભિક્ષાને માટે ફરતા સાધુને અહીં=સંયમ જીવનમાં, લજ્જા ક્યાંથી હોય ? ।।૧૦૫૫।।

ટીકા :-

यत्-यस्मात् स्त्र्यादीनां लज्जते नग्नः सन् तेन कारणेन वस्त्रं गृह्णाति इति-हेतोः सापेक्षस्तस्मिन् वस्त्रे इति चेत्? । ननु लुञ्चितशिरसः 'भिक्खं हिंडंतस्सेति' अत्र सप्तम्यर्थे द्वितीया, यथा 'कत्तो रत्तिं मुद्धे! पाणियसद्धा सउणयाणं' 'कुतो रात्रौ मुग्धे! पानीयश्रद्धा शकुनिकानामित्यत्र,' ततो भिक्षायां-भिक्षानिमित्तं हिण्डमानस्य-भ्राम्यत इह खलु का लज्जा?, यद्वशाद्वस्त्रे सापेक्षो भवेत्, नैव काचिदिति भावः । यदि पुनर्भवेत् तर्हि नैव शिरोलुञ्चनं कुर्यात्, नापि प्रतिगृहं भिक्षार्थं भ्राम्येत्, तत्र हि भूयसी लज्जा भवतीति ।।१०५५।।

ટીકાર્થ :-

यत् ..... भवतीति ।। જે કારણથી નગ્ન છતા સ્ત્રી આદિની લજ્જા આવે છે=જો સાધુ નગ્ન હોય તો સાધુને સ્ત્રી આદિની લજ્જા આવે છે તે કારણથી વસ્ત્ર ગ્રહણ કરે છે. એ હેતુથી તે વસ્ત્રમાં સાપેક્ષ છે=વસ્ત્રધારી સાધુ અપેક્ષાવાળા છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો 'ननु'થી ગ્રંથકારશ્રી કહે છે. લોચ કરાયેલા મસ્તકવાળા ભિક્ષા માટે ફરતા સાધુને ભિક્ષામાં ક્યાંથી લજ્જા હોય ? એમ અન્વય છે. અહીં 'भिक्खं' શબ્દ છે, એમાં સપ્તમી અર્થે દ્વિતીયા છે. જે પ્રમાણે "હે મુગ્ધ ! કયા કારણથી રાત્રિમાં પાણીની શ્રદ્ધા શકુનિકામાં છે" એ પ્રકારના કથનમાં 'रत्तिं' શબ્દ સપ્તમી અર્થમાં દ્વિતીયા છે. તેથી 'भिक्खं हिंडंतस्सेति' એ કથનમાં 'भिक्खं' શબ્દ દ્વિતીયામાં છે. તેથી ભિક્ષામાં=ભિક્ષા નિમિત્તે ફરનારા સાધુને, અહીં=સંયમ જીવનમાં, લજ્જા ક્યાંથી હોય ? જેના વશથી વસ્ત્રમાં સાપેક્ષ થાય અર્થાત્ ક્યારેય લજ્જા થતી નથી જ એ પ્રકારનો ભાવ છે. જો વળી થાય=સાધુને લજ્જા થાય, તો મસ્તકનું મુંડન કરાવે નહીં જ. વળી, પ્રત્યેક ઘરમાં ભિક્ષા માટે ફરે નહીં. हि=જે કારણથી, ત્યાં ઘણી લજ્જા થાય છે. ॥૧૦૫૫॥

ભાવાર્થ :-

જો શ્વેતાંબર સાધુ વસ્ત્ર ગ્રહણ કરશે તો જીર્ણ વસ્ત્રમાં પણ તેમને સાપેક્ષતાની પ્રાપ્તિ થશે. કઈ રીતે સાપેક્ષતા પ્રાપ્ત થશે ? તે બતાવતાં કહે છે – જો પોતે નગ્ન હોય તો સ્ત્રીઓને જોઈને સાધુને લજ્જા આવે છે માટે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે છે અને લજ્જા એ મોહનો પરિણામ છે. તેથી સાધુ લજ્જાને કારણે વીતરાગતાને અભિમુખ જવા સમર્થ થઈ શકે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – જિનવચનમાં કુશલ એવા સાધુ અંતરંગ રીતે મોહનીયકર્મના ઉદયરૂપ પરિગ્રહને ત્યાગ કરવા માટે જ દૃઢ ઉદ્યમવાળા છે તેથી મસ્તકનું મુંડન કરીને પોતે મુંડનશિરવાળા છે તેવું દેખાવાથી તેઓને લજ્જા આવતી નથી. વળી, ગૃહસ્થ અવસ્થામાં ક્યારેય કોઈની પાસે યાચના કરી નથી છતાં દીક્ષા લીધા પછી ભિક્ષા માટે ઘરે ઘરે ફરે છે તેમાં પણ લજ્જા આવતી નથી પરંતુ ભગવાનના વચનનું સ્મરણ કરીને નિર્લેપભાવની વૃદ્ધિ થાય તે રીતે જ શિરનું મુંડન કરે છે અને ઘરે ઘરે ભિક્ષાને માટે ફરે છે. તેથી સાધુ વસ્ત્ર ગ્રહણ કરે છે તે લજ્જાથી ગ્રહણ કરે છે તેમ કહી શકાય નહીં પરંતુ ભગવાનના વચનાનુસાર સંયમવૃદ્ધિના પ્રયોજનથી જ વસ્ત્રને ગ્રહણ કરે છે. **॥૧૦૫૫॥**

અવતરણિકા :-

પર આહ–

અવતરણિકાર્થ :-

દિગંબર કહે છે –

ગાથા :-

ता किं ण तं चएई उवगारणिरिक्खणा जहाऽऽहारं ।
भणितो य तओ पुव्विं संजमजोगाण हेउत्ति ।।१०५६।।

છાયા :-

ततः किन्न तत् त्यजति उपकारनिरीक्षणाद् यथाहारम् ।
भणितश्च सकः पूर्वं संयमयोगानां हेतुरिति ।।१०५६।।

ગાથાર્થ :-

તે કારણથી=જો સાધુને સર્વથા અપેક્ષા નથી તે કારણથી, કેમ તેને=વસ્ત્રને, ત્યાગ કરતા નથી ? એ પ્રકારે દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ઉપકારનું નિરીક્ષણ હોવાથી સાધુ વસ્ત્ર ત્યાગ કરતા નથી. જે પ્રમાણે આહાર. અને સંયમયોગોનો હેતુ તે=ઉપકાર, એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું છે. ।।૧૦૫૬।।

ટીકા :-

यदि सर्वथा नापेक्षा 'ता' ततः किं न तत् त्यजति ?, निबन्धनाभावात् । अत्राह—उपकारनिरीक्षणात् यथा—आहारम्, आहारो हि यतिना तद्विषयासक्त्यभावेऽपि धर्मकायोपकारहेतुत्वात् गृह्यते, तद्वदिदमपि वस्त्रमिति भावः । अथोच्येत-कोऽसावुपकारो यन्निरीक्षणादिदं वस्त्रं गृह्यत इत्यत आह—'भणियो य' इत्यादि, भणितश्च सकः-उपकारः संयमयोगानां हेतुः पूर्वं 'तणगहणअग्गिसेवणेत्यादिना' ग्रन्थेनेति ।।१०५६।।

ટીકાર્થ :-

यदि ..... ग्रन्थेनेति ।। જો સર્વથા અપેક્ષા નથી=વસ્ત્રમાં અપેક્ષા નથી, તો તેનો કેમ ત્યાગ કરતા નથી ?=શ્વેતાંબર સાધુ કેમ ત્યાગ કરતા નથી ? અર્થાત્ વસ્ત્રનો ત્યાગ કરવો જોઈએ; કેમ કે નિબન્ધનનો અભાવ છે=વસ્ત્ર ધારણ કરવામાં કારણનો અભાવ છે અર્થાત્ અપેક્ષારૂપ કારણનો અભાવ છે. અહીં=દિગંબરના આ પ્રકારના કથનમાં, કહે છે=ગ્રંથકારશ્રી કહે છે – ઉપકારનું નિરીક્ષણ હોવાથી=સંયમવૃદ્ધિમાં વસ્ત્ર ઉપકારક છે એ પ્રકારનું અવલોકન હોવાથી, સાધુ વસ્ત્ર ધારણ કરે છે, એમ અન્વય છે. જે પ્રમાણે આહાર. હિ=જે કારણથી, યતિ દ્વારા તેના વિષયમાં આસક્તિનો અભાવ હોવા છતાં પણ ધર્મકાયના ઉપકારનું હેતુપણું હોવાથી આહાર ગ્રહણ કરાય છે. તેની જેમ આ પણ વસ્ત્ર ગ્રહણ કરાય છે એ પ્રકારનો ભાવ છે. 'અથ'થી પૂર્વપક્ષી વડે કહેવાય છે – કયો આ ઉપકાર છે ? જેના નિરીક્ષણથી આ વસ્ત્ર ગ્રહણ કરાય છે=સાધુ વડે ગ્રહણ કરાય છે, આથી કહે છે – અને સંયમયોગોનો હેતુ એવો તે=ઉપકાર, પૂર્વમાં 'તૃણગ્રહણ, અગ્નિસેવન ઈત્યાદિ' ગાથા-૧૦૨૭થી કહેવાયું છે. ।।૧૦૫૬।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે જો સાધુને બાહ્ય પદાર્થની કોઈ અપેક્ષા ન હોય તો સાધુ વસ્ત્રને કેમ ત્યાગ કરતા નથી ? અર્થાત્ સાધુએ વસ્ત્રનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ; કેમ કે વસ્ત્રને ગ્રહણ કરવામાં કોઈક અપેક્ષારૂપ કારણનો અભાવ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જેમ સાધુને વિષયમાં આસક્તિ નથી છતાં ધર્મકાયનો ઉપકારક આહાર છે તેથી સંયમના ઉપકાર અર્થે આહાર ગ્રહણ કરે છે તેમ વિવેકી સાધુને વસ્ત્રમાં પણ સંયમનો ઉપકાર દેખાય છે તેથી વસ્ત્ર ગ્રહણ કરે છે. અહીં દિગંબર પ્રશ્ન કરે કે શું ઉપકાર દેખાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્રનું ગ્રહણ સાધુ ન કરે તો અતિ શીતાદિમાં તૃણનું ગ્રહણ, અગ્નિનું સેવન જે દિગંબર સાધુઓ કરે છે, તેનાથી જે હિંસા થાય છે એના નિવારણરૂપ સંયમયોગોને ઉપકારક વસ્ત્ર બને છે. માટે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે છે. **॥૧૦૫૬॥**

અવતરણિકા :-

यदप्युक्तम्–'दाणादकज्जसिद्धित्ति' तदप्यपाकर्तुं प्रपञ्चयन्नाह–

અવતરણિકાર્થ :-

'દાનથી અકાર્યની સિદ્ધિ છે' એ પ્રમાણે જે દિગંબરો વડે ગાથા-૧૦૨૭માં કહેવાયું, તેનું પણ=તે દોષનું પણ, નિરાકરણ કરવા માટે પ્રપંચ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

तम्मत्तपदाणेणं जमकज्जं तस्स तत्थवि पवित्ती ।
इय अणिहुतचित्तस्सा न होइ समणत्तणं समए ।।१०५७।।

છાયા :-

तन्मात्रप्रदानेन यदकार्यम् तस्य तत्रापि प्रवृत्तिः ।
इति अनिभृतचित्तस्य न भवति श्रमणत्वं समये ।।१०५७।।

ગાથાર્થ :-

તન્માત્રના પ્રદાનથી=વસ્ત્રમાત્રના પ્રદાનથી, જે અકાર્ય છે=સાધુને જે અકરણીય છે, તેને=તે સાધુને, ત્યાં પણ=અકાર્યમાં પણ, પ્રવૃત્તિ છે. તેથી અનિભૃત ચિત્તવાળાનું શાસ્ત્રમાં કહેલું શ્રમણપણું નથી. ।।૧૦૫૭।।

ટીકા :-

यस्मात्तन्मात्रप्रदानेन-वस्त्रमात्रप्रदानेन यत् वस्त्रग्रहणमकार्यम्-अकरणीयं यस्य साधोस्तस्य तत्राप्यकार्ये प्रवृत्तिरभूदितिः-एवमनिभृतचित्तस्य-तुच्छचित्तस्य न भवति श्रमणत्वं समये समयभणितं, तस्माद्दातुर्दानादकार्यसिद्धिरिति ।।१०५७।।

ટીકાર્થ :-

यस्मात्तन्मात्रप्रदानेन ..... सिद्धिरिति ।। જે કારણથી તન્માત્રપ્રદાનથી=વસ્ત્રમાત્રના પ્રદાનથી, જે વસ્ત્રનું ગ્રહણ અકાર્ય છે=જે સાધુને અકરણીય છે, તેને=તે સાધુને, ત્યાં પણ=વસ્ત્રના ગ્રહણરૂપ અકાર્યમાં પણ, પ્રવૃત્તિ થઈ એ રીતે અનિભૃત ચિત્તવાળાનું=તુચ્છ ચિત્તવાળાનું, સમયમાં=શાસ્ત્રમાં કહેવાયેલું, શ્રમણપણું નથી, તે કારણથી દાતૃના દાતાથી અકાર્યની સિદ્ધિ છે. ।।૧૦૫૭।।

અવતરણિકા :-

अत्र दूषणमाह—

અવતરણિકાર્થ :-

અહીં દૂષણને કહે છે=ગાથા-૧૦૫૭માં દિગંબરે જે કહ્યું એ કથનમાં દૂષણને કહે છે —

ગાથા :-

संसारविरत्तमणो जोग्गो समणत्तणस्स जं भणितो ।
रागादिपवित्ती(ए)य तट्टिगमादीसुवि समाणं ।।१०५८।।

છાયા :-

संसारविरक्तमना योग्यः श्रमणत्वस्य यद् भणितः ।
रागादिप्रवृत्तौ च तट्टिकादिषु अपि समानम् ।।१०५८।।

ગાથાર્થ :-

જે કારણથી સંસારથી વિરક્ત મનવાળા શ્રમણપણાને યોગ્ય કહેવાયા છે=તીર્થંકર વડે કહેવાયા છે. રાગાદિથી વસ્ત્રમાં પ્રવૃત્તિ હોતે છતે તટ્ટિકાદિમાં પણ સમાન છે. ।।૧૦૫૮।।

ટીકા :-

संसाराद्विरक्तमनाः सन् योग्यः श्रमणत्वस्य यत्-यस्माद् भणितस्तीर्थकरगणधरैः, न तु वस्त्रमात्र-परित्यागयुक्तः, अन्यथा वस्त्रादिरहिततया सिंहादीनां शबरादीनां वा तात्त्विकं श्रमणत्वं भवेत्, तद्भावतश्च न भवान्तरे नरकेषूत्पादो भवेत्, न चैवं, तस्मान्न वस्त्रग्रहणं न कार्यं साधोः, अपि तु कार्यमेव, धर्म्मकायोपष्टम्भकारित्वादाहारवत्, ततो न तस्य तत्र प्रवृत्त्याऽश्रमणत्वमिति । स्यादेतत्, विरक्तमना एव श्रमणत्वे योग्यो, रागादिप्रवृत्तिनिदानं चेदं वस्त्रं, तत्कथं तद्युक्तः श्रमणत्वयोग्यो भवेदित्यत आह—रागादिप्रवृत्तौ च-वस्त्रविषयायां चोद्यमानायां तट्टिकादिष्वपि समानं, तत्रापि हि कस्यचित् अनिभृतात्मनो रागादिप्रवृत्तिर्भवत्येव ।।१०५८।।

ટીકાર્થ :-

संसाराद्विरक्तमनाः ..... प्रवृत्तिर्भवत्येव ।। તીર્થંકરો અને ગણધરો વડે જે કારણથી સંસારથી વિરક્ત મનવાળા છતા સાધુપણાને યોગ્ય કહેવાયા છે પરંતુ વસ્ત્રમાત્રના પરિત્યાગયુક્ત સાધુ કહેવાયા નથી. અન્યથા=વસ્ત્રમાત્રના પરિત્યાગવાળા સાધુ છે તેમ સ્વીકારવામાં આવે તો, વસ્ત્રાદિરહિત હોવાને કારણે સિંહાદિ પશુઓનું અને શબરાદિનું=ભિલ્લાદિનું, તાત્ત્વિક શ્રમણપણું થાય અને તેનો ભાવ હોવાથી=સાધુપણાનો ભાવ હોવાથી, ભવાન્તરમાં નરકમાં ઉત્સાહ થાય નહિ=વસ્ત્રરહિત સિંહાદિ નરકમાં ઉત્પન્ન થાય છે તે થઈ શકે નહિ, અને આ રીતે નથી=વસ્ત્રાદિરહિત સિંહાદિ શ્રમણ નથી, તે કારણથી સાધુને વસ્ત્ર ગ્રહણ કરવા યોગ્ય નથી એમ નહિ પણ કરવા યોગ્ય જ છે; કેમ કે આહારની જેમ ધર્મકાયનું ઉપષ્ટંભકકારીપણું છે=ચારિત્ર ધર્મને પુષ્ટ કરનાર છે. તેથી તેની=શ્રમણની, ત્યાં=વસ્ત્રમાં, પ્રવૃત્તિથી અશ્રમણપણું નથી=અસાધુપણું નથી. આ થાય=દિગંબરના મતે આ થાય. એ શું થાય ? તે સ્પષ્ટ કરે છે – વિરક્ત મનવાળા જ શ્રમણપણામાં યોગ્ય છે અને આ વસ્ત્ર રાગાદિ પ્રવૃત્તિનું કારણ છે તે કારણથી કેવી રીતે તેનાથી યુક્ત=વસ્ત્રથી યુક્ત, સાધુપણાને યોગ્ય થાય ? અર્થાત્ થાય નહિ. એ પ્રમાણે દિગંબર કહે છે, આથી કહે છે=ગ્રંથકારશ્રી કહે છે – અને રાગાદિ પ્રવૃત્તિ હોતે છતે=વસ્ત્ર વિષયક રાગાદિથી પ્રવૃત્તિ સ્વીકાર કરાયે છતે, તટ્ટિકાદિમાં પણ સમાન છે. હિ=જે કારણથી, ત્યાં પણ=તટ્ટિકાદિમાં પણ, કોઈક અનિભૃત આત્માને=અસંવૃત આત્માને, રાગાદિ પ્રવૃત્તિ થાય જ છે. ।।૧૦૫૮।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૫૭માં કહ્યું કે વસ્ત્ર માત્રના પ્રદાનથી સાધુને વસ્ત્રગ્રહણ કરવું ઉચિત નથી. તેથી જે સાધુ વસ્ત્રગ્રહણરૂપ અકાર્યમાં પ્રવર્તે છે, તેઓમાં સાધુપણું સંભવતું નથી. જેઓ સાધુ નથી તેને કોઈ વસ્ત્રદાન કરે તો દાતાને નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય નહિ. જેમ સંયમવૃદ્ધિને અનુકૂળ આહારદાનથી નિર્જરા થઈ શકે પરંતુ સંયમમાં બાધક એવા વસ્ત્રનું કોઈ ગૃહસ્થ દાન કરે એનાથી ગૃહસ્થને નિર્જરા થાય નહિ. આ પ્રકારના દિગંબરના કથનમાં દૂષણ આપતાં ગ્રંથકારશ્રી કહે છે – સંસારથી વિરક્ત મનવાળા જ સાધુપણાને યોગ્ય છે એમ ભગવાને કહ્યું છે પરંતુ ભગવાને વસ્ત્રાદિ બાહ્ય વસ્તુના પરિત્યાગયુક્તને સંયમયોગ્ય સાધુ કહ્યા નથી. વસ્ત્રાદિ રહિત જે હોય તે સાધુ છે એમ સ્વીકારવામાં આવે તો સિંહાદિ પશુ વસ્ત્રાદિ રહિત છે તેથી તેઓને પણ તાત્ત્વિક સાધુ સ્વીકારવા પડે અને જો વસ્ત્ર રહિત હોવાને કારણે સિંહાદિ ભાવથી સાધુ હોય તો તેઓનો નરકમાં ઉત્પાદ થઈ શકે નહિ પરંતુ ક્લિષ્ટ ચિત્તવાળા હોવાને કારણે સિંહાદિ નરકમાં જાય છે તેમ જેઓ વસ્ત્રાદિ રહિત હોવા છતાં સંશ્લેષચિત્તવાળા હોય તો દુર્ગતિમાં જઈ શકે છે માટે ભગવાને સંસારથી વિરક્ત મનવાળા જીવોને જ સાધુપણાને યોગ્ય કહ્યા છે. તેથી સાધુએ વસ્ત્ર ગ્રહણ કરવું ન જોઈએ એમ કહી શકાય નહિ પરંતુ ધર્મકાયના ઉપષ્ટંભક આહારની જેમ સંયમના ઉપષ્ટંભક વસ્ત્રના ગ્રહણથી સાધુપણામાં કોઈ દોષ નથી માટે જેઓ ભાવથી વિરક્ત છે, ભવના કારણરૂપ સંગથી વિરક્ત છે અને અસંગભાવમાં જવા માટે યત્ન કરી રહ્યા છે અને ધર્મને અનુકૂળ એવા દેહનું

પાલન કરવા અર્થે આહાર ગ્રહણ કરે છે તેમ જીવરક્ષા આદિ માટે યતનાપૂર્વક વસ્ત્રગ્રહણ કરે છે તેઓ ભાવસાધુ છે. તેવા સાધુને જોઈને કોઈ ગૃહસ્થને તેના પ્રત્યે ભક્તિ થાય તેથી વસ્ત્રદાન કરે તેનાથી ગૃહસ્થને અવશ્ય નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે સાધુને વસ્ત્રદાનથી ગૃહસ્થને નિર્જરા નથી એ પ્રકારનું દિગંબરનું વચન અનુચિત છે. વળી, દિગંબર કહે છે કે વિરક્ત મનવાળા જ સાધુપણાને યોગ્ય છે. તેથી સિંહાદિને સાધુ કહી શકાય નહિ તોપણ રાગાદિથી પ્રવૃત્તિનું કારણ વસ્ત્ર છે છતાં તેને જેઓ ગ્રહણ કરે છે તેમાં સાધુપણું કઈ રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્રની જેમ તટ્ટિકાદિમાં પણ સાધુને રાગાદિ થઈ શકે છે. તેથી જેઓ આત્મભાવમાં જવા માટે સંવૃત પરિણામવાળા નથી તેઓને વસ્ત્રાદિમાં પણ રાગાદિ થાય છે અને તટ્ટિકાદિમાં પણ રાગાદિ થાય છે. તેથી તેવા સાધુ પરમાર્થથી સાધુ નથી. તેવા સાધુને કોઈ વસ્ત્રાદિનું દાન કરે કે તટ્ટિકાદિનું દાન કરે તો નિર્જરા થાય નહિ પરંતુ સુસાધુના ગુણનું સ્મરણ કરીને ભક્તિથી સુસાધુને દાન કરનાર ગૃહસ્થને અવશ્ય નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૧૦૫૭-૧૦૫૮॥**

અવતરણિકા :-

तथा चाह–

અવતરણિકાર્થ :-

અને તે પ્રકારે કહે છે=અસંવૃત આત્માને તટ્ટિકાદિમાં કે વસ્ત્રમાં રાગાદિ થાય છે તે પ્રકારે કહે છે –

ગાથા :-

रागादिदूसियमणो किं वा न करेइ अणिहुतो जीवो? ।
किं तेणं अणिदाणा [अवि दाणा] अकज्जसिद्धित्ति वइमेत्तं ।।१०५९।।

છાયા :-

रागादिदूषितमनाः किं वा न करोति अनिभृतो जीवः ? ।
किं तेन अपिदानादकार्यसिद्धिरिति वाङ्मात्रम् ।।१०५९।।

નોંધ : મૂળગાથાના ઉત્તરાર્ધમાં 'अणिदाणा' ને સ્થાને 'अपि'ના અર્થમાં 'अवि दाणा' યોગ્ય લાગે છે. તેથી છાયામાં પણ એ મુજબ જ સુધારો કરીને ગાથાર્થ કરેલ છે.

ગાથાર્થ :-

રાગાદિથી દૂષિત મનવાળો, અસંવૃત જીવ શું ન કરે ? તેના વડે શું=તેવા જીવ વડે શું ? વળી, દાનથી અકાર્યની સિદ્ધિ છે એ વચનમાત્ર છે. ॥૧૦૫૯॥

ટીકા :-

रागादिदूषितमनाः-रागद्वेषादिदोषकलुषितमनाः किं वा न करोत्यनिभृतो जीवः-रागादिवशगः

सन्?, तन्नास्ति यत् कुर्वन्न संभाव्यते इतियावत्, ततः किं तेन-रागादिवशगेनानिभृतात्मना । यस्तु संसारात् विरक्तमनास्तस्य न वस्त्रविषया रागादिप्रवृत्तिर्यथा तट्टिकादिषु इति, तस्माद्दातुर्दानाद-कार्यसिद्धिरिति वाङ्मात्रमेव तत् ।।१०५९।।

ટીકાર્થ :-

रागादिदूषितमनाः ..... तत् ।। રાગાદિથી દૂષિત મનવાળો=રાગ-દ્વેષ આદિ દોષોથી કલુષિત મનવાળો અનિભૃત જીવ, શું ન કરે ? અર્થાત્ રાગાદિથી વશ છતો તે નથી જે કાર્યને કરતો સંભાવના કરાતો નથી. તેથી તેના વડે શું ?=રાગાદિના વશથી અનિભૃત આત્મા વડે શું ? જે સંસારથી વિરક્ત મનવાળો છે, તેને જે પ્રમાણે તટ્ટિકાદિમાં રાગાદિથી પ્રવૃત્તિ નથી તેમ વસ્ત્ર વિષયવાળી રાગાદિથી પ્રવૃત્તિ નથી. તેથી દાતાને=વસ્ત્રનું દાન કરનાર ગૃહસ્થને, દાનથી અકાર્યની સિદ્ધિ છે, તે કથન વાણીમાત્ર જ છે. ।।૧૦૫૯।।

ભાવાર્થ :-

વળી જે સાધુઓ રાગાદિથી દૂષિત મનવાળા છે તેઓ શું ન કરે ? અર્થાત્ વસ્ત્રમાં મમત્વ પણ કરે અને અન્ય પણ સંયમને અનુચિત જે કાંઈ પ્રવૃત્તિ હોય તે કરે એવી સંભાવના રહે છે; કેમ કે જેઓનું ચિત્ત અંતરંગ ગુણોમાં નિભૃત પરિણામવાળું નથી=સંવૃત પરિણામવાળું નથી, તેઓનું ચિત્ત બાહ્ય પ્રવૃત્તિમાં પ્રવર્તે છે. તેથી તેવા સાધુને જે શ્રાવક વસ્ત્રાદિ દાન આપે છે તે દાનથી તે શ્રાવકને નિર્જરા થતી નથી પરંતુ જે સાધુ સંસારથી વિરક્ત છે તેઓને વસ્ત્રાદિ વિષયક રાગથી પ્રવૃત્તિ નથી. જેમ સંસારથી વિરક્ત દિગંબર સાધુને તટ્ટિકાદિમાં રાગથી પ્રવૃત્તિ નથી. તેથી તેવા સાધુને વસ્ત્રદાન કરનાર શ્રાવકને નિર્જરારૂપ કાર્યની સિદ્ધિ નથી, એમ કહેવું તે વચનમાત્ર છે; કેમ કે સુસાધુને સંયમની વૃદ્ધિ અર્થે અપાયેલું દાન શ્રાવક માટે નિર્જરાનું કારણ છે. **॥૧૦૫૯॥**

અવતરણિકા :-

यदप्युक्तं—'परीसहासहणंति' तत्राप्याह—

અવતરણિકાર્થ :-

વળી પરિષહનું અસહન છે એ પ્રમાણે ગાથા-૧૦૧૯માં જે કહેવાયું=દિગંબર વડે કહેવાયું, તેમાં પણ કહે છે —

ગાથા :-

संजमजोगनिमित्तं परिजुन्नादीणि धारयंतस्स ।
कह ण परिस्स(रीस)हसहणं? जइणो सइ निम्ममत्तस्स ।।१०६०।।

છાયા :-

संयमयोगनिमित्तं परिजीर्णादीनि धारयतः ।
कथं न परिषहसहनम् ? यतेः सदा निर्ममत्वस्य ।।१०६०।।

ગાથાર્થ :-

સંયમયોગના નિમિત્તે પરિજીર્ણ આદિ વસ્ત્રોને ધારણ કરતા, સદા નિર્મમ એવા સાધુને કેવી રીતે પરિષહ સહન નથી ? અર્થાત્ સહન જ છે. ।।૧૦૬૦।।

ટીકા :-

संयमयोगनिमित्तं परिजीर्णादीनि-परिजीर्णाल्पमूल्यादिरूपाणि वस्त्राणि धारयतः सतो यतेः सदा निर्ममत्वस्य कथं न परीषहसहनं?, सहनमेवेति भावः ।।१०६०।।

ટીકાર્થ :-

संयमयोगनिमित्तं ..... भावः ।। સંયમયોગના નિમિત્તે પરિજીર્ણાદિ=પરિજીર્ણ અને અલ્પમૂલ્યવાળા, વસ્ત્રને ધારણ કરતા છતા સદા નિર્મમભાવવાળા સાધુને કેવી રીતે પરિષહસહન નથી ? સહન જ છે, એ પ્રમાણે ભાવ છે. ।।૧૦૬૦।।

ભાવાર્થ :-

જે સાધુ સર્વ પદાર્થો પ્રત્યે નિર્મમભાવવાળા છે અને સંયમવૃદ્ધિના નિમિત્તે જીર્ણ અને અલ્પ મૂલ્યવાળાં વસ્ત્રો ધારણ કરે છે, તેઓ પરિષહને સહન કરનારા છે; કેમ કે પરિષહનું સહન એ માત્ર કષ્ટના વેદનરૂપ નથી પરંતુ ઇન્દ્રિયાદિના પ્રતિકૂળ ભાવો પ્રત્યે ઉપેક્ષા કરીને સમભાવના ભાવોની વૃદ્ધિને અનુકૂળ યત્ન સ્વરૂપ છે તેથી જે સાધુ દેહભૂષાના અર્થી નથી અને જીર્ણ વસ્ત્ર પ્રત્યે જુગુપ્સાવાળા નથી પરંતુ સંયમના ઉપકારક વસ્ત્ર છે એવું જાણીને વસ્ત્ર ધારણ કરે છે તેઓ પરમાર્થથી વસ્ત્રરહિત જ છે. તેથી અચેલ પરિષહને સહન કરનાર છે તેના બળથી નિર્મમભાવની વૃદ્ધિ કરે છે. **।।૧૦૬૦।।**

અવતરણિકા :-

अत्र परस्याभिप्रायमाह—

અવતરણિકાર્થ :-

અહીં=અચેલ પરિષહના વિષયમાં, પરના=દિગંબરના, અભિપ્રાયને કહે છે —

ગાથા :-

नग्गत्तणमह सुत्ते भणियं ण जहोदियं तयं होइ ।
उवचरिए य परिस्स(रीस)हसहणंपि तहाविहं पावे ।।१०६१।।

છાયા :-

नग्नत्वमथ सूत्रे भणितं न यथोदितं तकत् भवति ।
उपचरिते च परिषहसहनमपि तथाविधं प्राप्नोति ।।१०६१।।

ગાથાર્થ :-

'અથ'થી દિગંબર કહે છે – સૂત્રમાં કહેલું યથોદિત નગ્નપણું તે નથી=જીર્ણ વસ્ત્ર ધારણ કરે તે નથી, ઉપચરિત નગ્નપણામાં પરિષહનું સહન પણ તેવા પ્રકારનું પ્રાપ્ત થાય=ઉપચરિત પ્રાપ્ત થાય. ।।૧૦૬૧।।

ટીકા :-

अथोच्येत-नग्नत्वं वस्त्रपरिधाने सति न यथोदितं भवति, ततः सूत्रं प्रामाणीकुर्वता वस्त्रमवश्यं परित्यक्तव्यम् । अथेत्थमभिदधीथाः-द्विविधमिह लोके प्रसिद्धं नग्नत्वं-मुख्यमुपचरितं च, तत्र मुख्यं सर्वथा वस्त्रपरित्यागेन यथा तदानीमेवोपजायमानस्य शिशोः, उपचरितम्-अल्पमूल्यजराजीर्ण-वस्त्रपरिभोगेन तथा च काचित्परिहितात्यन्तजीर्णवस्त्रा सती कोलिकं प्रत्याह–'त्वर(स्व)कोलिक! नग्नाहं वर्त्ते' इति । तत्र मुख्यं भगवतामेव तीर्थकृतामुपपद्यते, तेषामुत्तमसंहननादिगुणोपेततया वस्त्रमन्तरेणापि यथोक्तदोषप्रसङ्गाभावेन स्वफलसाधकत्वात् । तदुक्तम्–

'निरुवमधिइसंघयणा चउनाणातिसयसत्तसंपन्ना ।
अच्छिद्दपाणिपत्ता जियचेलपरीसहा सव्वे ।।१।।
तम्हा जहुत्तदोसे पावंति न वत्थपत्तरहियावि ।
तह(द)साहणं च तेसिं तो तग्गहणं न कुव्वंति ।।२।।'

त्ति, वर्त्तमानकाले तु विशिष्टधृतिसंहननादिगुणासंभवेन मुख्यमचेलत्वं न संयमोपकारि, तत उपचरितमेव अचेलत्वमिदानींतनसाधूनां द्रष्टव्यमिति । तदप्ययुक्तं, यतः 'उपचरियेत्यादि' उपचरिते चाचेलत्वेऽभ्युपगम्यमाने परीषहसहनमपि तथाविधमेव-उपचरितरूपमेव प्राप्नोति, न चोपचरित-रूपाद्विवक्षितार्थसिद्धिर्यदाह–'न च समारोपानुविधायिन्योऽर्थे क्रियाः, न हि माणवको दहनोप-चारादाधीयते पाके इति' ।।१०६१।।

ટીકાર્થ :-

अथोच्येत ..... पाके इति' ।। 'અથ'થી દિગંબર દ્વારા કહેવાય છે – વસ્ત્ર પરિધાન કરાયે છતે જે પ્રમાણે તમારા શાસ્ત્રમાં કહેવાયું છે તે પ્રકારનું નગ્નપણું નથી. તેથી સૂત્રને પ્રમાણ કરતા એવા શ્વેતાંબર સાધુએ અવશ્ય વસ્ત્રનો પરિત્યાગ કરવો જોઈએ. 'અથ'થી શ્વેતાંબર સાધુ આ પ્રમાણે કહે– અહીં=લોકમાં, બે પ્રકારે નગ્નપણું પ્રસિદ્ધ છે – મુખ્ય અને ઉપચરિત. ત્યાં મુખ્ય નગ્નપણું સર્વથા

વસ્ત્રના પરિત્યાગથી છે જે પ્રમાણે ત્યારે જ જન્મનારા બાળકને હોય છે, ઉપચરિત નગ્નપણું અલ્પ મૂલ્યવાળા જર્જરિત વસ્ત્રના પરિભોગથી છે અને જે રીતે કોઈક ત્યાગ કરાયેલા અત્યંત જીર્ણ વસ્ત્ર છતા કોલિક પ્રત્યે કહે છે=દરજી પ્રત્યે કહે છે – "હે કોલિક ! જલ્દી કર, હું નગ્ન વર્તુ છું" ત્યાં=બે પ્રકારના નગ્નપણામાં, મુખ્ય નગ્નપણું ભગવાન તીર્થંકરને જ ઘટે છે; કેમ કે તેઓનું ઉત્તમ સંઘયણાદિ ગુણથી યુક્તપણું હોવાથી વસ્ત્ર વગર પણ શાસ્ત્રમાં કહેલા દોષના પ્રસંગનો અભાવ હોવાથી સ્વફલનું સાધકપણું છે=નગ્નતા દ્વારા જે સંયમની વૃદ્ધિરૂપ ફળનું અપેક્ષિતપણું છે તેનું સાધકપણું છે, તે કહેવાયું છે – નિરુપમવૃતિ સંહનનવાળા, ચારજ્ઞાનવાળા, અતિશય સત્ત્વસંપન્ન, અછિદ્ર પાણીપાત્રવાળા, જીત્યો છે અચેલ પરિષહ જેમણે એવા સર્વ તીર્થંકરો છે, તે કારણથી વસ્ત્રપાત્રરહિત પણ યથોક્ત દોષોને પ્રાપ્ત કરતા નથી=વસ્ત્રના સર્વથા અભાવથી સાધુને જે દોષોની પ્રાપ્તિ છે તે દોષોને પ્રાપ્ત કરતા નથી, અને તે=વસ્ત્ર, તેઓને અસાધન છે=સંયમનું સાધન નથી, તે કારણથી વસ્ત્રને ગ્રહણ કરતા નથી.

વળી, વર્તમાનકાળમાં વિશિષ્ટ ધૃતિ સંહનનાદિ ગુણના અસંભવને કારણે મુખ્ય અચેલકપણું સંયમને ઉપકારી નથી, તેથી ઉપચરિત જ અચેલપણું હમણાંના સાધુઓને જાણવું. આ પ્રમાણે શ્વેતાંબર સાધુ કહે તે અયુક્ત છે એમ દિગંબર કહે છે – જે કારણથી ઉપચરિત અચેલકપણું સ્વીકાર કરાયે છતે પરિષહસહન પણ તેવા પ્રકારનું જ=ઉપચરિતરૂપ જ, પ્રાપ્ત થાય છે અને ઉપચરિતરૂપ એવા પરિષહસહનથી વિવક્ષિત અર્થની સિદ્ધિ નથી=નિર્જરારૂપ અર્થની સિદ્ધિ નથી. જેને કહે છે – "અર્થમાં સમારોપને અનુસરનારી ક્રિયા નથી. હિ=જે કારણથી, માણવક અગ્નિના ઉપચારથી પાકમાં ઉપયોગી થતો નથી." ॥૧૦૬૧॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જીર્ણ વસ્ત્ર પહેરનાર શ્વેતાંબર સાધુ નિર્મમ હોવાને કારણે અચેલ પરિષહ સહન કરનારા છે. ત્યાં દિગંબર કહે છે – શાસ્ત્રમાં જે પ્રકારે નગ્નપણું કહ્યું છે તેવું નગ્નપણું જીર્ણ વસ્ત્ર પરિધાન કરનાર સાધુમાં નથી. માટે સૂત્રને પ્રમાણ કરનારા શ્વેતાંબર સાધુએ અચેલ પરિષહનો જય કરવા વસ્ત્રનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. અહીં શ્વેતાંબર સાધુ કહે છે કે નગ્નપણું બે પ્રકારે છે. (૧) મુખ્ય નગ્નપણું (૨) ઉપચરિત નગ્નપણું. અને તીર્થંકરોને મુખ્ય નગ્નપણું હોય છે, જીર્ણ વસ્ત્ર પહેરનારા સાધુને ઉપચરિત નગ્નપણું હોય છે; કેમ કે વસ્ત્ર વગર પણ તીર્થંકરો સંયમયોગની વૃદ્ધિ કરી શકે છે. જ્યારે વર્તમાનકાળના સાધુઓ તીર્થંકર જેવી ધૃતિ સંઘયણવાળા નથી તેથી મુખ્ય નગ્નપણું તેઓને સંયમમાં ઉપકારી નથી પરંતુ ઉપચરિત નગ્નપણું જ તેઓને સંયમમાં ઉપકારી છે. આ પ્રકારે શ્વેતાંબર સાધુનું સમાધાન ઉચિત નથી. એમ દિગંબર સાધુ કહે છે અને તેમાં તેમાં દિગંબર સાધુ યુક્તિ આપે છે કે જો સાધુને ઉપચરિત નગ્નપણું છે એમ સ્વીકારવામાં આવે તો તેઓ ઉપચરિત નગ્નપણાના પરિષહને સહન કરે છે એમ પ્રાપ્ત થાય. જેમ માણવક ગુસ્સાના સ્વભાવવાળો હોય ત્યારે ઉપચારથી કહેવાય કે 'આ માણવક અગ્નિ છે', તોપણ તે માણવક અગ્નિથી થતી ક્રિયાને કરતો નથી. તેમ ઉપચરિત પરિષહજય નિર્જરારૂપ કાર્ય કરી શકે નહીં માટે અચેલ પરિષહસહનના અર્થી સાધુએ વસ્ત્રનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રકારે દિગંબરોનો આશય છે. **॥૧૦૬૧॥**

અવતરણિકા :-

અત્રાચાર્ય આહ—

અવતરણિકાર્થ :-

આમાં=દિગંબરના વક્તવ્યમાં, આચાર્યશ્રી કહે છે —

ગાથા :-

णेगंतेणाभावादण्णादीणं खुधादियाणंपि ।
सहणं अणेसणिज्जादिचागतो इहऽवि तह चेव ।।१०६२।।

છાયા :-

नैकान्तेनाभावादन्नादीनां क्षुदादीनामपि ।
सहनमनेषणीयादित्यागत इहापि तथैव ।।१०६२।।

ગાથાર્થ :-

એકાંતથી અન્નાદિના અભાવને કારણે ક્ષુધાદિનું પણ સહન નથી. અનેષણીયાદિના ત્યાગથી છે=ક્ષુધા પરિષહનું સહન છે, તે પ્રમાણે જ અહીં પણ=વસ્ત્રમાં પણ, જાણવું. ।।૧૦૬૨।।

ટીકા :-

न एकान्तेनाभावादन्नादीनां क्षुदादीनामपि परीषहाणां सहनम्, आदिशब्दात् पिपासापरिग्रहः, किंतु अनेषणीयादित्यागतः, आदिशब्दात् अप्रासुकपरित्यागतश्च । इत्थं चैतदङ्गीकर्त्तव्यम्, अन्यथा भगवन्तोऽपि तीर्थकृतस्तवाभिप्रायेणाजितक्षुदादिपरीषहा एव प्राप्नुवन्ति, तेषामपि तव मतेनापि आकेवलप्राप्तेरन्नादिपरिभोगात्, तदुक्तम्—

'जइ चेलभोगमेत्ता न जिओऽचेलयपरीसहो तेणं ।
अजियदिगिंछादिपरीसहोवि भत्तादिभोगाओ ।।१।।

एवं तुह न जियपरीसहा जिणिंदावि सव्वहाऽऽवन्नमित्यादि' । ततस्तथा चैवेति-अनेषणीयादित्यागेन क्षुदादिपरीषहसहनमिव इहापि-नाग्न्यपरीषहेऽनेषणीयकमनीयमहामूल्यवस्त्रपरित्यागेन सहनं द्रष्टव्यमिति । यदाह—

'जह भत्ताइ विसुद्धं रागद्दोसरहितो निसेवंतो ।
विजियदिगिंछादिपरीसहो मुणी सपडियारोवि ।।१।।
तह चेलं परिसुद्धं रागद्दोसरहियं (ओ) सुयविहीए ।
होइ जियाचेलपरीसहो मुणी सेवमाणो वि ।।२।।' **इति ।।१०६२।।**

ટીકાર્થ :-

ન એકાન્તેના ..... સેવમાણો વિ ।। એકાંતથી અન્નાદિના અભાવથી ક્ષુધાદિ પણ પરિષહોનું સહન નથી પરંતુ અનેષણીયાદિના ત્યાગથી છે અને 'आदि' શબ્દથી અપ્રાસુકના ત્યાગથી છે. ક્ષુધાદિમાં 'आदि' શબ્દથી પિપાસાનું ગ્રહણ છે. અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, આ=અન્નાદિના અભાવથી પરિષહનો જય નથી પરંતુ અનેષણીયના ત્યાગથી પરિષહનું સહન છે એ, સ્વીકારવું જોઈએ. અન્યથા=એ રીતે સ્વીકારવામાં ન આવે તો, ભગવાન તીર્થંકરો પણ તારા અભિપ્રાયથી=દિગંબર સાધુના અભિપ્રાયથી, નહિ જિતાયેલા ક્ષુધાદિ પરિષહવાળા જ પ્રાપ્ત થાય; કેમ કે તેઓને પણ=તીર્થંકરોને પણ, તારા મતથી પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી અન્નાદિનો પરિભોગ છે. તે કહેવાયું છે – "જો વસ્ત્રના ઉપભોગમાત્રથી અચેલ પરિષહ જીતાયો નથી ભક્તાદિના ભોગથી=ભોજનાદિના ભોગથી, અજિત ક્ષુધાદિ પરિષહ પણ છે. **એ રીતે તારા મતે જિનેન્દ્ર પણ સર્વથા જિતપરિષહવાળા પ્રાપ્ત નથી. ઇત્યાદિ" કહેવાયું છે. તેથી તે પ્રકારે જ=અનેષણીયના ત્યાગથી ક્ષુધાદિના પરિષહોના સહનની જેમ, અહીં પણ=નગ્ન પરિષહમાં પણ, અનેષણીય, કમનીય, મહામૂલ્યવાળા વસ્ત્રના પરિત્યાગથી સહન જાણવું= નગ્ન પરિષહનું સહન જાણવું. જેને કહે છે –** "જે પ્રમાણે વિશુદ્ધ ભક્તાદિ પણ રાગદ્વેષરહિત સેવતા, જીતેલા ક્ષુધાદિ પરિષહવાળા મુનિ સપ્રતિકાર પણ છે=ક્ષુધાના પ્રતિકારરૂપે ભોજન કરનારા પણ છે, તે પ્રમાણે પરિશુદ્ધ ચેલને=દોષરહિત વસ્ત્રને, રાગદ્વેષરહિત શ્રુતવિધિથી સેવન કરતા પણ મુનિ જીતેલા અચેલ પરિષહવાળા થાય છે." **॥૧૦૬૨॥**

ભાવાર્થ :-

પૂર્વગાથામાં દિગંબરોએ કહેલું કે જે શ્વેતાંબર સાધુ વસ્ત્ર ધારણ કરે તો તેઓ નાગ્ન્યપરિષહને જીતનારા નથી તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકાર જે સાધુ જીર્ણ, અલ્પ મૂલ્યવાળા અને પરિમિત વસ્ત્ર ધારણ કરે છે તે સાધુ ઉપચારથી જીત નાગ્ન્યપરિષહવાળા છે. ગ્રંથકારશ્રીએ કહ્યું કે તેથી દિગંબરોએ કહ્યું કે જો એમ સ્વીકારવામાં આવે તો ઉપચરિત માણવક અગ્નિનું કાર્ય કરે નહીં તેમ ઉપચરિત પરિષહનો જય નિર્જરાનું કાર્ય કરે નહીં એ પ્રકારના દિગંબરના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – દિગંબરના મતે પણ સુસાધુ ભોજનાદિ કરે છે છતાં તેઓ ક્ષુધા, પિપાસાદિ પરિષહોને જય કરનારા છે. તેથી ફલિત થાય કે એકાંતથી આહારના ત્યાગને કારણે ક્ષુધાદિના પરિષહનો જય નથી પરંતુ અનેષણીયાદિ આહારનો ત્યાગ કરીને આહારમાં સંશ્લેષ ન થાય તે પ્રકારે જેઓ આહાર વાપરે છે તેઓ ક્ષુધાદિ પરિષહ જય કરનારા છે; કેમ કે તેઓ આહાર પ્રત્યે લેશ પણ સંશ્લેષવાળા નથી પરંતુ સંયમની વૃદ્ધિના અંગ સ્વરૂપે જ સર્વ દોષથી રહિત પરિમિત આહારથી ધર્મની કાયાનું પાલન કરે છે તેથી ક્ષુધાદિ પરિષહનો જય કરનારા છે. એ રીતે શ્વેતાંબર મતમાં પણ જેઓ ભાવસાધુ છે તેઓ પણ વસ્ત્ર પ્રત્યે મમત્વવાળા નથી, સર્વ દોષોના પરિહારપૂર્વક વિશુદ્ધ વસ્ત્ર ગ્રહણ કરે છે અને તે પણ જીર્ણ, અલ્પ મૂલ્યવાળું અને સંયમને ઉપકારક હોય તેટલું ગ્રહણ કરે છે. તેથી જીત નાગ્ન્યપરિષહવાળા જ છે. આનાથી એ ફલિત થાય કે નિર્દોષ અને મમત્વરહિત વસ્ત્ર ગ્રહણ કરીને માત્ર સંયમના પુષ્ટિકારક વસ્ત્રનો જેઓ ઉપયોગ કરે છે

તેઓ પરમાર્થથી વસ્ત્રનો ઉપયોગ કરતા નથી પરંતુ સંયમના પાલનના અંગનું જ સેવન કરે છે. તેથી જીતેલા નાગ્ન્યપરિષહવાળા છે. **॥૧૦૬૨॥**

અવતરણિકા :-

एवमाचार्येणोक्ते सति परोऽतिप्रसङ्गमुद्भावयन्नाह—

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, આચાર્યશ્રી વડે કહેવાયે છતે, અતિપ્રસંગના ઉદ્ભાવન કરતા પર=દિગંબર, કહે છે —

ગાથા :-

सिय पावई अणिट्ठं एवं इत्थीपरीसहपसंगा ।
णो सुत्तंतरबाधा निवारणादिह पसंगस्स ।।१०६३।।

છાયા :-

स्यात्प्राप्नोति अनिष्टमेवं स्त्रीपरिषहप्रसङ्गात् ।
नो सूत्रान्तरबाधया निवारणादिह प्रसंगस्य ।।१०६३।।

ગાથાર્થ :-

થાય=આ થાય. શું થાય એ સ્પષ્ટ કરે છે — આ રીતે સ્ત્રીપરિષહના પ્રસંગથી અનિષ્ટ પ્રાપ્ત થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. નથી=સ્ત્રી પરિષહના સહનનો પ્રસંગ નથી; કેમ કે અહીં=કાણી-કૂબડી સ્ત્રીના પરિભોગમાં, સૂત્રાંતરની બાધા હોવાથી પ્રસંગનું નિવારણ છે. ।।૧૦૬૩।।

ટીકા :-

स्यादेतत्, यदि परिजीर्णादिरूपवस्त्रपरिभोगतोऽचेलत्वपरीषहसहनमिष्यते तर्हि तवानिष्टं प्राप्नोति । कुत इत्याह—'एवं इत्थीपरीसहपसंगा' एवं-परिजीर्णादिवस्त्रपरिभोगतोऽचेलत्वपरीषहसहनवत् काणकुण्टादिस्त्रीपरिभोगतः स्त्रीपरीषहस्यापि सहनप्रसङ्गादिति । गुरुराह—'नो इत्यादि' यदेतदुक्तं तन्न, सूत्रान्तरबाधया इह स्त्रीपरिभोगप्रसङ्गस्य निवारणात् ।।१०६३।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... निवारणात् ।। આ થાય=શ્વેતાંબર સાધુને આ દોષ પ્રાપ્ત થાય. જો પરિજીર્ણાદિ રૂપ વસ્ત્રના પરિભોગથી અચેલત્વ પરિષહનું સહન ઇચ્છાય છે, તો તમને અનિષ્ટ પ્રાપ્ત થાય છે. કયા કારણથી અનિષ્ટ પ્રાપ્ત થાય છે ? એથી કહે છે — આ રીતે=પરિજીર્ણાદિ વસ્ત્રના પરિભોગથી અચેલત્વ પરિષહના સંહનની જેમ કાણી અને કૂબડી આદિ સ્ત્રીના પરિભોગથી સ્ત્રીપરિષહના પણ

સહનનો પ્રસંગ છે. ગુરુ કહે છે – જે આ કહેવાયું=દિગંબર વડે કહેવાયું, તે નથી=કાણી કે કૂબડી સ્ત્રીના પરિભોગથી સ્ત્રીપરિષહના સહનનો પ્રસંગ નથી; કેમ કે અહીં=કાણી કે કૂબડી સ્ત્રીના પરિભોગમાં, સ્ત્રીપરિભોગના પ્રસંગનું સૂત્રાન્તરની બાધાથી નિવારણ છે. ॥૧૦૬૩॥

ભાવાર્થ :-

પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોયા વગર સ્થૂલદૃષ્ટિથી સમાનતાને જોઈને દિગંબર કહે છે કે જો શ્વેતાંબર સાધુ જીર્ણ, અલ્પ મૂલ્યવાળા વસ્ત્રના પરિભોગથી પણ નાગ્ન્યપરિષહને જીતનારા છે તો કોઈ શ્વેતાંબર સાધુ કાણી, કૂબડી આદિ સ્ત્રીનો પરિભોગ કરે તો પણ તે સાધુને સ્ત્રીપરિષહને જીતનારા સ્વીકારવા પડે. માટે સ્ત્રીપરિષહને જીતનારા તે જ સાધુ છે કે જેઓ સ્ત્રીનો પરિભોગ સ્વપ્નમાં પણ કરતા નથી તેમ નાગ્ન્યપરિષહને જીતનારા પણ તે જ સાધુ છે કે જેઓ વસ્ત્રને ગ્રહણ કરતા નથી. આ પ્રકારનો દિગંબરનો અભિપ્રાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – દિગંબરનું આ કથન યુક્ત નથી; કેમ કે કાણી, કૂબડી આદિ સ્ત્રીપરિભોગનું અન્ય સૂત્રથી નિવારણ છે. તેથી એ ફલિત થાય કે સાધુ વસ્ત્ર પ્રત્યેના સંશ્લેષરહિત અને રાગ-દ્વેષના પરિણામરહિત જીવરક્ષાના અંગરૂપે જ વસ્ત્રને ધારણ કરે છે તેથી તે સંયમને ઉપકારક છે પરંતુ કાણી, કૂબડી આદિ સ્ત્રીનો પરિભોગ સંયમને ઉપકારક નથી પણ રાગના જ પરિણામથી તે સ્ત્રીનો પરિભોગ થાય છે. માટે પરિગ્રહના ત્યાગરૂપ જે સૂત્રાન્તર છે તેની બાધા હોવાને કારણે સ્ત્રીપરિભોગનું નિવારણ છે. તેથી કૂબડી સ્ત્રીને ભોગવનારા સાધુ સ્ત્રીપરિષહના જયવાળા છે તેમ કહેવાનો પ્રસંગ અસ્થાને છે. **॥૧૦૬૩॥**

અવતરણિકા :-

तदेव सूत्रान्तरं दर्शयति–

અવતરણિકાર્થ :-

તે જ સૂત્રાન્તરને બતાવે છે –

ગાથા :-

न वि किंचिप्पडिसिद्धं अणुनायं वा (वि)जिणवरिंदेहिं ।
मोत्तुं मेहुणभावं न विणा सो रागदोसेहिं ।।१०६४।।

છાયા :-

नापि किञ्चित्प्रतिषिद्धमनुज्ञातं वा जिनवरेन्द्रैः ।
मुक्त्वा मैथुनभावं न विना स रागद्वेषाभ्याम् ।।१०६४।।

ગાથાર્થ :-

ભગવાન વડે મૈથુનભાવને છોડીને કાંઈ પ્રતિષિદ્ધ નથી, કંઈ અનુજ્ઞાત નથી, તે=મૈથુનભાવ, રાગ-દ્વેષ વગર નથી. ॥૧૦૬૪॥

ટીકા :-

नापि किंचित्प्रतिषिद्धं, प्रतिषिद्धस्यापि कथंचित् देशकालपुरुषापेक्षया संयमोपकारित्वेनानुमतत्वात्, अनुज्ञातमपि वा सर्वथा नापि किंचित् जिनवरेन्द्रैः, संयमानुपकारितया कल्पनीयस्यापि तत्त्वतोऽकल्पनीयत्वाभिधानात् । उक्तं च—

'यत् ज्ञानशीलतपसामुपग्रहं निग्रहं च दोषाणाम् ।
कल्पयति निश्चये यत् तत्कल्प(ल्प्य)मकल्प(ल्प्य)मवशेषम् ।।१।।
यत्पुनरुपघातकरं सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत्कल्प्यमप्यकल्प्यं प्रवचनकुत्साकरं यच्च ।।२।।
किंचित् शुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भैषजाद्यं वा ।।३।।'

इति, किं सर्वमप्येवमेव नेत्यत आह—मुक्त्वा मैथुनभावं, स हि सर्वथा प्रतिषिद्धः, न तु कथंचिदप्यनुज्ञातः, यस्मात्सः-मैथुनभावो न विना रागद्वेषाभ्यां भवति । तत इत्थमनेन सूत्रेण स्त्रीपरिभोगप्रसङ्गस्य निवारणात् न काणकुण्टादिपरिभोगतः स्त्रीपरीषहसहनप्रसङ्गः, ततश्च साधूक्तमनेषणीयादित्यागतः क्षुदादिपरीषहसहनमिवानेषणीयकमनीयमहामूल्यवस्त्रपरित्यागतो नाग्न्यपरीषहसहनम् । इत्थं चैतदङ्गीकर्त्तव्यमन्यथा क्षुदादिपरीषहसहनमपि सर्वथाऽन्नादिपरित्यागत एव प्राप्नोति ।।१०६४।।

ટીકાર્થ :-

नापि ..... प्राप्नोति ।। વળી, કંઈ પ્રતિષિદ્ધ નથી; કેમ કે પ્રતિષિદ્ધનું પણ કોઈક રીતે દેશકાલપુરુષની અપેક્ષાએ સંયમનું ઉપકારીપણું હોવાને કારણે અનુમતપણું છે=ભગવાન વડે સ્વીકારાયું છે. અથવા જિનેન્દ્રો વડે સર્વથા કંઈ પણ અનુજ્ઞાત પણ નથી; કેમ કે સંયમના અનુપકારિપણાને કારણે કલ્પનીય પણ=નિર્દોષ આહાર આદિનું પણ, તત્ત્વથી અકલ્પનીયપણાનું અભિધાન છે અને કહેવાયું છે — "જ્ઞાન, શીલ, તપનો જે ઉપગ્રહ છે=ઉપકારક છે, અને દોષોનો જે નિગ્રહ છે=નિગ્રહ કરનાર છે, નિશ્ચયથી તે કલ્પ્ય કલ્પે છે અવશેષ અકલ્પ્ય છે. વળી, સમ્યક્ત્વ, જ્ઞાન, શીલ યોગોનો જે ઉપઘાતકર=ઉપઘાત કરનાર છે, અને જે પ્રવચનકુત્સાને કરનાર છે, તે કલ્પ્ય પણ=ભિક્ષાદિના દોષોથી રહિત આહારાદિ પણ, અકલ્પ્ય છે. પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર ઔષધાદિ શુદ્ધ કંઈક કલ્પ્ય અકલ્પ્ય થાય. અકલ્પ્ય પણ કલ્પ્ય થાય."

શું સર્વ પણ આ રીતે જ છે=કલ્પ્ય અકલ્પ્ય થાય, અકલ્પ્ય કલ્પ્ય થાય એ રીતે જ છે, નહીં. આથી કહે છે. મૈથુનભાવને છોડીને=મૈથુનભાવને છોડીને અન્ય સર્વ વિષયમાં કલ્પ્ય અકલ્પ્ય સંયોગ અનુસાર થાય છે. હિ=જે કારણથી, તે=મૈથુન, સર્વથા પ્રતિષિદ્ધ છે પરંતુ કોઈ પણ રીતે અનુજ્ઞાત નથી. જે કારણથી તે=મૈથુનભાવ, રાગ-દ્વેષ વગર થતો નથી. તેથી=મૈથુન રાગ-દ્વેષ વગર થતો નથી

તેથી, આ પ્રકારે=હમણાં વર્ણન કર્યું એ પ્રકારે, આ સૂત્ર દ્વારા સ્ત્રીપરિભોગના પ્રસંગનું નિવારણ હોવાથી કાણી, કૂબડી આદિ સ્ત્રીના પરિભોગથી સ્ત્રીપરિષહના સહનનો પ્રસંગ નથી. અને તેથી સુંદર કહેવાયું. શું સુંદર કહેવાયું ? એને કહે છે — અનેષણીયાદિના ત્યાગથી ક્ષુધાદિ પરિષહના સહનની જેમ અનેષણીય કમનીય મહામૂલ્યવાળા વસ્ત્રના પરિત્યાગથી નાગ્ન્યપરિષહનું સહન છે. અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, આ=અકલ્પ્યાદિ દોષવાળા વસ્ત્રના પરિત્યાગથી નાગ્ન્યપરિષહનું સહન છે એ, સ્વીકારવું જોઈએ. અન્યથા=જો એમ ન માનો તો, ક્ષુધાદિ પરિષહનું સહન પણ સર્વથા અન્નાદિના પરિત્યાગથી જ પ્રાપ્ત થાય. ॥૧૦૬૪॥

ભાવાર્થ :-

સાધુએ સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટે યત્ન કરવો જોઈએ અને તે યત્નમાં ઉપકારક નિર્દોષ ભિક્ષાદિનું ગ્રહણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે છતાં કોઈક એવા વિષમ સંયોગમાં સાધુને દોષિત ભિક્ષા વગર સંયમરૂપ દેહનું પાલન ન થાય ત્યારે અપવાદથી દોષિત ભિક્ષાની પણ ભગવાને અનુજ્ઞા આપી છે અને સંયમની વૃદ્ધિનું કારણ ન હોય પરંતુ શાતાના જ પ્રયોજન અર્થે નિર્દોષ પણ ભિક્ષા ગ્રહણ કરાતી હોય તો ભગવાને તેનો નિષેધ કર્યો છે અર્થાત્ સુસાધુ તેવી નિર્દોષ ભિક્ષા પણ ગ્રહણ કરે નહીં. વળી, જીર્ણ, અલ્પ મૂલ્યવાળું નિર્દોષ વસ્ત્ર મળતું હોય છતાં સંયમની વૃદ્ધિનું કારણ ન હોય તો ભગવાને તેના ગ્રહણનો સાધુને નિષેધ કર્યો છે; કેમ કે તેના ગ્રહણથી રાગ-દ્વેષની વૃદ્ધિ થાય છે. વળી, રાગ-દ્વેષની હાનિ થતી હોય અને સંયમયોગની વૃદ્ધિ થતી હોય ત્યારે ઉત્સર્ગથી પ્રતિષિદ્ધ એવા પણ આહારાદિની ભગવાને અપવાદથી અનુજ્ઞા આપી છે પરંતુ મૈથુનસેવન અપવાદથી ક્યારેય અનુજ્ઞાત નથી; કેમ કે રાગ-દ્વેષ વગર તેનો સંભવ નથી. માટે કોઈ સાધુ કાણી, કૂબડી આદિ સ્ત્રીનો પરિભોગ કરે તો પણ 'સ્ત્રીપરિષહને તે સહન કરે છે', તેમ કહી શકાય નહીં પરંતુ જે સાધુ અનેષણીયાદિના ત્યાગથી 'ક્ષુધાપરિષહ સહન કરે છે', એમ કહેવાય છે તે રીતે જે સાધુ અનેષણીય, સુંદર અને મહામૂલ્યવાળા વસ્ત્રનો પરિત્યાગ કરીને સંયમને ઉપષ્ટંભક એવા પરિમિત વસ્ત્ર ગ્રહણ કરે છે અને ક્યાંય રાગ-દ્વેષથી લેપાતા નથી તે સાધુએ નાગ્ન્યપરિષહનો જય કર્યો છે, એમ કહેવાય. **॥૧૦૬૪॥**

અવતરણિકા :-

તથા ચાહ—

અવતરણિકાર્થ :-

અને તે પ્રમાણે કહે છે=ક્ષુધાદિ પરિષહના સહનની જેમ નાગ્ન્ય પરિષહનું સહન છે તે પ્રમાણે કહે છે —

ગાથા :-

फासुगमवि असणादी ण कदाइवि अन्नहेह भोत्तव्वं ।
पायव्वं च परीसहसहणं तह इच्छमाणेणं ।।१०६५।।

છાયા :-

प्रासुकमपि अशनादि न कदाचिदपि अन्यथेह भोक्तव्यम् ।
पातव्यं च परीषहसहनं च तथा इच्छता ।।१०६५।।

ગાથાર્થ :-

અન્યથા=આ પ્રમાણે ન સ્વીકારવામાં આવે તો, તે પ્રકારે પરિષહના સહનને ઇચ્છતા સાધુએ અહીં=સંયમ જીવનમાં, પ્રાસુક પણ અશનાદિ ક્યારેય પણ વાપરવા જોઈએ નહીં અને પાણી પીવું જોઈએ નહીં. ।।૧૦૬૫।।

ટીકા :-

अन्यथा-एवमनभ्युपगमे प्रासुकमपि उपलक्षणमेतत् कल्पनीयमपि अशनादि न कदाचिदपि भोक्तव्यं पातव्यं च तथा-सर्वथा तदभावप्रकारेण परीषहसहनमिच्छता, न चैतदिष्यते, तस्मात् यत्किंचिदेतत् ।।१०६५।।

ટીકાર્થ :-

अन्यथा ..... यत्किंचिदेतत् ।। અન્યથા=આ પ્રમાણે ન સ્વીકાર કરાયે છતે, પ્રાસુક પણ, કલ્પનીય પણ અશનાદિ ક્યારેય પણ વાપરવા યોગ્ય ન થાય અને પાણી પીવા યોગ્ય ન થાય. ગાથામાં 'પ્રાસુક' શબ્દ એ ઉપલક્ષણ છે=કલ્પનીયનું ઉપલક્ષણ છે. કોના વડે ભોક્તવ્ય અને પાતવ્ય ન થાય ? એથી કહે છે. તે પ્રકારથી=સર્વથા તેના અભાવ પ્રકારથી=સર્વથા અશનાદિના અભાવના પ્રકારથી, પરિષહસહનને ઇચ્છતા પુરુષ વડે સર્વથા અશનાદિ ભોગવવા જોઈએ નહીં અને પાણી પીવું જોઈએ નહીં, એમ અન્વય છે અને આ=સર્વથા આહાર-પાણીનો ત્યાગ એ, સાધુને ઇચ્છાતો નથી, તે કારણથી આ=નિર્દોષ પરિજીર્ણ વસ્ત્રનો ઉપભોગ કરનાર સાધુ નાગ્ન્ય પરિષહવાળા નથી એ, યત્કિંચિત્ છે. ।।૧૦૬૫।।

ભાવાર્થ :-

જે સાધુ સંયમના ઉપકારક એવા અલ્પ મૂલ્યવાળાં, નિર્દોષ, જીર્ણ વસ્ત્રગ્રહણ કરે છે તે સાધુ નાગ્ન્ય પરિષહને જીતનારા છે તેવું ન માનવામાં આવે તો તે પ્રકારે પરિષહને સહન કરવાની ઇચ્છાવાળા સુસાધુએ પ્રાસુક, કલ્પનીય આહાર અને પાણી પણ ક્યારેય વાપરવા જોઈએ નહીં. સુસાધુને સંયમના ઉપકારક આહાર-પાણીની અનુજ્ઞા છે એમ દિગંબર પણ સ્વીકારે છે. તે રીતે સુસાધુને સંયમને ઉપકારક જીર્ણ આદિ વસ્ત્રની અનુજ્ઞા છે એમ દિગંબરે સ્વીકારવું જોઈએ અને તેવા સાધુ જીતનાગ્ન્યપરિષહવાળા છે એમ માનવું જોઈએ.

વસ્તુતઃ મધ્યસ્થતાપૂર્વક વિચારવામાં આવે તો જે રીતે સંયમને ઉપષ્ટંભક આહાર-પાણીથી સંયમની વૃદ્ધિ થાય છે. તેથી સંયમના ઉપષ્ટંભક આહાર ગ્રહણ કરવાની વૃત્તિમાં અનશનપરિષહનો જય થાય છે

તેમ સંયમના ઉપષ્ટંભક ઉચિત વસ્ત્રથી સંયમના પરિણામની વૃદ્ધિ થવાને કારણે સુસાધુ સંયમના બાધક વસ્ત્રાદિના પરિહાર દ્વારા નાગ્ન્ય પરિષહના જય કરનારા છે એમ આલોચન કરવું જોઈએ. ॥૧૦૬૫॥

અવતરણિકા :-

યદુક્તં—'गुरुपडिकुट्ठमिति', तत्राह—

અવતરણિકાર્થ :-

'ગુરુ પ્રતિકૃષ્ટ' છે એ પ્રમાણે જે કહેવાયું='પરમગુરુ એવા તીર્થંકર વડે વસ્ત્રનો નિષેધ કરાયો છે' એ પ્રમાણે જે ગાથા-૧૦૧૯માં દિગંબર વડે કહેવાયું, ત્યાં કહે છે —

ગાથા :-

गुरुणावि न पडिकुट्ठं उवहिपमाणं जओ सुते भणितं ।
अह उ अणारिसमेयं इतरं एवन्ति किं माणं? ।।१०६६।।

છાયા :-

गुरुणापि न प्रतिकृष्टमुपधिप्रमाणं यतः श्रुते भणितम् ।
अथ तु अनार्षमेतदितरदेवमिति किं मानम् ।।१०६६।।

ગાથાર્થ :-

ગુરુ વડે પણ=ભગવાન વડે પણ, પ્રતિકૃષ્ટ નથી=વસ્ત્રનો નિષેધ નથી, જે કારણથી શ્રુતમાં ઉપધિનું પ્રમાણ કહેવાયું છે. અથથી પૂર્વપક્ષી કહે — આ=ઉપધિનું પ્રમાણ, કહેનાર શ્રુત અનાર્ષ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. આ રીતે ઇતર=વસ્ત્રને નિષેધ કરનાર શ્રુત, આર્ષ છે એ સ્વીકારવામાં શું પ્રમાણ ? ।।૧૦૬૬।।

ટીકા :-

गुरुणाऽपि-भगवताऽपि वर्द्धमानस्वामिना न प्रतिकुष्टं-निराकृतं वस्त्रं, यतो-यस्मादुपधिप्रमाणं श्रुते-आगमे भणितं 'कप्पा आयपमाणा' इत्यादिना ग्रन्थेन । अथ मन्येथा एतत् श्रुतमनार्षम्-अभागवतं तस्मान्न प्रमाणमिति, ननु इतरत्-वस्त्रप्रतिषेधपरं श्रुतमेवमार्षमित्यत्र किं मानं-प्रमाणं ?, नैव किंचिदिति भावः ।।१०६६।।

ટીકાર્થ :-

गुरुणाऽपि ..... भावः ।। ગુરુ વડે પણ=ભગવાન વર્ધમાનસ્વામી વડે પણ, પ્રતિકૃષ્ટ નથી=વસ્ત્ર નિરાકૃત નથી. જે કારણથી શ્રુતમાં=આગમમાં, ઉપધિનું પ્રમાણ 'કલ્પ આત્મપ્રમાણ' ઇત્યાદિ ગ્રંથ વડે કહેવાયું છે. હવે માને=દિગંબર માને, આ શ્રુત અનાર્ષ છે=ભગવાન વડે કહેવાયેલું નથી, તે

કારણથી પ્રમાણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – ખરેખર ઇતર=વસ્ત્રપ્રતિષેધમાં તત્પર એવું શ્રુત, એ રીતે=વસ્ત્રને કહેનારું શ્રુત અનાર્ષ છે એ રીતે, આર્ષ છે એમાં શું પ્રમાણ અર્થાત્ કોઈ પ્રમાણ નથી. ॥૧૦૬૬॥

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે ગુરુ એવા ભગવાન વડે સાધુને નિષ્પરિગ્રહી થવા માટે વસ્ત્રનો સર્વથા નિષેધ કર્યો છે છતાં સાધુ વસ્ત્ર ગ્રહણ કરે તો ગુરુઆજ્ઞાના ભંગને કરનારા છે તેથી તેઓમાં સંયમ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ગુરુ એવા વર્ધમાનસ્વામી વડે સાધુને વસ્ત્ર ગ્રહણ કરવાનો નિષેધ કરાયો નથી; કેમ કે 'પોતાના આત્મપ્રમાણ વસ્ત્ર ગ્રહણ કરવું જોઈએ' એ પ્રમાણે આગમમાં કહેવાયું છે. દિગંબરો વસ્ત્રગ્રહણને કહેનારા વચનને અનાર્ષ સ્વીકારે છે અર્થાત્ આપ્તપુરુષોથી કહેવાયું નથી પરંતુ કોઈકે એ વચનનો આગમમાં પ્રક્ષેપ કર્યો છે, એમ માને છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્રનો નિષેધ કરનાર શ્રુત આર્ષ છે તેમ સ્વીકારવામાં શું પ્રમાણ છે ? જેમ વસ્ત્રને કહેનારું શ્રુત અનાર્ષ છે તેમ વસ્ત્રનો નિષેધ કરનારું શ્રુત પણ અનાર્ષ છે એમ કહી શકાય છે. માટે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર આહાર આદિની જેમ સંયમવૃદ્ધિનું કારણ હોય તેવું વસ્ત્ર ગ્રહણ કરનાર સાધુ જીતપરિષહવાળા છે એમ જ સ્વીકારવું જોઈએ. ॥૧૦૬૬॥

અવતરણિકા :-

अत्र परस्य प्रमाणमाशङ्कमान आह–

અવતરણિકાર્થ :-

અહીં=વસ્ત્રના નિષેધ કરનાર શ્રુતમાં, પરના પ્રમાણની=દિગંબરની યુક્તિની, આશંકા કરતાં કહે છે –

ગાથા :-

सिय चरमं चेव वयं परिग्गहो तत्थ बंधहेउत्ति ।
ण उ संजमजोगंगं वत्थं च पसाहियं पुव्विं ।।१०६७।।

છાયા :-

स्यात् चरममेव व्रतं, परिग्रहस्तत्र बन्धहेतुरिति ।
न तु संयमयोगाङ्गं वस्त्रं च प्रसाधितं पूर्वम् ।।१०६७।।

ગાથાર્થ :-

થાય=દિગંબરના મતે થાય. ચરમ વ્રત પ્રમાણ છે. ત્યાં=પરિગ્રહનિવૃત્તિરૂપ વ્રતના વિષયમાં,

પરિગ્રહ બંધનો હેતુ છે, પરંતુ સંયમના યોગનું અંગ નથી અને વસ્ત્ર પૂર્વમાં પ્રસાધિત છે= સંયમયોગના અંગરૂપે વસ્ત્ર પૂર્વમાં પ્રસાધિત છે. ।।૧૦૬૭।।

ટીકા :-

स्यादेतत्, वस्त्रप्रतिषेधपरं वाक्यमार्षमितरत्रैवेत्यत्र चरममेव-परिग्रहनिवृत्तिलक्षणं व्रतं प्रमाणम् । तथाहि—वस्त्रस्य परिग्रहत्वाच्चरमव्रतमिच्छतस्तत्परित्याग एव साधोः श्रेयानिति । अत्राचार्य आह—'परिग्गहे'त्यादि, परिग्रहस्तत्र-परिग्रहनिवृत्तिव्रतविषये बन्धहेतुरेवोच्यते न तु संयमयोगाङ्गं, 'मुच्छाहेऊ गंथो' इतिवचनात्, वस्त्रमपि चैतत् संयमयोगाङ्गं पूर्वमेव प्रसाधितं ततो न कश्चिद्दोष इति ।।१०६७।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... इति ।। આ થાય=દિગંબરના મતે થાય, વસ્ત્રના નિષેધમાં તત્પર એવું વાક્ય આર્ષ છે. ઇતર=વસ્ત્રને કહેનારું વચન, આર્ષ નથી જ, એ પ્રકારના કથનમાં ચરમ જ=પરિગ્રહનિવૃત્તિ લક્ષણ વ્રત જ, પ્રમાણ છે. તે આ પ્રમાણે — વસ્ત્રનું પરિગ્રહપણું હોવાથી ચરમવ્રતને ઇચ્છતા સાધુને તેનો પરિત્યાગ જ=વસ્ત્રનો પરિત્યાગ જ, શ્રેય છે. અહીં આચાર્યશ્રી કહે છે — ત્યાં=પરિગ્રહનિવૃત્તિરૂપ વ્રતના વિષયમાં, પરિગ્રહ બંધનો હેતુ જ કહેવાય છે પરંતુ સંયમના યોગનું અંગ નથી=સંયમના યોગનું અંગ એવું વસ્ત્ર બંધનો હેતુ નથી; કેમ કે "મૂર્છાનો હેતુ ગ્રંથ" એ પ્રકારનું વચન છે='આત્માને સૂક્ષ્મ પણ મૂર્છાનો હેતુ ગ્રંથ છે' એ પ્રકારનું વચન છે, અને વસ્ત્ર પણ સંયમયોગનું અંગ છે એ પૂર્વમાં જ પ્રસાધિત છે=પૂર્વમાં સિદ્ધ કરાયું છે, તેથી કોઈ દોષ નથી=વસ્ત્ર ગ્રહણ કરવાથી પરિગ્રહવ્રતમાં દોષની પ્રાપ્તિ નથી. ।।૧૦૬૭।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે સાધુને વસ્ત્રનો નિષેધ કરનાર શ્રુત આર્ષ છે, એમાં શું પ્રમાણ ? ત્યાં દિગંબર કહે કે પરિગ્રહની નિવૃત્તિરૂપ ચરમ વ્રત જ પ્રમાણ છે=શાસ્ત્રમાં સાધુને સર્વથા પરિગ્રહની નિવૃત્તિને કહેનાર ચરમ મહાવ્રત છે તે જ બતાવે છે કે સાધુએ પરિગ્રહરૂપ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે — પરિગ્રહનિવૃત્તિ વ્રતમાં બંધનો જે હેતુ હોય તેને પરિગ્રહ કહેલ છે. તેથી જે વસ્ત્ર, પાત્રાદિ જીવને સૂક્ષ્મ પણ સંશ્લેષ કરાવીને બંધના કારણ થતા હોય તેને પરિગ્રહ સ્વીકારી શકાય પરંતુ સંયમની વૃદ્ધિના કારણીભૂત એવું વસ્ત્ર સંયમના યોગનું અંગ હોવાથી પરિગ્રહરૂપે સ્વીકારેલ નથી અને વસ્ત્ર કઈ રીતે સંયમના યોગનું અંગ છે તે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું છે. માટે વસ્ત્રને કહેનાર શ્રુત જ આર્ષ છે અને વસ્ત્રનો નિષેધ કરનાર શ્રુત આર્ષ નથી એમ સિદ્ધ થાય છે. **॥૧૦૬૭॥**

અવતરણિકા :-

यदप्युक्तम्—'यदि यतिनापि वस्त्रं परिधीयते ततः स गृहस्थ एव स्यान्न यतिः, वस्त्रपरिधानं गृहिणो लिङ्गमिति', तदप्यसमीचीनम्, यत आह—

અવતરણિકાર્થ :-

'જો સાધુ વડે પણ વસ્ત્ર ધારણ કરાય છે તો તે ગૃહસ્થ જ થાય, સાધુ નહીં; કેમ કે વસ્ત્રનું પરિધાન ગૃહસ્થનું લિંગ છે', એ પ્રમાણે જે પણ ગાથા-૧૦૧૯માં કહેવાયું છે તે પણ અસમીચીન છે. જે કારણથી કહે છે –

ગાથા :-

गिहिलिंगंपि न एतं एगंतेणं तदन्नहाधरणे ।
होंति य कहंचि नियमा करचरणादीवि गिहिलिंगं ।।१०६८।।

છાયા :-

गृहिलिङ्गमपि नैतदेकान्तेन तदन्यथाधारणात् ।
भवन्ति च कथञ्चिन्नियमात् करचरणादिरपि गृहिलिङ्गम् ।।१०६८।।

ગાથાર્થ :-

આ=વસ્ત્ર, એકાંતથી ગૃહસ્થનું લિંગ પણ નથી; કેમ કે તેનું અન્યથા ધારણ છે અને કથંચિત્ કરચરણાદિ પણ નિયમથી ગૃહસ્થનાં લિંગો થાય છે. ।।૧૦૬૮।।

ટીકા :-

गृहिलिङ्गमप्येतत्-वस्त्रमेकान्तेन न भवति । कुत इत्याह—'तदन्यथाधारणात्' तस्य-वस्त्रस्य अन्यथा-गृहस्थधरणवैपरीत्येन धारणात् । मा भूदेकान्तेन कथंचित्तु भवत्येव गृहिलिङ्गमिति चेत्? अत्राह—'होंतीत्यादि' भवन्ति च कथंचिन्नियमात् करचरणादयोऽपि गृहिलिङ्गं, ततो वस्त्रस्येव तेषामपि भवतः सूक्ष्मेक्षिकया विचारकस्य परित्याग एव श्रेयानिति ।।१०६८।।

ટીકાર્થ :-

गृहिलिङ्गमप्येतत् ..... श्रेयानिति ।। આ=વસ્ત્ર, એકાંતથી ગૃહસ્થનું લિંગ પણ નથી. કયા કારણથી વસ્ત્ર ગૃહસ્થનું એકાંતે લિંગ નથી ? એથી ગ્રંથકારશ્રી કહે છે – 'તેનું=વસ્ત્રનું, અન્યથા=ગૃહસ્થના ધારણ કરતા વિપરીતપણાથી, ધારણ હોવાને કારણે ગૃહસ્થનું એકાંતે વસ્ત્ર લિંગ નથી એમ અન્વય છે. 'એકાંતથી ન થાઓ પરંતુ કથંચિત્ ગૃહસ્થનું લિંગ થાય જ છે.' એ પ્રમાણે જો દિગંબર કહે, એમાં=દિગંબરની શંકામાં, કહે છે=ગ્રંથકારશ્રી કહે છે – અને કથંચિત્ કરચરણાદિ પણ=હાથપગાદિ પણ, નિયમથી ગૃહસ્થનાં લિંગ થાય છે. તેથી વસ્ત્રની જેમ તેઓનું પણ=હાથપગાદિનું પણ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારક એવા તમારે=દિગંબરે, પરિત્યાગ જ શ્રેય માટે છે. ।।૧૦૬૮।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે વસ્ત્ર ધારણ કરવું એ ગૃહસ્થનું લિંગ છે, તેથી શ્વેતાંબર સાધુ વસ્ત્ર ધારણ કરનારા

હોવાથી તે યતિ નથી પરંતુ ગૃહસ્થ જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – વસ્ત્રનું ધારણ કરવું એ એકાંતથી ગૃહસ્થનું લિંગ નથી અર્થાત્ 'જે વસ્ત્ર ધારણ કરે તે એકાંતથી ગૃહસ્થ હોય' તે પ્રકારનું અનુમાન થતું નથી; કેમ કે સાધુ ગૃહસ્થ કરતાં અન્ય પ્રકારે વસ્ત્ર ધારણ કરે છે અર્થાત્ ગૃહસ્થ દેહને શોભા થાય તે પ્રકારે વસ્ત્ર ધારણ કરે છે. તેથી 'તે પ્રકારે વસ્ત્ર ધારણ કરનારા હોય તે ગૃહસ્થ છે' એમ અનુમાન થાય છે પરંતુ સાધુ તો ચોલપટાને નાભિથી નીચે, જંઘા ઉપર ધારણ કરે છે અને તે પણ દેહની શોભા અર્થે નહીં પરંતુ નગ્નતાને કારણે ધર્મનો લાઘવ ન થાય તે પ્રકારે ધારણ કરે છે જેને જોઈને 'આ ત્યાગી છે', એ પ્રકારનું અનુમાન થઈ શકે છે. માટે સાધુનું વસ્ત્રધારણ ગૃહસ્થના વસ્ત્રધારણ કરતાં અન્ય પ્રકારનું હોવાને કારણે ગૃહસ્થનું લિંગ નથી. અહીં દિગંબર કહે છે કે એકાંતથી સાધુનું વસ્ત્રધારણ ગૃહસ્થનું લિંગ ન થાઓ, તો પણ કથંચિત્ ગૃહસ્થનું લિંગ છે જ; કેમ કે ગૃહસ્થ શોભા થાય તે પ્રકારે વસ્ત્ર ધારણ કરે છે એ પ્રકારે સાધુ વસ્ત્ર ધારણ કરતા નથી તો પણ સાધુમાં અને ગૃહસ્થમાં વસ્ત્રધારણનું સામ્ય છે. તેથી વસ્ત્ર વગરના દિગંબર સાધુમાં એકાંતથી ગૃહસ્થના લિંગરૂપ વસ્ત્રની પ્રાપ્તિ નથી અને શ્વેતાંબર સાધુમાં કથંચિત્ ગૃહસ્થનું લિંગ એવું વસ્ત્ર પ્રાપ્ત થાય છે. આ પ્રકારે દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – કથંચિત્ ગૃહસ્થમાં અને સાધુમાં વસ્ત્રનું સામ્ય હોય એટલા માત્રથી વસ્ત્રને ગૃહસ્થનું લિંગ કહેવામાં આવે તો હાથપગાદિ પણ ગૃહસ્થમાં છે તેમ દિગંબર સાધુમાં પણ છે. તેથી હાથ-પગાદિ પણ કથંચિત્ ગૃહસ્થનું લિંગ છે એમ સ્વીકારીને વસ્ત્રની જેમ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારક એવા દિગંબર સાધુએ હાથપગાદિનો પણ ત્યાગ કરવો જોઈએ જેથી ગૃહસ્થ સાથે કથંચિત્ સામ્યની પ્રાપ્તિ થાય નહીં. **॥૧૦૬૮॥**

અવતરણિકા :-

अत्र पर आह—

અવતરણિકાર્થ :-

અહીં=પૂર્વમાં કહ્યું કે ગૃહસ્થની સાથે કથંચિત્ સામ્ય હોવાને કારણે કરચરણાદિ પણ ગૃહસ્થનું લિંગ છે એ કથનમાં, પર=દિગંબર, કહે છે –

ગાથા :-

तेसि परिच्चागातो देहाभावे कहं नु परलोगो? ।
णणु वत्थस्सवि चाए तणगहणादीहि तुल्लमिणं ।।१०६९।।

છાયા :-

तेषां परित्यागद्देहाभावे कथं नु परलोकः ।
ननु वस्त्रस्यापि त्यागे तृणग्रहणादिभिस्तुल्यमिदम् ।।१०६९।।

ગાથાર્થ :-

તેઓના પરિત્યાગથી=કરચરણાદિના પરિત્યાગથી, દેહનો અભાવ થયે છતે કેવી રીતે પરલોક

થાય ?=કેવી રીતે પરલોકનું હિત સાધી શકાય ? ખરેખર વસ્ત્રના પણ ત્યાગમાં તૃણગ્રહણાદિથી આ=પરલોકનું અસાધન, તુલ્ય જ છે. ।।૧૦૬૯।।

ટીકા :-

भवन्त्येव करचरणादयोऽपि कथंचित् गृहिलिङ्गं परं तेषां परित्यागतः-परित्यागे सति देहस्यैवाभावेन कथं नु परलोकः साध्येत?, तस्मात्ते न परित्यज्यन्त इति । अत्राचार्य आह—'नहु (णु) इत्यादि' ननु वस्त्रस्यापि त्यागे सति तृणग्रहणादिभिरिदं-परलोकासाधनं तुल्यमेवेति निभाल्यतां सम्यगिति ।।१०६९।।

ટીકાર્થ :-

भवन्त्येव ..... सम्यगिति ।। કરચરણાદિ પણ કથંચિત્ ગૃહસ્થનું લિંગ થાય જ છે પરંતુ તેના પરિત્યાગથી=કરચરણાદિનો પરિત્યાગ કરાયે છતે, દેહનો અભાવ હોવાથી કેવી રીતે પરલોક સાધી શકાય ?=પરલોક સુંદર કરવા અર્થે નિર્લેપ-નિર્લેપતર પરિણતિમાં કઈ રીતે યત્ન કરી શકાય ? અર્થાત્ કરી શકાય નહીં. તે કારણથી કરચરણાદિ ત્યાગ કરાતા નથી. અહીં=દિગંબરના આ પ્રકારના સમાધાનમાં, આચાર્યશ્રી કહે છે — ખરેખર વસ્ત્રનો પણ ત્યાગ કરાયે છતે તૃણગ્રહણાદિ દ્વારા આ= પરલોકનું અસાધન, સમાન જ છે એ પ્રકારે સમ્યગ્ અવલોકન કરો. ।।૧૦૬૯।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે કરચરણાદિ પણ કથંચિત્ ગૃહસ્થનું લિંગ છે. માટે દિગંબરના સાધુએ કરચરણાદિનો પણ ત્યાગ કરવો જોઈએ. ત્યાં દિગંબર કહે છે કે કરચરણાદિના ત્યાગથી દેહનો અભાવ થાય અને સુસાધુ વીતરાગ નથી, વીતરાગ થવા માટે અસંગપણામાં ઉદ્યમ કરે છે જેના બળથી અસંગભાવની વૃદ્ધિ દ્વારા પરલોકનું હિત થાય છે અને દેહનો ત્યાગ કરવાથી પરલોકનું હિત થઈ શકે નહીં. માટે સાધુ કરચરણાદિનો ત્યાગ કરતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે — જેમ કરચરણાદિના ત્યાગથી પરલોકનું હિત થઈ શકે નહીં, તેમ વસ્ત્રના ત્યાગથી પણ સંયમની વિશિષ્ટ આરાધના નહીં થવાથી પરલોકનું હિત થઈ શકે નહીં અને જો વસ્ત્રને પરલોકનું એકાંતથી અસાધન સ્વીકારવામાં આવે તો દિગંબર સાધુ જે તૃણગ્રહણાદિ કરે છે તે પણ વસ્ત્રની જેમ બાહ્ય પરિગ્રહરૂપ હોવાથી પરલોકનું અસાધન છે એમ દિગંબરોએ માનવું જોઈએ. **॥૧૦૬૯॥**

અવતરણિકા :-

यदपि चोक्तं—'गंथोत्ति' तदपि दूषयितुमाह—

અવતરણિકાર્થ :-

અને 'ગ્રંથ છે=વસ્ત્ર ગ્રંથ છે' એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૧૦૧૯માં જે કહેવાયું, તેને પણ દૂષિત કરવા માટે કહે છે —

ગાથા :-

गंथोवि होइ दुविहो दव्वे भावे य दव्वगंथो य ।
दुपयचउप्पयअपयादिगो तु णेओ अणेगविहो ।।१०७०।।

છાયા :-

ग्रन्थोऽपि भवति द्विविधो द्रव्ये भावे च द्रव्यग्रन्थश्च ।
द्विपदचतुष्पदापदादिकस्तु ज्ञेयोऽनेकविधः ।।१०७०।।

ગાથાર્થ :-

ગ્રંથ પણ બે પ્રકારનો છે. દ્રવ્યના વિષયમાં અને ભાવના વિષયમાં. દ્રવ્યગ્રંથ દ્વિપદ, ચતુષ્પદ અને અપદાદિક અનેક પ્રકારનો જાણવો. ।।૧૦૭૦।।

ટીકા :-

ग्रन्थोऽपि भवति द्विविधो-द्विप्रकारः द्रव्ये-द्रव्यविषयो द्रव्यरूप इतियावत् भावे-भावविषयो भावरूपः । तत्र द्रव्यग्रन्थो द्विपदचतुष्पदापदादिक एव, तुरवधारणे, ज्ञेयोऽनेकविधः-अनेकप्रकार इति ।।१०७०।।

ટીકાર્થ :-

ग्रन्थोऽपि ..... इति ।। ગ્રંથ પણ બે પ્રકારનો છે. દ્રવ્યમાં=દ્રવ્યના વિષયવાળો=દ્રવ્યરૂપ, ભાવમાં=ભાવના વિષયવાળો=ભાવરૂપ. ત્યાં દ્રવ્યગ્રંથ દ્વિપદ, ચતુષ્પદ, અપદાદિક જ અનેક પ્રકારનો જાણવો. 'तु' શબ્દ અવધારણમાં છે. ।।૧૦૭૦।।

અવતરણિકા :-

भावग्रन्थमाह—

અવતરણિકાર્થ :-

ભાવગ્રંથને કહે છે –

ગાથા :-

अट्ठविहंपि य कम्मं मिच्छत्ताविरतिदुट्ठजोगा य ।
एसो य भावगंथो भणितो तेलोक्कदंसीहिं ।।१०७१।।

છાયા :-

अष्टविधमपि च कर्म मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।
एष च भावग्रन्थो भणितस्त्रैलोक्यदर्शिभिः ।।१०७१।।

ગાથાર્થ :-

આઠ પ્રકારનું કર્મ, મિથ્યાત્વ, અવિરતિ અને દુષ્ટયોગો એ જ ભાવગ્રંથ ત્રણ લોકને જોનારા સર્વજ્ઞ વડે કહેવાયો છે. ॥૧૦૭૧॥

ટીકા :-

अष्टविधमपि कर्म्म-ज्ञानावरणीयादि तथा मिथ्यात्वमविरतिर्दुष्टयोगाश्च एष एव, चोऽवधारणे, भावग्रन्थो भणितस्त्रैलोक्यदर्शिभिः सर्वज्ञैः ।।१०७१।।

ટીકાર્થ :-

अष्टविधमपि ..... सर्वज्ञैः ।। આઠ પ્રકારનાં પણ કર્મ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ, અને મિથ્યાત્વ, અવિરતિ અને દુષ્ટયોગો એ જ ભાવગ્રંથ ત્રણ લોકને જોનારા સર્વજ્ઞ વડે કહેવાયો છે. 'च' શબ્દ અવધારણ અર્થમાં છે. ॥૧૦૭૧॥

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે સાધુ નિર્ગ્રંથ હોય છે અને જેઓ વસ્ત્ર ધારણ કરે તેઓને નિર્ગ્રંથ કહી શકાય નહીં; કેમ કે વસ્ત્ર જ ગ્રંથ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ગ્રંથ બે પ્રકારના છે. દ્રવ્યગ્રંથ અને ભાવગ્રંથ. દ્રવ્યગ્રંથ એટલે ચિત્તના સંશ્લેષનું પ્રબળ નિમિત્ત અને સંસારી જીવોને દ્વિપદ, ચતુષ્પદ અને અપદાદિરૂપ બાહ્ય ભોગસામગ્રી સ્નેહનું કારણ છે તેથી દ્રવ્યગ્રંથ છે અને આવો દ્રવ્યગ્રંથ અનેક પ્રકારનો છે. વળી, ભાવગ્રંથ એટલે જેનાથી જીવ બંધાયેલો હોય તેવો જીવનો ભાવ અને તે ભાવગ્રંથ આઠેય પ્રકારનાં કર્મ છે; કેમ કે આઠેય પ્રકારનાં કર્મ જીવને સંસારના બંધનમાં રાખે છે અને જીવના પરિણામરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને મન-વચન-કાયાના દુષ્ટયોગો તે જીવને પુદ્ગલમાં સંશ્લેષવાળા કરીને બાંધનારા છે તેથી ભાવગ્રંથ છે અને સાધુ પણ આઠ કર્મના બંધનવાળા છે તેથી નિશ્ચયનયથી નિર્ગ્રંથ નથી પરંતુ નિશ્ચયનયથી તો સિદ્ધના જીવો જ નિર્ગ્રંથ છે; કેમ કે તેઓને દ્રવ્યગ્રંથનો અને ભાવગ્રંથનો સર્વથા અભાવ છે. કેમ અભાવ છે ? તેથી કહે છે – સિદ્ધના જીવો બાહ્ય પરિગ્રહ વગરના છે. આઠ પ્રકારના કર્મોરહિત છે અને મિથ્યાત્વ, અવિરતિ, દુષ્ટયોગોથી રહિત છે. તેથી સર્વ પ્રકારના ગ્રંથથી રહિત છે. વળી, જેઓ નિશ્ચયનયને અભિમત નિર્ગ્રંથ થવા માટે યતમાન છે તેવા સાધુ વ્યવહારનયથી નિર્ગ્રંથ છે. તેથી તેઓ બાહ્ય સર્વ પરિગ્રહોનો ત્યાગ કરીને અને અંતરંગ મિથ્યાત્વ, અવિરતિ અને દુષ્ટયોગોનો ત્યાગ કરીને માત્ર ધર્મના ઉપકરણરૂપે વસ્ત્રને, પાત્રને અને દેહને ધારણ કરે છે. તેથી સર્વ કર્મરહિત થવા માટે ઉદ્યમશીલ છે તેઓ વ્યવહારનયથી નિર્ગ્રંથ છે; કેમ કે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. **॥૧૦૭૦-૧૦૭૧॥**

ગાથા :-

जो णिग्गतो इमाओ सम्मं दुविहातो गंथजालाओ ।
सो निच्छयनिग्गंथो निग्गच्छंतो य ववहारे ।।१०७२।।

છાયા :-

यो निर्गतोऽस्मात् सम्यग्, द्विविधाद् ग्रन्थजालात् ।
स निश्चयनिर्ग्रन्थो निर्गच्छन् च व्यवहारे ।।१०७२।।

ગાથાર્થ :-

જે સાધુ આ બંને ગ્રંથજાલથી સમ્યગ્ નિર્ગત છે, તે નિશ્ચયનયથી નિર્ગ્રંથ છે અને વ્યવહારમાં= વ્યવહારનયથી, નીકળતા સાધુ નિર્ગ્રંથ છે. ।।૧૦૭૨।।

ટીકા :-

यः सम्यग्निर्गतोऽस्मात्-द्विविधादपि ग्रन्थजालात् स निश्चयनिर्ग्रन्थो-निश्चयनयमतेन निर्ग्रन्थ उच्यते, निर्गच्छन् वाऽस्मात् द्विविधात् ग्रन्थजालात् निर्ग्रन्थ उच्यते व्यवहारे-व्यवहारनयमतेनेतियावत् ।।१०७२।।

ટીકાર્થ :-

यः सम्यग्निर्गतो ..... यावत् ।। આ બંને પણ ગ્રંથજાલથી જે સમ્યગ્ નિર્ગત છે=બંને પ્રકારના ગ્રંથજાલથી સંપૂર્ણ રહિત છે, તે નિશ્ચયનયથી નિર્ગ્રંથ કહેવાય છે અથવા આ બંને ગ્રંથજાલથી નીકળતા=દૂર થતા, નિર્ગ્રંથ વ્યવહારનયના મતથી કહેવાય છે. ।।૧૦૭૨।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૭૦માં બતાવેલ એવા દ્રવ્યગ્રંથોથી અને ગાથા-૧૦૭૧માં બતાવ્યા એવા ભાવગ્રંથોથી રહિત સિદ્ધના જીવો છે. તીર્થંકરો, કેવલીઓ, સુસાધુ આદિ કોઈ નિશ્ચયનયથી નિર્ગ્રંથ નથી; કેમ કે નિર્ગ્રંથનું પૂર્ણ સ્વરૂપ સિદ્ધ અવસ્થામાં જ વિદ્યમાન છે. વળી, વ્યવહારનયથી આ બંને ગ્રંથોથી નીકળવા માટે મહાઉદ્યમ કરનારા સુસાધુઓ નિર્ગ્રંથ છે. ફક્ત આદ્યભૂમિકામાં તે બંને ગ્રંથોના ત્યાગ માટે યત્ન કરનારા હોવા છતાં કંઈક સ્ખલના પામે છે. તેથી સાતિચાર ભૂમિકામાં તે મહાત્મા હોય છે અને જ્યારે મોહની સામે લડવાની શક્તિ સુઅભ્યસ્ત થાય છે ત્યારે તે મહાત્મા અસ્ખલિતપણે મોહનાશ માટે યત્ન કરે છે. જેમ ઋષભદેવ ભગવાન મતિ આદિ ચાર નિર્મળ જ્ઞાનવાળા હતા અને દીક્ષા ગ્રહણ કર્યા પછી તે ચારેય નિર્મળ જ્ઞાનના બળથી સતત મોહનાશ માટે યત્ન કરતા હતા અને જ્યારે મિથ્યાત્વ, અવિરતિ અને દુષ્ટ યોગો સંપૂર્ણ નાશ પામ્યા ત્યારે બારમા ગુણસ્થાનકે પાંચ નિર્ગ્રંથોમાંથી નિર્ગ્રંથભાવને પામ્યા, તે પણ વ્યવહારનયથી જ નિર્ગ્રંથ હતા અને જ્યારે ઘાતીકર્મોનો નાશ કરીને સ્નાતક થયા ત્યારે પણ વ્યવહારનયથી નિર્ગ્રંથ થયા અને જ્યારે યોગનિરોધ કરીને સર્વ કર્મોનો નાશ કર્યો ત્યારે નિશ્ચયનયથી નિર્ગ્રંથ થયા.

તેથી એ ફલિત થાય કે નિશ્ચયનયને અભિમત નિર્ગ્રંથભાવને અનુકૂળ પૂર્ણ શક્તિથી યત્ન કરનારા વ્યવહારનયથી નિર્ગ્રંથ છે. વળી, શ્રાવકો અને સમ્યગ્દૃષ્ટિ જીવો નિર્ગ્રંથ ભાવના અર્થી હોવા છતાં

નિશ્ચયનયથી કે વ્યવહારનયથી પણ નિર્ગ્રંથ નથી પરંતુ નિર્ગ્રંથ થવાના બળનો સંચય કરનારા છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સાધુસામાચારી વારંવાર સાંભળીને તેના બળથી શક્તિસંચય કરવા યત્ન કરે છે. ॥૧૦૭૨॥

ગાથા :-

सो चिय निग्गच्छंतो तत्तो विहिणा कहंचि नीसरइ ।
सम्मत्तादिपभावा न वत्थमेत्तस्स चाएणं ।।१०७३।।

છાયા :-

स एव निर्गच्छन् ततो विधिना कथंचिन्निस्सरति ।
सम्यक्त्वादिप्रभावान्न वस्त्रमात्रस्य त्यागेन ।।१०७३।।

ગાથાર્થ :-

તેનાથી=તે ગ્રંથથી, વિધિપૂર્વક નીકળતા તે પણ=તે સુસાધુ પણ, કથંચિત્ સમ્યક્ત્વાદિના પ્રભાવથી નિસ્સરણ પામે છે=ગ્રંથથી નીકળે છે, વસ્ત્રમાત્રના ત્યાગથી નહીં. ॥૧૦૭૩॥

ટીકા :-

सोऽपि च ततो ग्रन्थान्निर्गच्छन् विधिना सूत्राभिहितेन कथंचिन्निस्सरति सम्यक्त्वादिप्रभावात् न तु वस्त्रमात्रपरित्यागेन ।।१०७३।।

ટીકાર્થ :-

सोऽपि ..... परित्यागेन ।। અને વિધિપૂર્વક=સૂત્રમાં કહેલ વિધિપૂર્વક, તે ગ્રંથથી નીકળતા તે પણ= વ્યવહારથી નિર્ગ્રંથ પણ, કથંચિત્ સમ્યક્ત્વાદિના પ્રભાવથી નિસ્સરણ પામે છે પરંતુ વસ્ત્રમાત્રના પરિત્યાગથી નહીં. ॥૧૦૭૩॥

અવતરણિકા :-

यस्मात्—

અવતરણિકાર્થ :-

જે કારણથી=વસ્ત્રના ત્યાગમાત્રથી સુસાધુ ગ્રંથથી નિસ્સરણ કેમ પામતા નથી ? તેમાં હેતુ અર્થે કહે છે જે કારણથી —

ગાથા :-

मिच्छत्ते अन्नाणे अविरतिभावे य अपरिचत्तम्मि ।
वत्थस्स परिच्चातो परलोगे कं गुणं कुणइ? ।।१०७४।।

છાયા :-

मिथ्यात्वेऽज्ञानेऽविरतिभावे चापरित्यक्ते ।
वस्त्रस्य परित्यागः परलोके कं गुणं करोति ? ।।१०७४।।

ગાથાર્થ :-

મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિનો ભાવ અપરિત્યાગ કરાયે છતે વસ્ત્રનો પરિત્યાગ પરલોકમાં કયા ગુણને કરે છે ? અર્થાત્ મોક્ષને અનુકૂળ કોઈ ગુણને કરતો નથી. ।।૧૦૭૪।।

ટીકા :-

मिथ्यात्वे अज्ञाने अविरतिभावे चापरित्यक्ते सति वस्त्रस्य परित्यागः (परलोके-भवान्तरे) कं गुणं करोति?, नैव कंचनेति भावः, शबरादौ तथादर्शनात् । तस्मान्मिथ्यात्वादिरूपग्रन्थपरित्यागे एव यत्नो विधेयो नतु वस्त्रमात्रपरित्यागे, तस्मिन्सत्यपि उपसर्गादिषु मिथ्यात्वादिरूपभावग्रन्थपरित्यागतः केवलज्ञानोत्पत्तेर्यदाह—'देहत्थवत्थमल्लाणुलेवणाभरणधारिणो केई । उवसग्गाइसु मुणओ निस्संगा केवलमुवेंति ।।१।।' ।।१०७४।।

ટીકાર્થ :-

मिथ्यात्वे ..... केवलमुवेंति ।।' ।। 'મિથ્યાત્વનો, અજ્ઞાનનો અને અવિરતિભાવનો અપરિત્યાગ કરાયે છતે, વસ્ત્રનો પરિત્યાગ પરલોકમાં કયા ગુણને કરે ? કોઈ ગુણને કરે નહિ જ.' એ પ્રકારનો ભાવ છે. શબરાદિમાં=ભીલ આદિમાં, તે પ્રકારે દર્શન છે=વસ્ત્રરહિત હોવા છતાં કોઈ ગુણ થતો નથી એ પ્રકારે દર્શન છે, તે કારણથી મિથ્યાત્વાદિ રૂપ ગ્રંથના પરિત્યાગમાં જ યત્ન કરવો જોઈએ પરંતુ વસ્ત્રમાત્રના પરિત્યાગમાં યત્ન કરવો જોઈએ નહીં; કેમ કે તે હોતે છતે પણ=વસ્ત્ર હોતે છતે પણ, ઉપસર્ગાદિમાં મિથ્યાત્વાદિરૂપ ભાવગ્રંથના પરિત્યાગથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ છે. જેને કહે છે — "દેહ ઉપર રહેલ વસ્ત્ર, માલા, અનુલેપન, આભરણને ધારણ કરનારા ઉપસર્ગાદિમાં કેટલાક નિઃસંગ મુનિઓ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે." ।।૧૦૭૪।।

ભાવાર્થ :-

વસ્ત્રના પરિત્યાગ વગર નિર્ગ્રંથભાવ પ્રાપ્ત થતો નથી તેમ દિગંબરો કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. બે પ્રકારના ગ્રંથથી વિધિપૂર્વક નીકળતા સાધુ વ્યવહારનયને અભિમત નિર્ગ્રંથ છે; કેમ કે સમ્યક્ત્વાદિના પ્રભાવથી કથંચિત્ ગ્રંથરહિત થાય છે અર્થાત્ કર્મબંધના અભાવરૂપ અવસ્થાને પ્રાપ્ત કરતા સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ તરફ જનારા હોવાથી કથંચિત્ ગ્રંથથી દૂર થાય છે પરંતુ વસ્ત્રમાત્રના પરિત્યાગથી નિર્ગ્રંથ થતા નથી. કેમ વસ્ત્રમાત્રના પરિત્યાગથી નિર્ગ્રંથ થતા નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે — જેઓમાં મિથ્યાત્વનો, અજ્ઞાનનો અને અવિરતિનો ભાવ વિદ્યમાન છે તેઓ વસ્ત્રના પરિત્યાગથી મોક્ષને અનુકૂળ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? અર્થાત્ કોઈ ગુણને પ્રાપ્ત કરતા નથી, પરંતુ નિર્ગ્રંથભાવના

અર્થીએ સંસારના કારણીભૂત મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિના ભાવનો જ ત્યાગ કરવો જોઈએ અને વસ્ત્રમાત્રના પરિત્યાગથી સંતોષ માનવો જોઈએ નહીં; કેમ કે વસ્ત્રાદિ હોવા છતાં પણ ઉપસર્ગાદિમાં મિથ્યાત્વાદિ રૂપ ભાવગ્રંથના પરિત્યાગથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આથી જ કોઈ ધ્યાનમાં ઊભેલા મહાત્માને અનુકૂળ ઉપસર્ગ કરનારા ભક્તિથી સુંદર વસ્ત્ર, માળા, અનુલેપન અને આભરણ આદિથી અલંકૃત કરે તે સર્વ પ્રત્યે નિઃસંગ પરિણામવાળા તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે મોક્ષના અર્થીએ ભાવગ્રંથના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ. ફક્ત ભાવગ્રંથના ત્યાગના અર્થી સાધુ સંયમના પ્રયોજન સિવાય વસ્ત્રને ગ્રહણ કરતા નથી પરંતુ વસ્ત્રના ત્યાગમાત્રથી સંયમની પ્રાપ્તિ થાય એવો એકાંતે નિયમ નથી. **॥૧૦૭૩-૧૦૭૪॥**

અવતરણિકા :-

किञ्च—

અવતરણિકાર્થ :-

વળી, અન્ય કથનનો સમુચ્ચય કરે છે —

ગાથા :-

नत्थि य सक्किरियाणं अबंधगं किंचि इह अणुट्ठाणं ।
चतितुं बहुदोसमतो कायव्वं बहुगुणं जमिह ।।१०७५।।

છાયા :-

नास्ति च सक्रियाणामबन्धकं किञ्चिदिहानुष्ठानम् ।
त्यक्त्वा बहुदोषमतः कर्तव्यं बहुगुणं यदिह ।।१०७५।।

ગાથાર્થ :-

સક્રિયવાળા જીવોને અહીં=સંસારમાં, કોઈ અનુષ્ઠાન અબંધક નથી. આથી બહુ દોષનો ત્યાગ કરીને અહીં=સંસારમાં, બહુગુણવાળું કરવું જોઈએ. ॥૧૦૭૫॥

ટીકા :-

नास्ति च सक्रियाणामबन्धकमिह किंचिदप्यनुष्ठानम्—'जाव णं एस जीवे एयइ वेयइ चलइ फंदइ० ताव णं सत्तविहबंधए वा' इत्यादिवचनप्रामाण्यात् । अतस्त्यक्त्वा बहुदोषं यदिह बहुगुणं तदिह कर्त्तव्यम् ।।१०७५।।

ટીકાર્થ :-

नास्ति ..... कर्त्तव्यम् ।। ક્રિયા સહિત જીવોને અહીં=સંસારમાં, કોઈ પણ અનુષ્ઠાન અબંધક નથી;

કેમ કે "જ્યાં સુધી આ જીવ એજન કરે છે, વેપન કરે છે, ચલન કરે છે, સ્પંદન કરે છે, ત્યાં સુધી સાત પ્રકારના કર્મનો બંધક છે અથવા છ પ્રકારના અથવા એક પ્રકારના બંધક છે" એવું 'વા'થી ગ્રહણ છે. ઇત્યાદિ વચનનું પ્રમાણપણું છે. આથી બહુ દોષને છોડીને જે અહીં=સંસારમાં, બહુ ગુણવાળું છે તે અહીં=સંસારમાં, કરવું જોઈએ. ॥૧૦૭૫॥

ભાવાર્થ :-

સંસારવર્તી જીવો મન, વચન, કાયાની ક્રિયાવાળા છે. તેથી જ્યાં સુધી આત્મપ્રદેશોના કંપનરૂપ ક્રિયા વર્ત છે ત્યાં સુધી તે જીવો કર્મના અબંધક નથી પરંતુ યોગનિરોધ કરે ત્યારે જ કર્મોના અબંધક બને છે. તેથી જ્યાં સુધી સાધુ ક્રિયાવાળા છે ત્યાં સુધી જે પ્રવૃત્તિથી ઘણા દોષો થતા હોય તેનો ત્યાગ કરવો જોઈએ જેમ વસ્ત્રના સર્વથા ત્યાગથી ઠંડી વગેરેના પ્રસંગે તૃણગ્રહણાદિમાં બહુ દોષ થાય છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ અને વિધિપૂર્વક વસ્ત્રના ગ્રહણથી જીવરક્ષા થાય છે, શીતાદિ પરિષહમાં ધ્યાનના વ્યાઘાતથી રક્ષણ થાય છે માટે બહુ ગુણવાળા ધ્યાનમાં અને જીવરક્ષામાં સહાયક વસ્ત્રનું ગ્રહણ કરવું જોઈએ પરંતુ પરિગ્રહનું કારણ બને તે પ્રકારે વસ્ત્રાદિનું ગ્રહણ કરવું જોઈએ નહીં. **॥૧૦૭૫॥**

ગાથા :-

ता किं वत्थग्गहणं किंवा तणगहणमादि पुव्वुत्तं ।
बहुगुणमिह मज्झत्थो होऊणं किन्न चिंतेसि? ।।१०७६।।

છાયા :-

तस्मात् किं वस्त्रग्रहणं किं वा तृणग्रहणादि पूर्वोक्तम् ।
बहुगुणमिह मध्यस्थो भूत्वा किन्न चिन्तयसि ? ।।१०७६।।

ગાથાર્થ :-

તે કારણથી શું વસ્ત્રગ્રહણ અથવા શું પૂર્વમાં કહેલું તૃણગ્રહણાદિ બહુ ગુણવાળું છે ? મધ્યસ્થ થઈને અહીં=સંયમજીવનમાં, કેમ ચિંતવન કરતો નથી ? ॥૧૦૭૬॥

ટીકા :-

यत इह प्रेक्षावता यद्बहुगुणं तदेव कर्त्तव्यं नतु बहुदोषं ततो मध्यस्थो भूत्वा किं न विचिंतयसि?- किन्न सूक्ष्मबुद्ध्या पर्यालोचयसि?, किमिह वस्त्रग्रहणं बहुगुणं किंवा पूर्वोक्तं तृणग्रहणादीति । वस्त्रग्रहणमेव यथोक्तप्रकारेण संयमोपकारितया बहुगुणं न तु तृणग्रहणादि, तत्रोपदर्शितप्रकारेणानेक-वनस्पत्यादिजीवव्यापत्तिसंभवादिति । वस्त्रपरित्यागे चावश्यमिदानींतनसाधूनां शीताद्यभिभवे तृण-ग्रहणादिसंभवस्तस्मादुचितमेव वस्त्रोपादानमिति ।।१०७६।।

ટીકાર્થ :-

यत इह ..... वस्त्रोपादानमिति ।। જે કારણથી અહીં=સંસારમાં, વિચારક વડે જે બહુ ગુણવાળું છે, તે જ કર્તવ્ય છે પરંતુ બહુ દોષવાળું નહીં, તેથી મધ્યસ્થ થઈને તું કેમ ચિંતવન કરતો નથી ? કેમ સૂક્ષ્મ બુદ્ધિથી પર્યાલોચન કરતો નથી ? શું પર્યાલોચન કરતો નથી ? તે સ્પષ્ટ કરે છે – અહીં=સંયમજીવનમાં, શું વસ્ત્રગ્રહણ બહુ ગુણવાળું છે અથવા પૂર્વમાં કહેલું તૃણગ્રહણાદિ બહુ ગુણવાળું છે, એનું કેમ પર્યાલોચન કરતો નથી ? એમ અન્વય છે. એ પર્યાલોચનનો ફલિતાર્થ બતાવે છે – **યથોક્ત પ્રકારથી=શાસ્ત્રમાં કહેલ વિધિ અનુસારથી, સંયમમાં ઉપકારીપણું હોવાને કારણે, વસ્ત્ર ગ્રહણ જ બહુ ગુણવાળું છે, તૃણગ્રહણાદિ નથી; કેમ કે ત્યાં=તૃણગ્રહણાદિમાં, ઉપદર્શિત પ્રકારથી=પૂર્વમાં બતાવેલા પ્રકારથી, અનેક વનસ્પતિ આદિ જીવોની હિંસાનો સંભવ છે અને વસ્ત્રના પરિત્યાગમાં અવશ્ય હમણાંના સાધુઓને શીતાદિથી અભિભવમાં તૃણગ્રહણાદિનો સંભવ છે તે કારણથી વસ્ત્રનું ગ્રહણ ઉચિત જ છે. ॥૧૦૭૬॥**

ભાવાર્થ :-

'વિચારક પુરુષે જે પ્રવૃત્તિથી સમભાવના કંડકોની વૃદ્ધિ થાય તેવા બહુ ગુણવાળું હોય તે કરવું જોઈએ અને જે પ્રવૃત્તિથી બહુ દોષ થતા હોય તે પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં.' એ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં આવે તો જિનવચનાનુસાર જીવરક્ષા માટે ઉપકારક વસ્ત્રનું ગ્રહણ કરવાથી દયાળુ સ્વભાવની વૃદ્ધિ થતી હોવાને કારણે ગુણવાળું છે અને વસ્ત્ર નહીં ધારણ કરનાર દિગંબર સાધુઓને અતિ શીતાદિ કાળમાં તૃણાદિ ગ્રહણથી ઘણી વિરાધનાની પ્રાપ્તિ થાય છે જે પ્રત્યક્ષ અનુભવસિદ્ધ છે. માટે આગ્રહનો ત્યાગ કરીને કલ્યાણના કારણભૂત વસ્ત્રનો સ્વીકાર કરવો જોઈએ. **॥૧૦૭૬॥**

અવતરણિકા :-

उपसंहरति–

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=દિગંબરના મતના સમાલોચનનો ઉપસંહાર કરે છે –

ગાથા :-

इय निद्दोसं वत्थं पत्तंपि हु एवमेव णातव्वं ।
छज्जीवणिकायवहो जतो गिहे अन्नभोगेसु ।।१०७७।।

છાયા :-

इति निर्दोषं वस्त्रं पात्रमपि हु एवमेव ज्ञातव्यम् ।
षड्जीवनिकायवधो यतो गृहेऽन्नभोगेषु ।।१०७७।।

ગાથાર્થ :-

આ રીતે વસ્ત્ર નિર્દોષ છે. પાત્ર પણ આ રીતે જ જાણવું. જે કારણથી ગૃહમાં અન્નનો ભોગ કરાયે છતે છ જીવનિકાયનો વધ થાય છે. ।।૧૦૭૭।।

ટીકા :-

इतिः-एवमुक्तप्रकारेण निर्दोषं वस्त्रं पात्रमप्येवमेव-भणितप्रकारेणैव निर्दोषं ज्ञातव्यम् । तदभावे दोषमाह—'छज्जीवेत्यादि' यतो गृहेऽन्नभोगेषु क्रियमाणेषु नियमतः षड्जीवनिकायवधः प्रसज्यते, तस्मादवश्यंतया पात्रं ग्रहीतव्यमेव ।।१०७७।।

ટીકાર્થ :-

इतिः ..... ग्रहीतव्यमेव ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, વસ્ત્ર નિર્દોષ છે. પાત્ર પણ એ રીતે જ=પૂર્વમાં કહેલ પ્રકારથી જ, નિર્દોષ જાણવું. તેના અભાવમાં=પાત્રના અભાવમાં, દોષને કહે છે. જે કારણથી ગૃહમાં અન્નનો ભોગ કરાયે છતે નિયમથી ષડ્જીવનિકાયનો વધ પ્રાપ્ત થાય છે તે કારણથી અવશ્યપણાથી પાત્ર ગ્રહણ કરવું જોઈએ જ. ।।૧૦૭૭।।

અવતરણિકા :-

कथं पुनर्गृहेऽन्नभोगेषु षड्जीवनिकायवधसंभव इत्यत आह—

અવતરણિકાર્થ :-

કેવી રીતે વળી ઘરમાં અન્નનો ભોગ કરાયે છતે છ જીવનિકાયના વધનો સંભવ છે ? એથી કહે છે –

ગાથા :-

गिहे भोगे जलमादी चलणादिपहावणे विवज्जंति ।
तदकरणे चाभोगो अलाभ(भि) परियडणपलिमंथो ।।१०७८।।

છાયા :-

गृहे भोगे जलादयश्चरणादिप्रधावने विपद्यन्ते ।
तदकरणे चाभोगोऽलाभे पर्यटनपरिमन्थः ।।१०७८।।

ગાથાર્થ :-

ગૃહસ્થના ઘરમાં ભોજન કરાયે છતે જલાદિ જીવો ચરણાદિના ધોવામાં વિનાશ પામે છે અને તેના અકરણમાં=ચરણાદિના ધોવાના અકરણમાં, આહારનો અભોગ છે. અલાભમાં=એક ઘરે ભોજનના અલાભમાં, પર્યટન કરાયે છતે પલિમંથ છે=સ્વાધ્યાયનો વ્યાઘાત છે. ।।૧૦૭૮।।

ટીકા :-

गृह एवान्नस्य भोगे क्रियमाणे जलादयः आदिशब्दात्तद्गतत्रसादयश्चरणादिप्रधावने आदिशब्दादत्र करपरिग्रहः विपद्यन्ते-विनाशमुपयान्ति, तदकरणे च-करचरणप्रधावनाकरणे चान्नस्याभोगः, यतो नग्नाटसिद्धान्ते पादादिप्रक्षालनानन्तरमेव भुक्तिर्यतीनामनुज्ञातेति । तथा गृहस्थस्य भोजन-प्रदानशक्त्यभावेन अलाभे च भोजनस्य तदर्थं पर्यटने क्रियमाणे सति पलिमन्थः-दोषः प्राप्नोति ।।१०७८।।

ટીકાર્થ :-

गृह ..... प्राप्नोति ।। ઘરમાં જ અન્નનો ભોગ કરાયે છતે જલાદિ=જલાદિના જીવો, આદિ શબ્દથી જલમાં રહેલા ત્રસાદિ જીવો, ચરણાદિના ધોવામાં વિનાશને પામે છે. આદિ શબ્દથી અહીં=ચરણાદિમાં, હાથનું ગ્રહણ છે અને તેના અકરણમાં=હાથ અને ચરણને ધોવાના અકરણમાં, અન્નનો અભોગ છે. જે કારણથી દિગંબરના સિદ્ધાંતમાં પાદાદિપ્રક્ષાલના અનંતર જ સાધુઓને ભોજન અનુજ્ઞાત છે. અને ગૃહસ્થની ભોજનદાનની શક્તિનો અભાવ હોવાના કારણે અને ભોજનના અલાભમાં તેના માટે=ભોજન માટે, પર્યટન કરાયે છતે પલિમંથ દોષ પ્રાપ્ત થાય=સ્વાધ્યાયના વ્યાઘાતનો દોષ સાધુને પ્રાપ્ત થાય. ।।૧૦૭૮।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કરાયું એ રીતે શાસ્ત્રવિધિ અનુસાર વસ્ત્રનું ગ્રહણ સાધુ માટે નિર્દોષ છે. એ રીતે પાત્રનું ગ્રહણ પણ સાધુ માટે નિર્દોષ છે. જે કારણથી પાત્ર વગર ગૃહસ્થના ઘરે સાધુ ભોજન કરે તો નિયમથી છ જીવનિકાયની વિરાધના પ્રાપ્ત થાય. કઈ રીતે ગૃહસ્થના ઘરે ભોજન કરવામાં છ જીવનિકાયની વિરાધના પ્રાપ્ત થાય ? તે બતાવતાં કહે છે – દિગંબર શાસ્ત્રના સિદ્ધાંતમાં સાધુને હાથ અને પગને ધોઈને આહાર વાપરવાની અનુજ્ઞા છે તેથી ગૃહસ્થના ઘરે હાથ-પગ ધોવા માટે તે સાધુ પ્રયત્ન કરશે ત્યારે પાણીના જીવો નાશ પામશે અને જ્યાં હાથ-પગ ધોશે ત્યાં રહેલા ત્રસજીવો નાશ પામશે; કેમ કે ત્યાં હાથ-પગ ધોયા પછી ગૃહસ્થ તે સ્થાનને સ્વચ્છ કરશે ત્યારે ત્યાં રહેલા ત્રસજીવો તે સ્વચ્છ કરવાની ક્રિયાથી વિનાશ પામશે માટે ગૃહસ્થના ઘરે ભોજન કરવામાં ષડ્જીવનિકાયના વધનો સંભવ છે. વળી, એક સાધુને સંયમ નિર્વાહ માટે આવશ્યક ભોજનદાનની શક્તિ કોઈ ગૃહસ્થની ન હોય તો તે ઘરમાંથી આહારગ્રહણ કર્યા વગર તેવા અન્ય ગૃહસ્થના ઘરને પ્રાપ્ત કરવા અર્થે સાધુ અનેક ઘરોમાં પર્યટન કરે તો સ્વાધ્યાયનો વ્યાઘાત થાય; કેમ કે અનેક ઘરોમાં ફર્યા પછી જે કોઈ એક ઘરથી સંયમને યોગ્ય આહાર પ્રાપ્ત કરવો છે. તેથી બે ત્રણ ઘરોથી થોડું થોડું ગ્રહણ કરીને દિગંબર સાધુ દેહનો નિર્વાહ કરી શકે નહિ. માટે સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. જ્યારે શ્વેતાંબર સાધુ તો બે-ત્રણ ઘરોમાંથી કંઈક કંઈક ભોજનાદિ ગ્રહણ કરીને સંયમ નિર્વાહને અનુકૂળ યત્ન કરે છે. જેથી સ્વાધ્યાયના વ્યાઘાતનો દોષ પ્રાપ્ત થતો નથી. માટે સાધુએ પાત્ર

ધારણ કરવું જોઈએ. જેથી તેમાં ભોજન ગ્રહણ કરીને દેહનો નિર્વાહ થાય અને ષડ્જીવનિકાયનું રક્ષણ પણ થાય. ॥૧૦૭૭-૧૦૭૮॥

અવતરણિકા :-

અપિ ચ—

અવતરણિકાર્થ :-

વળી=પાત્ર વગર અન્ય દોષ પ્રાપ્ત થાય છે તેનો સમુચ્ચય કરે છે —

ગાથા :-

एगऽत्रे आरंभा कायवहो चेव तह य परि(डि)बंधो ।
विरियायारपभंसण भमराहरणं च वइमेत्तं ।।१०७९।।

છાયા :-

एकात्रे आरंभात् कायवध एव तथा च प्रतिबन्धः ।
वीर्याचारप्रभंशनं भ्रमराहरणं च वाङ्मात्रम् ।।१०७९।।

ગાથાર્થ :-

એક ઘરમાં સાધુ આહાર ગ્રહણ કર્યે છતે આરંભથી કાયવધ, પ્રતિબંધ=ગૃહસ્થો પ્રત્યે સ્નેહ, વીર્યાચારનો ભ્રંશ અને ભ્રમરાનું દૃષ્ટાંત વચન માત્ર થાય. ॥૧૦૭૯॥

ટીકા :-

एकस्मिन् गृहेऽत्रे भोक्तव्ये सति आरम्भाद्-आरम्भसंभवात्कायवधप्रसङ्गः प्राप्नोति । तथा तेषु गृहस्थेषु उपरि महान् प्रतिबन्धः, वीर्याचारभ्रंसनं(प्रभ्रंशनं) च । यदपि सूत्रे भ्रमराहरणमुक्तं यथा— 'जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसमित्यादि' तदपि वाङ्मात्रमिति ।।१०७९।।

ટીકાર્થ :-

एकस्मिन् ..... मात्रमिति ।। એક ઘરમાં અન્ન ભોજન કરાયે છતે આરંભનો સંભવ હોવાને કારણે=સાધુને આવશ્યક પ્રમાણમાં આહાર આપવાના પ્રયોજનથી આરંભનો સંભવ હોવાને કારણે, કાયવધનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તે ગૃહસ્થો ઉપર=જેઓ આહાર આપે છે તે ગૃહસ્થો ઉપર, મહાન પ્રતિબંધ થાય='આ ગૃહસ્થો મારા પ્રત્યે ભક્તિના પરિણામવાળા છે' તેથી સ્નેહનો પરિણામ થાય, અને વીર્યાચારનો નાશ થાય. જે વળી, સૂત્રમાં ભ્રમરનું દૃષ્ટાંત કહેવાયું છે. તે પણ વાણીમાત્રથી થાય. તે દૃષ્ટાંત 'યથા'થી બતાવે છે — "જે પ્રમાણે વૃક્ષનાં પુષ્પોમાં ભ્રમરો રસને ગ્રહણ કરે છે ઈત્યાદિ." તે પ્રમાણે સાધુ આહાર ગ્રહણ કરે છે, તે પણ વાણીમાત્ર થાય અર્થાત્ તેનું પાલન થાય નહીં. ॥૧૦૭૯॥

ભાવાર્થ :-

દિગંબર સાધુ પાત્રાં ન રાખે અને તેઓના સિદ્ધાંત અનુસાર હાથ-પગ ધોઈને ભોજન કરે, તો તે સાધુને એક ઘરમાં ભોજનનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તે પ્રમાણે ભોજન કરે તો તે સાધુ નિમિત્તે આરંભનો સંભવ છે; કેમ કે તે સાધુ ભોજન કરે તેટલા પ્રમાણમાં ગૃહસ્થ ભોજનનું દાન કરે તો તેમના નિમિત્તે ભોજન કરવાનો પ્રસંગ આવે અથવા પોતાના અર્થે કરેલું ભોજન આપે તો પણ તે સાધુને ભોજન આપ્યા પછી ગૃહસ્થને પોતાના નિમિત્તે અન્ય ભોજન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી કાયવધનો પ્રસંગ દિગંબર સાધુને પ્રાપ્ત થાય; કેમ કે પાત્ર નહીં હોવાથી ભિન્ન ભિન્ન ઘરમાંથી ભોજન ગ્રહણ કરીને તે આહાર ગ્રહણ કરી શકે નહીં. વળી, જે ગૃહસ્થો તે સાધુને આવશ્યક પ્રમાણમાં ભોજન આપે તેઓ પ્રત્યે સાધુને સ્નેહથી પ્રતિબંધ થાય; કેમ કે પાત્ર નહીં હોવાથી દરેક ઘરમાંથી અલ્પ અલ્પ પ્રમાણમાં ગ્રહણ કરીને સાધુ દેહનો નિર્વાહ કરી શકે નહીં. તેથી જે ગૃહસ્થો તે સાધુને આવશ્યક પ્રમાણમાં આહાર આપે તેવા ગૃહસ્થોને ઘરે જ સાધુએ ભિક્ષા ગ્રહણ કરવી પડે, અન્ય ઘરોથી ભિક્ષા ગ્રહણ કરી શકે નહીં. તેથી તેવા ભક્તિવાળા ગૃહસ્થો પ્રત્યે સ્નેહનો પરિણામ થાય. જ્યારે પાત્ર હોય તો અનેક ઘરોમાંથી તે પ્રકારે અલ્પ અલ્પ ગ્રહણ કરે જેથી કોઈ ભક્તિવાળા ગૃહસ્થો પ્રત્યે પ્રતિબંધ થવાનો પ્રસંગ આવે નહીં. વળી, સાધુ પાસે પાત્ર ન હોય તો અપ્રમાદભાવની વૃદ્ધિ થાય એ પ્રકારે ભિક્ષા અર્થે અટન કરવાને બદલે કોઈ પ્રતિનિયત ઘરે જ આહાર માટે જવું પડે. તેથી વીર્યાચારના પાલનનો નાશ થાય; કેમ કે સુસાધુ સંયમની વૃદ્ધિના અંગભૂત આહારની પ્રાપ્તિ અર્થે ઘરે ઘરે ભિક્ષા માટે જાય ત્યારે વિચારે કે 'નિર્દોષ ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે, નહીં મળે તો તપની વૃદ્ધિ થશે.' એ પ્રકારના પરિણામપૂર્વક ભિક્ષા માટે જે પરિભ્રમણ કરે છે તે ક્રિયામાં પોતાનું વીર્ય નહીં ગોપવેલું હોવાથી વીર્યાચારનું પાલન થાય છે પરંતુ દિગંબર સાધુ પાસે પાત્ર નહીં હોવાથી ભિક્ષાર્થે તે પ્રકારે પરિભ્રમણ કરીને વીર્યાચારનું પાલન કરી શકે નહીં. તેથી એક ઘરમાં ભોજન કરે તો તે પ્રકારના વીર્યાચારના પાલનજન્ય નિર્જરાની અપ્રાપ્તિ થાય. વળી, શાસ્ત્રમાં સાધુના ભિક્ષાગ્રહણને ભ્રમરના ઉદાહરણથી બતાવેલ છે. જેમ ભમરો પુષ્પોમાંથી રસ ગ્રહણ કરે તો પણ તે પુષ્પને લેશ પણ કિલામણા થાય નહીં; કેમ કે ભમરો તેટલા પ્રમાણમાં અલ્પ જ રસ તે પુષ્પોથી ગ્રહણ કરે છે તેથી તે પુષ્પ કરમાઈ જતું નથી તેમ પાત્રધારી સુસાધુ પોતાના દેહના પાલન અર્થે ભિક્ષાઅટન કરે ત્યારે ગૃહસ્થના ઘરેથી તેટલો જ પરિમિત આહાર ગ્રહણ કરે છે જેથી પોતાનો આહાર અલ્પ થયો છે તદ્જન્ય લેશપણ કિલામણા ગૃહસ્થને થાય નહીં. તે કથન વાણીમાત્રરૂપ થાય; કેમ કે પાત્ર વગર સાધુ તે પ્રકારે ભિક્ષા અર્થે અટન કરી શકે નહીં. માટે વિધિપૂર્વક ગ્રહણ કરાયેલું પાત્ર સાધુની સંયમવૃદ્ધિનું કારણ છે તેમ સ્વીકારવું જોઈએ. ॥૧૦૭૯॥

અવતરણિકા :-

स्यादेतत्रैवैकस्मिन्गृहे यथातृप्ति भोक्तव्यं किंतु प्रतिगृहमबाधया भिक्षामात्रं, ततो न कश्चित् पूर्वोक्तदोषावकाश इत्येतदाशङ्क्याह–

અવતરણિકાર્થ :-

આ થાય=દિગંબરના મતે આગળમાં કહે છે એ થાય. એક ઘરમાં યથાતૃપ્તિ ભોજન કરવું જોઈએ નહિ=સાધુએ ભોજન કરવું જોઈએ નહીં, પરંતુ દરેક ઘરમાં અબાધાથી=ગૃહસ્થને પીડા ન થાય એ પ્રકારથી, ભિક્ષામાત્ર ગ્રહણ કરવી જોઈએ, તેથી પૂર્વમાં કહેવાયેલા કોઈ દોષનો અવકાશ નથી=ગાથા-૧૦૭૯માં કહેવાયેલા દોષોનો અવકાશ નથી, એ આશંકા કરીને કહે છે –

ગાથા :-

भिक्खाडणेवि अहिगो आउक्कायादिघातदोसो तु ।
फासुगमवि य तसेहिं णेगंतेणं असंसत्तं ।।१०८०।।

છાયા :-

भिक्षाटनेऽपि अधिकोऽप्कायादिघातदोषस्तु ।
प्रासुक्तमपि च त्रसैर्नैकान्तेनासंसक्तम् ।।१०८०।।

ગાથાર્થ :-

ભિક્ષાઅટનમાં પણ અધિક જ અપ્કાયાદિ જીવોના ઘાતનો દોષ છે અને પ્રાસુક પણ ત્રસ જીવો વડે એકાંતથી અસંસક્ત નથી. ।।૧૦૮૦।।

ટીકા :-

भिक्षाटनेऽपि करचरणप्रक्षालनमन्तरेणानभ्युपगमात्तत्करणे सति अधिक एवाप्कायादिजीवघातदोषः प्राप्नोति । तुरेवकारार्थो भिन्नक्रमश्च स च यथास्थानं योजितः । अप्कायादीत्यत्रादिशब्दादप्कायगत-त्रसादिजीवपरिग्रहः । अथोच्येत-प्रासुकजलेन करचरणान् प्रक्षालयिष्यति ततः को दोष इत्यत आह–'फासुगेत्यादि' प्राशु(सु)कमपि तन्दुलोदकादि नैकान्तेनैव त्रसैरसंसक्तं भवति, ततस्तद्-व्याघातदोषः कथं परिहृियेतेति? । वस्त्रेण शोधिते सति तस्मिन् जले न कश्चिद्दोष इति चेत्, न, सूक्ष्मजन्तूनां छेदनादीनां वस्त्रेणाप्यपनेतुमशक्यत्वात् । उक्तं च–

'कुसुम्भकुङ्कुमाम्भोवन्निचितं सूक्ष्मजन्तुभिः ।
न घनेनापि वस्त्रेण, शक्यं शोधयितुं जलम् ।।१।।'

इति, तत्र उपयोगः क्रियते ततो नोक्तदोषावकाश इति चेत्?, न, अदर्शनमात्रेण तदभावनिश्चया-नुपपत्तेः । न चादर्शनमात्रच्छलेन सत्त्वा न सन्तीति प्रतिपद्य तदुपभोगः क्रियमाणो न दोषाय भवेत्, न हि श्लथविषचूर्णव्यामिश्रे पयसि भुज्यमाने अनुपलभ्यमाना अपि विषकणिका जीवितापगमाय न प्रभवन्तीति ।।१०८०।।

ટીકાર્થ :-

भिक्षाटनेऽपि ..... प्रभवन्तीति ।। ભિક્ષાઅટનમાં પણ કરચરણના પ્રક્ષાલન વગર ભોજનગ્રહણનો અસ્વીકાર હોવાથી તે કરાયે છતે=ભિન્ન ભિન્ન ઘરમાં હાથ-પગ ધોઈને ભિક્ષાનું ભોજન કરાયે છતે, અધિક જ અપ્કાયાદિ જીવના ઘાતનો દોષ પ્રાપ્ત થાય છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો અને ભિન્ન ક્રમવાળો છે અને તે=એવકાર, યથાસ્થાન='અધિક' પાસે, યોજન કરાયેલો છે. અપ્કાયાદિ એ પ્રકારના કથનમાં આદિ શબ્દથી અપ્કાયગત ત્રસાદિ જીવનું ગ્રહણ છે. હવે દિગંબર વડે કહેવાય છે – પ્રાસુક જલથી કરચરણનું પ્રક્ષાલન કરાશે, તેથી શું દોષ છે ? આથી કહે છે – પ્રાસુક પણ ચોખાદિનું પાણી એકાંતથી જ ત્રસ જીવોથી અસંસક્ત નથી, તેથી તેના વ્યાઘાતનો દોષ કેવી રીતે પરિહાર થઈ શકે ? વસ્ત્રથી તે જલ ગાળે છતે કોઈ દોષ નથી. એને ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે સૂક્ષ્મ જીવોને વસ્ત્રથી પણ છેદનાદિનું દૂર કરવું અશક્યપણું છે અને કહેવાયું છે – "કુસુંભ અને કુંકુમના પાણીની જેમ સૂક્ષ્મ જંતુઓથી નિચિત્ત એવું પાણી, જાડા પણ વસ્ત્રથી શોધન કરવા માટે શક્ય નથી" **ત્યાં ઉપયોગ કરાય છે=ચોખાના ધોવાણ આદિ પાણીમાં ત્રસ જીવો છે કે નહીં તે વિષયમાં સાધુ દ્વારા ઉપયોગ કરાય છે, તેથી પૂર્વમાં કહેલા દોષનો અવકાશ નથી, એ પ્રમાણે જો દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે અદર્શનમાત્રથી=ત્રસ જીવોના અદર્શનમાત્રથી, તેના અભાવના નિશ્ચયની અનુપપત્તિ છે=ચોખાના ધોવાણમાં ત્રસ જીવોનો અભાવ છે એ પ્રકારના નિશ્ચયની અનુપપત્તિ છે, અને અદર્શનમાત્રથી=સાધુ ચોખાના ધોવાણમાં ત્રસ જીવો છે કે નહીં તેનું અવલોકન કરીને તેમાં જીવોના અદર્શનમાત્રથી, છલ દ્વારા સત્ત્વ નથી=જીવો નથી, એ પ્રમાણે સ્વીકારીને તેનો કરાતો ઉપભોગ=જીવસંસક્ત ચોખાના ધોવાણાદિનો કરાતો ઉપભોગ, દોષ માટે ન થાય એમ નહીં અર્થાત્ દોષ માટે થાય. હિ=જે કારણથી, અલ્પ વિષના ચૂર્ણથી વ્યામિશ્ર એવું દૂધ પિવાયે છતે નહીં દેખાતા પણ વિષના કણિયાઓ જીવિતના અપગમ માટે થતા નથી એમ નહીં. તેથી તે જીવોની હિંસા દોષ માટે થાય જ છે એમ યોજન છે. ।।૧૦૮૦।।**

ભાવાર્થ :-

દિગંબરના સિદ્ધાંત અનુસાર કોઈ સાધુ એક ઘરે ભિક્ષા ન ગ્રહણ કરે, પરંતુ એક ઘરે હાથ-પગ ધોઈને થોડો આહાર ગ્રહણ કરે, ફરી અન્ય ઘરે તે રીતે કરે તો દરેક ઘરે અપ્કાય અને ત્રસ જીવોની વિરાધનાનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે પ્રાયઃ ગૃહસ્થના ઘરે સચિત્ત પાણીમાં જીવો હોય અને તેમાં સૂક્ષ્મ ત્રસ જીવો પણ હોય તે સર્વનો વિનાશ થાય અને કદાચ ચોખાના ધોવાણ આદિ રૂપ પ્રાસુક પાણી હાથાદિ ધોવા માટે દિગંબર સાધુ ગ્રહણ કરે તેમાં પણ ત્રસ જીવોના સંસક્ત થવાનો પ્રસંગ છે. તેથી જેટલા ઘરે ભિક્ષાગ્રહણ કરે ત્યાં સર્વ વિરાધનાની પ્રાપ્તિ થાય. જ્યારે શ્વેતાંબર સાધુ તો પાત્રામાં યતનાપૂર્વક આહાર ગ્રહણ કરે છે. તેથી દરેક ઘરે કરચરણ ધવાનો પ્રસંગ નથી અને તેના કારણે તે વિરાધનાકૃત દોષને શ્વેતાંબર સાધુ પ્રાપ્ત કરતા નથી, ફક્ત દેહના નિર્વાહ અર્થે પ્રાસુક ચોખાના ધોવાણ આદિ લાવે છે ત્યાં પણ જીવરક્ષા અર્થે શક્ય એટલી યતના કરે છે. તેથી સંયમની વૃદ્ધિનું કારણ ન હોય તેવી હિંસા દિગંબર સાધુની જેમ

શ્વેતાંબર સાધુને પ્રાપ્ત થતી નથી. ફક્ત ગમનાગમનમાં અશક્યપરિહારરૂપ હિંસા થાય છે તેમ ચોખાના ધોવાણ આદિને જીવરક્ષા અર્થે ગાળે ત્યારે કોઈ સૂક્ષ્મ જીવોની હિંસા થાય તે અશક્યપરિહાર સ્વરૂપે જ છે. જ્યારે દિગંબર સાધુ તો પાત્રાના ગ્રહણ દ્વારા અપ્કાય આદિ જીવોના ઘાતનું નિવારણ કરી શકે છે. છતાં પાત્રને નહીં ગ્રહણ કરવાના આગ્રહને વશ જે દોષો સેવે છે, તેનાથી અવશ્ય સંયમ મલિન થાય છે. **॥૧૦૮૦॥**

ગાથા :-

उसिणोदगं अह भवे ण होइ पतिगेहमेव तं लोए ।
पडिलेहणाह सेसे तदन्नसंसत्तगे किह णु? ।।१०८१।।

છાયા :-

उष्णोदकमथ भवेन्न भवति प्रतिगृहमेव तल्लोके ।
प्रतिलेखनाऽथ शेषे तदन्यसंसक्ते कथं नु ? ।।१०८१।।

ગાથાર્થ :-

હવે ઉષ્ણ ઉદક હોય તેને ગ્રંથકારશ્રી કહે છે. લોકમાં પ્રત્યેક ઘરમાં તે=ઉષ્ણ ઉદક, પ્રાપ્ત થતું નથી. હવે દિગંબર કહે કે પ્રતિલેખનથી શેષ હોતે છતે=ચતુર્થરસાદિ હોતે છતે, પાદપ્રક્ષાલન કરાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તેનાથી અન્ય જીવો સંસક્ત હોતે છતે કેવી રીતે જીવ વ્યાઘાત નહીં થાય ? ॥૧૦૮૧॥

ટીકા :-

उष्णोदकमथ भवेत्तत्र ततस्तेन करचरणप्रक्षालनाददोष इति । अत्राह–'नेत्यादि' न भवति प्रतिगृहमेव तत्-उष्णोदकं लोके, तत एतदप्युत्तराभासमेव । अथ शेषे-तन्दुलोदकोष्णोदकव्यतिरिक्ते चतुर्थरसादौ प्रतिलेखना-प्रत्युपेक्षणा कर्त्तव्या, ततश्चतुर्थरसादिना पादादिप्रक्षालनं करिष्यत इति प्रतिपद्येथाः? ननु तस्मिन्नपि शेषे-तदन्यसत्त्वसंसक्ते सति कथं नु भविष्यति जीवव्याघाताभावो?, नैव कथंचनेति भाव इति यत्किंचिदेतत् ।।१०८१।।

ટીકાર્થ :-

उष्णोदकमथ ..... यत्किंचिदेतत् ।। હવે ત્યાં=ગૃહસ્થના ઘરે, ઉકાળેલું પાણી હોય તો તેનાથી કરચરણ પ્રક્ષાલનથી દોષ નથી. અહીં=દિગંબરના કથનમાં, કહે છે – લોકમાં પ્રતિઘરમાં જ તે= ઉકાળેલું પાણી, નથી જ. તેથી આ પણ=ઉકાળેલા પાણીથી હાથ-પગ ધોઈને પ્રતિઘરે સાધુ ભોજન કરશે એ પણ, ઉત્તરાભાસ જ છે=અસદ્ ઉત્તર જ છે. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે – શેષ=ચોખાના પાણીથી અને ઉકાળેલા પાણીથી વ્યતિરિક્ત એવા ચતુર્થરસાદિમાં પ્રતિલેખના અને પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ અર્થાત્ ચતુર્થરસભૂત છાસ વગેરેના ધોવાણો રૂપ અન્ય અચિત્ત જલાદિમાં જીવો છે

કે નહીં તેનું અવલોકન અને પ્રતિલેખન કરવું જોઈએ ત્યારપછી ચતુર્થરસાદિ દ્વારા પાદાદિનું પ્રક્ષાલન કરાશે, એ પ્રમાણે તું સ્વીકારે તો ગ્રંથકારશ્રી કહે છે – તે શેષમાં પણ તેનાથી અન્ય જીવો સંસક્ત થયે છતે કેવી રીતે જીવના વ્યાઘાતનો અભાવ થશે ? અર્થાત્ કોઈ રીતે ન જ થાય. એથી આ=પૂર્વપક્ષીનું સમાધાન, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે. ॥૧૦૮૧॥

ભાવાર્થ :-

દિગંબરો પાત્રને પરિગ્રહરૂપે સ્વીકારે છે અને તે સ્વીકારવાને કારણે ગૃહસ્થના ઘરે હાથ-પગ ધોઈને ભોજન કરવાથી પાત્રગ્રહણ કરવાની જરૂર નથી એમ સ્વીકારે છે અને તે હાથ-પગ ધોવા માટે જે ગૃહસ્થના ઘરે સહજ, નિર્દોષ ઉકાળેલું પાણી મળે તેના ઘરે તે પાણીથી સાધુ હાથ-પગનું પ્રક્ષાલન કરશે. તેથી તેને કોઈ દોષ લાગશે નહીં એમ કહે છે.

વસ્તુતઃ ઉકાળેલું પાણી દરેક ગૃહસ્થના ઘરે પ્રાપ્ત થશે તે કથન વાણીમાત્રથી સુંદર લાગે છે. પરંતુ પ્રાયઃ સંભવતું નથી. જ્યારે પાત્રગ્રહણ કરીને સુસાધુ ભોજન લઈને આવે તો આ પ્રકારની હિંસાના દોષનો સંભવ નથી. માટે ગુરુ-લાઘવની વિચારણા કરીએ તો પાત્રગ્રહણ ઉચિત જ છે. જેથી હાથ-પગ ધોવાની પ્રવૃત્તિથી હિંસાના પરિહારનો સંભવ થઈ શકે.

વળી, ચોખાનું ધોવાણ કે ઉકાળેલું પાણી ન મળે તો છાશ વિગેરેનાં ધોવાણોને ગૃહસ્થો પાસેથી યાચના કરીને અને તેના ભાજનનું પ્રતિલેખન કરીને તે ધોવાણ ગ્રહણ કરે, ત્યારપછી તેમાં જીવો છે કે નહીં ? એ પ્રકારની પ્રત્યુપેક્ષણા કરે અને જીવો ન હોય એમ જણાય તો દિગંબર સાધુ તેનાથી હાથ-પગનું પ્રક્ષાલન કરશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – અને તે પણ ચતુર્થરસાદિ જીવસંસક્ત હશે તો અન્યની અપ્રાપ્તિને કારણે તેનાથી હાથ-પગાદિનું પ્રક્ષાલન કરશે તો જીવહિંસા કેમ નહીં થાય ? માટે જીવહિંસાના પરિહાર અર્થે જ સાધુને પાત્રનું ગ્રહણ જરૂરી છે. **॥૧૦૮૧॥**

અવતરણિકા :-

પુનરપ્યત્ર દોષાન્તરમાહ–

અવતરણિકાર્થ :-

ફરી પણ અહીં=અનેક ઘરોમાં કરચરણના પ્રક્ષાલનમાં, દોષાંતરને કહે છે –

ગાથા :-

પાણુજ્ઝણે હિ હિંસા ણેચ્છઇ ય ગિહી તયં તહિં છોઢું ।
ણ ય તીરઇ જત્થુચિયં નેઊણ કરેહિ કહ એત્થ? ।।૧૦૮૨।।

છાયા :-

પાનીયોજ્ઝને હિ હિંસા નેચ્છતિ ચ ગૃહી તકત્ તત્ર ક્ષેપ્તુમ્ ।
ન ચ શક્યતે યત્રોચિતં નૌત્વા કરાભ્યાં કથમત્ર ? ।।૧૦૮૨।।

ગાથાર્થ :-

પાણીના ત્યાગમાં હિંસા છે, ગૃહસ્થ પાણીને ત્યાં=જ્યાંથી પાણી લાવ્યા હોય ત્યાં, નાખવા માટે ઇચ્છતા નથી અને જ્યાં ઉચિત છે ત્યાં કરથી લઈ જવા માટે સમર્થ નથી. અહીં શું કરવું જોઈએ ? ।।૧૦૮૨।।

ટીકા :-

कीटकादिसत्त्वसंसक्तदेशे हि पादादिप्रक्षालनपानीयोज्झने क्रियमाणे कीटकादिसत्त्वानां हिंसाऽवश्यं भाविनी, न चेच्छति गृही तकत्-पादादिप्रक्षालनजलं यतः स्थानात् प्रथमत आनीतं तस्मिन् स्थाने क्षेप्तुं, न च यस्मिन् देशे कीटकादिरहिते तदुचितमुज्झितुं तत्र देशे कराभ्यां नेतुं शक्यते, तत् कथमत्र कर्त्तव्यं?, ततः पात्रग्रहणं कर्त्तव्यमेव ।।१०८२।।

ટીકાર્થ :-

कीटकादिसत्त्व ..... कर्त्तव्यमेव ।। કીટકાદિ જીવોથી સંસક્ત દેશમાં પાદાદિના પ્રક્ષાલનના પાણીનો ત્યાગ કરાયે છતે, કીટકાદિ જીવોની હિંસા અવશ્યભાવિની છે અને ગૃહસ્થ તે=પાદાદિ પ્રક્ષાલનનું જલ, જે સ્થાનથી પ્રથમથી લાવેલું હોય તે સ્થાનમાં ફેંકવા માટે ઇચ્છતા નથી અને કીટકાદિ રહિત જે દેશમાં તે ત્યાગ કરવા માટે ઉચિત છે તે દેશમાં હાથો દ્વારા લઈ જવું શક્ય નથી. તેથી અહીં શું કરવું જોઈએ ? તેથી ગ્રંથકારશ્રી કહે છે – પાત્રનું ગ્રહણ કરવું જ જોઈએ. ।।૧૦૮૨।।

ભાવાર્થ :-

દિગંબર સાધુ પાત્રને નહીં રાખવાને કારણે ગૃહસ્થના ઘરે ભોજન કરવા અર્થે હાથ-પગનું પ્રક્ષાલન કરે અને ત્યાં જીવો હોય તો હિંસાનો સંભવ છે. જેમ ગૃહસ્થ કોઈક સ્થાનમાં કહે કે 'આ સ્થાને હાથ-પગ ધોઈને પધારો' અને તે સ્થાને કીડી વગેરે જીવોની હિંસાનો સંભવ છે.

વળી, સાધુ ગૃહસ્થને કહે કે 'જે સ્થાનથી તમે પાણી લાવ્યા છો તે સ્થાનમાં પાણી નાખો જેથી તે પાણીથી ત્રસ જીવોની હિંસા થાય નહીં' પરંતુ સામાન્યથી ગૃહસ્થો સાધુના હાથ-પગનું પ્રક્ષાલન કરેલા પાણીને ઘરની બહાર માટી આદિમાં નાખે છે ત્યાં કીડી આદિ ત્રસ જીવોની સંભાવના રહે છે અને સાધુ હાથમાં ગ્રહણ કરીને પાણીનો ત્યાગ કરવા સમર્થ થતા નથી. તેથી તેના અર્થે સાધુને પાત્રગ્રહણ જ ઉચિત છે જેથી પાત્રમાં ગ્રહણ કરેલ પાણી સાધુ સ્વયં જ જીવ અસંસક્ત સ્થાનમાં ત્યાગ કરી શકે. **॥૧૦૮૨॥**

અવતરણિકા :-

अत्र परस्यावकाशमाशङ्कते–

અવતરણિકાર્થ :-

અહીં પરના અવકાશની આશંકા કરે છે=પ્રતિઘરે હાથમાં ભોજનમાં સાધુને દોષો ગ્રંથકારશ્રીએ બતાવ્યા એમાં દિગંબરના પ્રશ્નના અવકાશની આશંકા કરે છે –

ગાથા :-

सिय पत्तम्मिवि गहिए संसत्ते नियमतो इमे दोसा ।
उचिएवि पुढविखणणादिगा उ णणु बहुतरा होंति ।।१०८३।।

છાયા :-

स्यात्पात्रेऽपि गृहीते संसक्ते नियमत इमे भवन्ति ।
उचितेऽपि पृथिवीखननादिकास्तु ननु बहुतरा भवन्ति ।।१०८३।।

ગાથાર્થ :-

આ થાય, પાત્રમાં સંસક્ત પાણી આદિ ગ્રહણ કરાયે છતે નિયમથી આ દોષો થાય. ઉચિત પણ સ્થાનમાં પૃથ્વીખનનાદિ બહુતર દોષો થાય. ।।૧૦૮૩।।

ટીકા :-

स्यादेतत्, पात्रेऽपि संसक्ते पानीयादौ गृहीते सति ननु नियमत इमे-वक्ष्यमाणा दोषाः प्राप्नुवन्ति । उचितेऽपि स्थाने तस्मिन् संसक्ते जलादौ परिस्थाप्यमाने पृथिवीखननादयो बहुतरा भवन्ति ।।१०८३।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... भवन्ति ।। આ થાય=પૂર્વમાં કહેલા દોષોના વિષયમાં પૂર્વપક્ષીના મતે આ થાય. પાત્રમાં પણ શ્વેતાંબર સાધુ વડે સંસક્ત પાણી આદિ ગ્રહણ કરાયે છતે નિયમથી આ=વક્ષ્યમાણ દોષો, પ્રાપ્ત થાય છે. ઉચિત પણ સ્થાનમાં તે સંસક્ત જલાદિ પરિસ્થાપ્યમાન હોતે છતે પૃથ્વીખનન આદિ બહુતર થાય છે=બહુતર દોષો થાય છે. ।।૧૦૮૩।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે હાથમાં ભિક્ષા ગ્રહણ કરવાથી જીવહિંસાદિ અનેક દોષો થાય છે એમ તમે કહ્યું તેમ શ્વેતાંબર સાધુ પાત્ર ધારણ કરે છતાં કોઈક રીતે જીવ સંસક્ત પાણી કે આહારાદિ ગ્રહણ થાય ત્યારે ખરેખર નિયમથી તમે કહેલા સર્વ દોષો પ્રાપ્ત થાય છે. કઈ રીતે સર્વ દોષો પ્રાપ્ત થાય છે ? તે બતાવવા અર્થે કહે છે – તે પાત્રમાં ગ્રહણ કરાયેલા સંસક્ત જલાદિને પરઠવવા અર્થે પૃથ્વીનું ખનનાદિ કરવું પડે. જેમાં ઘણી વિરાધના થાય છે. **।।૧૦૮૩।।**

અવતરણિકા :-

तथाहि–

અવતરણિકાર્થ :-

તે આ પ્રમાણે=પાત્રમાં ખનનાદિ દોષો પ્રાપ્ત થાય છે તે 'तथाहि'થી બતાવે છે –

ગાથા :-

पुढवीखणणे काया अखए य तं सुसइ मुक्कमेत्तं तु ।
जलउल्ले कायच्चिय भंडगचाए(वि) अहिगरणं ।।१०८४।।

છાયા :-

पृथ्वीखनने काया अखाते च तत् शुष्यति मुक्तमात्रं तु ।
जलार्द्रे काया एव भण्डकत्यागे(ऽपि) अधिकरणम् ।।१०८४।।

ગાથાર્થ :-

પૃથ્વીના ખનનમાં પૃથ્વીકાયની વિરાધના થાય અને અખનનમાં તે=સંસક્ત જલ, મુકાયેલું માત્ર જ શોષાઈ જાય. જલથી ભીના સ્થાનમાં કાયની જ=પૃથ્વીકાયની જ, વિરાધના થાય. ભંડકના ત્યાગમાં=પાત્રના ત્યાગમાં, અધિકરણ થાય. ।।૧૦૮૪।।

ટીકા :-

पृथ्वीखनने कायाः-पृथिवीकायाः सत्त्वा व्यापाद्यन्ते, अखाते च-अखनने च तत्-संसक्तं जलं मुक्तमात्रमेव सत् शुष्यति, स्थानस्य शुष्कत्वात् । ततश्चेत्थमपि सत्त्वविराधना । अथ जलार्द्रे स्थाने तत्परिस्थापयिष्यते तेनोक्तदोषाभाव इति, तत्राह—'जलेत्यादि' जलार्द्रे स्थाने संसक्तं जलं परिस्थापयतः सतः कायाः-पृथिव्यप्काया विपद्यन्ते, संसक्तजलेन तेषां विराध्यमानत्वात् । स्यादेतत्, स्युरेते दोषा यद्येवं क्रियते यावता सभण्डकमेव तत् संसक्तं जलं परिस्थाप्यते ततो न कश्चिद्दोष इति अत आह—'भंडगेत्यादि' भण्डकत्यागेऽपि तस्य गृहस्थादिना परिग्रहादधिकरणदोषसंभव इति ।।१०८४।।

ટીકાર્થ :-

पृथ्वीखनने ..... संभव इति ।। પૃથ્વીખનનમાં કાયા=પૃથ્વીકાય જીવો, મરે છે અને અખનનમાં તે=સંસક્ત જલ, મુકાયેલું માત્ર જ છતું શોષાય છે; કેમ કે સ્થાનનું શુષ્કપણું છે=સૂકાપણું છે. અને તેથી આ રીતે પણ=ખનન-અખનન બંને રીતે પણ, જીવની વિરાધના છે. હવે જલથી ભીના સ્થાનમાં તે સચિત્ત જલને પરઠવાશે, તેથી ઉક્ત દોષનો અભાવ છે એમ શ્વેતાંબર સાધુ કહે ત્યાં દિગંબર કહે છે — જલથી ભીના સ્થાનમાં સંસક્ત જલ પરઠવા છતા પૃથ્વીકાય અને અપ્કાય જીવો નાશ પામશે; કેમ કે જીવસંસક્ત જલથી તેઓનું=પૃથ્વીકાયનું અને અપ્કાયનું, વિરાધ્યમાનપણું છે. આ થાય=શ્વેતાંબરના મતે આ થાય, આ દોષો=દિગંબરે કહ્યા એ દોષો, થાય. જો આ પ્રમાણે કરાય છે=પૂર્વમાં દિગંબરે કહ્યું એ પ્રમાણે કરાય છે, જેટલાથી ભાંડા સહિત જ=ઠીકરાદિ સહિત જ, તે સંસક્ત જલ પરિસ્થાપન કરાય છે, તેથી કોઈ દોષ નથી, એથી દિગંબર કહે છે — ભંડકના ત્યાગમાં

પણ તેનું=ભાંડનું, ગૃહસ્થાદિ દ્વારા ગ્રહણ થવાથી=ગૃહસ્થ કે કૂતરાદિ દ્વારા ભાંડનું ગ્રહણ થવાથી, અધિકરણ દોષનો સંભવ છે. ॥૧૦૮૪॥

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે શ્વેતાંબર સાધુ પાત્ર ગ્રહણ કરે અને કોઈક રીતે જીવસંસક્ત પાણી પ્રાપ્ત થાય અને સાધુને ખ્યાલ આવે કે આ જલ જીવસંસક્ત છે, ત્યારે તેને પરઠવવા અર્થે કોઈક સ્થાનમાં ખાડો કરીને પરઠવશે તો ખાડો કરવાથી પૃથ્વીકાય જીવોની હિંસા થશે, ખાડો કર્યા વગર જીવથી સંસક્ત પાણી કોઈ ભૂમિમાં પરઠવશે તો તે પૃથ્વી ઉપરના ભાગમાં સૂકી હોવાથી તે જલ શોષાઈ જશે, તેથી પાણીમાં રહેલા જીવોનો વિનાશ થશે. તેથી પાત્રાને ધારણ કરીને પણ તે જીવોનો વિનાશ જ થશે. હવે કદાચ શ્વેતાંબર સાધુ કહે કે તે સંસક્તજલ અમે જલથી ભીના સ્થાનમાં પરઠવશું. તેથી તે જીવોનો નાશ થશે નહીં; કેમ કે પૃથ્વી ભીની હોવાથી તે સંસક્ત જીવોવાળું પાણી પૃથ્વીથી શોષાશે નહીં. ત્યાં દિગંબર કહે છે કે પાણીથી ભીના સ્થાનમાં પણ જીવસંસક્ત જલને પરઠવવાથી પૃથ્વીકાય અને અપ્કાય જીવોની વિરાધના થશે; કેમ કે જલ અને પૃથ્વી પરસ્પર શસ્ત્રરૂપ છે, તેથી જીવસંસક્ત જલ વડે પૃથ્વીકાય જીવોની વિરાધના થશે. ત્યાં શ્વેતાંબર સાધુ કહે કે અમે તે સંસક્તજલને પાત્રાસહિત જ પરઠવશું, જેથી કોઈ દોષ પ્રાપ્ત થશે નહીં. ત્યાં દિગંબર કહે છે કે તે પાત્રાનો ત્યાગ કરાયે છતે કોઈ ગૃહસ્થ કે પશુ આદિ તે પાત્રાને ગ્રહણ કરીને આરંભ-સમારંભમાં ઉપયોગ કરે અથવા પશુ તેને ગ્રહણ કરીને તે પાત્રાને આમતેમ ફેરવે જેનાથી હિંસા થશે તેથી સાધુનું પાત્ર જીવહિંસાનું અધિકરણ બનવાથી અધિકરણ દોષની પ્રાપ્તિ થશે. **॥૧૦૮૪॥**

ગાથા :-

तेणं विणावि दोसो पत्थेमाणस्स अद्धखेदादि ।
बहुगहणं उस्सुत्तं निप्फलपलिमंथदोसो य ।।१०८५।।

છાયા :-

तेन विनापि दोषः प्रार्थयामानस्याध्वखेदादयः ।
बहुग्रहणमुत्सूत्रं निष्फलपरिमन्थदोषस्तु ।।१०८५।।

ગાથાર્થ :-

સાધુ સંસક્ત જલ પાત્રા સહિત ત્યાગ કરે તો તેના વગર પણ દોષ છે, પ્રાર્થના કરતા સાધુને અધ્વખેદાદિ દોષો છે. બહુ પાત્રગ્રહણ ઉત્સૂત્ર છે અને નિષ્ફલ પરિમંથ દોષ છે. ।।૧૦૮૫।।

ટીકા :-

तेन-भण्डकेन विनाऽपि भण्डकत्यागेऽपि सतीतियावत् दोषाः अन्यत् भण्डकं प्रार्थयमानस्याध्व-खेदादयः प्राप्नुवन्ति । अथोच्येत-नह्येकमेव भण्डकं येनान्यत् प्रार्थयमानस्याध्वखेदादयो दोषा

भवेयुः किंतु भूयांसि सन्ति ततो यथोक्तदोषानवकाश इति, अत्राह—'बहु इत्यादि' बहुभण्डकग्रहणमुत्सूत्रं-सूत्रानभिमतं, बहुभण्डककरणे च निष्फलपरिमन्थदोष आपद्यते ।।१०८५।।

ટીકાર્થ :-

તેન ..... આપદ્યતે ।। પાત્રાનો ત્યાગ પણ, કરાયે છતે તે ભંડક વિના પણ દોષો થશે. કયા દોષો થશે ? તે બતાવે છે. બીજા પાત્રની ગવેષણા કરતા સાધુને માર્ગના ગમનનો શ્રમ અને સ્વાધ્યાયનો ભંગ આદિરૂપ દોષો થશે. હવે શ્વેતાંબર સાધુ વડે કહેવાય છે — એક જ પાત્રું નથી, જે કારણથી અન્ય પાત્રાની પ્રાર્થના કરતાં સાધુને અધ્વખેદાદિ દોષો થાય. પરંતુ ઘણાં પાત્રાંઓ છે. તેથી યથોક્ત દોષનો અનવકાશ છે=તે પાત્રામાં સચિત્ત જલને પરઠવવાથી અધ્યખેદાદિ દોષોનો અવકાશ નથી. આ પ્રકારના શ્વેતાંબર સાધુના સમાધાનમાં દિગંબર કહે છે — ઘણાં પાત્રાંઓનું ગ્રહણ ઉત્સૂત્ર છે=સૂત્રોને અનભિમત છે — અને બહુ પાત્રાના કરણમાં નિષ્ફલ પરિમંથ દોષ પ્રાપ્ત થાય=ઘણાં પાત્રાંઓ રાખવાથી નિષ્કારણ તેને પડિલેહણ આદિ કે સાચવવાદિ પ્રવૃત્તિમાં સાધુઓને સ્વાધ્યાયાદિના વ્યાઘાતનો દોષ પ્રાપ્ત થાય. ।।૧૦૮૫।।

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે શ્વેતાંબર સાધુ પાત્રાં રાખે અને કોઈક રીતે જીવસંસક્ત જલની પ્રાપ્તિ થાય ત્યારે તે સચિત્ત જલના જીવોના રક્ષણાર્થે પાત્રા સહિત કોઈક સ્થાને તેને પરઠવે તો સાધુને દોષોની પ્રાપ્તિ થાય. કયા દોષની પ્રાપ્તિ થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે — પોતાની પાસે વિદ્યમાન પાત્રું આ રીતે પરઠવી દે તો અન્ય પાત્રું પ્રાપ્ત કરવા અર્થે તે સાધુને નિર્દોષ પાત્રાની ગવેષણા કરવી પડશે. જેના કારણે ઘણાં ઘરોમાં અટન કરવું પડે તેથી શરીરનો શ્રમ થશે અને સ્વાધ્યાયાદિનો ભંગ થશે. માટે પાત્ર ધારણ કરવામાં પણ દોષની પ્રાપ્તિ છે. અહીં કોઈ શ્વેતાંબર સાધુ કહે કે અમારી પાસે એક જ પાત્રું નથી જેથી તે પરઠવ્યા પછી તેની ગવેષણામાં અધ્વખેદાદિ દોષો થાય પરંતુ ઘણાં પાત્રાંઓ છે, તેથી જીવ સંસક્તજલને પાત્રામાં પરઠવવાથી કોઈ દોષની પ્રાપ્તિ થશે નહીં. ત્યાં દિગંબર કહે છે — ઘણા પાત્રા રાખવાનો શાસ્ત્રમાં નિષેધ છે તેથી ઉત્સૂત્રના સેવનનો દોષ પ્રાપ્ત થશે અને ઘણાં પાત્રાંઓને સાચવવામાં નિષ્ફળ સ્વાધ્યાયાદિના વ્યાઘાતનો દોષ પ્રાપ્ત થશે; કેમ કે ઘણાં પાત્રાંઓની પ્રતિદિન સારસંભાળમાં જ સાધુનો સમય જશે. **॥૧૦૮૫॥**

અવતરણિકા :-

अथोच्येत नोचितदेशे तदुज्झ्यते नापि सभण्डकं परिस्थाप्यते किंतु तत्संसक्तं जलमन्यस्मिन् जले प्रक्षिप्यते, ततो न दोष इत्यत आह—

અવતરણિકાર્થ :-

'અથ'થી કહેવાય છે. ઉચિત દેશમાં તે=સંસક્ત જલ, ત્યાગ કરાતું નથી. વળી, પાત્રા સહિત

પરઠવાતું નથી પરંતુ તે સંસક્ત જલ અન્ય જલમાં પ્રક્ષેપ કરાય છે, તેથી દોષ નથી. એથી કહે છે= દિગંબર કહે છે –

ગાથા :-

ઘેત્તૂણ ચાઉલોદં સંસત્તં તં જલમ્મિ છુહમાણો ।
ઘાએતિ બહુતરં તં તેણં પરકાયસત્થેણં ।।૧૦૮૬।।

છાયા :-

गृहीत्वा चाउलोदकं ससक्तं तद् जले क्षिपन् ।
घातयति बहुतरं तत्तेन परकायशस्त्रेण ।।१०८६।।

ગાથાર્થ :-

સંસક્ત ચોખાનું પાણી ગ્રહણ કરીને તેને=સંસક્ત ચોખાના પાણીને, જલમાં પરઠવતા સાધુ બહુતર એવા તે તળાવાદિના જીવોનો ઘાત કરે છે; કેમ કે તે પરકાય શસ્ત્ર છે. ।।૧૦૮૬।।

ટીકા :-

गृहीत्वा चाउलोदकं संसक्तं ततस्तदन्यस्मिन् तडागादिजले तत्संसक्तं चाउलोदकं क्षिपन् घातयति बहुतरं तत्-तडागादिजलं संसक्ततन्दुलोदकेन परकायशस्त्रेण ।।१०८६।।

ટીકાર્થ :-

गृहीत्वा ..... शस्त्रेण ।। સંસક્ત ચોખાનું પાણી ગ્રહણ કરીને ત્યારપછી તે=સંસક્ત ચોખાનું પાણી, તેનાથી અન્ય તળાવાદિ જલમાં તે સંસક્ત ચોખાનું પાણી નાખતા સાધુ બહુતર તળાવાદિના જલનો ઘાત કરે છે; કેમ કે સંસક્ત એવું ચોખાનું પાણી પરકાય માટે શસ્ત્ર છે. ।।૧૦૮૬।।

ભાવાર્થ :-

શ્વેતાંબર સાધુ કહે કે કોઈક રીતે જીવસંસક્ત ચોખાના ધોવાણનું પાણી પાત્રમાં પ્રાપ્ત થાય તો અમે તે પાણીને તળાવાદિમાં પરઠવશું જેથી અન્ય દોષો પ્રાપ્ત થશે નહીં. તેને દિગંબર સાધુ કહે છે કે શ્વેતાંબર સાધુને પાત્રમાં કોઈક રીતે સંસક્ત ચોખાનું પાણી પ્રાપ્ત થાય અને તે જીવસંસક્ત ચોખાનું પાણી તળાવાદિમાં પરઠવે તો તળાવના પાણીના ઘણા જીવોનો નાશ થાય; કેમ કે સંસક્ત ચોખાનું પાણી તળાવના પાણી માટે પરકાયરૂપ હોવાથી શસ્ત્ર બને છે. તેથી તે બંને પાણીના જીવો પરસ્પર એકબીજાનું શસ્ત્ર થઈને એકબીજાને નાશ કરશે. **॥૧૦૮૬॥**

ગાથા :-

તા નિયમદોસભાવે જુજ્જતિ ણણુ એત્થ અપ્પબહુચિન્તા ।
ણ ય એતમ્મિવિ ગહિતે અપ્પતરા હોંતિ દોસા ઉ ।।૧૦૮૭।।

છાયા :-

तस्मान्नियमदोषभावे युज्यते ननु अत्राल्पबहुत्वचिन्ता ।
न चैतस्मिन्नपि गृहीते अल्पतरा भवन्ति दोषास्तु ।।१०८७।।

ગાથાર્થ :-

તે કારણથી નિયમથી દોષનો ભાવ હોતે છતે, અહીં=પાત્ર ગ્રહણ-અગ્રહણના વિષયમાં, અલ્પ બહુ ચિંતા ઘટે છે. અને આ પણ ગ્રહણ કરાયે છતે=પાત્ર પણ ગ્રહણ કરાયે છતે, અલ્પતર દોષો થતા નથી. ।।૧૦૮૭।।

ટીકા :-

'તા' तस्मादुभयपक्षेऽपि नियमतो दोषभावे सति युज्यते अल्पबहुत्वचिन्ता, किमिह बहुदोषं किं चाल्पदोषमिति? । न च पात्रे गृहीतेऽपि सति अल्पतरा दोषा भवन्ति किंतु प्रभूता एव, यथोक्तमनन्तरम्, तस्मात्तदग्रहणमेव समीचीनमिति ।।१०८७।।

ટીકાર્થ :-

'તા' तस्मादुभय ..... समीचीनमिति ।। તે કારણથી=પાત્રગ્રહણમાં અનેક દોષો છે તે કારણથી, ઉભય પક્ષમાં પણ=પાત્રના ગ્રહણ અને પાત્રના અગ્રહણ ઉભય પક્ષમાં પણ, નિયમથી દોષનો ભાવ હોતે છતે અલ્પ બહુ ચિંતા કરાય છે. કેવા પ્રકારની અલ્પ બહુ ચિંતા કરાય છે ? તેને કહે છે. અહીં= પાત્રના ગ્રહણ અને અગ્રહણના વિષયમાં, કયું બહુદોષવાળું છે અને કયું અલ્પદોષવાળું છે ? એ પ્રકારની અલ્પબહુત્વ ચિંતા કરાય છે. અને પાત્ર ગ્રહણ કરાયે છતે પણ અલ્પતર દોષો થતા નથી પરંતુ ઘણા જ દોષો થાય છે. જે પ્રમાણે અનંતર કહેવાયું=પૂર્વની થોડીક ગાથાઓમાં જ પાત્રાના ગ્રહણમાં કયા કયા દોષો આવે છે ? તે બતાવાયા, તે કારણથી=પાત્રાના ગ્રહણમાં ઘણા દોષો છે અને પાત્રના અગ્રહણમાં અલ્પ દોષો છે તે કારણથી, તેનું અગ્રહણ જ=પાત્રનું સાધુને અગ્રહણ જ, સમીચીન છે. ।।૧૦૮૭।।

ભાવાર્થ :-

દિગંબરે પાત્રના ગ્રહણમાં સંસક્ત જલની પ્રાપ્તિ થયે છતે કયા કયા દોષોની પ્રાપ્તિ થશે તે અત્યાર સુધી બતાવ્યું. તેનું નિગમન કરતાં કહે છે – પાત્રના અગ્રહણમાં કયા દોષો થાય છે ? તે તમે બતાવ્યા અને પાત્રના ગ્રહણમાં કયા દોષો થાય છે ? એ અમે બતાવ્યા, તેથી ઉભય પક્ષમાં નિયમથી દોષની પ્રાપ્તિ છે, તેમ નક્કી થાય છે. એવા સ્થાને બુદ્ધિમાન પુરુષ અલ્પબહુત્વની ચિંતા કરે છે અર્થાત્ કઈ પ્રવૃત્તિમાં અલ્પ દોષો થશે અને કઈ પ્રવૃત્તિમાં અધિક દોષો થશે તેની વિચારણા કરે છે અને પાત્રગ્રહણમાં પાત્ર નહીં ગ્રહણ કરવા કરતાં અલ્પ દોષો થતા નથી પરંતુ પાત્ર ગ્રહણ કરવાથી અધિક દોષની જ પ્રાપ્તિ છે. માટે કલ્યાણના અર્થી સાધુને પાત્રનું અગ્રહણ જ ઉચિત છે એ પ્રમાણે દિગંબર કહે છે. **॥૧૦૮૭॥**

ગાથા :-

अवियग्गहिए पइगेहमेव उवयोगमत्तगहणातो ।
निस्संगभावणाओ मुणेह अप्पयरभावं तु ।।१०८८।।

છાયા :-

अपि चागृहीते प्रतिगृहमेवोपयोगमात्रग्रहणात् ।
निस्सङ्गभावनातो जानीहि अल्पतरभावं तु ।।१०८८।।

ગાથાર્થ :-

વળી, પાત્ર અગ્રહણ કરાયે છતે, દરેક ઘરમાં ઉપયોગ હોય તેટલું માત્ર આહાર ગ્રહણ કરવાથી અને નિસ્સંગભાવનાથી અલ્પતર ભાવને જ તું જાણ. ।।૧૦૮૮।।

ટીકા :-

अपि चागृहीते सति पात्रे प्रतिगृहमेवोपयोगमात्रग्रहणतो निस्सङ्गभावनातश्च जानीहि दोषाणामल्पतरभावमेव । तुरेवकारार्थः ।।१०८८।।

ટીકાર્થ :-

अपि ..... तुरेवकारार्थः ।। અને વળી પાત્ર અગ્રહણ કરાયે છતે પ્રતિઘરમાં જ ઉપયોગમાત્રના ગ્રહણથી=સંયમને અનુકૂળ ઉપયોગ હોય તેટલા માત્ર આહારના ગ્રહણથી, અને નિસ્સંગભાવનાથી દોષોનો અલ્પતરભાવ જ તું જાણ. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. ।।૧૦૮૮।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે પાત્રના ગ્રહણમાં ઘણા દોષો છે તેથી હવે સાધુ પાત્ર ગ્રહણ ન કરે તો કેવી રીતે અલ્પતર દોષ છે તે સ્પષ્ટ કરવા અર્થે દિગંબર કહે છે – જો સાધુ પાત્ર ગ્રહણ કરે નહીં અને દરેક ઘરે સંયમનો ઉપયોગ રાખીને સંયમને ઉપકારી હોય તેટલો માત્ર આહાર ગ્રહણ કરે પરંતુ પોતાને તૃપ્તિ થાય એ પ્રમાણે ગ્રહણ કરે નહીં. તેથી સંયમની વૃદ્ધિના પ્રયોજનથી જ તે આહારનું ગ્રહણ થાય છે. વળી, સાધુ સંસારના અંતના અત્યંત અર્થી છે, તેથી નિસ્સંગભાવનાથી આત્માને ભાવિત કરે છે. આથી જ નિસ્સંગભાવનાને અતિશય કરવા અર્થે જ પાત્રાનો પણ સંગ રાખતા નથી. તેથી પાત્રાના અગ્રહણને કારણે નિસ્સંગભાવના સમ્યક્ ભાવિત કરી શકાય છે અને આહાર ગ્રહણ કરવામાં યતનાપરાયણ સાધુને પાત્ર ગ્રહણ કરવા કરતાં પાત્ર નહીં ગ્રહણ કરવામાં દોષો અલ્પતર જ છે તેમ જાણવું. **॥૧૦૮૮॥**

અવતરણિકા :-

उपसंहरति–

અવતરણિકાર્થ :-

દિગંબર મતનો ઉપસંહાર કરે છે –

ગાથા :-

तम्हा न पत्तगहणं जुज्जति जिणवयणमुणियसारस्स ।
दावभयरक्खणट्ठा तणघयगहणं व कंतारे ।।१०८९।।

છાયા :-

तस्मान्न पात्रग्रहणं युज्यते जिनवचनज्ञातसारस्य ।
दावभयरक्षणार्थं तृणघृतग्रहणमिव कान्तारे ।।१०८९।।

ગાથાર્થ :-

તે કારણથી જિનવચનના જ્ઞાતસારવાળા મુનિને પાત્રગ્રહણ ઘટતું નથી. જેમ જંગલમાં અગ્નિના ભયના રક્ષણ માટે તૃણ અને ઘીનું ગ્રહણ ઘટતું નથી. ।।૧૦૮૯।।

ટીકા :-

यत एवं पात्रग्रहणे भूयांसो दोषास्तदग्रहणे चाल्पे तस्मान्न पात्रग्रहणं युज्यते जिनवचनज्ञातसारस्य, दावभयरक्षणार्थं तृणघृतग्रहणमिव कान्तारे इति ।।१०८९।।

ટીકાર્થ :-

यत ..... इति ।। જે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પાત્રના ગ્રહણમાં ઘણા દોષો છે અને તેના અગ્રહણમાં=પાત્રના અગ્રહણમાં, અલ્પદોષો છે. તે કારણથી પાત્રનું ગ્રહણ જિનવચનના જ્ઞાતસારવાળા મહાત્માને ઘટતું નથી. જેમ જંગલમાં દાવાનલના ભયના રક્ષણ માટે તૃણ અને ઘી ગ્રહણ કરાતું નથી. ।।૧૦૮૯।।

ભાવાર્થ :-

દિગંબર પોતાના મતનો ઉપસંહાર કરતાં કહે છે કે પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે પાત્રના ગ્રહણમાં ઘણા દોષો છે અને પાત્રના અગ્રહણમાં અલ્પ દોષો છે; કેમ કે સાધુને પ્રધાનરૂપે નિસ્સંગભાવવાળા થવા માટે નિસ્સંગભાવના આવશ્યક છે અને પાત્રરૂપ પરિગ્રહ ન હોય તો સાધુ સમ્યક્ નિસ્સંગભાવના કરી શકે. તેથી દોષોના પરિહારમાં યતનાપરાયણ અને નિસ્સંગભાવનાથી આત્માને ભાવિત કરનાર સાધુને પાત્રના અગ્રહણમાં અલ્પ દોષો થાય છે. માટે જિનવચનના રહસ્યને જાણનારા સાધુએ જિનતુલ્ય થવા અર્થે નિસ્સંગભાવની વૃદ્ધિના ઉપાયમાં જ યત્ન કરવો આવશ્યક છે અને તેના અંગભૂત પાત્રનું અગ્રહણ જ કરવું જોઈએ. જેમ જંગલમાં દાવાનલ લાગ્યો હોય ત્યારે દાહના ભયથી રક્ષણ માટે તૃણ અને ઘી ગ્રહણ કરવું ઉચિત નથી તેમ આત્મામાં સંગભાવનો દાવાનલ સદા વર્તે છે. તેથી સંગભાવના દાવાનલથી આત્માના રક્ષણ માટે સંગભાવની વૃદ્ધિના કારણીભૂત પાત્રનું ગ્રહણ ઉચિત નથી. **॥૧૦૮૯॥**

અવતરણિકા :-

अत्र सूरिराह—

અવતરણિકાર્થ :-

અહીં=દિગંબરના અત્યારસુધીના વક્તવ્યમાં, સૂરિજી કહે છે –

ગાથા :-

न खणेइ तओ पुढविं न मुयइ जहिं सुसइ मुक्कमेत्तं तु ।
जलउल्लं च परोप्परसंजोगाओ अचित्तं तु ।।१०९०।।

છાયા :-

न खनति सकः पृथ्वीं न मुञ्चति यत्र शुष्यति मुक्तमात्रं तु ।
जलार्द्रं च परस्परसंयोगतोऽचित्तं तु ।।१०९०।।

ગાથાર્થ :-

સાધુ પૃથ્વીને ખનન કરતા નથી, પરઠવતા નથી. મુકાયેલું માત્ર જ જ્યાં શોષાઈ જાય અને જલથી ભીંજાયેલું સ્થાન પરસ્પર સંયોગથી અચિત્ત જ છે. ।।૧૦૯૦।।

ટીકા :-

न खनति 'तओत्ति' सकः साधुः पृथ्वीं, न मुञ्चति तत्र यत्र मुक्तमात्रमेव सत् तत्-संसक्तं जलं शुष्यति, किंतु जलार्द्रे स्थाने, तदपि च जलार्द्रं स्थानं परस्परसंयोगतोऽचित्तमेव, तुरेवकारार्थः, नतु सचित्तम् । तेन 'जलउल्ले कायच्चिय' इति पूर्वोक्तो दोषो नानुषज्यत इति ।।१०९०।।

ટીકાર્થ :-

न खनति ..... नानुषज्यत इति ।। તે=સાધુ, પૃથ્વીને ખોદતા નથી=કોઈક રીતે પાત્રમાં જીવસંસક્ત જલ પ્રાપ્ત થયું હોય તેને પરઠવવા અર્થે પૃથ્વી ખોદતા નથી, ત્યાં પરઠવતા નથી જ્યાં પરઠવવા માત્ર જ છતું તે=સંસક્ત પાણી, શોષાઈ જાય પરંતુ જલથી ભીંજાયેલા સ્થાનમાં પરઠવે છે અને તે પણ જલથી ભીનું સ્થાન પરસ્પરના સંયોગથી અચિત્ત જ હોય=પૃથ્વી અને ત્યાં રહેલું ભેજવાળું પાણી પરસ્પર સંયોગથી અચિત્ત જ હોય, તેથી તે અચિત્ત પૃથ્વી અને અચિત્ત જલ હોય ત્યાં જીવસંસક્ત જલ પરઠવવાથી તે જીવસંસક્ત જલ તે પૃથ્વી અને પૂર્વના જલનું શસ્ત્ર બનશે નહીં પરંતુ સચિત્ત નથી=જલથી ભીનું સ્થાન સચિત્ત નથી, ગાથામાં રહેલો 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. તે કારણથી ગાથા-૧૦૮૪માં કહેલ કે જલથી ભીના સ્થાનમાં પરઠવવાથી કાયનો જ=પૃથ્વીકાયનો અને અપ્કાયનો જ, નાશ થાય છે એ પ્રકારનો પૂર્વોક્ત દોષ=ગાથા-૧૦૮૪માં બતાવેલો દોષ, પ્રાપ્ત થતો નથી. ।।૧૦૯૦।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે શ્વેતાંબર સાધુને પાત્રમાં જીવસંસક્ત પાણી પ્રાપ્ત થયેલ હોય તેને પરઠવવા અર્થે પૃથ્વીને ખોદે તો પૃથ્વીકાયના જીવોની વિરાધના થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે – વિવેકી સાધુ સચિત્ત જલને પરઠવવા અર્થે પૃથ્વીનું ખનન કરતા નથી. તેથી તે દોષની પ્રાપ્તિ નથી. વળી, પૃથ્વીને ખોદ્યા વગર પરઠવે તો સૂકી ભૂમિમાં તે જલ તરત શોષાઈ જવાથી તે સચિત્ત જલના જીવો મૃત્યુ પામશે એમ દિગંબર કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – વિવેકી સાધુ જીવસંસક્ત જલ તે ભૂમિમાં પરઠવતા નથી જ્યાં પરઠવવા માત્રથી તે શોષાઈ જાય પરંતુ જે સ્થાન સ્વાભાવિક જલથી ભીનું હોય તે સ્થાનમાં પરઠવે છે અને જલથી ભીનું એવું તે સ્થાન તે જલના અને પૃથ્વીકાયના સંયોગથી પરસ્પર અચિત્ત જ હોય, સચિત્ત જ નહીં; કેમ કે તે પૃથ્વીકાયના જીવો છે ત્યાં કોઈક રીતે જલની પ્રાપ્તિ થઈ અને તે બેનો પરસ્પર સંયોગ થવાથી કેટલાક કાળ પછી તે પૃથ્વીના જીવો અને તે જલના જીવો પરસ્પર શસ્ત્ર થવાથી અચિત્ત બને છે, તેવા સ્થાનમાં જીવસંસક્ત જલ પરઠવવાથી પૂર્વના અચિત્ત જલ સાથે તે જીવસંસક્ત જલના જીવો રહેવાથી તે જલના જીવો પ્રત્યે પૂર્વનું અચિત્ત જલ શસ્ત્ર બનશે નહીં. તેથી ગાથા-૧૦૮૪માં દિગંબરે આપેલા દોષોની પ્રાપ્તિ થતી નથી. **॥૧૦૯૦॥**

ગાથા :-

तत्थवि य महीसिचलणादिघट्ठदेसम्मि उज्झओ विहिणा ।
तदभावे काऊणवि अच्चित्ते हंत को दोसो? ।।१०९१।।

છાયા :-

तत्रापि च महिषीचरणादिघृष्टदेशे उज्झतो विधिना ।
तदभावे कृत्वापि अचित्ते हन्त को दोषः ? ।।१०९१।।

ગાથાર્થ :-

ત્યાં પણ=જલથી ભીના સ્થાનમાં પણ, ભેંસના ચરણ આદિથી ખાડા પડેલા દેશમાં વિધિથી ત્યાગ કરતા તેના અભાવમાં=ભેંસના ચરણથી ખાડા પડેલા દેશના અભાવમાં, અચિત્ત દેશમાં કરીને પણ=ખાડો કરીને પણ, પરઠવે તો ખરેખર શું દોષ છે ? ॥૧૦૯૧॥

ટીકા :-

तत्रापि च जलार्द्रे स्थाने महिषीचरणादिना घृष्टे-लघुगर्त्तारूपे जाते देशे-प्रदेशे विधिना-यतनालक्षणेन सूत्राभिहितेन उज्झतः-परित्यजतः, तदभावे-महिषीचरणादिघृष्टलघुगर्त्तारूपदेशाभावे कृत्वापि गर्त्तारूपं देशमचित्ते स्थाने परित्यजतो हन्त को दोषो?, नैव कश्चनेति भावः ।।१०९१।।

ટીકાર્થ :-

तत्रापि ..... भावः ।। અને ત્યાં પણ=જલથી ભીના સ્થાનમાં પણ, ભેંસના ચરણાદિથી ખૂંદાયેલા દેશમાં=નાના ખાડા રૂપે થયેલા પ્રદેશમાં, વિધિથી=સૂત્રમાં કહેવાયેલ યતનારૂપ વિધિથી, ત્યાગ કરતા=જીવસંસક્ત પાણીનો ત્યાગ કરતા, સાધુને શું દોષ છે ? તેના અભાવમાં=ભેંસના ચરણાદિથી ઘસાયેલા લઘુગર્તારૂપ દેશના અભાવમાં, ખાડારૂપ દેશને કરીને પણ અચિત્ત સ્થાનમાં ત્યાગ કરતા સાધુને ખરેખર શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. ।।૧૦૯૧।।

ભાવાર્થ :-

વળી, પાત્રમાં શ્વેતાંબર સાધુને કોઈ રીતે સચિત્ત જલ પ્રાપ્ત થયું હોય તો તેને પરઠવવા અર્થે જલથી ભીની પૃથ્વી હોય તો એમને એમ પરઠવે તો તે પાણી ઘણા ક્ષેત્રમાં વિસ્તાર પામે, તેથી તે જીવો વિપુલ પ્રમાણમાં નાશ પામે. તેના રક્ષણ અર્થે સાધુ જલથી ભીના સ્થાનમાં પણ ભેંસના ચરણાદિથી નાનો ખાડો થયો હોય એવા ખાડામાં યતનાપૂર્વક તે પાણીને પરઠવે. જેથી જીવોની વિરાધના થાય નહીં અને તે પ્રકારનો ખાડો પ્રાપ્ત ન થાય તો ભીના સ્થાનમાં ખાડો કરીને સચિત્ત પાણી પરઠવે તો પણ દોષની પ્રાપ્તિ થાય નહીં; કેમ કે પાણીથી સંસક્ત તે ભૂમિ અચિત્ત થયેલી હોવાથી ત્યાં પરઠવવામાં તે જીવસંસક્ત જલના જીવોનું રક્ષણ થાય છે. **॥૧૦૯૧॥**

અવતરણિકા :-

अत्र पराभिप्रायमाह—

અવતરણિકાર્થ :-

અહીં=સંસક્ત જલના પરઠવવાના વિષયમાં, પરના=દિગંબરના, અભિપ્રાયને કહે છે —

ગાથા :-

सिय अच्चित्तो उ तओ किमेत्थ माणं? जिणागमो चेव ।
काया मिहो उ सत्थं वन्नादीपरिणयमचित्तं ।।१०९२।।

છાયા :-

स्यादचित्तस्तु सकः किमत्र मानम् ? जिनागम एव ।
काया मिथस्तु शस्त्रं वर्णादिपरिणतमचित्तम् ।।१०९२।।

ગાથાર્થ :-

થાય=શું થાય, તે કહે છે — તે=જલથી ભીનો દેશ, અચિત્ત છે. એમાં શું પ્રમાણ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે — જિનઆગમ જ પ્રમાણ છે. કાયા પરસ્પર શસ્ત્ર છે. વર્ણાદિથી પરિણત અચિત્ત છે. ।।૧૦૯૨।।

ટીકા :-

स्यादेतत्, परस्परं संयोगतः 'तओत्ति' सको जलार्द्रो देशोऽचित्त एवेत्यत्र किं मानं-प्रमाणं?, न हि प्रमाणमन्तरेणोच्यमानं प्रेक्षावतामुपादेयं भवतीत्यत आह—जिनागम एव प्रमाणम्, अतीन्द्रियार्थ-निर्णीतौ निश्चयतस्तस्यैव विजृम्भमाणत्वात्, उक्तं च—

'अतीन्द्रियेषु भावेषु, प्राय एवंविधेषु यत् ।
छद्मस्थस्याविसंवादि, मानमन्यन्न विद्यते ।।१।।'

इति तमेवागमं दर्शयति—'कायेत्यादि' कायाः-पृथ्व्यादयः परस्परं शस्त्रम् । वर्णादिभिश्च परिणतमचित्तमिति ।।१०९२।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... इति ।। આ થાય=દિગંબરના સાધુના મતે આ થાય, પરસ્પર સંયોગથી, તે=જલથી ભીનો દેશ, અચિત્ત જ છે. એ પ્રકારના કથનમાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી. હિ=જે કારણથી, પ્રમાણ વગર કહેવાતું વિચારકોને ઉપાદેય થતું નથી. એથી ગ્રંથકારશ્રી કહે છે — જિનાગમ જ પ્રમાણ છે; કેમ કે અતીન્દ્રિય અર્થના નિર્ણયમાં નિશ્ચયથી તેનું જ સમર્થપણું છે અને કહેવાયું છે, જે કારણથી "પ્રાયઃ આવા પ્રકારના અતીન્દ્રિયભાવોમાં છદ્મસ્થને અવિસંવાદી પ્રમાણ અન્ય વિદ્યમાન નથી=શાસ્ત્રથી અન્ય પ્રમાણ વિદ્યમાન નથી." **તે જ આગમને બતાવે છે. કાયો=પૃથ્વીકાય આદિ, પરસ્પર શસ્ત્ર છે અને વર્ણાદિ પરિણત અચિત્ત છે. ।।૧૦૯૨।।**

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે સાધુને પાત્રમાં જીવસંસક્ત જલ પ્રાપ્ત થાય તો દયાળુ સાધુ કોઈ જલથી ભીના સ્થાનમાં પરઠવે તેથી ત્યાં તે જલના જીવોની વિરાધના ન થાય. ત્યાં દિગંબર શંકા કરે છે – તે ભીની પૃથ્વીમાં પરસ્પર સંયોગને કારણે જલથી ભીનો દેશ અચિત્ત જ છે તેમાં શું પ્રમાણ ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – જિનાગમ જ પ્રમાણ છે અને જિનાગમ કહે છે કે પૃથ્વીકાય અને અપ્કાય પરસ્પર શસ્ત્ર છે તેથી તત્કાલ ભીનું થયેલું હોય ત્યારે તે સચિત્ત હોય તો પણ વર્ણાદિથી પરિણત થાય ત્યારે તે જલ અને પૃથ્વી અચિત્ત બને છે. તેથી ત્યાં પરઠવવાથી જલના જીવોની વિરાધના થાય નહીં.

વસ્તુતઃ પરસ્પર શસ્ત્રને કારણે ભીની પૃથ્વી અચિત્ત છે અને પરઠવવા યોગ્ય જળ સચિત્ત છે. તેથી તે બે પણ પરસ્પર શસ્ત્ર બને છે તો પણ તેવી પણ પૃથ્વીમાં કંઈક ખાડો હોય ત્યાં કે કોઈક ખાડો કરીને ત્યાં સચિત્ત જળ પરઠવવાથી તે અચિત્ત પૃથ્વીકાયને સ્પર્શનારા સચિત્ત જીવો સાથે શસ્ત્ર બને તો પણ તેના મધ્યમાં રહેલા સચિત્ત જલના જીવોનું રક્ષણ થાય છે અને જે સાધુને કોઈક રીતે સચિત્ત જલની પ્રાપ્તિ થઈ હોય ત્યારે શક્ય ઉચિત યતનાપૂર્વક તે જલને પરઠવે તો અશક્યપરિહારરૂપ હિંસામાત્ર થાય છે અને જે જીવોનું રક્ષણ શક્ય છે તેને માટે કરાયેલા યત્નથી સાધુનું ચિત્ત દયાના ભાવથી વાસિત થવાને કારણે

નિર્જરાનું જ કારણ બને છે. લેશપણ કર્મબંધનું કારણ બનતું નથી; કેમ કે અશક્યપરિહાર છે જેનો એટલા જ જીવોની હિંસા થાય છે, શક્ય જીવોના રક્ષણ માટે યતનાનો શુભ અધ્યવસાય વર્તે છે. **॥૧૦૯૨॥**

ગાથા :-

तदभावम्मि य निद्धऽन्नभंडए महुरगे सुहे खेत्ते ।
उज्झइ न य तदभावे भंडगचाएऽवि अहिगरणं ।।१०९३।।

છાયા :-

तदभावे च स्निग्धान्यभण्डके मधुरके शुभे क्षेत्रे ।
उज्झेद् न च तदभावे भण्डकत्यागेऽपि अधिकरणं ।।१०९३।।

ગાથાર્થ :-

તેના અભાવમાં=જલાર્દ્ર દેશના અભાવમાં, સ્નિગ્ધ અન્ય ભાંડમાં મધુર શુભ ક્ષેત્ર હોતે છતે ત્યાગ કરે અને તેના અભાવમાં=કર્પરાદિ રૂપ ભાંડના અભાવમાં, પાત્રના ત્યાગમાં પણ અધિકરણ નથી. ॥૧૦૯૩॥

ટીકા :-

तदभावे च-जलार्द्रदेशाभावे च स्निग्धान्यभण्डके-पात्रातिरिक्तस्निग्धभाण्डके कर्ण्परादिरूपे मधुरके शुभे-निरपाये क्षेत्रे उज्झेत् । तदभावे-कर्परादिरूपस्निग्धान्यभाण्डकाभावे पात्ररूपभण्डकत्यागेऽपि न च-नैव तस्य गृहस्थादिना परिग्रहे सत्यधिकरणमापद्यते ।।१०९३।।

ટીકાર્થ :-

तदभावे ..... सत्यधिकरणमापद्यते ।। તેના અભાવમાં=જલથી ભીના દેશના અભાવમાં, સ્નિગ્ધ અન્ય ભાંડમાં=પાત્રથી અતિરિક્ત કર્પરાદિરૂપ સ્નિગ્ધ ભાંડમાં, મધુરક શુભ એવા ક્ષેત્રમાં=નિરપાય ક્ષેત્રમાં, ત્યાગ કરે. તેના અભાવમાં=કર્પરાદિ રૂપ સ્નિગ્ધ અન્ય ભાંડકના અભાવમાં, પાત્રરૂપ ભાંડકનો ત્યાગ કરાયે છતે પણ, તેનું ગૃહસ્થાદિ દ્વારા ગ્રહણ કરાયે છતે અધિકરણની પ્રાપ્તિ નથી. ॥૧૦૯૩॥

અવતરણિકા :-

कुत इत्याह—

અવતરણિકાર્થ :-

કયા કારણથી અધિકરણ દોષની પ્રાપ્તિ નથી ? એથી કહે છે –

ગાથા :-

संजमपालणहेतुत्तणेण तह चेव भावसुद्धीओ ।
निरविक्खत्तणओ च्चिय देहच्चाए व्व विन्नेयं ।।१०९४।।

છાયા :-

संयमपालनहेतुत्वेन तथैव भावशुद्धेः ।
निरपेक्षत्वत एव देहत्याग इव विज्ञेयम् ।।१०९४।।

ગાથાર્થ :-

સંયમના પાલનનું હેતુપણું હોવાથી તે પ્રકારે જ ભાવની વિશુદ્ધિ થવાને કારણે નિરપેક્ષપણું હોવાથી જ દેહના ત્યાગની જેમ જાણવું=અધિકરણ નથી એમ જાણવું. ।।૧૦૯૪।।

ટીકા :-

संयमपालनहेतुत्वेन-संयमस्फातिनिमित्तत्वात्पात्ररूपभण्डकत्यागस्य, तथा चैव भावशुद्धेः—'मा मन्निमित्तमेते जलसंसक्ताः प्राणिनो विपद्येरन्निति परिणामविशुद्धेः । तथा त्रिविधं त्रिविधेन व्युत्सृष्टतया तद्विषये निरपेक्षत्वतो देहत्याग इव विज्ञेयं नाधिकरणमिति ।।१०९४।।

ટીકાર્થ :-

संयमपालनहेतुत्वेन ..... नाधिकरणमिति ।। संयमपालनનું હેતુપણું હોવાથી=પાત્રરૂપ ભંડકના ત્યાગનું સંયમની શુદ્ધિનું નિમિત્તપણું હોવાથી=દયાળુ સાધુ સંસક્તજલના જીવોને જોઈને તે જીવોની કિલામણા ન થાય તેવા નિર્મળ અધ્યવસાયથી પોતાના પાત્રસહિત તે જલના જીવોને ઉચિત સ્થાને પરઠવે તેનાથી દયાળુચિત્તરૂપ પરિણામ સંયમની વૃદ્ધિનું નિમિત્ત હોવાથી, અને તે પ્રકારે જ ભાવશુદ્ધિ હોવાથી=સંસક્ત જલને તેવા સંયોગમાં પાત્રસહિત પરઠવે તે પ્રકારે જ ભાવશુદ્ધિ હોવાથી='મારા નિમિત્તે આ જલસંસક્ત પ્રાણીઓ મરે નહિ એ પ્રકારના પરિણામની શુદ્ધિ હોવાથી', અને ત્રિવિધ ત્રિવિધથી ત્યાગ કરાયેલો હોવાથી તેના વિષયમાં=પાત્રના વિષયમાં, નિરપેક્ષપણું હોવાને કારણે દેહત્યાગની જેમ અધિકરણ નથી એ પ્રમાણે જાણવું. ।।૧૦૯૪।।

ભાવાર્થ :-

વળી, જીવસંસક્ત જલ પરઠવવા માટે સાધુને પાણીથી ભીનું ક્ષેત્ર પ્રાપ્ત ન થાય તો માટીનું સ્નિગ્ધ શકોરું વગેરે ગ્રહણ કરીને ઉપદ્રવ વગરના સ્થાનમાં તેનો ત્યાગ કરે તેથી તે પાણીના જીવો ત્યાં કિલામણા પામે નહીં. વળી, તેવું સ્નિગ્ધ શકોરું વગેરે ન મળે તો પાત્રમાં જ ઉચિત સ્થાને ત્યાગ કરે અને તે પાત્રું કોઈ ગૃહસ્થ ગ્રહણ કરે તો પણ અધિકરણની પ્રાપ્તિ નથી. કેમ અધિકરણની પ્રાપ્તિ નથી ? તે સ્પષ્ટ કરે છે – જીવ પ્રત્યે દયાળુ ચિત્ત અતિશય થાય તે પ્રકારના નિર્મળ અધ્યવસાયથી સાધુ પાત્રાનો ત્યાગ કરે છે. તેથી

જીવરક્ષાને અનુકૂળ દયાળુ ચિત્તની વૃદ્ધિ થવાથી ભાવની શુદ્ધિ વર્તે છે અર્થાત્ 'મારા નિમિત્તે આ જલસંસક્ત જીવો મૃત્યુ ન પામે', એ પ્રકારના પરિણામની શુદ્ધિ વર્તે છે. વળી, પૂર્વમાં પાત્ર ધર્મનું ઉપકરણ હતું તેથી ધર્મસાધનત્વ મતિથી સાધુએ ધારણ કરેલું. હવે જીવરક્ષા અર્થે કોઈક સ્થાને મૂકતી વખતે 'મન, વચન, કાયાથી, કરણ, કરાવણ, અનુમોદન દ્વારા હું આ પાત્રનો ત્યાગ કરું છું', તેવી બુદ્ધિ થવાથી તે પાત્રમાં હવે ધર્મસાધનબુદ્ધિ રહેતી નથી પરંતુ જેમ સાધુ કોઈ મહાત્મા કાળ કરી જાય ત્યારે તેમનો દેહ કોઈ ઉચિત સ્થાને પરઠવે છે ત્યારપછી તે દેહનો પશુ આદિ ભોગ કરે તો પણ સાધુને અધિકરણ દોષની પ્રાપ્તિ થતી નથી તેમ પાત્રના ત્યાગમાં પણ અધિકરણના દોષની પ્રાપ્તિ થતી નથી.

અહીં વિશેષ એ છે કે સાધુ પાત્રનો ઉપયોગ માત્ર પોતાના આહારાદિમાં કરે એટલા માત્રથી તે સંયમનું ઉપકરણ થતું નથી પરંતુ સંયમવૃદ્ધિને અનુકૂળ ઉચિત યત્ન કરતા હોય અને તેના અંગરૂપે જ આહાર ગ્રહણ કરતા હોય તો સાધુનું પાત્ર ધર્મનું ઉપકરણ બને છે. જેઓ તે પ્રકારે યત્ન કરતા નથી તેઓનું પાત્ર સ્વયં ઉપભોગમાં વાપરે તો પણ તે અધિકરણ બને છે; કેમ કે ભોગના સાધનમાં તે પાત્ર વપરાય છે, ધર્મનું ઉપકરણ બનતું નથી. વળી, જે સાધુ સંયમમાં ઉદ્યમશીલ છે, સંયમની વૃદ્ધિ અર્થે આહાર ગ્રહણ કરે છે અને તેને માટે પાત્રનો ઉપયોગ કરે છે તેમનો પાત્રનો ઉપયોગ ધર્મની વૃદ્ધિનું અંગ હોવાથી ધર્મનું ઉપકરણ બને છે તેમ દયાળુ સાધુ જલસંસક્ત જીવોને પરઠવવા માટે પાત્રસહિત પરઠવે ત્યારે તે પાત્ર જીવરક્ષાનું અંગ હોવાથી ધર્મનું ઉપકરણ બને છે અને ત્યારપછી તેને પોતાના ધર્મના ઉપકરણ તરીકેની બુદ્ધિથી સાધુ તે પાત્રને ધારણ કરતા નથી તેથી તે પાત્ર પ્રત્યે નિરપેક્ષભાવવાળા હોવાથી તે પાત્રું કોઈ ગૃહસ્થ ગ્રહણ કરે તોપણ તે સાધુને કર્મબંધના કારણરૂપ અધિકરણ બનતું નથી. જેમ વીર ભગવાને પોતાનું વસ્ત્ર બ્રાહ્મણને દાન કર્યું ત્યારે તેના બીજાધાનના કારણરૂપે વસ્ત્ર આપેલ હોવાથી ધર્મનું ઉપકરણ એવું તે વસ્ત્ર બ્રાહ્મણના બીજાધાનનું કારણ બન્યું તેથી તે વસ્ત્ર તે બ્રાહ્મણની ભાવઅનુકંપાનું બીજ હતું અને ભગવાનને તે વસ્ત્ર પ્રત્યે નિરપેક્ષભાવ હોવાથી તે બ્રાહ્મણે પોતાના ભોગમાં તેનો ઉપયોગ કર્યો તો પણ ભગવાનને અધિકરણદોષની પ્રાપ્તિ થઈ નહીં. તેમ જે સાધુ ધર્મના ઉપકરણરૂપ તે પાત્રને ત્રિવિધ ત્રિવિધથી વોસિરાવીને તે પાત્ર પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા થાય છે તે પાત્ર ગૃહસ્થ સંસારની પ્રવૃત્તિમાં ઉપયોગ કરે તોપણ સાધુને અધિકરણદોષની પ્રાપ્તિ નથી. **॥૧૦૯૩-૧૦૯૪॥**

ગાથા :-

तेणं विणावि दोसा न होंति संघाडभावतो चेव ।
एगागिणोवि जे ते आहारालाभतुल्ला उ ।।१०९५।।

છાયા :-

तेन विनापि दोषा न भवन्ति संघाटकभावत एव ।
एकाकिनोऽपि ये ते आहारालाभतुल्यास्तु ।।१०९५।।

ગાથાર્થ :-

તેના વગર પણ=ભાંડક વગર પણ, સંઘાટ્ટકનો ભાવ હોવાથી જ દોષો=અધ્વખેદાદિ દોષો, થતા નથી; એકાકી સાધુને પણ જે અધ્વખેદાદિ છે તે આહારના અલાભ તુલ્ય જ જાણવા. ।।૧૦૯૫।।

ટીકા :-

तेन-भण्डकेन विनाऽपि ये दोषाः प्रागभिहिता अध्वखेदादयस्ते न भवन्ति, कुतः? इत्याह– संघाटकभावत एव, यदि हि यतिरेकाकी भवेत् भवेयुस्तस्याध्वखेदादयो दोषाः, यावता सदैव यतीनां संघाटकभावेनैव विचरणादिक्रिया, ततः संघाटकस्थद्वितीयसाधुपात्रादिनैवेष्टक्रियासिद्धेर्नाध्व-खेदादिदोषभावप्रसङ्गः । तथा कुतश्चिन्निमित्तादेकाकिनोऽपि सतो येऽध्वखेदादयो दोषास्ते आहारालाभतुल्या एव द्रष्टव्यास्ततो न काचिन्नो बाधेति ।।१०९५।।

ટીકાર્થ :-

तेन ..... बाधेति ।। તે ભાંડ વિના પણ અધ્વખેદાદિ જે દોષો પૂર્વમાં કહેવાયા, તે થતા નથી. કયા કારણથી થતા નથી ? એથી કહે છે – સંઘાટકનો ભાવ હોવાથી જ, અધ્વખેદાદિ દોષો થતા નથી એમ અન્વય છે. हि=જે કારણથી, સાધુ એકાકી હોય તો તેને અધ્વખેદાદિ દોષો થાય. જ્યારે સદા જ યતિઓને સંઘાટકભાવથી જ વિચરણાદિની ક્રિયા છે, તેથી સંઘાટક પાસે રહેલા બીજા સાધુના પાત્રાદિથી જ ઈષ્ટક્રિયાની સિદ્ધિ હોવાથી, અધ્વખેદાદિ દોષના ભાવનો પ્રસંગ નથી. અને કોઈ નિમિત્તથી, એકાકી પણ છતા સાધુને જે અધ્વખેદાદિ દોષો છે તે આહારના અલાભ તુલ્ય જ જાણવા. તેથી અમને કોઈ બાધા નથી. ।।૧૦૯૫।।

ભાવાર્થ :-

દિગંબરે પૂર્વમાં કહેલ કે સાધુ જીવસંસક્ત જલને પાત્રમાં ઉચિત સ્થાને પરઠવે તો પણ સાધુ પાસે એક જ પાત્રું હોવાથી આહાર અર્થે નવા પાત્રની પ્રાપ્તિ માટે જે ગવેષણા કરવી પડશે તેનાથી નહીં મળે ત્યાં સુધી તેની ગવેષણા કરવામાં માર્ગનો ખેદ પ્રાપ્ત થશે, સ્વાધ્યાયનો પલિમંથ થશે, અન્ય પાત્ર પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી આહાર ગ્રહણ કરવાનું સાધન નહીં હોવાથી આહાર પણ ગ્રહણ કરી શકશે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે કે દિગંબરે કહેલા આ સર્વ દોષો શ્વેતાંબર સાધુને પ્રાપ્ત થશે નહીં; કેમ કે શાસ્ત્રાનુસાર વિચરનારા સાધુઓ સંઘાટ્ટક સાધુ સાથે વિચરે છે, એકાકી વિચરતા નથી. તેથી સંઘાટ્ટક સાધુના પાત્રથી ભોજનાદિ ઇષ્ટની સિદ્ધિ થશે. તેથી જ્યાં સુધી બીજું પાત્ર ન મળે ત્યાં સુધી તેના અર્થે ભ્રમણની ક્રિયાજન્ય અધ્વખેદાદિ દોષોની પ્રાપ્તિ થશે નહીં. વળી, કોઈ સાધુ કોઈક કારણથી એકાકી વિચરતા હોય અને જીવ-સંસક્ત જલની પ્રાપ્તિ થાય અને અન્ય કોઈ ઉપાય ન હોય તો દયાળુ એવા તે સાધુ પોતાના પાત્રમાં તે સંસક્ત જલને પરઠવે તેથી અન્ય પાત્ર નહીં હોવાને કારણે અધ્વખેદાદિ દોષો થાય તો પણ જેમ સુસાધુ ભિક્ષા અર્થે જાય છે ત્યારે વિચારે છે કે આહાર મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે તેથી આહારના અલાભમાં તેઓને આહારની ગવેષણામાં શારીરિક શ્રમ હોવા છતાં ભાવથી

શમભાવનો પરિણામ વર્તે છે તેથી તપની વૃદ્ધિ કરે છે. તેમ અન્ય પાત્રની અપ્રાપ્તિકાળ સુધી તે મહાત્મા તપની વૃદ્ધિ દ્વારા જ ભાવથી ખેદરહિત થાય છે અને જ્યારે અન્ય પાત્ર મળે ત્યારપછી જ આહારની ગવેષણા કરે છે. તેથી સંયમની વૃદ્ધિ થતી હોવાથી તે સાધુને પણ કોઈ બાધા પ્રાપ્ત થતી નથી. **॥૧૦૯૫॥**

ગાથા :-

सेसा अणब्भुवगमा विहिउत्तरमा य होंति पडिसिद्धा ।
इय दोसाभावातो जुत्ता इह अप्पबहुचिन्ता ।।१०९६।।

છાયા :-

शेषा अनभ्युपगमाद् विहितोत्तराश्च भवन्ति प्रतिषिद्धाः ।
इति दोषाभावाद्युक्ता इह अल्पबहुत्वचिन्ता ।।१०९६।।

ગાથાર્થ :-

શેષ=ઘણા પાત્રના ગ્રહણાદિ દોષો, અનભ્યુપગમ હોવાને કારણે=ઘણા પાત્ર ગ્રહણ કરવાનું શાસ્ત્રમાં અસ્વીકાર હોવાને કારણે, અને વિહિત ઉત્તરવાળા છતા પ્રતિષિદ્ધ થાય છે. આ રીતે= અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, દોષનો અભાવ હોવાને કારણે=પાત્રગ્રહણમાં દોષનો અભાવ હોવાને કારણે, અહીં=પાત્રના ગ્રહણ-અગ્રહણના વિષયમાં, અલ્પબહુત્વ ચિંતાયુક્ત છે. ।।૧૦૯૬।।

ટીકા :-

शेषा-बहुभण्डकग्रहणादयो दोषा अनभ्युपगमादेव विहितोत्तराः सन्तो भवन्ति प्रतिषिद्धाः । इतिः-एवमुक्तप्रकारेण यथोक्तदोषाभावत इह-पात्रग्रहणाग्रहणविचारप्रक्रमे युक्ता अल्पबहुचिन्ता, 'किमिह बहुदोषं किं चाल्पदोषमिति' । तत्र यथोक्तनीत्या पात्रग्रहणमेव निर्दोषं तदग्रहणमेव भूयोदोषमिति ।।१०९६।।

ટીકાર્થ :-

शेषा ..... भूयोदोषमिति ।। શેષ=ઘણાં પાત્રાંનું ગ્રહણ આદિ દોષો, અનભ્યુપગમ હોવાથી જ ઉત્તર અપાયેલા છતા નિષેધ કરાયેલા થાય છે. ઈતિ=એ રીતે ઉક્ત પ્રકારથી=એક પાત્રું રાખીને મહાત્મા જીવસંસક્ત જલના જીવોના રક્ષણ અર્થે પાત્રસહિત ત્યાગ કરે તો પણ અધ્વખેદાદિ દોષ થતા નથી એ પ્રકારથી, યથોક્ત દોષનો અભાવ હોવાથી, અહીં=પાત્રાગ્રહણ-અગ્રહણના વિચારના પ્રક્રમમાં, અલ્પબહુચિંતા યુક્ત છે. 'અહીં=પાત્રગ્રહણમાં, શું બહુ દોષ છે ? કે અલ્પદોષ છે ? અથવા પાત્રના અગ્રહણમાં શું બહુદોષ છે કે અલ્પદોષ છે ?' એ પ્રકારની અલ્પબહુ દોષની વિચારણા કરવી જોઈએ. ત્યાં=એ પ્રકારની વિચારણામાં, યથોક્ત નીતિથી=પૂર્વમાં વર્ણન કર્યું એ નીતિથી, પાત્રનું ગ્રહણ જ નિર્દોષ છે. તેનું અગ્રહણ જ ઘણા દોષવાળું છે. ।।૧૦૯૬।।

ભાવાર્થ :-

દિગંબરે પૂર્વમાં દોષ આપેલ કે શ્વેતાંબર સાધુ એક પાત્રું રાખશે અને સંસક્ત જીવવાળા પાણીની પ્રાપ્તિ થશે તો તે પાત્ર સહિત પરઠવે તો અન્ય પાત્ર નહીં હોવાથી અધ્વખેદાદિ દોષો થશે. તેના નિવારણ અર્થે સાધુએ ઘણાં પાત્રાં રાખવા પડશે જેથી મહાપરિગ્રહની પ્રાપ્તિ થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – ઘણાં પાત્રાં રાખવાનો અમે સ્વીકાર કરતા નથી તેથી તે દોષ અમને પ્રાપ્ત થતો નથી અને એક પાત્ર રાખવા છતાં અને જીવસંસક્ત જલના જીવોના રક્ષણ અર્થે પાત્રસહિત પરઠવવા છતાં પૂર્વમાં કહ્યું તેમ અધ્વખેદાદિ દોષો થશે નહીં. તેથી તે પ્રકારના અપાયેલા ઉત્તરને કારણે પાત્રગ્રહણમાં સર્વ દોષો પ્રતિષિદ્ધ થાય છે. તે રીતે પાત્રગ્રહણમાં દોષનો અભાવ હોવાને કારણે સાધુએ પાત્રા ગ્રહણ કરવાં જોઈએ કે ન ગ્રહણ કરવાં જોઈએ એના વિષયમાં અલ્પબહુત્વ વિચારણા આવશ્યક છે અને પૂર્વમાં કહ્યું એ નીતિથી પાત્રગ્રહણમાં અલ્પ દોષ છે અને નહીં ગ્રહણમાં અધિક દોષ છે માટે પાત્રનું ગ્રહણ જ નિર્દોષ છે. **॥૧૦૯૬॥**

અવતરણિકા :-

પુનરપ્યત્ર પરસ્ય મતમાહ–

અવતરણિકાર્થ :-

ફરી પણ અહીં=પાત્રના વિષયમાં, પરના મતને કહે છે=દિગંબરના મતને કહે છે –

ગાથા :-

सिय तहवि परिट्ठवणा ते खलु कालंतरा विवज्जन्ति ।
सुद्धो जयणागारी तेसिं(सुं) साहू जहऽन्नेसु ।।१०९७।।

છાયા :-

स्यात् तथापि परिस्थापना(ने) ते खलु कालान्तराट् विपद्यन्ते ।
शुद्धो यतनाकारी तेषां(षु) साधुः यथाऽन्येषु ।।१०९७।।

ગાથાર્થ :-

થાય=દિગંબરના મતે થાય, શું થાય ? તે સ્પષ્ટ કરે છે – **તો પણ પરિષ્ઠાપન કરાયે છતે તે= જલસંસક્ત જીવો, કાલાન્તરમાં મૃત્યુ પામશે.** તેને ગ્રંથકારશ્રી કહે છે – **જયણાકારી સાધુ તેઓમાં=જલના જીવોમાં, શુદ્ધ છે, જે પ્રમાણે મરતા એવા અન્ય જીવોમાં શુદ્ધ છે. ॥૧૦૯૭॥**

ટીકા :-

स्यादेतत्-तथापि-अभिहितप्रकारेणापि परिस्थापने कृते सति ते-जलसंसक्ताः प्राणिनः खलु कालान्तराद्विपद्यन्ते, ततश्च तदवस्थ एव हिंसादोष इति । अत्राह–'सुद्धो इत्यादि' स हि साधुर्यतनया

परिस्थापनं करोति, यतना च सम्यक्त्वादिगुणाराधनफला । यदुक्तम्–

'जयणाएँ वट्टमाणो सम्मं सम्मत्तनाणचरणाणं ।
सद्धाबोहासेवणभावेणाराहओ भणिओ ।।१।।' **त्ति,**

ततश्च तेषु जलजन्तुषु कालान्तराद्विपद्यमानेष्वपि शुद्ध एव स साधुर्यथाऽन्येषु म्रियमाणेष्विति ।।१०९७।।

ટીકાર્થ :-

स्यादेतत् ..... म्रियमाणेष्विति ।। આ થાય=દિગંબરના મતે આ થાય, શું થાય ? તે સ્પષ્ટ કરે છે – **તો પણ=અભિહિત પ્રકારથી પણ, પરિસ્થાપન કરાયે છતે=જીવસંસક્ત જલનું પરિષ્ઠાપન કરાયે છતે, તે=જલસંસક્ત જીવો, કાલાન્તરથી મૃત્યુ પામશે અને તેનાથી=આ રીતે તેઓનું પરિષ્ઠાપન કરવાથી તેઓને જે મૃત્યુની પ્રાપ્તિ થશે તેનાથી, તદ્અવસ્થ જ હિંસા દોષ છે. અહીં=દિગંબરના આ પ્રકારના પ્રશ્નમાં, કહે છે. હિ=જે કારણથી, તે સાધુ=કોઈક રીતે જીવસંસક્ત જલની પ્રાપ્તિ થઈ છે એવા તે સાધુ, યતનાથી પરિષ્ઠાપન કરે છે અને યતના સમ્યક્ત્વાદિ ગુણારાધના ફલવાળી છે. જે કહેવાયું છે.** "યતનાથી સમ્યફ્ વર્તતા જીવને સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રના શ્રદ્ધા, બોધ અને આસેવન ભાવથી આરાધક કહેવાયો છે" **અને તેથી=યતનાથી તે સાધુ પરિષ્ઠાપન કરે છે તેથી, તે પાણીના જીવો કાલાન્તરમાં મૃત્યુ પામ્યે છતે પણ તે સાધુ શુદ્ધ જ છે, જે પ્રમાણે મરતા એવા અન્ય જીવોના વિષયમાં તે સાધુ શુદ્ધ છે. ।।૧૦૯૭।।**

ભાવાર્થ :-

જીવસંસક્ત જલના પરઠવવાને આશ્રયીને પાત્રનું ગ્રહણ કરવું ઉચિત છે અને પાત્રના અગ્રહણમાં ઘણા દોષો છે તેમ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. ત્યાં દિગંબર કહે છે – આ રીતે પાત્રના બળથી જીવ સંસક્ત જલનું પરિષ્ઠાપન કરાયે છતે પણ તે જીવો તે સ્થાનમાં પવનાદિને કારણે કેટલાક કાળમાં મૃત્યુ પામશે તેથી તે જીવોની હિંસાનો દોષ તે સાધુને પ્રાપ્ત થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે સાધુ યતનાપૂર્વક પરિષ્ઠાપન કરે છે તે સાધુને જીવરક્ષા માટે જે યતના વર્તે છે તેનાથી જ રત્નત્રયીની આરાધનાનું ફલ પ્રાપ્ત થાય છે; કેમ કે યતનાપરાયણ સાધુને ભગવાનના વચનમાં શ્રદ્ધા છે. તેથી ભગવાનના વચનાનુસાર પરઠવવા પ્રયત્ન કરે છે. વળી, જીવરક્ષા માટે કેવી રીતે ઉચિત યતના કરવી જોઈએ તેનો સૂક્ષ્મબોધ છે તેથી સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન અનુસાર ઉચિત યતનાથી પરઠવે છે તેથી સમ્યગ્ચારિત્રનો આરાધક છે. તેથી પરઠવ્યા પછી તે પાણીના જીવો કાલાન્તરમાં મૃત્યુ પામે તો પણ તે સાધુને લેશ પણ દોષની પ્રાપ્તિ નથી. જેમ અન્ય જીવો પોતાનું આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામે તેમાં તે સાધુને દોષ નથી તેમ પરઠવેલા તે પાણીના જીવો કાલાન્તરે મૃત્યુ પામે તેમાં યતનાપરાયણ સાધુને દોષની પ્રાપ્તિ નથી. **॥૧૦૯૭॥**

અવતરણિકા :-

અત્ર પર આહ—

અવતરણિકાર્થ :-

અહીં પર=દિગંબર, કહે છે —

ગાથા :-

અગ્ગહિયે ગુણો ગહિતેવિ અવિ ય ગુરુસ્સેહ બાલવુડ્ઢાણં ।
વેયાવચ્ચાવાયણમભાવતો તસ્સ તં દુટ્ઠં ।।૧૦૯૮।।

છાયા :-

અગૃહીતે ગુણો ગૃહીતેઽપિ અપિ ચ ગુરુશૈક્ષબાલવૃદ્ધાનામ્ ।
વૈયાવૃત્ત્યાપાદનમભાવતસ્તસ્ય તદ્ દુષ્ટમ્ ।।૧૦૯૮।।

ગાથાર્થ :-

અગ્રહિત પાત્રમાં ગુણ છે=નિસ્સંગતારૂપ ગુણ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – ગ્રહિતમાં પણ=ગ્રહિત પાત્રમાં પણ ગુણ છે, અને વળી ગુરુના, શૈક્ષ, બાલના, વૃદ્ધોના વૈયાવચ્ચનું આપાદન છે=પાત્રના ગ્રહણમાં વૈયાવચ્ચનું આપાદન છે. તેના અભાવથી=વૈયાવચ્ચના અભાવથી, તે=પાત્રાનું અગ્રહણ, દુષ્ટ છે. ।।૧૦૯૮।।

ટીકા :-

अगृहीते सति पात्रे निस्सङ्गतालक्षणो गुणो भवति, ततस्तदग्रहणमेव समीचीनमिति । अत्राह— गृहीतेऽपि पात्रे गुण एव-पादादिधावनजलादिसत्त्वव्यापत्त्यभावलक्षणः प्राग्दर्शित एव, ततः कथं तदग्रहणं समीचीनं भवेत्? । अपि च, गुरुशैक्षबालवृद्धानां वैयावृत्त्यापादनं पात्रग्रहणे गुणः । तस्मात्तत्-पात्राग्रहणं तस्य-वैयावृत्त्यस्याभावप्रसङ्गतो दुष्टं ज्ञातव्यम् । अथ पात्रं विनाप्येतत्-वैयावृत्त्यं कराभ्यां करिष्यते ततो न तदभावप्रसङ्ग इति, तदप्ययुक्तम्, तत्राप्यनेकदोषप्रसङ्गात्, तथाहि—वैयावृत्त्यविषयेणापि गुर्वादिना करगतानां गोरसादिगतप्राणिनां दर्शने सति यदि तत् गोरसादि पीयते तर्हि महती विराधना, भूमिपरित्यागे च तेषां व्यापत्तिरिति । अथ गृहस्थभाजन एव तत् गोरसादि निरीक्ष्य अभ्यवहारः कारयिष्यते ततो न कश्चिद्दोष इति, तदपि न समीचीनम्, न हि कश्चिदेवं कुर्वन्नुपलभ्यते, न च सर्व एव गृहस्थो भण्डकादेः स्पर्शनं ददातीति, यत्किंचिदेतत् । अन्यच्च, ग्लानस्य कथं कर्त्तव्यं?, यदि तत्रैव गृहस्थगृहे ग्लानो नीयते ततस्तस्य मरणादिदोषप्रसङ्गः । अथ श्रावकः स्वभाजन एवानयति तर्हि गृहस्थस्य गमनागमने ऐर्यापथिकविराधनाप्रसङ्गः । न च

कदाचनापि गृही भिक्षामटित्वा आनयति किंतु स्वगृह एव पाकं कृत्वोपसर्प्पति ततश्चानेषणा समारम्भात् षड्जीवनिकायविराधनाप्रसक्तिरित्यलं दुर्म्मतिविस्पन्दितेष्विति ।।१०९८।।

ટીકાર્થ :-

અગૃહીતે ..... તેષ્વિતિ ।। પાત્ર નહીં ગ્રહણ કરાયે છતે નિસ્સંગતા લક્ષણ ગુણ થાય છે, તેથી તેનું અગ્રહણ જ સમીચીન છે=પાત્રાનું અગ્રહણ જ યુક્ત છે. અહીં=દિગંબરના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – ગૃહીત પણ પાત્રમાં ગુણ જ છે=સાધુને ગુણની જ પ્રાપ્તિ છે. કેવા ગુણની પ્રાપ્તિ છે, તે સ્પષ્ટ કરે છે – પાદાદિના ધોવાથી જલાદિના જીવોની હિંસાના અભાવરૂપ ગુણ જ પૂર્વમાં બતાવાયો જ છે. તેથી કેવી રીતે તેનું અગ્રહણ સમીચીન થાય ? અર્થાત્ સમીચીન થાય નહીં. વળી ગુરુ, શૈક્ષ, બાલ, વૃદ્ધાદિના વૈયાવચ્ચનું આપાદન પાત્રગ્રહણમાં ગુણ છે. તે કારણથી તે=પાત્રનું અગ્રહણ, તેના=વૈયાવચ્ચના, અભાવનો પ્રસંગ હોવાથી દુષ્ટ જ્ઞાતવ્ય છે. 'अथ'થી પૂર્વપક્ષી કહે – પાત્ર વિના પણ આ=વૈયાવચ્ચ, બે હાથો વડે કરાશે, તેથી તેના અભાવનો પ્રસંગ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે પણ=હાથ દ્વારા વૈયાવચ્ચ કરાય તે પણ, અયુક્ત છે; કેમ કે ત્યાં પણ=હાથ દ્વારા વૈયાવચ્ચ કરવામાં પણ, અનેક દોષોનો પ્રસંગ છે. તે આ પ્રમાણે – વૈયાવૃત્યના વિષય પણ ગુરુ આદિથી હાથમાં રહેલા ગોરસાદિમાં રહેલા જીવોનું દર્શન થયે છતે જો તે ગોરસાદિ પિવાય છે તો મોટી વિરાધના છે અને ભૂમિ ઉપર પરિત્યાગમાં તેઓની હિંસા છે. 'अथ'થી પૂર્વપક્ષી કહે – ગૃહસ્થના ભાજનમાં જ તે ગોરસાદિ જોઈને આહાર ગ્રહણ કરાશે=સાધુ દ્વારા આહાર ગ્રહણ કરાશે. તેથી કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે પણ=પૂર્વપક્ષીનું આ પ્રકારનું સમાધાન પણ, સમીચીન નથી. હિ=જે કારણથી, કોઈ સાધુ આ પ્રકારે કરતા દેખાતા નથી અને સર્વ જ ગૃહસ્થ ભાંડકાદિના સ્પર્શને આપતા નથી=બધા ગૃહસ્થો સાધુને પોતાના ભાજનમાં રહેલા ગોરસાદિને તે જીવસંસક્ત છે કે નહીં તે જોવા માટે ગ્રહણ કરવા દેતા નથી, એથી આ=પૂર્વપક્ષીનું કથન, અર્થ વગરનું છે. અને બીજું ગ્લાનનું કેવી રીતે કરવું જોઈએ ?=વૈયાવચ્ચ કેવી રીતે કરવું જોઈએ ? જો તે જ ગૃહસ્થોના ઘરમાં ગ્લાન સાધુ લઈ જવાય છે, તો તેના મરણાદિ દોષનો પ્રસંગ છે. હવે, શ્રાવક સ્વભાજનમાં જ લાવે છે=ગ્લાન માટે આહારાદિ લાવે છે તો ગૃહસ્થના ગમન-આગમનમાં ઐર્યાપથિકી વિરાધનાનો પ્રસંગ છે અને ક્યારેય પણ ગૃહસ્થ પરિભ્રમણ કરીને ભિક્ષા લાવતા નથી પરંતુ પોતાના ઘરમાં જ પાકને કરીને લાવે છે=ગ્લાન સાધુ માટે લાવે છે. તેથી અનેષણાના સમારંભના કારણે ષડ્જીવનિકાયની વિરાધનાની પ્રસક્તિ છે. એથી દુર્મતિ વિસ્પન્દિત કથનના વિષયમાં સર્યું. ।।૧૦૯૮।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પાત્રના ગ્રહણથી જીવરક્ષાદિની યતના થઈ શકે છે માટે સાધુએ પાત્ર ગ્રહણ કરવું જોઈએ એમ સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે કે સાધુ પાત્ર ગ્રહણ ન કરે તો સંપૂર્ણ પરિગ્રહ વગરના હોવાથી નિસ્સંગતારૂપ ગુણ પ્રાપ્ત થશે અને જેઓ પાત્ર રાખે છે તેઓને 'આ મારું પાત્ર છે' એ પ્રકારની બુદ્ધિ

થવાથી પાત્રરહિત સાધુની જેમ નિસ્સંગતા ગુણની પ્રાપ્તિ થાય નહીં. તેથી પાત્રનું અગ્રહણ જ ઉચિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – સાધુ પાત્ર ગ્રહણ કરે તેનાથી પણ ગુણની જ પ્રાપ્તિ થાય છે; કેમ કે હાથ-પગ ધોવા દ્વારા જલાદિ જીવોની જે વિરાધના પાત્રરહિત સાધુ કરે છે તે જીવોનું રક્ષણ પાત્રથી થાય છે. તેથી છકાયના દયાપર સાધુ જે રીતે શક્ય હિંસાનો પરિહાર થઈ શકે તે રીતે યતના કરે છે અને તે યતનામાં પાત્રનું ગ્રહણ ઉપકારક છે છતાં યતનાના અંગભૂત પાત્રનું ગ્રહણ ન કરે તો હાથપગાદિ ધોવામાં જીવોની જે વિરાધના થાય છે તેની ઉપેક્ષારૂપ અદયાનો પરિણામ પ્રાપ્ત થાય છે. માટે પાત્રગ્રહણ ઉચિત છે.

વળી, પાત્રથી ગુરુનું, શૈક્ષનું, બાલનું, વૃદ્ધોનું વૈયાવચ્ચ થઈ શકે છે. જ્યારે પાત્રરહિત સાધુ ગુરુ, શૈક્ષાદિનું વૈયાવચ્ચ કરી શકે નહીં. તેથી પાત્રધારી સાધુ ગુણવાનની વૈયાવચ્ચ કરીને મહાન નિર્જરાની પ્રાપ્તિ કરશે તે નિર્જરાની પ્રાપ્તિ પાત્રના અભાવમાં થઈ શકે નહીં. અહીં પૂર્વપક્ષી કહે કે હાથ દ્વારા વૈયાવચ્ચ કરી શકાશે અર્થાત્ પાત્રરહિત સાધુ હાથમાં ભિક્ષા ગ્રહણ કરીને ગુરુ આદિને તે ભિક્ષાદિ આપશે. તેથી વૈયાવચ્ચના ગુણથી નિર્જરાની પ્રાપ્તિ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ રીતે વૈયાવચ્ચ કરવાથી હાથમાં ગ્રહણ કરેલ ગોરસાદિ જીવસંસક્ત દેખાયે છતે તેને ભૂમિમાં ત્યાગ કરવાથી તે જીવોની હિંસા થાય. વળી, હાથ દ્વારા વૈયાવચ્ચ કરવાથી દૂધાદિની કોઈ વસ્તુ જીવસંસક્ત પ્રાપ્ત થાય ત્યારે ઉચિત સ્થાને પરઠવવાની પ્રવૃત્તિ પાત્ર વગર થઈ શકે નહીં. માટે દોષની પ્રાપ્તિ છે. અહીં દિગંબર સાધુ કહે કે ગૃહસ્થના ભાજનમાં જ તે દૂધાદિ વસ્તુ જીવસંસક્ત છે કે નહીં તે જોઈને પછી જ સાધુ ગ્રહણ કરશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે પણ શક્ય નથી; કેમ કે આ રીતે ગૃહસ્થના ભાજનમાં જોઈને બધા સાધુઓ આહાર ગ્રહણ કરતા દેખાતા નથી અને બધા ગૃહસ્થો પોતાના ભોજનના ભાજનને સાધુને સ્પર્શ કરવા આપે નહીં. તેથી હાથમાં ભોજન ગ્રહણ કરીને ગુરુ આદિની વૈયાવચ્ચ કરવી ઉચિત નથી. વળી પાત્ર ન હોય તો ગ્લાન સાધુની વૈયાવચ્ચ થઈ શકે નહીં અને જો ગૃહસ્થોના ઘરે ગ્લાન સાધુને લઈ જવામાં આવે તો મૃત્યુ આદિનો પ્રસંગ થાય.

વળી, હાથમાં ભોજન ગ્રહણ કરીને ગ્લાન અર્થે સાધુ ભિક્ષા લાવી શકે નહીં તેથી શ્રાવક પોતાના ભાજનમાં ગ્લાન અર્થે આહાર લઈ આવે તો ગૃહસ્થના ગમન-આગમનમાં ઐર્યાપથિકી વિરાધનાની પ્રાપ્તિ થાય. જ્યારે સુસાધુ તો પાત્રામાં ભિક્ષા ગ્રહણ કરીને ઐર્યાપથિકીની શુદ્ધિપૂર્વક ગ્લાનાદિ અર્થે ભિક્ષા લાવી શકે છે. વળી, ગૃહસ્થ પોતાના ભાજનમાં ભિક્ષા લાવે ત્યારે ગવેષણાદિના દોષોની પણ પ્રાપ્તિ થાય. તેથી ગ્લાન સાધુને છકાય જીવની વિરાધનાથી જ આહારની પ્રાપ્તિ થઈ શકે. જ્યારે પાત્રના બળથી એષણાના દોષના પરિહારપૂર્વક અને ઈર્યાસમિતિપૂર્વક સુસાધુ ગ્લાન અર્થે ભિક્ષા લાવી શકે માટે સાધુને પાત્રનું ગ્રહણ ઉચિત જ છે. **॥૧૦૯૮॥**

અવતરણિકા :-

ઉપસંહરતિ–

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=સંયમ માટે પાત્ર ઉપકારક છે તે કથનનો ઉપસંહાર કરે છે –

ગાથા :-

ता इय पत्तग्गहणं जुज्जइ जिणवयणमुणियसारस्स ।
दावभयरक्खणट्ठं जलोघगहणं व कंतारे ।।१०९९।।

છાયા :-

तस्मादिति पात्रग्रहणं युज्यते जिनवचनज्ञातसारस्य ।
दावभयरक्षणार्थं जलौघग्रहणमिव कान्तारे ।।१०९९।।

ગાથાર્થ :-

તે કારણથી આ રીતે પાત્રનું ગ્રહણ જિનવચનના સારને જાણનારા મહાત્માઓને ઘટે છે. જેમ જંગલમાં દાહના ભયના રક્ષણ માટે જલના સમૂહનું ગ્રહણ ઘટે છે. ।।૧૦૯૯।।

ટીકા :-

'ता' तस्मादितिः-एवमुक्तप्रकारेण पात्रग्रहणं युज्यते जिनवचनमुणितसारस्य, दावभयरक्षणार्थं जलौघग्रहणमिव कान्तार इति ।।१०९९।।

ટીકાર્થ :-

'ता' ..... इति ।। તે કારણથી આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ પ્રકારથી, જિનના વચનના સારના જાણનારાઓને પાત્રનું ગ્રહણ ઘટે છે; જેમ જંગલમાં દાહના ભયથી પોતાના રક્ષણ માટે જલના સમૂહનું ગ્રહણ ઘટે છે. ।।૧૦૯૯।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે પાત્રના ગ્રહણ વિષયક અને અગ્રહણ વિષયક ગુરુલાઘવની ચિંતા આવશ્યક છે અને તે રીતે વિચારવાથી પાત્રના અગ્રહણમાં અધિક હિંસાની પ્રાપ્તિ છે અને પાત્રના ગ્રહણમાં દયાળુ સાધુ જીવરક્ષાને અનુકૂળ ઉચિત યતના કરી શકે છે, તે કારણથી ભગવાનના વચનના સારના જાણનારા સાધુને પાત્રનું ગ્રહણ ઉચિત છે. જેમ જંગલમાં દાવાનળનો તાપ હોય કે ઉનાળાનો અત્યંત તાપ હોય, તેનાથી ભય પામેલો જીવ જલના સમૂહને ગ્રહણ કરે અર્થાત્ નજીકમાં તળાવાદિનો આશ્રય કરે. જેથી તે ભયથી સુરક્ષિત રહે તે ઉચિત છે. તેમ આત્મામાં કષાયોના તાપરૂપ દાવાનલ વર્તે છે. તેના દાહથી સંસારી જીવો સતત પીડાય છે. તેથી તે કષાયોના તાપના શમન અર્થે ષડ્કાયના પાલનના પરિણામરૂપ શીતલ જલની આવશ્યકતા છે અને તે ષડ્કાયના પાલનમાં પરિણામને અતિશય કરવાનું પ્રબળ અંગ પાત્ર છે. તેથી ભગવાનના વચનના સારને જાણનારા મહાત્માઓ પાત્ર ગ્રહણ કરે છે. જેથી ધર્મના ઉપકરણરૂપ પાત્રથી તેઓ સુખપૂર્વક ધર્મની વૃદ્ધિ કરી શકે છે. **॥૧૦૯૯॥**

અવતરણિકા :-

યદપ્યુક્તં 'નિસ્સંગભાવણાઓત્તિ' તદ્દૂષયિતુમાહ–

અવતરણિકાર્થ :-

જે વળી દિગંબર વડે 'નિસ્સંગભાવનાથી પાત્રનું અગ્રહણ ઉપકારક છે' એ પ્રમાણે ગાથા-૧૦૮૮માં કહેવાયું, તેને દૂષિત કરવા માટે કહે છે –

ગાથા :-

निस्संगतावि हिंसारक्खणहेउत्ति तस्स य अभावे ।
पुत्तट्ठिसंढवरचेट्ठियं व्व सा निप्फला चेव ।।११००।।

છાયા :-

निस्संगतापि हिंसारक्षणहेतुरिति तस्य चाभावे ।
पुत्रार्थिशण्ढवरचेष्टितमिव सा निष्फला एव ।।११००।।

ગાથાર્થ :-

નિસ્સંગતા પણ હિંસાના રક્ષણનો હેતુ છે અને તેના અભાવમાં=હિંસાના રક્ષણના અભાવમાં, પુત્રના અર્થી એવી સ્ત્રીની નપુંસકની સાથે પુત્રપ્રાપ્તિને અનુકૂળ ચેષ્ટાની જેમ તે=નિસ્સંગતા, નિષ્ફલ જ છે. ।।૧૧૦૦।।

ટીકા :-

निस्सङ्गतापि हिंसारक्षणहेतुरेवेष्यते तच्च हिंसारक्षणं पात्रग्रहण एव सति युज्यते नान्यथा यथोक्तं प्राक्, ततश्च पात्राग्रहणे तस्य-हिंसारक्षणस्याभावे सति पुत्रार्थिन्याः शण्ढवरचेष्टितमिव सा-निस्सङ्गता निष्फलैवेति ।।११००।।

ટીકાર્થ :-

निस्सङ्गतापि ..... निष्फलैवेति ।। નિસ્સંગતા પણ હિંસાના રક્ષણનો હેતુ જ ઇચ્છાય છે અને તે હિંસાનું રક્ષણ પાત્રગ્રહણ હોતે છતે જ ઘટે છે, અન્યથા નહીં. જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું અને તેથી= પાત્રના ગ્રહણથી હિંસાનું રક્ષણ થાય છે તેથી, પાત્રના અગ્રહણમાં હિંસાના રક્ષણનો અભાવ હોતે છતે પુત્રના અર્થી એવી સ્ત્રીની નપુંસકની સાથે ચેષ્ટિતની જેમ તે નિસ્સંગતા નિષ્ફલ જ છે. ।।૧૧૦૦।।

ભાવાર્થ :-

નિસ્સંગતા બે પ્રકારની છે. દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી નિસ્સંગતા ભાવનિસ્સંગતાની પ્રાપ્તિના અર્થે કરાય છે. આથી જ સાધુઓ સંસારના સર્વ સંગનો ત્યાગ કરીને દ્રવ્યનિસ્સંગતા સ્વીકારે છે જેનાથી સર્વત્ર

અસંશ્લેષના પરિણામરૂપ ભાવનિસ્સંગતા પ્રાપ્ત થાય છે અને ભાવથી અત્યંત નિસ્સંગ પરિણામવાળા સાધુ ષડ્કાયના પાલનના પરિણામ અર્થે દ્રવ્યનિસ્સંગતા પણ સ્વીકારે છે; કેમ કે પ્રચુર દ્રવ્યના સંગથી આરંભ-સમારંભ થાય છે તેથી ષડ્કાયના પાલનનો પરિણામ જીવંત રહેતો નથી. આથી જ સુસાધુ સંયમનું ઉપકારક એવું એક પાત્ર રાખે છે પરંતુ અનેક પાત્રાં રાખતા નથી; કેમ કે અનેક પાત્રાંના સંગથી હિંસાનું રક્ષણ થતું નથી પરંતુ નિષ્પ્રયોજન ગ્રહણ અને મોચનાદિ ક્રિયામાં તે પાત્રથી જ હિંસાની પ્રાપ્તિ થાય છે. તેથી સર્વ ભોગસામગ્રી અને સંયમને અનુપકારક ઉપધિના ત્યાગરૂપ નિસ્સંગતા પણ હિંસાના રક્ષણના હેતુથી જ સાધુ ઇચ્છે છે; કેમ કે સાધુને પહેલું મહાવ્રત અહિંસાપાલનનું છે અને તે હિંસાનું રક્ષણ સંયમને ઉપકારક એવા એક પાત્રના ગ્રહણથી થાય છે અન્યથા સંયમના પાલનના અંગભૂત દેહના પાલન અર્થે આહારાદિ ગ્રહણમાં પાત્રના અભાવને કારણે હિંસાનું રક્ષણ થઈ શકે નહીં. તેથી દિગંબર સાધુ પાત્રના સર્વથા અગ્રહણથી જે દ્રવ્યનિસ્સંગતા પ્રાપ્ત કરે છે, તે નિસ્સંગતા નિષ્ફળ છે. જેમ પુત્રના અર્થી એવી કોઈક સ્ત્રી અત્યંત નપુંસકની સાથે સંબંધ કરે તો પણ તેનાથી પુત્રની પ્રાપ્તિ થાય નહીં. તેથી તે સ્ત્રીની પુત્રપ્રાપ્તિની ચેષ્ટા નિષ્ફળ છે. તેમ પાત્રના સર્વથા અગ્રહણરૂપ જે દ્રવ્યનિસ્સંગતા છે તે જીવરક્ષાને અનુકૂળ અહિંસાપાલનમાં યતના કરવા માટે અસમર્થ હોવાથી નિષ્ફલ જ છે. માટે કલ્યાણના અર્થી સાધુએ મહાવ્રતોના પાલનના અંગભૂત ઉપકારક એવા પાત્રને ગ્રહણ કરીને પ્રથમ મહાવ્રતના અતિશય દ્વારા જ ભાવનિસ્સંગતાની પ્રાપ્તિ અર્થે યત્ન કરવો જોઈએ. **॥૧૧૦૦॥**

અવતરણિકા :-

यच्चोक्तं—'नवरं विसेसोऽणिवारियं गहणमिति' तत्राह—

અવતરણિકાર્થ :-

અને જે દિગંબર વડે ગાથા-૧૦૨૦માં કહેવાયું કે પાત્રના ગ્રહણમાં અનિવારિત ગ્રહણ થાય તેથી અનેક દોષો થાય, એ કથનમાં કહે છે —

ગાથા :-

अनिवारियगहणं पुण परिभोगे चेव वारियं समए ।
पत्तम्मि य सइ करणे करेहि तुल्लं इमं होइ ।।११०१।।

છાયા :-

अनिवारितग्रहणं पुनः परिभोगे एव वारितं समये ।
पात्रे च सकृत्करणे कराभ्यां तुल्यमिदं भवति ।।११०१।।

ગાથાર્થ :-

અનિવારિતનું ગ્રહણ અને પરિભોગ પાત્ર હોતે છતે શાસ્ત્રમાં વારિત છે. સકૃતકરણમાં=એક

વખત કરણમાં, આ=અનિવારિત ગ્રહણ અને પરિભોગ, હાથમાં આહારગ્રહણની સાથે તુલ્ય છે. ।।૧૧૦૧।।

ટીકા :-

अनिवारितग्रहणं-समधिकग्रहणं परिभोगश्चैवानिवार(रित)स्य, एतच्च द्वयमपि पात्रे सति वारितं समये-सिद्धान्ते । 'सइ करणेत्ति' अनिवारितग्रहणस्य तथैव परिभोगस्य च कथंचित् सकृत्करणे कराभ्यामिदं-सकृत्करणं तुल्यं भवति ज्ञातव्यम् । कराभ्यामपि हि कदाचित् केनचिन्मनोज्ञतादिकारणेनानिवारितमपि गृह्यते तथैव च परिभुज्यत इति ।।११०१।।

ટીકાર્થ :-

अनिवारितग्रहणं ..... इति ।। સિદ્ધાંતમાં અનિવારિત ગ્રહણ=સમધિક ગ્રહણ અને અનિવારિતનો પરિભોગ, પાત્ર હોતે છતે, આ બંને પણ થાય છે. કથંચિત્ સકૃતકરણમાં=કોઈક રીતે એક વખત કરણમાં, અનિવારિતનું ગ્રહણ અને તે જ પ્રમાણે અનિવારિતનો પરિભોગ થાય છે એમ સ્વીકારવામાં આવે તો હાથ દ્વારા આ=અનિવારિતનું ગ્રહણ અને અનિવારિતના પરિભોગ, સકૃતકરણ તુલ્ય જ્ઞાતવ્ય થાય છે. હિ=જે કારણથી, હાથ દ્વારા પણ ક્યારેક કોઈક સાધુ વડે મનોજ્ઞતાદિના કારણથી અનિવારિત પણ ગ્રહણ થાય છે અને તે પ્રકારે જ પરિભોગ થાય છે. ।।૧૧૦૧।।

ભાવાર્થ :-

દિગંબરે પૂર્વમાં દોષ આપેલ કે સાધુ પાત્રાં ધારણ કરે તો ગૃહસ્થો વહોરાવે ત્યારે અનિવારણને કારણે અધિક ગ્રહણ થવાનો પ્રસંગ આવે અને અધિક પ્રાપ્ત થયેલા આહારનો સાધુ પરિભોગ કરે તો સાધુને ગ્લાન થવાનો પ્રસંગ આવે જેનાથી સંયમયોગનું સદ્વીર્ય શિથિલ થાય છે. વળી, સાધુ પાત્ર ન રાખે અને હાથમાં જ ભિક્ષાગ્રહણ કરે તો અધિક ગ્રહણનો પ્રસંગ પ્રાપ્ત થાય નહીં જેથી અધિક પરિભોગને કારણે ગ્લાનાદિના અનર્થોની પ્રાપ્તિ થાય નહીં. માટે સાધુઓએ પાત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – શાસ્ત્રમાં સાધુને સંયમના ઉપષ્ટંભક આહારથી અધિક ગ્રહણનો નિષેધ હોવાથી વિવેકી સાધુ શાસ્ત્રવચનનું સ્મરણ કરીને પોતાના સંયમને આવશ્યક હોય તેનાથી અધિક ક્યારેય ગ્રહણ કરે નહીં અને અનાભોગથી ક્યારેક અધિક ગ્રહણ થયું હોય તો પણ તેનો પરિભોગ કરીને ગ્લાનપણાની પ્રાપ્તિ થાય તે રીતે આહાર વાપરવાનો નિષેધ કર્યો હોવાથી વિવેકી સાધુ તે રીતે અધિકનો પરિભોગ કરીને ગ્લાન થાય નહીં. માટે દિગંબરે પાત્રગ્રહણને કારણે આપેલ દોષ પ્રાપ્ત થતો નથી. વળી, અનિવારિત ગ્રહણનું અને અનિવારિત પરિભોગનું ક્યારેક અનાભોગથી પ્રમાદવશ પાત્રમાં સાધુથી થઈ શકે છે, તેમ હાથમાં ભિક્ષા ગ્રહણ કરવામાં પણ ક્યારેક તે બંને દોષો સમાન રીતે પ્રાપ્ત થઈ શકે છે; કેમ કે કોઈક સાધુની આહારની મર્યાદા પરિમિત હોય અને હાથમાં ભિક્ષા ગ્રહણ કરે ત્યારે ભક્તિવશ શ્રાવક અતિશય ભક્તિથી હાથમાં અધિક ભિક્ષા આપે અથવા કોઈ મનોજ્ઞ ભોજન હોય અને કોઈ દિગંબર સાધુને

હાથમાં તેને ગ્રહણ કરવાનો અભિલાષ થાય તેથી ગ્રહણ કરે ત્યારે તેના ઉપભોગ કરવાથી અજીર્ણાદિ થવાની સંભાવના છે. **॥૧૧૦૧॥**

અવતરણિકા :-

રજોહરણમાશ્રિત્ય દોષાભાવમાહ—

અવતરણિકાર્થ :-

ગાથા-૧૦૨૧માં રજોહરણ આશ્રયીને દિગંબરે દોષ આપેલ તે દોષના અભાવને કહે છે —

ગાથા :-

રયહરણમ્મિવિ પડિલેહિઊણ વિહિણા પમજ્જમાણસ્સ ।
કીડઘરવુજ્જણાદી (ણ) હોંતિ દોસા ગુણો હોઇ ।।૧૧૦૨।।

છાયા :-

રજોહરણેઽપિ પ્રતિલિખ્ય વિધિના પ્રમાર્જ્જયતઃ ।
કીટગૃહસ્થગનાદયો (ન) ભવન્તિ દોષા ગુણો ભવતિ ।।૧૧૦૨।।

ગાથાર્થ :-

રજોહરણમાં પણ વિધિથી પ્રત્યુપેક્ષણ કરીને પ્રમાર્જન કરતા સાધુને કીડીના ઘરના સ્થગનાદિ દોષો થતા નથી, ગુણ થાય છે. ॥૧૧૦૨॥

ટીકા :-

રજોહરણેઽપિ પૂર્વં ચક્ષુષા પ્રત્યુપેક્ષ્ય વિધિના યતનાલક્ષણેન પ્રમાર્જ્જયતઃ સતો યતેઃ કુતઃ કીટ-ગૃહસ્થગનાદયો દોષા ભવેયુઃ ? નૈવ ભવેયુરિતિભાવઃ કિંતુ ગુણ એવ ભવતિ ।।૧૧૦૨।।

ટીકાર્થ :-

રજોહરણેઽપિ ..... ભવતિ ।। રજોહરણમાં પણ પૂર્વે ચક્ષુથી જોઈને યતનારૂપ વિધિથી પ્રમાર્જન કરતા છતા યતિને કીડીના ગૃહના સ્થગનાદિ દોષો ક્યાંથી થાય ? થાય નહીં જ, એ પ્રકારનો ભાવ છે પરંતુ ગુણ જ થાય. ॥૧૧૦૨॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી દિગંબરે કહેલ કે સાધુ રજોહરણથી પ્રમાર્જના કરશે તો કીડીનાં ગૃહ ધૂળથી સ્થગન થશે ઇત્યાદિ અનેક દોષોની પ્રાપ્તિ થશે. એનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વિવેકી સાધુ ષડ્કાય પાલનના અધ્યવસાયવાળા હોય છે, કોઈને પીડા ન થાય એ પ્રકારે યતના કરનારા હોય છે તેથી કોઈ વસ્તુને પરઠવતી વખતે ભૂમિને ચક્ષુથી નિરીક્ષણ કરશે અને કોઈ જીવ જણાશે તો યતનાપૂર્વક તેને ઉચિત

સ્થાને મૂકશે ત્યાર પછી ભૂમિનું પ્રમાર્જન કરશે. તેથી કીડીના ઘરના સ્થગન ઇત્યાદિ દોષો થાય નહીં પરંતુ ચક્ષુથી નહીં દેખાયેલ સૂક્ષ્મ જંતુ તે સ્થાનમાં હોય તેનું પ્રમાર્જન કરવાથી રક્ષણ થશે તે રૂપ ગુણની પ્રાપ્તિ થાય છે. ॥૧૧૦૨॥

અવતરણિકા :-

તમેવ દર્શયતિ—

અવતરણિકાર્થ :-

તેને જ=રજોહરણથી ગુણ થાય છે તેને જ, બતાવે છે —

ગાથા :-

આયાણે ગહણ(મોક્ખ)મ્મિ ય કસ્સઇ રયણીએ કાઇગાદિમ્મિ ।
તેણં પમજ્જિઊણં પવત્તમાણસ્સ વહવિરતી ।।૧૧૦૩।।

છાયા :-

आदाने ग्रहणे (मोक्षे) च कस्यचिद् रजन्यां कायिकादौ ।
तेन प्रमार्ज्य प्रवर्तमानस्य वधविरतिः ।।११०३।।

ગાથાર્થ :-

રાત્રિમાં અને કાયિકાદિમાં કોઈક વસ્તુનું આદાન અને મોક્ષ કરાયે છતે, તેના વડે=રજોહરણ વડે, પ્રમાર્જીને પ્રવર્તમાન સાધુને વધની વિરતિ થાય છે. ॥૧૧૦૩॥

ટીકા :-

आदाने ग्रहणे च मोक्षे च कस्यचित् भण्डकस्य रजन्यां कायिकादौ च तेन रजोहरणेन प्रमार्ज्य प्रवर्त्तमानस्य सतो वधविरतिर्नाम गुणो भवति, अन्यथा तदा भण्डकाश्रितादिसत्त्वव्यापत्तिः प्रसज्येतेति ।।११०३।।

ટીકાર્થ :-

आदाने ..... प्रसज्येतेति ।। કોઈક પાત્રાદિના ગ્રહણમાં અને મુકવામાં, વળી રાત્રિમાં કાયિકાદિમાં= માત્રુ આદિ કાયિક ક્રિયામાં, રજોહરણથી પ્રમાર્જીને પ્રવર્તમાન સાધુને વધની વિરતિ નામનો ગુણ થાય છે. અન્યથા=જો રજોહરણ ન હોય તો, ત્યારે ભંડકાદિ આશ્રિત જીવોનો નાશ થવાનો પ્રસંગ થાય. ॥૧૧૦૩॥

ભાવાર્થ :-

સાધુ પ્રથમ મહાવ્રતના પાલન અર્થે સતત યતના કરનારા હોય છે છતાં રાત્રિને વિશે માત્રુ આદિ

કરવાનો પ્રસંગ આવે ત્યારે અને દિવસે કે રાત્રે કોઈક કારણસર પાત્રાદિ ઉપકરણને ગ્રહણ અને મૂકવાનો પ્રસંગ આવે ત્યારે ત્યાં રહેલા કોઈક જીવોનો નાશ થવાનો પ્રસંગ ન આવે. તેથી માત્રુ આદિ કરવા ઊઠે ત્યારે તે માત્રુના સાધનને પ્રથમ રજોહરણથી પૂંજે, ત્યારપછી તે સાધનને ગ્રહણ કરે. વળી, પરઠવતા પૂર્વે પણ ભૂમિને રજોહરણથી પ્રમાર્જીને પરઠવે અને પરઠવ્યા પછી પણ જે સ્થાને તે સાધનને મૂકે તે સ્થાનને પણ પૂંજીને મૂકે જેથી કોઈ જીવની વિરાધના ન થાય અને તે રીતે પ્રવર્તમાન સાધુને વધની વિરતિ નામનો ગુણ થાય છે અને જો રજોહરણ ન હોય તો રાત્રે માત્રુ વગેરે પરઠવવામાં તે માત્રુના સાધનને આશ્રયીને જીવોની હિંસા થાય. **॥૧૧૦૩॥**

અવતરણિકા :-

दण्डमाश्रित्य दोषाभावमाह—

અવતરણિકાર્થ :-

દાંડાને આશ્રયીને દિગંબરે ગાથા-૧૦૨૨માં જે દોષો બતાવેલ તે દોષોના અભાવને કહે છે —

ગાથા :-

साणादिरक्खणट्ठा विधीए इह डंडगं धरेंतस्स ।
कह हत्थियारसावेक्खयाइया होंति दोसा उ? ।।११०४।।

છાયા :-

श्वादिरक्षणार्थं विधिना इह दंडकं धरतः ।
कथं हास्तिकारसापेक्षतादिका भवन्ति दोषास्तु ।।११०४।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, શ્વાનાદિથી રક્ષણ માટે વિધિથી દંડને ધારણ કરતા સાધુને હાસ્તિકાર-સાપેક્ષતાદિ દોષો કેવી રીતે થાય ?=પ્રહાર કરવાદિ સાપેક્ષાદિ દોષો ન થાય=પશુ આદિને પ્રહાર કરવાની અપેક્ષતાથી દંડ ગ્રહણ કરવાનો અધ્યવસાય છે એ પ્રકારના દોષો કેવી રીતે થાય ? ॥૧૧૦૪॥

ટીકા :-

श्वादिरक्षणार्थं विधिना सूत्राभिहितेन इह-जगति तीर्थे वा दण्डकं धर्मोपकरणतया धरतः सतः कथं हास्तिकारसापेक्षतादयः-प्रहरणसापेक्षतादयो दोषा भवन्ति?, नैव भवन्तीतियावत् ।।११०४।।

ટીકાર્થ :-

श्वादिरक्षणार्थं ..... भवन्तीतियावत् ।। કૂતરાદિથી રક્ષણ માટે સૂત્રમાં કહેલ વિધિથી અહીં=જગતમાં

અથવા તીર્થમાં અર્થાત્ સંયમજીવનમાં, ધર્મના ઉપકરણપણાથી દંડાને ધારણ કરતા છતા સાધુને હાસ્તિકારની સાપેક્ષતાદિ=પ્રહરણની સાપેક્ષતાદિ દોષો કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. ॥૧૧૦૪॥

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે સાધુ કૂતરાદિથી પોતાનું રક્ષણ કરવા દંડને ગ્રહણ કરે તો હિંસક પ્રાણીથી પોતાના રક્ષણ અર્થે હથિયારને ધારણ કરતા ગૃહસ્થ જેવા શ્વેતાંબર સાધુને સ્વીકારવા પડે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – શ્વાનાદિથી રક્ષણ માટે શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત યતનાપરાયણ સુસાધુ હોય છે તેથી ભિક્ષાદિ લઈને આવતા હોય ત્યારે કૂતરાદિ તેને ઝપાટે નહિ. તે અર્થે વિવેકપૂર્વક શંકાથી તેઓને દૂર કરે, પણ શત્રુથી કે હિંસક પ્રાણીથી પોતાનું રક્ષણ કરવા માટે હથિયાર ગ્રહણ કરનારા પુરુષની જેમ શ્વેતાંબર સાધુ નથી તેથી ઉચિત યતનાપૂર્વક દંડ ધારણ કરવનાર સાધુને કોઈ દોષ નથી. **॥૧૧૦૪॥**

અવતરણિકા :-

અત્રૈવ યુક્તિમાહ–

અવતરણિકાર્થ :-

આમાં જ=સાધુને દંડધારણમાં દોષ નથી એ કથનમાં જ, યુક્તિને કહે છે –

ગાથા :-

ણ ય કજ્જમંતરેણવિ કહંચિ પીડા ઇમસ્સ ઇટ્ઠુત્તિ ।
આયપરોભયવિસયા જં વહકિરિયા સુતે ભણિયા ।।૧૧૦૫।।

છાયા :-

ન ચ કાર્યાન્તરેણાપિ કથંચિત્પીડાઽસ્ય ઇષ્ટેતિ ।
આત્મપરોભયવિષયા યત્ વધક્રિયા શ્રુતે ભણિતા ।।૧૧૦૫।।

ગાથાર્થ :-

અને કાર્ય વગર કોઈપણ રીતે આ દેહને પીડા ઈષ્ટ નથી. જે કારણથી આત્મા અને પરવિષયવાળી વધક્રિયા સૂત્રમાં કહેવાઈ છે. ।।૧૧૦૫।।

ટીકા :-

ચો હેતૌ । યસ્માન્ન કાર્યમન્તરેણ 'અપિ' ભિન્નક્રમઃ કથંચિદપ્યસ્ય દેહસ્ય પીડા ઇષ્ટા । કુત ઇત્યાહ—યત્-યસ્માત્કારણાત્ વધક્રિયા શ્રુતે-આગમે આત્મપરોભયવિષયા ભણિતા-પ્રતિપાદિતા ।।૧૧૦૫।।

ટીકાર્થ :-

चो हेतौ ..... प्रतिपादिता ।। 'च' શબ્દ હેતુ અર્થમાં છે. જે કારણથી કાર્ય વગર કોઈપણ રીતે આ દેહને પીડા ઈષ્ટ નથી. 'अपि' શબ્દ ભિન્ન ક્રમવાળો છે, તેથી કથંચિત્ પછી યોજન છે. કયા કારણથી દેહની પીડા ઈષ્ટ નથી ? એથી કહે છે – જે કારણથી, શ્રુતમાં=આગમમાં, સ્વવિષયવાળી અને પરવિષયવાળી ઉભય વધક્રિયા પ્રતિપાદન કરાઈ છે. ॥૧૧૦૫॥

ભાવાર્થ :-

શાસ્ત્રમાં સંવેગની વૃદ્ધિના પ્રયોજન સિવાય કોઈપણ રીતે દેહને પીડા ઇષ્ટ નથી. આથી સાધુ સંવેગની વૃદ્ધિનું પ્રયોજન દેખાય ત્યારે સ્મશાન આદિમાં જઈને પ્રતિમા ધારણ કરે છે અને ઉપસર્ગ સહન કરે છે. તે દેહની પીડા નિરપેક્ષભાવની વૃદ્ધિ દ્વારા વીતરાગતાનું કારણ છે. તે સિવાય કોઈને પણ=આત્માને કે પરને દેહની પીડા કરવામાં આવે તો વધક્રિયા છે. તેથી શ્વાનાદિથી ઉપદ્રવ થવાને કારણે સાધુને દેહની પીડા થાય તો આત્મવધ થાય અને દાંડાથી કૂતરા આદિને મારે તો પરનો વધ થાય. તે વધક્રિયા ન થાય એ રીતે યતનાપૂર્વક સાધુ શ્વાનાદિથી પોતાના દેહના રક્ષણ અર્થે દાંડાને ધારણ કરે છે. તેથી પ્રહરણ આદિ દોષોની પ્રાપ્તિ થતી નથી. **॥૧૧૦૫॥**

અવતરણિકા :-

तदेव श्रुतं दर्शयति–

અવતરણિકાર્થ :-

તે જ=પોતાના અને પરના દેહને પીડા કરવાથી વધક્રિયાની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે કહેનાર તે પ્રકારના શ્રુતને કહે છે –

ગાથા :-

भावियजिणवयणाणं ममत्तरहियाण नत्थि हु विसेसो ।
अप्पाणम्मि परम्मि य तो वज्जे पीडमुभयोऽवि ।।११०६।।

છાયા :-

भावितजिनवचनानां ममत्वरहितानां नास्ति खलु विशेषः ।
आत्मनि परस्मिंश्च तस्माद्वर्जयेत्पीडामुभयतोऽपि ।।११०६।।

ગાથાર્થ :-

ભાવિત જિનવચનવાળા મમત્વરહિત સાધુઓને નક્કી આત્મામાં અને પરમાં પણ વિશેષ નથી=ભેદ નથી, તે કારણથી ઉભયમાં પણ=આત્મા અને પરરૂપ ઉભયમાં પણ, પીડાનું વર્જન કરવું જોઈએ. ॥૧૧૦૬॥

ટીકા :-

भावितजिनवचनानां ममत्वरहितानां 'हु' निश्चितं नास्ति विशेष आत्मनि परस्मिन्नपि च, 'तो' तस्माद्वर्जयेत् पीडामुभयतोऽपि-उभयस्मिन्नपि आत्मपरलक्षणे इति । तस्मान्नात्र हास्तिकारसापेक्षतादयो दोषा इति स्थितम् ।।११०६।।

ટીકાર્થ :-

भावितजिनवचनानां ..... स्थितम् ।। ભાવિત જિનવચનવાળા મમત્વરહિત સાધુઓને આત્મામાં અને પરમાં પણ નક્કી વિશેષ નથી. તેથી ઉભયમાં પણ=આત્મા અને પરરૂપ ઉભયમાં પણ, પીડાનું વર્જન કરવું જોઈએ. તે કારણથી અહીં=દંડધારણમાં, હાસ્તિકાર સાપેક્ષતા આદિ દોષો નથી. ॥૧૧૦૬॥

ભાવાર્થ :-

સુસાધુ હંમેશાં સર્વજ્ઞના વચનથી આત્માને ભાવિત કરે છે અને સર્વજ્ઞનું વચન સર્વત્ર સમભાવની વૃદ્ધિ થાય તે રીતે ચિત્તવૃત્તિ કરવાનો ઉપદેશ આપે છે. તેથી સુસાધુ સર્વત્ર સમભાવની વૃદ્ધિમાં યત્ન કરનારા હોય છે, તેઓ કોઈ પદાર્થ પ્રત્યે મમત્ववાળા નથી, પરંતુ સર્વત્ર મમત્વરહિત થઈને સંયમમાં યત્ન કરનારા છે, તેવા મહાત્માને પોતાના આત્મામાં અને બીજા જીવોમાં ભેદ નથી. પરંતુ પોતાના આત્માને પીડા ન થાય અને બીજા જીવોને પીડા ન થાય એમ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેથી કૂતરાદિથી રક્ષણ કરવા દંડ ગ્રહણ કરે તો પણ હથિયાર ધારણ કરનારને જે રીતે હાસ્તિકાર સાપેક્ષતા આદિ દોષો પ્રાપ્ત થાય છે, તેવા દોષો સુસાધુને પ્રાપ્ત થતા નથી. જેઓ તે પ્રકારે જિનવચનથી ભાવિત નથી, તેઓમાં સમભાવની પરિણતિ ન હોવાથી સર્વ પ્રકારના દોષોની પ્રાપ્તિ છે. **॥૧૧૦૬॥**

અવતરણિકા :-

यदप्युक्तं—'किंच नियं चिय रूवमित्यादि', तत्रापि प्रतिविधानमाह—

અવતરણિકાર્થ :-

પોતાનું જ રૂપ જોવાથી સંવેગ થાય છે ઇત્યાદિ જે વળી ગાથા-૧૦૨૩માં દિગંબર વડે કહેવાયું તેમાં પણ ઉત્તરને આપતાં કહે છે —

ગાથા :-

रयहरणादिसमेतं दट्ठूणं किं न होइ संवेगो? ।
अप्पाणं पव्वइओ तब्भणियगुणागमातो य ।।११०७।।

છાયા :-

रजोहरणादिसमेतं दृष्ट्वा किं न भवति संवेगः ? ।
आत्मानं प्रव्रजितस्तद्भणितगुणागमाच्च ।।११०७।।

ગાથાર્થ :-

રજોહરણાદિથી યુક્ત આત્માને પ્રવ્રજિત જોઈને અને રજોહરણાદિના કહેવાયેલા ગુણોના અવબોધથી શું સંવેગ નથી થતો ? અર્થાત્ થાય જ છે. ॥૧૧૦૭॥

ટીકા :-

रजोहरणादिसमेतमात्मानं दृष्ट्वा तथा तद्भणितगुणागमतश्च-रजोहरणादिसमेतगुणावबोधतश्च संवेगः किन्न भवति?, भवत्येवेतिभावः । 'यथाऽहं प्रव्रजितस्तस्मात् करोमि स्वार्थमिति' ।।११०७।।

ટીકાર્થ :-

रजोहरणादि ..... स्वार्थमिति' ।। રજોહરણાદિયુક્ત આત્માને જોઈને અને તે પ્રકારે તેના કહેવાયેલા ગુણના બોધથી=રજોહરણાદિથી યુક્ત સાધુના ગુણના અવબોધથી, શું સંવેગ થતો નથી ? અર્થાત્ થાય જ છે. જે પ્રમાણે હું પ્રવ્રજિત છું, તે કારણથી સ્વાર્થને કરું, એ પ્રમાણે સંવેગ થાય છે. ॥૧૧૦૭॥

ભાવાર્થ :-

દિગંબરે કહેલું કે રજોહરણાદિ ઉપધિ રહિત આત્માને જોઈને સંવેગ થાય છે. તેથી સાધુઓએ રજોહરણાદિ ઉપધિ ધારણ કરવી જોઈએ નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે – રજોહરણાદિયુક્ત પ્રવ્રજિત પોતાને જોઈને વિવેકી સાધુને વિચાર આવે છે કે આ રજોહરણાદિ ધર્મનાં ઉપકરણ છે. તેથી ધર્મની વૃદ્ધિ થાય તે રીતે સર્વ ઉદ્યમ મારે કરવો જોઈએ. તેવો જેને બોધ વર્તે છે તેવા સાધુને રજોહરણાદિથી યુક્ત પોતાને જોઈને સંવેગ થાય છે; કેમ કે તેવા આત્માને સદા વિચાર આવે છે કે 'હું પ્રવ્રજિત છું જેથી પાપથી વિમુખ થવું એ રૂપ પ્રવ્રજ્યાના પ્રયોજનને હું સફળ કરું', આ પ્રકારના ભાવનને કારણે સુસાધુને સદા દોષના ઉન્મૂલનને અનુકૂળ સંવેગનો પરિણામ વર્તે છે. **॥૧૧૦૭॥**

અવતરણિકા :-

यच्चोक्तम्–'तस्मात् यतिना निर्ग्रन्थेन भवितव्य'मित्यत्राह–

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે કહેવાયું=જે પ્રમાણે ગાથા-૧૦૨૪માં દિગંબર વડે કહેવાયું, 'તે કારણથી સાધુએ નિર્ગ્રંથપણાથી થવું જોઈએ' એ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

निग्गंथया य भणिया ममत्तचाएण पुव्वमेव इहं ।
किमिणा विचिन्तिएणं? तुह एयं मन्नसे अह उ ।।११०८।।

છાયા :-

निर्ग्रन्थता च भणिता ममत्वत्यागेन पूर्वमेवेह ।
किं तेन विचिन्तितेन ? तव एतन्मन्यसे अथ तु ।।११०८।।

ગાથાર્થ :-

અને મમત્વના ત્યાગથી નિર્ગ્રંથતા પૂર્વમાં જ અહીં કહેવાઈ છે. તારા આ પ્રકારના ચિંતવન વડે શું ? હવે તું આ પ્રમાણે માને છે. શું માને છે ? એ આગળની ગાથામાં કહે છે. ।।૧૧૦૮।।

ટીકા :-

निर्ग्रन्थता च पूर्वमेव भणिता ममत्वत्यागेन, स च ममत्वत्यागो वस्त्रादावप्यविशिष्टो, धर्मोपकरणतया तस्य परिगृह्यमाणत्वात् । ततः किं तेन विचिन्तितेन (तव) यथा—'वस्त्रग्रहणे सति कथं निर्ग्रन्थतेति' किंतु यथावदवगमे मनो निवेश्यतामिति अथैतन्मन्यसे ।।११०८।।

ટીકાર્થ :-

निर्ग्रन्थता ..... अथैतन्मन्यसे ।। અને પૂર્વમાં જ મમત્વના ત્યાગથી નિર્ગ્રંથતા કહેવાઈ છે અને તે મમત્વનો ત્યાગ વસ્ત્રાદિમાં પણ અવિશિષ્ટ છે. જેમ નગ્નતા ધારણ કરવામાં મમત્વનો ત્યાગ થઈ શકે છે તેમ વસ્ત્રધારણમાં પણ મમત્વનો ત્યાગ થઈ શકે છે; કેમ કે ધર્મના ઉપકરણપણાથી વસ્ત્રનું પરિગૃહ્યમાનપણું છે=સુસાધુ ધર્મના ઉપકરણરૂપે ઉપયોગી એટલા વસ્ત્રને ગ્રહણ કરે છે. તેથી તે વિચિંતવન વડે શું ? 'જે પ્રમાણે વસ્ત્રગ્રહણ થયે છતે કેવી રીતે નિર્ગ્રંથતા થાય' અર્થાત્ તે પ્રકારે ચિંતવન ઉચિત નથી પરંતુ યથાવત્ બોધમાં મનનો નિવેશ કરવો જોઈએ=દિગંબરે વાસ્તવિક વિચારણા કરવી જોઈએ. હવે તું આ માને છે. શું માને છે ? એ આગળની ગાથામાં કહે છે. ।।૧૧૦૮।।

ભાવાર્થ :-

દિગંબરે પૂર્વમાં કહેલું કે સાધુએ નિર્ગ્રંથ થવું જોઈએ. સર્વ પ્રકારના પરિગ્રહથી રહિત થવું જોઈએ. નિર્ગ્રંથ થવા અર્થે વસ્ત્રાદિ ધારણ કરવાં જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે કે નિર્ગ્રંથતા મમત્વના ત્યાગથી થાય છે માત્ર વસ્ત્રના ત્યાગથી થતી નથી. જે સાધુ ધર્મના ઉપકરણ અર્થે પરિમિત વસ્ત્રો ગ્રહણ કરે છે તેને વસ્ત્રાદિના મમત્વનો ત્યાગ પણ સમાન જ પ્રાપ્ત થાય છે. જેમ દિગંબર સાધુ સર્વથા વસ્ત્રના ત્યાગપૂર્વક મમત્વનો ત્યાગ કરી શકે છે તેમ સુસાધુ વસ્ત્રાદિને ગ્રહણ કરવા છતાં મમત્વનો ત્યાગ કરી શકે છે. તેથી વસ્ત્રગ્રહણ હોતે છતે નિર્ગ્રંથતા નથી એ પ્રકારના વિપરીત ચિંતવનથી શું ? અર્થાત્ પદાર્થના વાસ્તવિક બોધમાં દિગંબરે મનનો નિવેશ કરવો જોઈએ જેથી બોધ થાય કે જે સાધુને ક્યાંય મમત્વ નથી તેઓ પણ ધર્મના ઉપકારી દેહની જેમ ધર્મના ઉપકારી વસ્ત્રાદિ ઉપકરણ ધારણ કરે છે. છતાં મમત્વરહિત હોવાથી તેઓમાં નિર્ગ્રંથતા છે. હવે દિગંબર આ માને છે. શું માને છે ? તે આગળની ગાથામાં કહે છે. **॥૧૧૦૮॥**

ગાથા :-

જારિસયં ગુરુલિંગં સીસેણવિ તારિસેણ હોયવ્વં ।
નહુ હોઇ બુદ્ધસીસો સેયવડો નગ્ગખવણો વા ।।૧૧૦૯।।

છાયા :-

यादृशं गुरुलिङ्गं शिष्येणापि तादृशेन भवितव्यम् ।
न हि भवति बुद्धशिष्यः श्वेतपटो नग्नक्षपणको वा ।।११०९।।

ગાથાર્થ :-

જેવું ગુરુલિંગ છે=ભગવાનનું લિંગ છે, એવા પ્રકારના શિષ્યે પણ થવું જોઈએ. બુદ્ધનો શિષ્ય શ્વેત પટ્ટવાળો કે નગ્ન ક્ષપકવાળો થતો નથી. ।।૧૧૦૯।।

ટીકા :-

यादृशं गुरोर्लिङ्गं शिष्येणापि तादृशेन-तादृग्लिङ्गयुक्तेन भवितव्यम्, नहि भवति बुद्धस्य शिष्यः श्वेतपटो नग्नक्षपणको वेति ।।११०९।।

ટીકાર્થ :-

यादृशं ..... वेति ।। જેવું ગુરુનું લિંગ છે, શિષ્યને પણ તેવા લિંગથી યુક્ત થવું જોઈએ. બુદ્ધનો શિષ્ય શ્વેતપટવાળો કે નગ્ન ક્ષપણક થતો નથી. ।।૧૧૦૯।।

ભાવાર્થ :-

દિગંબર કહે છે કે જેવા પ્રકારનું પરમગુરુ એવા તીર્થંકરનું લિંગ છે તેવું જ શિષ્યએ થવું જોઈએ અને પરમગુરુ ભગવાન વસ્ત્ર, પાત્ર ધારણ કરતા ન હતા પરંતુ સર્વ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને અંતરંગ નિર્ગ્રંથભાવમાં વર્તતા હતા તેમ તેમના શિષ્ય એવા સુસાધુએ વર્તવું જોઈએ, આ કથનને જ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. બુદ્ધનો શિષ્ય શ્વેતપટવાળો કે નગ્ન ક્ષપણક થાય નહીં પરંતુ જેવાં વસ્ત્રો બુદ્ધ ધારણ કરતા હતા એવાં જ વસ્ત્ર ધારણ કરે તો તે બુદ્ધના શિષ્ય કહેવાય. તેમ વીર ભગવાનના શિષ્યોએ પણ વીર ભગવાનના જેવું જ સાધુલિંગ ધારણ કરવું જોઈએ જે સર્વથા વસ્ત્રરહિત સ્વરૂપ જ છે. **॥૧૧૦૯॥**

ગાથા :-

નિગ્ગંથો ય જિણો જં એગંતેણેવ લોગસિદ્ધમિણં ।
તમ્હા તસ્સીસાવિ હુ નિગ્ગંથા ચેવ જુજ્જંતિ ।।૧૧૧૦।।

છાયા :-

निर्ग्रन्थश्च जिनो यदेकान्तेनैव लोकसिद्धमिदम् ।
तस्मात् तच्छिष्या अपि खलु निर्ग्रन्था एव युज्यन्ते ।।१११०।।

ગાથાર્થ :-

જે કારણથી એકાંતથી જ જિન નિર્ગ્રંથ છે એ લોકસિદ્ધ છે. તે કારણથી તેમના શિષ્ય પણ નિર્ગ્રંથ જ ઘટે છે. ॥૧૧૧૦॥

ટીકા :-

निर्ग्रन्थश्च जिनो यत्-यस्मादेकान्तेनैव भवति, इदं च सकललोकप्रसिद्धम्, तस्मात्तच्छिष्या अपि निर्ग्रन्था एव युज्यन्त इति ।।१११०।।

ટીકાર્થ :-

निर्ग्रन्थश्च ..... युज्यन्त इति ।। જે કારણથી એકાંતથી જ જિન નિર્ગ્રંથ છે=સર્વ પરિગ્રહ વગરના છે, અને આ=જિન વસ્ત્રાદિ સર્વ પરિગ્રહ વગરના હતા એ, સકલ લોકપ્રસિદ્ધ છે, તે કારણથી તેમના શિષ્યોએ પણ નિર્ગ્રંથ જ થવું ઘટે છે. ॥૧૧૧૦॥

ભાવાર્થ :-

ભગવાન સર્વથા વસ્ત્ર, પાત્રના ત્યાગરૂપ એકાંતથી નિર્ગ્રંથ ભાવવાળા હતા. એ કથન શ્વેતાંબર પક્ષ કે દિગંબર પક્ષ બંને પક્ષમાં પ્રસિદ્ધ છે. તેથી ભગવાનના શિષ્યોએ ભગવાનના જેવો જ નિર્ગ્રંથભાવ ધારણ કરવો જોઈએ. માટે સાધુએ વસ્ત્ર, પાત્ર રાખવાં જોઈએ નહીં એ પ્રકારનો દિગંબરનો આશય છે. **॥૧૧૧૦॥**

અવતરણિકા :-

अत्राचार्य आह—

અવતરણિકાર્થ :-

અહીં=ગાથા-૧૧૦૯ અને ૧૧૧૦માં દિગંબરે જે કહ્યું તેમાં, આચાર્યશ્રી કહે છે —

ગાથા :-

जारिसयं गुरुलिंगं इच्चादसमिक्खिताभिहाणं तु ।
न हि तारिसेण होउं तीरइ सइ दुविहलिंगेवि ।।११११।।

છાયા :-

यादृशं गुरुलिङ्गमित्यद्यासमीक्षिताभिधानं तु ।
न हि तादृशं भवितुं शक्यते सदा द्विविधलिङ्गेऽपि ।।११११।।

ગાથાર્થ :-

જેવા પ્રકારનું ગુરુલિંગ છે ઇત્યાદિ અસમીક્ષિત અભિધાન છે. હિ=જે કારણથી, દ્વિવિધ લિંગમાં પણ સદા એવા પ્રકારના થવા માટે શક્ય નથી. ॥૧૧૧૧॥

ટીકા :-

यादृशं गुरुलिङ्गमित्यादि असमीक्षिताभिधानं, यस्मान्न द्विविधलिङ्गेऽपि-द्विविधेऽपि लिङ्गे द्रव्यभावभेदभिन्ने सदा तादृशेनैव शिष्येण भवितुं शक्यते, सर्वेषामपि तेन सह समानधर्मता-प्राप्तेरेतच्चानिष्टमिति ।।११११।।

ટીકાર્થ :-

यादृशं ..... निष्टमिति ।। જેવા પ્રકારનું ગુરુલિંગ છે ઇત્યાદિ અસમીક્ષિત કથન છે. જે કારણથી બે લિંગમાં પણ=દ્રવ્યભાવના ભેદથી ભિન્ન એવા દ્વિવિધ લિંગમાં પણ, સદા તેવા જ શિષ્યથી=જેવા પરમગુરુ છે તેવા જ શિષ્યથી, થવા માટે શક્ય નથી; કેમ કે બધાને પણ=ભગવાનના બધા સાધુઓને પણ, તેમની સાથે=ભગવાનની સાથે, સમાન ધર્મતાની પ્રાપ્તિ છે અને એ=ભગવાનના બધા સાધુઓ ભગવાનની સાથે સમાન ધર્મતાવાળા છે એ, અનિષ્ટ છે. ।।૧૧૧૧।।

ભાવાર્થ :-

દિગંબરે પૂર્વમાં કહ્યું કે જેવું ગુરુનું લિંગ હોય તેવું જ લિંગ શિષ્યએ ધારણ કરવું જોઈએ. માટે જેમ પરમગુરુ ભગવાન વસ્ત્ર, પાત્ર ધારણ કરતા ન હતા તેમ સાધુએ પણ વસ્ત્ર, પાત્ર ધારણ કરવાં જોઈએ નહીં; કેમ કે સાધુઓ વીર ભગવાનના શિષ્ય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. આ પ્રકારનું દિગંબરનું કથન વિચાર્યા વગરનું કથન છે; કેમ કે સાધુનું દ્રવ્યલિંગ અને ભાવલિંગ બે પ્રકારનું છે. તે બંને પ્રકારથી ભગવાન જેવા શિષ્યો થવા સમર્થ નથી; કેમ કે ભગવાન અંતરંગ રીતે મહાસાત્ત્વિક હતા. તેથી ઘોર ઉપસર્ગ, પરિષહમાં પણ મોહના સ્પર્શ વગર નિર્ગ્રંથભાવમાં રહી શકતા હતા અને તે પ્રકારના અતિશયવાળા હતા કે જેથી વસ્ત્ર વગર પણ નગ્ન દેખાતા ન હતા અને નિશ્છિદ્ર કરપાત્ર લબ્ધિવાળા હતા. તેથી જેવા પ્રકારનાં દ્રવ્ય અને ભાવરૂપ બંને લિંગો ભગવાનમાં હતાં તેવાં બંને લિંગો શિષ્ય ધારણ કરવા સમર્થ નથી. તેથી ગુરુના જેવા લિંગવાળા શિષ્યોએ થવું જોઈએ તે કથન વિચાર્યા વગરનું છે. **॥૧૧૧૧॥**

ગાથા :-

अह तल्लिंगसमं चिय लिंगं तेणावि होइ कायव्वं ।
सियवाए सिद्धं चिय एगंतेणं तु तदजुत्तं ।।१११२।।

છાયા :-

अथ तल्लिंगसममेव लिङ्गं तेनापि भवति कर्त्तव्यम् ।
स्याद्वादे सिद्धमेव एकान्तेन तु तदयुक्तम् ।।१११२।।

ગાથાર્થ :-

હવે તેના લિંગ સમાન જ લિંગ તેના વડે પણ=શિષ્ય વડે પણ, કર્તવ્ય થાય છે. સ્યાદ્વાદમાં

સિદ્ધ જ છે=પરમગુરુના લિંગ સમાન સાધુનું લિંગ સિદ્ધ જ છે. વળી, એકાંતથી તે અયુક્ત છે. ।।૧૧૧૨।।

ટીકા :-

અથોચ્યેત તલ્લિङ्गસમમેવ-નિર્ગ્રન્થજિનલિङ्गસમાનમેવ લિङ्गં તેનાપિ-તચ્છિષ્યેણાપિ ભવતિ કર્ત્તવ્યં, યથા રક્તચીવરધારિણઃ સુગતસ્ય વિનેયા અપિ રક્તચીવરધારિણ ઇતિ । અત્રાહ—'સિયેત્યાદિ' તલ્લિङ्गસમં-નિર્ગ્રન્થજિનલિङ्गસમં લિङ्गં સ્યાદ્વાદે-કથંચિદ્વાદે સિદ્ધમેવ, ભગવત ઇવ સાધૂનામપિ શિરોલુञ्चનભિક્ષાટનકલ્પનીયાન્નપાનગ્રહણાદિષુ યતમાનત્વાત્, એકાન્તેન તુ તલ્લિङ्गસમં લિङ्गં ન યુક્તં, તીર્થકૃતા સહ સમાનધર્મ્મતાપ્રાપ્તેઃ, અપિ ચ—ન ભગવતા પિચ્છિકાદ્યપિ ગૃહીતં તતો 'યાદૃશં ગુરોર્લિङ्गં શિષ્યેણાપિ તાદૃગ્લિङ्गયુક્તેન ભવિતવ્યમિતિ' વચ એકાન્તેન પ્રમાણીકુર્વદ્ભિઃ કથં ભવદ્ભિરપિ પિચ્છિકાદિ ગૃહ્યતે? । અથ ધર્મોપકરણત્વાદદોષ ઇતિ મન્યેથાસ્તદેતદ્વસ્ત્રેઽપિ સમાનં યથોક્તં પ્રાગિતિ ।।૧૧૧૨।।

ટીકાર્થ :-

અથોચ્યેત ..... પ્રાગિતિ ।। હવે કહેવાય છે=દિગંબર વડે કહેવાય છે, તેમના લિંગ સમાન જ=નિર્ગ્રંથ જિનના લિંગ સમાન જ લિંગ, તેમના શિષ્યો વડે પણ કર્તવ્ય થાય છે. જે પ્રમાણે રક્ત વસ્ત્રને ધારણ કરનારા સુગતના શિષ્યો પણ રક્ત વસ્ત્રને ધારણ કરનારા છે. અહીં=દિગંબરના આ કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે — તેમના લિંગ સમાન=નિર્ગ્રંથ જિનના લિંગ સમાન લિંગ, સ્યાદ્વાદમાં=કથંચિત્ વાદમાં, સિદ્ધ જ છે=સાધુને ઘટે જ છે; કેમ કે ભગવાનની જેમ સાધુઓનું પણ શિરનું લુંચન, ભિક્ષાટન, કલ્પનીય અન્ન-પાન ગ્રહણાદિમાં યતમાનપણું છે. એકાંતથી વળી, તદ્લિંગ સમાન લિંગ= પરમગુરુના લિંગ સમાન લિંગ, યુક્ત નથી; કેમ કે તીર્થંકરની સાથે સમાન ધર્મતાની પ્રાપ્તિ છે અને વળી ભગવાન વડે પીંછાદિ પણ ગૃહીત નથી. તેથી 'જેવું ગુરુનું લિંગ, તેવા લિંગયુક્ત શિષ્ય વડે પણ થવું જોઈએ' એ પ્રમાણેનું વચન એકાંતથી પ્રમાણ કરતા એવા તમારા વડે પણ=દિગંબર વડે પણ, પીંછિકાદિ કેમ ગ્રહણ કરાય છે ? હવે ધર્મોપકરણપણું હોવાથી=પીંછિકાદિનું ધર્મોપકરણપણું હોવાથી, અદોષ છે. એ પ્રમાણે તમે માનો છો=દિગંબર માને છે, તેથી આ='ધર્મનું ઉપકરણ છે' તે આ, વસ્ત્રમાં પણ સમાન છે. જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું છે. ।।૧૧૧૨।।

ભાવાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે છે — પરમગુરુનું જેવું સંયમનું લિંગ છે તેવું જ લિંગ એમના શિષ્ય એવા સાધુઓએ ધારણ કરવું જોઈએ અને પરમગુરુએ વસ્ત્ર-પાત્ર ધારણ કરેલાં નથી તેથી સુસાધુએ પણ વસ્ત્ર-પાત્ર ધારણ કરવાં જોઈએ નહીં એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે — ભગવાનના લિંગ જેવું જ લિંગ સુસાધુને સ્યાદ્વાદના મતે સંગત છે; કેમ કે સ્યાદ્વાદ અનેકાંતવાદ છે. તેથી કથંચિત્

ભગવાન સદૃશ સુસાધુનું લિંગ હોય તે લિંગને પણ ભગવાન સદૃશ લિંગ સ્વીકારે છે. જેમ ભગવાને નિસ્સંગતાની વૃદ્ધિ અર્થે પંચમુષ્ઠિનો લોચ કર્યો જેથી શરીરની શોભા પ્રત્યે મમત્વ થાય નહીં. વળી, ભગવાને નિસ્સંગતાની વૃદ્ધિ અર્થે જ ભિક્ષાટન કર્યું જેથી દેહના પાલન અર્થે ભોગની પ્રવૃત્તિ થાય નહીં. વળી, કરણાદિ દોષોથી રહિત નિર્દોષ એવું અન્નપાનાદિ ભગવાને ગ્રહણ કર્યું જેથી આરંભ-સમારંભજન્ય દોષોની પ્રાપ્તિ થાય નહીં. તેમ સુસાધુ પણ ભગવાનની જેમ નિર્મમ થવા અર્થે મસ્તકે લોચ કરે છે, ભિક્ષાટન કરે છે, કલ્પનીય અન્ન-પાનાદિ ગ્રહણ કરે છે. તેથી તે સર્વ અપેક્ષાએ ભગવાનના સમાન જ સુસાધુનું લિંગ છે. વળી, એકાંતથી ભગવાનના સમાન લિંગ સુસાધુને યુક્ત નથી જેથી ભગવાને જેમ વસ્ત્ર, પાત્ર ધારણ કર્યાં નહિ તેમ સુસાધુ પણ વસ્ત્ર, પાત્રનો ત્યાગ કરતા નથી; કેમ કે ભગવાનના સમાન તેઓને તેવું સત્ત્વ નથી કે જેથી એ પ્રકારે કરે પરંતુ જો સુસાધુ વસ્ત્ર, પાત્ર ધારણ ન કરે તો બાહ્ય ત્યાગ અંતરંગ નિર્ગ્રંથતાનું કારણ બને નહીં અને ભગવાનમાં તેવું સત્ત્વ હોવાથી બાહ્યથી વસ્ત્રનો, પાત્રનો ત્યાગ કર્યો તો પણ અંતરંગ નિર્ગ્રંથતાની વૃદ્ધિ થઈ શકી માટે સુસાધુનું લિંગ એકાંતથી ભગવાનના સદૃશ સ્વીકારવું ઉચિત નથી પરંતુ ભાવનિર્ગ્રંથતાનું કારણ બને તેવું કથંચિત્ સમાન લિંગ સ્વીકારવું ઉચિત છે. વળી, એકાંતથી ભગવાન જેવું લિંગ સાધુને સ્વીકારવું જોઈએ એમ દિગંબર કહે તો એમના સાધુઓએ પણ મોરપીંછિકાદિ ગ્રહણ કરવાં જોઈએ નહીં અને ધર્મનું ઉપકરણ છે માટે દિગંબર સાધુને મોરપીંછિકાદિ આવશ્યક છે એમ જો દિગંબર માને તો સુસાધુને વસ્ત્ર પણ ધર્મના ઉપકરણાદિ રૂપે સમાન જ ઇષ્ટ છે. **॥૧૧૧૨॥**

અવતરણિકા :-

प्रकारान्तरेण परस्यासमीक्षिताभिधायितामाह—

અવતરણિકાર્થ :-

પ્રકારાંતરથી પરની=દિગંબરની, અસમીક્ષિત અભિધાયિતાને=વિચાર્યા વગરનું કથન છે તેને, કહે છે —

ગાથા :-

तित्थगरलिंगमणघं तेसिं चेव अविगलं परं होइ ।
पाययगुणजुत्ताण य अहवा ण उ सेसजीवाणं ।।१११३।।

છાયા :-

तीर्थकरलिङ्गमनघं तेषामेवाविकलं परं भवति ।
प्राकृतगुणयुक्तानां चाथवा न तु शेषजीवानाम् ।।१११३।।

ગાથાર્થ :-

અથવા અનઘ એવું તીર્થંકરનું લિંગ તેઓને જ=તીર્થંકરોને જ, અવિકલ પ્રકૃષ્ટ હોય છે. વળી, પ્રાકૃત ગુણયુક્ત શેષ જીવોને=શેષ સાધુઓને, નથી. ॥૧૧૧૩॥

ટીકા :-

अथवेति प्रकारान्तरसूचने । स्याद्वादे तावत्तल्लिङ्गसमं लिङ्गं सिद्धमेव । अथवा तीर्थकरलिङ्गमनघं तेषामेव तीर्थकृतामविकलं परं भवति, प्राकृतगुणयुक्तानां तु शेषजीवानां न तल्लिङ्गसमं लिङ्गं, तद्गुणरहितत्वात् ।।१११३।।

ટીકાર્થ :-

अथवेति ..... तद्गुणरहितत्वात् ।। અથવા પ્રકારાંતરના સૂચનમાં છે. સ્યાદ્વાદમાં તેમના લિંગ સમાન=પરમગુરુના લિંગ સમાન, લિંગ સિદ્ધ જ છે=સુસાધુનું લિંગ સિદ્ધ જ છે. અથવા નિર્દોષ એવું તીર્થંકરનું લિંગ તેઓને જ=તીર્થંકરોને જ, અવિકલ ઉત્કૃષ્ટ થાય છે અને પ્રાકૃત ગુણથી યુક્ત એવા શેષ જીવોને તેમના લિંગ સમાન લિંગ નથી; કેમ કે તેમના જેવા ગુણથી રહિતપણું છે. ॥૧૧૧૩॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્યાદ્વાદની દૃષ્ટિથી ભગવાનના સદૃશ લિંગ ભગવાનના શિષ્યોને છે તેમ સ્થાપન કર્યું. હવે 'અથવા'થી અન્ય પ્રકારે સમાધાન કરે છે અર્થાત્ સ્યાદ્વાદથી ભગવાનના સમાન જ લિંગ સુસાધુઓને છે અથવા ભગવાનનું નિર્દોષ લિંગ છે; કેમ કે સંપૂર્ણ નિષ્પરિગ્રહી થવા અર્થે સર્વ બાહ્ય પરિગ્રહનો સર્વથા ભગવાને ત્યાગ કર્યો છે જેના બળથી અંતરંગ સર્વથા મમત્વ વગરના નિષ્પરિગ્રહી ભગવાન છદ્મસ્થ કાળભાવિ સંયમમાં પણ વર્તે છે અને તેવું અવિકલ લિંગ ભગવાનને જ સંભવી શકે, બીજા જીવોને સંભવી શકે નહીં; કેમ કે ભગવાનને નિર્મળ અવધિજ્ઞાન હતું તેથી રજોહરણ વગર પણ જીવોનો નિર્ણય કરીને ઉચિત રીતે પરઠવવાદિનાં કૃત્યો કરી શકે છે અને પાત્ર વગર પણ કરપાત્રલબ્ધિ હોવાથી જીવરક્ષા કરી શકે છે અને વસ્ત્ર વગર પણ અતિ શીતાદિમાં નિષ્પ્રકંપ રહીને ધ્યાન કરી શકે છે તેવું શરીરબળ ભગવાનને પ્રાપ્ત થયું તેથી ભગવાન દૃઢ વ્યાપારપૂર્વક નિસ્સંગતામાં યત્ન કરીને મોહનો નાશ કરવા માટે યત્નશીલ થઈ શક્યા પરંતુ શેષ સાધુઓ મોહનાશના અર્થી હોવા છતાં મોહનાશના અંગભૂત ષટ્કાયનું પાલન રજોહરણ વગર કરી શકે નહીં. વળી, કરપાત્ર લબ્ધિ નહીં હોવાથી યતનાપૂર્વક કરમાં આહાર ગ્રહણ કરી શકે નહીં અને શીતાદિ પરિષહમાં વસ્ત્ર વગર અંતરંગ ધ્યાનમાં કે અધ્યયનમાં પ્રયત્ન કરી શકે નહીં. તેથી ભગવાનના ગુણોથી રહિત પરંતુ ભગવાનતુલ્ય થવાના અર્થી એવા સુસાધુઓને સર્વથા ભગવાન તુલ્ય લિંગ કલ્યાણનું અંગ બને નહીં પરંતુ સ્વભૂમિકાનુસાર બાહ્ય ત્યાગ કરે તો જ ભગવાનની જેમ કંઈક નિસ્સંગતાની પ્રાપ્તિ કરીને આત્મહિત સાધી શકે. માટે ભગવાન જેવું અવિકલ લિંગ તીર્થંકરોને છોડીને શેષ સાધુઓને સંભવતું નથી. **॥૧૧૧૩॥**

અવતરણિકા :-

तथा चाह—

અવતરણિકાર્થ :-

અને તે રીતે કહે છે=શેષ જીવોને ભગવાન જેવું અવિકલ લિંગ નથી તે રીતે કહે છે –

ગાથા :-

रहिया य सेसजीवा तित्थगरगुणेहिं परमपुन्नेहिं ।
नियमेण सिद्धमेयं दोण्हवि अम्हाण समएसुं ।।१११४।।

છાયા :-

रहिताश्च शेषजीवास्तीर्थंकरगुणैः परमपुण्यैः ।
नियमेन सिद्धमिदं द्वयोरपि आवयोः समयेषु ।।१११४।।

ગાથાર્થ :-

અને શેષ જીવો પરમ પુણ્ય એવા તીર્થંકરના ગુણોથી નિયમા રહિત છે. આ બંને પણ આપણા બંનેના શાસ્ત્રોમાં સિદ્ધ છે. ।।૧૧૧૪।।

ટીકા :-

रहिताश्च शेषजीवा नियमेन तीर्थकरगुणैः परमपुण्यैः-एकान्तपवित्रैः । कथमेतदेवमवसेयमिति चेत् ? अत आह–'सिद्धमित्यादि' सिद्धमिदम्-अनन्तरोक्तं द्वयोरप्यावयोः समयेषु, ततो नैतत्साधने यत्नान्तरमातिष्ठामः ।।१११४।।

ટીકાર્થ :-

रहिताश्च ..... यत्नान्तरमातिष्ठामः ।। અને શેષ જીવો નિયમથી પરમ પુણ્ય એવા=એકાંત પવિત્ર એવા તીર્થંકરના ગુણોથી રહિત છે. કેવી રીતે આ=શેષ જીવો તીર્થંકરના ગુણોથી રહિત છે એ, એ પ્રમાણે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે, જણાય છે ? એ રીતે પૂર્વપક્ષી કહે આથી કહે છે – આ=અનંતરમાં કહેવાયેલું, આપણા બંનેનાં પણ શાસ્ત્રોમાં=દિગંબર અને શ્વેતાંબર બંનેનાં શાસ્ત્રોમાં, સિદ્ધ છે. તેથી આના સાધનમાં=શેષ જીવો તીર્થંકરના સમાન ગુણવાળા નથી એની સિદ્ધિમાં, યત્નાંતર અમે કરતા નથી. ।।૧૧૧૪।।

ભાવાર્થ :-

સાધનાને અનુકૂળ જે ગુણો આવશ્યક છે તે ગુણોમાં એકાંત પવિત્ર એવા ગુણોવાળા તીર્થંકરો છે. જ્યારે તીર્થંકરના સાધુઓ ઘણા ગુણોવાળા છે. મનુષ્યજન્મને પામેલા છે. કલ્યાણના અર્થી છે, તો પણ એકાંત પવિત્ર એવા તીર્થંકરતુલ્ય ગુણો નથી. આથી જ ભગવાનના જેવું ધૃતિબળ, સ્થૈર્યબળાદિ પણ નથી. તેથી તેમના જેવું અવિકલ સંયમનું લિંગ શેષ સાધુઓ ધારણ કરી શકે નહીં. વળી, ભગવાનમાં જેવા પવિત્ર

ગુણો છે તેવા ગુણો અન્ય સાધુઓમાં નથી. તે દિગંબરના અને શ્વેતાંબરના શાસ્ત્રોમાં સિદ્ધ છે માટે તેને સિદ્ધ કરવા ગ્રંથકારશ્રી યત્ન કરતા નથી. **॥૧૧૧૪॥**

અવતરણિકા :-

यैस्तीर्थकरगुणै रहिताः शेषजीवास्तानेव दर्शयति–

અવતરણિકાર્થ :-

તીર્થંકરગુણોથી રહિત જે શેષ જીવો છે, તેને જ=તે ગુણોને જ, બતાવે છે –

ગાથા :-

छउमत्थस्सवि गुरुणो नाणा संघयणमो धिती चेव ।
निम्ममया य परीसहविजओ दढमप्पमाओ य ।।१११५।।

છાયા :-

छद्मस्थस्यापि गुरो र्ज्ञानानि संहननं धृतिश्चैव ।
निर्ममता च परीषहविजयो दृढमप्रमादश्च ।।१११५।।

ગાથાર્થ :-

છદ્મસ્થ પણ ગુરુના જ્ઞાન, સંઘયણ, ધૃતિ, નિર્મમતા, પરિષહવિજય અને દૃઢઅપ્રમાદ (શેષ જીવોથી અતિશયિત હોય છે.) ॥૧૧૧૫॥

ટીકા :-

छद्मस्थस्यापि सतो गुरोस्त्रिभुवननाथस्य ज्ञानानि चत्वारि भवन्ति, संहननं च वज्रर्षभनाराचं, धृतिश्च संयमविषया निरुपमा, निर्ममता चैकान्तेन निर्मला, सर्वोत्तमः परीषहविजयो, दृढमतिशयेना-प्रमादश्च ।।१११५।।

ટીકાર્થ :-

छद्मस्थस्यापि ..... प्रमादश्च ।। છદ્મસ્થ પણ છતા ત્રિભુવનના નાથ એવા ગુરુનાં ચાર જ્ઞાનો હોય છે=મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાન હોય છે, અને વજ્રઋષભનારાચ સંઘયણ અને સંયમના વિષયવાળી નિરુપમ ધૃતિ હોય છે. નિર્મમતા=એકાંતથી નિર્મમતા હોય છે. સર્વોત્તમ પરિષહનો જય, દૃઢ=અતિશયથી, અપ્રમાદ હોય છે. ॥૧૧૧૫॥

ભાવાર્થ :-

ભગવાન છદ્મસ્થ અવસ્થામાં સંયમમાં હોય છે ત્યારે નિર્મળ કોટિના મતિજ્ઞાનવાળા હોય છે. તેથી

તેમની મતિ હંમેશાં સંસારના ઉચ્છેદને અનુકૂળ જ દૃઢ પ્રવર્તે છે. જઘન્યથી પણ નિર્મળ કોટિના અગિયાર અંગનું જ્ઞાન હોય છે. જે શ્રુતજ્ઞાન શેષ જીવો કરતાં અતિશય નિર્મળ હોય છે. વળી, અવધિજ્ઞાન પણ પૂર્વમાં જે દેવભવમાં હતું તે વર્તમાનના ભવમાં નિર્મળ કોટિનું વિદ્યમાન છે અને દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે વિપુલ મતિ નામનું નિર્મળ મનઃપર્યવજ્ઞાન થાય છે. તેથી ચાર જ્ઞાનના બળથી તેઓ યુક્ત છે, તેવા અન્ય જીવો નથી. વળી, ભગવાનનું પ્રથમ સંઘયણ છે અને પ્રથમ સંઘયણવાળા શેષ જીવો કરતાં પણ વિશિષ્ટ કોટિનું શરીરબળ ભગવાનને હોય છે. આથી જ ભગવાનને અતુલબળવાળા કહેવાય છે. વળી, ભગવાનની સંયમ વિષયક ધૃતિ નિરુપમ હોય છે; કેમ કે પૂર્વ પૂર્વના ભવોમાં વિશુદ્ધ ભાવો કરીને સંયમ વિષયક ધૃતિ અત્યંત સુઅભ્યસ્ત હોવાથી ચરમ ભવમાં અન્ય જીવોને પ્રાપ્ત ન થઈ હોય એવી નિરુપમ ધૃતિ ભગવાનમાં હોય છે. વળી, ભગવાનમાં નિર્મમભાવ પણ એકાંતથી નિર્મળ કોટિનો છે. આથી જ અન્ય મુનિઓ નિર્મમ હોવા છતાં ભગવાન છદ્મસ્થ અવસ્થામાં જેવી નિર્મમતાને ધારણ કરે છે તેવી નિર્મમતા શેષ સાધુઓ ધારણ કરવા સમર્થ નથી. વળી, પરિષહનો વિજય ભગવાનનો સર્વોત્તમ છે. વળી, છદ્મસ્થ અવસ્થામાં સંયમકાળમાં ભગવાનનો અપ્રમાદ પણ દૃઢ છે તેવો અતિશય અપ્રમાદ શેષ જીવો કરવા સમર્થ નથી. માટે ગુરુ એવા ભગવાન જેવું બાહ્ય લિંગ શેષ સાધુઓ ધારણ કરી શકે નહીં. **॥૧૧૧૫॥**

ગાથા :-

अन्नेसिं मोहोदयहेतुअभावो सुहाणुबंधातो ।
गुत्तिंदिययया य गुणा अणन्नतुल्ला मुणेयव्वा ।।१११६।।

છાયા :-

अन्येषां मोहोदयहेत्वभावः शुभानुबन्धात् ।
गुप्तेन्द्रियता च गुणा अनन्यतुल्या ज्ञातव्याः ।।१११६।।

ગાથાર્થ :-

અન્યોને મોહના ઉદયના હેતુનો અભાવ છે; કેમ કે શુભાનુબંધ છે અને ગુપ્ત ઈન્દ્રિયવાળા ગુણો અનન્ય તુલ્ય જાણવા. ॥૧૧૧૬॥

ટીકા :-

અન્યેષાં च-સ્ત્યાદીનાં तद्रूपदर्शनानन्तरं मोहोदयहेतुत्वाभावो (शुभानुबन्धात्-सानुबन्धपुण्यानुबन्धि-पुण्यविपाकात्) गुप्तेन्द्रियतेति-गुप्तलिङ्गता । चकारोऽनुक्तसमुच्चये, तेनान्येऽपि निश्छिद्रपाणि-पात्रादयो द्रष्टव्यास्तथाचोक्तम्—'ते हि भगवन्तो निरुपमधृतिसंहननाः गूढेन्द्रियाः स्वप्रभामण्डला-च्छादितदेहा ज्ञानातिशयसंपत्समन्विता निश्छिद्रपाणिपात्रा जितपरीषहा इत्यादि' । एवंरूपा गुणा अनन्यतुल्या ज्ञातव्याः ।।१११६।।

ટીકાર્થ :-

अन्येषां ..... ज्ञातव्याः ।। અન્યોને=સ્ત્રી આદિને, તેમના=ભગવાનના, રૂપના દર્શન પછી મોહોદયના હેતુત્વનો અભાવ છે; કેમ કે શુભાનુબંધ છે=સાનુબંધ પુણ્યાનુબંધી પુણ્યનો વિપાક છે. ગુપ્તેન્દ્રિયતા=ગુપ્તલિંગતા=ભગવાન નગ્ન ન દેખાય તેવો અતિશય છે. ચકાર અનુક્તના સમુચ્ચયમાં છે. તેથી=ચકારથી અન્યનો સમુચ્ચય થાય છે તેથી, અન્ય પણ નિશ્છિદ્ર પાણિપાત્રાદિ ગુણો જાણવા અને તે પ્રમાણે કહેવાયું છે. તે ભગવાન નિરુપમ ધૃતિ સંઘયણવાળા, ગૂઢેન્દ્રિયવાળા, સ્વપ્રભાના મંડલથી આચ્છાદિત દેહવાળા, જ્ઞાનાતિશયની સંપત્તિથી સમન્વિત, નિશ્છિદ્ર પાણિપાત્રવાળા, જિતપરિષહવાળા છે ઈત્યાદિ. આવા પ્રકારના અનન્ય તુલ્ય ગુણો જાણવા. ।।૧૧૧૬।।

ભાવાર્થ :-

સામાન્યથી અતિશય રૂપ બીજાને મોહોદયનો હેતુ થાય છે. જ્યારે ભગવાનનું અતિશય રૂપ પણ જોયા પછી સ્ત્રી આદિને મોહોદયનો હેતુ થતો નથી; કેમ કે તીર્થંકરોએ પૂર્વભવમાં શુભ અનુબંધવાળું પુણ્ય બાંધેલું છે. તેથી તેમને જેમ રૂપનો અતિશય મળે છે તેમ તે રૂપનો અતિશય પણ અન્ય યોગ્ય જીવોને તેમના શાંતરસને જોઈને ગુણને અભિમુખ કરવાનું કારણ બને છે. તેથી અન્ય સંસારી જીવો કરતાં ભગવાનનું અતિશય રૂપ પણ બીજાના કલ્યાણનું પ્રબળ કારણ છે. વળી, ભગવાન નગ્ન રહે તો પણ તેમની ઇન્દ્રિય લોકોને દેખાય નહીં તેવા ગુપ્ત લિંગવાળા હોય છે. આથી સંયમજીવનમાં વસ્ત્ર નહીં હોવા છતાં નગ્ન પુરુષ જેવા દેખાતા નથી. વળી, ભગવાન બે હાથમાં જ આહારાદિ ગ્રહણ કરે છે તો પણ તે આહારનો રસ હાથમાંથી ઝરીને નીચે પડે નહીં તેવા છિદ્ર વગરના પાણિપાત્રવાળા હોય છે. આવા પ્રકારના ભગવાનના ગુણો અન્ય જીવોમાં સાધારણ રીતે પ્રાપ્ત થાય નહીં તેવા હોય છે. તેથી સર્વથા ભગવાનના જેવું લિંગ અન્ય સાધુઓને ગ્રહણ કરવું ઉચિત નથી. **॥૧૧૧૬॥**

ગાથા :-

ता जुत्तमेव तस्सिह मोत्तुं वत्थादिगंपि उवगरणं ।
तेण विणावि स जम्हा फलमिट्ठं साहती चेव ।।१११७।।

છાયા :-

तस्माद् युक्तमेव तस्येह मोक्तुं वस्त्रादिकमप्युपकरणम् ।
तेन विनापि स यस्मात् फलमिष्टं साधयत्येव ।।१११७।।

ગાથાર્થ :-

તે કારણથી તેમને=ભગવાનને, અહીં=સંયમ જીવનમાં, વસ્ત્રાદિ પણ ઉપકરણનો ત્યાગ કરવો યુક્ત જ છે. જે કારણથી તેના વગર પણ=વસ્ત્રાદિ વગર પણ, તે=ભગવાન, ઇષ્ટફળ સાધે જ છે. ।।૧૧૧૭।।

ટીકા :-

यस्मादेवमनन्यतुल्या भगवतो गुणाः 'ता' तस्मादिह वस्त्रादिकमप्युपकरणं तस्य-भगवतो मोक्तुं युक्तमेव । यस्मात्तेन-वस्त्रादिनोपकरणेन विनापि भगवान् फलमिष्टं साधयितुं शक्नोति ।।१११७।।

ટીકાર્થ :-

यस्मादेवमनन्यतुल्या ..... शक्नोति ।। જે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ભગવાનના અનન્ય તુલ્ય ગુણો છે. તે કારણથી અહીં=સંયમજીવનમાં, તેમને=ભગવાનને, વસ્ત્રાદિ પણ ઉપકરણનો ત્યાગ કરવો યુક્ત જ છે. જે કારણથી તે વસ્ત્રાદિ ઉપકરણ વગર પણ ભગવાન ઈષ્ટફળ સાધવા સમર્થ છે. ।।૧૧૧૭।।

ભાવાર્થ :-

ભગવાનના અન્ય અસાધારણ ગુણો ઘણા છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાન વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણનો ત્યાગ કરે તે યુક્ત જ છે; કેમ કે વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણ દ્વારા સાધુને જે સંયમ સાધવો છે તે સંયમને વસ્ત્રાદિ વગર પણ સાધવા માટે ભગવાન સમર્થ છે. તેથી અન્ય સાધુઓ માટે વસ્ત્રાદિ સંયમને ઉપકારક હોવાથી ઉપકરણ બને છે. ભગવાનને માટે તે વસ્ત્રાદિ સંયમને ઉપકારક નહીં હોવાથી ઉપકરણ નથી, માટે ભગવાન તેને ધારણ કરતા નથી. **॥૧૧૧૭॥**

ગાથા :-

जो पुण तग्गुणरहिओ तं चेव फलं कहंचि इच्छंतो ।
पारंपरेण तस्सेव साहगं मुयइ उवगरणं ।।१११८।।

છાયા :-

यः पुनस्तद्गुणरहितस्तदेव च फलं कथञ्चिदिच्छन् ।
पारंपर्येण तस्यैव साधकं मुञ्चति उपकरणम् ।।१११८।।

ગાથાર્થ :-

જે વળી તદ્ગુણરહિત છે અને તે ફલને કોઈક રીતે ઇચ્છે છે, પરંપરાથી તેના જ સાધક ઉપકરણને મૂકે છે. ।।૧૧૧૮।।

ટીકા :-

यः पुनस्तद्गुणरहितः-तीर्थकरगुणरहितस्तदेव च-मोक्षलक्षणं फलं कथंचिदिच्छन् पारंपर्येण तस्यैव-मोक्षलक्षणस्य फलस्य साधकमुपकरणं मुञ्चति ।।१११८।।

ટીકાર્થ :-

यः पुनस्तद्गुणरहितः ..... मुञ्चति ।। જે વળી, તદ્ગુણરહિત છે=તીર્થંકરના ગુણથી રહિત છે, અને તે જ=મોક્ષલક્ષણ ફલને જ, કોઈક રીતે ઇચ્છતા પરંપરાથી તેના જ=મોક્ષલક્ષણ ફલના જ, સાધક એવા ઉપકરણને મૂકે છે. ।।૧૧૧૮।।

ગાથા :-

सो सव्वहेव तप्फलसाहणविगलो जणम्मि अप्पाणं ।
वायामेत्तेणं डिंभनरवती जह विडंबेति ।।१११९।।

છાયા :-

स सर्वथैव तत्फलसाधनविकलो जने आत्मानम् ।
वाङ्मात्रेण डिम्भनरपतिर्यथा विडम्बयति ।।१११९।।

ગાથાર્થ :-

સર્વથા જ તેના ફલના સાધનથી વિકલ એવો તે લોકમાં વાણીમાત્રથી આત્માને વિડંબના કરે છે. જે પ્રમાણે બાળક નરપતિ. ।।૧૧૧૯।।

ટીકા :-

स सर्वथैव तत्फलसाधनविकलो-मोक्षलक्षणफलसाधनविकलो जने-लोके वाङ्मात्रेणात्मानं विडम्बयति, यथा डिम्भनरपतिरिति ।।१११९।।

ટીકાર્થ :-

स सर्वथैव ..... डिम्भनरपतिरिति ।। તે=જે તીર્થંકરના ગુણરહિત હોવા છતાં સાધક એવાં ઉપકરણોનો ત્યાગ કરે છે તે, સર્વથા જ તેના ફલના સાધનથી વિકલ=મોક્ષલક્ષણફલના સાધનથી વિકલ, લોકમાં વાણીમાત્રથી આત્માને વિડંબના કરે છે='તીર્થંકર તુલ્ય અમે લિંગને ધારણ કરીએ છીએ' એ પ્રમાણે વાણીમાત્રથી પોતાની વિડંબના કરે છે. જે પ્રમાણે બાળક નરપતિ=નાનું બાળક કહે કે 'હું રાજા છું' તે વાણીમાત્રથી પોતાની વિડંબના કરે છે. ।।૧૧૧૯।।

ભાવાર્થ :-

જે સાધુ તીર્થંકરના જેવા સાત્ત્વિક ગુણોથી રહિત છે છતાં તીર્થંકરની જેમ સર્વથા વસ્ત્ર-પાત્રનો ત્યાગ કરે છે તે સાધુ મહાવ્રતોનું સમ્યગ્ પાલન કરવા અસમર્થ હોવાથી સર્વથા ગ્રંથના ત્યાગથી વિકલ બને છે; કેમ કે બાહ્ય ગ્રંથનો ત્યાગ મમત્વના ત્યાગ અર્થે અને સમભાવની વૃદ્ધિ અર્થે કરાય છે અને ભગવાન જેવું ધૃતિબળ નહીં હોવાથી વસ્ત્ર-પાત્ર રહિત નગ્ન દિગંબર સાધુ તે પ્રકારે ષડ્કાયના પાલનમાં યત્ન નહીં કરી

શકવાથી મોક્ષલક્ષણફલ સાધવા અસમર્થ બને છે. તેથી વિચારક લોકમાં વાણીમાત્રથી 'અમે ત્યાગી છીએ' એમ કહીને આત્માને વિડંબના કરે છે; કેમ કે બાહ્યથી જોનારા લોકોને જણાય કે ખરેખર દિગંબર સાધુ સર્વથા પરિગ્રહ વગરના છે પરંતુ સર્વથા પરિગ્રહના ત્યાગના ફલને પ્રાપ્ત નહીં કરી શકતા હોવાથી તેઓનો તે બાહ્ય ત્યાગ અભ્યંતર પરિગ્રહના ત્યાગ માટે અસમર્થ હોવાથી આત્માની વિડંબના માત્ર છે. જેમ નાનું બાળક કહે કે 'હું રાજા છું' અથવા નાના બાળકનું નામ નરપતિ હોય અને તે કહે કે 'હું રાજા છું' એટલા માત્રથી તે રાજા બનતો નથી. તેમ બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને દિગંબર સાધુ કહે કે 'અમે પરમાર્થથી પરિગ્રહ વગરના છીએ' એમ કહેવા માત્રથી પરિગ્રહના ત્યાગના ફલને નહીં પ્રાપ્ત કરનારા દિગંબર સાધુઓ વાણીમાત્રથી પોતાની વિડંબના જ કરે છે. **॥૧૧૧૮-૧૧૧૯॥**

અવતરણિકા :-

અત્રૈવ દૃષ્ટાન્તાન્તરમાહ—

અવતરણિકાર્થ :-

આમાં જ=દિગંબર સાધુ સર્વથા બાહ્ય પરિગ્રહ ત્યાગ કરે છે છતાં તેના ફલનાં સાધન વિકલ છે એમાં જ, દૃષ્ટાંતાન્તરને કહે છે —

ગાથા :-

ण य उवगरणेण विणा चोद्दसपुव्वी घडा घडसहस्सं ।
कुणइत्ति कुंभगारस्स तस्स परिवज्जणं जुत्तं ।।११२०।।

છાયા :-

न चोपकरणेन विना चतुर्दशपूर्वी घटाद् घटसहस्रम् ।
करोतीति कुम्भकारस्य तस्य परिवर्जनं युक्तम् ।।११२०।।

ગાથાર્થ :-

ઉપકરણ વગર ચૌદપૂર્વી ઘટથી=એક ઘટથી, હજાર ઘડા કરે છે. એથી કુંભકારને તેનું=ઘટના ઉપકરણનું, પરિવર્જન યુક્ત નથી. ।।૧૧૨૦।।

ટીકા :-

न च उपकरणेन-चक्रचीवरादिलक्षणेन विना चतुर्दशपूर्वी घटादेकस्मात् घटसहस्रं करोति इतिः-एवं चतुर्दशपूर्विण इवेत्यर्थः, कुम्भकारस्यापि तस्योपकरणस्य-चक्रचीवरादिलक्षणस्य परिवर्जनं युक्तम् । एवमिहापि यदि भगवान् परमगुणातिशययुक्ततया वस्त्रादिकमुपकरणमन्तरेणापि फलमिष्टं साधयति नैतावता शेषाणामपि तद्गुणरहितानां वस्त्रादिरूपोपकरणपरित्यागो युज्यत इति ।।११२०।।

ટીકાર્થ :-

ન ચ ..... યુજ્યત ઇતિ ।। ઉપકરણ વગર=ચક્ર-ચીવરાદિલક્ષણ ઉપકરણ વગર, ચૌદપૂર્વી એક ઘડાથી હજાર ઘડા કરે છે, એ રીતે=ચૌદપૂર્વી જે રીતે કરે છે એ રીતે, કુંભકારને પણ તે ઉપકરણનું=ચક્ર-ચીવરાદિલક્ષણ ઉપકરણનું, પરિવર્જન યુક્ત નથી. એ રીતે અહીં પણ=સંયમના વિષયમાં પણ, જો ભગવાન પરમ ગુણાતિશયયુક્તપણાને કારણે વસ્ત્રાદિ ઉપકરણ વિના પણ ઈષ્ટફલને સાધે છે, એટલાથી તદ્ગુણરહિત શેષ સાધુઓને પણ=ભગવાન તુલ્ય ગુણરહિત શેષ સાધુઓને પણ, વસ્ત્રાદિરૂપ ઉપકરણનો પરિત્યાગ ઘટતો નથી. ॥૧૧૨૦॥

ભાવાર્થ :-

ચૌદપૂર્વી ચૌદપૂર્વના બળથી વિશિષ્ટ શક્તિવાળા હોય છે. જેથી એક ઘડામાંથી હજાર ઘડાઓ ચક્ર ચીવરાદિ ઉપકરણ વગર કરી શકે છે. એવી જ રીતે ભગવાન શ્રેષ્ઠ ગુણના અતિશયથી યુક્ત છે, તેથી વસ્ત્રાદિ ઉપકરણ વગર પણ ષડ્કાયના પાલનનો નિર્મળ અધ્યવસાય કરી શકે છે. વળી, જેમ કુંભકાર પાસે તેવી શક્તિ નહીં હોવાથી તેને હજાર ઘડા કરવા હોય તો તે દરેક ઘડા અર્થે તેની સામગ્રીની આવશ્યકતા રહે છે અને જો તે કુંભકાર સામગ્રીનું પરિવર્જન કરે તો નવા ઘડા કરી શકે નહીં તેમ ભગવાન જેવા અતિશય ગુણવાળા શેષ સાધુઓ નહીં હોવાથી ધર્મનો ઉપકાર કરે તેવા ઉપકરણ વિના સંયમના પરિણામો કરી શકે નહીં. તેથી તેઓએ ધર્મની પરિણતિ પુષ્ટ થાય તેટલા પ્રમાણમાં ધર્મના ઉપકરણને અવશ્ય ગ્રહણ કરવું જોઈએ જેનાથી મોક્ષને અનુકૂળ ઉત્તમ ભાવો તેઓ પ્રગટ કરી શકે. આમ છતાં ભગવાન જેવી શક્તિ નહીં હોવા છતાં ધર્મના ઉપકારી એવાં ઉપકરણો જે દિગંબર સાધુ ગ્રહણ કરતા નથી તેઓ તે પ્રકારની જયણાના અર્થી હોવા છતાં તે પ્રકારની જયણાનું પાલન કરી શકતા નથી. તેથી ષટ્કાયના પાલનના અભાવને કારણે સાધુપણાના ફલને પ્રાપ્ત કરી શકતા નથી. માટે તેઓએ ઉપકરણનો ત્યાગ કરવો ઉચિત નથી. **॥૧૧૨૦॥**

ગાથા :-

सिय तग्गुणरहितोवि हु पव्वज्जं गेण्हती तदत्थं तु ।
सच्चं चऽणुक्कमेणं तेसुं पुण तेण जइयव्वं ।।११२१।।

છાયા :-

स्यात् तद्गुणरहितोऽपि प्रव्रज्यां गृह्णाति तदर्थं तु ।
सत्यमेव, अनुक्रमेण तेषु पुनस्तेन यतितव्यम् ।।११२१।।

ગાથાર્થ :-

આ પ્રમાણે થાય, તદ્ગુણરહિત પણ=તીર્થંકરના ગુણથી રહિત પણ સાધુ, તદ્અર્થે જ=પ્રવ્રજ્યાના વિવક્ષિત ફલ અર્થે જ, પ્રવ્રજ્યાને ગ્રહણ કરે છે. તેને ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે. સત્ય જ છે=

પૂર્વપક્ષીએ કહ્યું તે સત્ય જ છે. વળી તેના વડે=સાધુ વડે, તેઓમાં=અચેલત્વાદિ ઉત્તરગુણોમાં, અનુક્રમથી જ યત્ન કરવો જોઈએ. ।।૧૧૨૧।।

ટીકા :-

સ્યાદેતત્-તદ્‌ગુણરહિતોઽપિ-પરમપુણ્યતીર્થકરગુણરહિતોઽપિ પ્રવ્રજ્યાં ગૃહ્ણાતિ તદર્થમેવ-વિવક્ષિતફલાર્થમેવ તુરેવકારાર્થસ્તતસ્તેનાપિ તાદૃશેનૈવ ભવિતવ્યમિતિભાવઃ । અત્રાહ—'सच्चं चेत्यादि' यदुक्तं प्रव्रज्यां तदर्थमेव गृह्णातीति तत्सत्यमेव । चोऽवधारणे । तेषु-पुनरचेलत्वाद्युत्तरगुणेषु तेन=यतिनाऽनुक्रमेण परिपाट्या 'पव्वज्जा सिक्खावय' इत्यादिलक्षणया सूत्राभिहितया यतितव्यम् ।।११२१।।

ટીકાર્થ :-

સ્યાદેતત્ ..... યતિતવ્યમ્ ।। આ પ્રમાણે થાય=પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય. તદ્‌ગુણરહિત પણ=પરમપુણ્ય એવા તીર્થંકરના ગુણોથી રહિત પણ, તેના માટે જ=વિવક્ષિત ફલ માટે જ, પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે, તેથી=વિવક્ષિત ફળ માટે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તેથી, તેના વડે પણ= તીર્થંકરના ગુણરહિત એવા સુસાધુ વડે પણ, તેવા પ્રકારથી જ થવું જોઈએ=તીર્થંકર જેવા જ પરિગ્રહરહિત થવું જોઈએ, એ પ્રકારનો ભાવ છે. ગાથામાં રહેલ 'तदर्थम्' પાસે 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. અહીં=સ્યાદેતત્‌થી પૂર્વપક્ષીનું કથન કર્યું એમાં, કહે છે, જે કહેવાયું=પ્રવ્રજ્યા તદર્થ જ ગ્રહણ કરે છે એ પ્રમાણે જે કહેવાયું, તે સત્ય જ છે. च અવધારણમાં છે. વળી તેઓમાં= અચેલત્વાદિ ઉત્તરગુણોમાં, તેના વડે=સુસાધુ વડે, અનુક્રમથી=પરિપાટીથી="પ્રવ્રજ્યા શિક્ષા વ્રત" ઇત્યાદિરૂપ સૂત્રમાં કહેલી પરિપાટીથી, યત્ન કરવો જોઈએ. ।।૧૧૨૧।।

અવતરણિકા :-

यतः—

અવતરણિકાર્થ :-

જે કારણથી=કેમ અનુક્રમથી ઉત્તરગુણોમાં યત્ન કરવો જોઈએ ? તેમાં હેતુ કહે છે — જે કારણથી ગાથામાં કહે છે તેમ છે તે કારણથી સુસાધુએ ઉત્તરગુણોમાં અનુક્રમથી પ્રવર્તવું જોઈએ' એમ સંબંધ છે—

ગાથા :-

मूलाओ साहाओ साहाहिंतो न होइ मूलं तु ।
चरणं च एत्थ मूलं नायव्वं समणधम्मम्मि ।।११२२।।

છાયા :-

मूलात् शाखाः शाखाभ्यो न भवति मूलं तु ।
चरणं चात्र मूलं ज्ञातव्यं श्रमणधर्मे ।।११२२।।

ગાથાર્થ :-

મૂલથી શાખા થાય છે. વળી, શાખાથી મૂલ થતું નથી. અને અહીં શ્રમણધર્મમાં મૂલ ચારિત્ર જાણવું. ।।૧૧૨૨।।

ટીકા :-

मूलात् सकाशात् शाखाः प्रादुर्भवन्ति, शाखाभ्यः सकाशात् पुनर्मूलं न भवति । एवमिहापि मूलगुणे सत्युत्तरगुणो भवति नतूत्तरगुणमात्रे सति मूलगुणो भवति । मूलगुणश्च विवक्षितफलसिद्धि-निबन्धनं, तस्मात्प्रथमतो मूलगुण एव यतितव्यं, क्रमेण तूत्तरगुण इति । अत्र च श्रमणधर्मे कल्पपादपसमाने मूलं चरणं=चारित्रं ज्ञातव्यम् ।।११२२।।

ટીકાર્થ :-

मूलात् ..... ज्ञातव्यम् ।। મૂલથી શાખા પ્રાદુર્ભાવ થાય છે. શાખાથી વળી મૂલ થતું નથી. એ રીતે અહીં પણ મૂલગુણ હોતે છતે ઉત્તરગુણ થાય છે પરંતુ ઉત્તરગુણ માત્ર હોતે છતે મૂલગુણ થતા નથી અને મૂલગુણ વિવક્ષિત ફલની સિદ્ધિનું કારણ છે=પ્રવ્રજ્યાથી વિવક્ષિત એવા નિર્જરારૂપ ફલની પ્રાપ્તિનું કારણ છે. તે કારણથી પ્રથમથી=પ્રવ્રજ્યાગ્રહણના પ્રથમ ભાગથી, મૂલગુણમાં જ યત્ન કરવો જોઈએ. ક્રમથી ઉત્તરગુણમાં યત્ન કરવો જોઈએ અને અહીં કલ્પવૃક્ષ સમાન શ્રમણ ધર્મમાં ચરણ=ચારિત્ર, મૂલ જાણવું. ।।૧૧૨૨।।

ભાવાર્થ :-

અહીં પૂર્વપક્ષી કહે કે વર્તમાનના સાધુ તીર્થંકર જેવા શ્રેષ્ઠ ગુણોથી રહિત છે, તો પણ પ્રવ્રજ્યાના ફલ અર્થે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. તેથી જેમ ભગવાને પ્રવ્રજ્યાના ફલ અર્થે વસ્ત્ર, પાત્રનો ત્યાગ કરેલ તેમ પ્રવ્રજ્યાના ફલ અર્થે સુસાધુએ પણ વસ્ત્ર, પાત્રનો ત્યાગ કરવો જોઈએ. તેમાં ગ્રંથકારશ્રી કહે છે. પ્રવ્રજ્યા વિવક્ષિત એવા નિર્જરા ફલ અર્થે છે એ કથન સત્ય જ છે અર્થાત્ દિગંબર કહે છે એ સત્ય જ છે, પરંતુ પ્રવ્રજ્યાના ઉત્તરગુણોમાં સાધુએ ક્રમસર પ્રવર્તવું જોઈએ અર્થાત્ પ્રથમ મૂલગુણોમાં પ્રયત્ન કરવો જોઈએ અને મૂલગુણો સુરક્ષિત રહેતા હોય ત્યારપછી ઉત્તરગુણોમાં યત્ન કરવો જોઈએ પરંતુ મૂલગુણની ઉપેક્ષાથી ઉત્તરગુણોમાં યત્ન કરવો ઉચિત નથી; કેમ કે મૂલથી શાખા થાય છે, શાખાથી મૂલ પ્રગટ થતું નથી. તેમ ચારિત્રના વિષયમાં પાંચ મહાવ્રતરૂપ મૂલગુણો છે તેમાંથી ઉત્તરગુણો પ્રગટે છે, ઉત્તરગુણોમાંથી મૂલગુણો પ્રગટતા નથી. તેથી મૂલગુણની ઉપેક્ષા કરીને ઉત્તરગુણોમાં યત્ન કરવામાં આવે તો ઉત્તરગુણોથી મૂલગુણની

પ્રાપ્તિ થાય નહીં. માટે મૂલગુણની ઉપેક્ષા કરીને અચેલત્વાદિ ઉત્તરગુણોમાં યત્ન કરનારા દિગંબર સાધુઓ મૂલગુણ અને ઉત્તરગુણ રહિત બને છે.

આશય એ છે કે પાંચ મહાવ્રતોની સુરક્ષા અર્થે સાધુએ છજીવકાયનું પાલન કરવું જોઈએ. વળી, શીતાદિની અસહ્ય વેદનાકાળમાં દિગંબર સાધુઓ જે રીતે પહેલા વ્રતની ઉપેક્ષા કરીને તૃણની ગંજીઓ આદિમાં જાય છે કે અગ્નિથી તાપણું આદિ કરે છે તેમાં મૂલગુણનો નાશ થાય છે અને મૂર્ચ્છાનું કારણ સંભવે તેવાં વસ્ત્ર, પાત્રનો ત્યાગ કરીને ઉત્તરગુણની રક્ષા કરે છે પરંતુ પાંચ મહાવ્રતોરૂપ મૂલગુણો નાશ પામે તો ઉત્તરગુણો પ્રાપ્ત થાય નહીં. વળી, દિગંબર સાધુને વસ્ત્ર, પાત્ર નહીં હોવાથી મૂલગુણરૂપ પહેલા મહાવ્રતના રક્ષણને અનુકૂળ ઉચિત યતના નહીં થવાથી મૂલગુણરહિત બને છે. તેથી માત્ર બાહ્ય ત્યાગરૂપ ઉત્તરગુણની આચરણાથી મૂલગુણ પ્રગટે નહીં. તેથી દિગંબર સાધુઓ મૂલગુણ અને ઉત્તરગુણરહિત બને છે. **॥૧૧૨૧-૧૧૨૨॥**

અવતરણિકા :-

कथमित्याह—

અવતરણિકાર્થ :-

કેવી રીતે ? એથી કહે છે=શ્રમણધર્મનું મૂલ ચારિત્ર છે એ કેવી રીતે છે ? એથી કહે છે –

ગાથા :-

जं चरणं पढमगुणो जतीण मूलं तु तस्सवि अहिंसा ।
तप्पालणे च्चिय तओ जइयव्वं अप्पमत्तेणं ।।११२३।।

છાયા :-

यच्चरणं प्रथमगुणो यतीनां मूलं तु तस्यापि अहिंसा ।
तत्पालन एव ततो यतितव्यमप्रमत्तेन ।।११२३।।

ગાથાર્થ :-

જે કારણથી સાધુનું ચારિત્ર પ્રથમ મૂલગુણરૂપ છે, તેનું પણ મૂલ અહિંસા છે. તેથી અપ્રમત્તથી તેના પાલનમાં જ યત્ન કરવો જોઈએ. ॥૧૧૨૩॥

ટીકા :-

यत्-यस्मात् यतीनां चरणं-चारित्रं प्रथमगुणः, तदभावे यतित्वाभावात्, गृहस्थवत्, तस्यापि च-चरणस्य प्रथमगुणरूपस्य मूलमहिंसा-हिंसानिवृत्तिस्ततस्तत्पालन एव यतितव्यमप्रमत्तेन सता ।।११२३।।

ટીકાર્થ :-

યત્ ..... સતા ।। જે કારણથી સાધુઓનું ચરણ=ચારિત્ર, પ્રથમ ગુણ છે. તેના અભાવમાં યતિત્વનો અભાવ છે. ગૃહસ્થની જેમ, અને તેનું પણ=પ્રથમ ગુણરૂપ ચારિત્રનું પણ, મૂલ અહિંસા છે=હિંસાની નિવૃત્તિ છે. તેથી તેના પાલનમાં જ અપ્રમત્ત છતા સાધુએ યત્ન કરવો જોઈએ. ।।૧૧૨૩।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે શ્રમણધર્મનું ચારિત્ર મૂલ છે. કેવી રીતે ચારિત્ર મૂલ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – શ્રમણધર્મ મૂલગુણ અને ઉત્તરગુણ સ્વરૂપ છે અને તેના મૂલગુણો પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત છે અને ઉત્તરગુણો – સમિતિ, ગુપ્તિ અને પિંડવિશુદ્ધિ આદિ છે. તેથી જે સાધુઓ મૂલગુણ અને ઉત્તરગુણથી યુક્ત છે તેઓ શ્રમણધર્મને પાળનારા છે અને તેમાં પાંચ મહાવ્રતો મૂલગુણરૂપ છે તે ચારિત્રનું મૂલ છે. તેથી પાંચ મહાવ્રતો ન હોય તો ઉત્તરગુણરૂપ શાખા થાય નહીં. જેમ વૃક્ષનું મૂલ હોય તો શાખા થાય છે, શાખાથી મૂલ થતું નથી તેમ ઉત્તરગુણોના પાલનથી મૂલગુણોની પ્રાપ્તિ થતી નથી પરંતુ મૂલગુણ વિદ્યમાન હોય તો ઉત્તરગુણોની સ્ખલના થઈ હોય તોપણ ફરી તેની ઉત્પત્તિ થાય છે અને પાંચ મહાવ્રતોરૂપ મૂલગુણનું પણ મૂલ અહિંસા છે; કેમ કે પહેલા મહાવ્રતના પાલન અર્થે જ સત્યાદિ ચાર મહાવ્રતો છે. તેથી ષટ્કાયના પાલનરૂપ અહિંસામાં સાધુએ અવશ્ય અપ્રમાદથી યત્ન કરવો જોઈએ અને તેના અંગરૂપે અહિંસાદિ પાંચ મહાવ્રતો અને રાત્રિભોજન રૂપ છઠ્ઠા વ્રતમાં યત્ન કરવો જોઈએ અને તેને અતિશય કરવા અર્થે જ ઉત્તરગુણરૂપ સમિતિ-ગુપ્તિ આદિમાં અને પિંડવિશુદ્ધિમાં સાધુએ યત્ન કરવો જોઈએ અને દિગંબરો વસ્ત્ર-પાત્ર ન રાખે તો મૂલગુણનું પાલન થઈ શકતું નથી. તેથી મૂલગુણમાંથી જ પ્રગટ થનારા શાખારૂપ ઉત્તરગુણો પણ પ્રગટ થઈ શકતા નથી. તેથી દિગંબર સાધુઓની અન્ય કષ્ટમય આચરણાઓ મૂલગુણના નાશથી નિષ્ફળ બને છે એ પ્રકારનું તાત્પર્ય પ્રસ્તુત ગાથાનું છે. **॥૧૧૨૩॥**

અવતરણિકા :-

નન્વેવં સતિ પ્રકૃતે કિમાયાતં ?, નહ્યત્ર કાચિદ્વિપ્રતિપત્તિરસ્તીત્યત આહ–

અવતરણિકાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષી કહે છે. આમ હોતે છતે પ્રકૃતમાં=દિગંબરો વસ્ત્ર, પાત્ર ધારણ કરતા નથી તે રૂપ પ્રકૃતમાં, શું પ્રાપ્ત થયું ? હિ=જે કારણથી, અહીં=પાંચ મહાવ્રતમાં પ્રથમ મહાવ્રત મૂલ છે એમાં, કોઈ વિપ્રતિપત્તિ નથી=દિગંબરોને કોઈ અસ્વીકાર નથી, એથી કહે છે –

ગાથા :-

ણ ય ધમ્મોવગરણમંતરેણ સા પાલિડું જતો સક્કા ।
સવ્વેણ તઓ ગેજ્ઝં તં ઉચિયં નિમ્મમત્તેણં ।।૧૧૨૪।।

છાયા :-

न च धर्मोपकरणमन्तरेण सा पालयितुं यतः शक्या ।
सर्वेण तस्माद् ग्राह्यं तदुचितं निर्ममत्वेन ।।११२४।।

ગાથાર્થ :-

જે કારણથી ધર્મના ઉપકરણ વગર તે=અહિંસા, પાળવા માટે શક્ય નથી, તે કારણથી સર્વ સાધુઓએ નિર્મમપણાથી ઉચિત એવું તે=ધર્મનું ઉપકરણ, ગ્રહણ કરવું જોઈએ. ।।૧૧૨૪।।

ટીકા :-

न च यस्मात् अहिंसा धर्मोपकरणमन्तरेण पालयितुं शक्या यथाभिहितं प्राक् तस्मात् सर्वेणापि तीर्थकरगुणरहितेन शेषेण निर्ममत्वेन सता तद्धर्मोपकरणमुचितमवस्थापेक्षया ग्राह्यमिति ।।११२४।।

ટીકાર્થ :-

न च ..... ग्राह्यमिति ।। જે કારણથી ધર્મના ઉપકરણ વગર=અહિંસાપાલનના અંગભૂત વસ્ત્ર-પાત્રાદિ ધર્મના ઉપકરણ વગર, અહિંસા પાળવા માટે શક્ય નથી. જે પ્રમાણે પૂર્વમાં કહ્યું છે, તે કારણથી સર્વ પણ તીર્થંકર ગુણરહિત એવા શેષ સાધુઓ વડે નિર્મમપણાથી છતા=વસ્ત્ર-પાત્રમાં પણ મમત્વરહિત છતા, અવસ્થાની અપેક્ષાથી ઉચિત એવું ધર્મનું ઉપકરણ ગ્રહણ કરવું જોઈએ. ।।૧૧૨૪।।

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે મૂલગુણ વિદ્યમાન હોય તો સાધુની ઉત્તરગુણોની આચરણાથી ઉત્તરગુણો પ્રગટે છે પરંતુ જો મૂલગુણ વિદ્યમાન ન હોય તો ઉત્તરગુણોની આચરણાથી પણ ઉત્તરગુણોનો અધ્યવસાય પ્રગટે નહીં અને પાંચ મૂલગુણોમાં પણ અહિંસા મૂલ છે.

તેનાથી દિગંબરને શું દોષ પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – ધર્મના ઉપકરણ વગર અહિંસા પાળવી શક્ય નથી. માટે તીર્થંકરના ગુણથી રહિત એવા સાધુઓએ ચિત્તથી નિર્મમ થઈને પોતાની અવસ્થાને અનુરૂપ ધર્મની બુદ્ધિમાં સહાયક થાય તેટલી પરિમિત ઉપધિરૂપ ધર્મનાં ઉપકરણ ગ્રહણ કરવાં જોઈએ. તેનાથી અહિંસા મહાવ્રતનું રક્ષણ થાય અને દિગંબરો અહિંસા મહાવ્રત સ્વીકારે છે છતાં તેના પાલનના ઉપાયભૂત એવા વસ્ત્ર-પાત્રને ગ્રહણ કરતા નથી. તેથી તેઓનું પ્રથમ મહાવ્રત કઈ રીતે સુરક્ષિત રહી શકે અર્થાત્ રહી શકે નહીં. **॥૧૧૨૪॥**

અવતરણિકા :-

अत्र पर आह—

અવતરણિકાર્થ :-

અહીં=પહેલા મહાવ્રતના પાલન માટે ધર્મનાં ઉપકરણ આવશ્યક છે એમ સ્થાપન કર્યું એમાં, દિગંબર કહે છે –

ગાથા :-

जिणकप्पिओ न गिण्हइ किंची सो बहुगुणो य तुम्हाणं ।
तग्गुणजुत्तो उ तओ ण गेण्हती न पुण सव्वोवि ।।११२५।।

છાયા :-

जिनकल्पिको न गृह्णाति किञ्चित्स बहुगुणश्च युष्माकम् ।
तद्गुणयुक्तस्तु सको न गृह्णाति न पुनः सर्वोऽपि ।।११२५।।

ગાથાર્થ :-

જિનકલ્પી કંઈ ઉપકરણને ગ્રહણ કરતા નથી અને તે બહુગુણવાળા તમને સંમત છે. આ પ્રકારે દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તદ્ગુણથી યુક્ત જ તે=સાધુ, ગ્રહણ કરતા નથી= ઉપકરણ ગ્રહણ કરતા નથી, પરંતુ સર્વ પણ નહીં=સર્વ પણ સાધુઓ નહીં. ।।૧૧૨૫।।

ટીકા :-

ननु जिनकल्पिको न गृह्णाति किंचिदप्युपकरणं बहुगुणश्च स युष्माकमिष्टस्तत एवमन्येष्वपि तथाभवत्सु किमिति विप्रतिपद्यत इत्यत आह—'तग्गुणेत्यादि' तद्गुणयुक्त एव-जिनकल्पिकगुणयुक्त एव सन्, तुरवधारणे 'तउत्ति' सकः साधुरुपकरणं न गृह्णाति न पुनः सर्वोऽपि न गृह्णाति, भणितदोषप्रसङ्गाद्, एतदुक्तं भवति—यो जिनकल्पिकगुणोपेतो भवति स मा ग्रहीदुपकरणं, तद्गुण-विकलाश्च भवादृशास्तत्कथं भवादृशानामुपकरणाग्रहणमिति? । जिनकल्पिकगुणाश्चोत्तमधृति-संहननादयः, तदुक्तम्—

'उत्तमधिइसंघयणा पुव्वधरातिसयिणो सदाकालं ।
जिणकप्पियावि कप्पं कयपरिकम्मा पवज्जंति ।।१।।'

ते च एवंरूपा गुणा इदानीं व्यवच्छिन्नाः ।।११२५।।

ટીકાર્થ :-

ननु ..... व्यवच्छिन्नाः ।। 'ननु'થી પૂર્વપક્ષી કહે છે, જિનકલ્પી કંઈ પણ ઉપકરણ ગ્રહણ કરતા નથી અને તે=જિનકલ્પી ઉપકરણ ગ્રહણ કરતા નથી તે, બહુગુણવાળું તમને ઈષ્ટ છે. તેથી એ રીતે= જિનકલ્પીમાં ઉપકરણનો અભાવ બહુગુણવાળો છે એ રીતે, અન્ય સાધુઓમાં પણ તે પ્રકારે થતો= બહુગુણવાળો થતો, ઉપકરણનો ત્યાગ, કયા કારણથી સ્વીકારાતો નથી ? એથી કહે છે, તદ્ગુણયુક્ત જ=જિનકલ્પીના ગુણથી યુક્ત જ છતા, તે=સાધુ, ઉપકરણ ગ્રહણ કરતા નથી. 'તુ' શબ્દ અવધારણમાં છે. પરંતુ સર્વ પણ સાધુ ઉપકરણ ગ્રહણ કરતા નથી એમ નહીં; કેમ કે કહેવાયેલા દોષોનો પ્રસંગ છે. આ કહેવાયેલું થાય છે; 'જે જિનકલ્પી ગુણોથી યુક્ત છે તે ઉપકરણને ગ્રહણ ન કરે અને

तद्गुणविकल तमारा जेवा छे, ते कारणथी केवी रीते तमारा जेवाने उपकरणोनो अग्रहण छे ?' अने जिनकल्पीना गुणो उत्तम धृति, संघयणादि छे, ते कहेवायुं छे — "उत्तम धृति, उत्तम संघयणवाळा पूर्वधरो, अतिशयवाळा जिनकल्पी पण सदाकाळ कृतपरिकर्मवाळा कल्पने स्वीकारे छे=हंमेशां जिनकल्प स्वीकारता पहेलां तेनी शक्तिना संचयरूप परिकर्म करे छे" **अने ते आवा प्रकारना गुणो=जिनकल्प स्वीकारवा माटे कहेला गुणो, हमणां व्यवच्छिन्न छे. ॥११२५॥**

भावार्थ :-

पूर्वनी गाथामां ग्रंथकारश्रीए कह्युं के धर्मना उपकरण वगर प्रथम महाव्रतनुं पालन थई शके नहीं. त्यां दिगंबर कहे छे — तमारा मते पण जिनकल्पी कोई उपकरण ग्रहण करता नथी अने उपकरणना ग्रहणनो अभाव बहुगुणवाळो छे, एम तमे स्वीकारो छो; केम के जिनकल्पी उत्तम संयम पाळनारा श्रेष्ठ साधु छे. आथी अतिशय असंगभाववाळा छे एम तमे मानो छो. तेथी अन्य साधुओने पण उपधिनुं अग्रहण तमे केम स्वीकारता नथी अर्थात् तेओ पण जिनकल्पीनी जेम उपकरण न ग्रहण करे तो अतिशय असंगभाववाळा थई शके छे तेम स्वीकारवुं जोईए. तेने ग्रंथकारश्री कहे छे — जिनकल्पीना गुणोथी युक्त ज साधु उपकरण ग्रहण करता नथी परंतु अन्य पण साधुओ उपकरण ग्रहण करता नथी एम नथी; केम के जिनकल्पीना गुणथी युक्त नहीं होवाथी उपकरण वगर प्रथम महाव्रतनुं पालन करवा तेओ असमर्थ छे अने जिनकल्पी गुणथी रहित एवा तमारा जेवा दिगंबर साधुओने उपकरणनुं अग्रहण कई रीते उचित कही शकाय ? अर्थात् उचित कही शकाय नहीं. वळी जिनकल्पी उत्तम धृतिवाळा होय छे, प्रथम संघयणवाळा होय छे, पूर्वधरादि होय छे अने करपात्र लब्धि अने नग्नता न देखाय तेवा अतिशयवाळा होय छे अने तेवा पण महात्माओ जिनकल्प स्वीकारता पूर्वे कृतपरिकर्मवाळा थईने पण संयमना उपकारक रजोहरण अने मुहपत्ति राखे छे. अर्थात् जिनकल्पने अनुकूळ बळसंचय करवा अर्थे उचित यत्न करे छे अने संयमने उपकारक एवुं वस्त्र पण राखे छे. त्यारपछी सदा माटे जिनकल्प स्वीकारे छे अने आवा प्रकारना गुणो हमणां कोई साधुओमां नथी. तेथी वर्तमानना साधुओए अहिंसा महाव्रतना पालन अर्थे तेना उपकारक धर्मनां उपकरण अवश्य धारण करवां जोईए. **॥११२५॥**

अवतरणिका :-

अपि च—

अवतरणिकार्थ :-

अने वळी=अन्य शुं ? ते कहे छे —

गाथा :-

देहतिणतुल्लवत्था छज्जीवहिउज्जया महासत्ता ।
गोयमपमुहा मुणिणो न य णो सिद्धा चरित्ताओ ।।११२६।।

છાયા :-

देहतृणतुल्यावस्थाः षड्जीवहितोद्यता महासत्त्वाः ।
गौतमप्रमुखा मुनयो न च न सिद्धाश्चारित्रतः ।।११२६।।

ગાથાર્થ :-

દેહમાં તૃણ તુલ્ય અવસ્થાવાળા, ષડ્જીવના હિતમાં ઉદ્યત, મહાસત્ત્વવાળા, ગૌતમ વગેરે મુનિઓ ચારિત્રથી સિદ્ધ થયા નથી, એમ નહીં. ।।૧૧૨૬।।

ટીકા :-

देहतृणतुल्यावस्थाः षड्जीवहितोद्यता महासत्त्वा गौतमप्रमुखा मुनयः सोपकरणा अपि सन्तो न च न सिद्धाश्चारित्रतः, किंतु सिद्धा एव । एवमस्माकमप्युपकरणं वस्त्रादि न चारित्रविघातकृद्भविष्यति किंतु गुणकार्येवेतिभावः ।।११२६।।

ટીકાર્થ :-

देहतृणतुल्यावस्थाः ..... गुणकार्येवेतिभावः ।। દેહમાં તૃણતુલ્ય અવસ્થાવાળા, ષડ્જીવના હિતમાં ઉદ્યત=ષડ્જીવનિકાયના જીવોના પાલનમાં ઉદ્યત, મહાસત્ત્વવાળા ગૌતમ વગેરે મુનિઓ ઉપકરણ સહિત પણ છતા ચારિત્રથી સિદ્ધ થયા નથી એમ નહીં પરંતુ સિદ્ધ જ છે=ચારિત્રથી જ મોક્ષમાં ગયા છે. એ રીતે અમારું પણ વસ્ત્રાદિ ઉપકરણ ચારિત્રના વિઘાતને કરનારું થશે નહીં પરંતુ ગુણકારી જ છે એ પ્રકારનો ભાવ છે. ।।૧૧૨૬।।

ભાવાર્થ :-

વળી દિગંબરોને ગ્રંથકારશ્રી કહે છે – વીર ભગવાનના શિષ્ય ગૌતમાદિ મુનિઓ હતા જેઓને પોતાનો દેહ પણ તૃણ તુલ્ય અસાર જણાતો હતો, તેથી દેહના પાલનમાં પણ મમત્વરહિત હતા. ષડ્કાયના પાલનમાં ઉદ્યમશીલ હતા, મૂલગુણ-ઉત્તરગુણ પાળવામાં મહાસત્ત્વશાળી હતા. વળી, તેઓ ઉપકરણવાળા પણ હતા છતાં ચારિત્રના પાલનથી મોક્ષને પામ્યા છે અર્થાત્ તેઓ પણ ચારિત્રનાં પરિમિત ઉપકરણો મમત્વરહિત ધારણ કરનારા હતા. તે રીતે શ્વેતાંબર સાધુઓ પણ વસ્ત્ર પ્રત્યે મમત્વ ધારણ કર્યા વગર ધર્મના ઉપકારક એવા પરિમિત વસ્ત્રાદિ ધારણ કરે તો, તે વસ્ત્રો ચારિત્રને વિઘાત કરનારા થશે નહીં પરંતુ પ્રથમ મહાવ્રતના પાલનમાં ગુણકારી થશે. માટે વર્તમાનના સાધુઓને વસ્ત્ર ધારણ કરવું ઉચિત છે. **॥૧૧૨૬॥**

ગાથા :-

न य भगवतावि वत्थं ण गहितमेवत्ति सक्कदिन्नस्स ।
सोवगरणधम्मविधाणहेउमेवेह धरणातो ।।११२७।।

છાયા :-

न च भगवताऽपि वस्त्रं न गृहीतमेवेति शक्रदत्तस्य ।
सोपकरणधर्मविधानहेतुमेवेह धारणात् ।।११२७।।

ગાથાર્થ :-

અને 'ભગવાન વડે પણ વસ્ત્ર ગ્રહણ જ કરાયું નથી એમ નહીં; કેમ કે અહીં=સાધુ જીવનમાં, સોપકરણ ધર્મના વિધાનના હેતુ અર્થે શક્રથી અપાયેલા વસ્ત્રનું ધારણ છે. ।।૧૧૨૭।।

ટીકા :-

न च भगवताऽपि-तीर्थकृतापि वस्त्रं न गृहीतमेव, किंतु गृहीतम् । कथमिति चेदत आह— सोपकरणधर्म्मविधानहेत्वर्थं शक्रदत्तस्य वस्त्रस्य धारणात् । तथाचोक्तम्—'तब्भावगहियवत्था (तहवि गहियेगवत्था) सवत्थतित्थोवदेसणत्थंति । अभिनिक्खमंति सव्वे तम्मि चुएऽचेलया होंति ।।१।। त्ति' ।।११२७।।

ટીકાર્થ :-

न च ..... होंति ।। त्ति' ।। અને ભગવાન વડે પણ=તીર્થંકર વડે પણ, વસ્ત્ર ગ્રહણ કરાયું જ નથી એમ નહીં પરંતુ ગ્રહણ કરાયું જ છે. કેવી રીતે ભગવાન વડે વસ્ત્ર ગ્રહણ કરાયું છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, એથી કહે છે — ઉપકરણ સહિત ધર્મના વિધાનના હેતુ અર્થે શક વડે અપાયેલા વસ્ત્રનું ધારણ હોવાથી તીર્થંકર વડે પણ વસ્ત્ર ગ્રહણ કરાયું જ છે અને તે પ્રમાણે કહેવાયું છે. "સવસ્ત્ર તીર્થના ઉપદેશ માટે તદ્ભાવથી ગૃહીત વસ્ત્રવાળા તોપણ ગ્રહણ કર્યું છે એક વસ્ત્ર એવા સર્વ તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરે છે, તે ચ્યુત થયે છતે=ગ્રહણ કરેલ વસ્ત્ર પડ્યે છતે, અચેલકો થાય છે." ।।૧૧૨૭।।

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે પરમગુરુ ભગવાને વસ્ત્ર ધારણ કરેલું નહીં. તેથી તેમના શિષ્ય એવા સાધુઓએ વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાન વડે પણ વસ્ત્ર ગ્રહણ નથી કરાયું એમ નથી પરંતુ ગ્રહણ કરાયું જ છે. અહીં પ્રશ્ન થાય કે ભગવાનને સંયમમાં વસ્ત્ર ઉપકારક નહીં હોવા છતાં ભગવાને વસ્ત્ર કેમ ગ્રહણ કર્યું. એથી કહે છે. પોતાના શિષ્યોને ધર્મના ઉપકરણનો ઉપદેશ આપવો છે. તેથી ભગવાન દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે ભગવાનના ખભે શક દેવદુષ્ય વસ્ત્ર મૂકે છે અને ભગવાને પણ પોતાના શિષ્યોને વસ્ત્ર ધારણ કરવાનો ઉપદેશ આપવો છે માટે તેઓ બોધ કરાવવા અર્થે સ્વયં તે વસ્ત્ર ધારણ કરે છે અને કોઈક રીતે ખભા ઉપરથી વસ્ત્ર પડી જાય ત્યારે ભગવાન સંપૂર્ણ વસ્ત્ર વગરના પણ હોય છે; કેમ કે ભગવાનને લબ્ધિ છે તેથી નગ્ન દેખાતા નથી અને દૃઢ સત્ત્વ છે તેથી શીતાદિથી અભિભવ પામીને ઘાસાદિના સેવનનો કોઈ પ્રયત્ન કરતા નથી. તેથી વસ્ત્ર સંયમની વૃદ્ધિમાં

ઉપકારક નહીં હોવાથી ફરી યાચના કરીને નવું વસ્ત્ર ગ્રહણ કરતા નથી કે જમીન પર પડેલું વસ્ત્ર ગ્રહણ કરીને ખભા ઉપર મૂકતા નથી. માટે ભગવાનને પણ સર્વથા વસ્ત્ર નથી, તેમ નહીં. તેથી તેમના શિષ્યોએ પણ ધર્મનું ઉપકારક વસ્ત્ર અવશ્ય ધારણ કરવું જોઈએ. **॥૧૧૨૭॥**

અવતરણિકા :-

अत्र पर आह—

અવતરણિકાર્થ :-

અહીં=ભગવાન વસ્ત્ર રાખે છે એમ પૂર્વમાં કહ્યું એમાં, પર=દિગંબર, કહે છે —

ગાથા :-

जो कुणइ रज्जचायं गेण्हति सो वत्थमो असद्धेयं ।
एत्तो च्चिय गुणभावा भिक्खागहणं व सद्धेयं ।।११२८।।

છાયા :-

यः करोति राज्यत्यागं गृह्णाति स वस्त्रमश्रद्धेयम् ।
अत एव गुणभावाद् भिक्षाग्रहणमिव श्रद्धेयम् ।।११२८।।

ગાથાર્થ :-

જે રાજ્યનો ત્યાગ કરે છે, તે વસ્ત્રને ગ્રહણ કરે છે એ અશ્રદ્ધેય છે. આથી જ=વસ્ત્રગ્રહણથી જ, ગુણભાવ હોવાને કારણે ભિક્ષાગ્રહણની જેમ શ્રદ્ધેય છે=વસ્ત્રનું ગ્રહણ શ્રદ્ધેય છે. ॥૧૧૨૮॥

ટીકા :-

यः करोति राज्यत्यागमेकान्तेन निरपेक्षतया स वस्त्रं गृह्णातीत्यश्रद्धेयमेतत् । अत्राह—'एत्तो च्चिय' इत्यादि, अत एव वस्त्रग्रहणतो गुणभावात् भिक्षाग्रहणवत् वस्त्रग्रहणमपि श्रद्धेयमेव, अन्यथा भिक्षाग्रहणमपि न श्रद्धेयं, न्यायस्य समानत्वात् ।।११२८।।

ટીકાર્થ :-

यः करोति ..... समानत्वात् ।। જે=ભગવાન, એકાંતથી નિરપેક્ષપણું હોવાને કારણે રાજ્ય ત્યાગ કરે છે, તે ભગવાન વસ્ત્ર ગ્રહણ કરે છે, એ અશ્રદ્ધેય છે. આમાં=પરની કરાયેલી શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે — આથી જ=વસ્ત્રના ગ્રહણથી જ, ગુણનો ભાવ હોવાને કારણે ભિક્ષાગ્રહણની જેમ=ભગવાન ભિક્ષાગ્રહણ કરે છે તેમ, વસ્ત્રગ્રહણ પણ શ્રદ્ધેય જ છે. અન્યથા=ભગવાનને વસ્ત્ર ગુણકારી છે એ પ્રમાણે શ્રદ્ધેય ન હોય તો, ભિક્ષાગ્રહણ પણ શ્રદ્ધેય ન થાય; કેમ કે ન્યાયનું સમાનપણું છે. ॥૧૧૨૮॥

ગાથા :-

લોગમ્મિ ઉ ણિગિણત્તં સિદ્ધમવત્થાગયં જિણિંદસ્સ ।
તં ચેવ ગેણ્હિઉં ન ય જુજ્જઇ એત્થં અસગ્ગાહો ।।૧૧૨૯।।

છાયા :-

લોકેઽપિ તુ નગ્નત્વં સિદ્ધમવસ્થાગતં જિનેન્દ્રસ્ય ।
તદેવ ગ્રહીતું ન ચ યુજ્યતે અત્રાસદ્ગ્રાહઃ ।।૧૧૨૯।।

ગાથાર્થ :-

અને લોકમાં પણ જિનેન્દ્રનું અવસ્થાગત નગ્નપણું સિદ્ધ છે. તે કારણથી તેને જ=નગ્નપણાને જ, ગ્રહણ કરવા માટે અહીં=સંયમજીવનમાં, અસદ્ગ્રાહ=અસદ્ આગ્રહ ઘટતો નથી. ।।૧૧૨૯।।

ટીકા :-

લોકેઽપિ ચ નગ્નત્વં સિદ્ધં જિનેન્દ્રસ્યાવસ્થાગતમેવ, તસ્માન્ન તદેવ નગ્નત્વં ગ્રહીતુમત્રાસદ્ગ્રાહઃ કર્તું યુજ્યત ઇતિ ।।૧૧૨૯।।

ટીકાર્થ :-

લોકેઽપિ ..... યુજ્યત ઇતિ ।। અને લોકમાં પણ જિનેન્દ્રનું અવસ્થાગત જ નગ્નપણું સિદ્ધ છે. તે કારણથી તે જ નગ્નપણાને ગ્રહણ કરવા માટે અહીં=સંયમજીવનમાં, અસદ્ગ્રાહ=અસદ્ આગ્રહ, કરવું ઘટતું નથી. ।।૧૧૨૯।।

અવતરણિકા :-

અત્રૈવાભ્યુચ્ચયેનાહ—

અવતરણિકાર્થ :-

આમાં જ=જિનેન્દ્રને નગ્નપણું છે એટલા માત્રથી સાધુએ નગ્ન રહેવું જોઈએ એ પ્રકારે અસદ્ગ્રાહ યુક્ત નથી એમાં જ, અભ્યુચ્ચયને કહે છે=પુષ્ટકારી કથનને કહે છે —

ગાથા :-

અન્નં ચ દવ્વલિંગં એતં ભાવે તુ ચરણપરિણામો ।
સો ઉત્તમો જિણસ્સા તારિસગો કહ ણુ તુમ્હાણં? ।।૧૧૩૦।।

છાયા :-

અન્યચ્ચ દ્રવ્યલિઙ્ગમેતદ્ ભાવે તુ ચરણપરિણામઃ ।
સ ઉત્તમો જિનસ્ય તાદૃશઃ કથં નુ યુષ્માકમ્ ।।૧૧૩૦।।

ગાથાર્થ :-

અને બીજું આ=નગ્નપણું, દ્રવ્યલિંગ છે. ભાવમાં=ભાવરૂપ લિંગ ચારિત્રનો પરિણામ છે. જિનને તે=ચારિત્રનો પરિણામ, ઉત્તમ છે. તમોને=દિગંબર સાધુઓને, કેવી રીતે તાદૃશ=ભગવાન જેવો, ભાવલિંગ થાય ?।।૧૧૩૦।।

ટીકા :-

अन्यच्च द्रव्यलिङ्गमेतत्-नग्नत्वं, भावे तु भावरूपं तु लिङ्गं चरणपरिणामः, स चरणपरिणामो जिनस्यैकान्तेनोत्तमः, तादृशश्चैकान्तेनोत्तमश्चरणपरिणामः कथं नु युष्माकं भवेत्?, नैव कथंचन, अन्यथा तद्भवेनैव मुक्तिपदप्राप्तिप्रसङ्गः । ततः कथं भावलिङ्गापेक्षया भगवच्छिष्येण तादृशेन भवितुं शक्यते? ।।११३०।।

ટીકાર્થ :-

अन्यच्च ..... शक्यते? ।। અને બીજું, આ=નગ્નપણું, દ્રવ્યલિંગ છે. વળી, ભાવમાં=ભાવરૂપ લિંગ ચરણપરિણામ છે. તે=ચારિત્રનો પરિણામ, જિનને એકાંતથી ઉત્તમ છે અને તેવા પ્રકારનો એકાંતથી ઉત્તમ ચારિત્રનો પરિણામ તમોને કેવી રીતે થાય ? અર્થાત્ કોઈ રીતે થાય નહીં જ. અન્યથા=ભગવાન જેવો ઉત્તમ ચારિત્રનો પરિણામ દિગંબર સાધુને થાય તો, તદ્ભવથી જ=વર્તમાનના ભવથી જ, મુક્તિના પદની પ્રાપ્તિનો પ્રસંગ છે. તેથી કેવી રીતે ભાવલિંગની અપેક્ષાથી ભગવાનના શિષ્યો વડે તાદૃશથી=ભગવાન સદૃશથી, થવા માટે શક્ય છે ? અર્થાત્ શક્ય નથી. ।।૧૧૩૦।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ભગવાન દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે ઇન્દ્રથી અપાયેલું વસ્ત્ર ધારણ કરે છે. ત્યાં દિગંબર કહે છે – ભગવાન એકાંતથી જગતના સર્વ ભાવો પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા છે. તેથી જે ભગવાન રાજ્યનો ત્યાગ કરે તે તુચ્છ એવા વસ્ત્રને ગ્રહણ કરે છે એ શ્રદ્ધા કરી શકાય નહીં. માટે માનવું જોઈએ કે ભગવાને દીક્ષા ગ્રહણ કરી ત્યારે વસ્ત્રનો સંપૂર્ણ ત્યાગ કર્યો. તેને ગ્રંથકારશ્રી કહે છે – ભગવાન જાણતા હતા કે હું વસ્ત્ર ગ્રહણ કરીશ અને શિષ્યોને વસ્ત્ર ધારણ કરવાનો ઉપદેશ આપીશ ત્યારે શક્રે આપેલું વસ્ત્રગ્રહણ જોઈને શિષ્યોને સ્થિર વિશ્વાસ થશે કે વસ્ત્રગ્રહણ સંયમમાં ઉપકારક થઈ શકે છે. આથી જ આપણને વસ્ત્રગ્રહણ સંયમમાં ઉપકારી છે તેવો બોધ કરાવવા અર્થે જ ભગવાને શક્રે આપેલું વસ્ત્રગ્રહણ કરેલ છે. વળી, વીર ભગવાન ચિત્તથી જગતના સર્વ ભાવો પ્રત્યે અત્યંત નિરપેક્ષ હતા માટે જ્યારે વસ્ત્ર પડી જાય છે ત્યારે ફરી વસ્ત્રગ્રહણ માટે કોઈ યત્ન કરતા નથી. એથી 'ભગવાન વસ્ત્ર વગરના હતા માટે આપણે પણ વસ્ત્રગ્રહણ કરવું જોઈએ નહીં' તેવી મૂઢમતિ દિગંબરના જેવી શિષ્યોમાં પ્રગટ ન થાય તે અર્થે ગુણકારી એવા વસ્ત્રને ભગવાને ધારણ કરેલું. જેમ સંયમમાં ઉપકારક એવી ભિક્ષા ભગવાન ગ્રહણ કરે છે. યોગ્ય શિષ્યોને વસ્ત્રની ઉપકારકતાનો બોધ કરાવવા અર્થે ભગવાન વસ્ત્રગ્રહણ કરે છે એ પણ અવશ્ય

શ્રદ્ધેય છે અને જો એમ કહેવામાં આવે કે ભગવાન નિરપેક્ષ હોવાથી શિષ્યોના ગુણ માટે પણ વસ્ત્ર ગ્રહણ ન કરે તો ભગવાન દેહ પ્રત્યે પણ નિરપેક્ષ હોવાથી ભિક્ષા પણ ગ્રહણ કરે નહીં એમ માનવું પડે; કેમ કે ભગવાન ભિક્ષા ન ગ્રહણ કરે તો પણ તેમનો પરિણામ કોઈ રીતે સંયમથી પાત પામે એવો નથી છતાં ભગવાને દેહને ઉપકારક એવી ભિક્ષા ગ્રહણ કરીને ધર્મતીર્થની સ્થાપનાનું પ્રબળ કારણ એવા દેહનું પાલન કર્યું એ જેમ શ્રદ્ધેય છે તેમ યોગ્ય શિષ્યોને વસ્ત્ર પરિગ્રહ છે તેવો ભ્રમ ન થાય તે માટે વસ્ત્રગ્રહણ કરે છે તે પણ શ્રદ્ધેય છે.

વળી, ભગવાનનું નગ્નપણું અવસ્થાગત જ સિદ્ધ છે=વસ્ત્ર પડી જાય ત્યાર પછી જ ભગવાન સર્વથા વસ્ત્રરહિત હોય છે તેમ સિદ્ધ છે. એટલા માત્રથી સાધુએ તેવું જ નગ્નપણું ગ્રહણ કરવું જોઈએ, તે પ્રકારનો મિથ્યા આગ્રહ કરવો વિવેકીને યુક્ત નથી. કેમ યુક્ત નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – નગ્નપણું એ દ્રવ્ય પરિગ્રહ રહિતપણું છે. જ્યારે ભાવરૂપ ચારિત્રનું લિંગ ચારિત્રનો પરિણામ છે અર્થાત્ સર્વત્ર સંગ વગરનો જીવનો પરિણામ છે અને તેવો ચારિત્રનો પરિણામ ભગવાનને એકાંતથી ઉત્તમ હતો; કેમ કે છદ્મસ્થ અવસ્થામાં પણ ભગવાનને દેહ પ્રત્યે લેશ પણ સંશ્લેષનો પરિણામ ન હતો પરંતુ વીતરાગ તુલ્ય સિદ્ધ અવસ્થામાત્રમાં ભગવાનનું ચિત્ત વર્તતું હતું તેવો ચારિત્રનો ઉત્તમ પરિણામ ભગવાનને હતો તેથી દિગંબર સાધુ ભગવાનના જેવું નગ્નપણું ધારણ કરે તો પણ ભગવાનના જેવો ચારિત્રનો ઉત્તમ પરિણામ દિગંબર સાધુને કઈ રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ કોઈ રીતે પ્રાપ્ત થઈ શકે નહીં. જો તેવો ઉત્તમ પરિણામ નગ્નતાને કારણે દિગંબર સાધુને પ્રાપ્ત થતો હોય તો ભગવાનની જેમ આ જ ભવથી તેઓને પણ મુક્તિપદની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે ભાવલિંગરૂપ ચારિત્રની અપેક્ષાએ વર્તમાનના સાધુ કઈ રીતે ભગવાન જેવા થવા માટે સમર્થ બને ? અર્થાત્ બની શકે નહીં માટે ભગવાનનું અવલંબન લઈને નગ્ન થવાનો આગ્રહ રાખવો એ ઉચિત નથી. **॥૧૧૨૮-૧૧૨૯-૧૧૩૦॥**

અવતરણિકા :-

उपसंहरति—

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=દિગંબરના મતના નિરાકરણનો ઉપસંહાર કરે છે –

ગાથા :-

ता एत्थ वेज्जणायं अवलंबिय संजमम्मि जइयव्वं ।
तल्लिंगधरणगाहो ण उ एगंतेण कायव्वो ।।११३१।।

છાયા :-

तस्मादत्र वैद्यज्ञातमवलम्ब्य संयमे यतितव्यम् ।
तल्लिंगधरणग्रहो न तु एकान्तेन कर्त्तव्यः ।।११३१।।

ગાથાર્થ :-

તે કારણથી અહીં=પ્રવચનમાં, વૈદ્યના દૃષ્ટાંતનું અવલંબન લઈને, સંયમમાં યત્ન કરવો જોઈએ પરંતુ એકાંતથી ભગવાનના લિંગના ગ્રહણનો આગ્રહ કરવો જોઈએ નહિ. ।।૧૧૩૧।।

ટીકા :-

यत एवं द्विविधेऽपि लिङ्गे न तादृशेन भवितुं शक्यते 'ता' तस्मादत्र-प्रवचने वैद्यज्ञातमवलम्ब्य यथा—रोगी वैद्योपदेशं करोति न तु तन्नेपथ्यं तच्चरितं वा, न च तत् कुर्वन् रोगेण मुच्यते, एवमिहापि जिनोपदेशं कुर्वन् कर्म्मरोगेण मुच्यते न तु तन्नेपथ्यादि, तदुक्तम्—

'रोगी जहोवदेसं करेइ वेज्जस्स होअरोगो य ।
न उ वेसं चरियं वा करेइ न य पउणइ करिंतो ।।१।।
तह जिण वेज्जादेसं कुणमाणोऽवेइ कम्मरोगाओ ।
न उ तन्नेवत्थधरो न उ तस्सादेसमकरेंतो ।।२।। **त्ति'** ।।

एवं वैद्यदृष्टान्तमाश्रित्य संयम एव तदुपदिष्टे यतितव्यं न तु तल्लिङ्गधारणग्रहो-भगवत्तीर्थकृल्लिङ्गधारणग्रह एकान्तेन कर्त्तव्य इति ।।११३१।।

ટીકાર્થ :-

यत ..... इति ।। જે કારણથી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, બંને પણ લિંગમાં તાદૃશથી=તીર્થંકર તુલ્યથી, શક્ય નથી=વર્તમાનકાલીન સાધુ માટે શક્ય નથી. તે કારણથી અહીં=પ્રવચનમાં, વૈદ્યના દૃષ્ટાંતનું અવલંબન લઈને સંયમમાં યત્ન કરવો જોઈએ, એમ અન્વય છે. વૈદ્યનું દૃષ્ટાંત 'यथा'થી સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે રોગી વૈદ્યના ઉપદેશને કરે છે પરંતુ વૈદ્યના નેપથ્યને નહીં=વેષને ધારણ કરતો નથી, અથવા વૈદ્યના આચરિતને નહીં, અને તેને કરતો=વૈદ્યના આચરિતને કરતો, રોગથી મુકાતો નથી. તે રીતે અહીં પણ=સાધુપણામાં પણ, જિનના ઉપદેશને કરતા સાધુ કર્મરોગથી મુકાય છે પરંતુ જિનાદિના વેષાદિને કરતા કર્મથી મુકાતા નથી. તે કહેવાયું છે, "જે પ્રમાણે રોગી વૈદ્યના ઉપદેશને કરે છે અને અરોગવાળો થાય છે પરંતુ વેષને=વૈદ્યના વેષને, અથવા આચરિતને કરતો નથી અને કરતો પ્રગુણ થતો નથી=અરોગી થતો નથી. તે પ્રમાણે જિનવૈદ્યના ઉપદેશને કરતા સાધુ કર્મરોગથી મુકાય છે પરંતુ તેમના વેષને ધારણ કરનાર નહીં=જિનસદૃશ લિંગ ધારણ કરનાર નહીં," વળી તેમના આદેશને નહીં કરતા કર્મરોગથી મુકાતા નથી." **આ રીતે, વૈદ્યના દૃષ્ટાંતને આશ્રયીને તેમના વડે ઉપદિષ્ટ=ભગવાન વડે ઉપદિષ્ટ, એવા સંયમમાં જ યત્ન કરવો જોઈએ પરંતુ લિંગના ધારણનો આગ્રહ કરવો જોઈએ નહીં=તીર્થંકર એવા ભગવાનના લિંગના ધારણનો આગ્રહ એકાંતથી કરવો જોઈએ નહીં. ।।૧૧૩૧।।**

ભાવાર્થ :-

દિગંબરો કહે છે કે પરમગુરુ એવા ભગવાન જેવું લિંગ ધારણ કરે છે તેવું લિંગ તેમના શિષ્યોએ ધારણ

કરવું જોઈએ. દિગંબરનું આ કથન ઉચિત નથી તે યુક્તિથી બતાવ્યા પછી તેનો ઉપસંહાર કરતાં કહે છે. ભગવાન જેવી અતિશયતાદિ અન્ય સાધુઓમાં નથી તેથી ભગવાનના જેવું દ્રવ્યલિંગ અને ભગવાન જેવું ભાવલિંગ ભગવાનના સાધુઓમાં સંભવી શકે નહિ. તેથી સાધુઓએ વૈદ્યનું દૃષ્ટાંત અવલંબીને સંયમમાં યત્ન કરવો જોઈએ. **॥૧૧૩૧॥**

અવતરણિકા :-

અનેનૈવાતિદેશેનાન્યદપિ પરોક્તમપાકર્તુમાહ—

અવતરણિકાર્થ :-

આ જ અતિદેશથી અન્ય પણ પર વડે કહેવાયેલું નિરાકરણ કરવા માટે કહે છે—

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે ભગવાનના લિંગના ધારણનો આગ્રહ એકાંતથી કરવો જોઈએ નહીં. એ કથનના અતિદેશથી દિગંબરના અન્ય પણ કથનનું નિરાકરણ કરવા અર્થે કહે છે—

ગાથા :-

हत्थप्पत्तम्मि फले रुक्खग्गवलंबणं मुहेमादि ।
एतेणं पडिसिद्धं जं वइमेत्तं इमं ठवियं ।।११३२।।

છાયા :-

हस्तप्राप्ते फले वृक्षाग्रावलंबनं मुधा एवमादि ।
एतेन प्रतिषिद्धं यद् वाङ्मात्रमेतत् स्थापितम् ।।११३२।।

ગાથાર્થ :-

હસ્તમાં ફળ પ્રાપ્ત થયે વૃક્ષના અગ્રભાગનું આલંબન વ્યર્થ છે. એ પ્રમાણે વગેરે જે વાણીમાત્ર સ્થાપિત છે એ=દિગંબરનું કથન, આના દ્વારા=પૂર્વગાથામાં કહ્યું કે 'ભગવાનના લિંગના ધારણનો આગ્રહ એકાંતથી કરવા જેવો નથી' એ કથન દ્વારા, પ્રતિષિદ્ધ છે. ॥૧૧૩૨॥

ટીકા :-

एतेन-अनन्तरोदितेन यदप्युक्तम्—'अक्षेपेण मुक्तिपदप्रसाधके सर्वसङ्गपरित्यागे शक्यक्रिये प्राप्ते सति को नाम पारंपर्येण मुक्तिपदप्रसाधकं वस्त्रादिपरिग्रहं कुर्यात्?, हस्तप्राप्ते हि फले वृक्षा-(ग्रा)वलगनं मुधेति, एवमादि, तत्प्रतिक्षिप्तमवगन्तव्यम् । यस्मादिदं सर्वं वाङ्मात्रं स्थापितं, निरतिशायिना वस्त्रपात्रादिकमन्तरेण चरणस्य प्रसाधयितुमशक्यत्वात्, यथाऽभिहितं प्राक् ।।११३२।।

ટીકાર્થ :-

एतेन ..... प्राक् ।। અનંતર ગાથામાં કહેવાયેલા આનાથી જે પણ કહેવાયું=દિગંબર વડે જે પણ કહેવાયું, તે નિરાકરણ કરાયેલું જાણવું એમ અન્વય છે. દિગંબર વડે શું કહેવાયું ? તે બતાવતાં કહે છે—

શીઘ્ર મુક્તિપદની પ્રસાધક સર્વ સંગના પરિત્યાગરૂપ શક્ય ક્રિયા પ્રાપ્ત હોતે છતે પરંપરાથી મુક્તિપદના પ્રસાધક એવા વસ્ત્રાદિ પરિગ્રહને કોણ બુદ્ધિમાન ગ્રહણ કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન ગ્રહણ કરે નહીં. અહીં નામ શબ્દ બુદ્ધિમાન અર્થમાં છે. हि=જે કારણથી, फल हस्तमां प्राप्त थये छते વૃક્ષના અગ્રમાં ચડવું વ્યર્થ છે. એ પ્રમાણે વગેરે જે દિગંબર વડે કહેવાયું તે નિરાકરણ કરાયેલું જાણવું. જે કારણથી આ સર્વ=દિગંબરે સ્થાપન કર્યું એ સર્વ, વાણીમાત્ર સ્થાપિત છે; કેમ કે નિરતિશયવાળા એવા સાધુ વડે વસ્ત્ર-પાત્ર આદિ વગર ચારિત્રને પ્રાપ્ત કરવા માટે અશક્યપણું છે. જે પ્રમાણે પૂર્વની ગાથાઓમાં કહેવાયું. ॥૧૧૩૨॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'ભગવાન તુલ્ય ચારિત્ર વર્તમાનના સાધુઓ વડે સંભવ નથી. તેથી ભગવાન તુલ્ય નગ્નપણાનો આગ્રહ ઉચિત નથી.' એ કથન દ્વારા દિગંબરનું અન્ય કથન પણ નિરાકૃત થાય છે અને દિગંબરનું તે અન્ય કથન બતાવતાં કહે છે. જેમ કોઈને હાથમાં ફલ પ્રાપ્ત થયું હોય તેવો પુરુષ તે ફલ લેવા માટે વૃક્ષ ઉપર ચઢે છે તે વ્યર્થ છે. તેમ મોક્ષપદની પ્રાપ્તિનું પ્રબલ કારણ સર્વ સંગનો પરિત્યાગ છે અને દિગંબર સાધુ નગ્ન થઈને સર્વ સંગ વગરના થઈ શકે છે. તેથી સાક્ષાત્ વસ્ત્રાદિ સર્વના ત્યાગથી જો નિસ્સંગતા પ્રાપ્ત થઈ શકતી હોય તો મોક્ષના અર્થી એવા સાધુ મોક્ષના પરંપરાએ પ્રસાધક વસ્ત્રાદિનું ગ્રહણ કેમ કરે અર્થાત્ સાક્ષાત્ ફલ પ્રાપ્ત થતું હોય તો વૃક્ષ ઉપર ચઢવાનો શ્રમ કરે નહીં. તેમ વસ્ત્રાદિ સર્વના ત્યાગથી સુખપૂર્વક અસંગભાવનો પરિણામ પ્રગટ થતો હોય તેઓ પરંપરાએ અસંગભાવના કારણભૂત વસ્ત્રાદિને કેમ ગ્રહણ કરે ? અર્થાત્ ગ્રહણ કરે નહીં. આ પ્રકારનું દિગંબરનું કથન વાણી માત્રથી સુંદર સ્થાપન કરાયેલું જણાય છે. વસ્તુતઃ સુંદર નથી; કેમ કે નિરતિશયવાળા વર્તમાનના સાધુઓ વડે વસ્ત્ર-પાત્ર વગર ષડ્કાયનું પાલન સંભવિત નથી. તેથી વસ્ત્ર-પાત્ર વગર વિશિષ્ટ ચારિત્રના પરિણામને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી. તેથી જે રીતે વિવેકી સાધુ વસ્ત્ર-પાત્રના બળથી ચારિત્રના પરિણામને પ્રાપ્ત કરી શકે છે, તેવો પણ ચારિત્રનો પરિણામ વસ્ત્ર-પાત્રના ત્યાગથી દિગંબર સાધુ પ્રાપ્ત કરી શકતા નથી, માટે તેઓનો દ્રવ્યથી સર્વ સંગનો ત્યાગ હાથમાં રહેલા ફલ તુલ્ય મુક્તિપદનો પ્રસાધક નથી. માટે તે કથન વાણી માત્રથી સુંદર જણાય છે, પદાર્થની વિચારણાથી સુંદર નથી. **॥૧૧૩૨॥**

અવતરણિકા :-

अत्र पर आह—

અવતરણિકાર્થ :-

અહીં=ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧૩૨માં કહ્યું એમાં, પર કહે છે=દિગંબર કહે છે –

ગાથા :-

सिज्झंति ण तुससहिया साली मुग्गेहिं एत्थ वभिचारो ।
देहच्चागा मोक्खे असिलिट्ठं चेव नायव्वं ।।११३३।।

છાયા :-

सिध्यन्ति न तुषसहिताः शालयो मुद्गैरत्र व्यभिचारः ।
देहत्यागाद् मोक्षेऽश्लिष्टमेव ज्ञातव्यम् ।।११३३।।

ગાથાર્થ :-

'ફોતરાં સહિત ચોખા સિદ્ધ થતા નથી' એ કથનમાં મગની સાથે વ્યભિચાર છે. દેહના ત્યાગથી મોક્ષ સ્વીકાર કરાયે છતે અશ્લિષ્ટ જ=અસમંજસ જ, જાણવું. ।।૧૧૩૩।।

ટીકા :-

न शालयस्तुषसहिताः सिद्ध्यन्ति तथा लोकानुभवसिद्धेः, एवं जन्तवोऽपि न वस्त्रपात्रादिपरिग्रहलक्षणतुषोपेताः सिद्ध्यन्तीति । अत्राह—'मुग्गेहिं एत्थ वभिचारो' तुषसहिता न सिद्ध्यन्तीति अत्र मुद्गैर्व्यभिचारः, ते हि तुषसहिता अपि सिद्ध्यन्तो दृष्टास्तद्वदिहापि केचन्निरितिशायिनो वस्त्रपात्रादिपरिग्रहतुषोपेताः सेत्स्यन्तीति । इत्थं चैतदङ्गीकर्त्तव्यमन्यथा वस्त्रपात्रादौ त्यक्ते सति स्वदेहः तेन त्यक्तः स्यात्, शीतादिवेदनातिशयपरिगतस्य तस्य विनाशसंभवात्, यथोक्तं प्राक्, तथा च सति स्वदेहपरित्यागमात्रान्मोक्ष इत्यभ्युपगतं स्यात्, स्वदेहत्यागमात्राच्च मोक्षेऽभ्युपगम्यमानेऽश्लिष्टमेवासमंजसमेव ज्ञातव्यं, भैरवादिपतनकारिणामपि स्वदेहवैरिणां मोक्षप्रसक्तेः ।।११३३।।

ટીકાર્થ :-

न शालयस्तुषसहिताः ..... मोक्षप्रसक्तेः ।। ચોખા ફોતરાં સહિત રંધાતા નથી; કેમ કે એ પ્રકારે લોકના અનુભવથી સિદ્ધ છે. એ રીતે વસ્ત્ર, પાત્રાદિ પરિગ્રહરૂપ ફોતરાથી યુક્ત જીવો પણ સિદ્ધ થતા નથી=અસંગભાવને પ્રાપ્ત કરતા નથી. આમાં=દિગંબરના આ પ્રકારના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. અહીં=ફોતરા સહિત ચોખા સિદ્ધ થતા નથી એ પ્રકારના દૃષ્ટાંતમાં, મગ સાથે વ્યભિચાર છે. હિ=જે કારણથી તે=મગ, ફોતરા સહિત પણ રંધાતા જોવાયા છે. તેની જેમ અહીં પણ=સંયમજીવનમાં પણ, કેટલાક નિરતિશયવાળા સાધુઓ વસ્ત્ર, પાત્રાદિ પરિગ્રહરૂપ ફોતરાથી યુક્ત સિદ્ધ થશે. અને આ=વસ્ત્ર-પાત્રાદિ પરિગ્રહરૂપ ફોતરાથી યુક્ત કેટલાક સાધુઓ સિદ્ધ થશે એ, આ રીતે=અમે કહ્યું એ રીતે, સ્વીકારવું જોઈએ. અન્યથા=તેમ ન સ્વીકારવામાં આવે તો, વસ્ત્ર-પાત્રાદિનો ત્યાગ કરાયે

છતે સ્વદેહ તેના વડે ત્યાગ કરાયેલો થાય; કેમ કે શીતાદિ વેદનાના અતિશયથી પરિગત એવા તેના= દેહના, વિનાશનો સંભવ છે, જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું=અતિ શીતાદિ વેદના કાળમાં વસ્ત્રરહિત સાધુ મૃત્યુ પામે છે એમ પૂર્વમાં કહેવાયું, અને તે પ્રકારે હોતે છતે=વસ્ત્રાદિના ત્યાગને કારણે સાધુને શીતાદિ વેદના કાળમાં મૃત્યુ પ્રાપ્ત થાય છે તે પ્રકારે હોતે છતે, સ્વદેહના પરિત્યાગમાત્રથી મોક્ષ છે એ પ્રમાણે સ્વીકારાયેલું થાય અને સ્વદેહના ત્યાગમાત્રથી મોક્ષ સ્વીકાર કરાયે છતે અશ્લિષ્ટ જ=અસમંજસ જ, જાણવું; કેમ કે સ્વદેહના વૈરી એવા ભૈરવાદિ પતનકારીઓને પણ મોક્ષની પ્રસક્તિ છે. ॥૧૧૩૩॥

ભાવાર્થ :-

અનુભવસિદ્ધ દૃષ્ટાંતના બળથી મોક્ષની પ્રાપ્તિમાં વસ્ત્ર-પાત્ર બાધક છે, એમ સ્થાપન કરવા અર્થે દિગંબરો કહે છે – ફોતરા સહિત ચોખાને રાંધવામાં આવે તો ચોખા રંધાતા નથી એ પ્રકારે લોકના અનુભવથી સિદ્ધ છે. તેમ જ્યાં સુધી બાહ્ય વસ્ત્ર-પાત્રાદિનો પરિગ્રહ સાધુ રાખે ત્યાં સુધી 'હું સર્વ સંગથી પર છું', તે પ્રકારનો અધ્યવસાય સાધુને થતો નથી પરંતુ જેમ ગૃહસ્થને અધ્યવસાય થાય છે કે 'ધનાદિ મારી સંપત્તિ છે' તેમ સાધુને 'વસ્ત્ર-પાત્રને હું ધારણ કરનાર છું' તેવી બુદ્ધિ થાય છે. તેથી વસ્ત્ર, પાત્રના પરિગ્રહરૂપ ફોતરાથી યુક્ત સાધુને મોક્ષના પ્રબલ કારણભૂત અસંગભાવ સ્ફુરાયમાન થતો નથી. તેમાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી વ્યભિચાર બતાવે છે. જેમ ફોતરા સહિત મગ રાંધવામાં આવે તો પણ તે રંધાય છે. આથી જ ફળીયુક્ત મગને રાંધવામાં આવે તો મગ રંધાયેલા પ્રાપ્ત થાય છે તે અનુભવથી સિદ્ધ છે. તેમ અતિશય વગરના સાધુ વસ્ત્ર, પાત્રાદિ પરિગ્રહરૂપ ફોતરાથી યુક્ત હોવા છતાં 'આ વસ્ત્ર, પાત્રાદિ મારા ભોગનાં સાધન નથી, ધર્મનાં ઉપકરણ છે' તેવી સ્થિર બુદ્ધિવાળા હોવાથી ધર્મને ઉપષ્ટંભક એવા પરિમિત નિર્દોષ વસ્ત્ર, પાત્રાદિને ધારણ કરીને પણ સર્વત્ર મમત્વરહિત થાય છે અને ધર્મઉપકરણમાં પણ મમત્વરહિત થાય છે. ફક્ત ચારિત્રના અતિશયના અંગરૂપે જ જેમ દેહને ધારણ કરે છે તેમ વસ્ત્ર, પાત્રાદિને ધારણ કરે છે. માટે મગના દૃષ્ટાંતથી વસ્ત્ર, પાત્રાદિથી યુક્ત પણ અસંગ પરિણતિવાળા થઈ શકે છે તેમ સિદ્ધ થાય છે. વળી, આ કથનને જ દૃઢ કરવા અર્થે કહે છે. જો વસ્ત્ર, પાત્રાદિથી યુક્ત અસંગ પરિણામવાળા ન થઈ શકે તેમ સ્વીકારવામાં આવે તો જે સાધુ વસ્ત્ર, પાત્રાદિનો ત્યાગ કરે છે અને જ્યારે અતિ શીતાદિ વેદના થાય ત્યારે તેના કારણે જ મૃત્યુ પામે છે. તેથી આ રીતે શીતાદિની વેદના સહન કરીને દેહના ત્યાગથી મોક્ષ થાય છે તેમ સ્વીકારવું પડે અને આ રીતે સ્વદેહના ત્યાગમાત્રથી મોક્ષ સ્વીકારેવામાં આવે તો અત્યંત અનુચિત સિદ્ધ થાય. જેમ કેટલાક મોક્ષના અર્થી જીવો પોતાના દેહને જ મોક્ષનું વૈરી સ્વીકારે છે. તેથી ભૃગુપાતાદિ કરીને દેહનો ત્યાગ કરે છે તેઓને પણ મોક્ષની પ્રાપ્તિ સ્વીકારવી પડે.

વસ્તુતઃ પ્રવર્ધમાન અસંગનો પરિણામ જ મોક્ષ પ્રત્યે કારણ છે. તેથી જેઓ અતિ શીતાદિમાં પ્રવર્ધમાન અસંગભાવ કરવા સમર્થ નથી તેઓને વસ્ત્ર દ્વારા શીતાદિ પરિષહને દૂર કરીને અસંગભાવને અનુકૂળ દૃઢ ધ્યાનાદિમાં યત્ન કરવાથી અસંગભાવની વૃદ્ધિ દ્વારા શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે શીઘ્ર મોક્ષના અર્થી જીવે અસંગભાવની વૃદ્ધિના અંગભૂત જેમ દેહનું ધારણ આવશ્યક છે તેમ અસંગભાવની વૃદ્ધિમાં વ્યાઘાતક

શીતાદિ પરિષહથી દેહના રક્ષણ અર્થે સુસાધુને વસ્ત્ર પણ ધારણ કરવું આવશ્યક છે જેથી અસંગભાવની વૃદ્ધિ દ્વારા શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય. **॥૧૧૩૩॥**

અવતરણિકા :-

અપિ ચ—

અવતરણિકાર્થ :-

વળી, દિગંબરનું અન્ય કથન યુક્ત નથી તેનું 'અપિ ચ'થી સમુચ્ચય કરે છે —

ગાથા :-

जियलज्जो णिगिणो किल इत्थीमादिसु मोहहेऊओ ।
एतंपि न जुत्तं चिय पाएण कयं पसंगेणं ।।११३४।।

છાયા :-

जितलज्जो नग्नः किल स्त्र्याषु मोहहेतुकः ।
एतदपि न युक्तमेव प्रायः कृतं प्रसङ्गेन ।।११३४।।

ગાથાર્થ :-

જિતલજ્જાવાળા નગ્ન સાધુ ખરેખર સ્ત્રી આદિમાં મોહનો હેતુ થાય છે, એ પણ=દિગંબરે ગાથા-૧૦૫૫માં આપેલ દોષ પણ, પ્રાયઃ યુક્ત નથી જ. પ્રસંગથી સર્યું. ॥૧૧૩૪॥

ટીકા :-

जितलज्जः (नग्नः) किल स्त्र्यादि(षु) मोहहेतुर्भवति, ततश्चैतदपि प्रायो न युक्तमेवेति कृतं प्रसङ्गेन ।।११३४।।

ટીકાર્થ :-

जितलज्जः ..... प्रसङ्गेन ।। જિતલજ્જાવાળા નગ્ન સાધુ=નગ્ન થવામાં જેને લજ્જા નથી એવા સાધુ, સ્ત્રી આદિમાં મોહનો હેતુ છે, તેથી આ પણ-નગ્નપણું પણ પ્રાયઃ યુક્ત નથી જ, એથી પ્રસંગથી સર્યું. ॥૧૧૩૪॥

ભાવાર્થ :-

નગ્ન થવામાં જેમને લજ્જા નથી એવા દિગંબર સાધુને જોઈને સ્ત્રી આદિને કામનો વિકાર થવાની પૂર્ણ સંભાવના છે. તેથી પણ નગ્નપણું યુક્ત નથી જ. આથી નગ્નતા ન દેખાય એવા લબ્ધિવાળા જ જિનકલ્પી નગ્ન રહે છે અન્ય જિનકલ્પી પણ અવશ્ય વસ્ત્ર રાખે છે. પ્રસંગથી સર્યું. **॥૧૧૩૪॥**

અવતરણિકા :-

रात्रिभुक्तिविरतिलक्षणं षष्ठं मूलगुणमाश्रित्याह–

અવતરણિકાર્થ :-

રાત્રિભોજનની વિરતિરૂપ છટ્ઠા મૂલગુણને આશ્રયીને કહે છે –

ગાથા :-

रातीभोयणविरती दिट्ठादिट्ठप्फला सुहा चेव ।
दिट्ठमिह जरणमादी इतरं हिंसाणिवित्ती उ ।।११३५।।

છાયા :-

रात्रिभोजनविरति र्दृष्टादृष्टफला शुभैव ।
दृष्टमिह जरणादिकमितरत् हिंसानिवृत्तिस्तु ।।११३५।।

ગાથાર્થ :-

રાત્રિભોજનની વિરતિ દૃષ્ટ-અદૃષ્ટ ફળવાળી શુભ જ છે. અહીં=રાત્રિભોજનની વિરતિમાં, જરણાદિ દૃષ્ટફળવાળી છે. વળી હિંસાની નિવૃત્તિ ઇતર છે=અદૃષ્ટફળવાળી છે. ।।૧૧૩૫।।

ટીકા :-

रात्रिभोजनविरतिर्दृष्टादृष्टफला शुभैव ज्ञातव्या । तत्र दृष्टं फलं-भुक्ताहारजरणादिकमितरत्-अदृष्टं फलं हिंसानिवृत्तिः, तथाहि–रात्रिभोजने क्रियमाणे नियमतो हिंसा संपद्यते, तथा चागमः–

'संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ।।१।।
उदउल्लं बीयसंसत्तं, पाणा निवडिया महिं ।
दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ।।२।। **इति'** ।।

ततो रात्रिभोजननिवृत्तौ हिंसानिवृत्तिर्भवतीति ।।११३५।।

ટીકાર્થ :-

रात्रिभोजनविरति ..... भवतीति ।। રાત્રિભોજનની વિરતિ દૃષ્ટ-અદૃષ્ટ ફળવાળી શુભ જ જાણવી. ત્યાં=દૃષ્ટ અને અદૃષ્ટફળમાં, દૃષ્ટફળ બતાવે છે – ખાધેલા આહારનું પાચનાદિ દૃષ્ટફળ છે. ઇતર= અદૃષ્ટફળ, હિંસાની નિવૃત્તિ છે. તે આ પ્રમાણે – રાત્રિભોજન કરાયે છતે નિયમથી હિંસા થાય છે અને તે પ્રમાણે=રાત્રિભોજન કરવાથી સાધુને નિયમથી હિંસા થાય છે તે પ્રમાણે, આગમ છે. "આ સૂક્ષ્મ પ્રાણો=જીવો, ત્રસ અથવા સ્થાવર છે, જેઓને રાત્રિમાં નહીં જોતાં સાધુ કેવી રીતે એષણામાં ફરે ? ઉદકથી

આર્દ્ર, બીજથી સંસક્ત પ્રાણો પૃથ્વી ઉપર પડેલા તેઓને=જીવોને, દિવસે સાધુ વર્જન કરે, રાત્રિમાં ત્યાં=ભિક્ષાર્થે ગમનમાં, કેવી રીતે ફરે ?" **તેથી રાત્રિભોજનની નિવૃત્તિ થયે છતે હિંસાની નિવૃત્તિ છે. ॥૧૧૩૫॥**

ભાવાર્થ :-

સાધુઓના પાંચ મહાવ્રત મૂલગુણ છે તેમ છટ્ઠું રાત્રિભોજનવિરમણ પણ મૂલગુણ છે અને તેનાથી સાધુને દૃષ્ટફળની પ્રાપ્તિ થાય છે અને અદૃષ્ટફળની પ્રાપ્તિ થાય છે. સાધુઓ દિવસમાં સંયમની વૃદ્ધિ અર્થે જે આહાર વાપરે છે તે આહાર રાત્રે અન્ય આહાર નહીં વાપરવાને કારણે સુખપૂર્વક પચી જાય છે. તેથી રોગના ઉદ્ભવનો સંભવ ઓછો રહે છે, જે દૃષ્ટફળ છે. 'આદિ' પદથી અંધારામાં આહારમાં કોઈક તેવો અનર્થકારી પદાર્થ આવે અને દેખાય નહીં તો રોગાદિની ઉત્પત્તિ થાય છે, તેનાથી દેહનું રક્ષણ થાય છે. તે રાત્રિભોજનની વિરતિનું દૃષ્ટફળ છે.

વળી, સાધુએ હિંસાની નિવૃત્તિરૂપ પ્રથમ મહાવ્રત ગ્રહણ કરેલું છે અને જો રાત્રિમાં સાધુ આહાર ગ્રહણ કરતા હોય તો તેના અર્થે રાત્રિમાં ભિક્ષા માટે જાય ત્યારે માર્ગમાં પડેલા સૂક્ષ્મ, ત્રસ કે સ્થાવર જીવોનું રક્ષણ થઈ શકે નહીં; કેમ કે ઉદકથી આર્દ્ર અને બીજથી સંસક્ત જીવો પૃથ્વી પર પડેલા હોય છે અને દિવસના પ્રકાશને કારણે તેઓની હિંસાનું વર્જન સાધુ કરી શકે છે અને રાત્રિમાં ભિક્ષા અર્થે જાય તો તેનું વર્જન થઈ શકે નહીં. માટે પ્રથમ મહાવ્રતની સુરક્ષા અર્થે સાધુ રાત્રિભોજનની વિરતિનું પાલન કરે છે. **॥૧૧૩૫॥**

અવતરણિકા :-

व्याख्याता मूलगुणाः, संप्रति उत्तरगुणान् अधिकृत्याह—

અવતરણિકાર્થ :-

મૂલગુણો વ્યાખ્યાન કરાયા. હવે ઉત્તરગુણોને આશ્રયીને કહે છે —

ગાથા :-

उत्तरगुणा उ चित्ता पिंडविसुद्धादिया पबंधेण (पवंचेण) ।
नेया सभेयलक्खणसोदाहरणा जहा सुत्ते ।।११३६।।

છાયા :-

उत्तरगुणास्तु चित्राः पिण्डविशुद्ध्यादयः प्रबन्धेन ।
ज्ञेयाः सभेदलक्षणाः सोदाहरणा यथा सूत्रे ।।११३६।।

ગાથાર્થ :-

ભેદસહિત લક્ષણવાળા અને ઉદાહરણવાળા, ચિત્ર પ્રકારના પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો, જે પ્રમાણે સૂત્રમાં છે, તે પ્રમાણે વિસ્તારથી જાણવા. ॥૧૧૩૬॥

ટીકા :-

उत्तरगुणास्तु चित्राः पिण्डविशुद्ध्यादयः प्रपञ्चेन-विस्तरेण ज्ञेयाः, सभेदलक्षणाः सोदाहरणाश्च, यथा सूत्रे-आगमे, इह तु ग्रन्थगौरवभयान्नोच्यन्ते इति ।।११३६।।

ટીકાર્થ :-

उत्तरगुणास्तु ..... इति ।। વળી, ઉત્તરગુણો પિંડવિશુદ્ધિ આદિ પ્રપંચથી=વિસ્તારથી, જાણવા. સભેદ સ્વરૂપવાળા અને ઉદાહરણ સહિત ઉત્તરગુણો જાણવા. જે પ્રમાણે સૂત્રમાં=આગમમાં, કહેવાયા છે. વળી, અહીં ગ્રંથના ગૌરવના ભયથી કહેવાતા નથી. ॥૧૧૩૬॥

ભાવાર્થ :-

સુસાધુનાં પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન એ મૂલગુણો છે જેના સમ્યક્ પાલનથી ભાવસાધુપણું વર્તે છે. તેથી જે મહાત્મા પાંચ મહાવ્રતોના યથાર્થ સ્વરૂપનો બોધ કરીને તે મહાવ્રતોની ઉચિત આચરણા સમ્યક્ પ્રકારે સેવે છે, તેઓમાં ચારિત્રનો પરિણામ પ્રગટ થાય છે. તેથી ચારિત્રની પ્રાપ્તિના કારણીભૂત એવા મૂલગુણો પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત છે અને તે પાંચ મહાવ્રતોમાં પ્રથમ અહિંસારૂપ મહાવ્રત છે તે મહાવ્રતના પાલન અર્થે સુસાધુ કોઈને પીડા ન થાય, કોઈના પ્રાણ નાશ ન થાય અને કોઈને કષાયનો ઉદ્રેક ન થાય, તેમ પોતાને પણ કષાયનો ઉદ્રેક ન થાય તે રીતે ઉપયોગપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તેના વાડરૂપે અન્ય ચાર મહાવ્રતો અને રાત્રિભોજન વિરમણ વ્રત છે જેનાથી પ્રથમ મહાવ્રત સુરક્ષિત રહે છે અને તે ચારિત્રના પરિણામ સ્વરૂપ છે અને તે પ્રથમ મહાવ્રતને જ અતિશય કરવા અર્થે સાધુ પિંડવિશુદ્ધિ આદિ અને સમિતિ-ગુપ્તિ આદિ ઉત્તરગુણોમાં યત્ન કરે છે જેના પાલનથી પ્રથમ મહાવ્રત વિશુદ્ધ, વિશુદ્ધતર થાય છે. તેથી સાધુએ પાંચ મહાવ્રતોનું જ્ઞાન કર્યા પછી પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોનો પણ વિસ્તારથી બોધ કરવો જોઈએ. આગમમાં જે પિંડવિશુદ્ધિ આદિના ભેદ અને પ્રભેદો જે પ્રમાણે કહ્યા છે અને જે ઉદાહરણો આપ્યાં છે, તેના બળથી તેનું સ્વરૂપ જાણવું જોઈએ. ગ્રંથના વિસ્તારના ભયથી ગ્રંથકારશ્રીએ અહીં કહ્યા નથી. **॥૧૧૩૬॥**

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩*
ચારિત્રાચાર	૩૭
ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ)	૧૯૦
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ)	૧૮૯
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
જિનશાસન અધિષ્ઠાયક સંપુટ (સચિત્ર)	***૨૧૪***
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ)	૧૮૮

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)	૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)	૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી)	૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ	૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય	૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા'	૩૩
શાસન સ્થાપના	૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)	૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો	૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)	૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા	૯૩
શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર	૨૦૭
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર	૧૯૧
શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર	૨૦૮
સદ્ગતિ તમારા હાથમાં !	૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)	૧૬૩

સંપાદક :- પ. પૂ. આ.ભ. શ્રી અરિહંતસાગરસૂરીશ્વરજી મહારાજ સાહબ

પાક્ષિક અતિચાર (હિન્દી)	૪૧

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શંખેશ્વર પાસજી પૂજીએ...	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૨૦૯
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨	૧૯૭
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩	૧૯૮
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪	૧૯૯
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૮૦

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૯૪
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	૧૯૫
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	૧૯૬
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૧૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૨૧૩
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫	**૨૧૪**
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૬	**૨૧૫**
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૧૦
ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૨	**૨૧૬**
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮
બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦

બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) ૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન ૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન ૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન ૧
યોગશતક શબ્દશઃ વિવેચન ૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૯૨
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૯૩
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ ૧૬
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ ૧૯
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન ૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૮૬
વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૨૦૦

વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૨૦૧
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૨૦૨
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭	૨૦૩
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮	૨૦૪
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯	૨૦૫
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨૧૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમાધિશતક શબ્દશઃ વિવેચન	૨૦૬
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી)	સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી	૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨
૩. ધર્મતીર્થ ભાગ-૩
૪. ધર્મતીર્થ ભાગ-૪

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

✣ BANGALORE :

SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262
(Mo.) 9448359925, 7892448604
Email : vimalkgadiya@gmail.com

SHRI DHEERAJ KATARIA
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (M) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

चारित्तं परिणामो जीवस्स सुहो उ होइ विन्नेओ ।
लिंगं इमस्स भणियं मूलगुणा उत्तरगुणा य ।।

❖

જીવનો શુભ જ પરિણામ ચારિત્ર વિજ્ઞેય છે.
મૂલગુણો અને ઉત્તરગુણો આનું=ચારિત્રનું,
લિંગ કહેવાયું છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com